ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની જાન્યુઆરી માસની સભા શનિવાર, તા. ૨૧-૧-૧૯૭૮ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧-૧-૧૯૭૮
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. કે. રામમૂર્તિ, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચુનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

૧. તા. ૧૦-૧૨-૧૯૭૭ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૦-૧૨-૧૯૭૭ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના બે સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૩૬ ઉપરના ઠરાવમાં ૫ અને ૬ ક્રમાંકમાં જે નામ લખેલાં છે તેનો ક્રમાંક સુધારીને પાંચમું નામ ડૉ. જે. જે. શાહનું અને છઠ્ઠું નામ પ્રો. જે. ડી. ઓઝાનું લખવું.

(૨) બાબત નં. ૬૬ના પરિશિષ્ટ "ઠ"નો પાઠ સુધારવો. સદરહુ સુધારેલા પાઠની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.

(૩) બાબત નં. ૭૨ ઉપરના ઠરાવમાં ક્રમાંક ૧૭ આગળ મે. શિવ પુસ્તકાલય, વડોદરાનું નામ ૨૬ કરવું અને તે પછીનાં નામોના ક્રમાંક સુધારી લેવા.

૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. પી. એમ. માણી	ઇલેક્ટ્રિશિયન	૧૪-૧-૧૯૭૮	૧૫-૧-૧૯૭૮
૨.	શ્રી. એ. આર. ખત્રી	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૨૮-૩-૧૯૭૮	૨૯-૩-૧૯૭૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૩. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના રીડર તરીકે કામ કરતા ડૉ. બી. એસ. વૈદ્ય રાજીનામું આપી છૂટા થતા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડ તથા સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૨૮-૧૧-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ડૉ. વૈદ્ય તા. ૨૦-૬-૧૯૬૩ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૩૧-૧૨-૧૯૭૭ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના રીડર તરીકે રાજીનામું આપીને છૂટા થયેલા ડૉ. બી. એસ. વૈદ્યને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની અને ગ્રેચ્યુઇટીની રકમો યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ચૂકવી આપવી.

નીચેની બાબતોની નોંધ લેવા બાબત :

૪. (૧) હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કાન્તિલાલ એમ. કાંટાવાલા સંશોધન એવોર્ડ ૧૯૭૭ના વર્ષનો Structural Engineering including Bridge Engineeringના વિષય માટે શ્રી. જેકિશન ફકીરભાઈ મિસ્ત્રીને અને Soil Mechanics and Foundation Engineering માટે શ્રી. કૃષ્ણકાંત ચિમનલાલ ડાકરને એનાયત કર્યાના કાર્યની નોંધ લેવા બાબત.

(૨) રાજ્ય સરકારના શિક્ષણ ખાતાએ તેના તા. ૧૧–૧૨–૧૯૭૭ના સરકારી ઠરાવથી ક્રમાંક એમ.આઇ.એસ. ૧૦૭૬-૭૪૧૩૦ (૭૭)–ખ થી નીચે પ્રમાણે જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

Resolution :

Under Government Resolution, Education Department No. MIS–1075–4947–KH, dated 23–11–1976, the pay-scale of Lecturer in the University and affiliated colleges (including Government colleges) has been revised to Rs. 700–1600. It is hereby clarified all the Professors/Lecturers in the pay-scale of Rs. 700–1100, 400–800 and 300–600 shall be eligible for the pay-scale of Rs. 700–1600. All other Lecturers/Jr. Lecturers/Asst. Lecturers in the lower pay-scale shall he eligible for the pay-scale prescribed for Demonstrator/Tutor viz. Rs. 500–900.

(૩) ગુજરાત રાજ્યમાં શિક્ષણની ઉચ્ચતર માધ્યમિક તરાહના અમલને કારણે સંલગ્ન કૉલેજોના ફાજલ પડતા બિનશિક્ષક કર્મચારીઓની બાબતમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેના તા. ૨૯–૧૨–૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.જી.સી. ૧૦૭૭–૮૬૭૩૨થી નીચે પ્રમાણે જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

૧. "રાજ્યમાં શિક્ષણની ઉચ્ચતર માધ્યમિક તરાહના અમલને કારણે જૂન ૧૯૭૭થી ફાજલ પડતા કૉલેજોમાં તા. ૭મી માર્ચ ૧૯૭૭ના રોજ નોકરીમાં હોય તેવા બિનશિક્ષક કર્મચારીઓને માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીઓમાં વૈકલ્પિક નોકરી આપવાનો અને આ પ્રમાણે વૈકલ્પિક નોકરી તેઓને આપવામાં આવે ત્યાં સુધી અથવા તા. ૩૧મી ડિસેંબર ૧૯૭૭ સુધી જે તે કૉલેજમાં જે તે જગ્યા ઉપર ચાલુ રાખવા દેવાનો નિર્ણય શિક્ષણ વિભાગના તા. ૧૩મી એપ્રિલ ૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૦૭૭–૨૩૮૧૪–ખ અન્વયે સરકારે કર્યો હતો, પરંતુ તા. ૩૧મી ડિસેંબર ૧૯૭૭ સુધીમાં કૉલેજોના બધા ફાજલ બિનશિક્ષક કર્મચારીઓને વૈકલ્પિક નોકરીમાં સમાવવાની કામગીરી પૂરી થઈ શકી નથી. તેથી તા. ૧૩મી એપ્રિલ, ૧૯૭૭ના ઉપરોક્ત સરકારી ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૦૭૭–૨૩૮૧૪–ખ માં જણાવેલ શરતોને આધીન રહીને કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને તા. ૧૬મી જૂન ૧૯૭૮ અથવા તેઓને નિમણૂકને પાત્ર અન્ય જગ્યાએ નીમવામાં આવે તે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી જે કૉલેજમાં જે તે જગ્યા ઉપર ચાલુ રહેવા દેવાનો સરકારે નિર્ણય કર્યો છે.

૨. જૂન ૧૯૭૭થી માધ્યમિક શાળાઓએ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કૉલેજો કે યુનિવર્સિટીઓના બિનશિક્ષક કર્મચારીઓમાંથી નિવૃત્તિ વયમર્યાદાએ પહોંચતાં નિવૃત્ત થયા હોય, અવસાન પામ્યા હોય અથવા નોકરીમાંથી અન્ય રીતે છૂટા થયા હોય તેવા કર્મચારીઓની ખાલી પડતી જગ્યા ઉપર કૉલેજોમાંથી ફાજલ પડતા બિનશિક્ષક કર્મચારીઓ સિવાયની કોઈ વ્યક્તિની નિમણૂક આ સંસ્થાએ કરી હશે તો સંબંધિત સંસ્થા આવી વ્યક્તિનાં પગાર અને ભથ્થાં માન્ટની ચુકવણીને પાત્ર થશે નહીં.

૩. સંબંધિત કૉલેજોને સરકારના નિર્ણયની સત્વરે જાણ કરવા અને આ નિર્ણયનો અમલ કરવા માટે ઘટતાં પગલાં લેવા શિક્ષણનિયામકશ્રીને સૂચના આપવી.

(૪) ભારત સરકારના શિક્ષણ મંત્રાલય તરફથી ૧૯૭૭-૭૮ ના વર્ષ માટે નીચેની ચાર પ્રવૃત્તિઓ માટે રૂ. ૩૧,૭૧૦નું અનુદાન મળ્યું છે તેની નોંધ લેવા બાબત.

૧. હિમાલય હાઈ ઓલ્ટિટ્યૂડ ટ્રેકિંગ-કમ-એક્સપિડિશન રૂ. ૧૪,૦૦૦
૨. ડેઝર્ટ ટ્રેનિંગ રૂ. ૬,૨૫૦-૦૦
૩. સાગર સફર રૂ. ૪,૮૬૦-૦૦
૪. અમદાવાદથી રામેશ્વર સુધીનો મોટર સાઇકલ પ્રવાસ રૂ. ૬,૬૦૦-૦૦

(૫) પાંચમી પંચવર્ષીય યોજના અન્વયે રાજ્ય સરકારના ફાળા તરીકે યુનિવર્સિટી "સી" ટાઈપ ક્વાર્ટર્સ માટે રાજ્ય સરકારે તેના અગાઉના તા. ૨૯-૯-૧૯૭૬ના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી.-૧૧૭૫-કેએચથી ૬૬⅔ ટકા ગ્રાન્ટરૂપે તથા ૩૩⅓ ટકા લોનરૂપે આર્થિક સહાય મંજૂર કરી હતી, પરંતુ રાજ્ય સરકારે તેના તા. ૬-૧૨-૧૯૭૭ના ઠરાવ ક્રમાંક યુએસજી. ૧૧૭૫-કેએચથી આ માટેની ૧૦૦ ટકા પ્રમાણેની ગ્રાન્ટના રૂપમાં આર્થિક સહાય આપવાનું મંજૂર કરેલ હોઈ તેની નોંધ લેવા બાબત.

[નોંધ.—રાજ્ય સરકારશ્રી તરફથી કુલ સહાય રૂ. ૧,૨૦,૦૦૦નો મળશે તે પૈકી લોન રૂ. ૪૦,૦૦૦ની મળવાની હતી તે હવે ગ્રાન્ટમાં મળશે.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હરિ ૐ આશ્રમ પ્રેરિત એવોર્ડ કોઈ પણ વ્યકિતને તેના એકના એક કામ માટે બીજી વખત આપી શકાશે નહીં તે મુજબની સ્પષ્ટતા નિયમોમાં કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે તેમજ સંલગ્ન કૉલેજોમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવાની બાબતમાં પણ ફાજલ પડેલા શિક્ષકોને તેમજ જરૂરી લાયકાત ધરાવતા ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટરોને લેકચરરની જગ્યા પર બઢતી આપવાની બાબતમાં જરૂરી ઑર્ડિનન્સનો મુસદ્દો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બાંભડોઈ સંશોધન એવોર્ડ-૧૯૭૫ અંગેની નિષ્ણાત સમિતિએ ૧૯૭૫ ના વર્ષનો એવોર્ડ ડૉ. આર. ડી. પટેલ(વલ્લભ વિદ્યાનગર)ને એનાયત કરવા માટે લીધેલો નિર્ણય (જાણ માટે).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ ભાંભડોઈ સંશોધન એવોર્ડ ૧૯૭૬ના વર્ષ માટે (૧) ડૉ. એ. આર. પટેલ અને (૨) પ્રો. આર. જી. રસ્તોગીને સંયુકત રીતે એનાયત કરવા માટે નિષ્ણાત સમિતિએ લીધેલો નિર્ણય (જાણ માટે).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યિનક/પરીક્ષકો/નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ ભલામણો રજૂ કરવા સને ૧૯૭૮ના વર્ષ માટે પરીક્ષા શુદ્ધિ સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ૧૯૭૮ના વર્ષ માટે પરીક્ષા શુદ્ધિ સમિતિની રચના નીચે મુજબ કરવી :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય કે. એન. શાહ
૪. ડૉ. વી. સી. શાહ
૫. આચાર્ય એચ. પી. પંડ્યા
૬. શ્રી. નરહરિ એમ. પરીખ
૭. શ્રી. આર. એમ. શાહ
૮. ડૉ. પી. પી. મહેતા

૮. આ યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની તા. ૪–૮–૧૯૭૭ની સભાએ સ્ટે. ૧૭૩ સુધારવા અંગે બધી વિદ્યાશાખાના ડીનોની નીમેલી સમિતિની તા. ૧–૧૨–૧૯૭૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભાગૃહમાં થયેલી ચર્ચાવિચારણાને અનુલક્ષીને સ્ટે. ૧૭૩નો સુધારેલો મુસદ્દો મંજૂર કરવો અને તેની ઘટતી વિચારણા કરવા માટે એકેડેમિક કાઉન્સિલ અને યુનિવર્સિટી કોર્ટ સમક્ષ મોકલી આપવો.

(સુધારેલા સ્ટે. ૧૭૩ના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૯. સંલગ્ન કૉલેજોના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી તથા રજાના નિયમો અંગે વિચારણા કરી હેવાલ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૮–૧૯૭૭ની સભામાં નિયુકત કરેલ સમિતિની તા. ૯–૧૨–૧૯૭૭ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને પ્રોવિડન્ટ ફંડ તથા રજાના નિયમો અંગે સદરહુ સમિતિએ કરેલી ભલામણો મંજૂર કરવી. પરંતુ નિયમ ૧૩ માં પ્રોવિઝો ૫ ઉમેરવાને બદલે નિયમ ૧૩--એ સુધારવો તથા પ્રોવિડન્ટ ફંડ અંગેના નિયમોનો અમલ તા. ૧--૪--૧૯૭૮થી કરવો અને રજાઓ અંગેના નિયમોનો અમલ તા. ૧૫--૬--૧૯૭૮થી કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે પણ રજાઓના સદરહુ નિયમો મંજૂર કરવા અને તેનો અમલ તા. ૧૫-૬-૧૯૭૮થી કરવો.

સદરહુ સમિતિએ ગ્રેચ્યુઇટી અંગે કરેલી ભલામણોની વિચારણા હાથ ધરવામાં આવી તેના સંદર્ભમાં સોસાયટી ઑફ હાયર એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂશન્સનો તા. ૧૨-૧-૧૯૭૮નો પત્ર પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને આપવામાં આવતી ગ્રેચ્યુઇટી અંગેનો ખર્ચ અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના જોઈન્ટ બોર્ડને વિનંતી કરવી.

(સદરહુ સમિતિની તા. ૯-૧૨-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૦. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૬-૧૨-૧૯૭૭ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૬—૧૨—૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૬—૧૨—૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૯—૧૨—૧૯૭૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯—૧૨—૧૯૭૭ની સભાની ભલામણ નં. ૯ સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી. નં. ૯ના ભાવ પુનઃ મંગાવવા.

ભલામણ નં. ૧૧માં સમાવિષ્ટ થતું pH meter, Polland બનાવટનું Model ED-602 રૂ. ૧૨,૦૦૦/-ની કિંમતે Electronic and Industronic Corporation આપે તો તે ખરીદવાનું રાખવું. તેમ ન થાય તો મૂળ ભલામણ મુજબ pH meter ખરીદવું.

(સદરહુ સમિતિની તા. ૨૯-૧૨-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૨. ફાઇનાન્સ સમિતિની તા. ૯—૧—૧૯૭૮ અને તા. ૧૭—૧—૧૯૭૮ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૯—૧—૧૯૭૮ અને તા. ૧૭-૧-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી અને સને ૧૯૭૭-૭૮નું પુનર્નિર્મિત અંદાજપત્ર અને ૧૯૭૮-૭૯નું અંદાજપત્ર કૉર્ટની વિચારણા માટે મોકલવું.

(સદરહુ સમિતિની તા. ૯—૧—૧૯૭૮ અને તા. ૧૭—૧—૧૯૭૮ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલો **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૩. સ્વ. શ્રીકાંત શિવભદ્ર પંડ્યા ચંદ્રક ગુજરાત યુનિવર્સિટીની એમ.બી.એ. અનુસ્નાતક પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૪. ૧૯૭૭-૭૮ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉમર્સ કૉલેજોના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામાં બૅન્કિંગ અને બચતને લગતા વિષય પર યોજનાર બૅન્ક ઑફ બરોડા ટ્રોફી વકતૃત્વ સ્પર્ધા માટે બે નિર્ણાયકો નિયુકત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ગયા વર્ષે નીચેની વ્યક્તિઓ નિર્ણાયક તરીકે હતી :

(૧) પ્રા. એચ. કે. ત્રિવેદી—વાણિજ્ય વિદ્યાભવન (એક્ઝિકયુટિવ કાઉન્સિલના નીમેલા)

(૨) ડૉ. આર. જે. મોદી—સરદાર પટેલ ઇન્સ્ટિટયૂટ (")

(૩) શ્રી. જી. બી. ઉપાધ્યાય, ડેવલપમેન્ટ મૅનેજર, બૅંક ઑફ બરોડા (બૅંકના પ્રતિનિધિ તરીકે)

સદરહુ બાબત અંગેની વિચારણા આ સભાગૃહની તા. ૧૦-૧૨-૧૯૭૭ની સભામાં પ્રમુખશ્રીની પરવાનગીથી બાબત નં. ૭૩ હેઠળ થઈ ગયેલ હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૧૫. શિક્ષણની અભ્યાસમિતિઓની તા. ૨૭-૧૨-૧૯૭૭ની સભાનો નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૭થી બી.એડ.નો નવો અભ્યાસક્રમ અમલમાં આવેલો હોવાથી નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જૂના અભ્યાસક્રમ પ્રમાણે કન્ટેન્ટની જ વધુ બે પરીક્ષાઓ (માર્ચ/ઑકટો. ૧૯૭૮માં) લેવા ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે બી.એડ.ની પરીક્ષા કાયમી ધોરણે ઑકટોબર માસમાં લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૭થી બી.એડ.નો નવો અભ્યાસક્રમ અમલમાં આવેલો હોઈ તે પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જૂના અભ્યાસક્રમ પ્રમાણે ફકત કન્ટેન્ટની જ પરીક્ષા માર્ચ ૧૯૭૮ અને ઑકટોબર ૧૯૭૮માં લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.એડ.માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ઑકટોબર માસમાં પૂરક પરીક્ષા લેવાની સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી નહીં.

બાબત નં. ૧૬ અને ૯૪ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૬. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના રીડર શ્રી. આર. એલ. રાવળ તથા ભાષા-ભવનના સંસ્કૃતના વ્યાખ્યાતા ડૉ. ટી. એસ. નાન્દીની ચોથી પંચવર્ષીય યોજનાના સિલેકશન ગ્રેડ રૂ. ૭૦૦-૧,૦૦૦માં કૉલેજમાં રહ્યા હોત તો વધુ પગાર મળતો હોત તે ફરે આરક્ષિત કરવા અંગે તેમની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

૯૪. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોની સેન કમિશનનાં પગારધોરણોમાં હાયર સ્ટેજ અને પશ્ચાદ્‌વર્તી અસરના ફિકસેશન (retrospective fixation) મેળવવાની રજૂઆતના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ ખાતાના પત્રાંક યુજીસી-ફિફ્થ પ્લાન-ક-૧ તા. ૯-૧-૧૯૭૮ થી જણાવેલ છે કે સરકારી ઠરાવ નં. એમઆઈએસ-૧૦૭૫-૪૯૪૭-કેએચ. તા. ૨૩-૧૧-૧૯૭૬ મુજબ જ પગાર ફિકશેશન થઈ શકે તેમાં કોઈ છૂટછાટને અવકાશ નથી તો તે પત્રની નોંધ લેવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૯૪માં જણાવેલા રાજ્ય સરકારના પત્રની નોંધ લેવી અને એ સંદર્ભમાં બાબત નં. ૧૬ માં કરવામાં આવેલી વિનંતી મંજૂર કરવી નહીં.

૧૭. શ્રી. બી. વી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં નવી તરાહના સંદર્ભમાં પૂર્ણ સમયના સંસ્કૃતના વ્યાખ્યાતા શ્રી. જી. પી. બ્રહ્મભટ્ટને ફાજલ ગણી છૂટા કરવામાં આવ્યા હોઈ તથા તેને બદલે સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક માન્ય કરવી નહીં.

૧૮. દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વીરમગામની જૂન ૧૯૭૮થી બી.એ. (સભા.)માં સંસ્કૃતનું શિક્ષણકાર્ય બંધ કરવા અંગેની અરજીના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં નિયુક્ત કરેલી સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યશ્રી અને મેનેજમેન્ટના ઉચ્ચ અધિકારીઓ જોડે આ પ્રશ્નનાં વિવિધ પાસાંની ચર્ચા થઈ હતી. આ સમગ્ર ચર્ચાના પરિણામે મેનેજમેન્ટના અધિકારીઓ અને કાર્યકારી આચાર્યશ્રી સંસ્કૃત (ગૌણ)નું શિક્ષણકાર્ય ચાલુ રાખવા માટે તત્પર થયા હતા અને બદલાયેલ પરિસ્થિતિમાં સંસ્કૃત શિક્ષણ બી.એ. (ગૌણ)માં બંધ ન કરવાનું અમોને જણાવ્યું હતું. વીરમગામમાં સંસ્કૃત ચાલી શકે એમ હોવાથી બંધ ન કરી શકાય એવી પણ પરિસ્થિતિ છે. તો હવે કૉલેજ મેનેજમેન્ટ સંસ્કૃત (ગૌણ) બી.એ.માં યથાવત્ ચાલુ રાખે તેમ અમારી ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૯. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજના માળી શ્રી. રાયમલ એમ. પરમારને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જૂન ૧૯૭૬થી સસ્પેન્શન દરમ્યાનનો પગાર, ઈ. ચૂકવવામાં આવ્યો નથી તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સસ્પેન્શન હેઠળ બાકી પગારની ચુકવણી કરવા કૉલેજના આચાર્યશ્રી તેમ જ સંચાલક-મંડળને પત્રો લખવા છતાં કોઈ જવાબ આવેલ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે શિક્ષણસંચાલકશ્રીને ઘટતી જાણ કરવી અને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ સસ્પેન્શનના સમય દરમ્યાન શ્રી. રાયમલ એમ. પરમારને જે વેતન સદરહુ કૉલેજ તરફથી ચૂકવવામાં આવ્યું નથી તેના જેટલી રકમ તેની ગ્રાન્ટમાંથી કાપી લેવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૨૦. વાય. એસ. આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. શાહ કોમર્સ કૉલેજ, દેવગઢબારિયાને જાહેરાતો આપવા છતાં અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિષયોમાં શિક્ષણકાર્ય માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો મળ્યા

નહિ હોવાથી અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે જોડાયેલા શ્રી. ઓ. સી. પાદશાહ અને આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે જોડાયેલા શ્રી. બી. એન. શાહની નિમણૂકો ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—બન્ને શિક્ષકો જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવે છે પરંતુ નિયમાનુસાર તદુપરાંત તેઓને ત્રણ વર્ષનો ટ્યૂટર તરીકેનો શિક્ષણકાર્યનો અનુભવ હોવો જરૂરી છે, જ્યારે બન્નેને શિક્ષણકાર્યનો કોઈ અનુભવ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યવસ્થા ફકત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૮થી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના વિષયોમાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયોમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૨૧. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાળા ઈજનેરી સંશોધન એવોર્ડ, ૧૯૭૭ આપવા અંગેની સમિતિએ કરેલ ઠરાવ મુજબ—

(૧) વિભાગ "અ" માટે શ્રી. જે. એફ. મિસ્ત્રી, અને

(૨) વિભાગ "બ" માટે શ્રી. કૃષ્ણકાન્ત ચિમનલાલ ઠક્કરને તેમના શ્રેષ્ઠ સંશોધન કાર્ય કરવા બદલ ટ્રસ્ટ તરફથી રોકડ ઈનામ તથા ચંદ્રક એનાયત કરવા સમિતિએ કરેલ ભલામણ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ રોકડ ઈનામ ઉપરાંત ચન્દ્રક આપવા અંગે કરેલી ભલામણ મંજૂર કરવી.

૨૨. યુનિવર્સિટીનો ૨૭મો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૭-૯-૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિએ તૈયાર કરેલ મુસદ્દા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ તેની તા. ૨૬-૧૨-૭૭ની સભામાં બાબત નં. ૧ થી જેની ભલામણ કરેલી છે તે સને ૧૯૭૬-૭૭ના વર્ષનો વાર્ષિક હેવાલનો મુસદ્દો સભાગૃહમાં કરવામાં આવેલાં સૂચનો સાથે મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સુધારેલો હેવાલ યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦-૩-૧૯૭૭ની વાર્ષિક સભાના કામકાજની યાદીમાં રજૂ કરવામાં આવેલ સ્ટેચ્યૂટ્સ જે હવે યુનિ. કોર્ટની આગામી સભા સમક્ષ રજૂ કરવામાં આવશે તે સ્ટેચ્યુટોના પાઠ જોઈનપાસીને પોતાની ભલામણો સાથે રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય ડી. ડી. દેસાઈ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૨૩. જનરલ હૉસ્પિટલ, બાપુનગર, અમદાવાદને ઑર્ડિ. એમ.બી.બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ મેડિસિન સર્જરી અને ગાયનેકોલોજી દરેક વિભાગ માટે પાંચ (કુલ ૧૧) ઈન્ટર્નીઝને બદલે દરેક વિષય માટે ૧૦ (કુલ ૩૦) ઈન્ટર્નીઝ મોકલવા માટે માન્ય કરવા માટેની સદરહુ હૉસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટની વિનંતી અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨-૧૦-૧૯૭૭ની સભામાં નીમેલ સમિતિની નીચેની ભલામણ પર

વિચારણા કરવા બાબત :

"Since the Idea of Rotating House Physicians is for the District at present the number of Internist at Bapunagar is sufficient and there is no need to increase."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક પદવી પરીક્ષાઓના ઉત્તરપત્રો પર ડમી નંબર નાખવાની પ્રથા દાખલ કરવાની જે તે વિદ્યાશાખાની ભલામણો પર સત્તાધારી વિચારણા કરવા બાબત.

(તા. ૨૩--૪--૧૯૭૭ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ બાબત નં. ૭ થી વાણિજ્ય વિદ્યાશાખાના ડમી નંબર આપવાના પ્રસ્તાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો હતો અને વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાઓને પણ ડમી નંબરની પ્રથા અંગે વિચારણા કરવા સૂચવ્યું હતું.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૮ના માર્ચ--એપ્રિલમાં લેવાનાર બી.કોમ.બી.કોમ.ની પરીક્ષામાં પ્રયોગાત્મક ધોરણે ડમી નંબરોની પદ્ધતિનો અમલ કરવો અને તે અંગેની કામગીરી આચાર્ય જી. એમ. પીરઝાદા અને આચાર્ય એમ. સી. શાહને સંયુકત રીતે સોંપવી.

૨૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપકો/પરીક્ષકો/નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૨--૧૨--૧૯૭૭ અને તા. ૨૯--૧૨--૧૯૭૭ના રોજ મળેલ ૧૯૭૭ના વર્ષની પરીક્ષાશુદ્ધિ સમિતિની પંદરમી અને સોળમી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨--૧૨--૧૯૭૭ અને તા. ૨૯--૧૨--૧૯૭૭ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨--૧૨--૧૯૭૭ અને તા. ૨૯--૧૨--૧૯૭૭ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલો સામેલ કરવામાં આવી નથી.)

૨૬. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામો સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા—મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮ (૨) મુજબ પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માગણી કરેલ છે?
૧	૨	૩	૪	૫
		રૂ.		
૧.	શ્રી. એમ. એમ. શાહ ટેક. આસિસ્ટન્ટ, ગ્રંથાલય	૧૧,૦૦૦	ના	મકાન બાંધવા માટે
૨.	શ્રી. સી. કે. વાઘેલા પટાવાળા, સમાજવિદ્યા ભવન	૪,૧૦૦	ના	મકાન મરામત અંગે

૩.	શ્રી. આર. બી. સેલાર, પટાવાળા, કાર્યાલય	૧,૦૦૦	લા	વતનમાં મકાન બાંધવાનું હોવાથી
૪.	શ્રી. જી. સી. વાઘેલા પટાવાળા, ભાષા-સાહિત્ય ભવન	૪,૦૦૦	લા	મકાન મરામત અંગે
૫.	શ્રી. જી. એ. વાઘેલા પ્યુન-કમ-એટેન્ડન્ટ, ભાષા ભવન	૧,૧૦૦	લા	મકાન મરામત અંગે
૬.	શ્રી. એમ. જી. મરાઠા પટાવાળા, કાર્યાલય	૪,૧૦૦	ના	હાઉસિંગ બોર્ડના ફ્લેટમાં ભરવા માટે
૭.	ગોપાલ બાલુ જાદવ પટાવાળા, મનોવિજ્ઞાન ભવન	૨,૬૦૦	ના	વસ્ત્રાપુરમાં મકાન બાંધવા માટે
૮.	શ્રી. કે. પી. રાવળ સફાઈ કામદાર, ભાષા ભવન	૪,૧૦૦	લા	વતનમાં મકાન મરામત કરવવા અંગે
૯.	શ્રી. સી. પી. ચૌહાણ પટાવાળા, ભાષા--સાહિત્ય ભવન	૨,૧૦૦	ના	હાઉસિંગ બોર્ડના ફાળા માટે
૧૦.	શ્રી. આર. એન. નાડિયા પટાવાળા ડી.પી.ઈ.	૨,૯૦૦	ના	વતનમાં મકાન મરામત કરાવવા અંગે

[**નોંધ.**—૧. શ્રી. એમ. એમ. શાહ ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૧૧,૦૦૦ (રૂ. ૧૧,૦૩૬--૨૯ પૈસા) જમા છે તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ. ૮,૦૧૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૨. શ્રી. સી. કે. વાઘેલા ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૪,૧૦૦ (રૂ. ૪,૫૭૨--૮૦ પૈસા) જમા છે. તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ. ૧૨૯ તથા પ્રોવિડંન્ટ ફંડ લોનના રૂ. ૯૬૦ ની રકમ તથા તે પર જે વ્યાજ થાય તે કાપવાના રહેશે.

૩. શ્રી. આર. બી. સેલાર ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ, ૫,૧૦૦ (રૂ. ૫,૩૭૮--૫૩ પૈસા) જમા છે તેમાંથી તેઓની બિલ્ડિંગ લોનના રૂ. ૨,૨૧૭ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૪. શ્રી. જી. સી. વાઘેલા ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૪,૦૦૦ (રૂ. ૪,૩૪૧--૦૮ પૈસા) જમા છે તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ.૧,૪૯૮ તથા પ્રોવિડંટ ફંડના લોનના રૂ. ૯૭૧ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૫. શ્રી. જી. એ. વાઘેલા ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૫,૧૦૦ (રૂ. ૫,૭૩૧--૫૫ પૈસા) જમા છે તેમાંથી તેઓના બિલ્ડિંગના રૂ. ૭૭૭ તથા પ્રોવિડંટ ફંડના લોનના રૂ. ૯૭૫ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૬. શ્રી. એમ. જી. મરાઠા ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૪,૧૦૦ (રૂ. ૪,૬૧૬-૬૭ પૈસા) જમા છે તેમાંથી તેઓના પ્રોવિડંટ ફંડના રૂ. ૧,૪૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૭. શ્રી. ગોપાલ બાપુ જાદવ ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૨,૬૦૦ (રૂ. ૨,૬૭૪--૪૯ પૈસા) જમા છે તેમાંથી તેઓના પ્રોવિડંટ ફંડના લોનના રૂ. ૧,૧૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૮. શ્રી. કે. પી. રાવળ ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૪,૧૦૦ (રૂ. ૪,૧૩૬--૬૧ પૈસા) જમા છે તેમાંથી તેઓની બિલ્ડિંગ લોનના રૂ. ૧,૪૧૦ તથા પ્રોવિડન્ડ ફંડ લોનના રૂ. ૧,૧૩૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૯. શ્રી. સી. પી. ચૌહાણ ખાતે રૂ. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૨,૫૦૦ (રૂ. ૨,૧૮૨--૭૮ પૈસા) જમા છે તેમાંથી તેઓના પ્રોવિડંટ ફંડ લોનના રૂ. ૭૨૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૧૦. શ્રી. આર. એન. નાડીયા ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૨,૯૦૦ (રૂ. ૨,૯૮૦) પૈસા જમા છે તેમાંથી તેઓના પ્રોવિડંટ ફંડ લોનના રૂ. ૬૧૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેના તા. ૨૧--૧--૧૯૭૬ની સભામાં બીજી વાર લોન આપવા અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે.

> "...વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮ (૨) હેઠળ પોતાના પ્રોવિડંટ ફંડમાંથી કોઈ પણ કર્મચારીએ એક વાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેના માટે ઊભો થાય તો તે બાબત અંગે ચોક્કસ ધારાધોરણ ઘડવાના બદલે પ્રત્યેક કેસ તેના ગુણદોષ ઉપર વિચારવાનું રાખ્યું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતેથી તેમના નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મંજૂર કરવી.

૨૭. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણની તેમ જ બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટેનું કાયમી જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને

ભલામણ કરવી :

૧. ઑ. ૧૨૦–એના સંદર્ભમાં રાજ્યનીતિશાસ્ત્રના વિષય માટે જરૂરિયાત પ્રમાણે શિક્ષકો નીમવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. રાજ્યનીતિશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વધારાના વિષયના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂકો કરવાની જરૂર ઊભી થાય તો તે માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવવી અને તે મળ્યેથી યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી આવશ્યક રહેશે, એમ સદરહુ કૉલેજને જણાવવું.

૨૮. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા બી.એ.(સમો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા બી.એ.(સમો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૮થી તા. ૧૪--૬--૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) ઇતિહાસના એક વ્યાખ્યાતા

(૨) ભૂગોળના એક વ્યાખ્યાતા;

૨ ગ્રંથાલય માટે અત્યારે સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં ઇતિહાસના વિષયમાં પુસ્તકો ખરીદવા માટે રૂ. ૨,૦૦૦ અને ભૂગોળના વિષયનાં પુસ્તકો ખરીદવા માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું પાલન કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વધારાના વિષયોના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂકો કરવાની જરૂર ઊભી થાય તો તે માટે રાજ્ય સરકારની પૂર્વ સંમતિ મેળવવી અને તે મળ્યેથી યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી આવશ્યક રહેશે, એમ સદરહુ કૉલેજને જણાવવું.

૨૯. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૩૯).

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, ઇતિહાસ તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકોને તેમજ બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.ભા.ક. ૬૨)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર તરફથી જૂન ૧૯૭૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સભા.)માં ઇતિહાસ, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, બી.એસસી. (રસા.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા. ભા.ક. ૪૦)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે

તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સંસ્કૃત; બી.એ. (સબો.)માં ઇતિહાસ, હિન્દી અને અંગ્રેજી; બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં ભૌતિક-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડા મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગુજરાતી, અને બી.એ. (સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટેનું કાયમી જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક્ર. ૬૩)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગુજરાતી અને બા.એ.(સબો.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટેનું કાયમી જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

ઑ. ૧૨૦-એના સંદર્ભમાં હિંદી વિષયમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨ ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. હિંદીના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી કરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં કરાવવામાં આવે છે કે વધારાના વિષયના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂકો કરવાની જરૂર ઊભી થાય તો તે માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવવી અને તે મળ્યેથી યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી આવશ્યક રહેશે. એમ સદરહુ કૉલેજને જણાવવું.

૩૩. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૪૧)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી કરાવવામાં આવે છે કે શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. હિન્દીના બે સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી બી.એ. (સમો.)માં હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૬૩)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા (ઉ.ગુ.) નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, બી.એ. (સમો.)માં હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૪૨)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૧ સુધીનું જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. મનોવિજ્ઞાન (મુખ્ય) અને રાજ્યનીતિશાસ્ત્ર (ગૌણ)નાં પુસ્તકો અને સામયિકો માટે અનુક્રમે રૂ. ૨,૦૦૦ અને રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૬. **શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૪૩)**

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સ.)માં માનસશાસ્ત્ર, ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૩-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;
   (૨) કૉમર્સની વિદ્યાશાખામાં ઑ. ૧૨૦—એ અન્વયે જરૂરી શિક્ષકગણ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૭. **એમ. બી. કૉલેજ, ઑફ કૉમર્સ એન્ડ જી. એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક ૪૪)**

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી. એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને

સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે:
હિન્દીના એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. હિન્દી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વધારાના વિષયના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂકો કરવાની જરૂર ઊભી થાય તો તે માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવવી અને તે મળ્યેથી યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી આવશ્યક રહેશે. એમ સદરહુ કૉલેજને જણાવવું.

૩૮. ડીસા નગર પંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા તરફથી જૂન ૧૯૭૮થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ. (સબો.)માં સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અંગ્રેજી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૬૮)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડીસા નગર પંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ.(સબો.)માં સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અંગ્રેજી, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ

એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણેના વાચન ખંડની તેમ જ વિદ્યાર્થીઓ માટેના ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેતી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે ટ્યુટોરિયલ્સની જોગવાઈ પાડવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકતે આપવામાં આવે;

૭. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૯. ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ ઍન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડર તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૪૧)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ ઍન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી ૧૪-૬-૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂંકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. અંગ્રેજી વિષયનાં પુસ્તકો પાછળ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે"

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વધારાના વિષયના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂકો કરવાની જરૂર ઊભી થાય તો તે માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવવી અને તે મળ્યેથી યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી આવશ્યક રહેશે. એમ સદરહુ કૉલેજને જણાવવું.

૪૦. એસ. ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા તરફથી જૂન ૧૯૭૮થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૬૪)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૧-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરતી :

૧. વિદ્યાર્થિનીઓ માટેના શૌચાલયમાં વધારાની જરૂરી સુવિધા કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩ પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂપિયા ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૧. શેઠ એમ. એન. કોન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ તરફથી જૂન ૧૯૭૮થી બીએડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (અ.કા.બા.ક. ૪૬)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. કોન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં રૂ. ૧૫,૦૦૭૮ની ઊણપ રહેલી જણાય છે તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૨. કૉલેજ ઑફ્ એજ્યુકેશન, દરામલી તરફથી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૪૭)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ્ એજ્યુકેશન, દરામલી નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ફંડમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકોને તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૩. વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ્ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૪૮)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ્ એજ્યુકેશન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮ થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. કૉલેજના દૃશ્ય-શ્રાવ્ય સાધન વિભાગમાં અને સામયિક વિભાગમાં થોડો ઉમેરો કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૪. શ્રી એમ. એન. શુકલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૪૯)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એમ. એન. શુકલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૬ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૫. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૭૮થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે તેમ જ બી.એ.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર વિષય શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૫૦)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ કૉલેજ, કડી નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એસસી., (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, બીએસ.સી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને પ્રથમ વર્ષ બી.એસસી.માં-જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. ગણિતશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂ. ૧૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વધારાના વિષયના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂકો કરવાની જરૂર ઊભી થાય તો તે માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવવી અને તે મળ્યેથી યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી આવશ્યક રહેશે, એમ સદરહુ કૉલેજને જણાવવું.

૪૬. ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ્ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન તથા બીએસ.સી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.ભા.ક. ૫૧)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ્ સાયન્સ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૨) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૪) એક 'ફિલ્ડ કલેક્ટર'

} (જોડાણના વિષયોમાં વધુ વિદ્યાર્થી સંખ્યાના પ્રવેશના સંદર્ભમાં)

૨. પ્રયોગશાળા માટે પૂરતી સુવિધાવાળો એક મોટો ઓરડો બાંધવામાં આવે;

૩. ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસી શકે તેવો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટ જગા લેખે વાચનખંડ સહિતના ગ્રંથાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ભૌતિકવિજ્ઞાનનાં સાધનો માટે રૂ. ૨૧,૦૦૦ અને બાયો સાયન્સીસની પ્રયોગશાળા માટે રૂ. ૫,૦૦૦નો વધારાનો ખર્ચ કરવામાં આવે;

(જોડાણના વિષયોમાં વધુ વિદ્યાર્થી-સંખ્યાના પ્રવેશના સંદર્ભમાં)

૫. વનસ્પતિવિજ્ઞાન માટે "હરબેરિયમ" ની જોગવાઈ કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૭. ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે (પ્રત્યેક માટે) રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવા અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને, તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૧૦. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

વધુમાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ કૉલેજ જોડાણના વિષયોમાં વધુ વિદ્યાર્થી સંખ્યાના પ્રવેશ માટે જે શરતો મૂકી છે તેનું પાલન કરે તો તેને તે વિષયોમાં વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૭. બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૫૨)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિ-વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડા મોકલવામાં આવે; અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૮. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૫૩)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૯. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના તથા સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે તથા બી.કૉમ.માં બૉન્કિંગ ઍન્ડ સેક્રેટરિયલ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૫૪)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર, કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉંટિંગ ઍન્ડ ઑડિંટિંગ, બૅંકિંગ, આંકડાશાસ્ત્ર અને એક્ચ્યુરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૫૫)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ, બૅંકિંગ, આંકડાશાસ્ત્ર તથા એક્ચ્યુરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૧. શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજ, તરફથી જૂન ૧૯૭૮થી તૃતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૫૬)

એકૅડમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે અને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની તપાસસમિતિના હેવાલમાં આ કૉલેજના શિક્ષણકાર્ય અને અન્ય બાબતો અંગે સાનુકૂળ અભિપ્રાય હોય તો તેને તૃતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાનો જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં સદરહુ કૉલેજની બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા દ્વારા થયેલી તપાસ અંગે સાનુકૂળ હેવાલ આવેલો છે તે તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સભાગૃહે તેની નોંધ લીધી.

૫૨. શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૭૮થી તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસ-ક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક. ૬૬)

એકૅડમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની તપાસસમિતિના હેવાલને આધીન તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા

માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર જરૂરી પાત્રતા ધરાવતા આચાર્યની નિમણૂકો કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૩. શ્રી સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૮થી દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક્ર. ૬૫)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની તપાસસમિતિના હેવાલને આધીન દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પાત્રતા ધરાવતા આચાર્યની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૪. શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૮થી ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (ઍ.કા.ભા.ક્ર. ૫૭)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૫. ઑક્ટોબર ૧૯૭૭ની પરીક્ષાઓ અને તે પછીની પરીક્ષાઓના (આર્ટ્સ સાયન્સ, કૉમર્સ અને લૉ) પરીક્ષકોને મહેનતાણું ચૂકવવાનું મંજૂર થયેલ હોવાથી પરીક્ષકોને વગેરેને અપાતા ટી.એ. નિયમ નં. ૧૮

તથા નં. ૨૨ ને પુનર્વિચારણા કરવા બાબત :

Rule No. 18 :

Examiners residing in Ahmedabad and who are teachers not entitled to any remuneration for examination work will be paid out of pocket expenses at Rs. 5/- per day for the days of practicals only.

Rule No. 22 :

Senior Supervisors/Junior Supervisors and Proof-readers residing in Ahmedabad and who are teachers not entitled to any remuneration for examination work will be paid conveyance allowance at Rs. 6/- per day of examination.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રૂલ નં. ૧૮ અને ૨૨ રદ કરવા.

૫૬. "FERA" અન્વયે ભારતમાં પોતાનો ધંધો તા. ૩૧-૫-૧૯૭૮થી બંધ કરતી આઈ.બી.એમ. કંપનીએ કૉમ્પ્યુટર સેન્ટરમાં વસાવેલાં તેનાં મશીનો અંગે આપેલી નીચેની બે નોટિસો પર વિચારણા કરવા બાબત :

(૧) કંપનીએ તા. ૩૦-૧૧-૧૯૭૭ના પત્રથી જણાવ્યું છે કે ભાડે રાખેલાં મશીનો કેન્દ્ર સરકારની મંજૂરીને આધીન ત્રણ માસના કુલ ભાડાની રકમ રૂ. ૨૨,૫૦૦ વત્તા એકસાઈઝ, સેલ્સટેક્ષ, વન ટાઈમ ચાર્જ વિ. ની રકમથી યુનિવર્સિટી તા. ૧-૩-૧૯૭૮ થી ખરીદી શકશે. આ મશીનો માટે તા. ૩૧-૫-૧૯૭૮ બાદ કોઈ પણ પ્રકારની મેઈન્ટેનન્સ સેવાઓ તે આપશે નહીં.

(૨) તા. ૩૦-૧૨-૧૯૭૭ના પત્રથી જણાવ્યું છે કે યુનિવર્સિટીએ ખરીદીને વસાવેલાં મશીનોની મેઈન્ટેનન્સ સેવાઓ જે હાલ કંપની આપે છે તે તા. ૩૧-૫-૧૯૭૮ સુધી જ આપી શકશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને આઈ.બી.એમ. કંપનીના યુનિવર્સિટીએ ભાડે રાખેલા મશીનો, ત્રણ માસના કુલ ભાડાની રકમ રૂ. ૨૨,૫૦૦ વત્તા એકસાઈઝ, સેલ્સટેકસ, વનટાઈમ ચાર્જ, ઈત્યાદિને ખર્ચે ખરીદી લેવાનું રાખવું અને આ રકમની ગ્રાન્ટ યુ.જી.સી. પાસે માગવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે કૉમ્પ્યુટરની મેઈનટેનન્સ સેવાઓ તા. ૩૧-૫-૧૯૭૮ પછી કૉમ્પ્યુટર મેઈનટેનન્સ કૉર્પોરેશનને સોંપવી.

૫૭. શ્રીમતી હર્ષાબહેન છગનલાલ પટેલ (કંડારી) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણના અધ્યાપકશ્રી ડી. સી. શાહે જુનિયર સુપરવિઝનનું કામ ન કર્યું હોવાથી ઑર્ડિ. ૧૬૪નું ઉલ્લંઘન થયાનું જણાવી વૅકેવનનો પગાર ચૂકવવામાં આવેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

ઑર્ડિ. ૧૬૪ નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે છે :

It shall be obligatory for the Principals/Heads and members of the teaching and non-teaching staff of the affiliated colleges, recognised institutions as also the Directors, Heads and members of the teaching and non-teaching staff of the University to perform any duty or duties in respect of any examination work assigned to them as examiners/paper-setters/moderators/chairman/conveners by the University or an affiliated college or a recognised institution.

If any memeber refuses or fails to perform the duty under any pretext whatsoever, it shall be considered to be an act of misconduct and/or indiscipline on his part and such act shall render himself liable to such action as deemed fit by the University Executive Council and/or the college / institution authorities.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે શિક્ષણસંચાલકશ્રીને ઘટતી જાણ કરવી અને શ્રી. ડી. સી. શાહના વેકેશનના પગાર જેટલી રકમ સદરહુ કૉલેજની ગ્રાન્ટની રકમમાંથી કાપી લેવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ ઓર્ડિ. ૧૬૪ રદ કરવો.

૫૮. જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો શીખવવા માટે જૂન ૧૯૭૮થી કાયમી ધોરણે પરવાનગી આપવા માટેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૮થી ત્રણ વર્ષ માટે સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો શીખવવા માટે મંજૂરી આપવી.

૫૯. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવીમાં જૂન ૧૯૭૮થી જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો શીખવવા માટે પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૮થી ત્રણ વર્ષ માટે જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો શીખવવા માટે મંજૂરી આપવી.

૬૦. યુનિવર્સિટી કાર્યાલયમાં કૅશિયર-કમ-કાર્યાલય નિયામક તરીકે કામ કરતા શ્રી. એન. બી. શાહને રૂ. ૬૫૦-૩૦-૭૦૦-૩૫-૮૧૦-ઈ.બી. ૪૫-૯૦૦ના પગારધોરણમાં તા. ૧૭-૨-૧૯૭૮ થી કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા માટે મંજૂરી આપવા બાબત.

કૅશિયર-કમ-કાર્યાલય નિયામક શ્રી. એન. બી. શાહની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. બી. શાહને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦- ઈ.બી. ૪૫-૯૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૬૧. સંલગ્ન કૉલેજોમાંથી સને ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ઓર્ડિ. ૯૬ હેઠળ બિનશિક્ષક કર્મચારીગણની મંગાવેલ માહિતીમાં નીચે દર્શાવ્યા પ્રમાણે ક્ષતિ-ઊણપ રહેલ છે તે અંગે વિચારણા કરવા બાબત :

(અ) ૭૧ કૉલેજોમાં યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણોનો અમલ થયો નથી.

(બ) ૪૯ કૉલેજોમાં પગારધોરણો સિવાયની અન્ય ક્ષતિઓ-ઊણપો રહેલી છે.

(ક) નીચેની ૧૦ કૉલેજો તરફથી હજુ સુધી માહિતી આવેલી નથી :

૧. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ
૩. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૪. ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૫. વડનગર આર્ટ્સ, કૉમર્સ કૉલેજ, વડનગર
૬. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
૭. શ્રી એમ. એન. શુકલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૮. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૯. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૦. શ્રામતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જરૂરી માહિતી આપવા માટે અને / અથવા રહેલી ત્રુટિઓ/ઊણપો દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને ત્વરિત જાણ કરવા માટે જણાવવું.

૬૨. યુનિવર્સિટી કૅમ્પસમાં ટી.પી. સ્કીમ નં. ૩૧નો રસ્તો પસાર થાય છે તે ટી.પી. રસ્તાની જમીનનો કબજો સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—અગાઉ આ બાબત તા. ૨૨--૧૦--૧૯૭૭ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં મૂકી હતી તેમાં નીચે પ્રમાણે ઠરાવ થયો હતો :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સાથે જરૂરી વિચારવિનિમય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."

સૂચિત ફેરફારથી કુલ ૧,૨૪,૭૧૦ ચો. મીટર જમીન કપાય છે. જ્યારે મૂળ પ્લાન પ્રમાણે ૬૦,૯૪૩ ચો. મીટર જમીન કપાય છે. વધુમાં ફેરફારથી રસ્તામાં વળાંક વધુ થાય છે જે મોટા રસ્તા માટે બરાબર ન ગણાય. આથી મૂળ પ્રસ્તાવ રાખવો હિતાવહ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩૧ હેઠળ યુનિવર્સિટી કૅમ્પસમાં રસ્તાનું જે આયોજન મૂળ યોજનામાં સૂચવવામાં આવ્યું છે તે સ્વીકારીને તે યોજના હેઠળ કપાતી જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને સોંપવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી. દરમિયાન સભાગૃહમાં થયેલ ચર્ચાને અનુલક્ષીને જરૂરી કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૩. બાંધકામ સમિતિની તા. ૯--૧--૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૯--૧--૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૯--૧--૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૬૪. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અધ્યક્ષશ્રી મારફતે મજૂર કલ્યાણ વિષયના પ્રોફેસર પરેશ મજમુદારના તા. ૧૨–૯–૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. યુનિવર્સિટીમાં પરીક્ષા નિયામકની જગ્યા માટે તા. ૧૦–૧–૧૯૭૮ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧–૧–૧૯૭૮ની સભામાં મંજૂર કરેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૬૦)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ પરીક્ષાનિયામકની ખાલી પડનાર જગ્યા પર તા. ૧–૨–૧૯૭૮થી શ્રી. એસ. વી. શાસ્ત્રીને રૂ. ૯૦૦-૪૫-૧૦૮૦-૫૦-૧૧૮૦-ઈ.બી.-૫૦-૧૨૮૦-૫૫-૧૪૦૦ ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૨૩૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૦–૧–૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૬૬. યુનિવર્સિટીમાં મદદનીશ કુલસચિવની એક જગ્યા પૂરવા અંગેની તા. ૧૨–૧૦–૧૯૭૭ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧–૧–૧૯૭૮ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક. ૨)

સદરહુ બાબતના સંદર્ભમાં શ્રી. આર. ડી. ભગત તથા શ્રી. આર. ડી. ભગત અને શ્રી. વી. એમ. વ્યાસની સંયુકત સહીથી આવેલા અનુક્રમે તા. ૧૭–૧–૧૯૭૮ અને તા. ૧૮–૧–૧૯૭૮ના પત્રો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું છે કે સદરહુ બાબત અંગે વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ મદદનીશ કુલસચિવની ખાલી પડેલી જગ્યા પર શ્રી. કે. આર. જોશીને રૂ. ૭૦૦-૪૦-૯૮૦-ઈ.બી.-૪૦-૧૧૦૦-૫૦-૧૨૦૦-ઈ.બી.-૫૦-૧૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૯૮૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું છે કે શ્રી. આર. ડી. ભગત અને વી. એમ. વ્યાસના સદરહુ પત્રો સ્થાયી કાનૂન વિષયક સમિતિની વિચારણા માટે મોકલવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૨–૧૦–૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૬૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮–બી અન્વયે બિનવ્યવસાયી (નૉન-પ્રોફેશનલ) સંલગ્ન કૉલેજોને સ્વાયત્તતા બેનાયત કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧–૧–૧૯૭૮ની સભામાં નિયત કરેલ ધોરણો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોને સ્વાયત્તતા આપવા અંગેનાં ધોરણો નિયત કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

(સંલગ્ન કૉલેજોને સ્વાયત્તતા આપવા અંગેનાં મંજૂર કરવામાં આવેલાં ધોરણોની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૬૮. ગ્રંથાલય સમિતિની સને ૧૯૭૭–૭૮ના વર્ષની તા. ૨૪–૧૧–૧૯૭૭ની સભાના નીચેના ઠરાવો એક્ઝિકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલવાનું ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) ગ્રંથાલયના તા. ૧–૪–૧૯૭૬થી તા. ૩૧–૩–૧૯૭૭ સુધીના વાર્ષિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને એક્ઝિકયુટિવ કાઉન્સિલની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે આ સાથેની યાદી મુજબનાં પુસ્તકો કે જે ફાટી ગયેલાં છે અને ઉપયોગમાં આવે તેમ નથી તેને રદ કરવાં અને તેની યાદી એક્ઝિકયુટિવ કાઉન્સિલની જાણ માટે મોકલવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે દરેક વિભાગીય ગ્રંથાલયમાં એક એક બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સ થયેલા કલાર્કની નિમણૂક કરી અને આ માટે વાણિજ્ય ભવન અને કાયદા ભવન દરેક માટે એક એમ બે જુનિયર કલાર્કની નવી જગ્યા ઊભી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. (૧) ની નોંધ લેવી.

(૨) સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. (૨) ની નોંધ લેવી અને તે સ્વીકારવી.

(૩) સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. (૩) અંગે ઠરાવવામાં આવ્યું કે વાણિજ્ય ભવન અને કાયદા ભવનમાં જુનિયર કલાર્કની એકેક એમ બે નવી જગ્યાઓ રૂ. ૨૬૦-૬-૩૦૮-ઈ.બી.-૬-૩૨૬--૮-૩૫૦-ઈ.બી.-૮-૩૯૦-૧૦-૪૦૦ના પગારધોરણમાં, રાજ્ય સરકારની અનુમતિને આધીન ઊભી કરવી અને સદરહુ જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનું ધોરણ સ્નાતક અને ગ્રંથાલય-વિજ્ઞાનના સર્ટિફિકેટ કોર્સની પરીક્ષામાં ઉત્તીર્ણતાનું રાખવું.

૬૯. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૧૪/૧૫-૯-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧-૧-૧૯૭૮ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"વિષયોની પસંદગી અંગે ઑર્ડિ. આર્ટ્સ--૬માં જે બે જૂથ આપવામાં આવ્યાં છે તેને બદલે બધા વિષયો એક જ જૂથમાં મૂકવા અને ઑર્ડિ. આર્ટ્સ--૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારી તેને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવા ભલામણ છે :

O. Arts--6 :

(1) English	(2) Gujarati	(3) Marathi
(4) Hindi	(5) Sindhi	(6) Bengali
(7) French	(8) German	(9) Sanskrit
(10) Prakrit	(11) Pali	(12) Persian
(13) Arabic	(14) Urdu	(15) Avesta-Pahlavi
(16) History	(17) Political Science	(18) Economics
(19) Sociology	(20) Philosophy	(21) Psychology
(22) Indian Culture	(23) Mathematics	(24) Humanities
(25) Geography	(26) Statistics	(27) Home Science
(28) Islamic Culture (as a subordinate sub. only)	(29) Statistical Methods (as a subordinate sub. only)	(30) Co-operation (as a subordinate sub. only)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા ઑર્ડિ. આર્ટ્સ-૬ને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવો.

૭૦. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૦--૯--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧--૧--૧૯૭૮ ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે "ઇલેકટ્રોનિકસ અને રેડિયોફિઝિકસનો ડિપ્લોમા" અભ્યાસક્રમ સ્થાપવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે." (એ.કા.બા.ક્ર. નં. ૭)

આથી ઠરાવવામાં આવે છે કે ઇલેકટ્રોનિકસ અને રેડિયો ફિઝિકસનો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૭૧. પ્રકાશન બોર્ડની તા. ૨૭--૧૨--૧૯૭૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૭--૧૨--૧૯૭૭ની સભાની ભલામણ નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

પ્રિ. આર. એલ. સંઘવીનો મહાનિબંધ પ્રકાશનક્ષમ છે કે કેમ તે અંગે પ્રથમ પ્રો. નામજોશીનો અભિપ્રાય મંગાવવો અને જો તેઓ તે કામ સ્વીકારે નહીં તો પ્રો. સાંડેસરાનો અભિપ્રાય મંગાવવો.

સદરહુ બોર્ડની ભલામણોની નકલ **પરિશિષ્ટ 'ઙ'** તરીકે સામેલ છે

૭૨. યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા માટે સ્થાનિક કૉલેજોનાં મકાનો તેમ જ પ્રયોગશાળા મેળવવા માટે પડતી મુશ્કેલીઓ લક્ષમાં લેતાં આ અંગે કોઈ ધારાધોરણ કે નિયમ ઘડવા અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦--૧૨--૧૯૭૭ની સભાએ નીમેલ સમિતિની તા.૯–૧–૧૯૭૮ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૯--૧--૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી

૭૩. યુનિવર્સિટી સ્ટોર્સમાં પડેલા જૂના લોખંડનો નિકાલ કરવાના કામ માટે આવેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી વધારે ભાવ આપનાર નીચેના વેપારીઓને તેઓ સામે જણાવેલા ભાવે યુનિવર્સિટીનાં મકાનોમાં આ લોખંડ વપરાય નહિ તે શરતે આપવું.

(ક) **મેસર્સ વી. એસ. બિલ્ડર્સ** (એમ્બેસી માર્કેટ, દિનેશ હૉલ પાસે, અમદાવાદ)

		રૂ.	
૧.	૬ એમ. એમ. માઇલ્ડ સ્ટીલ	૧,૮૪૦–૦૦	પ્રતિ મે. ટન
૨.	૧૨ એમ. એમ. માઇલ્ડ સ્ટીલ	૧,૮૩૦–૦૦	,,
૩.	૧૦ એમ. એમ. ટોર સ્ટીલ	૧,૯૮૦–૦૦	,,
૪.	૧૨ એમ. એમ. ટોર સ્ટીલ	૧,૯૦૦–૦૦	,,
૫.	૧૬ એમ. એમ. ટોર સ્ટીલ	૧,૯૦૦–૦૦	,,

(ખ) **શ્રી એસોસિયેટેડ એન્જિનિયર્સ**

૧.	૧૮ એમ. એમ. માઇલ્ડ સ્ટીલ	૧,૮૦૦–૦૦	પ્રતિ મે. ટન
૨.	૨૦ એમ. એમ. ગ્રોપ બાર્સ	૧,૮૦૦–૦૦	,,
૩.	૨૧ એમ. એમ. ટોર સ્ટીલ	૧,૯૦૦–૦૦	,,

(ગ) **ભાવસાર એન્ડ બ્રધર્સ** (દિલ્હી દરવાજા બહાર, દૂધેશ્વર રોડ, અમદાવાદ)

૧.	૮ એમ. એમ. રાઉન્ડ કોઇલ	૧,૭૮૫–૮૫	પ્રતિ મે. ટન
૨.	૨૫ એમ. એમ. માઇલ્ડ સ્ટીલ	૧,૭૮૫–૮૫	,,

૭૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સ્થાયી સમિતિએ યુનિવર્સિટીઓને કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ રચવાનું ભારપૂર્વક જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૭-૧૦-૧૯૭૭ના પત્રાંક એફ. ૧-૨૨/૭૭ (સીપી) પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આ બાબતમાં અગાઉ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૬-૧૯૭૭ની સભામાં ચર્ચાવિચારણા કરી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સ્થાયી સમિતિની સદરહુ ભલામણની નોંધ લેવાનું ઠરાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના સુયોજિત વિકાસ માટે કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની રચના નીચે મુજબ કરવી :

૧. કુલપતિશ્રી, અધ્યક્ષ
૨. શ્રી. શિક્ષણસંચાલક
૩. પ્રો. ડી. એન. પાઠક
૪. ડૉ. વી. સી. શાહ
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. આચાર્ય એસ. આર. ભટ્ટ
૭. આચાર્ય કે. એન. શાહ
૮. આચાર્ય એચ. પી. પંડ્યા
૯. શ્રી. એન. એમ. પરીખ
૧૦. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૧૧. ડૉ. પી. પી. મહેતા
૧૨. શ્રી. આર. એમ. શાહ
૧૩. આચાર્ય ડી. ડી. દેસાઈ
૧૪. આચાર્ય બી. એમ. પીરજાદા
૧૫. આચાર્ય એમ. સી. શાહ
૧૬. શ્રી. એ. ટી. દેસાઈ
૧૭. શ્રી. વિકાસ અધિકારી, સભ્ય/મંત્રી.

૭૫. તબીબી વિદ્યાશાખાની તા. ૭-૧૧-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧-૧-૧૯૭૮ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પહેલી એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ચાર વખત બેસીને નાપાસ થનારા વિદ્યાર્થીઓ ફરીથી તે પરીક્ષા આપી શકે નહિ તેવી જોગવાઈ ઑર્ડિ. એમ.બી.બી.એસ. ૯ માં છે તે રદ કરવા અને તે માટે સદરહુ ઑર્ડિનન્સ નીચે મુજબ સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવા ભલામણ કરવી :

O. M.B.B.S. 9 :

Failure to pass the examination will not debar candidates from appearing at any subsequent examination on the submission of a new application, the payment of a fresh fee and the production of certificates showing that they have, during the interval between the declaration of their failure and subsequent reappearance at the examination pursued a further course of study in the subjects of the examination for at least one term to the satisfaction of the Head of a Medical college affiliated to the University." (Academic Council No. 23)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑર્ડિ. એમ.બી., બી.એસ. ૯ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૭૬. જૂન ૧૯૭૭થી ચાલુ જોડાણની અરજી બાબતમાં નીચે જણાવેલ કૉલેજો તરફથી હજુ સુધી બધી શરતોનું યથાર્થ પરિપાલન થયું ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	પરિપાલન થયું ન હોય તેવી શરતો
૧.	આર. આર. લાલન, કૉલેજ, ભૂજ	૧. ગણિત અને આંકડાશાસ્ત્ર વિભાગમાં જરૂરી નિમણૂક કરી નથી.
		૨. વનસ્પતિવિજ્ઞાન મુખ્ય અને જીવવિજ્ઞાન ગૌણ સાથે બી.એસસી. થયેલા શિક્ષકની નિમણૂક કરી નથી.
૨.	સાબરમતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. ગ્રંથાલય પાછળ કૉલેજે અત્યાર સુધીમાં રૂ. રૂ. ૭૯,૦૦૦નો ખર્ચ કરવો જરૂરી હતો તેને બદલે કૉલેજે રૂ. ૫૭,૫૮૦--૫૯ નો ખર્ચ કર્યો છે.
		૨. પ્રૉવિડંટ ફંડના રૂ. ૮૬,૦૦૦માંથી રૂ. ૧૬,૦૦૦ જમા કરાવ્યા છે. રૂ. ૩૫,૦૦૦ ડિસેમ્બર ૧૯૭૭ સુધીમાં અને રૂ. ૩૫,૦૦૦ માર્ચ ૧૯૭૮ સુધીમાં જમા કરાવવા પરવાનગી માંગી છે.
૩.	શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા	૧. ગ્રંથાલયમાં અત્યાર સુધીમાં કરવાના કુલ રૂ. ૨૮,૦૦૦ના ખર્ચને બદલે રૂ. ૨૫,૫૭૦--૯૩નો ખર્ચ કર્યો છે.
		૨ શિક્ષકોની લેણી રકમની ચુકવણી અંગે પૂછવ્યું છે પણ જવાબ નથી.

(નોંધ.—એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૨--૧૦--૧૯૭૭ની સભામાં ઠરાવ ક્રમાંક ૫૪ થી સદરહુ કૉલેજોને બાકી રહેલ શરતોનું યથાર્થ પરિપાલન કરીને જાણ કરવા માટે જણાવવા ઠરાવ્યું હતું, પરંતુ તેના અનુસંધાનમાં કોઈ પ્રગતિ થઈ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને તેમની બાકી રહેલી શરતોનું યથાર્થ પરિપાલન કરીને યુનિવર્સિટીને જાણ કરવા તાકીદ કરવી. દરમ્યાન સદરહુ કૉલેજોને નીચે મુજબ જોડાણ આપવું :

(૧) આર. આર. લાલન કૉલેજ, ભૂજને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગણિતશાસ્ત્ર, હિન્દી, બી.એ. (સબો.)માં આંકડાશાશાસ્ત્ર, બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૭થી તા. ૧૪--૬--૧૯૮૨ સુધીનું ચાલુ જોડાણ આપવું.

(૨) સાબરમતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.(સબો.)માં હિન્દી, ઇતિહાસ, માનસશાસ્ત્ર, બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગ ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૭થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ અને

(૩) શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઉંઝાને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૭ થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૭ થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું વધારાનું જોડાણ.

૭૭. ઝૂલૉજી વિષયમાં ડી.એસ.સી. પદવી માટે સંશોધનપત્રો રજૂ કરનાર નીચે જણાવેલ બે વિદ્યાર્થીઓનાં સંશોધન પેપરો પર અભિપ્રાય મેળવવા જે રેફરીઓનાં નામોની ભલામણ કરવામાં આવેલી તે પૈકી અત્યારે એક જ નામ રેફરીઓની યાદીમાં બાકી રહેલ હોઈ વધુ પરીક્ષકોનાં નામો અંગેની ઝૂલૉજીની અભ્યાસસમિતિની તા. ૧૯–૧૦–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે ડૉ. (મિસ) એન. જે. ચિનોયની ડી.એસ.સી. પદવી માટે રજૂ કરેલ તેમના રિસર્ચ પબ્લિશ્ડ પેપર તપાસવા માટે નીચે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

Name of the Student :

1. Dr. Miss N. J. Chinoy

External referees

1. Prof. Averi Tombes,
   George Mason University,
   Department of Biology,
   4400, University Drive,
   Faurfex, Virginia—22030, U.S.A.
2. Prof. Bruce R. Carleson,
   Department of Anatomy,
   Medical Science Building,
   University of Michigan,
   Ann. Arbor, Michigan—48104, U.S.A.
3. Prof. F. Newmann,
   Research Laboratories of Schering A.G.,
   Department of Endocrine—Pharmacology,
   D–l–Berlin—65,
   Post Fach—650311,
   West Germany.
4. Prof. M. R. N. Prasad,
   Consultant, Human Reproduction Unit,
   World Health Organisation,
   1211, Geneva 27, Switzerland.

5. Prof. Emilsteinberger,
Department of Reproductive Biology,
Endocrinology, University of Texas,
Medical School at Houstan,
6400, West Cullen,
Houston, Texas—77025, U.S.A.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. બી. વ્યાસના ડી.એસ.સી. પદવી માટે તેમણે રજૂ કરેલ રિસર્ચ પબ્લિશ્ડ પેપર તપાસવા નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

Name of the Student

2. Dr. A. B. Vyas

External referees

1. Prof. M. J. Mitchell,
Department of Forest Zoology,
College of Environmental Sciences and Forestry,
State University of New York,
Syracuse, New York—13210, U.S.A.

2. Prof. H. L. Stahnke,
Director Poisonous Amils Laboratory, Tempe,
Ami Arizone, U.S.A.

3. Prof. J. Phillipson,
Animal Ecology Research Group,
University of Oxford, England, U.K.

4. Prof. R. Wilgert,
Department of Zoology,
University of Georgia, Athens,
30602, Georgia.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અભ્યાસસમિતિએ કરેલી ભલામણ સ્વીકારવા અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૭૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી ગોકુલદાસ બાંભડોઈ સંશોધન એવોર્ડ ૧૯૭૮ના વર્ષ માટે નિયુક્ત થયેલી નિષ્ણાત સમિતિના સભ્યો પૈકી ડૉ. એન. એસ. પંડ્યાની જગ્યાએ ડૉ. એન. આર. પંડ્યાનું નામ છપાયેલ હોવાથી તે છાપભૂલ સુધાર્યાના :

(૨) યુનિવર્સિટીના બિહારીલાલ કનૈયાલાલ સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે હાર્વર્ડ સિરીઝનાં પુસ્તકો વગેરે ખરીદવા માટે શ્રી શ્રેયસ્કભાઈ કસ્તૂરભાઈની બે કંપનીઓ ઉદય ટ્રેડિંગ કંપની તથા સુવાસ ટ્રેડિંગ કંપની તરફથી અનુક્રમે રૂ. ૨,૦૦૦ તથા રૂ. ૮,૦૦૦ના મળેલ સંશોધન અંગેનું કોન્ટ્રિબ્યુશન મળ્યું તે સાભાર સ્વીકાર કર્યાના;

(૩) વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાનના રીડર ડૉ. એ. બી. વ્યાસને Indian Institute of Science, Bangaloreના ઉપક્રમે બાંદીપુર મુકામે યોજનાર training programmeમાં ડૉ. એ. બી. વ્યાસને મોકલ્યાના તથા તેઓને તા. ૧૨-૧-૧૯૭૮થી તા. ૪-૨-૧૯૭૮ સુધીની અભ્યાસ રજા આપ્યાના;

(નોંધ:—આ અંગેનું સઘળું ખર્ચ Indian Institute of Science, Bangalore ભોગવનાર છે. યુનિવર્સિટીએ કોઈ ખર્ચ કરવાનું રહેતું નથી.)

(૪) એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૭-૯-૧૯૭૭ની સભામાં આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક (૧૯૭૬-૭૭) ના વર્ષમાં એનાયત કરવા માટે સમિતિ નીમવા નીચેના સભ્યોની પેનલ નીમેલી, પરંતુ પેનલના સભ્યો પૈકી ડૉ. સુરેશ શેઠનાએ સમિતિ પર કામ કરવાની અશકિત દર્શાવેલ હોઈ ડૉ. શેઠનાની જગ્યાએ ડૉ. આર. ડી. પટેલની નિમણૂક કર્યાના :

પેનલના સભ્યોની યાદી

૧. ડૉ. સુરેશ શેઠના	૪. ડૉ. પી. સી. વૈદ્ય
૨. ડૉ. એ. આર. પટેલ	૫. ડૉ. એન. એમ. ભટ્ટ
૩. ડૉ. જે. જે. શાહ	૬. ડૉ. આર. વી. શાહ

(૫) ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના ઉપક્રમે તા. ૨૦-૨-૧૯૭૮થી તા. ૨૫-૨-૧૯૭૮ સુધીમાં યોજનાર Second Executive Training Programme "Finance for non-Finance Executive"ની મંજૂરી આપ્યાના ;

(નોંધ.—ઉપરોકત પ્રોગ્રામ યોજવાથી યુનિવર્સિટીને કોઈ આર્થિક બોજો આવતો નથી.)

(૬) ધારાશાસ્ત્ર ભવન અંગે રૂ. ૩,૦૦,૦૦૦ (રૂપિયા ત્રણ લાખ)ના શેઠ એ. જી. ચૉરિટી ટ્રસ્ટ તરફથી આવેલ પ્રદાનને મંજૂર કર્યાના;

(૭) ડિસેંબર ૨૮થી ૩૦, ૧૯૭૭ના સમય દરમિયાન હૈદરાબાદ મુકામે યોજનાર All India Law Teachers Conferenceના ૧૭મા અધિવેશનમાં શ્રી બી. એમ. શુકલને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના;

(૮) જન્યુઆરી ૨૧થી ૨૪, ૧૯૭૮ના સમય દરમિયાન એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના બૅંકિંગ અને ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ તરફથી વડોદરા મુકામે યોજનાર ઑલ ઇન્ડિયા બૅંકિંગ સેમિનારમાં પ્રો. પી. વી. દેસાઈને વધારાના યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે મોકલ્યાના;

(૯) ડિસેમ્બર ૨૬થી ૨૯, ૧૯૭૭ના સમય દરમિયાન ભૂવનેશ્વર મુકામે યોજનાર All India History Congressમાં ડૉ. આર. કે. ધારૈયાને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના;

(૧૦) ડિસેંબર ૫થી ૯, ૧૯૭૭ના સમય દરમિયાન દિલ્હી મુકામે યોજાયેલ Meteorological અધિવેશનમાં શ્રી અંજના દેસાઈએ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે હાજરી આપ્યાનું મંજૂર કર્યાના;

(૧૧) સરસપુર આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૮થી ચાલુ જોડાણ મેળવવા માટેની અરજીમાં બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દીના વિષયનો સમાવેશ કર્યાના;

(૧૨) ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતાની સાહસિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાની યોજના હેઠળ આપણી યુનિવર્સિટીને તેની સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે અમદાવાદથી રામેશ્વર સુધીનો મોટરસાઇકલ પ્રવાસ યોજવા રૂ. ૬,૬૦૦ની આર્થિક સહાય મળી છે, જ્યારે આ સાહસ પ્રવાસ-કાર્યક્રમનો અંદાજી ખર્ચ રૂ. ૧૮,૯૪૦ થતો હોઈ ભારત સરકારની રૂ. ૬,૬૦૦ની આર્થિક સહાય બાદ કરતાં બાકીનો ખર્ચ યુવક કલ્યાણ પ્રવૃત્તિઓ ખાતે ફાળવેલ નાણાંમાંથી કરવા માટેનો પ્રસ્તાવ મંજૂર કર્યાના;

(૧૩) ગ્રંથાલય સમિતિની તા. ૨૪-૧૧-૧૯૭૭ની સભાની નોંધની બાબત ક્રમાંક ૪ માં ભૂલથી મે. શિવ પુસ્તકાલય, વડોદરાનું નામ પુસ્તકવિક્રેતાના નામમાં લખાઈ ગયેલું હોઈ તે ભૂલ સુધાર્યાના;

(**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૦-૧૨-૧૯૭૭ની સભામાં સમિતિની બાબત ક્રમાંક ૪ ને મંજૂર રાખવામાં આવેલ છે.)

(૧૪) વિજ્ઞાન વિદ્યાશાખામાં એમ.એસસી. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે ટ્યૂશન ફી અને પ્રયોગ-શાળાની ફીનાં ધોરણો સુધારીને નીચે મુજબ નિયત કર્યાના :

	ટ્યૂશન ફીની રકમ (સત્ર દીઠ)	પ્રયોગશાળાની ફી (સત્ર દીઠ)
૧. ગણિત અને આંકડાશાસ્ત્ર વિષય સિવાયના વિષયો માટે	રૂ. ૧૬૫	૬૦
૨. આંકડાશાસ્ત્ર વિષય માટે	રૂ. ૧૬૫	૩૫
૩. ગણિત વિષય માટે	રૂ. ૧૬૫	—

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૭૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૦–૧–૧૯૭૮ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડે તેની તા. ૧૦--૧--૧૯૭૮ ની સભામાં બાબત નં. ૫, ૮, ૯ અને ૧૦ અંગે કરેલી ભલામણો સિવાયની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૧૦--૧--૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ** " " તરીકે સામેલ છે.')

૮૦. રાજ્યની તબીબી કૉલેજોમાં બેઠકોની ફાળવણી અંગેના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૨૯--૧૨--૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એમસીજી-૧૦૭૭-૧-૧૦૦૩-જની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૧. જાહેરખબરો આપ્યા અને અન્ય રીતે પ્રયત્નો કરવા છતાં અંગ્રેજીના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા અધ્યાપક ન મળવાને કારણે એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલના અંગ્રેજીના અધ્યાપક શ્રી. સિલ્વેસ્ટરની ત્રણ તાસ પૂરતી સેવાઓ લીધાના કાર્યને મંજૂર કરવાની સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ કૉલેજ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજના, ભાલાશિનોરના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે કરેલી ઉપર મુજબની વ્યવસ્થા ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૮૨. સને ૧૯૭૭–૭૮ના વર્ષની ઓ. ૯૬ અન્વયે આવેલ માહિતીના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોમાં નીચે પ્રમાણે પરિસ્થિતિ છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) ૩૫ સંલગ્ન કૉલેજોમાં સેન કમિટીની ભલામણ મુજબ પગારધોરણોનો અમલ કરવામાં આવ્યો નથી.

(૨) ૫૪ કૉલેજોમાં સેન કમિટીની ભલામણ મુજબનાં પગારધોરણોનો અમલ કરવામાં આવ્યો નથી તે ઉપરાંત ક્ષતિ અને માહિતીની અધૂરપ રહેવા પામી છે.

(૩) ૧૪ કૉલેજોમાં સેન કમિટીની ભલામણ મુજબ પગારધોરણોનો અમલ કરવામાં આવ્યો છે. તે સિવાયની ક્ષતિ અને માહિતીની અધૂરપ રહેવા પામી છે.

(૪) અનેક વાર સ્મૃતિપત્રો લખવા છતાં નીચેની કૉલેજો તરફથી માહિતી આવી નથી :

૧. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૨. ગુજરાત કૉલેજ, અમદાવાદ

૩. શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત

૪. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૫. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસ્થિતિની રાજ્ય સરકારને જાણ કરવી અને સાથે સાથે જે કૉલેજોએ માહિતી મોકલી નથી અને/અથવા યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષક વર્ગના અને બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓને વેતન ચૂકવ્યું નથી તેમને તેની ચુકવણી ત્વરિત કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે તાકીદ કરવી.

૮૩. ગુજરાત યુનિવર્સિટીમાં વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધીના પત્રવ્યવહારથી અભ્યાસક્રમો શીખવવાની દરખાસ્તને મંજૂરી આપતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જાન્યુઆરી ૧૯૭૮ના પત્રાંક એફ. ૮-૧/૪૬ (આઈ.આર.)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને તે અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી. વધુમાં આ અંગેની ગ્રાન્ટ છઠ્ઠી યોજનાના અંત સુધી ચાલુ રાખવા યુજીસીને વિનંતી કરવી.

૮૪. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગેની નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી.

(૨) આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.

૮૫. કૉમ્પ્યુટર સાયન્સની સમિતિની તા. ૩-૮-૧૯૭૭ની સભાની ભલામણ અનુસાર પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ અંગેના નીચે મુજબના O. D.C.S. 1 અને O. D.C.S. 2 મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧-૧-૧૯૭૮ની સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Ord. DCS—1 :

(1) A candidate who has obtained minimum second class or its equivalent in any Bachelor's degree or Master's degree examination of a recognised university or a Diploma in any engineering disciplines of a recognised Board will be considered eligible for admission to the Diploma in Computer Science Course.

(2) Provided however, that the final selection will be based on the performance in an entrace test to be administered by the department to all the candidates seeking admission to the course.

Ord. DCS—2 :

No candidate shall be admitted to the semester examination unless he produces a certificate to the effect of—

(*a*) having completed the prescribed course and practicals assignments etc. to the satisfaction of the head of the department, and

(*b*) having shown minimum 75% attendance during the semester.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઓર્ડિ. ડી.સી.એસ. ૧ અને ઓર્ડિ. ડી.સી.એસ. ૨ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવા.

૮૬. યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી અન્વયે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી સ્વાયત્તતા માટે આવેલ અરજી (એ.કા.બા.ક. ૭૧).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" સદરહુ બાબતમાં સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ તથા અન્ય સંબંધકર્તા કાગળો જોઈતપાસીને નીચે મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું :

એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં, (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણવિદ્યાવિતરણ અને તાલીમની બાબતમાં, અને (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં, નીચે જણાવ્યા પ્રમાણેની શરતોનું પરિપાલન તા. ૩૦ મી એપ્રિલ ૧૯૭૮ સુધીમાં એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, ઇકોનોમિક્સ ઑફ કૉટન પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સ, ઇકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટ અને બિઝનેસ મૅનેજમેન્ટના વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ, શિક્ષણ અને પરીક્ષાની બાબતમાં, તા. ૧૫મી જૂન, ૧૯૭૮ થી તા. ૧૪મી જૂન, ૧૯૮૧ સુધીના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮બી હેઠળ એક એક વર્ષ આગળ વધે તે રીતે ઉત્તરોત્તર (progressively) જરૂરી સ્વાયત્તતા (Autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણ ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શિક્ષક—વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૫ નું રાખવામાં આવે અને આ માટે કેવળ પૂર્ણ સમયના શિક્ષકોની સંખ્યા લક્ષમાં લેવાની રહેશે;

૨. નીચે પ્રમાણે શિક્ષકગણ રાખવામાં આવે :

(ક) યુનિવર્સિટી અનુસ્નાતક વિદ્યાભવનોમાં વ્યાખ્યાતાની નિમણૂક માટે જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા વિભાગના વડા;

(ખ) કૉલેજ અથવા યુનિવર્સિટીનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો શૈક્ષણિક કે સંશોધનનો અનુભવ ધરાવતો ૫૦% શિક્ષકગણ; અને

(ગ) પીએચ.ડી. કે તેની સમકક્ષ પાત્રતા ધરાવતા શિક્ષકગણના ૧૦ % શિક્ષકો;

૩. પ્રત્યેક વર્ગમાં બધા જ વિષયો માટે વિદ્યાર્થીઓની ગુરુતમ સંખ્યા (૧) વ્યાખ્યાનો માટે ૭૫ની તથા (૨) ઍકેડેમિક તથા ટ્યુટોરિયલ્સ માટે ૧૫ની રાખવામાં આવે;

૪. વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૧૦ ચો. ફૂટ લેખે જરૂરી વર્ગખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલયને અદ્યતન કરવા માટે ઓછામાં ઓછા એક લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે;

૬. ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવી મોકળાશવાળા તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૫ % જેટલા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેવી સગવડવાળા વાચન ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૭. કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૦ % જેટલા વિદ્યાર્થીઓ અથવા કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ —એ બેમાંથી જે ઓછા હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૮. બે વર્ષના સમયના ગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦'×૮'ના માપની કેબિનો રાખવામાં આવે;

1.	Shri Shah N. C.	**Mathematics** Study of Quasi-Hyponormal Operators and operators of class(M)	Dr. I. H. Shah	(1) Dr. B.S.Yadav New Delhi (2) Dr.P.B.Ramanujan, S.P.Uni. Anand	(1) Prof. V. Istratescu W.Germany. (2) Prof. T. Saito, Japan (3) Prof. Takayaki Furutu Japan.
2.	Shri Vora C. R.	**Chemistry** " Organic Regents in Analytical Chemistry "	Dr. M. N. Desai Ahmedabad	(1) Dr.N.C.Sogani, Jaipur (2) Dr.R.N.Kapoor Delhi	(1) Dr. T. Fusakawa, Japan (2) Dr. Uneo Keihei, Japan. (3) Dr. G. H. Ayres, U.S.A.
3.	Shri Patwari B. S.	" Studies in New Analytical Reagents"	"	(1) Dr. D. N. Purohit, Udaipur (2) Dr.C.M.Gupta, Jaipur	(1) Dr. A. L. Steyermark, U.S.A. (2) Prof. Ray F. Wilson, U.S.A. (3) Dr. Shozo Shibatu, Japan.

1	2	3	4	5	6
4.	Shri G. T. Desai	" Studies on the preparation and application of inorganic materials as exchangers	Dr. D. R. Baxi, Bhavnagar	(1) Dr. S.L.Bafana, Baroda (2) Dr.T.S.Murthy, Bombay.	(1) Dr. A. Dyer, U.K. (2) Dr. M. Streat, U.K.
5.	Dr. J. M. Pandya	" Studies in Corrosion of Aluminium and its Alloys. "	Dr. J. D. Talati Pilvai(N. G.)	(1) Dr. N. Subramanyan Tamilnadu. (2) Dr.J.Sundararajan, Banglore	(1) Dr. J. C. Scully U.K. (2) Dr. Hector Garrete, Argentina
6.	Shri R. A. Vyas	" Investigation on Analytical regents."	Dr. Miss M. H. Gandhi, A'bad.	(1) Dr.C.M.Gupte, Jaipur (2) Dr.D.N.Purohit, Udaipur	(1) Dr. Frank J. Welcher, U.S.A. (2) Dr. Grancesco, Bermejo Martinez, Spain. (3) Dr. A. J. Barnard, U.S.A.
		Botany			
7.	Shri Mehta K. G.	" Role of Ascorbic Acid, Neutric Acid and Proteinsing Plantago (Plantago Ovatoforsk).	Dr. J. J. Chinoy, Ahmedabad	(1) Prof.R.N.Joshi Aurangabad (2) Dr. Rajendra K. Gupta, New Delhi	(1) Prof. R. G. Lincoln, California. (2) Prof. A. K. Khudairi, U.S.A.

8.	Shri K. N. Guruprasad.	" Biochemistry of some aspects of photomar Phogenesis	Dr. M. M. Laloraya Indore.	(1) Prof. V. S. Sitalamdas, Hyderabad (2) Prof.A.Gnanam, Madurai.	(1) Dr. K. Conrad E. Germany. (2) Prof. K. V. Thiman California.
9.	Kum. Megha B. M.	" Metabolic aspects growth & differentia-ation in Plants "	Dr. M.M.Laloraya, Indore	(1) Prof. S.P.Sen, Kalyani (WB) (2) Prof. C.P.Malik, Ludhiana.	(1) Dr. J. A. Bassham Calizdnia (2) Prof. Bruce Bstowe, U.S.A.
10.	Kum. Jasadanwala R. T.	" Biochemical and Physiological studies of COH on Plant."	Dr. J. J. Chinoy Ahmedabad	(1) Prof. V.B.Bhat-nagar Varanasi-5 (2) Prof. K. K. Nanda, Chandigarh	(1) Dr. C. A. Beasley U.S.A. (2) Prof. C. Peter Work, Michigan
11.	Shri Vaishanv P. P.	" Physiology of Dw-arfism in plants "	-do-	(1) Prof. A.R.Mehta, Baroda (2) Prof. S.B.Devid, Poona	(1) Prof. R. H. Glman, Urbana (2) Prof. Anwar A. Khan, U.S.A.
12.	Kum. Bhatt K. C.	" Biochemical Para-meters in Dwarfi-sm and productivity of plants,	-do-	(1) Prof. C. H. Pathak, Baroda (2) Prof. G.V.Joshi, Kolhapur	(1) Prof. J. Roy Quinby, Texas (2) Prof. Pageow Morgan, Texas.

Sr. No.	*Name of the Students*	*Subject*	*Guiding Teacher & Internal Referee*	*External Referee (India)*	*External Referee (Abroad)*
		Home Science			
1.	Kum. Gandhi A. H.	"બાળવાડીમાં બાળકોના આવેગાત્મક પ્રશ્નો"	Late Dr. Lilaben Shah, Ahmedabad-1	1. Dr. Mrs. Amitaben Verma, Baroda-2 2. Dr. P. T. Lakadawala, Bombay 3. Dr. Miss. M.C.Bhat Ahmedabad	
2.	Smt. Suman R. Bhatnagar	" Effectiveness of selected Audio-Visual Aids in Gain and Retention of Knowledge in Homemaking practices "	"ગ"	1. Dr. Chari, Baroda 2. Dr. D. V. Desai, Surat 3. Dr. Miss Vinaybala Mehta, Poona	
		લાઈબ્રેરી સાયન્સ			
3.	Shri Patel P. H.	પબ્લિક લાઈબ્રેરી સિસ્ટમ ફોર ધી ગુજરાત સ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ પ્લાન	Prof. M. R. Kumbhar	1. Dr. L. M. Padhya, Baroda. 2. Dr. P. B. Mangla, Delhi. 3. Dr. C. P. Shukla, Baroda. 4. Dr. D. B. Krishna, Madras.	

		Hindi			
4.	Shri Patel B. S.	અજ્ઞેય: એક અધ્યયન આધુનિકતા અંગે પ્રાશ્ચાત્ય પ્રભાવો કે વિશેષ સંદર્ભમેં	Dr. A. S. Nagar	1. Dr. R.D.Mishra, Delhi 2. Dr. Jagdis Sharma Jodhpur Uni. 3. Dr. M. G. Gupta, Baroda Uni. 4. Dr. Shivkumar Sharma Sardar Patel Uni.	
5.	Shri Chaudhari R. D.	કમ્પરેટિવ સ્ટડી ઑફ ધી વર્બલ રુલ્સ ઑફ હિન્દી ઍન્ડ ગુજરાતી	Under Ordi. 68	1. Dr. S. S. Sharma Jaipur 2. Dr. K.K.Shastri Ahmedabad. 3. Dr. Vdya nivas Misra (Varanasi) 4. Dr. Bholanath Tiwari Delhi Uni.	
6.	Smt. Sudha Shrivastav	" મહાદેવી કે કાવ્યમેં બિમ્બ વિધાન "	Dr. A. S. Nagar	1. Dr. Prabhat Bombay Uni. 2. Dr. Panankumar Misra (Vikram Uni.) 3. Urvashi Surati SNDT Uni. 4. Dr. Premshankar Sagar Uni.	
7.	Shri Pandya B. J.	" The Characteristics of Indo-Anglilian Fiction after In dependance "	Prof. K. R. an Chandrashekharan	1. Prof. Amriksingh, New Delhi. 2. Dr. S. K. Desai Kolahpur.	1. Prof. A. Ravenscroft (U.K.) 2. Prof. Wiliam Walsh (U.K.)

Gujarat University Press, Ahmedabad-380 009.

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ફેબ્રુઆરી માસની સભા, શનિવાર, તા. ૨૫-૨-૧૯૭૮ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખ-સ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૨-૧૯૭૮
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	ગેરહાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

સભાનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તે પહેલાં પ્રમુખસ્થાનેથી નીચેના બે શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા :

(૧) "ગુજરાત યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય, સમાજવિદ્યા ભવનના આદ્ય અધ્યક્ષ અને અર્થશાસ્ત્રના ભૂતપૂર્વ પ્રાધ્યાપક અને જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. બી. આર. શેનોયના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણ અને સંશોધનનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને શ્રદ્ધાંજલિ અર્પે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને તબીબી વિદ્યાશાખાના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. મોતીભાઈ ડી. પટેલના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. આ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રી તરીકે પણ એમણે સેવાઓ બજાવી હતી તેનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને સદ્‌ગતે શિક્ષણ અને તબીબી ક્ષેત્રોમાં બજાવેલી સેવાઓને શ્રદ્ધાંજલિ અર્પે છે."

વધુમાં ઉપરના બેઉ ઠરાવોની નકલ સદ્‌ગતોના કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા કુલપતિશ્રીને વિનંતી કરે છે.

તે પછી કામકાજની યાદી ઉપરની બાબતો હાથ ધરવામાં આવી.

૧. તા. ૨૧-૧-૧૯૭૮ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૧-૧-૧૯૭૮ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને નીચેના બે સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

(૧) બાબત નં. ૯૮ અંગેની નોંધને અંતે નીચેના શબ્દો ઉમેરવા :

"તે પછી કેટલાક સભ્યોની વિનંતી ઉપરથી કુલપતિશ્રીએ એકિઝકયુટિવ કાઉન્સિલની એક વિશેષ સભા સોમવાર, તા. ૨૩-૧-૧૯૭૮ના રોજ બોલાવવા માટે સંમતિ આપી હતી."

(૨) યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલમાં પાના ૧૧૭ પર 'નીચે મુજબ સુધારવામાં આવ્યા' એ શબ્દો કમી કરવા. તેને બદલે 'અંગેનો રાજ્યસરકારનો ઠરાવ સ્વીકારવામાં આવ્યો' એ શબ્દો ઉમેરવા.

૨. માર્ચ-એપ્રિલ ૧૯૭૮માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણો અને તે પર એકેડેમિક કાઉન્સિલે કરેલાં સૂચનો(જો હોય તો)ને અનુલક્ષીને પ્રાશ્નિકો-પરીક્ષકો-મોડરેટરોની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૮માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો, પરીક્ષકો, મોડરેટરો ઇત્યાદિની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણો ઉપર એકેડેમિક કાઉન્સિલના ઠરાવને અનુલક્ષીને જરૂરી ચર્ચાવિચારણા કરીને

પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી અને તે સમિતિની ભલામણો આવ્યેથી આ સભાગૃહ વતી જરૂરી નિમણૂંકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય ડી. ડી. દેસાઈ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. ડૉ. એમ. એન. દેસાઈ
૫. આચાર્ય કે. એન. શાહ
૬. ડૉ. પી. પી. મહેતા
૭. આચાર્ય બી. એમ. પીરજાદા
૮. આચાર્ય એમ. સી. શાહ
૯. આચાર્ય એચ. પી. પંડ્યા
૧૦. પ્રો. આર. એમ. શાહ
૧૧. શ્રી. આર. વી. પટેલ
૧૨. શ્રી. નરહરિ એમ. પરીખ

૩. માર્ચ-એપ્રિલ ૧૯૭૮માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પરીક્ષા સમિતિ કે એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યો હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨ (૧૩) (૩) અન્વયે પ્રાધ્યાપકો-પરીક્ષકો તરીકે સૂચવ્યા હોવાથી તેમની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જે તે પરીક્ષા સમિતિઓની ભલામણો મંજૂર કરવી.

૪. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ.એમ. આર્ટ્સ કોલેજ, મોડાસા તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮ (બી) (૧) અન્વયે સ્વાયત્તતા મેળવવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રો. એ. આર. દેસાઈ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
૨. ડૉ. પી. જે. માદન, એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડા
૩. ડૉ. આર. ડી. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટી.

૫. સર પી. ટી. સાયન્સ કોલેજ, મોડાસા તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮ (બી) (૧) અન્વયે સ્વાયત્તતા મેળવવા આવેલ અરજી પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રો. એ. આર. દેસાઈ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
૨. ડૉ. પી. જે. માદન, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા
૩. ડૉ. આર. ડી. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટી.

૬. શ્રી. હીરાલાલ શિવલાલ શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮ (બી) (૧) અન્વયે સ્વાયત્તતા મેળવવા આવેલ અરજી પર તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રો. એ. આર. દેસાઈ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
૨. ડૉ. પી. જે. માદન, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા
૩. ડૉ. આર. ડી. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટી.

૭. યુનિવર્સિટીમાં કાર્યાલય નિયામકની જગ્યા પૂરવા માટે વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી વરણી સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય કે. એન. શાહ
૪. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ
૫. કુલસચિવશ્રી

વધુમાં ઠરાવવામાં આવે છે કે ટીચિંગ જગ્યાઓ માટે ચાર્જ ઍલાવન્સનો સવાલ તપાસી રજૂ કરવો.

૮. શારીરિક ખાંડખાંપણ ધરાવનારને જુદી જુદી સંસ્થા-કારખાનાંઓમાં નોકરી અપાવવા તેમ જ યાંત્રિક તાલીમ સંસ્થાઓમાં પ્રવેશ અપાવવા જરૂરી સહાય કરવા ભારત સરકારના શ્રમ મંત્રાલયે સ્થાપેલ "વોકેશનલ રીહેબિલિટેશન સેન્ટર"ને નિષ્ણાત માર્ગદર્શન મળી રહે તે માટે સરકારે નીમેલ "એડવાઇઝરી બોર્ડ" પર યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા વિનંતી કરતા ભારત સરકારના શ્રમ મંત્રાલયના તા. ૨૬-૧-૧૯૭૮ના પત્રાંક વીઆરસી-એડી બોર્ડ-૧૧૦ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. બિહારીલાલ કનૈયાલાલને નીમવા ભારત સરકારને જણાવવું.

૯. રામાનંદ સરસ્વતી ટી. બી. ક્લિનિક ઍન્ડ જનરલ હૉસ્પિટલ, વિજાપુરને ઑર્ડિ. એમ.બી.,બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨-૧૦-૧૯૭૭ની સભામાં નીમેલ સ્થાનિક તપાસસમિતિએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Considering all the points I recommend this hospital for rotating Housemanship for two students from this year."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી.

૧૦. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટીઓના તથા સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણ અંગેના રાજ્ય સરકારના તા. ૨૩-૧૨-૧૯૭૬ના સરકારી ઠરાવ પરથી ઊભા થતા પ્રશ્નો અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭-૨-૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિની તા. ૩૦-૮-૧૯૭૭ની સભાની ભલામણના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧-૧-૧૯૭૮ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત : [એ.કા. બાબત ક્રમાંક ૨૮ (ખ) (૩)]

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના આર્થિક પ્રશ્નો (ગ્રાન્ટ સહિતના) અંગે રાજ્ય સરકાર પાસે જરૂર પ્રમાણે વખતોવખત રજૂઆત કરવા માટે એક સ્થાયી સમિતિ રચવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને તે સમિતિ રચાયેથી સદરહુ બાબત તે સમિતિની વિચારણા માટે મોકલવી."

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટીના તથા સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોના અમલથી ઊભા થતા પ્રશ્નો તથા કૉલેજોની ગ્રાન્ટ અંગે ઊભા થતા પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સમક્ષ અવારનવાર રજૂઆત કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાયી સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી, અધ્યક્ષ
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય કે. એન. શાહ
૪. આચાર્ય એસ. આર. ભટ્ટ
૫. આચાર્ય બી. એમ. પીરજાદા
૬. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૧૧. માર્ચ ૧૭ થી ૧૯, ૧૯૭૮ના સમય દરમ્યાન "ધી ઇન્ડિયન સોસાયટી ઑફ ઇન્ટરનેશનલ લૉ"નું ૧૪મું વાર્ષિક અધિવેશન ન્યૂ દિલ્હી મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટી પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રાખેતા મુજબની શરતોએ શ્રી. એસ. પી. તેરેદેસાઈને મોકલવા.

૧૨. યુનિવર્સિટીના ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં રીડરની નિમણૂકના સંદર્ભમાં ડૉ. આનંદ જી. શાહે ગુજરાત હાઈ કોર્ટમાં કરેલી રિટ-અરજી નામદાર કોર્ટે આ અરજી કાઢી નાખ્યાના તા. ૨૮-૭-૧૯૭૭ના ચુકાદાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩. ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ મંડળને ક્વાર્ટર્સમાંના રહીશોનાં બાળકો તથા યુવકોને માટે રમતગમતનાં સાધનો વસાવવા માટે આર્થિક સહાય આપવા અંગે મંત્રીશ્રીના તા. ૬-૨-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહને જાણ કરવામાં આવી કે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને સદરહુ બાબત અંગે રૂ. ૧૦૦ની આર્થિક સહાય કુલપતિશ્રીએ મંજૂર કરી છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૪. નિવૃત્ત શિક્ષકોની સેવાઓ લેવા અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના નિવૃત્ત શિક્ષક ડૉ. પી. ડી. પાઠકની પસંદગી કર્યાનું જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૦-૧-૧૯૭૮ના પત્રાંક એફ.૯-૧૪-આર ટી-૭૮ (ઈઆર)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૫. નિવૃત્ત શિક્ષકોની સેવાઓ લેવા અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના વાણિજ્ય વિભાગના નિવૃત્ત શિક્ષક ડૉ. એચ. એલ. ધોળકિયાની પસંદગી કર્યાનું જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૦-૧-૧૯૭૮ના પત્રાંક એફ. ૯-૨૬-આરટી-૭૮ (ઇઆર) ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી,

૧૬. સને ૧૯૭૭-૭૮ (એપ્રિલ ૧૯૭૭ થી માર્ચ ૧૯૭૮)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે બા. ૧૧૭ મુજબ નક્કી કરવા બાબત.

નોંધ.—સને ૧૯૭૬-૭૭ના વર્ષ માટે નીચે પ્રમાણે વ્યાજ ચૂકવવામાં આવેલ છે :

(૧) રૂ. ૨૫,૦૦૦ની નીચેની રકમ ઉપર ૭.૫ ટકા લેખે

(૨) રૂ. ૨૫,૦૦૦ની ઉપરની રકમ ઉપર ૭ ટકા લેખે

(૩) પહેલા છ માસની રકમ ઉપર આથી અડધા દરે વ્યાજ આપવું.

સને ૧૯૭૭-૭૮ના વર્ષ માટે ગુજરાત રાજ્ય સરકારે નીચે મુજબના દરે વ્યાજ આપવાનું નક્કી કરેલ છે :

(૧) તા. ૧-૪-૧૯૭૭ની બીઘડતી બાકી ... રૂ. ૨૫,૦૦૦ની રકમ સુધી ૮ ટકા
તથા નવી ડિપોઝિટ ઉપર

(૨) ,, ... રૂ. ૨૫,૦૦૦ની ઉપરની રકમ ૭.૫ ટકા

(૩) પહેલા છ માસની રકમ ઉપર આથી અડધા દરે વ્યાજ આપવું.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૭-૭૮ (તા. ૧-૪-૧૯૭૭થી તા. ૩૧-૩-૧૯૭૮)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં જમા થયેલી રકમો ઉપર નીચે મુજબના ધોરણે વ્યાજ આપવું :

(૧) રૂ. ૨૫,૦૦૦ની નીચેની રકમ ઉપર ૮ ટકા લેખે.

(૨) રૂ. ૨૫,૦૦૦ની ઉપરની રકમ ઉપર ૭.૫ ટકા લેખે.

(૩) પહેલા છ માસ સુધીમાં એકઠી થયેલી રકમ ઉપર આથી અડધા દરે વ્યાજ આપવું.
(૪) કર્મચારીઓને આપેલી લોન ઉપર પણ ઉપર પ્રમાણે વ્યાજ લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ માહિતી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવી.

૧૭. યુનિવર્સિટીનાં ફાજલ નાણાંનું ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકાણ કરવા તથા બૅંક એકાઉન્ટ ખોલવા સ્ટેટ બૅંક ઑફ સૌરાષ્ટ્રના તા. ૩૦-૧-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બૅંકને યુનિવર્સિટીનાં ફાજલ નાણાંના રોકાણ માટે માન્ય કરવાની તેની વિનંતી મંજૂર કરવી નહીં.

૧૮. એક્ઝિકયુટિવ કાઉન્સિલના અગિયાર સભ્યો તરફથી નીચેની બાબતને કામકાજની યાદીમાં સામેલ કરવા આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત :

The age of retirement of Teachers working in affiliated colleges and Recognised Institutions shall be sixty years, provided that a teacher may, in case the management of the College or the Institution so desires, be continued up to 65 years of age if the Management is satisfied regarding his Physical and mental fitness, provided that the extension beyond sixty years shall be given for not more than five years.

સદરહુ બાબતના સંદર્ભમાં રાજ્યસરકારનો તા. ૧૫-૨-૧૯૭૮નો પત્ર તથા આચાર્ય ય. પ્રા. શુકલને રાજ્યસરકારે લખેલા તેમના તા. ૮-૨-૧૯૭૮ના પત્ર નં. એમ.આઈ.એલ –૧૦૭૭–૮૫૫૨૬-ખની નકલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

રાજ્ય સરકારના સદરહુ પત્ર તથા આચાર્ય ય. પ્રા. શુકલે લખેલા ગ્રાન્ટેબલ એક્સ્ટેન્શન અંગેના સદરહુ પત્રની નોંધ લેવી અને તેના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકાર પાસેથી ગ્રાન્ટ સાથે કે ગ્રાન્ટ વિના ૬૦ વર્ષ ઉપર એક્સ્ટેન્શન આપી શકાય કે કેમ અને આપી શકાય તો કયાં સુધી આપી શકાય તે બાબતમાં જરૂરી સ્પષ્ટતા કુલપતિશ્રી મેળવે તે પછી સદરહુ બાબત એક્ઝિકયુટિવ કાઉન્સિલની આગામી સભા સમક્ષ પુનઃ રજૂ કરવામાં આવે.

૧૯. ૧૯૭૮–૭૯ના વર્ષમાં નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ, નવી દિલ્હીના આશ્રયે યોજાનાર ૧૦ દિવસના ઓરિયેન્ટેશન કોર્સ ઇન એજ્યુકેશનલ ટેલિવિઝન ફોર ટીચર એજ્યુકેટર્સમાં ભાગ લેવા માટે અભિમતાને ધોરણે એજ્યુકેશન કૉલેજોના પાંચ શિક્ષકોનાં નામો માગતા એન.સી.ઈ.આર.ટી.ના તા ૨૧–૧-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશિક્ષણના કાર્યક્રમમાં આ યુનિવર્સિટી તરફથી નીચેના પાંચ આચાર્યોનાં નામ ક્રમાનુવર્તી ધોરણે સૂચવવાં :

૧. આચાર્ય ઉપેન્દ્રભાઈ પાઠક
૨. આચાર્ય દાઉદભાઈ ઘાંચી
૩. આચાર્ય હર્ષદભાઈ પંડિત
૪. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
૫. આચાર્ય ભગવતપ્રસાદ ચૌહાણ.

૨૦. શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે ૩ ટકા જગ્યાઓ અનામત રાખવા સૂચન કરતા ભારત સરકારના શિક્ષણ તથા સમાજ કલ્યાણ મંત્રી ડૉ. પ્રતાપચંદ્ર ચુંદરના તા. ૨૩-૮-૧૯૭૭ના ડી.ઓ. પત્રાંક એફ. ૧૨-૬૨-૭૭ તેમ જ એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રી વાય. પી. શુકલના તા. ૨૮-૧૦-૧૯૭૭ના પત્રાંક ૯૯૮ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓ માટે, પ્રવેશ અંગે નિયત કરવામાં આવેલી ઓછામાં ઓછા ધોરણને આધીન ૩ ટકા જગ્યાઓ ૧૫ જૂન ૧૯૭૮થી અનામત રાખવા સંલગ્ન કૉલેજો અને વિદ્યાભવનોને જણાવવું.

૨૧. સને ૧૯૭૬-૭૭ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી "અનએસાઈન્ડ ગ્રાન્ટ" માટે કુલ રૂ. ૨૫,૨૦૦ની આર્થિક સહાય મંજૂર કરી હતી તે સામે નીચે કૉલમ નંબર ૪માં જણાવ્યા પ્રમાણે પુનર્નિર્મિત અંદાજી ખર્ચ મંજૂર કરવા તેમ જ ચાલુ વર્ષ ૧૯૭૭-૭૮ માટે તેમના તા. ૨૫-૧૦-૧૯૭૬ના પત્ર ક્રમાંક એફ. ૧૮-૧-૧૯૭૬ પ્રમાણે કુલ રૂ. ૩૭,૬૦૦ મંજૂર કર્યા તેની સામે ચાલુ નાણાકીય વર્ષના નીચે જણાવ્યા પ્રમાણેના (કૉલમ નંબર પાંચ) મુજબ અંદાજી અર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—અગાઉ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૧-૬-૧૯૭૭ના પત્રાંક એફ. ૧૮-૧-૭૬ (ડી-૪એ) પ્રમાણે નીચે જણાવેલ સાત યોજનાઓ માટે કુલ રૂ. ૩૦,૦૦૦ મંજૂર કર્યા હતા જે હવે તેમના તા. ૨૫-૧૦-૧૯૭૭ના પત્રથી કુલ રૂ. ૩૭,૬૦૦ મંજૂર કર્યા છે.]

Sr. No.	*Scheme*	*Estimate for 1976-77*	*Actual for 1976-77*	*Proposed estimate for 1977-78*	*Rate of UGC's Share*
1	2	3	4	5	6
1.	Travel grant to teachers in Universities for attending International conference abroad.	Nil	Nil	Nil	50%
2.	Travel grant to teachers (A) Research Scholars / Technicians or Visiting centres of Research *OR*	1249-60	1249-40	5000-00	100%
	(B) To attend academic conferences / Seminars within India.	13117-33	13117-33	14600-00	100%

1	2	3	4	5	6
3.	Exchange of Teachers	1434-00	1434-00	4000-00	100%
4.	Extension work by Uni. teachers	3899-25	3899-25	6000-00	100%
5.	Computer assistance buying the time of the computer	5099-82	5099-82	7000-00	100%
6.	Preparation and development of teaching Materials and aid	Nil	Nil	1000-00	100%
7.	Establishment of college Development Council to provide for a co-ordinated development of affiliated colleges.	Nil	Nil	Nil	100%
	Total ...	25200-00	25200-00	37,600-00	

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબ અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૨૨. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામો સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે રૂલ. ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	રૂલ. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માગણી કરી છે ?
૧.	શ્રી. એન. ડી. ચૌધરી, પટાવાળા, પરીક્ષા વિભાગ	૫,૫૦૦	હા	વતનમાં મકાનમરામત કરાવવા અંગે
૨.	શ્રી. રાજારામ આર. જાદવ, ચોકીદાર, એસ્ટેટ વિભાગ	૩,૫૦૦	ના	,,
૩.	શ્રી. એમ. આર. જાદવ, પટાવાળા, વિજ્ઞાન વિદ્યાભવન	૬,૫૦૦	હા	સોસાયટીમાં મકાન બંધાવવા માટે
૪.	શ્રી. કે. ટી. ચાંલ્લાવાળા, સીનિયર કલાર્ક	૮,૫૦૦	ના	મકાનમાં સુધારાવધારા કરાવવા અંગે
૫.	શ્રી. એમ. કે. રાઠોડ, પટાવાળા, વિજ્ઞાન વિદ્યાભવન	૩,૫૦૦		જૂનું મકાનમરામત કરાવવા અંગે

નોંધ.—(૧) શ્રી એન. ડી. ચૌધરી ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૫,૫૦૦-૦૦ (રૂ. ૫,૭૩૪-૧૯) જમા છે તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ. ૨,૫૮૨-૦૦

તથા પ્રૉવિડંટ ફંડ લેાનના રૂ. ૧,૩૦૦ તથા તે પર વ્યાજ થાય તે કાપવાનું રહેશે.

(૨) શ્રી. આર. આર. જાદવ ખાતે તા. ૩૧–૩–૧૯૭૮ સુધી રૂ. ૩,૫૦૦ (રૂ. ૩,૭૮૨–૬૪) જમા છે તેમાંથી તેઓની પ્રૉવિડંટ ફંડ લેાનના રૂ. ૮૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૩) શ્રી. એમ. આર. જાદવ ખાતે તા. ૩૧–૩–૧૯૭૭ સુધી રૂ. ૬,૫૦૦ (રૂ. ૬૯૮૪–૩૧ પૈસા) જમા છે તેમાંથી તેઓના બિલ્ડિંગ લેાનના રૂ. ૧,૩૭૨ તથા પ્રૉવિડંટ ફંડ લેાનના રૂ. ૨૫૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૪) શ્રી. કે. ટી. ચાંલ્લાવાળા ખાતે રૂ. ૩૧–૩–૧૯૭૭ સુધી રૂ. ૮,૫૦૦ (રૂ. ૮,૯૩૧–૫૨ પૈસા) જમા છે તેમાંથી તેઓના પ્રૉવિડંટ ફંડ લેાનના રૂ. ૩,૩૨૫ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૫) શ્રી. એમ. કે. રાઠોડ ખાતે તા. ૩૧–૩–૧૯૭૭ સુધી રૂ. ૩,૫૦૦ (રૂ. ૩૯૭૯–૪૯ પૈસા) જમા છે તેમાંથી તેઓના પ્રૉવિડંટ ફંડ લેાનના રૂ. ૬૩૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૨. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧–૧–૧૯૭૬ની સભામાં બીજી વાર લેાન આપવા અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

> વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮(૨) હેઠળ પેાતાના પ્રૉવિડંટ ફંડમાંથી કેાઈ પણ કર્મચારીએ એક વાર લેાન લીધા પછી ફરીથી લેાન લેવાનેા પ્રસંગ તેના માટે ઊભેા થાય તેા તે બાબત અંગે કેાઈ ચેાક્કસ ધારાધેારણેા ઘડવાના બદલે પ્રત્યેક કેસ તેના ગુણદેાષ ઉપર વિચારવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ હેતુ માટે તેમના નામ સામે જણાવેલ રકમની લેાન યુનિવર્સિટીનાં ધારાધેારણેા મુજબ મંજૂર કરવી.

૨૩. ગેસ્ટ હાઉસ ફર્નિચર ખાતે ચાલુ વર્ષમાં રૂ. ૫૦૦૦ની વધુ બજેટ-જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૩,૦૦૦ની બજેટ-જોગવાઈ છે વધુ ૫૦૦૦ની બજેટ-જોગવાઈ કરવી કુલ જોગવાઈ રૂ. ૮,૦૦૦ની થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૭–૭૮ના વર્ષમાં ગેસ્ટ હાઉસ ફર્નિચર ખાતે રૂ. ૫,૦૦૦- (રૂપિયા પાંચ હજાર)ના ખર્ચની વધારાની જોગવાઈ કરવી,

૨૪. શ્રી. શરદ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ :

"યુનિવર્સિટીના ત્રીજા અને ચોથા વર્ગના બિનશિક્ષક કર્મચારીઓને નવાં પગારધોરણોમાં થયેલા અન્યાયો અને થયેલ વિપરીત અસર દૂર કરવાના હેતુથી નીચેનાં સમાધાનકારી પગાર-ધોરણો રાજ્ય સરકારની મંજૂરીની અપેક્ષાએ આ સભા સ્વીકારે છે અને તેનો અમલ કરવાનું ઠરાવે છે :

૧. પટાવાળા અને સમકક્ષ	૩. ૨૦૦-૩-૨૧૫-૧-૨૪૦ ઈ.બી. ૭-૨૯૬
૨. પ્યૂન કમ-એટેન્ડન્ટ	૩. ૨૧૫-૪-૨૨૭-૬-૨૯૯ ઈ.બી. ૭-૩૪૧
૩. નાયક, ડુપ્લિકેટિંગ મશીનમેન, હેડમાળી	૩. ૨૪૦-૪-૨૫૨-૬-૩૦૦ ઈ.બી. ૭-૩૭૦
૪. હવાલદાર, હેડ સ્વીપર	૩. ૨૧૦-૪-૨૬૨-૬-૩૧૦-ઈ.બી. ૧૦-૪૦૦
૫. જમાદાર	૩. ૨૬૮-૬-૩૨૬-૮-૩૫૦ ઈ.બી. ૮-૩૯૦-૧૦-૪૩૦
૬. પ્યૂન કમ-એટેન્ડન્ટ (ગ્રંથાલય)	૩. ૨૬૦-૬-૩૦૮-ઈ.બી. ૨૨૬-૮-૩૫૦
૭. પ્લમ્બર, ડ્રાયવર	૩. ૩૫૦-૧૨-૪૧૦ ઈ.બી. ૪૭૦-૧૫-૫૬૦
૮. જુ. ક્લાર્ક અને સમકક્ષ	૩. ૨૮૫-૫-૩૦૦-૧૦-૪૦૦ ઈ.બી. ૧૫-૫૫૦-૨૦-૬૩૦
૯. લેબો. આસિ., હર. આસિ.	૩. ૪૦૦-૧૫-૫૬૦-૨૦-૬૦૦ ઈ.બી. ૨૦-૭૦૦
૧૦. સી. ક્લાર્ક અને સમકક્ષ	૩. ૩૫૦-૧૦-૪૦૦ ઈ.બી. ૧૫-૫૫૦-૨૦-૭૧૦
૧૧. હેડક્લાર્ક અને સમકક્ષ	૩. ૫૦૦-૨૫-૬૫૦ ઈ.બી. ૨૫-૭૫૦-૩૦-૯૦૦
૧૨. કાર્યાલયનિયામક અને સમકક્ષ	૩. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૮૦-૪૦-૧૦૮૦ ઈ.બી. ૪૦-૧૨૦૦

વધુમાં વર્ષોથી પરીક્ષાનું વધારાનું કામ કરવા માટે જે જે કર્મચારીઓને ૧૦ ટકા અને ૧૨॥ ટકા ભથ્થું (માસિક) યુનિવર્સિટી આપતી હતી તે ધીમે ધીમે સ્ટેગર્ડ કરી બંધ કરવાનો નિર્ણય લેવાયેલ છે. તે અગાઉની માફક રાખેતા મુજબ ચાલુ રાખવાનું આ સભા કરાવે છે."

સદરહુ પ્રસ્તાવો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણો સુધારવાની બાબતમાં સ્ટાફ અંગેની સ્થાયી સમિતિએ તેની તા. ૨૨-૨-૧૯૭૮ની સભામાં કરેલી ભલામણને અનુલક્ષીને તે સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષાની મોસમોમાં જે બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વધુ એક કલાક માટે રોકવામાં આવતા હતા તેમને ૧૦ ટકા (પટાવાળાઓ તથા હેડ ક્લાર્ક સુધીના કર્મચારીઓ માટે) અને ૧૨½ ટકા (ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ તથા ઊંચી કક્ષાના કર્મચારીઓ માટે) વધુ કામ ભથ્થા તરીકે આપવા માટે મંજૂરી આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૨૫. એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યશ્રી શરદ પટેલના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧ :

"આર્થિક રીતે નબળા યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓને રહેવા આપેલાં યુનિવર્સિટીનાં રહેઠાણોનું ભાડું વધુમાં વધુ ૨૫થી વધુ લેવું નહીં તેવો નિર્ણય આ સભાએ અગાઉ સંપૂર્ણ ચર્ચાવિચારણાને અંતે કરેલો હોવા છતાં, સદર બાબત આ સભા સમક્ષ પુનઃ લાવ્યા વિના, આ કર્મચારીઓના રહેઠાણનું ભાડું તે રકમથી પણ વધુ લેવાનું કાર્યાલયે શરૂ કરેલ છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને અગાઉના આ સભાના નિર્ણયને વળગી રહેવાનું ઠરાવે છે."

પ્રસ્તાવ ૨ :

"આર્થિક રીતે નબળા યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ તેમના પગારધોરણના સીલિંગે પહોંચી જાય તો તેમને ૨ વર્ષે એક વધારાનો ઇન્ક્રીમેન્ટ અને વધુમાં વધુ ૩ ઇન્ક્રીમેન્ટ આપવાનો નિર્ણય અગાઉ આ સભાએ સંપૂર્ણ ચર્ચાવિચારણાને અંતે લીધો હોવાં છતા, સદર બાબત આ સભા સમક્ષ પુનઃ વિચારણા માટે લાવ્યા વિના, આજે પણ એવા ઘણા કર્મચારીઓ છે કે જેઓ સીલિંગે પહોંચી ગયા છે, તેમને આ સભાના ઉપરોક્ત ઠરાવ, કે જે અમલમાં હોવા છતાં તેનો લાભ કાર્યાલય તરફથી આપવામાં આવતો નથી તેની આ સભા સખેદ નોંધ લે છે અને અગાઉના આ સભાના નિર્ણયને વળગી રહેવાનું અને તેનો અમલ કરવાનું ઠરાવે છે."

પ્રસ્તાવ ૩ :

"યુનિવર્સિટીમાં જુ. કલાર્ક અને સ્ટોરકીપર, હેડકલાર્ક, ટે. આસિસ્ટંટ અને આસિ. એકાઉન્ટન્ટ, કાર્યાલય નિયામક અને રે. એકાઉન્ટન્ટની કેડરો ઉપર કામ કરતા કર્મચારીઓના પગાર છેક યુનિવર્સિટીની સ્થાપના કાળથી સમકક્ષ રહેલા છે, અને જ્યારે જ્યારે સુધાર્યા ત્યારે ત્યારે પણ સરખા જ રાખેલા છે, તે યુનિવર્સિટી સારી રીતે જાણતી હોવા છતાં દેસાઇ પંચના જી.આર.નો સ્વીકાર આ સભાએ કર્યો તે વખતે સદર વિસંગતતા આ સભાએ સુધારી લેવાની જરૂર હતી. જે રહી જવા પામેલ હોઇ, જુ. કલાર્કને, સ્ટોરકીપરને આપવામાં આવેલ ટે. આસિ. તથા હેડકલાર્કની આસિ. એકાઉન્ટન્ટને આપવામાં આવેલ તથા કાર્યાલય નિયામક ને રે. એકાઉન્ટન્ટને આપવામાં આવેલ પગારધોરણ ૧-૧-૧૯૭૩થી આપવાનું આ સભા સ્વીકારે છે અને આ જ કેડરોના કર્મચારીઓને થયેલ અન્યાય દૂર કરવાનું આ સભા ઠરાવે છે."

પ્રસ્તાવ ૪ :

"શિક્ષકોને પરીક્ષાનાં પેપરો જોવાનું કામ તેમની ફરજનો એક ભાગ છે તેમ ગણી, પેપરો જોવાનું તેમને વર્ષોથી અપાતું મહેનતાણું આ સભાએ બંધ કરેલું, જે પુનઃ ચાલુ કરવાનો નિર્ણય આ સભાએ લીધો છે.

યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, કાર્યાલયના કર્મચારીઓને યુનિવર્સિટીની સ્થાપના કાળથી પરીક્ષાની મોસમમાં ૧ કલાક વધુ કામ સામે ૧ બેઝિક પગાર પરીક્ષા ભથ્થા તરીકે, કે જે પાછળથી બેઝિક પગારના ૧૦ ટકા તરીકે કન્વર્ટ કરવામાં આવેલ અને તે ધીમે ધીમે સ્ટેગ્નેટ કરી

College Lecturers :

(*a*) A consistently good academic record with at least 1st or high second class (B in the seven point scale) at the Master's degree in a relevant subject or an equivalent degree of a foreign university; and

(*b*) An M.Phil. degree or a recognised degree beyond the Master's level or published work indicating the capacity of a candidate for independent research work.

Provided that if the Selection Committee is of the view that the research work of a candidate as evident either from his thesis or from his published work is of a very high standard, it may relax any of the prescribed qualifications prescribed in (*a*) above.

Provided further that if a candidate possessing the qualification as at (*b*) above is not available or not considered suitable the college, on the rcommendation of the Selection Committee may appoint a person possessing a consistently good academic record on the condition that he will have to obtain an M.Phil. degree or a recognised degree beyond the Master's level within five years of his appointment, failing which he will not be able to earn future increments till he obtains that degree or gives evidence of equivalent published work of high standard.

પરિશિષ્ટ "ગ/૧"
કામકાજ ક્રમાંક ૬૫

O. 65-K(B):

Teachers to be recognised for the M.D.S. Degree must have—

(*a*) Post-graduate qualification in the subject and 5 years' experience of teaching in the subject to the undergtraduate classes as a Professor, Assistant Professor or equivalent post in a recognised Dental or Medical College and

(*b*) Published at least one research paper in a recognised journal :

Notwithstanding anything contained above, those teachers who have already been recognised as post-graduate teachers on or before 14th June, 1973 shall continue to be recognised as Post-graduate teachers in their respective subject for a period of 5 years during which period such teachers shall be required as a condition for further renewal of their recognition to have published at least one research paper of recognised merit in the subject in which recognition is sought provided that such published research work is other than the thesis dissertation submitted by the teacher concerned for his post-graduate degree.

Note.—In order to confirm the research paper is published in a recognised journal or not, the matter should be referred to the referee.

પરિશિષ્ટ "ગ/૨"
કામકાજ ક્રમાંક ૬૬

સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક–બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો ઇત્યાદિ અંગે ઊભા થતા પ્રશ્નોના સંદર્ભમાં વિચારણા કરી અહેવાલ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તારીખ ૮-૧-૧૯૭૭ની સભામાં નીમેલી સ્થાયી સમિતિની એક સભા ગુજરાત યુનિ. કાર્યાલયમાં તા. ૧૩-૨-૧૯૭૮ના રોજ બપોરના 3-30 કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ	હાજર
૨. પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩. પ્રા. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૪. શ્રી. શરદ પટેલ	હાજર
૫. આચાર્યશ્રી એચ. પી. પંડ્યા	ગેરહાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન પ્રા. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. મહુધા આર્ટ્સ–કૉમર્સ કૉલેજ, મહુધામાંથી ખંડ-સમયના હિન્દીના વ્યાખ્યાતા શ્રી. આર. એમ. ઉપાધ્યાયને છૂટા કર્યાની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મહુધાના હિન્દીના ખંડ-સમયના વ્યાખ્યાતા શ્રી. આર. એમ. ઉપાધ્યાયને છૂટા કરવાનું પગલું યુનિવર્સિટી ધારાધોરણ સાથે સુસંગત નથી તેથી તેઓની સેવાનું સાતત્ય જળવાઈ રહે તે રીતે ચાલુ રાખવા અને તે અંગે મળતા લાભો જેવા કે ઈન્ક્રીમેન્ટ, અન્ય ભથ્થાં વિગેરે આપવા કૉલેજને તાકીદ કરવી અને તેમ કર્યાની યુનિ. કાર્યાલયને જાણ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨. આર્ટ્સ—કૉમર્સ કૉલેજ, હિંમતનગરના કૉમર્સના વ્યાખ્યાતા શ્રી. કે. એસ. પંડ્યાને છૂટા કરવા અંગે તેમ જ લેણી નીકળતી રકમ ઇત્યાદિ અંગે આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. કે. એસ. પંડ્યાને છૂટા કર્યા તે દરમિયાનની તેમની લેણી નીકળતી રકમ તેમને ચૂકવવા તથા તેની યુનિવર્સિટીને જાણ કરવા કૉલેજને તાકીદ કરવી તથા વધુમાં જણાવવું કે કૉલેજ તરફથી તેમની નીકળતી લેણી રકમની ચુકવણી તાકીદે કરવામાં નહીં આવે તો આગળ જરૂરી પગલાં લેવાની યુનિવર્સિટીને ફરજ પડશે.

૩. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદના અર્થશાસ્ત્રનાં વ્યાખ્યાતા શ્રીમતી એસ. જે. સોનીની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદના અર્થશાસ્ત્રનાં વ્યાખ્યાતા શ્રીમતી એસ. જે. સોનીને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર વેકેશન પગારની ચુકવણી તાત્કાલિક કરી તેની જાણ યુનિવર્સિટીને કરવા માટે કૉલેજને તાકીદ કરવી તથા તેમને વેકેશન પગારની ચુકવણી નહીં કરવામાં આવે તો આગળ જરૂરી પગલાં લેવાની યુનિવર્સિટીને ફરજ પડશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. ૬. ત્રિવેદી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૭૩

2. Norms for affiliated Professional Colleges :

It should be permanently affiliated College having at least a fifteen years' standing on the date of application.

2. The teacher taught ration should be as under :

(*a*) Education	..	1 : 10
(*b*) Engineering	..	1 : 15
(*c*) Medicine, Pharmacy and Dental	..	1 : 15
(*d*) Law	..	1 : 30

3. The maximum number of students in each class should be 60 in Engineering, Medicine, Education and Pharmacy; and 75 in Law.

3-A. There shall be at least 7 full time teachers in a Law college.

4. (*a*) In a Law College at least 50% of the staff shall be LL.M. degree holders.

(*b*) In a Dental, or Education or a, Pharmacy College at least 20% of the staff have research qualifications.

(*c*) In an Engineering College at least 20% of the staff shall be M.E. degree holders or shall have research qualifications.

5. A College seeking autonomus status should spend a sum of Rupees Five Lakhs (an amount of Rs. 3 lakhs before the completion of the first year and an additional amount of Rs. 2 lakhs before the completion of the second year) on the modernization and improvement of its Laboratories and the purchase of new equipment. A Professional College should before completion of one year spend a sum of Rupees Two Lakhs and a Law College should before completion of two years spend a sum of Rupees one Lakh on the improvement of its library.

6. The College should be willing to depute at least 20% of its staff every three years to attend refresher course, summer institutes or workshops conducted by the University Grants Commission or the University or a similar body and it should also be willing to depute at least one person from each subject to attend Conference of All India level every year.

7. The College should be willing to make a research grant of Rs. 3,000/- per annum to every subject taught in the College.

8. The College should be able to provide hostel accommodation to at least 25% of the students (5% of students of Law) on the rolls or 200 students in all whichever is less.

9. There shall be a reading room over and above a library attached to the college which should be spacious enough to accommodate at a time at least 20% of the students enrolled in the college.

10. Every member of the teaching staff should be provided with a cabin of not less than $10' \times 8'$ in area, within two years of the college attaining autonomous status.

11. The accommodation provided in a class-room should be at least 8 sq. feet per student.

12. Arts Education College should have its own experimental School attached to it.

13. No member of the teaching or non-teaching staff shall be removed from service or reduced in rank by the college on account of its attainment of autonomous status or on account of its right of adopting policies in respect of restructuring of courses or modification of qualifications.

3. Norms for University Departments

1. Application for, and the granting of, autonomy will be for the School or Departments or a Department.
2. The maximum Teacher-Student ratio in respect of a School as a whole will be 1 : 10 and in respect of Departments 1 : 15.
3. There shall be, a Departmental Library.
4. There shall be 50% external examiners in respect of each examination.

5. Maintenance of Physical facilities, buildings, equipment, etc. will be the responsibility of the University.

6. A Department shall be headed by a teacher not below the rank of a Reader.

7. The maximum expenditure towards Library (Books-Journals) as mentioned below shall at least be made against the respective subjects of the Department :

(1) University School of Social Sciences :

Subject	*Initial*	*for each year*
(*a*) Economics	50,000/-	25,000/-
(*b*) Sociology	15,000/-	7,500/-
(*c*) Politics	15,000/-	7,500/-
(*d*) Philosophy	15,000/-	7,500/-
(*e*) Labour-Welfare and Social work	15,000/-	7,500/-
(*f*) History	15,000/-	7,500/-
(*g*) Business Management and Industrial Management	15,000/-	7,500/-

(2) University School of Languages :

(*a*) Gujarati	15,000/-	7,500/-
(*b*) Sanskrit	15,000/-	7,500/-
(*c*) Hindi	15,000/-	7,500/-
(*d*) English	15,000/-	7,500/-
(*e*) Linguistics	15,000/-	7,500/-
(*f*) Prakrit	15,000/-	7,500/-

(3) University School of Psychology, Education and Philosophy :

Subject	*Non-recurring*	*Recurring*
(*a*) Psychology	30,000/-	15,000/-
(*b*) Education	15,000/-	7,500/-
(*c*) Philosophy	15,000/-	7,500/-

(4) University School of Sciences :		
(*a*) Physics	50,000/-	25,000/-
(*b*) Chemistry	70,000/-	30,000/-
(*c*) Mathematics	40,000/-	20,000/-
(*d*) Botany	40,000/-	20,000/-
(*e*) Zoology	40,000/-	20,000/-
(*f*) Microbiology	40,000/-	20,000/-
(*g*) Statistics	As may be required	As may be required
(5) University School of Commerce :		
(*c*) Accountancy and Costing	15,000/-	7,500/-
(*b*) Business Management	15,000/-	7,500/-
(*c*) Economics (For Commerce)	15,000/-	7,500/-
(*d*) Commerce (General)	15,000/-	7,500/-
(6) University School of Law :		
Law	40,000/-	15,000/-

4. Norms for Recognised Institutions :

Norms prescribed for professional colleges and University departments should be kept in view.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૭૯

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૦-૨-૧૯૭૮ ને સોમવારના રોજ સવારના ૧૧-૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. એચ. એન. શાહ	હાજર
૩.	શ્રી. કે. એમ. કાંટાવાલા	ગેરહાજર
૪.	શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	હાજર
૫.	શ્રી. બી. એમ. પીરજાદા	ગેરહાજર
૬.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર

૧. બાંધકામ સમિતિની તા. ૯-૧-૧૯૭૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૯-૧-૧૯૭૮ ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી પ્રેસના મકાનમાં ઑફિસ રૂમ પર લાકડાની સીલિંગ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રેસના મકાનમાં કાર્યાલય રૂમ પર લાકડાની સીલિંગ બનાવવા માટે રૂ. ૧૩,૦૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં ૨૫૦ કે.વી.એ. ૧૧૦૦૦-૪૩૩નું નવું ટ્રાન્સફોર્મર આપવા, ટેસ્ટ કરી આપવા વગેરે માટે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની તરફથી આવેલા પત્ર નં. કો-ટ્રેક્ટ-૨-૩૫૭૮, તા. ૨૫-૧-'૭૮ પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૮,૨૦૦-૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં ટ્રાન્સફોર્મર મૂકી આપવા તથા ટેસ્ટ કરી આપવાનું કામ અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કં. લિ.ને તેઓના તા. ૨૫-૧-૧૯૭૮ના પત્ર પ્રમાણેનું કામ સોંપવા તથા આ અંગે રૂ. ૮,૨૦૦-૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા સ્ટાફ ક્વાર્ટર્સ ટાઇપ T (રીડર ક્વાર્ટર્સ)ના બાંધકામમાં વધારાના કામકાજના દર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટાઇપ ૧ (રીડર્સ ક્વાર્ટર્સ), ટાઈપ ૨ તથા બાલભવનનાં બાંધકામમાં સ્ટ્રકચરલ એન્જિનિયર મેસર્સ વી. એમ. એસ.ની સલાહ અનુસાર ૯ ઇંચનું ચણતર ૧:૪માં ઠરવાનું રાખવું અને તે માટે કયુબિક મીટર દીઠ રૂ ૧૫-૦૦ વધારાનો ભાવ મંજૂર ઠરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ સેન્ટ્રલ લેબોરેટરીના મકાનમાં એરકન્ડિશનિંગ પ્લાન્ટના કામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા સેન્ટ્રલ લેબોરેટરીના મકાનમાં એરકન્ડિશનિંગ પ્લાન્ટના કામ માટે આવેલાં ટેન્ડરો પૈકી મેસર્સ સ્ટારનું રૂ. ૮૩,૦૦૦-૦૦નું ટેન્ડર, સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા રીડર્સ ક્વાર્ટર્સના બાંધકામનું ઈલેકિટ્રકલ વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ રીડર્સ ક્વાટર્સના મકાનમાં ઇલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં કુલ ૭ ટેન્ડરો પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે મે. જોષી ઇલેકિટ્રક વર્કસનું રૂ. ૪૦૫૦૩--૦૦નું ટેન્ડર સૌથી ઓછા ભાવ આપતા ટેન્ડરની મર્યાદામાં આવે તે રીતે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

નોંધ. — (૧) નીચા ભાવ ટાંકનાર પેઢી પ્રતિષ્ઠા એજન્સી આ પ્રકારના કામનો પૂરતો અનુભવ ધરાવતી હોય તેમ જણાવ્યું નથી. અનુભવની કોઈ વિગતો ટેન્ડરમાં દર્શાવેલ નથી.

(૨) તેના બલ્ક હેડ લાઈટ ફિટિંગનો ભાવ રૂ. ૩૦-૦૦ ઘણો જ નીચો છે ને લાઈટ પોઈન્ટ કરતાં પણ નીચેનો છે. લાઈન્ટ પોઈન્ટનો ભાવ રૂ. ૫૦-૦૦ છે.

૭. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર જોગ્રોફી ડિપાર્ટમેન્ટના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર જોગ્રોફી વિભાગના બાંધકામ માટે આવેલાં કુલ નવ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર પેઢી મે. વાદી એન્ડ પટવાનું રૂ. ૧,૬૫,૫૩૯ બાદ ૯ ટકા(પ્રત્યેક આઇટેમમાંથી નવ ટકા બાદ)નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર કેન્ટીનના મકાન માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર કેન્ટીનના મકાન બાંધકામ માટે આવેલાં કુલ છ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર પેઢી મે. વાદી એન્ડ પટવાનું રૂ. ૧,૯૦,૨૨૩-૦૦ બાદ ૯ ટકા(પ્રત્યેક આઇટેમમાંથી)નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા માઇક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માઇક્રોબાયોલોજીના મકાનમાં ઇલેક્ટ્રિકલ વાયરિંગનું કામ આવેલાં કુલ ત્રણ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર પેઢી મે. જોષી ઇલેક્ટ્રિક વર્કસનું રૂ. ૧૮,૦૮૫નું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. યુનિવર્સિટી કેમ્પસમાં ટી. પી. સ્કીમ નં. ૩૧ મુજબ થનાર ૧૩૨ ફૂટના સૂચિત રસ્તાની બંને બાજુએ કાંટાવાળી તારની વાડ કરવા માટે રૂ. ૭૨,૦૦૦ના ખર્ચનો અંદાજ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જમીનમાંથી ટી. પી. સ્કીમ નં. ૩૧નો જે રસ્તો પસાર થાય છે તેની બંને તરફ કાંટાવાળી તારની વાડ કરવા માટે રૂ. ૭૨,૦૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

નોંધ.—બંને બાજુ કુલ આશરે ૧૬,૦૦૦ ફૂટ થાય છે. દર રૂ. ૪-૫૦ રનિંગ ફૂટના હિસાબે અંદાજી ખર્ચ લગભગ રૂ. ૭૨,૦૦૦ થાય છે.

૧૧. ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીમાં બાંધકામમાં બહારની બાજુએ સેન્ડ ફેઈસ પ્લાસ્ટરને બદલે મોરબી ફેસીઆ કરવા માટે તથા આ કામ માટે રૂ. ૬૫-૦૦ ચોરસ મીટરનો ભાવ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—બિલ્ડિંગ કમિટીની તા. ૧૭-૧૦-૧૯૭૭ની સભાએ બહારની બાજુએ સેન્ડફેઈસ પ્લાસ્ટર માટે ઠરાવેલું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના મકાનમાં બહારની બાજુએ સેન્ડ ફેઈસ પ્લાસ્ટરને બદલે મોરબી ફેસીઆ બ્રિક વર્ક કરવા માટે તથા તે અંગે ૧ ચો.મી.નો રૂ. ૬૫ ભાવ કુલપતિશ્રીએ મંજૂર કર્યો તે કાર્યની નોંધ લેવી.

૧૨. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ સરદાર સ્મારક રીડિંગ સેન્ટરના મકાનમાં વધારાનો ટોઈલેટ બ્લોક બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ સરદાર સ્મારક રીડિંગ સેન્ટરના મકાનમાં વધારાનો ટોઈલેટ બ્લોક બનાવવા રૂ. ૧૫,૦૦૦-૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ સરદાર સ્મારક રીડિંગ સેન્ટરના મકાનમાં અમુક આઈટમના જથ્થામાં વધારો થાય છે તો તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.— ૧. જે આઈટમની જગામાં વધારો થાય છે તે અંગેનું સ્ટેટમેન્ટ તથા સંમતિની ભલામણનો પત્ર આ સાથે સામેલ છે.

૨. આ કામનો મૂળ અંદાજ રૂ. ૫,૮૬,૮૫૧-૦૦ હતો અને હવે કુલ ખર્ચ રૂ. ૬,૦૦,૦૦૦-૦૦ જેટલું થશે.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર સ્મારક રીડિંગ સેન્ટરના બાંધકામમાં જે આઈટમના જથ્થામાં વધારો થાય છે તે આ સાથેની યાદી "અ" પ્રમાણે મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. (યાદી અ છાપેલ નથી.)

૧૪. કાયદાશાસ્ત્ર ભવનમાં મકાનના પ્લાન કુલપતિશ્રીએ મંજૂર કર્યા તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાયદાશાસ્ત્ર ભવનના મકાન બાંધકામ માટેના પ્લાન કુલપતિશ્રીએ મંજૂર કર્યાના કાર્યની નોંધ લેવી.

૧૫. કાયદાશાસ્ત્ર ભવનના મકાનના બાંધકામનાં આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાયદાશાસ્ત્ર ભવનના મકાન-બાંધકામ માટે આવેલાં કુલ બે ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર પેઢી મે. વાદી એન્ડ પટવાનું રૂ. ૨,૮૮,૯૭૬-૦૦ બાદ ૭.૨ ટકા-(પ્રત્યેક આઈટમમાંથી)નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના મકાન-બાંધકામ માટે સ્થપતિ તરફથી આવેલા અંદાજ પરત્વે વિચારણા કરવા બાબત.

આ કામના ટેન્ડરની રકમ રૂ. ૪,૦૬,૧૮૪-૩૨ પૈસા છે જ્યારે આ સુધારેલા અંદાજ પ્રમાણે મોરબી ચોક કેસીસ સાથેનું ખર્ચ રૂા. ૪,૦૮,૯૯૭-૩૪ પૈસા થાય છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના મકાન-બાંધકામ અંગે સ્થપતિશ્રી આર. કે. ચોકસી તરફથી આવેલો સુધારેલો રૂ. ૪,૦૮,૯૯૭-૩૪ પૈસાનો અંદાજ આ સાથેની યાદી "બ" પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. (યાદી બ સામેલ નથી.)

૧૭. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

ઝૂલોજી ડિપાર્ટમેન્ટના મકાન પર પહેલા માળનું બાંધકામ કરવા અંગે સ્થપતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી ડિપાર્ટમેન્ટના પહેલા માળના બાંધકામ માટે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(નોંધ.—આ મકાનનું ભોંયતળિયાનું સમગ્ર કામ સ્થપતિશ્રી હસમુખ સી. પટેલે કરેલ છે.)

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

કુલસચિવ વતી,

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૮૦

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા બુધવાર, તા. ૨૨-૨-૧૯૭૮ના રોજ ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલે લીધું હતું :

૧. શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૩. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૪. આચાર્ય હરિશંકર પી. પંડ્યા	હાજર
૫. શ્રી. મણિભાઈ જી. વલ્લભટ્ટ	ગેરહાજર
૬. શ્રી. નરહરિ એમ. પરીખ	ગેરહાજર
૭. શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર

૧. તા. ૫-૯-૧૯૭૭ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૫-૯-૧૯૭૭ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧ :

યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં કાર્યાલય નિયામક તરીકે હાલમાં સેવાઓ આપતા શ્રી. વી. એમ. વ્યાસને ૧૯૫૫થી તેમની સીનિયોરિટીને આંચ આપીને વખતોવખત જુદી જુદી કક્ષા પરની બઢતી માટે વિપરીત અસર પહોંચાડીને યુનિવર્સિટીએ આર્થિક ગેરલાભ તથા સીનિયોરિટીના ધોરણે મળતા અન્ય લાભોને નુકસાન થાય તે રીતે તેમની સર્વિસ કારકિર્દીને અસર કરી છે. તેમને થયેલા અન્યાયોને દૂર કરવા તેમનો આ કેસ વિગતે પુનઃ તપાસી તેમની રજૂઆતો સાંભળી આ અંગેની પોતાની સુચિંતિત ભલામણો આ સભાને સુપરત કરવા આ સભા આ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને રીફર કરવાનું ઠરાવે છે.

સદરહુ બાબતના સંદર્ભમાં અગાઉના સંબંધકર્તા કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી સદરહુ બાબત અંગે લંબાણપૂર્વક વિચારણા કર્યા બાદ વધુમતે ભલામણ કરવામાં આવે છે કે આ બાબત

અંગે જુદા જુદા તબક્કે નિર્ણયો લેવામાં આવ્યા છે તેમાં ફેરફાર કરવાની કોઈ જરૂર આ સમિતિને જણાતી નથી. આથી શ્રી. વી. એમ. વ્યાસની વિનંતી માન્ય થઈ શકે તેમ નથી.

૩. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ તરફથી નવાં પગારધોરણના સંદર્ભમાં આવેલી રજૂઆતો પર વિચારણા કરી જરૂરી કાર્યવાહી કરવા અંગે.

નોંધ.— રાજ્ય સરકારના શિક્ષણ ખાતાએ તેઓના પત્રાંક ડી. ઓ. નં. યુએનજી. ૧૧૭૫-૮૧૪૧૫-કેએચ. તા. ૧-૯-૧૯૭૬ થી કર્મચારીઓ તરફથી પગારધોરણના સંદર્ભમાં આવેલી રજૂઆતો ધ્યાનપૂર્વક તપાસી તે સંબંધે યુનિવર્સિટીને ભલામણો આપેલા પ્રોફોર્મામાં સરકારશ્રીને વિચારણા માટે મોકલી આપવા સૂચવ્યું છે.

યુનિવર્સિટીના જુદા જુદા કર્મચારીઓ, યુનિવર્સિટી કર્મચારી યુનિયન અને સુપરવાઇઝરી સ્ટાફ એસોસિયેશન તરફથી કરવામાં આવેલી રજૂઆત અંગે વિચારણા કરવામાં આવી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સાથેના પત્રકમાં સૂચવ્યા મુજબની ભલામણ પ્રધાનમંડળની પેટાકમિટીને કુલપતિશ્રીએ અને યુનિયને પણ રજૂઆત કરી છે તેની આ સભા નોંધ લે છે અને પ્રધાનમંડળની પેટાકમિટીને આગ્રહ કરે છે કે આનો સત્વરે સુખદ ઉકેલ લાવે.

૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-કાર્યાલય નિયામકની જગ્યા પર કામ કરતા શ્રી. કે. જી. શાહને અંગત મદદનીશનું પગારધોરણ આપવું કે કાર્યાલય નિયામકનું પગાર-ધોરણ આપવું તથા કુલપતિશ્રીના અંગત સચિવ-કમ-મદદનીશ કુલસચિવને તથા કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-કાર્યાલય નિયામકને અનુક્રમે રૂ. ૯૦-૦૦ તથા રૂ. ૭૦-૦૦ માસિક ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ કાર્યાલય નિયામક શ્રી. કે. જી. શાહને સાંભળ્યા, તે બાદ ચર્ચાવિચારણા કરીને ભલામણ કરવામાં આવી કે કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-કાર્યાલય નિયામક-ની જગ્યા પર કામ કરતા શ્રી. કે. જી. શાહને તેમની સ્ટેનોગ્રાફર તરીકેની ફરજો પણ લક્ષમાં લઈને તેમને કુલસચિવશ્રીના મદદનીશ અને સ્ટેનોગ્રાફર (ગ્રેડ એક)નું રાજ્ય સરકારે મંજૂર કરેલું પગારધોરણ તેઓને આપવું.

૫. યુનિવર્સિટીના કર્મચારી જે તે માન્ય દવાખાનામાં સ્પેશિયલ વૉર્ડમાં સારવાર લે તો તેઓને સ્પેશિયલ વૉર્ડના તથા અન્ય ખાસ સારવારનાં બિલો તેઓને કયા ધોરણે આપવાં તે અંગે વિચારણા કરવા બાબત.

(હાલના તબીબી સહાયના નિયમો પ્રમાણે જનરલ વૉર્ડનો ચાર્જ તબીબી સહાય તરીકે આપવા-માં આવે છે.)

સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર પાસે રજૂઆત કરવા કુલપતિશ્રીને સત્તા આપવી અને તે અંગે નિર્ણય આવ્યેથી તે બાબત આ સમિતિ સમક્ષ રજૂ કરવી.

૬. અંગ્રેજી સાથે ગુજરાતી ટાઇપિંગ કરનારને કોઈ માસિક ભથ્થું આપવામાં આવે છે કે કેમ તેના સંદર્ભમાં રાજ્ય સરકાર તરફથી માહિતી મંગાવતાં રાજ્ય સરકારના પત્રાંક પી.સી.આર.

૧૦૭૭-૧૮૪—એમ, તા. ૧-૨-૧૯૭૭માં આ અંગે કોઇ ખાસ સ્પષ્ટતા મળેલ નહિ હોવાથી આ અંગે શાં પગલાં લેવાં તે સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.—આપણે અંગ્રેજી સાથે ગુજરાતી ટાઇપિંગ કરનાર ટાઇપિસ્ટોને રૂ. ૧૦-૦૦નું માસિક ભથ્થું આપતા હતા તે રાજ્ય સરકારના જી.આર.ના સંદર્ભમાં બંધ કરવામાં આવ્યું છે.)

સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર પાસે રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અને તે અંગે નિર્ણય આવ્યેથી તે આ સમિતિ સમક્ષ રજૂ કરવું.

૭. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં એક સીનિયર કલાર્કની જગ્યા ઊભી કરવા અંગેના અધ્યક્ષશ્રીના તા. ૧૭-૩-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં સીનિયર કલાર્કની એક કાયમી જગ્યા યુનિવર્સિટીના નિયત કરેલા પગારધોરણમાં ઊભી કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટીના જુનિયર કલાર્ક શ્રી. બી. જે. પંડ્યા અગાઉ જુનિયર ઑપરેટર હતા તેથી તેઓને દેસાઈ પંચ પ્રમાણે સૂચવેલ પગારધોરણ આપવા અંગે તેમની તા. ૨૦-૪-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે શ્રી. બી. જે. પંડ્યાની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૯. યુનિવર્સિટી ડ્રાઈવરને હાલ પટાવાળાઓને અપાય છે તે દરે ઓવરટાઇમ આપવામાં આવે છે. રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે ડ્રાઇવરનું પગારધોરણ જુનિયર કલાર્કની સમકક્ષ થયું હોવાથી જુનિયર કલાર્કને અપાતા દરે ઓવરટાઈમ આપવા અંગે શ્રી. કે. ડી. કડિયા, ડ્રાઈવરની તા. ૧૦-૫-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડ્રાઈવરોની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં અને હાલની વ્યવસ્થા ચાલુ રાખવી.

૧૦. યુનિવર્સિટીના કોચ શ્રી નિહાલસીંગ બેનીવાલને રૂ. ૭૦-૦૦ પર્સનલ પે અપાતો હતો, પરંતુ દેસાઈ પંચની ભલામણ પ્રમાણે તેઓનું પગારધોરણ સુધરતાં તે પગારમાં મર્જ કરવામાં આવ્યું છે તે રૂ. ૭૦-૦૦ સ્પેશ્યલ પગાર તરીકે આપવા અંગેની તેઓની તા. ૫-૫-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે શ્રી નિહાલસીંગ બેનીવાલની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં

૧૧. યુનિવર્સિટીના મદદનીશ કેશિયર શ્રી. એન. એન શુકલને કેશ એલાવન્સ રૂ. ૨૫ હાલ અપાય છે તે યુનિવર્સિટીના ટાઇપિસ્ટોને તા. ૧-૧-૧૯૭૩થી આપવામાં આવે છે તે પ્રમાણે તા. ૧-૧-૧૯૭૩થી આપવા અંગે તેઓની તા. ૧૨-૯-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે શ્રી. એન. એન. શુકલને તા. ૧-૧-૧૯૭૩થી કેશ એલાવન્સ આપવું.

૧૨. યુનિવર્સિટીમાં મદદનીશ ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફર તરીકે કામ કરતા શ્રી. કનક દવેને સીનિયોરિટી અંગે થયેલા અન્યાય અંગે તેઓની તારીખ ૮-૮-૧૯૭૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

શ્રી. કનક દવેને રૂબરૂમાં સાંભળવામાં આવ્યા, ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૩. યુનિવર્સિટીના હંગામી બિલ્ડિંગ મિસ્ત્રી શ્રી. એ. બી. શુકલને તા. ૨૩-૪-૧૯૭૭થી રૂ. ૧૫નું વેતન અપાય છે તેની અસર તેઓની તા. ૬-૧૦-૧૯૭૬ અથવા તારીખ ૨૬-૧-૧૯૭૬ની તારીખથી કરવા અંગે તેઓની તા. ૧૪-૯-૧૯૭૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૯-૧૯૭૭ની સભામાં આ સમિતિની નીચેની ભલામણ મંજૂર કરી છે :

" આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બિલ્ડિંગ મિસ્ત્રી શ્રી. એ. બી. શુકલને દૈનિક રૂ. ૧૫ પ્રમાણે વેતન આ ભલામણની મંજૂરીની તારીખથી આપવાનું રાખવું."

આથી ભલામણ કરવામાં આવે છે કે શ્રી. એ. બી. શુકલની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૧૪. વિજ્ઞાનવિદ્યા ભવનના માઇક્રોબાયોલોજી વિભાગમાં નીચેની કાયમી જગ્યાઓ સ્થાપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૭-૭-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત :

૧.	ક્લાર્ક-ટાઇપિસ્ટ	... ૧ જગ્યા
૨.	સફાઈ કામદાર	... ૧ જગ્યા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી હાલ મંજૂર કરી શકાય તેમ નથી.

૧૫. વાચન કેન્દ્રો માટે પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂર કરેલી જગ્યાઓ પૈકી નીચેની જગ્યાઓ હાલ હંગામી ધોરણે સ્થાપવા અંગે ગ્રંથપાલશ્રીના તા. ૧૨-૯-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(૧) સરસપુર કેન્દ્ર, (૨) ઓઢવ, (૩) સાબરમતી અને (૪) સરદાર વાચન કેન્દ્ર.

ઉપરોક્ત ચાર કેન્દ્રો માટે નીચે પ્રમાણે જગ્યાઓ—

૧.	ટેકનિકલ આસિસ્ટન્ટ	... ૪ જગ્યાઓ
૨.	જુનિયર ક્લાર્ક	... ૪ જગ્યાઓ
૩.	પટાવાળા	... ૧૨ જગ્યાઓ
૪.	સફાઈ કામદાર	... ૪ જગ્યાઓ

આથી ઠરાવવામાં આવે છે કે નીચેની જગ્યાઓ યુનિવર્સિટી તરફથી શહેરમાં જુદા જુદા સ્થળે શરૂ કરવામાં આવનાર દરેક વાચન કેન્દ્ર માટે ઊભી કરવી :

૧.	ટેકનિકલ આસિસ્ટન્ટ	... ૧ જગ્યા
૨.	જુનિયર ક્લાર્ક	... ૧ જગ્યા
૩.	પટાવાળા	... ૩ જગ્યાઓ
૪.	સફાઈ કામદાર	... ૧ જગ્યા

૧૬. વિજ્ઞાનવિદ્યા ભવનના ઓરગેરિયમ આસિસ્ટંટનું પગારધોરણ રૂ. ૧૫૩-૪૬૫ હતું અને સરકારશ્રીએ હવે રૂ. ૨૬૦-૪૩૦ કરેલ છે અને તે ઉપરાંત ગુજરાતી ટાઇપિંગ, અંગ્રેજી ટાઇપિંગ, લેબોરેટરી કાર્ય, વિભાગીય લાઇબ્રેરી કાર્ય, ફિલ્મ પ્રોજેકશન કાર્ય, ફોટોગ્રાફી કાર્ય વગેરેમાં મદદ કરે છે તેથી તેઓને વધારે મહેનતાણું આપવા અંગે તેઓની તા. ૧૮-૮-૧૯૭૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૧૭. જોગ્રોફી વિભાગ માટે નીચેની હંગામી જગ્યાઓ સ્થાપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૪-૧૦-૧૯૭૭ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

(૧) ફિલ્ડ વર્ક સુપરવાઇઝર	... રૂ. ૪૦૦ ઉચ્ચક પગારથી	... ડિસેમ્બર ૧૯૭૭થી ૩૧ માર્ચ ૧૯૭૮ સુધી
(૨) લેબોરેટરી આસિસ્ટન્ટ		ઓગસ્ટ ૧૯૭૮થી.

આથી ભલામણ કરવામાં આવે છે કે ભૂગોળ વિભાગ માટે મંજૂર કરવામાં આવેલી હંગામી જગ્યાઓ ઊભી કરવી :

૧. ફિલ્ડ વર્ક સુપરવાઇઝર	... રૂ. ૪૦૦ ઉચ્ચક પગારથી
૨. લેબોરેટરી આસિસ્ટન્ટ	... દૈનિક રૂ. ૧૫-૦૦થી.

૧૮. યુનિવર્સિટીના જનરલ ડિસ્પેચના વધેલા કામકાજ માટે એક જુનિયર ક્લાર્ક અને એક પટાવાળાની જગ્યાઓ સ્થાપવા અંગે શ્રી. શરદભાઈ પટેલના તા. ૨૪-૯-૧૯૭૭ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સામાન્ય વિભાગના રવાનગી વિભાગના વધેલા કામકાજને ધ્યાનમાં લઈને એક જુનિયર ક્લાર્ક અને એક પટાવાળાની જગ્યા યુનિવર્સિટીએ નિયત કરેલા પગારધોરણમાં ઊભી કરવાનું મંજૂર કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૯. ભાષા ભવનના વધેલા કાર્યાલયના કાર્યભાર માટે એક ટાઇપિસ્ટ અને બે પટાવાળાની કાયમી જગ્યાઓ સ્થાપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૨૪-૧૦-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે વધેલા કાર્યભાર તથા વધુ પૂરવામાં આવેલી શિક્ષકગણની જગ્યાઓ જોતાં એક પટાવાળાની જગ્યા યુનિવર્સિટીના નિયત પગારધોરણમાં ઊભી કરવાનું મંજૂર કરવા રાજ્ય સરકારને ભલામણ કરવી. ટાઇપિસ્ટની જગ્યા ઊભી કરવાની હાલ જરૂર જણાતી નથી.

૨૦. માર્ચ-એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષાના વિશિષ્ટ સંજોગોમાં અધિક સમય કામ કર્યું તેનું મહેનતાણું આપવા અંગે સર્વશ્રી વી. વી. શાહ, એન. જે. પાઠક, એમ. ડી. ત્રિવેદી અને આર. ડી. ભગતની તા. ૧૪-૧૧-૧૯૭૭ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે માર્ચ-એપ્રિલના વિશિષ્ટ સંજોગો જોતાં સર્વશ્રી વી. વી. શાહ, એન. જે. પાઠક, એમ. ડી. ત્રિવેદી અને આર. ડી. ભગતે કરેલા અધિક સમયના કામની નોંધ લેવી અને દરેકને રૂ. ૨૫૦-૦૦નું વેતન આપવું.

૨૧. યુનિવર્સિટી ગેસ્ટ હાઉસમાં કુક-કમ-કેરટેકર તરીકે કામ કરતા શ્રી. ભેરૂમલ ડી. જૈનને હાલ દૈનિક રૂ. ૮-૦૦ અપાય છે તે વધારીને રૂ. ૧૫-૦૦ કરવા અંગે તેમની તા. ૧૭-૧૧-૧૯૭૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસમાં કુક-કમ-કેરટેકર તરીકે કામ કરતા શ્રી. ભેરૂમલ ડી. જૈનને દૈનિક રૂ. ૧૦-૦૦નું વેતન આપવાનું મંજૂર કરવું.

૨૨. યુનિવર્સિટીના જમાદાર શ્રી. તુલસીદાસ આર. કડિયા તેઓના હાલના પગારધોરણમાં છેલ્લા પગથિયે પહોંચી ગયા હોવાથી અગાઉના એક્ઝિકયુટિવ કાઉન્સિલના તા. ૧૪-૧૨-૧૯૭૧ની સભાના ઠરાવ પ્રમાણે છેલ્લા પગથિયે પહોંચે ત્યારે દર ત્રણ વર્ષે એક પગારવધારા જેટલી રકમ લેખે વધુમાં વધુ ત્રણ પગારવધારા જેટલી રકમ ખાસ ભથ્થા તરીકે આપવાનું ઠરાવ્યું છે તેનો લાભ આપવા અંગે તેમની તા. ૯-૧૨-૧૯૭૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર પાસે રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અને તે અંગે નિર્ણય આવે આ સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૨૩. યુનિવર્સિટીમાં હાલ ચોથા વર્ગના કર્મચારીઓ પ્રતિવર્ષે યુનિફોર્મના બે સુતરાઉ કાપડની જોડ આપીએ છીએ તેના બદલે પ્રતિવર્ષે ત્રણ જોડ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના પ્રમુખશ્રીના તા. ૫-૧-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે હાલ બે જોડ સુતરાઉ ગણવેશ આપવામાં આવે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર આ સમિતિને જણાતી નથી. વધુમાં તે ગણવેશનું કાપડ,સારું આવે તે જોવું.

૨૪. શ્રી શરદ પટેલના તા. ૯-૧૨-૧૯૭૭ના પત્રમાં જણાવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

> "તા. ૪/૫-૧૨-૧૯૭૧ના રોજ મળી ગયેલ આ સભાએ, ચોથા વર્ગના કર્મચારીઓને તેમના પગારધોરણમાં છેલ્લે પગથિયે પહોંચ્યા બાદ દર બે વર્ષે એક પગારવધારો (ઇન્ક્રીમેન્ટ) અને વધુમાં વધુ ત્રણ ઇન્ક્રીમેન્ટ આપવાનું સ્પષ્ટ ઠરાવ્યું હોવા છતાં, સદરહુ બાબત આ સભા સમક્ષ પુનર્વિચારણા માટે લાવ્યા વિના તેનો લાભ આપવાનું યુનિવર્સિટી કાર્યાલયે મનસ્વી રીતે નિર્ણય લઈ જે બંધ કરેલ છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને સદર ઠરાવનો અમલ ચાલુ રાખવાનું આ સભા પુનઃ ઠરાવે છે."

સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર પાસે રજૂઆત કરવા કુલપતિશ્રીને સત્તા આપવી અને તે અંગે નિર્ણય આવ્યેથી તે આ સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૨૫. પગાર પંચની ભલામણો પર વિચારણા કરીને રાજ્ય સરકારે કરેલા ઠરાવ (તા. ૨૩-૬-૧૯૭૬ના જી.આર.) અન્વયે આ સભાગૃહના તારીખ ૯-૧-૧૯૭૬ના ઠરાવ અન્વયે સુધારવામાં આવેલા પોતાના પગારધોરણ તથા પરીક્ષા ભથ્થાની બાબતમાં પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી અરજી (એચ.પી.સી.એ. નં. ૧૯૭૫-૭૬) પરથી થયેલી કાર્યવાહીના સંદર્ભમાં તેમના તરફથી આવેલ તા. ૨-૨-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(૧) પ્રકાશન અધિકારીશ્રી કે. ડી. પંડ્યાને તેમની વિનંતીથી રજૂઆત માટે રૂબરૂમાં બોલાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમના કેસ અંગેના સઘળા કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. તે પછી લંબાણ ચર્ચાવિચારણા કરીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પ્રકાશન અધિકારીનું પગારધોરણ રૂ. ૭૦૦થી ૧,૩૦૦ પ્રમાણે રાખવા રાજ્ય સરકારને ભલામણ કરવી. તે મંજૂર થયેથી તેમના સુધારેલા પગારધોરણમાં તેનો અમલ તા. ૧-૧-૧૯૭૩થી કરવાનો રહેશે. આ અમલ તેથી પણ પહેલાં કરવાની તેમની વિનંતી માન્ય કરી શકાય તેમ નથી.

(૨) પ્રકાશન અધિકારી અને પ્રકાશન વિભાગના કર્મચારીઓને પરીક્ષાના કામ માટે લેવામાં આવતા નથી તેની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ન. જે. પાઠક
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી

નં.	કર્મચારીનું નામ	હોદ્દો	મૂળ પગારધોરણ રૂ.	દેસાઈ પંચની પગારધોરણની ભલામણ રૂ.	રાજ્ય સરકારે સ્વીકારેલ પગારાધોરણ રૂ.	કર્મચારીની રજૂઆતના મુદ્દા
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	શ્રી. ટી. આર. કડિયા	જમાદાર	૧૩૦--૨૨૨	૨૧૦--૨૭૦	૨૧૦--૨૭૦	મશીનમૅન, હવાલદાર, પંપ ઍટેન્ડન્ટ, હેડમાળી વ. સમકક્ષ જગ્યાઓ છે જ્યારે તેઓને પટાવાળા વ.નું સુપરવિઝન કરવાનું હોવાથી જૂના પગારધોરણ ધ્યાનમાં રાખીને નવું પગારધોરણ આપવા વિનંતી છે. અગાઉ મશીનમૅન, હવાલદાર, પંપ ઍટેન્ડન્ટ હેડમાળી કરતાં તેમનું પગારધોરણ ઊંચું હતું.
૨.	શ્રી. પી. વી. ચૌહાણ	પ્યૂન-કમ એટેન્ડન્ટ	૯૯--૧૯૦	૧૯૬--૨૩૨	૧૯૬--૨૩૨	રાજ્યની અન્ય યુનિવર્સિટીમાં ગ્રંથાલયોમાં આ રીતનું કામ કરનારા કર્મચારીને સમકક્ષ ગણીને પગારધોરણ આપવા વિનંતી છે.
૩.	શ્રી બાસજી રાજારામ	પ્લમ્બર	૧૫૩--૨૫૦	૨૬૦--૪૦૦	૨૬૦--૪૦૦	રાજ્ય સરકારના પ્લમ્બરના ગ્રેડ આપવા રૂ. ૩૫૦--૫૬૦ આપવા વિનંતી છે.
૪.	શ્રી. આર. વી. આચાર્ય	મિકે. ઇન્સ્ટ્રુ. રિપેરર	૧૫૮--૨૭૫	૩૫૦--૫૬૦	૩૫૦--૫૬૦	વર્કશોપ મિકેનિક અને તેમનું જૂનું પગારધોરણ સરખું હતું તેથી તેઓને વર્કશોપ મિકેનિકની માફક રૂ. ૩૮૦--૭૦૦નું પગારધોરણ આપવા વિનંતી છે.
૫.	શ્રી. આર. બી. સાડીવાલા	પ્લાન્ટ કલેકટર	૧૫૩--૪૬૫	૨૬૦--૪૦૦	૨૬૦--૪૦૦	જુનિયર કલાર્ક કરતાં પગારધોરણ ઊંચું આપવા વિનંતી છે.
૬.	શ્રી. એલ. એલ. પટેલ	જુ. કલાર્ક	૧૫૩--૪૬૫	૨૬૦--૪૦૦	૨૬૦--૪૦૦	રૂ. ૪૨૫--૭૦૦ સ્ટોર્સનું કામ સંભાળતા હોવાથી.

૧	૨	૩	૪	૫	૬	૭
૭.	શ્રી. એન. એ. પટેલ	જુ. ક્લાર્ક (સ્ટોર્સ)	૧૫૩--૪૬૫	૨૬૦--૪૦૦	૨૬૦--૪૦૦	તેઓ સ્ટોર્સનું યુનિવર્સિટીનાં બંધાતાં મકાનોનું કામ-ખરીદ અંગેનું પત્રક વગેરે સ્ટોર્સનું કામ-કરતા હોવાથી રૂ. ૪૨૫--૭૦૦નું પગારધોરણ આપવા વિનંતી કરે છે.
૮.	શ્રી. આઈ. એસ. શાહ	જુ. ક્લાર્ક	૧૫૩--૪૬૫	૨૬૦--૪૦૦	૨૬૦--૪૦૦	રૂ. ૪૨૫--૭૦૦. સ્ટોર્સનું કામ સંભાળતા હોવાથી રૂ. ૪૨૫--૭૦૦ પગારધોરણ માગે છે.
૯.	શ્રી. ડી. જે. શાહ	જુ. ક્લાર્ક	૧૪૩--૪૬૫	૨૬૦--૪૦૦	૨૬૦--૪૦૦	૪૨૫--૭૦૦ સ્ટોર્સનું કામ સંભાળતા હોવાથી.
૧૦.	શ્રી. હિસાબ વિભાગ	જુ. ક્લાર્ક એકાઉન્ટસ	૧૫૩--૪૬૫	૨૬૦--૪૦૦	૨૬૦-૪૦૦	રૂ. ૩૩૦--૫૬૦ હિસાબ વિભાગમાં કામ કરતા હોવાથી.
૧૧.	શ્રી. બી. કે. પટેલ	જુ. ક્લાર્ક (સ્ટોર્સ)	૧૫૩--૪૬૫	૨૬૦--૪૦૦	૨૬૦--૪૦૦	રૂ. ૪૨૫--૭૦૦ યુનિવર્સિટી પ્રેસના સ્ટોર્સનું સમગ્ર કામ સંભાળતા હોવાથી નવો પગાર આપવા વિનંતી છે.
૧૨.	શ્રી. બી. આર. ભાવસાર	પ્રૂફરીડર "બી"	૧૫૩--૩૭૮	૨૬૦--૪૦૦	૨૬૦--૪૩૦	પ્રૂફરીડરનો ગ્રેડ આપવા વિનંતી છે. રૂ. ૩૫૦--૫૬૦નો ગ્રેડ આપવા વિનંતી છે.
૧૩.	શ્રી. જે. એન. ભટ્ટ	જુ. ક્લાર્ક ફોરેન યુનિ. ઈન્ફરમેશન બ્યુરો	૧૫૩--૪૬૫	૨૬૦--૪૦૦	૨૬૦--૪૦૦	રાજ્ય સરકાર દ્વારા ચલાવાતા વ્યાવસાયિક માર્ગદર્શન કેન્દ્ર ખાતે આ પ્રકારનું કામ કરનાર વ્યકિતનું પગારધોરણ રૂ. ૬૫૦--૯૦૦ આપવા વિનંતી છે
૧૪.	શ્રી. જી. ડી. નાયક	લેબો. આસિ.	૧૫૩--૪૬૫	૨૬૦--૪૩૦	૨૬૦--૪૩૦	૧. સ્ટોરકીપરનો રૂ. ૪૨૫--૭૦૦નો ગ્રેડ માગે છે. ૨. રૂ. ૨,૦૦,૦૦૦નો સ્ટોર્સ તથા રૂ. ૫૦,૦૦૦ની કિંમતના સ્ટોર્સ મટીરિયલ્સ સંભાળતા હોવાથી.
૧૫.	શ્રી. એમ. એફ. પરમાર તથા બીજા છ તથા એન. વી. શાહ	લેબો. આસિ. હરબેરિયમ આસિ.	૧૫૩--૪૬૫	૨૬૦--૪૩૦	૨૬૦--૪૩૦	તેઓના જૂના પગારધોરણનું છેલ્લા પગથિયે રૂ. ૪૬૫ને બદલે રૂ. ૪૩૦ કરી રૂ. ૩૫નો કાપ મુકાયો છે જયારે બીજાં પગારધોરણો સરખાવતાં રૂ. ૪૦નો વધારો બતાવે છે તે જોતાં રૂ. ૩૮૦--૪૬૦-ના પગારધોરણમાં ગ્લાસ બ્લોઅરનું પગારધોરણ આપવા અથવા રૂ. ૩૮૦--૬૦૦નું લે. ટેકનિશિયનનું પગારધોરણ આપવા વિનંતી કરી છે.

૧૬.	શ્રી. એચ. એ. ત્રિવેદી	સહાયક વૉર્ડન	૨૧૫--૪૨૦	ભલામણ કરેલ નથી	—	તેઓના કામની અનુભવ તથા લાયકાતને ધ્યાનમાં રાખીને રૂ. ૪૨૫--૮૦૦નું પગારધોરણ આપવા વિનંતી છે.
૧૭.	શ્રી. ડી. એમ. ધોળકિયા	ફીલ્ડ વર્ક સુપરવાઈઝર	૪૦૦--૯૫૦	—	—	યુનિ. લેક્ચરરનો રૂ. ૭૦૦-૧,૬૦૦નો ગ્રેડ આપવા વિનંતી છે.
૧૮.	શ્રી. એચ. એસ. મજમુદાર	ટેક. આસિ. ઈલેક્ટ્રોનિકસ	૨૫૦--૫૦૦	૪૨૫--૭૦૦	૪૨૫--૭૦૦	રાજ્ય સરકારના ટેકનિકલ આસિ. (ઈલે.)નું પગારધોરણ રૂ. ૫૫૦--૯૦૦ આપવા વિનંતી કરી છે.
૧૯.	શ્રી. કે. એ. શાહ શ્રી. યુ. ટી. મિસ્ત્રી શ્રી. એમ. એમ. શાહ	ટેકિન. આસિ.	૩૧૩--૫૭૫	૫૦૦--૯૦૦	૪૨૫--૭૦૦	દેસાઈ પંચની ભલામણ પ્રમાણે રૂ. ૫૦૦--૯૦૦નું પગારધોરણ આપવા વિનંતી છે.
૨૦.	શ્રી. જે. સી. પટેલ	ઈલેકિટ્રશિયન	૩૬૩--૬૪૩	૫૫૦---૯૦૦	૫૫૦--૯૦૦	તેઓની કામની ફરજો જોતાં તેઓને ડે. એન્જિનિયરનો અથવા સ્ટેટ ઈલેકિટ્રસિટી બોર્ડના ડે. એન્જિનિયરનું પગારધોરણ રૂ. ૭૦૦--૧,૩૦૦ આપવા વિનંતી છે.
૨૧.	શ્રી. જી. એમ. અગ્રવાલ	વર્કશોપ સુપરિ.	૩૬૩--૪૬૫	૭૦૦--૧,૩૦૦	૫૫૦--૯૦૦	દેસાઈ પંચે કરેલી ભલામણ પ્રમાણે રૂ. ૭૦૦-૧,૩૦૦નું પગારધોરણ આપવા વિનંતી કરી છે.
૨૨.	શ્રી. ડી. બી. સુતરિયા	બિલ્ડિંગ સુપરવાઈઝર	૩૧૩--૫૭૫	૪૨૫--૭૦૦	૫૫૦--૯૦૦ (ડિગ્રી હોલ્ડર માટે) ૪૨૫--૭૦૦ (ડિપ્લોમા હોલ્ડર માટે)	તેઓનું નામાભિધાન બદલીને એન્જિનિયર અથવા ડે. એન્જિયર રાખીને રાજ્ય સરકાર પ્રમાણેનું રૂ. ૭૦૦--૧,૩૦૦નું પગારધોરણ આપવા વિનંતી છે.
૨૩.	શ્રી. બી. ટી. પઠાણ	સ્ટેનોગ્રાફર	૨૯૩--૫૨૫	૪૭૫--૮૦૦	૪૭૫--૮૦૦	તેઓને રાજ્યના સેક્રેટરિયેટના ફર્સ્ટ ગ્રેડનાં પગારધોરણો યુનિવર્સિટીનાં સ્ટેનોગ્રાફરને ૧૯૬૨ના વર્ષમાં આપવામાં આવ્યા છે તેથી ફર્સ્ટ ગ્રેડના સ્ટેનોગ્રાફરની સમકક્ષ ગણવામાં આવે છે તેથી રૂ. ૬૫૦--૧,૦૪૦નો ગ્રેડ આપવા વિનંતિ છે.
૨૪.	શ્રી. ટી. એ. ભાસ્કર	સ્ટેનોગ્રાફર	૨૯૩--૫૨૫	૪૭૫--૮૦૦	૪૭૫--૮૦૦	તેઓને ૨૪ વર્ષનો સ્ટેનોગ્રાફરનો અનુભવ જોતાં ગ્રેડ ૧નું પગારધોરણ રૂ. ૬૫૦--૧,૦૪૦નો આપવા વિનંતી છે.

૨૬૬૬–૨–૧૨ : ૫૫ : ૨૨૬૬૬

૩૩	શ્રી. બી. કે. શાહ	એકાઉન્ટન્ટ	૫૧૨--૯૮૦	૧,૧૦૦--૧,૬૦૦	૭૦૦--૧,૫૦૦		દેસાઈ પંચની ભલામણ પ્રમાણે રૂ. ૧૧૦૦--૧,૬૦૦નું પગારધોરણ આપવા વિનંતી કરી છે.
૩૪.	શ્રી. બી. એમ. પટેલ	વિકાસ અધિકારી	૮૫૫--૧,૩૫૫	૧,૩૦૦--૧,૭૦૦	૯૦૦--૧,૫૦૦		પે કમિશનની ભલામણ પ્રમાણે રૂ. ૧,૩૦૦--૧,૭૦૦ કે રૂ. ૧,૨૦૦--૧,૯૦૦ આપવા વિનંતી કરી છે.
૩૫.	શ્રી. જે. એમ. મહેતા	પરીક્ષાનિયામક	૯૦૫--૧,૩૫૫	૧,૧૦૦--૧,૬૦૦	૯૦૦--૧,૫૦૦		કુલસચિવ અને નાયબ કુલસચિવનાં પગારધોરણ વચ્ચેનું પગારધોરણ તથા ક્રમ રાખવા વિનંતી કરી છે.
						માગેલા સમાધાનકારી સ્કેલો	
૩૬.	ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘ	૧. પટાવાળા અને સમકક્ષ	૯૪--૧૭૦	૧૯૬--૨૩૨	૧૯૬--૨૩૨	૨૦૦--૨૯૬	
	,,	૨. પ્યૂન-કમ-અટેન્ડન્ટ	૬૯--૧૯૦	૧૯૬--૨૩૨	૧૯૬--૨૩૨	૨૧૫--૩૪૧	
	,,	૩. નાયક	૯૯--૧૯૦	૨૦૦--૨૬૦	૨૦૦--૨૫૦		
	,,	૪. હેડસ્વીપર હેડમાળી	૧૦૪--૨૦૬	૨૦૦--૨૬૦	૨૦૦--૨૫૦	૨૪૦--૩૭૦	
	,,	૫. ડુપ્લિકેટિંગ મશીનમૅન	૯૦--૧૯૦	૨૧૦--૨૭૦	૨૧૦--૨૭૦		
	,,	૬. હવાલદાર	૧૦૪--૨૦૬	૨૧૦--૨૭૦	૨૧૦--૨૭૦	૨૫૦--૪૦૦	
	,,	૭. જમાદાર	૧૩૦--૨૨૨	૨૧૦--૨૭૦	૨૧૦--૨૭૦	૨૬૦--૪૩૦	
	,,	૮. પ્લમ્બર અને ડ્રાઈવર	૧૫૩--૨૫૦	૨૬૦--૪૦૦	૨૬૦--૪૦૦	૩૫૦--૪૬૦	
	,,	૯. જુનિયર કલાર્ક અને સમકક્ષ	૧૫૩--૪૬૫	૨૬૦--૪૦૦	૨૬૦--૪૮૦	૨૮૫--૬૩૦	
	,,	૧૦. લેબો.આસિ. હર્બેરિયમ આસિસ્ટન્ટ	૧૫૩--૪૬૫	૨૬૦--૪૩૦	૨૬૦--૪૩૦	૪૦૦--૭૦૦	
	,,	૧૧. સીનિ. કલાર્ક અને સમકક્ષ	૨૧૫--૫૨૦	૩૮૦--૫૬૦	૩૩૦--૫૬૦	૩૫૦--૭૧૦	

રજૂઆત

યુનિવર્સિટીનાં પગારધોરણો રાજ્ય સરકારનાં પગારધોરણો કરતાં પહેલેથી જ ઊંચા હોવાથી રાજ્ય સરકારે મૂળ પગાર અને સીલિંગના પગારના તફાવતનો જે રેશિયો રાખ્યો છે તે ધ્યાનમાં લઈને આ પગારો આપવા વિનંતી છે. જે તે રેશિયા મુજબ રાખવા માંગવામાં આવ્યા છે, કારણકે યુનિવર્સિટીમાં પ્રમોશનની ઘણી જ જૂજ તકો છે. અન્ય કેડરોમાં રેશિયો જળવાવો જોઈએ તથા ઇજાફા જૂના પગારધોરણના જળવાઈ રહેવા જોઈએ.

૧	૨	૩	૪	૫	૬		૭
ગુજરાત કર્મચારી	યુનિવર્સિટી સંઘ	૧૨. ખૂન-કમ-એટેંડેન્ટ (ગ્રંથાલય)	૯૯–૧૯૦	૧૯૬–૨૩૨	૧૯૬–૨૩૨	૨૬૦–૩૫૦	એક જ પ્રકારની સેવાઓ માટે તમામ યુનિવર્સિટીઓનાં ગ્રંથાલયોમાં આવા પ્રકારનું કામ કરતા કર્મચારીઓને સરખો સ્કેલ આપવો જોઈએ.
	"	૧૩. હેડક્લાર્ક	૩૧૩–૫૭૫	૪૨૫–૭૦૦	૪૨૫–૮૦૦	૫૦૦–૯૦૦	યુનિવર્સિટીમાં જે જે કેડરો સમકક્ષ છે તે બધી જ કેડરોનાં પગારધોરણો સરખી રીતે સુધારવા જોઈએ. તેમાં ભિન્નતા થવાથી સરખા કરીને માગણી કરેલ છે.
	"	૧૪. આસિ. એકાઉન્ટન્ટ	૩૧૩–૫૭૫	૫૦૦–૯૦૦	૫૦૦–૯૦૦		
	"	૧૫. ટેકનિકલ આસિસ્ટન્ટ	૩૧૩–૫૭૫	૫૦૦–૯૦૦	૪૨૫–૭૦૦		
	"	૧૬. કાર્યાલય નિયામક	૪૬૬–૬૬૦	૬૫૦–૧,૦૪૦	૬૫૦–૯૦૦	૬૫૦–૧,૨૦૦	
	"	૧૭. ડેપ્યુટી એકાઉન્ટન્ટ	૪૬૬–૬૩૦	૬૫૦–૧,૨૦૦	૬૫૦–૧,૨૦૦		
૩૭.	ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોઈઝ યુનિયન	જુનિયર કંપોઝીટર	૧૪૫–૨૪૫	૩૫૦–૫૬૦	૨૬૦–૪૩૦	૩૫૦–૫૬૦	દેસાઈ પંચની ભલામણ પ્રમાણે પગારધોરણ આપવા વિનંતી છે.
૩૮.	ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝર સ્ટાફ એસોસિએશન	૧. પરીક્ષા-નિયામક	૯૦૫–૧,૩૫૫	૧,૧૦૦–૧,૬૦૦	૯૦૦–૧,૫૦૦	૧,૩૬૦–૨,૦૦૦	
	"	૨. વિકાસ અધિકારી	૮૫૫–૧,૩૫૫	૧,૩૦૦–૧,૭૦૦	૯૦૦–૧,૫૦૦	૧,૩૦૦–૨,૦૦૦	
		૩. કોમ્પ્યુટર સી. સુપરિ.	૭૦૦–૧,૦૫૦	૯૦૦–૧,૫૦૦	૯૦૦–૧,૫૦૦	૧,૨૧૦–૧,૯૧૦	

૪. ડે. રજિસ્ટ્રાર	૬૪૦--૧,૨૦૦	૧,૧૦૦--૧,૬૦૦	૯૦૦--૧,૫૦૦	૧,૨૦૦--૧,૯૦૦	યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોનાં પગારધોરણો પ્રમાણે ગણીને કુલસચિવને પ્રોફેસરનો એટલે કે રૂ. ૧,૫૦૦-૨,૫૦૦ અને તેની નીચેની કક્ષાને રીડર એટલે કે રૂ. ૧,૨૦૦-૧,૯૦૦ અને આસિ. રજિસ્ટ્રાર અને નીચેની કક્ષાના કર્મચારીને લેકચરર એટલે કે રૂ. ૭૦૦--૧,૬૦૦નું પગારધોરણ આપ્યું.
૫. પ્રેસ-મૅનેજર	૬૪૦--૧,૨૦૦	૧,૧૦૦--૧,૬૦૦	૯૦૦--૧,૫૦૦	૧,૨૦૦--૧,૯૦૦	
૬. એકાઉન્ટન્ટ	૫૧૨--૯૮૦	૧૧૦૦--૧,૬૦૦	૭૦૦--૧,૫૦૦	૧,૧૦૦--૧,૬૦૦	
૭ આસિ. રજિસ્ટ્રાર અને એ. આર. કમ. પી. એસ. ટુ વી. સી.	૫૧૨--૮૮૨	૭૦૦--૧,૩૦૦	૭૦૦--૧,૩૦૦	૭૦૦--૧,૧૦૦	
૮. પબ્લિકેશન ઑફિસર	૪૮૭--૮૧૦	૭૦૦--૧,૩૦૦	૬૫૦--૧,૨૦૦	૭૦૦--૧,૬૦૦	
૯. કાર્યાલય નિયામક	૪૬૬--૬૬૦	૬૫૦--૧,૦૪૦	૬૫૦--૯૦૦	૫૫૦--૧,૧૮૦	
૧૦. ડે. એકાઉન્ટન્ટ	૪૬૬--૬૬૦	૬૫૦--૧,૨૦૦	૬૫૦--૧,૨૦૦	૫૫૦--૧,૧૮૦	
૧૧. એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ	૪૪૭--૭૩૨	૭૦૦--૧,૬૦૦	૭૦૦--૧,૩૦૦	૫૫૦--૧,૧૮૦	
૧૨. આસિ. ડી. ઑફ યૂથ વેલ્ફેર	૪૬૬--૬૬૦	૬૫૦--૧,૨૦૦	૬૫૦--૧,૨૦૦	૫૫૦--૧,૧૮૦	

૧૩. આસિ. ડી. પી. ઈ.	૪૬૬--૬૬૦	૬૫૦--૧,૨૦૦	૬૫૦--૧,૨૦૦	૫૫૦--૧,૧૮૦	
૧૪. આસિ. એડ-મિનિસ્ટ્રેટર	૪૬૬--૬૬૦	૬૫૦--૧,૨૦૦	૬૫૦--૧,૨૦૦	૫૫૦--૧,૧૮૦	
૧૫. પી. એ. ટૂ. રજિસ્ટ્રાર	૩૪૩--૬૫૦	૬૫૦--૧,૦૪૦	૬૫૦--૯૦૦	૫૫૦--૧,૧૮૦	
૧૬. સ્ટેનોગ્રાફર	૨૯૩--૫૨૫	૪૭૫--૮૦૦	૪૭૫--૮૦૦	૬૫૦--૧,૦૪૦	પ્રથમ ગ્રેડ

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૮૫

"શ્રી લક્ષ્મીચંદ મીઠાલાલ સંશોધન ટ્રસ્ટ શિષ્યવૃત્તિ"

૧. દાતાનું નામ તથા સરનામું : શ્રી. કાંતિલાલ મગનલાલ શાહ,
પાર્ટનર, મેસર્સ શાહ લક્ષ્મીચંદ મીઠાલાલ,
લક્ષ્મી ઑઈલ મિલ્સ, કપડવંજ, જિલ્લો ખેડા.

૨. પ્રદાનની રકમ : રૂપિયા ૧૦,૦૦૦,

૩. પ્રદાનનો પ્રકાર : પ્રતિવર્ષે એક શિષ્યવૃત્તિ

૪. પ્રદાન સ્વીકારવાનું એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તારીખ ૯-૧૦-૧૯૭૬ની સભામાં ક્રમાંક ૧૨થી મંજૂર કર્યું છે.

નિયમ

૧. "શ્રી લક્ષ્મીચંદ મીઠાલાલ સંશોધન ટ્રસ્ટ શિષ્યવૃત્તિ" એ નામની આશરે વાર્ષિક રૂ. ૯૫૦ની એક શિષ્યવૃત્તિ પ્રતિવર્ષે ગુજરાત યુનિવર્સિટીનાં ભવનો, કેન્દ્રો તથા યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓમાં બિઝનેસ મૅનેજમેન્ટ, ટેક્ષ્ટાઈલ કેમિસ્ટ્રી, પોલિમર સાયન્સ, કૉમ્પ્યુટર સાયન્સ તથા સ્પેસ સાયન્સના વિષયોમાં અભ્યાસ કરતા હોય એવા વિદ્યાર્થીઓની આવેલી અરજીઓમાંથી વિદ્યાર્થીનો અભ્યાસ તથા તેની જરૂરિયાત જોઈને એક શિષ્યવૃત્તિ યુનિવર્સિટીએ નીમેલી સમિતિ જે વિદ્યાર્થીને ઍનાયત કરશે તેને આપવામાં આવશે.

૨. સદરહુ શિષ્યવૃત્તિ પ્રતિવર્ષ ઍનાયત કરવા માટે યુનિવર્સિટીએ નિયત કરેલ ફૉર્મમાં અરજીઓ ઑગસ્ટ માસમાં મંગાવવામાં આવશે અને તે અંગેની માહિતી યુનિવર્સિટી તરફથી અનુસ્નાતક ભવનો, અનુસ્નાતક કેન્દ્રો તથા યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓમાં પરિપત્રિત કરવામાં આવશે.

૩. સદરહુ શિષ્યવૃત્તિ ઍનાયત કરવા અંગેની સમિતિમાં નીચે પ્રમાણે સભ્યો રહેશે :
   ૧. કુલપતિશ્રી
   ૨. ભવનોના અધ્યક્ષોમાંથી કુલપતિશ્રી જે બે સભ્યો નીમે તેઓ
   ૩. શ્રી. કુલસચિવ.

૪. સદરહુ શિષ્યવૃત્તિની વાર્ષિક રૂ. ૯૫૦ની રકમ સત્ર દીઠ રૂ. ૪૭૫-૦૦ પ્રમાણે ચૂકવવામાં આવશે અને તે માટે વિદ્યાર્થીએ સંતોષકારક અભ્યાસ અને સારી ચાલચલગત અંગેનું સંસ્થાના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

૫. સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવામાં અરજદારની નાત, જાત, ધર્મ કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૬. જે વર્ષ માટે વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવશે તે અંગેની જાહેરાત તે વર્ષના પદવીદાન સમારંભ વખતે શકય હશે ત્યાં સુધી કરવામાં આવશે.

૭. જે વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવશે તેનાં નામ અને સરનામાની હકીકત જાણ કરવામાં આવશે.

૮. જે વર્ષે શિષ્યવૃત્તિ એનાયત કરવાને લાયક કોઈ વિદ્યાર્થી માલૂમ પડશે નહિ તો તે વર્ષ માટેની વ્યાજની રકમનો ઉપયોગ ઉપરના વિષયોમાં સામયિકો ખરીદ કરવા માટે કુલપતિશ્રીની મંજૂરી મેળવી ખર્ચ કરવામાં આવશે.

૯. આ પ્રકારની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

"શ્રી લક્ષ્મીચંદ મીઠાલાલ સંશોધન ટ્રસ્ટ શિષ્યવૃત્તિ" મેળવવા માટેનું અરજીપત્રક

૧. વિદ્યાર્થીનું નામ, રહેઠાણનું સરનામું :

૨. વિદ્યાર્થીની ઉંમર :

૩. વિદ્યાર્થી કયા વર્ગમાં અભ્યાસ કરે છે તેની વિગત તથા કઈ સંસ્થામાં અભ્યાસ કરે છે તેની વિગત :

૪. છેલ્લી પરીક્ષાનું ગુણપત્રક સામેલ કરવું.

૫. વિદ્યાર્થીની પોતાની અથવા તેના વાલીની વાર્ષિક આવક :

૬. વિદ્યાર્થી પોતે ટયુશન ફી સિવાયની અન્ય કોઈ શિષ્યવૃત્તિ મેળવતા હોય તો કેટલી રકમ અને કઈ સંસ્થા પાસેથી મેળવે છે તેની વિગત :

૭. શિષ્યવૃત્તિની માગણી અંગેનાં વિગતવાર કારણો :

૮. જે સંસ્થામાં અભ્યાસ કરતા હોય તે સંસ્થાના વડાની ભલામણ.

તા. — —૧૯૭૭ વિદ્યાર્થીની સહી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૯૪

અનુસ્નાતક અભ્યાસ માટે સંશોધન શિષ્યવૃત્તિઓ માટે આવેલ અરજીઓ પર વિચારણા કરી પોતાની ભલામણો કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની વર્ષ ૧૯૭૭-૭૮ની દ્વિતીય સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તા. ૨૩-૨-૧૯૭૮ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૩.	ડૉ. જે. એ. યાજ્ઞિક	હાજર
૪.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૫.	પ્રો. ડી. એન. પાઠક	ગેરહાજર

૧. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૯-૯-૧૯૭૭ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૯-૯-૧૯૭૭ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ફંડમાંથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપનો સમય બે વર્ષનો થયે ફેલોશિપ માસિક રૂ. ૫૦૦-૦૦ના દરે ચૂકવવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેના તા. ૩૦-૧૧-૧૯૭૭ના પત્રાંક એફ. ૫-૧૧૨-૭૭ (આર.એફ.)થી મંજૂરી મલ્યાની નોંધ લેવા તથા નીચેના રિસર્ચ ફેલોના નામ સામે જણાવેલ તારીખથી માસિક રૂ. ૫૦૦-૦૦ના દરે ફેલોશિપ ચૂકવ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ફેલોનું નામ	શિક્ષક	કૉલેજ સંસ્થા	ફેલોશિપ માસિક રૂ. ૫૦૦ના દરે ચૂકવ્યાની તારીખ
૧. કુ. જાગૃતિ એસ. પંડ્યા	ડૉ. ટી. એસ. નાન્દી	યુનિવર્સિટી ભાષા ભવન	૨૬-૭-૧૯૭૬
૨. કુ. પારુલ કે. માંકડ	,,	,,	૧-૭-૧૯૭૭

કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. નીચેના વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શિષ્યવૃત્તિ/ફેલોશિપ તેમના નામ સામે જણાવેલ કારણોસર બંધ કર્યાની-પાછી ખેંચ્યાની કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

	વિદ્યાર્થીનું નામ	ફેલોશિપ	કૉલેજ/સંસ્થા	શિક્ષક	ફેલોશિપ શિષ્યવૃત્તિનો સમય	ફેલોશિપ બંધ કર્યા/પાછી ખેંચ્યાની તારીખ	ફેલોશિપ શિષ્યવૃત્તિ બંધ કર્યા અંગે/પાછી ખેંચ્યાનું કારણ
૧.	રાકેશ બન્સાલ	ગુજરાત સરકારની શિષ્યવૃત્તિ	યુનિવર્સિટી વિજ્ઞાન ભવન	ડૉ. એસ. પી. સકસેના	૧૬-૬-૧૯૭૭ થી ૧૫-૬-૧૯૮૦	૧૬-૬-૧૯૭૭	અભ્યાસ છોડી દીધો હોવાથી
૨.	શ્રી. પંકજ પી. વૈષ્ણવ	ગુજરાત સરકારની શિષ્યવૃત્તિ	યુનિવર્સિટી વિજ્ઞાન ભવન	ડૉ. જે. જે. ચિનોય	૧૦-૮-૧૯૭૪ થી ૧૦-૮-૧૯૭૮	૩૦-૧૧-૧૯૭૭	સી.એસ.આઈ. આર.માં ફેલોશિપ મળી હોવાથી
૩.	શ્રી. શંકરલાલ લેલાપતજી મિનેરિયા	પાંચમી યોજના હેઠળ યુ.જી.સી.ની જુ. રિસર્ચ ફેલો.	યુનિવર્સિટી વાણિજ્ય ભવન	ડૉ. એમ. દાસગુપ્તા	૧૫-૬-૧૯૭૭ થી ૧૪-૬-૧૯૭૯	૧૫-૬-૧૯૭૭	નોકરીમાં જોડાયા હોવાથી
૪.	શ્રી. રવિકુમાર કે. જી. કે. આર. નૈયર	યુ.જી.સી. જુનિયર રિસર્ચ ફેલોશિપ	યુનિવર્સિટી વિજ્ઞાન ભવન	ડૉ. કે. એમ. ડી. કોટડિયા	૧૫-૬-૧૯૭૭ થી ૧૪-૬-૧૯૭૯	૧૫-૬-૧૯૭૭	નોકરી સ્વીકારી હોવાથી
૫.	શ્રી. ઉપેન્દ્રકુમાર કનૈયાલાલ દવે	,,	,,	ડૉ. એમ. સી. જયસ્વાલ	૧૫-૬-૧૯૭૭ થી ૧૪-૬-૧૯૭૯	૧૫-૬-૧૯૭૭	સી.એસ.આઈ. આર.ની ફેલોશિપ મલી હોવાથી
૬.	કુ. કૃષ્ણા સી. ભટ્ટ	,,	,,	ડૉ. જે. જે. ચિનોય	૨૨-૭-૧૯૭૪	૧-૧૨-૧૯૭૭	,,
૭.	શ્રી. દત્તકુમાર આઈ. ભટ્ટ	,,	,,	ડૉ. આર. કે. શાહ	૧૫-૧૧-૧૯૭૩ થી ૧૪-૧૧-૧૯૭૭	૧૯-૮-૧૯૭૭	પીએચ.ડી. માટેની થિસિસ રજૂ કરી હોવાથી
૮.	શ્રી. સુધીર આર. દેસાઈ	પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની જુ. રિસર્ચ ફેલોશિપ	,,	,,	૧-૪-૧૯૭૬ થી ૩૦-૬-૧૯૭૮	૮-૯-૧૯૭૭	,,
૯.	શ્રી. સુરેશચંદ્ર એન. જહા	યુ.જી.સી.ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	યુનિવર્સિટી ભાષા ભવન	ડૉ. એ. એસ. નાગર	૧-૬-૧૯૭૬ થી ૩૧—૫-૧૯૭૮	૧-૯-૧૯૭૭	નોકરી સ્વીકારી હોવાથી

કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. નીચેના વિદ્યાર્થીઓએ પીએચ.ડી. માટેનો અભ્યાસ છોડી દીધો હોવાને કારણે તેમના નામ સામે જણાવેલ જે તે શિષ્યવૃત્તિની તેમને ચૂકવેલ રકમ પરત વસૂલ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

નામ	શિષ્યવૃત્તિ	શિષ્યવૃત્તિનો સમય	ચૂકવેલ રકમ રૂ.
૧. શ્રી. જયોર્જ સી. જેકોબ ચેકત	ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિ	૨૧-૭-૧૯૭૩ થી ૨૮-૨-૧૯૭૪	૧,૮૩૮-૭૧
૨. કુ. દક્ષા એમ. મહેતા	યુનિવર્સિટીની સંશોધન શિષ્યવૃત્તિ	૧૨-૮-૧૯૭૪ થી ૨૧-૩-૧૯૭૬	૩,૯૧૧-૨૯

કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. ખાલી પડેલ સંશોધન શિષ્યવૃત્તિઓ આપવા માટે આવેલ અરજી પર વિચારણા કરી ભલામણ કરવા અંગે.

આથી કરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવી :

(૧) માસિક રૂપિયા ૪૦૦ વત્તા વાર્ષિક રૂ. ૧,૧૦૦-૦૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિતની (૧) યુ.જી.સી.ની ફાજલ પડેલી ૮ જુનિયર રિસર્ચ ફેલોશિપ તથા (૨) પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની ફાજલ પડેલી ૩ જુનિયર રિસર્ચ ફેલોશિપ નીચેના વિદ્યાર્થીઓને તેઓ ફેલોશિપના સમય દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે તથા ફેલોશિપના નિયમો અને શરતોને આધીન નીચે જણાવેલ જે તે વિદ્યાર્થીઓને ફેલોશિપ ખાલી પડી હોય તે તારીખ અગર તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી હાલ પ્રથમ તબક્કે બે વર્ષ માટે એનાયત કરવી.

(એ) યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ
(વિજ્ઞાન)

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	કૉલેજ / સંસ્થા
૧.	શ્રી. અનંતથન સુબ્રમન્યમ	ફાર્મસી	ડૉ. એમ. બી. દેવાણી	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ.
૨.	કુ. શાહ જયશ્રી એચ.	રસાયણવિજ્ઞાન	ડૉ. બી. એમ. દેસાઈ	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	કૉલેજ / સંસ્થા
૩.	કુ. ત્રિવેદી બિન્દુ કે.	રસાયણવિજ્ઞાન	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૪.	કુ. વ્યાસ ચારુલત્તા વી.	રસાયણવિજ્ઞાન	ડૉ. એમ. એન. દેસાઈ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૫.	કુ. લાહેરી શ્વેતા એ.	રસાયણવિજ્ઞાન	ડૉ. એમ. એચ. ગાંધી	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૬.	શ્રી. બુડ્ડાલા વેંકટ એસ. રાવ	રસાયણવિજ્ઞાન	ડૉ. આર. કે. શાહ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૭.	કુ. કલુસ્કર સંધ્યા એસ.	વનસ્પતિવિજ્ઞાન	ડૉ. એ. બી. વૈરા	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ

(હ્યુમેનિટીઝ)

૮.	શ્રી. અન્સારી અશફાકી એહમદ જે.	ઉર્દૂ	ડૉ. એમ. એચ. ફારુકી	ગુજરાત કૉલેજ, અમદાવાદ

(બી) પાંચમી યોજના હેઠળની જુનિયર રિસર્ચ ફેલોશિપ

૯.	શ્રી. શાહ ગિરીશકુમાર વી.	રસાયણવિજ્ઞાન	ડૉ. એમ. એન. દેસાઈ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૧૦.	કુ. ઉપાધ્યાય અચલા પી.	સંસ્કૃત	ડૉ. નગીનદાસ શાહ	એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ
૧૧.	શ્રી. શેખાની બછરાજ	કૉમર્સ	ડૉ. એન. દાસગુપ્તા	યુનિવર્સિટી વાણિજ્ય વિદ્યાભવન, અમદાવાદ

નોંધ.—ક્રમાંક ૨, ૩ અને ૯ને અગાઉ રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ આપવામાં આવેલી તેને બદલે યુ.જી.સી.ની ઉપરોક્ત જુનિયર ફેલોશિપ આપવામાં આવી છે.

(૨) ગુજરાત રાજ્ય સરકારની ફક્ત વિજ્ઞાનના વિષયો માટેની પીએચ.ડી. સંશોધન માટેની માસિક રૂ. ૨૫૦/—ની એક એમ ત્રણ શિષ્યવૃત્તિઓ પૈકી ખાલી પડેલી એક શિષ્યવૃત્તિ નીચેના વિદ્યાર્થીને તેઓ શિષ્યવૃત્તિના સમય દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તેમ જ તે શિષ્યવૃત્તિ ચાલુ રહે ત્યાં સુધી બીજી અન્ય સંસ્થાની શિષ્યવૃત્તિ માટે માગણી કરશે નહીં તથા મજકૂર શિષ્યવૃત્તિના નિયમોને આધીન તા. ૧૫-૬-૧૯૭૭ કે તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી ત્રણ વર્ષ માટે એનાયત કરવી અને તે માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	કૉલેજની સંસ્થા
૧.	શ્રી. અકબરી રસિકલાલ પી.	ગણિતશાસ્ત્ર	ડૉ. એલ. કે. પટેલ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ.

(૩) નીચેના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ જુનિયર ફેલોશિપ મેળવવાની વિનંતી સ્વીકારવી નહીં:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	કૉલેજ/સંસ્થા
૧.	કુ. ભુચ સ્મૃતિ એસ.	ગણિતશાસ્ત્ર	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ.
૨.	શ્રી. દેસાઈ હેમંત ટી.	રસાયણવિજ્ઞાન	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ.
૩.	શ્રી. લોહ લાલજીભાઈ પી.	અર્થશાસ્ત્ર	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૪.	કુ. શેઠ પીનાબહેન એચ.	શિક્ષણશાસ્ત્ર	યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૫.	શ્રી. એન્ટોની જે. પરાપલ્લાઈ	વનસ્પતિવિજ્ઞાન	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર રિસર્ચ ફેલોશિપ આપવામાં આવે ત્યારે તેમના તરફથી સ્ટેમ્પ પેપર પર બોન્ડ કઈ વ્યક્તિનું આવે તો ગ્રાહ્ય ગણવું તે અંગેના નિયમ નં. ૭ આ સાથે જોડેલ પરિશિષ્ટ પ્રમાણે છે તે પૈકી નિયમની નોંધમાં જણાવેલ 4માં નીચે પ્રમાણે ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત:

N.B.—(4) A Gazetted officar in the employment of the Gujarat State or the home state of the concerned candidate if Gujarat is not his home state **or the Central Government of India.**

આથી આ સભા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી યુ.જી.સી.ની જુનિયર ફેલોશિપ માટેના નિયમ નં. ૭ હેઠળની નોંધ (૪) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી.

N.B.—(4) A Gazetted officer in the employment of the Gujarat State or the home state of the concerned candidate **or the Central Government of India.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી તમામ શિષ્યવૃત્તિઓ માટે પણ ભલામણ થનાર વ્યક્તિ અંગે ઉપર મુજબ કરવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. બી. વોરા
કુલસચિવ વતી

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯,

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની એપ્રિલ માસની સભા, શનિવાર, તા. ૨૯-૪-૧૯૭૮ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખ-સ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઇ જેઠાભાઇ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૪-૧૯૭૮
૧.	શ્રી. ઈશ્વરભાઇ જેઠાભાઇ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઇ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઇ પટેલ	ગેરહાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઇ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૦.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૧.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૨.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૩.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૪.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૫.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય બી. એમ. પીરજાદા	ગેરહાજર
૧૭.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૮.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ ભટ્ટ	હાજર
૧૯.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૨૫-૨-૧૯૭૮ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૫—૨—૧૯૭૮ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ, જે તા. ૨૮—૪—૧૯૭૮ના રોજ પરિપત્રિત કરવામાં આવ્યા હતા, સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

પાનું ૧૪, બાબત ક્રમાંક ૨૮	સદરહુ બાબત અંગે પાના નં. ૧૫, 'Explanation'માં 'not exceeding 1½ hours' શબ્દો રદ ગણવા.
પાનું ૨૧, બાબત ક્રમાંક ૪૧(૨)	પરિશિષ્ટ 'ખ' તરીકે ઑ. ૧૬૫ને બદલે બાબત ક્રમાંક ૪૧(૨)થી સુધારેલા સ્ટેચ્યૂટ્સ ગણવા (સદરહુ સુધારેલા સ્ટેચ્યૂટ્સ) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૫—૨—૧૯૭૮ની સભાની કામકાજની યાદી સાથે પરિપત્રિત કરવામાં આવેલ હતા) પાના નં. ૫૭ પર સદરહુ બાબત અંગે આપવામાં આવેલ પરિશિષ્ટ 'ખ' ખોટું હોવાથી તેને રદ ગણવું.
પાનાં ૩૮ અને ૪૩, બાબત ૬૩ અને ૭૪	સદરહુ બાબતો અંગે અનુક્રમે પાનાં ૪૦ તથા ૪૪ પર 'આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ ઉપરની ભલામણ મંજૂર કરવી' એમ ઠરાવ તરીકે વાંચવું અને ત્યાં આપેલા ઠરાવને 'વધુમાં ઠરાવવામાં આવે છે' તે રીતે વાંચવો.

૨. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કલાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. જી. દેસાઈ તા. ૧-૪-૧૯૭૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડ તથા ગ્રેચ્યુઈટીની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૧-૩-૧૯૭૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. એસ. જી. દેસાઈ યુનિવર્સિટી ગ્રંથાલયમાં તા. ૫-૮-૧૯૬૦ના રોજ જોડાયા હતા અને તા. ૧-૪-૧૯૭૮થી રાજીનામું આપી છૂટા થયા હતા.]

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કાર્યાલયે સભાગૃહનું ધ્યાન બાબત નં. ૯૮ની પેટાબાબત (૫) તરફ ખેંચ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૯૮ની પેટાબાબત (૫)માં જણાવ્યા મુજબ કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. ડી. રાઠોડનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૨-૪-૧૯૭૮ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનના પટાવાળા શ્રી. કે. ડી. રાઠોડની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. ડી. રાઠોડને પટાવાળાની જગ્યા પર તા. ૧૩–૪–૧૯૭૮થી કાયમ કરવા.

૪. યુનિવર્સિટી મુદ્રણાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	પગારધોરણ	હાલનો પગાર	તારીખ
૧.	શ્રી. એફ. બી. પટેલ	જુનિ. કોમ્પો.	૨૬૦–૮–૩૦૮ ઈ.બી. ૮–૩૪૦ –૧૦–૩૬૦ ઈ.બી. ૧૦–૪૩૦	૩૬૦	૨૨–૨–૧૯૭૮
૨.	શ્રી. કે. પી. પટેલ	,,	,,	૩૬૦	૧૯–૩–૧૯૭૮
૩.	શ્રી. એમ. એસ. જોશી	,,	,,	૩૬૦	૧૪–૩–૧૯૭૮
૪.	શ્રી. એન. એમ. મકવાણા	આસિ. બાઈન્ડર	૨૬૦–૮–૩૪૬ ઈ.બી. ૮–૩૭૦ –૧૦–૪૧૦ ઈ.બી. ૧૦–૪૮૦	૪૧૦	૨–૩–૧૯૭૮

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ તમામ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી અને પગારધોરણમાં અને તેમનાં નામ સામે જણાવેલ પગાર પછીનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫. યુનિવર્સિટી કાર્યાલયના નાયબ કુલસચિવ શ્રી. એસ. પી. મેઢની નિવૃત્તિના કારણે ખાલી પડતી નાયબ કુલસચિવની જગ્યા અંગેની વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નાયબ કુલસચિવની જગ્યા માટેની વરણીસમિતિની રચના નીચે મુજબ કરવી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય કે. એન. શાહ
૪. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૫. આચાર્ય હરિશંકર પંડ્યા
૬. આચાર્ય એમ. સી. શાહ
૭. શ્રી. કે. સી. પરીખ, કુલસચિવ.

૬. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તથા પી. બી. સાયન્સ કૉલેજ, કપડવંજ એમ ત્રણે કૉલેજનું એક સંકુલ કરવા અંગે મંજૂરી આપવા માટે સદરહુ કૉલેજોના સંચાલક મંડળના મંત્રીશ્રીએ તેમના તા. ૨૪-૨-૧૯૭૮ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરી એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૧-૧૯૭૮ની સભાના ઠરાવ ક્રમાંક ૮૮ અન્વયે સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૭. પછાત વર્ગ/જાતિના વિદ્યાર્થીઓને જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવા માટે યુનિવર્સિટીઓમાં અને કૉલેજોમાં ૨૦ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેના યુ.જી.સી.ના તા. ૩-૧૧-૧૯૭૭ના ડી.ઓ. પત્રાંક એફ. ૧-૩૫-(૭૭) (સી.પી.) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્ર સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પરિપત્રિત કરવી.

૮. નોર્વે ખાતે તા. ૨ થી ૫ એપ્રિલ ૧૯૭૮ દરમ્યાન યોજાનાર "15th Annual Workshop on the Testis Endocrine Approach to Male Contraception"માં હાજરી આપવા ડૉ. (કુ.) એન. જે. ચિનોય, લેક્ચરર ઇન ઝૂલોજીને આમંત્રણ મળેલું હોઈ તેમને પરવાનગી આપવા તેમ જ ૧૦ દિવસની સ્પેશિયલ રજા આપવા અંગેના તેમના તા. ૧૨-૧-૧૯૭૮ના પત્રાંક ઝૂલ. (એનજેસી)-૧૯૯૩/૭૮ પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં કાર્યાલયે સભાગૃહનું ધ્યાન બાબત નં. ૯૮ની પેટાબાબત (૧૧) તરફ ખેંચ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૯૮ની પેટાબાબત (૧૧)માં જણાવ્યા મુજબ કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૯. "સ્વ. શ્રી. સી. સી. દેસાઈ પારિતોષિક" જે એસ.એસ.સી.માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી માટે એનાયત થયેલ છે, પરંતુ નવી તરાહના અમલના કારણે હવે તે પારિતોષિક ગુજરાત રાજ્ય હાયર સેકન્ડરી બોર્ડ તરફથી લેવામાં આવતી ૧૨મા ધોરણની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજમાં અભ્યાસ માટે જોડાનાર વિદ્યાર્થીને એનાયત કરવા માટે નીચે પ્રમાણેનો સૂચિત નિયમ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—દાતાએ સદરહુ પ્રદાનના નિયમમાં ફેરફાર કરવાની મંજૂરી આપેલી છે.]

[જૂનો નિયમ :

ગુજરાત રાજ્ય એસ. એસ. સી. બોર્ડ તરફથી પ્રતિવર્ષ લેવાતી એસ. એસ. સી.ની પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લાની માન્ય હાઈસ્કૂલમાંથી બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી સમગ્ર રીતે સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ ગુજરાત યુનિવર્સિટીની કોઈ પણ સંલગ્ન કૉલેજમાં જોડાયેલા વિદ્યાર્થીઓમાંથી એસ. એસ. સી.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવ્યા હોય તો તેને આશરે રૂ. ૨૫૦/-નું રોકડ રકમનું " શ્રી. સી. સી. દેસાઈ પારિતોષિક " આપવામાં આવશે. જો સરખા ગુણાંક મેળવનાર એક કરતાં વધારે વિદ્યાર્થીઓ હશે તો તે પારિતોષિકની રકમ સરખા ભાગે આપવામાં આવશે.

સૂચિત નિયમ :

" ગુજરાત રાજ્ય હાયર સેકન્ડરી બોર્ડ તરફથી પ્રતિવર્ષ બારમા ધોરણના અંતે લેવાતી હાયર સેકન્ડરી સર્ટિફિકેટ પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લાની માન્ય હાઈસ્કૂલોમાંથી બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી સમગ્ર રીતે સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ ગુજરાત યુનિવર્સિટીની કોઈ પણ સંલગ્ન કૉલેજમાં જોડાયેલા વિદ્યાર્થીઓમાંથી બારમા ધોરણને અંતે લેવાતી હાયર સેકન્ડરી સર્ટિફિકેટ પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવ્યા હોય તો તેને આશરે રૂ. ૨૫૦/-ની રોકડ રકમનું ' સ્વ. શ્રી. સી. સી. દેસાઈ પારિતોષિક ' આપવામાં આવશે. જો સરખા ગુણાંક મેળવનાર એક કરતાં વધારે વિદ્યાર્થીઓ હશે તો તે પારિતોષિકની રકમ સરખા ભાગે આપવામાં આવશે. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક અંગેનો ઉપર મુજબ સુધારેલો નિયમ મંજૂર કરવો.

૧૦. સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરે ૧૯૭૭-૭૮નું શૈક્ષણિક વરસ વ્યાયામ શિક્ષક સિવાય ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. કાપડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ કૉલેજ, સંખેડામાં પૂર્ણ સમયના વ્યાયામ શિક્ષકની નિમણૂક સિવાય આખું વર્ષ ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આચાર્યશ્રી જણાવે છે કે વ્યાયામ શિક્ષકને પ્રી-યુનિવર્સિટીનો વર્ગ બંધ થવાને કારણે સરપ્લસ શિક્ષક ગણી નોટિસ આપેલ હતી, અને તેઓ હાયર સેકન્ડરી વિભાગમાં વ્યાયામ શિક્ષક તરીકે જોડાઈ ગયેલ છે...કૉલેજમાં એન. એસ. એસ.નું આખું યુનિટ ચાલુ છે જેથી વ્યાયામ શિક્ષકની જરૂરિયાત રહેતી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજે ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન પૂરા સમયના વ્યાયામ શિક્ષક વગર ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—કૉલેજે તેના તા. ૧૦-૨-૧૯૭૮ના પત્રાંક ૧૬૩૭/૧૯૭૭-૭૮થી નીચે મુજબ જણાવ્યું છે :

"વ્યાયામ શિક્ષકની અમોને જરૂર લાગતી નથી કારણ કે વ્યાયામનો લાભ લેનાર પ્રથમ વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા નહિવત્ છે જેથી ભગિની કૉલેજ સાથે વિદ્યાર્થીઓને સાંકળી લેવામાં આવ્યા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩. શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર તથા બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદે ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન પૂરા સમયના વ્યાયામ શિક્ષક વગર ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—કાર્યભાર ઓછો હોવાને કારણે આ જગા રાજ્ય સરકાર અનુદાનને પાત્ર ગણતી નથી. આથી ભગિની સંસ્થાના વ્યાયામ શિક્ષકની સેવાઓ લેવામાં આવે છે તેમ સદરહુ કૉલેજોએ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાએ ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષમાં અર્થશાસ્ત્ર વિષયના જરૂરી બંડ સમયના અધ્યાપક સિવાય ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ :** (૧) કૉલેજે વધારાનો કાર્યભાર અન્ય શિક્ષકો વચ્ચે વહેંચ્યો છે.

(૨) આચાર્યશ્રીએ ઉપરોક્ત ક્ષતિ ચાલુ વરસ પૂરતી ગ્રાહ્ય ગણવા વિનંતી કરી છે. નવા વર્ષથી સદરહુ ક્ષતિ દૂર કરવા દરકાર રાખશે તેમ પણ ઉમેર્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ત્રુટી માટે સદરહુ કૉલેજને ઠપકો આપવો તથા જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના અધ્યાપકની નિમણૂક કરવા જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો અર્થશાસ્ત્રના વિષય માટે નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં.

૧૫. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદે કૉમર્સ એકાઉન્ટન્સી વિભાગમાં એક ટ્યૂટરની નિમણૂક કર્યા વિના ચાલુ શૈક્ષણિક વર્ષમાં શિક્ષણકાર્ય ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—કૉલેજે જણાવ્યું છે કે જાહેરાત આપવા છતાં યોગ્ય ઉમેદવાર મળી શકયા નથી અને જૂન ૧૯૭૮થી નવી નિમણૂક કરવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ક્ષતિ માટે સદરહુ કૉલેજને ઠપકો આપવો તથા જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા કૉમર્સ-એકાઉન્ટન્સીના શિક્ષકની નિમણૂક કરવા જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો કૉમર્સ-એકાન્ટન્સીના વિષય માટે નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં.

બંધ કરવાનો [illegible] સરકારે–આ સભાએ લીધેલ હોઈ, કોઈ નવો લાભ આપવામાં ન આવે તો કંઈ [illegible] મળતો લાભ ઝૂંટવી લેવો જોઈએ નહીં તેમ આ સભા માનતી હોઈ, તેમને મળતું [illegible] સદર ૧૦ ટકા ભથ્થું રાખેતા મુજબ પુનઃ ચાલુ કરવાનું આ સભા ઠરાવે છે."

અક્ષેતા[illegible]

"[illegible]ટીના બિનશિક્ષક કર્મચારીઓને તા. ૧-૧-૧૯૭૪થી ૩૧-૧૨-૧૯૭૫ના ગાળાનું પગારધોરણનું એરિયર્સ રોકડમાં ચૂકવવા રાજ્ય સરકારે–યુનિવર્સિટીએ તેમને યુનિવર્સિટીના શિક્ષકોની સમકક્ષ (Par) ગણેલા હોઈ અને રકમની ચુકવણી કરેલ હોઈ તથા ૧-૬-૧૯૬૭ પહેલાં અને ૩૧-૧૨-૧૯૭૨ બાદ યુનિવર્સિટીના શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને એક જ ધોરણે મંજૂરી થયું મળતું હતું—મળે છે, અને એ રીતે ૧-૬-૧૯૬૭ અને ૩૧-૧૨-૧૯૭૨ના ગાળા પૂરતો જ આ ભથ્થું ચૂકવવા યુનિવર્સિટી જેવી સંસ્થાએ કર્મચારી-કર્મચારી વચ્ચે જે ભેદભાવ રાખેલ છે તે ભેદભાવ, શિક્ષકોની માફક આ ગાળા દરમ્યાન મર્જ્ડ સ્કેલ ઉપર અનમર્જ્ડ પી.એચ.ડી.નો ડિફરન્સ બિનશિક્ષક કર્મચારીઓને ચૂકવી આપી દૂર કરવાનું આ સભા ઠરાવે છે."

સદરહુ પ્રસ્તાવો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૨) સદરહુ પ્રસ્તાવ સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૩) સદરહુ પ્રસ્તાવ અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી.

(૪) સદરહુ પ્રસ્તાવ અંગેની વિચારણા ઉપર બાબત નં. ૨૪ હેઠળ કરવામાં આવેલી હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

(૫) સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને ઘટતો પત્ર લખવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૨૬. હાલના આઈ.બી.એમ. ૧૬૨૦ કૉમ્પ્યુટર સાથે એક લાઈન પ્રિન્ટર જોડવા અંગે આવેલ ઓફરો પૈકી ભારત સરકારે પ્રમોટ કરેલી કૉમ્પ્યુટર મેઇન્ટેનન્સ કૉર્પોરેશન (CMC)ની નીચે મુજબની ઓફર પર વિચારણા કરવા બાબત :

(1) Development of interface for imported line-printer and attaching into present I.B.M. 1620 System; also upgradation of Card Reader speed from 250 to 500 c.p.m., total cost Rs. 1,10,000/-.

(2) A Data-100 model 5560 line-printer with 600 l.p.m. speed is suggested to be imported by the University from Data-100 Corporation, U.S.A. at a cost of Rs. 10,000/- dollars C.I.F.

[**નોંધ.**—(૧) ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ ઇલેક્ટ્રોનિક્સના બ્રિગેડિયર બાલા સુબ્રમણ્યમે આ (સીએમસી) કંપનીને કૉન્ટ્રાક્ટ આપવાનું યુ.જી.સી.ને સૂચન કર્યું છે.

(૨) યુ.જી.સી. એ આ પ્રોજેક્ટ માટે રૂ. ૨.૨૫ લાખ [illegible] મંજૂર કરેલી છે.

(૩) ૧૬૨૦ કૉમ્પ્યુટર પી. આર. એલ. તરફથી મળેલ [illegible] તેમની સંમતિ મેળવવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ પ્રસ્તાવો સ્વીકારવા અને તે [illegible] મંજૂરી કરાર કરવા કુલસચિવશ્રીને સત્તા આપવી.

૨૭. એમ.ડી.,એમ.એસ. પદવીની એક શાખામાંથી પદવી પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીને અન્ય શાખાના ડિપ્લોમાના વિષયમાં રજિસ્ટ્રેશન કરવા અંગેની તબીબી વિદ્યાશાખાની તા. ૬-૧૨-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧-૧-૧૯૭૮ની સભામાં ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૪૭):

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી ડિપ્લોમા અભ્યાસક્રમમાં એમ.ડી., એમ.એસ. પદવીની એક શાખામાંથી પદવી પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીને અન્ય શાખાના ડિપ્લોમાના વિષયમાં રજિસ્ટ્રેશન કરાવે તેવા વિદ્યાર્થીને તબીબી ડિપ્લોમા અભ્યાસક્રમમાં એક ટર્મની છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ અન્વયે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. ઑર્ડિ. ૬૬-એ. સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮-૮-૧૯૭૭ની સભાએ જે ભલામણ કરી હતી તેમાં નીચે મુજબનો સુધારો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૧-૧-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૧).

"બાબત નં. ૩૭ પર કરવામાં આવેલા ઠરાવમાં પ્રસ્તૃત ઑર્ડિ. ૬૬-એ સુધારવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી છે તેની પેટાકલમ (૨)ના પાઠમાં "Shall be" અને "10 periods" એ શબ્દોની વચ્ચે "up to" શબ્દ મૂકીને તે મુજબ સુધારેલો ઑર્ડિ. ૬૬-એ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. ૬૬-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવાનું રાખવું :

O. 66-A : (1) It shall be a duty of every full-time teacher to remain present in his department for not less than four hours on every working day.

(2) The work load per week for every full-time teacher in a University Department shall be upto 10 periods

of 60 minutes each, of which lectures shall not exceed eight.

Explanation : The above quantum of work shall include practical work. For the purpose of counting work load one unit of practical work not exceeding 1½ hours shall be considered equivalent to one period of 60 minutes).

૨૯. પ્રથમ વર્ષ વિનયન પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "શ્રી સેવકલાલ રતનલાલ દેસાઈ ચંદ્રક" એનાયત કરવામાં આવે છે તેને બદલે સદરહુ ચંદ્રક માર્ચ ૧૯૭૮થી પ્રથમ વર્ષ બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવા અંગે નિયમમાં ફેરફાર કરવા માટે દાતાના પત્ર અન્વયે કાર્યાલય તરફથી તૈયાર કરવામાં આવેલ નીચે દર્શાવેલ સૂચિત નિયમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

સૂચિત નિયમ :

૧. "શ્રી સેવકલાલ રતનલાલ દેસાઈ ચંદ્રક"એ નામનો આશરે રૂ. ૧૮૦નો એક ચંદ્રક દર વર્ષે જે વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવાયેલ પ્રથમ વર્ષ બી.એ.ની પરીક્ષામાં સૌથી વધારે ગુણાંક મેળવીને પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થાય તેને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક બનાવતાં જે રકમ વધશે તે વિજેતાને રોકડમાં ચૂકવવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચંદ્રક અંગેના ઉપરના નિયમો મંજૂર કરવા.

૩૦. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજ શિક્ષકોના સુધારેલ પગારધોરણના સંદર્ભમાં રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના સરકારી ઠરાવ પરથી ઊભા થતા પ્રશ્નો અંગે એકેડેમિક કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિએ તેની તા. ૧૯-૯-૧૯૭૭ની સભામાં સદરહુ ઠરાવની કંડિકા (૭)માં શિક્ષક ૫૫ વર્ષ પૂરાં કરે તે પૂર્વેના મૂલ્યાંકન બાબતમાં કરેલી ભલામણ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧-૧-૧૯૭૮ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત [એ. કા. બા.ક. ૩૦(૪)] :

"યુનિવર્સિટીના તથા સંલગ્ન કૉલેજોના જુદી જુદી કક્ષાના શિક્ષકોના આ મૂલ્યાંકન માટે જે તે શિક્ષકના સદરહુ મૂલ્યાંકન માટે નીચે પ્રમાણે સમિતિની રચના કરવામાં આવે :

૧. (અ) (૧) વિભાગના વડા (હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ) (૨) શિક્ષણનિયામકના પ્રતિનિધિ

(બ) વિભાગીય વડાનું મૂલ્યાંકન (૧) સંસ્થાના વડા અને (૨) શિક્ષણનિયામકશ્રીના પ્રતિનિધિ

અથવા

૨. (૧) શિક્ષક જે વિષયનું શિક્ષણકાર્ય કરતા હોય તે વિષયના બે તજ્જ્ઞો, (તજ્જ્ઞોની યાદી જે તે વિષયની અભ્યાસસમિતિ તૈયાર કરે) જેમાંથી એક તજ્જ્ઞની નિમણૂક

યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલ કરે, જ્યારે તજ્ઞોની સદરહુ યાદીમાંથી જે શિક્ષકનું મૂલ્યાંકન થનાર છે તેના તરફથી સૂચવાયેલ ત્રણ તજ્ઞો પૈકી એકની નિમણૂક એકિઝકયુટિવ કાઉન્સિલ કરે. જેનું મૂલ્યાંકન કરવાનું છે તે શિક્ષકને ઉપર દર્શાવેલ ૧ અથવા ૨ માંથી કઈ પદ્ધતિ અપનાવવામાં આવે તે પસંદ કરવાનો વિકલ્પ રહેશે. જો ઉપર નં. ૧માં દર્શાવેલ સમિતિનો નિર્ણય પ્રતિકૂળ હોય તો નં. ૨ માં દર્શાવેલ સમિતિને અપીલ કરવાનો શિક્ષકને અધિકાર રહેશે. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ અન્વયે સદરહુ સમિતિએ કરેલી ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. તબીબી વિદ્યાશાખાની તા. ૧૩-૧-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" The Faculty of Medicine resolves that with reference to the letter by the Dean, B. J. Medical College (No. 4-PG/R/Extra/77-78/4657 dated 15th July, 1977) addressed to Registrar of Gujarat University, supernumery Registrations may be granted to the students of M. P. Shah Medical College, Jamnagar, and Government Medical College, Surat, now transferred to B. J. Medical College, where Post-graduate teaching facilities are specially provided to them by Government of Gujarat as per G. R. Details of supernumery registrations required are as follows :

Ophthalmology	... 1
Psychiatry	... 2
E.N.T.	... 2
Tuberculosis	... 1

[**નોંધ.**— (૧) ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલે ઠરાવેલ ધોરણોમાં અપવાદ કરીને નીચે મુજબની વધારાની જગ્યાઓ ખોલવાની પરવાનગી ભૂતકાળમાં અપવાદરૂપે આપવામાં આવી હતી, જોકે દરેક વખતે ભવિષ્યમાં આવી પરવાનગી આપી શકાશે નહીં એમ દરેક વખત કૉલેજને જણાવ્યું હતું :

વર્ષ		ડિગ્રી માટે	ડિપ્લોમા માટે	કુલ સંખ્યા
૧. ૧૯૭૫-૭૬	: સુરત અને જામનગરની કૉલેજોમાંથી આવેલા વિદ્યાર્થીઓ માટે	૧૧	૮	૧૯
૨. ૧૯૭૬-૭૭	,,	૧૨	૪	૧૬
૩. ૧૯૭૭-૭૮	: ડિપ્લોમાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે	૬૬	–	૬૬

(૨) વર્ષ ૧૯૭૫-૭૬ના વર્ષમાં જામનગર અને સુરતની કૉલેજના વિદ્યાર્થીઓને માટે વધારાની જગાઓ ઊભી કરવામાં આવી ત્યારે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તા. ૨૬-૮-૧૯૭૫ની સભામાં નીચે મુજબ ઠરાવેલું.

"ઉપર જણાવ્યા પ્રમાણે એમ.ડી., એમ.એસ. પદવી તથા ડિપ્લોમાના વિષયોમાં જે તે શિક્ષકના યુનિટમાં અપવાદ તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષ ૧૯૭૫-૭૬ પૂરતા જ વધારાના વિદ્યાર્થીઓ નોંધવા ડીન, બી. જે. મેડિકલ કૉલેજને પરવાનગી આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આવો અપવાદ ભવિષ્યમાં કરી શકાશે નહિ એમ સદરહુ કૉલેજને જણાવવું."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને બી. જે. મેડિકલ કૉલેજના આચાર્યશ્રી તથા રાજ્ય સરકારને સ્પષ્ટ જણાવવું કે ભવિષ્યમાં આવો અપવાદ કરવાનું કોઈ પણ સંજોગોમાં બની શકશે નહીં.

૩૨. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦-૧૨-૧૯૭૭ની સભામાં નીચેના શિક્ષકો અહીં જોડાતાં પહેલાં જે સંસ્થામાં કામ કરતા હતા તે સંસ્થામાં તેમને મળતો પગાર, પગારધોરણ અને ભથ્થા અંગેની માહિતી મંગાવી તે આવ્યેથી સદરહુ બાબત પુનઃ વિચારણા માટે રજૂ કરવાનું ઠરાવ્યું છે તે અંગે પુનઃ વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	ભવન	જોડાયા તારીખ	જોડાયા ત્યારે આપવામાં આવતો મૂળ માસિક પગાર
૧.	ડૉ. બી. પી. પંડ્યા	લેક્ચરર ઇન સંસ્કૃત	ભાષા ભવન	૧-૯-૧૯૭૭	રૂ. ૭૦૦/-થી
૨.	ડૉ. આર. જી. ગુપ્તા	લેક્ચરર ઇન હિંદી	,,	,,	રૂ. ૭૦૦/-થી
૩.	ડૉ. સુમન જે. શાહ	લેક્ચરર ઇન ગુજરાતી	,,	,,	રૂ. ૭૦૦/-થી
૪.	શ્રી. આર. ડી. ચૌધરી	લેક્ચરર ઇન હિંદી	,,	,,	રૂ. ૭૦૦/-થી
૫.	ડૉ. આર. એ. મલાધી	પ્રોફેસર ઇન ઇંગ્લિશ	,,	૨૬-૯-૧૯૭૭	રૂ. ૧,૧૦૦/-થી
૬.	શ્રી. ડી. આઈ. પરીખ	લેક્ચરર ઇન ગુજરાતી	,,	૧-૯-૧૯૭૭	રૂ. ૭૦૦/-થી
૭.	શ્રી. એચ. એસ. પાઠક	લેક્ચરર ઇન લૉ	,,	૧-૧-૧૯૭૭	રૂ. ૭૦૦/-થી

[**નોંધ.**—(૧) આ અંગે સવિસ્તર માહિતી આ સાથે સામેલ છે.

(૨) ઉપરોક્ત બાબત પરત્વે રાજ્ય સરકારના સંયુક્ત શિક્ષણનિયામકના તા. ૯-૨-૧૯૭૭ના પત્રથી ગુજરાત રાજ્યની કોઈ કૉલેજ કે યુનિવર્સિટીમાંથી

જ્યાં આ પગારધોરણનો અમલ કરવાનું ઠરાવ્યું છે ત્યાંથી જો શિક્ષક આવતા હોય તો છેલ્લો પગાર માન્ય રાખી શકાય તેમ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદાં જુદાં વિદ્યાભવનોમાં નિમાયેલા સદરહુ શિક્ષકોને જે પગારધોરણમાં તેમની નિમણૂકની તારીખથી તેમના નામ સામે જણાવેલ મૂળ પગાર નિયત કરવો :

ક્રમાંક	શિક્ષકનું નામ	મૂળ પગાર ₹.
૧.	ડૉ. બી. પી. પંડ્યા	૧,૩૦૦/-
૨.	ડૉ. આર. જી. ગુપ્તા	૧,૧૦૦/-
૩.	ડૉ. સુમન જે. શાહ	૧,૩૦૦/-
૪.	શ્રી. આર. ડી. ચૌધરી	૯૪૦/-
૫.	ડૉ. આર. એ. મલાઘી	૧,૫૬૦/-
૬.	શ્રી. ડી. આઇ. પરીખ	૯૦૦/-
૭.	શ્રી. એચ. એસ. પાઠક	૭૪૦/-

૩૩. પગારપંચની ભલામણો પર વિચારણા કરીને રાજ્ય સરકારે કરેલા ઠરાવ (તા. ૨૩-૬-૭૬નો જી.આર.) અન્વયે આ સભાગૃહના તા. ૯-૧૧-૧૯૭૬ના ઠરાવ અન્વયે સુધારવામાં આવેલા પોતાના પગારધોરણ તથા પરીક્ષા ભથ્થાની બાબતમાં પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાએ ગુજરાત હાઈ કોર્ટમાં કરેલી અરજી (Sp.C.A. No. 1965/76) પરથી થયેલી કાર્યવાહીના સંદર્ભમાં તેમના તરફથી આવેલ તા. ૨-૨-૧૯૭૭ની તથા તેમના વકીલ તરફથી આવેલ તા. ૨૨-૧-૧૯૭૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં બાબત નં. ૮૦ હેઠળની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. લંબાણ ચર્ચાવિચારણા કરીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પ્રકાશન અધિકારીનું પગારધોરણ ₹. ૭૦૦થી ૧૩૦૦ પ્રમાણે રાખવા રાજ્ય સરકારને ભલામણ કરવી. તે મંજૂર થયેથી તેમના સુધારેલા પગારધોરણમાં તેનો અમલ તા. ૧-૧-૧૯૭૩થી કરવાનો રહેશે. આ અમલ તેથી પણ પહેલા કરવાની તેમની વિનંતી માન્ય કરી શકાય તેમ નથી.

૨. પ્રકાશન અધિકારી અને પ્રકાશન વિભાગના કર્મચારીઓને પરીક્ષાના કામ માટે લેવામાં આવતા નથી તેની નોંધ લેવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સ્થાયી સમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ પ્રકાશન અધિકારીનું ₹. ૭૦૦-૪૦-૯૮૦ ઈ.બી. ૪૦-૧,૧૦૦-૫૦-૧,૨૦૦ ઈ.બી. ૫૦-૧,૩૦૦નું પગારધોરણ તા. ૧-૧-૧૯૭૩થી અમલમાં આવે તે રીતે સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦-૧૨-૧૯૭૭ની સભામાં વિજ્ઞાન વિદ્યાશાખામાં એમ.એસસી. અને પીએચ.ડી. (વિજ્ઞાન) વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફી અને પ્રયોગશાળા ફીનાં સુધારેલાં ધોરણો કર્યાં છે તેને અનુલક્ષીને ઑર્ડિ. ૧૫૧-સી સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૫૧-સી આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેનો અમલ ૧૫ જૂન ૧૯૭૭થી કરવાનું રાખવું.

(સુધારેલા ઑર્ડિ. ૧૫૧-સી.ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૫. મનોવિજ્ઞાન વિષયમાં ઑર્ડિ. ૩૨૧(૨) અન્વયે પીએચ.ડી. મહાનિબંધ પુનઃ રજૂ કરનાર શ્રી બી. બી. સિદ્દીકીના પરીક્ષકોના આવેલા હેવાલના આધારે મહાનિબંધ ફરીથી સુધારીને રજૂ કરવા પરવાનગી આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને પોતાનો મહાનિબંધ પુનઃ સુધારીને રજૂ કરવા માટે જણાવવું.

૩૬. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી મારફતે મજૂરકલ્યાણ વિષયના પ્રોફેસર પરેશ મજમુદારના તા. ૧૨-૯-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના મજૂરકલ્યાણ વિષયમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે જરૂરી સત્તા સાથેની સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. ગુજરાત યુનિવર્સિટી કાયદાની કલમ ૩૫-એ અનુસાર સ્વીકૃત સંસ્થા તરીકે ઇન્સ્ટિટ્યૂટ ઑફ કો-ઑપરેટિવ મૅનેજમેન્ટ, અમદાવાદની માન્યતા માટેની અરજી પર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ તપાસસમિતિનો હેવાલ સ્વીકારવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧-૧-૧૯૭૮ની સભામાં ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સદરહુ સંસ્થાને માન્યતા આપવી નહીં.

૩૮. આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા (approved Institution) તરીકે માન્યતા ધરાવતી "વેધશાળા" અમદાવાદને "Atmospheric Physics"ના વિષયમાં માન્યતા આપવા બાબતમાં તપાસસમિતિ તરફથી આવેલ હેવાલ સ્વીકારવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧-૧-૧૯૭૮ની સભામાં ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત. (ઍ.કા.બા.ક્ર. ૩૪)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫-એ હેઠળ આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા તરીકે માન્યતા ધરાવતી વેધશાળા, અમદાવાદને પીએચ.ડી. પદવી માટે Atmospheric Physicsના વિષયમાં વધારાની માન્યતા તા. ૧૪-૬-૧૯૭૮ સુધી આપવી.

૩૯. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પુસ્તકોની ખરીદી અંગે ચાલુ વર્ષના પુનર્નિર્મિત બજેટમાં રૂ. ૪,૦૦,૦૦૦ (રૂ. ચાર લાખને) બદલે રૂ. ૬,૩૦,૦૦૦ તથા સને ૧૯૭૮-૭૯ના

વર્ષમાં રૂ. ૫,૦૦,૦૦૦ની જોગવાઈ કરવા અંગે યુનિવર્સિટી ગ્રંથાલય સમિતિની તા. ૨૪—૧૧—૧૯૭૭ની સભામાં નીમેલી પેટાસમિતિની તા. ૧૮—૧—૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં પુસ્તકોની ખરીદી માટે ચાલુ વર્ષના પુનર્નિર્મિત અંદાજપત્રમાં રૂપિયા ચાર લાખને બદલે રૂ. ૬,૩૦,૦૦૦ની તથા સને ૧૯૭૮-૭૯ના વર્ષના રૂ. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ)ની જોગવાઈ કરવાનું રાખવું.

૪૦. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૨-૧૯૭૮ની સભામાં થયેલ નીચેના ઠરાવને અનુલક્ષીને ઘડવામાં આવેલ ઑર્ડિ. ૧૬૫નો મુસદ્દો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે તેમ જ સંલગ્ન કૉલેજોમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવાની બાબતમાં પણ ફાજલ પડેલા શિક્ષકોને તેમ જ જરૂરી લાયકાત ધરાવતા ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટર ને લેક્ચરરની જગ્યા પર બઢતી આપવાની બાબતમાં જરૂરી ઑર્ડિનન્સનો મુસદ્દો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૬૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 165 :

(1) All vacancies on the teaching staff arising out of retirement, death or leaving the services or for any other reason in any affiliated college in the faculties of Arts including Education, Science and Commerce shall be filled in from amongst the persons rendered surplus, if any, from amongst the tutors and/or demonstrators, provided the person so appointed shall have the necesary minimum qualifications for the post of a Lecturer in the subject concerned.

(2) All vacancies on the non-teaching staff in the categories, namely, Junior Clerks, Junior Typists, Laboratory Assistants and Peons arising out of retirement, death or leaving the services or for any other reason in the University or in any affiliated college in the faculties of Arts including Education, Science and Commerce shall be filled in from amongst the persons rendered surplus, if any, in the affiliated Arts, Science and Commerce Colleges due to the introduction of the 10+2+3 pattern of education, provided, the person so appointed possess the minimum qualifications prescribed for the post concerned.

Notwithstanding anything contained in this sub-clause, it shall be competent for the University to appoint on its staff on a permanent basis in the vacancies mentioned above, any person or persons employed by it on a temporary post.

૭૫. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણમાં ત્રણ વખત જાહેરખબર આપવા છતાં ઉમેદવારના અભાવે મનોવિજ્ઞાન અને પ્રાકૃતના વિષયોમાં અંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક થઈ શકી નથી તો તે ક્ષતિ ચાલુ વરસ પૂરતી ક્ષમ્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ક્ષતિ ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૮થી જરૂરી લાયકાત ધરાવતા મનોવિજ્ઞાન અને પ્રાકૃતના વિષયોના વ્યાખ્યાતાઓની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં નહીં આવે તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૭૬. એસ. જે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરે જાહેરાતો આપ્યા છતાં આંકડાશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે યોગ્ય ઉમેદવાર ન મળવાથી મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાના પૂર્ણ સમયના વ્યાખ્યાતા શ્રી. એમ. સી. પટેલ દ્વારા શિક્ષણકાર્ય ચલાવવા અંગે કરેલ વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી માન્ય રાખવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યવસ્થા ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે ૧૯૭૮થી જરૂરી લાયકાત ધરાવતા આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૭૭. યુનિવર્સિટીનાં ફાજલ નાણાંનું "કેનારા બૅન્ક"માં ફિક્સ્ડ ડિપોઝિટ તરીકે રોકાણ કરવા મૅનેજરના તા. ૨૪-૧૨-૧૯૭૭ના પત્રાંક ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલમાં યુનિવર્સિટીની ફિક્સ્ડ ડિપોઝિટનું રોકાણ સ્ટેટ બૅન્ક સહિત રાષ્ટ્રિયકૃત બૅન્કોમાં થાય છે તે જણ સારુ.)

આથી ઠરાવવામાં આવે છે કે કેનેરા બૅન્કને યુનિવર્સિટીનાં ફાજલ નાણાંના રોકાણના હેતુ માટે રૂપિયા એક લાખની ડિપોઝિટની મર્યાદાને આધીન માન્ય કરવી.

૭૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરના સંસ્કૃતના પ્રાધ્યાપક શ્રી. પી. એન. શર્માને છૂટા કર્યા તે બાબતમાં તેમણે ગુજરાત હાઈકોર્ટમાં (સ્પે. એપ્લિ. ૧૮૪૨-૭૭) કરેલી રીટ-અરજી અંગે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના તથા આ બાબતમાં થનાર જરૂરી ખર્ચ મંજૂર કર્યાના.

(૨) યુનિવર્સિટીના શ્રમિક વિદ્યા કેન્દ્રમાં પ્રોગ્રામ ઑફિસરની જગ્યા પર શ્રીમતી મંદાબહેન એચ. પટેલની રૂ. ૪૨૫-૭૦૦ના પગારધોરણમાં તા. ૩૧-૩-૧૯૭૮ સુધી નિમણૂક કર્યાના.

(૩) યુનિવર્સિટીના જે કર્મચારીઓ યુનિવર્સિટીના રહેઠાણમાં રહેતા હોય અને રાજીનામું કે નિવૃત્તિના કારણે છૂટા થતા હોય તેઓ રહેઠાણ ખાલી ન કરે તો તે અંગે પ્રોવિડંટ ફંડની રકમ ચૂકવવા તથા રહેઠાણના ભાડા અંગે નીચેના નિયમો કુલપતિશ્રીએ મંજૂર કર્યાના :

૧. ગ્રેજ્યુઇટીની રકમ રહેઠાણ ખાલી કર્યા બાદ ચૂકવવી.

૨. છૂટા થયા બાદ એક માસ માટે સામાન્ય ભાડું લેવાનું રાખવું.

૩. પરંતુ જો કર્મચારી એક માસમાં રહેઠાણ ખાલી ન કરે તો તેઓ પાસે વધુ ત્રણ માસના સમય માટે ભાડા ઉપરાંત ૫૦ ટકા પેનલ્ટી-રેન્ટ લેવાનું રાખવું.

૪. જો કર્મચારીઓ ઉપર નં. ૨માં જણાવેલા સમયમાં રહેઠાણ ખાલી કરે નહીં તો તેઓની પાસેથી વધારાના સમય માટે સામાન્ય દરના ભાડા ઉપરાંત ૧૦૦ ટકા પેનલ્ટી-રેન્ટ લેવાનું રાખવું.

૫. ઉપર ૪માં જણાવેલ સમય બાદ કોઈ પણ કર્મચારીને યુનિવર્સિટીના રહેઠાણમાં રહેવા પરવાનગી આપવામાં આવશે નહીં.

૬. ઉપરના નિયમો યુનિવર્સિટીના કર્મચારી સિવાય પણ જે વ્યક્તિઓને રહેઠાણ આપ્યું હોય તેઓને પણ લાગુ પડશે

(૪) હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન એવોર્ડ ફોર ઝૂલોજી ૧૯૭૮ના વર્ષ માટે તૈયાર કરવામાં આવેલ નિયમો તથા સૂચવેલ નિર્ણાયક સમિતિના નામાવલિ (પેનલ) મંજૂર કર્યાના;

(૫) પીએચ.ડી. પદવી માટેના નીચે જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેઓને તે પદવી માટે પાત્ર જાહેર કર્યાના :

Sr. No.	*Name of the Candidate*	*Subject / Faculty*	*Title of the thesis*	*Name of the Guide*
1.	Shri Sharma Prabhakar K.	Physics Science	Investigations on the Equatorial Ionopheric Phenomena.	Prof. R. Raghavarao, P.R.L., Ahmedabad.
2.	Mr. V. Satyan	Physics Science	Measures for Hartree Fock States & Hamiltionian operators and a new variational method in the study of Nuclei.	Dr. J. C. Parikh P.R.L., Ahmedabad.

Sr. No.	Name of the candidate	Subject/ Faculty	Title of the Thesis	Name of the guide
3.	Kum. K. M. Sheth	Zoology Science	Studies on the mamalian reproductive tract with special reference to Accessory glands under Normal and Altered Physiological Conditions.	Dr. (Miss) N. J. Chinoy, Guj. University
4.	Kum. L. Seethalakshi	Zoology Science	Reproductive Physiology of some Rodents and Invertebrates	Dr. Miss N. J. Chinoy, Guj. University,
5.	Smt. K. U. Pai	Botany Science	Effect of Hearty water (D_2O) on physiological processes in Higher plants	Dr. B. K. Gaur, B.A.R.C., Bombay.
6.	Mr. T. J. D'souza	Chemistry Science	Physiochemical & physiological studies on Gummaemitting gamma emitting fission product Radionuclides & neutron activated Nuclides in typical Indian Soils & Soil Plant System.	Dr. K. B. Mistry, Bhabha Atomic Research Centre, Bombay.
7.	Shri Vyas M. H.	Chemistry Science	Studies on recovery of Lithium and Boron Salts from Indigenous Resources.	Dr. K. Shashadri, Bhavnagar.
8.	Shri Patel L. N.	Chemistry Science	'Studies in corrosion of 2-5 Aluminium Alloy and its Inhibition.	Dr. R. K. Shah, Guj. University

Sr. No.	*Name of the candidate*	*Subject / Faculty*	*Title of the Thesis*	*Name of the guide*
9.	Mr. K. Arbindo Babu	Zoology Science	'Cytogenetic & Cytochemical studies on cells.	Dr. V. C. Shah, Guj. University.
10.	Shri S. K. Naran	Education Arts	A study of Academic Performance to some personality and perception variables.	Dr. K. G. Desai, Guj. University
11.	Shri K. B. Desai	Gujarati Arts.	Anandghan study (with special reference to Anandghan (Bavisi)	Dr. D. P. Thaker, Guj. University
12.	Kum. R. P. Buch	Zoology Science	Studies on some aspects of Mamalian Testicular & Epididymal Psysiology.	Dr. Miss N. J. Chinoy, Guj. University
13.	Shri V. C. Soni	Zoology Science	Feeding and Locomotory Adaptions in Birlds Family Phasianidie.	Dr. U. M. Rawal, Guj. University
14.	Shri D. J. Jani	Botany Science	Effect of Pretreatment of Sead with growth regulators on growth development, metabolism & yield of some Crop Plants.	Dr. J. J. Chinoy, Guj. University
15.	Shri B. S. Raizada	Arts Psychology	A Study of personal and Envirnmental Correlates of n–Achievement.	Dr. H. D. Badami, Guj. University

(૬) ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના મકાનમાં બહારની બાજુએ સેન્ડફેઈસ સિમેન્ટ પ્લાસ્ટરને બદલે મોરબી ક્લોઝ ફેસિંગ કરવા માટે તથા તે કામના રૂ. ૬૫/- ચો.મીટરનો ભાવ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(૭) આગામી ૨૫, ૨૬ ફેબ્રુઆરીના રોજ યુ. ગ્રા. ક.ની આર્થિક સહાયથી યુનિવર્સિટી અને અમદાવાદ મેડિકલ ઍસોસિયેશનના સંયુક્ત ઉપક્રમે યોજનાર "સેમિનાર ઑન મેડિકલ એજ્યુકેશન"માં સહપુરસ્કર્તા થવાની મંજૂરી આપ્યાના;

(૮) એપ્રિલ ૧૯૭૭ માં લેવાયેલ ફર્સ્ટ બી.એ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૩૯૩૯ શ્રી. ભાઈલાલ સવાભાઈ સોલંકીની ગુણ-ચકાસણી માટેની અરજીના સંદર્ભમાં તેમના ઍડવોકેટ મારફત તા. ૭-૨-૧૯૭૮ના રોજ આવેલ નોટિસનો જવાબ આપવા ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકચાના;

(૯) IBM કંપની ભારતમાં તા. ૩૧-૫-૧૯૭૮ થી બંધ થતાં કૉમ્પ્યુટર સેન્ટરનાં મશીનો માટે વૈકલ્પિક મેઇન્ટેનન્સ સેવાઓ તા. ૧-૬-૧૯૭૮ થી ઉપલબ્ધ કરવા અંગે ભારત સરકારે પ્રમોટ કરેલી કૉમ્પ્યુટર મેઇન્ટેનન્સ કૉર્પોરેશન (CMC) કંપની સાથે તેમના તા. ૨-૧-૧૯૭૮ ના પત્રની શરતો પ્રમાણે તા. ૧૫-૨-૧૯૭૮ સુધીમાં નીચે મુજબ કરાર કરવાની મંજૂરી આપ્યાના :

નોંધ. — ૧. આ કરારની હાલ IBM કંપનીને આપવામાં આવતી ભાડાની + મેઇન્ટેનન્સની કુલ રકમ રૂ. ૧૦,૩૦૩-૩૮ પૈસાની સાથે આ CMC કંપનીને ફક્ત મેઇન્ટેનન્સની રકમ રૂ. ૮૦૧૭-૨૦ પૈસા પ્રતિ માસ આપવાની થશે, જેમાં PRL તરફથી મળેલ IBM ૧૬૨૦ કૉમ્પ્યુટરના મેઇન્ટેનન્સનો પણ સમાવેશ થાય છે.

૨. ૧૬૨૦ કૉમ્પ્યુટર માટે CMC સાથે કરાર, PRLની સંમતિથી તેની મારફતે કરવાનો રહેશે.

૩. CMC કંપની આ મેઇન્ટેનન્સ સેવાઓ રજાના દિવસ સિવાય સોમવારથી શુક્રવાર સુધી સવારે ૯-૦૦થી સાંજે ૬-૦૦ વાગ્યા દરમ્યાન જ આપશે.

(૧૦) ગણિત વિષયની પરિભાષાના પુનર્મુદ્રણ અંગે પુસ્તકને "મહારથીને" તૈયાર કરવા અંગે ડૉ. સી. જી. ખત્રીના સૂચનને અનુલક્ષીને નીચેના સભ્યોની સમિતિની નિમણૂક કર્યાના :

(૧) શ્રી. એચ. એન. રાવળ (અધ્યક્ષ)
(૨) શ્રી. ડી. એસ. બસન
(૩) શ્રી. આઈ. એચ. શેઠ
(૪) શ્રી. એમ. ડી. સુથાર

તથા શ્રી. એચ. એન. રાવળ તેમને યોગ્ય લાગે તેવી વ્યક્તિને કોઓપ્ટ કરે તે.

(૧૧) નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્ચ ઍન્ડ ટ્રેઇનિંગ (NCERT), ન્યૂ દિલ્હીની આર્થિક સહાયથી ગુજરાત યુનિવર્સિટી અને "શ્રેયસ"ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩-૧-૧૯૭૮ થી તા. ૩૦-૧-૧૯૭૮ સુધી પ્રાથમિક શિક્ષકો માટેના "રાષ્ટ્રીય એકતા શિબિર"નું આયોજન કરવાના;

[**નોંધ.**—NCERT, ન્યૂ દિલ્હી દ્વારા આ કૅમ્પના આયોજન માટે રૂ. ૩૫,૪૦૦ (રૂપિયા પાંત્રીસ હજાર ચારસો)નું બજેટ મંજૂર કર્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૭૬. બાંધકામ સમિતિની તા. ૨૦-૨-૧૯૭૮ ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** સમિતિની તા. ૨૦-૨-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(**સદરહુ** સમિતિની તા. ૨૦-૨-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ** "**ચ**" તરીકે સામેલ છે.)

૭૭. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૨-૨-૧૯૭૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી તે વખતે શ્રી. શરદભાઈ પટેલે સભાગૃહનું ધ્યાન ખેંચ્યું કે **સદરહુ** સમિતિની તા. ૨૨-૨-૧૯૭૮ની સભાનો ભલામણ નં. (૨) વધુમતે મંજૂર કરવા માટે ભલામણ કરવામાં આવી હતી તે હકીકત નોંધાઈ નથી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે **સદરહુ** સમિતિની નોંધમાં તે મુજબ યથોચિત સુધારો કરવામાં આવે.

તે પછી ઠરાવવામાં આવ્યું છે કે **સદરહુ** સ્થાયી સમિતિની તા. ૨૨-૨-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(**સદરહુ** સ્થાયી સમિતિની તા. ૨૨-૨-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "**છ**" તરીકે સામેલ છે.)

૭૮. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજમાં જાહેરાત આપતાં ઓપન ઇન્ટરવ્યુ રાખ્યા છતાં અંગ્રેજીના બંડ સમયના વ્યાખ્યાતા ન મળવાને કારણે આચાર્યશ્રીએ પ્રવર્તમાન ઓ. ૧૨૯—એના સંદર્ભમાં ૯ તાસને બદલે ૧૩ વ્યાખ્યા + ૪ ટ્યુટોરિયલ મળી કુલ્લે ૧૭ તાસનું શિક્ષણકાર્ય કર્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબત કૉલેજને અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો, ઇત્યાદિના સંદર્ભમાં ઊભા થતા પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૯. માર્ચ/એપ્રિલ ૧૯૭૭માં લેવાયેલ થર્ડ બી.કૉમ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૪૮૭૧ એ હાઈ કોર્ટમાં રિટ-અરજી દાખલ કરી હતી તે પાછી ખેંચી તેના સંદર્ભમાં તેમના કેસ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે **સદરહુ** વિદ્યાર્થીની પોતાની ઉત્તરવહીઓના પુનર્મુલ્યાંકન અંગેની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

સદરહુ બાબતના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે ટી.વાય.બી.એ.ની ચાલુ વર્ષની પરીક્ષામાં અંગ્રેજી અને અર્થશાસ્ત્રના વિષયોમાં મોડરેશનની પદ્ધતિ દાખલ કરવી.

૮૩. સ્ટે. ૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

St. 9 :

(1) In the case of elections to the Court under Section 16(1) ClassI I(A) (*iii*) and (*iv*) the Registrar shall, on the 31st of December just preceding the date of election, prepare a roll as for each of these constituencies of all those entitled to vote thereat as per Statute No. 7 and not less than 21 clear days before the date of election shall publish in the newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held in accordance with the procedure prescribed in Statute 162 for Secondary teachers and Statute 154 for Head Master stating there in all relevant particulars as the case may be. In the preparation of the Roll of Secondary Teachers, the names of only such teachers shall be included on the roll as are on the date of its preparation, members of the teaching staff of a High School as defined in clause (4) of Section 2 and are actively participating in the work of teaching Secondary of Teachers. In the case of Head Masters the roll shall include the names of permanent Head Masters. The name of the persons entitled to vote shall appear only once on the roll.

(2) Every Secondary Teacher excluding the Head Master of High Schools will be sent by the University a prescribed identity card on which he will be required to affix his or her passport-size photograph which shall be duly signed by him and attested by the Head Master of the High School or a member of the Court of the University for the timebeing or a Magistrate or a J. P. or a Gazetted Officer. Such a Secondary Teacher of the High School will be hold eligible to vote at an election only on production of the identity card with the photograph affixed and duly attested as mentioned above.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૯ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૮૪. બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય તથા શિક્ષણની કૉલેજો માટે ગ્રાન્ટ ઇન-એઇડ અંગે આવેલા રાજ્ય સરકારના તા. ૧૫–૨–૧૯૭૮ના સરકારી ઠરાવ એનજીસી ૧૩૭૭ સી ૧૬૭–ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, ઉપર બાબત નં. ૧૦ હેઠળ નીમવામાં આવેલી સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૮૫. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૯–૧૦–૧૯૭૬ની સભામાં સ્વીકારવામાં આવેલ "શ્રી. લક્ષ્મીચંદ મીઠાલાલ સંશોધન ટ્રસ્ટ શિષ્યવૃત્તિ" અનુસ્નાતક પદવી પરીક્ષાના અભ્યાસ માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની સમિતિમાં દાતાએ પોતાના પ્રતિનિધિની નિમણૂક કરવા માટે જણાવેલું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ માટેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૮૬. ૧૯૭૭-૭૮ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીના ધારાશાસ્ત્ર ભવનના ઉપક્રમે યોજવામાં આવનાર Summer Institute (Short Term) in Research Methodology in law for law teachers in affiliated Colleges and Universities in the State of Gujarat અંગે યુનિ. ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૬–૨–૧૯૭૮ના પત્રાંક F.9–15 (SI–H) 78 (FIP) થી અનુદાનની કુલ રકમ રૂ. ૩૩૩૨૫ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૮૭. એસ. ટી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસામાં જાહેરાત અને ઓપન ઇન્ટરવ્યુ રાખ્યા છતાં જરૂરી શિક્ષકગણ ન મળવાને કારણે સેકન્ડ બી.કૉમ.ના એક વર્ગમાં પોતાની કૉલેજના ૧૫૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલો છે તે ખાસ કેસ તરીકે ગ્રાહ્ય ગણવા સદરહુ કૉલેજના આચાર્યએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આચાર્યશ્રીએ અગાઉ ૧૫૫ વિદ્યાર્થીઓને એક વર્ગમાં પ્રવેશ આપવા પરવાનગી માગી હતી. તે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૭—૯—૧૯૭૭ની સભામાં સ્વીકારી ન હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી અપવાદ તરીકે ગ્રાહ્ય ગણવી અને આચાર્યશ્રીને તે બાબતમાં જરૂરી ઠપકો આપવો.

૮૮. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગરે ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન ગ્રંથપાલની નિમણૂક કર્યા વગર ચલાવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ કૉલેજે ઑર્ડિ. ૯૬ અન્વયે મોકલેલ માહિતીના સંદર્ભમાં આ ઊણપ પ્રત્યે આચાર્યશ્રીનું ધ્યાન દોરતાં આચાર્યશ્રીએ તેમના તા. ૧–૨–૧૯૭૮ના પત્રાંક ૨૬૫થી

નીચે મુજબ જણાવ્યું છે :

"ગ્રંથપાલ માટે જાહેરખબર આપી હતી. કોઈ અરજી આવી નથી. નવા વર્ષે નવા ડિગ્રીધારીઓ બહાર પડતાં નિમણૂક કરવામાં આવશે."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આચાર્યશ્રીએ કરેલો ખુલાસો સંતોષકારક નથી તેની નોંધ લઈને સદરહુ પરિસ્થિતિ ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને આચાર્યશ્રીને જણાવવું કે જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૮૯. યુનિવર્સિટીના શિક્ષકો માટેનાં નિવાસસ્થાનો (ટાઇપ ૧) માટે મંજૂર કરેલ યોજના અંગે યુ.ગ્રા. કમિશને તેમના ફાળા તરીકેની યુનિવર્સિટીને આપવાની થતી ગ્રાન્ટ પેટે રૂ.૧,૦૦,૦૦૦ (રૂ. એક લાખ)ની એાન એકાઉન્ટ ગ્રાન્ટ ચૂકવ્યા અંગેના તેમના તા.૧૬-૨-૧૯૭૮ના પત્રાંક એફ. ૧૮-૮/૭૭ (ડી. ૪એ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯૦. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રંથાલય માટે પુસ્તકોની ખરીદી માટે રૂ. 3,30,000ની ગ્રાન્ટ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૬-૨-૧૯૭૮ના પત્ર ક્રમાંક એફ. ૧૮-૩-૭૪ (ડી. ૪એ) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯૧. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ વૈજ્ઞાનિક સાધનો માટેની ખરીદી અંગે યુ.ગ્રા. કમિશને તેમના તા. ૧૮-૨-૧૯૭૮ના પત્રાંક એફ. ૧૮-૨-૭૪ (ડી. ૪એ)થી રૂ. ૯,૦૦,૦૦૦- (રૂ. નવ લાખ)ની ગ્રાન્ટ ચૂકવ્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯૨. રાજ્ય સરકારશ્રીએ યુનિવર્સિટીને સને ૧૯૭૭-૭૮ તથા સને ૧૯૭૮-૭૯ના બે વર્ષ માટે વેજબીલ ગ્રાન્ટ ચાપવાનું મંજૂર કરેલ તે પ્રમાણે શિક્ષણનિયામકશ્રી તરફથી તેમના તા. ૧૭—૨—૭૮ના હુકમ ક્રમાંક યુ.એસ.વાય—૩—વેજબીલ—૭૭—૭૮—એ ૧૯૬૭૮થી સને ૧૯૭૭—૭૮ વર્ષની વેજબીલ ગ્રાન્ટ રૂ. ૧,૮૭,૦૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૫ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૯૪. પી.એચ.ડી. પદવી માટે સંશોધન શિષ્યવૃત્તિઓ એનાયત કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સંશોધન શિષ્યવૃત્તિ માટેની સમિતિની તા. ૨૩-૨-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩-૨-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૩-૨-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૯૫. માર્ચ ૧૯૭૮માં લેવાનાર પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષા માટે ફક્ત અમદાવાદ કેન્દ્ર રાખવામાં આવેલ છે. નડિયાદ કેન્દ્ર પર ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓ બેસનાર હોઈ નડિયાદને પણ આગામી પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની લેખિત પરીક્ષા માટે કેન્દ્ર આપવા નડિયાદની સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૯૬. યુનિવર્સિટીમાં બંધાઈ રહેલા ગુરુ નાનક ભવનના મકાન માટેના ઇલેક્ટ્રિક વાયરિંગ અંગે મંગાવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવેલાં ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ આપનાર મે. જોશી ઇલેક્ટ્રિક વર્ક્સનું રૂ. ૨૧,૩૬૫નું તા. ૧૬-૨-૧૯૭૮નું ટેન્ડર મંજૂર કરવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૧૧૦૦૬/૧૯૭૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯
૩૦, માર્ચ, ૧૯૭૮

કે. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૪

O. 151-C :

The following shall be the rates of tuition and other fees for Post-graduate students including Ph.D. Students per term in the University's Post-graduate Departments and at the Post-graduate teaching centres, if any, instituted by the University with effect from 15th June, 1977.

(A) Tuition fees & Laboratory fees (if any) :

1. Faculty of Arts including Education :

	Tuition fees per term Rs.	*Laboratory fees per term* Rs.
(*i*) For M.A. & Ph.D. Degree in all subjects other than Home Science, Geography & Statistics	165/-	—
(*ii*) For M.A. & Ph.D. degree in Home Science and Geography	165/-	60/-
(*iii*) For M.A. & Ph.D. Degree in Statistics	165/-	35/-
(*iv*) For M.Ed., M.L.W. & Ph.D. Degree	165/-	—
(*v*) For Diploma in Linguistics	115/-	—
(*vi*) For the Diplomas run at B. M. Institute, Ahmedabad	165/-	—

2. Faculty of Science :

(*i*) For M.Sc. & Ph.D. Degree in all subjects other than Maths. & Statistics	165/-	60/-
(*ii*) For M.Sc. & Ph.D. Degree in Statistics	165/-	35/-
(*iii*) For M.Sc. & Ph.D. Degree in Maths.	165/-	—

3. Faculties of Commerce & Law :

(*i*) For M.Com. & Ph.D. Degree	165/-	—
(*ii*) For LL.M. and Ph.D. Degree	165/-	—

4. Faculty of Engineering :

(*i*) For M.E. & Ph.D. Degree	200/-	—

5.	**Faculty of Medicine, Pharmacy and Dentistry :**		
	(*i*) For M.D./M.S., all Diplomas in the Medical Faculty, M.Sc. (Medicine) for Non-Medical Courses :		
	M.Pharm,, M.D.S. & Ph.D. Degree	190/-	—
6.	(*i*) For Master of Business Administration (M.B.A.) and Ph.D. Degree	375/-	—
	(*ii*) Reading Material fees for the M.B.A. Course students	50/-	—
	(*iii*) Library fees for the M.B.A. Course students	40/-	—

(*B*) Other fees as service charges :

(*i*)	Library Fees	Rs. 5/- per term
(*ii*)	Union Fee	Re. 1/- per term
(*iii*)	Gymkhana Fee	Rs. 2/- per term
(*iv*)	Students Aid Fund	Re. 1/- per term.

પરિશિષ્ટ "ખ"
ક્રમાનુસાર ક્રમાંક ૪૧

O. 165 :

All vacancies in the staff (both teaching and non-teaching) arising out of retirement, death or leaving the service for any other reason in the University and affiliated colleges shall be filled in from amongst the persons rendered surplus in the affiliated Arts, Science and Commerce Colleges due to introduction of 10+2+3 pattern of education or from amongst the tutors and/or demonstrators who are qualified for the lectures.

Notwithstanding anything contained above, it shall be competent for the University to appoint on permanent position on the staff in the University any person or persons employed on a temporary basis.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૨

Minimum qualifications prescribed for Recruitment to the posts of Lecturers University Lecturers

(*a*) A Doctor's degree or *research* work of an equally high standard; and

(*b*) Consistently good academic record with 1st or high 2nd class (B in the seven point scale) Master's degree in a relevant subject or an equivalent degree of a foreign university.

Having regard to the need for developing inter-disciplinary programmes, the degrees in (*a*) and (*b*) above may be in relevant subjects.

Provided that if the Selection Committee is of the view that the research work of a candidate as evident either from his thesis or from his published work of very high standard, it may relax any of qualifications prescribed in (*b*) above.

Provided further that if a candidate possessing a Doctor's degree or equivalent research work is not available or is not considered suitable, a person possessing a consistently good academic record (weightage being given to M.Phil. or equivalent degree or research work of quality) may be appointed *provided he has done research work for at least two years or has practical experience in a research laboratory/organisation* on the condition that he will have to obtain a Doctor's degree or give evidence of research work of equivalent high standard within five years of his appointment, failing which he will not be able to earn future increments until he fulfils these requirements.

Explanation :

1. Candidates for being eligible for recruitment to the posts of Lecturers must have a 1st or high Second Class (B in the seven point scale) at the Master's level and for determining consistely good record, average of 50-55% may be expected at the two examinations prior to the Master's examination.

The following two examples would illustrate the above :

(I) A candidate who has obtained 52% marks at the Higher Secondary / Pre-University / Intermediate and 58% at the Degree Level would have an average of 55% and as such could be considered.

(II) A candidate who has obtained 60% at Higher Secondary/Pre-University/Intermediate and 50% at the Degree level would have an average of 55% and as such could be considered.

આ તબક્કે સભાગૃહ સમક્ષ એ પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં સંખ્યાધિક થયેલા ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટરને તેમની કૉલેજમાં મૂળ જગ્યા પર પાછા લેવાનો પ્રશ્ન ઊભો થાય તો તે બાબતમાં ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટરની જગ્યાઓ રદ કરવામાં આવી છે તેના ઉપલક્ષ્યમાં શું કરવું.

તે અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સંખ્યાધિક થયેલા ટ્યૂટર/-ડેમોન્સ્ટ્રેટરને તેમની કૉલેજની મૂળ જગ્યા પર પાછા લેવાનો પ્રસંગ કૉલેજ માટે ઊભો થાય તો તે માટે યુનિવર્સિટી તરફથી જરૂરી મંજૂરી આપવી.

૧૬. સંલગ્ન બિનસરકારી કૉલેજોના શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓના પ્રૉ. ફંડનાં નાણાંનો વહીવટ તા. ૧-૪-૧૯૭૮થી રાજ્ય સરકાર સંભાળશે તો તેના અંગે જરૂરી સ્ટૅચ્યૂટ-ઑર્ડિનન્સ બહાર પાડવા અંગે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સંયુક્ત મંત્રીશ્રીના તા. ૨૮-૨-૧૯૭૮ના ડી. ઓ. પત્રાંક એનજીસી-૧૦૭૮-ખ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન બિનસરકારી કૉલેજોના શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓના પ્રૉવિડન્ટ ફન્ડનાં નાણાંનો વહીવટ તા. ૧-૪-૧૯૭૮થી સંભાળી લેવાનો રાજ્ય સરકારનો પ્રસ્તાવ સ્વીકારવો અને બાબતમાં જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૧૭. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાના ભૂતપૂર્વ આચાર્ય શ્રી કે. એસ. યાજ્ઞિકને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પ્રૉ. ફંડની તથા ગ્રૅચ્યુઇટીની રકમ હજુ સુધી ચૂકવાઈ નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સંચાલકમંડળને ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૮. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮ થી એમ. ડી. ઑક્યુપેશનલ હેલ્થ, ડિપ્લોમા ઇન ઑક્યુપેશનલ હેલ્થ અને પીએચ.ડી.ની પદવી માટે સંશોધન માટેની પશ્ચાદ્વર્તી ચાલુ માન્યતા માટેની આવેલ અરજી પર તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(૧) ઑર્ડિ. ૧૨૦-સી અનુસાર સદરહુ સંસ્થા તરફથી ચાલુ માન્યતા માટેની અરજી તા. ૧-૮-૧૯૭૭ પહેલાં આવવી જોઈતી હતી.

(૨) અરજી મોકલવા બાબતમાં યુનિવર્સિટી કાર્યાલય તરફથી વારંવાર યાદ દેવડાવ્યા છતાં સમયસર અરજી કરી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી સ્વીકારવી અને તે અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. વી. સી. શાહ

૨. ડૉ. પી. પી. મહેતા

૩. ડૉ. સુમન મજમુદાર.

૧૯. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરતા નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	ભવનનું નામ	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. એમ. એન. દેસાઈ	પ્રોફેસર	વિજ્ઞાન વિદ્યાભવન	૩૦-૬-૧૯૭૮	૧-૭-૧૯૭૮
૨.	શ્રી. એચ. કે. ત્રિવેદી	રીડર	સ્કૂલ ઑફ કૉમર્સ	૧૪-૬-૧૯૭૮	૧૫-૬-૧૯૭૮
૩.	શ્રી. એચ. બી. દેસાઈ	,,	,,	,,	,,
૪.	ડૉ. એન. દાસગુપ્તા	,,	,,	૨-૭-૧૯૭૮	૩-૭-૧૯૭૮
૫.	શ્રીમતી મંગલા કે. મહેતા	લેક્ચરર	,,	૧૪-૬-૧૯૭૮	૧૫-૬-૧૯૭૮
૬.	શ્રી. એ. સી. ભટ્ટભટ્ટ	,,	,,	,,	,,
૭.	ડૉ. પી. વી. દેસાઈ	રીડર	ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	,,	,,
૮.	ડૉ. એ. એસ. અણાણી	,,	,,	૧૫-૬-૧૯૭૮	૧૬-૬-૧૯૭૮

સદરહુ શિક્ષકોની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલા જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૨૦. યુનિવર્સિટીના જિમ્નેશિયમ માટે વૂડન ફ્લોરિંગ અને લાઇટિંગ વગેરેની વધારાની સુવિધાઓ માટે યુ. ગ્રા. કમિશન તરફથી કુલ અંદાજી ખર્ચ રૂ. ૧,૫૦,૦૦૦ની યોજના માટે ૫૦ ટકાના ધોરણે રૂ. ૭૫,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરેલ હોવાથી બાકીના ૫૦ ટકાની રૂ. ૭૫,૦૦૦ની ગ્રાન્ટ રાજ્ય સરકારશ્રી તરફથી તેમના તા. ૨૩-૩-૧૯૭૮ના પત્ર ક્રમાંક યુ.એસ.જી. ૧૦૭૭/૧૫૨૪૨ (૭૮)—થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૧. "ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા" યોજવા અંગે મેસર્સ એન. એમ. ત્રિપાઠી કં. પ્રા. લિમિટેડ, મુંબઈ તરફથી પ્રદાનરૂપે મળેલ સહારા દિલ્હી સરહાનપુર લાઈટ રેલવે કં.ના શેર દીઠ રૂ. ૧૦૦ની મૂળ કિંમતના કુલ ૯૦ શેર યુનિવર્સિટીને આપવામાં આવેલા પરંતુ સદરહુ કંપની લિક્વિડેશનમાં ગયેલ હોવાથી પ્રથમ હપતાના શેર દીઠ રૂ. ૪૦ પ્રમાણે યુનિવર્સિટીને ચુકવણી થઈ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૨. બી. જે. મેડિકલ કૉલેજના પ્રો. એ. વી. શાહની "Drug addiction prevalent amongst Gujarat University students"ની સંશોધન યોજના માટે ડિરેક્ટર ઑફ પ્રોહિબિશન ઍન્ડ એક્સાઈઝ, અમદાવાદ તરફથી તેમના તા. ૬-૩-૧૯૭૮ના પત્ર ક્રમાંક પીપીજી ૫-૨-૭૮-ડી-૩૪૦થી અનુદાનની રકમ રૂ. ૮,૦૦૦ (રૂપિયા આઠ હજાર) મંજૂર કરવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૩. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગમાં "One-year Post-M.Sc. Diploma Course in Space Sciences" અંગે યુ. ગ્રા. કમિશને અગાઉ સને ૧૯૭૩-૭૪ થી શરૂ થઈને ત્રણ વર્ષ માટે અનાવર્તક તથા આવર્તક ખર્ચ માટે ૧૦૦ ટકાના ધોરણે આર્થિક સહાય મંજૂર કરી હતી. આ યોજના હેઠળ વધુ બે વર્ષ માટે એટલે કે તા. ૩૧-૩-૧૯૭૯ સુધી નીચે પ્રમાણેની અનાવર્તક તથા આવર્તક અંગેની આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યા અંગેના યુનિ. ગ્રાન્ટ કમિશનના તા. ૧૫-૩-૧૯૭૮ના પત્રાંક એફ. ૨૭-૩-૭૩-ડી. ૪ એ-ની નોંધ લેવા બાબત :

૧. વૈજ્ઞાનિક સાધનો માટે	—અનાવર્તક ગ્રાન્ટ	રૂ. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)
૨. નવાં સામયિકો માટે	—આવર્તક ગ્રાન્ટ	રૂ. ૫,૦૦૦ (વાર્ષિક)
૩. અગાઉ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ તમામ જગાઓ માટેના પગાર વગેરે માટે	—આવર્તક ગ્રાન્ટ	૧૦૦ ટકા પ્રમાણે
૪. એક જુનિયર રિસર્ચ ફેલો માટે	—આવર્તક ગ્રાન્ટ	૧૦૦ ટકા પ્રમાણે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૪. સ્કૂલ ઑફ કૉમર્સના રીડર અને અધ્યક્ષશ્રી એચ. કે. ત્રિવેદીના આચાર્યના સિલે. સ્કેલમાં તા. ૧-૧-૧૯૭૩ના રોજથી મૂકયા હોવાથી તેમનો તા. ૧૫-૬-૧૯૭૬ના રોજ મૂળ પગાર રૂ. ૧,૬૦૦/-નક્કી કર્યો છે તેના બદલે હવે રૂ. ૧,૭૪૦/- નક્કી કરવા અંગે તેમની તા. ૧૫-૩-૧૯૭૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિનસરકારી સંલગ્ન કૉલેજોના આચાર્યોના સિલેકશન ગ્રેડ માટે આચાર્યોની પસંદગી અંગેની બાબત અંગે ગુજરાતની વડી અદાલતમાં અરજી દાખલ કરવામાં આવેલી છે તેના ઉપલક્ષ્યમાં સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા-મરામત કરાવવા અંગે રૂ. ૧૮૮ (૨) પ્રમાણે પ્રૉવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	રૂ. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માગણી કરી છે ?
૧.	શ્રી. એસ. કે. વાઘેલા, પટાવાળા સમાજવિદ્યા ભવન	રૂ. ૩,૮૦૦/-	હા	મકાન રિપેર કરાવવા માટે
૨.	શ્રી. એન. બી. શાહ	રૂ. ૬,૦૦૦/-	હા	મકાન રિપેર કરાવવા માટે
૩.	શ્રી. એન. એફ. જાદવ	રૂ. ૬,૨૦૦/-	હા	હાઉસિંગ બોર્ડના ફ્લેટ માટે.

[નોંધ.—(૧) ૧. શ્રી. એસ. કે. વાઘેલા ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૩,૮૦૦/- (રૂ. ૩,૮૫૫-૧૭) જમા છે તેમાંથી તેઓના પ્રૉ. ફંડ લોનના રૂ. ૮૫૦/- તથા બિલ્ડિંગ લોનના રૂ. ૨,૧૩૦-૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે કાપવાનું રહેશે.

૨. શ્રી. એન. બી. શાહ ખાતે યુનિ. કૉન્ટ્રિબ્યુશનમાં તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૬,૦૦૦ (રૂ. ૬,૧૨૩-૦૮) જમા છે તેમાંથી આ લોન આપવાની છે તેથી પ્રૉ. ફંડની લોન રિકવર કરવાની રહેતી નથી.

૩. શ્રી. એન. એફ. જાદવ ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૬,૨૦૦ (રૂ. ૬,૨૪૪-૮૫) જમા છે તેમાંથી તેઓની બિલ્ડિંગ લોનના રૂ. ૧,૪૩૫ તથા તે પર જે વ્યાજ થાય તે કાપવાનું રહેશે.

(૨) એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૬ની સભામાં બીજી વાર લોન આપવા અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"……વધુમાં ઠરાવવામાં આવે છે કે રૂ. ૧૮૮(૨) હેઠળ પોતાના પ્રૉ. ફંડમાંથી કોઈ પણ કર્મચારીએ એક વાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેના માટે ઊભો થાય તો તે બાબત અંગે ચોક્કસ ધારાધોરણ ઘડવાના બદલે પ્રત્યેક કેસ તેના ગુણદોષ ઉપર વિચારવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને પ્રૉવિડન્ટ ફન્ડ ખાતેથી તેમના નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૨૬. સીનિયર પ્રોગ્રામરની જગ્યા અંગે કોઈ લાયક ઉમેદવાર મળી શકે તેમ ન હોવાથી જાહેરખબરના મુસદ્દામાં નીચે પ્રમાણે ઉમેરો કરીને આ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપવા અંગે વિચારણા કરવા બાબત.

"The requirement of qualification or experience may be relaxed in exceptionally deserving cases :

.....M.Sc. with Maths. / Statistics / Physics First Class or B.E. Electrical and / or Mechanical First Class with minimum three years' experience of programming preferably on an IBM 1620."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં "Preferably on an IBM 1620" એ શબ્દો રદ કરીને તે મુજબ સુધારેલો પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૭. નાયબ કુલસચિવની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણોની બાબતમાં પુનર્વિચારણા કરવા બાબત.

હાલનું લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે છે :

Minimum Qualification :

The candidate must possess a Master's degree with at least seven years' experience of office work out of which 5 years' experience should be in an administrative post connected with the conduct of examinations. A degree in law will be an additional qualification.

OR

A Bachelor's degree in second class with at least eight years' experience of office work out of which at least 5 years' experience should be an administrative post connected with the conduct of examination. A degree in law will be an additional qualification.

યુનિવર્સિટી કાર્યાલયમાં શ્રી. નાયબ કુલસચિવની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો નિયત કરવામાં આવ્યાં તે પછી શ્રી. પરીક્ષા નિયામકની જુદી જગ્યા ઊભી કરવામાં આવેલી છે તે હકીકતના ઉપલક્ષ્યમાં સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવામાં આવી.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે શ્રી. નાયબ કુલસચિવની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો નીચે મુજબ રાખવાં :

Minimum Qualification :

The candidate must possess a Master's degree with at least seven years' experience of office work out of which 5 years' experience should be in an administrative post. A degree in law will be an additional qualification.

OR

A Bachelor's degree in second class with at least eight years' experience of office work out of which at least 5 years' experience should be in an administrative post. A degree in law will be an additional qualification.

૨૮. બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨-૩-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (બોર્ડની બા. ક. ૮) :

(અ) "આથી ઠરાવવામાં આવે છે કે શક્ય હોય તે પ્રમાણે નીચે જણાવેલ કાર્યક્રમો યોજવાનું રાખવું અને તેમાંથી જે શક્ય હોય તે ઉનાળાની રજાઓમાં અને અન્ય રજાઓમાં યોજવાનું રાખવું :

૧. ૫૦ વિદ્યાર્થીઓ (ભાઈઓ) માટે દશ દિવસનો એક એવા બે પર્વતારોહણ તાલીમ શિબિર.

૨. ૫૦ વિદ્યાર્થિનીઓ (બહેનો) માટે ૧૦ દિવસનો એક પર્વતારોહણ તાલીમ શિબિર.

૩. હરિ ૐ ટ્રસ્ટની આર્થિક સહાયથી ટ્રસ્ટના સૂચ્યા મુજબ હિમાલયમાં ગુજરાત રાજ્ય આંતર-યુનિવર્સિટી કક્ષાનો આઈસ ઍન્ડ સ્નો ટ્રેનિંગ કૅમ્પ.

૪. આશરે ૪૦ વિદ્યાર્થી (ભાઈઓ અને બહેનો) માટે દસ દિવસનો વાચન શિબિર.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ત્રણ પર્વતારોહણ શિબિરો, એક વાચન શિબિર અને હરિ ૐ ટ્રસ્ટની આર્થિક સહાયથી યોજવા ગુજરાત રાજ્ય આંતર-યુનિવર્સિટી હિમાલયન આઈસ ઍન્ડ સ્નો ટ્રેનિંગ કૅમ્પ માટે જરૂરી ખર્ચ મંજૂર કરવા માટે તથા તે અંગે તમામ જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨-૩-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (બોર્ડની બા. ક. ૯) :

"આથી ઠરાવવામાં આવે છે કે આગામી મે માસમાં સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે માઉન્ટ આબુ ખાતે સ્વામીશ્રી ઈશ્વરાનંદગિરિના સાંનિધ્યમાં "ગીતા શિબિર" યોજવો તેમ જ આ સાથે જોડ્યા પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરવા તથા તે અંગે તમામ જરૂરી પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

[**નોંધ.**—આ અંગે રૂ. ૨,૦૦૦ (અંકે રૂપિયા બે હજાર)નું પ્રદાન શ્રી. રશ્મિકાન્ત જમનાદાસ શાહ તરફથી મળનાર છે તેની નોંધ લેવી.

સાત દિવસના આ શિબિરનો કુલ અંદાજી ખર્ચ રૂ. ૫,૭૦૦-૦૦નો રહે. તેમાંથી રૂ. ૨,૦૦૦-૦૦ શ્રી. રશ્મિકાન્ત જમનાદાસ શાહ (સી. જમનાદાસ ઍન્ડ કું.) તરફથી આવનાર હોઈ બાકીના ખર્ચના રૂ. ૩,૭૦૦-૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર સાતસો)નો ખર્ચ યુવક કલ્યાણ શિબિરો ખાતે પડશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. તા. ૨૭-૬-૧૯૭૭ની બાંધકામ સમિતિની સભામાં નીચે પ્રમાણેની ભલામણ ઉપરની વિચારણા એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં મુલતવી રાખી હતી તેના ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે રીડર્સ ક્વાર્ટર્સ પાસે સ્કૂટર પાર્કિંગ માટે ગેરેજ બનાવી આપવાની સદરહુ વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી તેમ દિલગીરીપૂર્વક જણાવવા એકિઝક્યુટિવ કાઉન્સિલને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી.

૩૧. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગણિતશાસ્ત્ર, હિન્દી અને અંગ્રેજી; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

[(૨) બી.એ. અને બી.એસસી.માં ગણિતના વિષયના જોડાણ માટેની માગણી તે વિષયના શિક્ષક કે વિદ્યાર્થીઓ નહિ હોવાથી રદબાતલ ગણવા વિનંતી કરેલ છે.]

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; બી.એ (સબો.)માં મનોવિજ્ઞાન, ઇતિહાસ, હિન્દી; અને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે પૂરતી સુવિધાઓવાળું કૉલેજનું મકાન તૈયાર કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૩,૦૦૦-૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉ. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૮ થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. અધ્યાપકો, વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે તે માટે પૂરતી સંખ્યાની કૉમ્બિનેશનો વ્યવસ્થા કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલા કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂપિયા ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં વેતન વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉ. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કોમર્સ કોલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કોમર્સ કોલેજ, ખંભાત નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગૃહવિજ્ઞાનના વિષય માટે પૂરતા પ્રમાણમાં પુસ્તકો વસાવવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉ. ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. બાંધકામ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭–૩–૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩૫. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર કૉલેજીઝ બિનશિક્ષક કર્મચારી સંકલન સમિતિના કન્વીનર તથા ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળના પ્રમુખશ્રી તરફથી સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં સુધારેલાં પગારધોરણોના અમલ અંગે સરકારશ્રી તરફથી ઉપેક્ષા, વિલંબ ઇત્યાદિ થયો હોઈ આગામી માર્ચ-એપ્રિલ, ૧૯૭૮ની યુનિવર્સિટી પરીક્ષાઓનો બહિષ્કાર કરવાના નિર્ણયની જાણ કરાઈ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સંકલન સમિતિએ માર્ચ-એપ્રિલ ૧૯૭૮ની યુનિવર્સિટીની પરીક્ષાઓનો બહિષ્કાર પાછો ખેંચી લીધેલો હોઈ તે અંગે કશું કરવાનું રહ્યું નહીં.

૩૬. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તથા એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની સ્વાયત્તતાની અરજીઓ બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૮ની સભામાં તપાસ કરી જરૂરી ભલામણો યુ.જી.સી. અને યુનિવર્સિટીને કરવા માટે નિયુક્ત કરેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

૩૭. "શ્રી. બાબુભાઈ અમૃતલાલ મહેતા શિષ્યવૃત્તિ" ગુજરાત યુનિવર્સિટીની એમ.ડી.થી અનુસ્નાતક પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૮. ડૉ. એ. એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી મનોવિજ્ઞાન વિષયમાં નોંધાયેલાં કુ. આમ્રપાલી એમ. મરચન્ટના મહાનિબંધ પરત્વે આવેલ પરીક્ષકોના અહેવાલ જોતાં ઓ. ૩૨૧(૨) મુજબ Tie પડતી હોવાથી ચોથા રેફરીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ચોથા રેફરીનું નામ ક્રમાનુવર્તી નિમણૂક કરવા સૂચવેલ નામ મુજબ ડૉ. હાર્થર ઑડવીન, ઈવિંગ ક્રિશ્ચિયન કૉલેજ, અલ્હાબાદ (યુ.પી.)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરી ડૉ. હાર્થર ઑડવીનની નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે પીએચ.ડી. પદવીના કોઈ મહાનિબંધની બાબતમાં ઓર્ડિ. ૩૨૧(૨) મુજબ રેફરીઓમાં મતભેદ (tie) પડતાં ચોથા રેફરી તરીકે જે વ્યક્તિની નિમણૂક કરવામાં આવે તે વ્યક્તિને બીજા રેફરીઓના રિપોર્ટની નકલ મોકલવી કે કેમ તે પ્રશ્ન બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને રિસર્ચની વિચારણા માટે મોકલવો.

૩૯. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુ.જી.સી.એ નિયુક્ત કરેલ તપાસ સમિતિની ભલામણ અનુસાર આ યુનિવર્સિટીની વિકાસ અંગેની યોજનાઓ માટે યુ. ગ્રા. કમિશનના ફાળા તરીકેની કુલ રૂ. ૧૫૦ (લાખ)ની યોજનાઓ મંજૂર કર્યા અંગેના યુ. ગ્રા. કમિશનના તા. ૧૫-૩-૧૯૭૮ના પત્રાંક ૧૮. ૬-૭૫-(ડી. ૪-એ)ની નોંધ લેવા તથા તે અંગે આગળની કાર્યવાહી કરવા વિચારણા બાબત.

[**નોંધ.**—યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને ઉપર જણાવેલ તેમના રૂ. ૧૫૦(લાખ)ની યોજનાઓ પૈકી રૂ. ૬૮.૩૦(લાખ)ની યોજનાઓ તેમના તારીખ ૧૭-૧૨-૧૯૭૫ના પત્રથી મંજૂર કરેલ તે માટે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૧-૧૯૭૬ની સભામાં બાબત કમાંક ૫૮થી મંજૂરી આપેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવી.

૪૦. ફાઇનાન્સ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૮ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૮ની સભાની ભલામણો પૈકી નીચેની ભલામણ ફાઇનાન્સ સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી :

(૪) વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે માઇક્રોસિસ્ટમ ૧૧૨૧-કેલકયુલેટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

"આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે એક ડી.સી.એમ. બનાવટનું માઇક્રોસિસ્ટમ ૧૧૨૧-ડી.સી.એમ. ડેટા પ્રોડકટ્સ પાસેથી તેઓના તા. ૨૧-૨-૧૯૭૮ના પત્રાંક ૨૧૪૯માં જણાવેલ કંપનીની શરતો પ્રમાણે યુનિવર્સિટીએ તેઓ પાસેથી આ પહેલાં ખરીદેલ મિસ્કલ ૧૦૮૦-એસ. પરત આપી રૂ. ૨૫૦૧૩-૦૦ + પાંચ ટકા સી.એસ.ટી. વત્તા બીજા ખર્ચ જુદા ગણી ખરીદવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ અંગે જે કાંઈ ખર્ચ થાય તે ખર્ચ સ્ટેટિસ્ટિકસની ગ્રાન્ટ ખાતે પાડવું, પરંતુ તેથી વધારાનું ખર્ચ યુનિવર્સિટી સેન્ટ્રલ લેબોરેટરીમાંથી કરવાનું રાખવું."

તે સિવાયની સદરહુ સમિતિની બાકીની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સાધનસામગ્રી, ફર્નિચર અને સ્ટેશનરી કેન્દ્રિત કરવી અને ખરીદીની બાબતમાં નવી ખરીદી માટેનો પ્રસ્તાવ રજૂ કરતાં પહેલાં તેમના માટે ખરીદવામાં આવેલી જૂની વસ્તુઓના ઉપયોગ અંગેનું નિવેદન (સ્ટેટમેન્ટ) રજૂ કરવા માટે જણાવવું.

વધુમાં આ બધાંના ઉપયોગ અંગેનું પત્રક નિભાવવું.

(સદરહુ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨-૩-૧૯૭૮ના રોજ સને ૧૯૭૮ના વર્ષની મળેલ ચોથી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨-૩-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨-૩-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૪૨. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૯-૩-૧૯૭૮ અને તા. ૨૩-૩-૧૯૭૮ના રોજ સને ૧૯૭૮ના વર્ષની પરીક્ષાશુદ્ધિ સમિતિની પાંચમી, છઠ્ઠી અને સાતમી સભાની ભલામણો ઉપર વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૯-૩-૧૯૭૮ અને તા. ૨૩-૩-૧૯૭૮ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૯-૩-૧૯૭૮ અને ૨૩-૩-૧૯૭૮ની સભાઓની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૪૩. "શ્રી છગનલાલ ગોપાલજી સોલંકી શાંકર સિદ્ધાંત શિષ્યવૃત્તિ" ના સૂચિત નિયમને દાતાએ ગ્રાહ્ય રાખીને મોકલી આપેલ હોઈ તે નિયમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

અગાઉ મંજૂર થયેલ નિયમ

(૧) "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકર સિદ્ધાંત શિષ્યવૃત્તિ" નામની આશરે રૂ. ૨,૩૦૦ની એક શિષ્યવૃત્તિ આ યુનિવર્સિટીની માર્ચ / એપ્રિલમાં લેવાતી ટી.વાય.બી.એ.ની પરીક્ષામાં મુખ્ય વિષય સંસ્કૃતમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ વર્ષમાં ઉત્તીર્ણ થઈ અને આ યુનિવર્સિટીમાં એમ.એ.માં સંસ્કૃત મુખ્ય અને ઐચ્છિક વેદાંતશાસ્ત્ર લઈ શ્રી. શંકરાચાર્ય પ્રતિપાદિત વેદાંતશાસ્ત્રનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષે રૂ. ૧,૧૫૦ લેખે બે વર્ષ માટે ચાર હપતેથી આપવામાં આવશે.

(૨) ઉપર શરત નં. ૧માં જણાવ્યા પ્રમાણે જે વિદ્યાર્થીએ એમ એ.ના પ્રથમ વર્ષના ઐચ્છિક વેદાંતશાસ્ત્રમાં શ્રીશંકરાચાર્ય પ્રતિપાદિત વેદાંત સિદ્ધાંતના પેપરમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવેલા હોય તો જ તેને બીજા વર્ષ માટે સદરહુ શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

સુધારેલો નિયમ

(૧) "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકર સિદ્ધાંત શિષ્યવૃત્તિ" એ નામની આશરે રૂ. ૨,૩૦૦ની એક શિષ્યવૃત્તિ આ યુનિવર્સિટીના એમ.એ.ના પ્રથમ વર્ષમાં સંસ્કૃત મુખ્ય

અને ઐચ્છિક વેદાંતશાસ્ત્ર લઈ શ્રીશંકરાચાર્ય પ્રતિપાદિત વેદાંતશાસ્ત્રનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીએ ટી.વાય.બી.એ.ની યુનિવર્સિટીની પરીક્ષામાં વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીને પ્રતિવર્ષ રૂ. ૧,૧૫૦-૦૦ લેખે બે વર્ષ માટે ચાર હપતેથી આપવામાં આવશે.

(૨) ઉપર શરત નં. ૧માં જણાવ્યા પ્રમાણે જે વિદ્યાર્થીએ એમ.એ.ના પ્રથમ વર્ષમાં ઐચ્છિક વેદાંતશાસ્ત્રમાં શ્રી શંકરાચાર્ય પ્રતિપાદિત વેદાંત સિદ્ધાંતના પેપરમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવેલા હોય તો જ તેને બીજા વર્ષ માટે સદરહુ શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિ અંગેના ઉપર મુજબ સુધારેલા નિયમો મંજૂર કરવા.

૪૪. "ડૉ. આર. ડી. દેસાઈ ચંદ્રક" અનાયત કરવાના પ્રદાનની નીચેની શરતમાં ફેરફાર કરવા માટે દાતા તરફથી આપેલ સૂચિત નિયમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

જૂનો નિયમ

"'ડૉ. આર. ડી. દેસાઇ સુવર્ણચંદ્રક' એ નામનો આશરે રૂ. ૩૪૦-૦૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક આ યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવાતી એમ.એસસી.ની અનુસ્નાતકની પદવી પરીક્ષા પ્રથમ પ્રયત્ને 'ઓર્ગેનિક કેમિસ્ટ્રી'ના વિષય સાથે સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે."

સૂચિત નિયમ

"ડૉ. આર. ડી. દેસાઈ ચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦-૦૦ની કિંમતનો એક ચંદ્રક આ યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવાતી એસ.એસસી.ની અનુસ્નાતક પરીક્ષા પ્રથમ પ્રયત્ને ઓર્ગેનિક કેમિસ્ટ્રી રાખી અને તેમાં સ્પેશ્યલ પેપર તરીકે Natural & Synthetic Dyes and Intermediate રાખીને તે સાથે સૌથી વધારે ગુણાંક મેળવી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક અંગેનો ઉપર મુજબ સુધારેલો નિયમ મંજૂર કરવો.

૪૫. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરે સને ૧૯૭૭-૭૮નું શૈક્ષણિક વર્ષ કૉમર્સના વ્યાખ્યાતા વિના શૈક્ષણિક કાર્ય ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—નવા વરસથી કૉમર્સના વ્યાખ્યાતા નીમશે તેમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપર જણાવેલી ક્ષતિ માટે ઠપકો આપવો તથા જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના લેક્ચરરની નિમણૂક કરવા જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૪૬. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં ૧૯૭૭-૭૮ના વર્ષમાં યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પૂરા સમયના વ્યાયામ શિક્ષક વિના ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ કૉમર્સ કૉલેજ અને અમદાવાદ સાયન્સ કૉલેજ માટે એક જ વ્યાયામ શિક્ષક છે.

૨. જો ગુજરાત યુનિવર્સિટી વ્યાયામ શિક્ષકના પગારને ગ્રાન્ટપાત્ર ગણવાની સો ટકા ખાતરી આપે તો જ વ્યાયામ શિક્ષકની નિમણૂક અંગે વિચારી શકાય તેમ કૉલેજે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણામાં હિન્દીના ખંડ સમયના ટ્યૂટર તરીકે કુ. આશા બી. ક્ષત્રિયની કરેલી નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી એડહૉક ધોરણે ગ્રાહ્ય રાખવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) કુ. આશા બી. ક્ષત્રિય વ્યાખ્યાતા તરીકેની નિમણૂક માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી.

(૨) પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકોના સુધારેલા પગારધોરણના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦-૧૨-૧૯૭૭ની સભામાં કૉલેજોમાં હવેથી ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરની નવી નિમણૂક કરી શકતી નથી અને આવી નિમણૂકો માન્ય કરવી નહીં એ પ્રમાણે ઠરાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપરની ક્ષતિ માટે ઠપકો આપવો અને જણાવવું કે જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા હિન્દીના શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૪૮. એજ્યુકેશન કૉલેજ, પેટલાદમાં કુ. એસ. એસ. હુસેનની કરવામાં આવેલી નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવાની સદરહુ કૉલેજના આચાર્યે કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. ભૂપેન્દ્ર શાહ તા. ૧-૮-૧૯૭૭થી (સી.એ.એસ.આઈ.) ટીચર્સ ફેલો તરીકે વડોદરામાં જવાથી કામચલાઉ જગ્યા ખાલી પડી છે.

(૨) કુ. એસ. એસ. હુસેન બી.એ. બીજો, એમ એ. બીજો અને બી.એડ. બીજો વર્ગ ધરાવે છે. વ્યાખ્યાતા થવા માટે બી.એડ. પછીનો બે વર્ષનો શૈક્ષણિક અનુભવ જોઈએ તે નથી.

(૩) કુ. એસ. એસ. હુસેનની નિમણૂક અર્થશાસ્ત્રની મેથડ માટેની છે. આ મેથડ્સમાં જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકો અપ્રાપ્ય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૪૯. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલમાં ભૌતિકવિજ્ઞાનમાં જરૂરી શિક્ષકની નિમણૂક વગર તથા અર્થશાસ્ત્ર વિષયના શિક્ષકને ૨૬+૫ તાસનું શિક્ષણકાર્ય સોંપી આખું શૈક્ષણિક વર્ષ ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપરની ક્ષતિ માટે ઠપકો આપવો અને જણાવવું કે જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા ભૌતિકવિજ્ઞાનના શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે ભવિષ્યમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૫૦. વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં ગ્રંથપાલ તરીકે કાર્ય કરતા શ્રી. કે. સી. મહેતાની ઇજાફાની તારીખ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. સદરહુ કૉલેજના કેટલાક પ્રશ્નો અંગે કુલપતિશ્રીએ પ્રિ. જી. બી. પરીખની એક વ્યક્તિની બનેલી તપાસસમિતિ નીમી હતી તેના હેવાલમાં આ અંગે નીચે પ્રમાણે જણાવ્યું છે :

"ઇજાફા નવેમ્બરમાં મળે કે જૂનમાં એ બાબત નક્કી કરવા માટે એ અંગે નિમણૂક-પત્ર શ્રી. મહેતા પાસે માંગતાં તેઓ રજૂ કરી શક્યા નહીં. આમ છતાં પ્રથમ બે વર્ષ ઇજાફા શ્રી. મહેતાને નવેમ્બરમાં આપવામાં આવ્યો છે તે બાબત મૅનેજમેન્ટે એ ઇજાફા ભૂલથી અપાયા છે એવો ખુલાસો કર્યો છે. આ સંજોગોમાં ખાસ સૂચન છે કે યુનિવર્સિટી શ્રી. મહેતાના નિમણૂકપત્રની મૂળ નકલ ચકાસે અને જો તેમના કહેવા પ્રમાણે મૂળ નિમણૂક-પત્રમાં કપડવંજની નોકરી પ્રમાણે ઇજાફાની તારીખ નવેમ્બર રહેશે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો આ નહીં સૂચવેલ ઇજાફાની તફાવતની રકમ શ્રી. મહેતાને ચૂકવી આપવા યુનિવર્સિટીએ કૉલેજને જણાવવું જોઈએ.

૨. સદરહુ બાબતે કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૨૮-૨-૧૯૭૮ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"આ કૉલેજના ગ્રંથપાલ શ્રી. કે. સી. મહેતાની લેણી રકમની ગણતરી કરવામાં શ્રી. મહેતા સાથે મારી રૂબરૂમાં ગણતરી કરી; પરંતુ તેઓ આ કૉલેજમાં જૂન, ૧૯૭૩થી જોડાયા હોવા છતાં નવેમ્બરથી વાર્ષિક ઇન્ક્રીમેન્ટની માગણી કરે છે જે અયોગ્ય અને નિયમ વિરુદ્ધ જશે. તેમનું ઇન્ક્રીમેન્ટ તેઓ જે અગાઉની કૉલેજમાંથી અહીં જોડાયા ત્યાં નવેમ્બરમાં છે એમ તેમનું કહેવું છે. પરંતુ એ બાબત સાથે આ કૉલેજને કોઈ સંબંધ નથી. કારણ કે અહીં તો તેઓ જૂનથી જોડાયેલા છે. અને ઇન્ક્રીમેન્ટ વાર્ષિક હોવાથી તેમને દર જૂનમાં જ ઇન્ક્રીમેન્ટ આપી શકાય.

આ બાબત શ્રી. મહેતા સંમત ન થતા હોવાથી તેમના પ્રશ્નનો કોઈ ઉકેલ આવી શકતો નથી."

૩. કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૫-૩-૧૯૭૮ના પત્રથી શ્રી. કે. સી. મહેતાને આપેલ નિમણૂકપત્રની અધિકૃત નકલ મોકલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સંલગ્ન કૉલેજોના શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૧. એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદમાં લાઇબ્રેરિયનના મદદનીશ તરીકે કામ કરતાં શ્રીમતી શકુતલાબહેન એચ. શોધને તેમની ગ્રંથપાલ તરીકેની લાયકાતને ક્ષમ્ય ગણી ગ્રંથપાલ તરીકે સદરહુ કૉલેજના આચાર્યશ્રી મારફતે માન્ય રાખવા માટે કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રીમતી શોધને ગુજરાત સરકાર સંચાલિત ચાર માસનો ગ્રંથપાલ તરીકેનો અભ્યાસક્રમ પસાર કરેલ છે તેઓને આજદિન સુધી આઠ વર્ષનો અનુભવ છે. ઉપરાંત આ કૉલેજ ૧૯૭૩માં આપણી યુનિવર્સિટી સાથે જોડાઈ તે પહેલાંની નિમણૂક છે.

(૨) કૉલેજનું વિનયન અને શિક્ષણ એમ બે કૉલેજોમાં વિભાગીકરણ થતાં આ પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ આ યુનિવર્સિટી સાથે જોડાઈ તે પહેલાં શ્રીમતી શકુંતલાબહેન એચ. શોધનની નિમણૂક લાઇબ્રેરિયન તરીકે કરવામાં આવેલી હોઈ તે હકીકત લક્ષમાં લઈ તેમની નિમણૂક માટે આ તબક્કે વાંધો ન લેતાં તે બાબ રાખવી.

૫૨. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં માઇક્રોબાયોલોજી અને ભૌતિકવિજ્ઞાનમાં અનુક્રમે નિમાયેલ ટ્યૂટર શ્રી. વી. ડી. શાહ અને બંડ સમયના ડેમોન્સ્ટ્રેટર શ્રી એન. એ. પુરાણીની હંગામી નિમણૂકો ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવા માટેની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. કૉલેજે જણાવ્યું છે કે—

(ક) બંને નિમણૂકો વિદ્યાર્થીઓના હિતને લક્ષમાં રાખીને કરવામાં આવી છે.

(ખ) શ્રી. વી. ડી. શાહની નિમણૂક ગુજરાત રાજ્ય અને યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીવાળી પસંદગી સમિતિની સંમતિથી કરવામાં આવી છે. જ્યારે શ્રી. એન. એ. પુરાણી એકલા જ વરણી સમિતિમાં ઉપસ્થિત થયા હતા.

(ગ) આગામી શૈક્ષણિક વર્ષથી બંને જગ્યાઓ માટે વ્યાખ્યાતાઓની નિમણૂકો કરવામાં આવશે.

૨. શ્રી. વી. ડી. શાહ બી.એસસી. પ્રથમ વર્ગ અને એમ.એસસી. ત્રીજો વર્ગ ધરાવે છે અને શ્રી. એન. એ. પુરાણી બી.એસસી. બીજો વર્ગ ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપરની ક્ષતિઓ માટે ઠપકો આપવો અને તે નિમણૂકો ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ પૂરતી બાહ્ય રાખવી તથા સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૮થી સદરહુ વિષયોમાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયોમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૫૩. શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં નવી તરાહના સંદર્ભમાં પૂર્ણ સમયના સંસ્કૃતના વ્યાખ્યાતા શ્રી. જી. પી. બ્રહ્મભટ્ટને ફરજલ ગણી છૂટા કરવામાં આવેલા તથા તેની જગાએ અન્ય બંડ સમયના વ્યાખ્યાતાની કૉલેજે નિમણૂક કરેલી, તે નિમણૂકને એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૨-૧૯૭૮ની સભામાં માન્ય ન કરવાનું ઠરાવ્યું હતું. આના સંદર્ભમાં કૉલેજને જાણ કરી શ્રી. જી. પી. બ્રહ્મભટ્ટને પાછા લેવા જણાવેલું હતું. આમ છતાં શ્રી. જી. પી. બ્રહ્મભટ્ટને કૉલેજે પાછા લીધા નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેની ઉપરની ક્ષતિ માટે ઠપકો આપવો અને શ્રી. જી. પી. બ્રહ્મભટ્ટને પાછા લેવા માટે ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૫૪. શ્રીમતી ટી. એસ. આર. કોમર્સ કૉલેજ, પાટણમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. કે. જે. ભીલને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧-એમાં જણાવેલ કાર્યવાહી કર્યા સિવાય છૂટા કર્યા છે તથા તેમને પૂર્વવત્ નોકરીમાં પાછા લેવા અંગેના યુનિવર્સિટીના આદેશનું કૉલેજે પાલન કર્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપરની ક્ષતિ માટે ઠપકો આપવો તથા શ્રી. કે. જે. ભીલને ચોકીદારની જગ્યા પર પાછા લેવા માટે ઘટતો પત્ર લખવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૫૫. એકિઝકયુટિવ કાઉન્સિલના અગિયાર સભ્યો તરફથી આવેલ નીચેની બાબત એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૫-૨-૧૯૭૮ની સભામાં મૂકવામાં આવતાં તેમાં ઠરાવ્યા અનુસાર રાજ્ય સરકારના શિક્ષણખાતાએ તેના તા. ૧૦-૩-૧૯૭૮ના પત્રાંક એમ. આઈ. એસ. ૧૦૭૮-૧૪૧૪૭-કે.એચ.થી કરેલ સ્પષ્ટતા પરત્વે વિચારણા કરવા બાબત.

એકિઝકયુટિવ કાઉન્સિલમાં મુકાયેલ બાબત

The age of retirement of teachers working in affiliated colleges and recognised Institutions shall be sixty years, provided that a teacher may, in case the management of the college or the Institution so desires, be continued up to 65 years of age if the Management is satisfied regarding his physical and mental fitness, provided that the extension beyond sixty years shall be given for not more than five years.

રાજ્ય સરકારની સ્પષ્ટતા

".....Government would not like to keep a distinction between aided and unaided colleges for this purpose. Government is therefore, not in favour of giving any extension beyond 60 years.

આ કાર્યાલયના તા. ૧૯-૪-૧૯૭૮ના પત્રાંક એકે/૧૪૨૪૮ હેઠળ જણાવ્યા મુજબ સદરહુ બાબત કામકાજની યાદીમાંથી રદ કરવામાં આવેલી હોઈ તે અંગે કશું કરવાનું રહ્યું નહીં.

૫૬. રાજ્ય સરકારના ઠરાવ નં. એમ.આઈ.એસ. ૧૦૭૫-૪૯૪૭ કેએચ. તા. ૨૩-૧૧-૧૯૭૬માં લેક્ચરર કક્ષાના શિક્ષકો માટે મૂલ્યાંકન (Assessment) અંગેની જોગવાઈ કરવામાં આવી છે, ત્યારે રીડરની ગ્રેડમાં રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ છે તો તે અંગે પણ લેક્ચરર અંગેનાં જ ધોરણો રાખવાં કે કેમ તે અંગે વિચારણા કરવા અંગે.

સદરહુ જોગવાઈ નીચે પ્રમાણે છે:

"(12) The Assessment at Rs. 1,300/- in the Lecturer's scale of Rs. 700-10—1100-50-1300 Assessment-50-1600 shall be dane by a committee to be appointed by the university in which there will be at least one representative of the Director of Education. In the case of Lecturers of the Government colleges the Committee shall be appointed by the Government."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરોની બાબતમાં પણ લેક્ચરરો માટે મૂલ્યાંકન અંગે જે જોગવાઈ કરવામાં આવેલી છે તે જોગવાઈ લાગુ પાડવી.

૫૭. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ, અમદાવાદના ડાયરેક્ટર ડૉ. સુમંત મજમુદાર તરફથી નીચેના અભ્યાસક્રમોમાં નામાભિધાન ઇ. અંગે આવેલ પ્રસ્તાવ બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬-૨-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ડૉ. સુમન્ત મજમુદારનો પ્રસ્તાવ

Current courses with duration	*Revised nomenclature*	*Revised duration*
1. Two years post-graduate dipioma in Psychotherapy (D.P.)	No modification	2 years + 3 months block placement
2. One year Post-graduate Diploma in Psychiatric Social work (D.P.S.W.)	-do-	1 year + 3 months block placement
3. One year Post-graduate diploma in Psychiatrict Occupational therapy (D.P.O.T.)	Master of Science (Psychia-tric Occupa-tional Therapy (M.Sc.Pay.O.T,)	2 years + 3 months block placement.

4.	Two years' Post-graduate Diploma in Medical and Social Psychology (D.M. & S.P.)	Post-graduate Diploma in Medical and Social Psychology (School of Psychology) D.M. & S.P. (School of Psychology)	2 years + 3 months block placement
5.	One year Post-graduate Diploma in Special Education for Normal Children (D.S.E.N.C.)	Master of Education (Special Education-Mentally handicapped) M.Ed. (Special Education Mentally Handicapped)	2 years + 3 months block placement
6.	One year Post-graduate Diploma in Scientific study of the Developmentally handicapped	No modification	1 year + 3 months block placement
7.	Two years Post-graduate courses leading to B.Sc. in Audiology and Speech Therapy B.Sc. (A.S.T.)	No modification	2 years + 3 months block placement

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમોનાં નામાભિધાન બદલવા માટેનો ડૉ. સુમન્ત મજમુદારનો પ્રસ્તાવ નીચેના સુધારા સાથે સ્વીકારવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

'One year Post-graduate Diploma in Special Education for Non-normal Children (D.S.E.N.C.)નો હાલનો જે અભ્યાસક્રમ છે તે ચાલુ રાખવા અને

તે ઉપરાંત Master of Education (Special Education for Mentally Handicapped) (M.Ed.) (Special Education for Mentally Handicapped)નો બે વર્ષ અને ત્રણ માસ (block placement)નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૮. ૧૯૭૮ના વર્ષમાં લેવાનાર તૃતીય વર્ષ બી.એ.ની મનોવિજ્ઞાન વિષયની પરીક્ષા માટે અમલી બને તે રીતે પ્રાયોગિક કાર્યની પરીક્ષા માટે બેને બદલે એક પ્રયોગ કરાવવાનો રાખવાની શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૨-૧૯૭૮ની સભામાં મંજૂર કરેલ હોઈ અને વધુમાં નીચે મુજબ ઠરાવ્યું હોઈ તે પર વિચારણા ઠરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે તૃતીય વર્ષ બી.એ.ની પરીક્ષા માટે મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાના ખર્ચ પેટે સંબંધકર્તા કૉલેજોને આર્થિક સહાય આપવા અંગેનાં ધારાધોરણો ઘડવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી." (એ.કા. બાબત ક્રમાંક ૧)

આથી ઠરાવવામાં આવે છે કે તૃતીય બી.એ.ની મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાના ખર્ચ પેટે સંબંધકર્તા કૉલેજોને વિદ્યાર્થી દીઠ રૂ. ૨-૫૦ની આર્થિક સહાય આપવી અને આ નિયમનો અમલ ૧૯૭૮ના એપ્રિલ માસમાં લેવાયેલી પરીક્ષાઓને પણ લાગુ પાડવો.

૫૯. "જ્ઞાનકોશ"ના ગણિતવિજ્ઞાનના ખંડ માટે અધિકરણો તૈયાર કરવા લેખકને આપવાના પુરસ્કારના ધોરણ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—હાલમાં જ્ઞાનકોશના કામ અંગે લેખકને આપવાનું પુરસ્કારનું ધોરણ એક હજાર શબ્દ દીઠ રૂ. ૪૦-૦૦ અને સંપાદનના કામ માટે હજાર શબ્દ દીઠ રૂ. ૮-૦૦ આપવા ઠરાવેલ છે.

સામાન્ય રીતે રૉયલ આઠ પેજી ફર્માના એક પાનામાં ૫૦૦ શબ્દનો સમાવેશ થાય છે.

આ કામમાં છાપેલા પાન દીઠ પુરસ્કાર નક્કી કરવાનો રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે 'જ્ઞાનકોશ'ના ગણિતવિજ્ઞાનના ખંડ માટે અધિકરણો તૈયાર કરવા માટે લેખકને પાન દીઠ રૂ. ૧૦નો અને સંપાદકને રૂ. ૨નો પુરસ્કાર આપવો.

૬૦. પરીક્ષા ફી રિફંડ કરવા અંગેના ઑ. ૧૩૦ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

O. 130 :

Examination fee once paid shall not be refunded except in the circumstances and to the extent mentioned under below :

(1) Where the candidate dies prior to the examination, the entire fee shall be refunded.

(2) Where the candidate remains absent at the examination one-half of the fee shall be refunded.

(3) Such refund must be claimed by the candidate within a period of six months from the date of declaration of the result of the examination in which he/she was to have appeared.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિનન્સમાં નીચેની કલમ (૩) ઉમેરવી અને કલમ (૩)ને= કલમ (૪)ના નવો નંબર આપવો :

(3) if a college withdraws the form before the start of the examition full fees be refunded.

૬૧. તબીબી વિદ્યાશાખાની ભલામણ મુજબ ડિપ્લોમા ઇન એનેસ્થેસિયાને લગતા ઑર્ડિ. ૩૦૦-જી. અને ઑર્ડિ. ૩૦૦-આઈ નીચે મુજબ સુધારવા તથા ઑર્ડિ. ૩૦૦-જે અને ઑર્ડિ. ૩૦૦-કે રદ કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની અંકેરમિક કાઉન્સિલની ભલામણ.

O. 380-G :

Examination for the Diploma in Anaesthesia of the Gujarat University will be held twice a year at a time and date fixed by the University.

O. 300-I :

Candidate will be allowed to appear at least two years after taking his M.B.,B.S. Degree, provided that–

he has held the appointment of a Resident Anaesthetist or Registrar or Tutor or post-graduate student in a teaching institution a period of four academic terms recognised for the purpose under a recognised teacher.

A certificate to this effect and to the effect that he has completed a course of instruction comprising lectures prescribed in the Syllabus from the teacher and the Head of the Institution must be produced with the form of application for the examination.

O. 300-J : Deleted

O. 300-K : Deleted

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા-ઇન-એનેસ્થેશિયાના અભ્યાસક્રમની પરીક્ષાને લગતા ઑર્ડિ. ૩૦૦-જી અને ઑર્ડિ. ૩૦૦-આઈ ઉપર મુજબ સુધારવા તથા સુધારેલા સદરહુ ઑર્ડિનન્સોને તાત્કાલિક અમલમાં મૂકવા.

૬૨. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રીને જૂન ૧૯થી ૨૪, ૧૯૭૮ના અરસામાં પીટસબર્ગ ખાતે યોજનાર Fifth International

Symposium on Multivariate Analysis at the University of Pittsburgh Conferenceમાં હાજરી આપવા તથા Deptt. of Statistics, Institute of Mathematics, Statistics & Computer Science, State University of Companies, 13100 Companies SP Brazilના પ્રો. પી એન. રાથીએ ડૉ. ખત્રીને એપ્રિલ ૧૯૭૮થી જુલાઈ ૧૯૭૮ માટે શૈક્ષણિક અને સંશોધન કામગીરી માટે ડૉ. ખત્રીને નિમંત્રણ આપ્યું છે, તો ડૉ. ખત્રીને એપ્રિલ ૧૯૭૮થી જુલાઈ ૧૯૭૮ના સમય માટે ૪ માસની અભ્યાસ રજા આપવા અંગે તેઓની તા. ૧૭-૨-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. ડૉ. ખત્રીનો હાલ મૂળ માસિક પગાર રૂ. ૨,૦૦૦ છે.

૨. ડૉ. ખત્રીને બ્રાઝિલ જવા અંગેનું ભાડું તથા રહેવા અંગેનું ખર્ચ તેઓ આપનાર છે.

૩. ડૉ. ખત્રીને અત્યાર સુધીમાં કુલ ૬ વાર અભ્યાસ-પ્રવાસની પરવાનગી આપવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. જી. ખત્રીને ઉપરનું નિમંત્રણ સ્વીકારવા માટે અનુમતિ આપવી અને તે માટે તેમને ચાર માસની અભ્યાસ-રજા ખાસ રજા તરીકે અપવાદ કરીને નીચેની શરતોએ આપવી :

(૧) તેઓ રજા ઉપર જાય તે સમગ્ર ગાળા માટે તેમને કશાં ભથ્થાં કે વેતન આપવાં નહીં;

(૨) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થશે અને તે પછી ઓછામાં ઓછાં બે વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે એ મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે;

(૩) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં;

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહીં તો તેમને રજા દરમિયાન મળેલાં નાણાં તથા ત્રણ માસના પગાર (ભથ્થાં સહિત) જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરશે; અને

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૬૩. ગ્રામવિસ્તારની કાયદાની કૉલેજોમાં વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાથી તથા કાયદાની કૉલેજોને રાજ્ય સરકારે અનુદાનને પાત્ર ગણી ન હોઈ ગ્રામવિસ્તારની કાયદાની કૉલેજોમાં હાલ જે ફીનું ધોરણ રાખ્યું છે તે ચાલુ રાખવા દેવાની અને ઑર્ડિ. ૨૫૯નો અમલ મોકૂફ રાખવાની શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** - ૧. ઑ. ૧૫૯ પ્રમાણે કાયદાની કૉલેજોમાં રૂ. ૧૫૦ સત્ર ફી મુકરર કરેલ છે.

૨. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫-૨-૧૯૭૮ની સભામાં ઠરાવ ક્રમાંક ૭૧ થી લૉ કૉલેજ, ગોધરાને રૂ. ૨૦૦-૦૦ સત્ર ફી રાખવા મંજૂરી આપેલ છે.

૩. ગ્રામવિસ્તારની કાયદાની કૉલેજોમાં પ્રવર્તમાન ફી નું ધોરણ નીચે મુજબ છે :

ક્રમાંક	કૉલેજનું નામ	ફીના દર
		રૂ.
૧.	એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	૧૫૦
૨.	ડી. એસ. લૉ કૉલેજ, ભૂજ	૨૦૦
૩.	વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા	૧૭૦
૪.	સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	૨૦૦
૫.	એમ. એમ. પટેલ લૉ કૉલેજ, મેાડાસા	૧૭૫
૬.	લૉ કૉલેજ, ગોધરા	૨૨૫
૭.	એમ. એન. લૉ કૉલેજ, પાટણ	૧૮૦]

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૫૯ની કંડિકા ૧(*iii*) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(*iii*) (*a*) Law College in the city of Ahmedabad — Rs. 150-00

(*b*) Law Colleges other than those situated in the city of Ahmedabad — Rs. 200-00 (maximum)

૬૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા શ્રી. એમ. ડી. ત્રિવેદીને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦-ઈબી-૪૫-૯૦૦ના પગારધોરણમાં તા. ૭-૬-૧૯૭૮ થી રૂ. ૮૧૦ પછીના કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એમ. ડી. ત્રિવેદીની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યેા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી એમ. ડી. ત્રિવેદીને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦-ઈ.બી. ૪૫-૯૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ પછીનેા કાર્યક્ષમતા અંતરાય તા. ૭-૬-૧૯૭૮થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૬૫. આ ક્રમાંકની કોઈ બાબત નથી.

૬૬. યુનિવર્સિટીનું સને ૧૯૭૮-૭૯ના વર્ષનું અંદાજપત્ર તથા સને ૧૯૭૭-૭૮ના વર્ષનું પુનર્નિર્મિત અંદાજપત્ર તા. ૨૯/૩૦-૩-૧૯૭૮ના રોજ યોજવામાં આવેલી કોર્ટની વાર્ષિક સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ પરંતુ ગણપૂર્તિ (કોરમ)ના અભાવે સભાનું કામકાજ તા. ૨૯-૩-૧૯૭૮ના રોજ બપોર પછી અને તા. ૩૦-૩-૧૯૭૮ના રોજ શરૂઆતથી ચાલી નહીં શકવાને કારણે આ બાબતોની વિચારણા કોર્ટની સભામાં થઈ શકી નથી. દરમ્યાન યુનિવર્સિટીનું નવું નાણાકીય વર્ષ તા. ૧-૪-૧૯૭૮ થી શરૂ થતું હોઈ સદરહુ અંદાજપત્રોની યુનિવર્સિટીની કોર્ટે નોંધ લીધી છે તેમ ગણી લઈને આગળ કાર્યવાહી કરવા કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત તથા તેના સંદર્ભમાં શ્રી. અંબુભાઈ દેસાઇએ રજૂ કરેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી પ્રેસમાં હાલમાં ખાલી રહેલી જે તે કાયમી જગ્યાઓ ઉપર છેલ્લા એક વર્ષ કે તેથી વધુ સમય માટે જે કર્મચારીઓ કાર્યકારી ધોરણે કામ કરતા હોય તેઓને તેમનો તે ગાળો પ્રોબેશનનો ગણીને, જો તેઓ તે જગ્યાની નિયત લાયકાત ધરાવતા હોય તો, સીનિયર કર્મચારીઓના હિતને વિપરીત અસર ન થાય તેને લક્ષમાં રાખી, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર કાયમી નિમણૂક આપવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે"

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. અંબુભાઈ દેસાઈનો ઉપરનો પ્રસ્તાવ સ્વીકારવો નહીં અને આ સભાગૃહે મંજૂર કરેલા ૧૯૭૮-૭૯ના વર્ષના અંદાજપત્ર મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવી.

વધુમાં એ જગ્યાઓ માટે સરકારને જરૂરી પત્ર લખવો.

૬૭. એાર્ડિ. ૨૪ અન્વયે ગ્રંથાલય સમિતિ પર સિન્ડિકેટે નિયુક્ત કરેલા સભ્યોની મુદત તા. ૧૫-૪-૧૯૭૮ના રોજ પૂરી થઈ હોઈ તેમની જગ્યાએ અન્ય ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત.

[**નોંધ.**— ૧૨-૪-૧૯૭૫ની એકિઝકયુટિવ કાઉન્સિલમાં નીચેના સભ્યો નિયુક્ત થયા હતા :

૧. ડૉ. વી. સી. શાહ

૨. ડૉ. અંબાશંકર નાગર

૩. આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આ સભાગૃહના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. આચાર્ય કે. એન. શાહ

૨. આચાર્ય હરિશંકર પંડ્યા

૩. શ્રી. આર. એમ. શાહ

૬૮. આચાર્ય એસ. આર. ભટ્ટ હવે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય રહેતા ન હોવાથી તેઓશ્રીની જગાએ નીચેની સમિતિઓ પર અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સમિતિનું નામ
૧.	જોડાણની શરતોના પરિપાલન અંગેની સ્થાયી સમિતિ
૨.	ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિ
૩.	સંલગ્ન કૉલેજોના શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ
૪.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનનો વિષય જૂન ૧૯૭૮ થી શીખવવાનો બંધ કરવા બાબતમાં નિયુક્ત થયેલી સમિતિ.
૫.	કૉલેજોના આર્થિક પ્રશ્નો (ગ્રાન્ટ સહિતના) અંગે રાજ્ય સરકાર પાસે રજૂઆત કરવા અંગેની સમિતિ

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ સમિતિઓ પર આચાર્ય એસ. આર. ભટ્ટની જગ્યાએ નીચેના સભ્યોની નિમણૂક કરવી :

	સમિતિનું નામ	સભ્યનું નામ
૧.	જોડાણ શરતોના પરિપાલન અંગેની સ્થાયી સમિતિ	શ્રી. નરહરિ પરીખ
૨.	ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિ	શ્રી. આર. એમ. શાહ
૩.	સંલગ્ન કૉલેજોના શિક્ષક/બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ	આચાર્ય એમ. સી. શાહ
૪.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનનો વિષય જૂન ૧૯૭૮થી શીખવવાનો બંધ કરવા બાબતમાં નિયુક્ત થયેલી સમિતિ	પ્રો. ડી. એન. પાઠક
૫.	કૉલેજોના આર્થિક પ્રશ્નો (ગ્રાન્ટ સહિતના) અંગે રાજ્ય સરકાર પાસે રજૂઆત કરવા અંગેની સમિતિ	આચાર્ય હરિશંકર પંડ્યા

૬૯. સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિ પર આચાર્યશ્રી એસ. આર. ભટ્ટની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિ પર આચાર્ય એસ. આર. ભટ્ટની જગ્યાએ શ્રી. કે. એસ. શાસ્ત્રીની નિમણૂક કરવી.

૭૦. જૂન ૧૯૭૯થી ચાલુ જોડાણ માટે આવેલી અરજીઓના ઉપલક્ષ્યમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણ અરજીઓની બાબતમાં જરૂરી સ્થાનિક તપાસ-સમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૧. મે ૨૪થી જૂન ૧૦, ૧૯૭૮ના સમય દરમિયાન દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટ વિભાગ તરફથી વાણિજ્ય વિષયમાં ગુજરાતની પાંચ યુનિવર્સિટી/કૉલેજ શિક્ષકો માટે અઠ્ઠાવીસ દિવસનો "સમર ઇન્સ્ટિટ્યૂટ" કાર્યક્રમ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ૧૯૭૮-૭૯ના શૈક્ષણિક વર્ષમાં જે શિક્ષકો વાણિજ્યનો વિષય શીખવશે તે પૈકી ચાર સીનિયર શિક્ષકો મોકલવા માટે જણાવ્યું છે.

(૨) રહેવા-જમવાની સગવડ તથા નિયમાનુસાર ભથ્થાં પ્રતિનિધિઓને ત્યાંથી મળશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ગ્રીષ્મવર્ગમાં વાણિજ્ય વિદ્યાશાખાના નીચેના ચાર શિક્ષકોને મોકલવા :

૧. શ્રી. આર. એચ. વ્યાસ
૨. શ્રી. પી. આર. શાહ
૩. શ્રી. ભૈરવ દેસાઈ
૪. શ્રી. જે. પી. લાંગલીયા.

૭૨. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર તથા ભવન્સ જશોદાબેન કૉમર્સ કૉલેજ, ડાકોરને એક સંકુલ બનાવવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૧-૧૯૭૮ની સભાએ મંજૂરી આપી હોવાથી આ ત્રણ વિદ્યાશાખાવાળી કૉલેજનું નામ "ભવન્સ આર્ટ્સ-સાયન્સ એન્ડ જશોદાબેન કૉમર્સ કૉલેજ. ડાકોર" એ પ્રમાણે રાખવા અંગેના સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ત્રણ વિદ્યાશાખાવાળી કૉલેજનું સંકુલ જૂન ૧૯૭૭ થી કરવા દેવા માટે અરજી હતી જે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૮ની સભામાં મંજૂર કરી છે તો આ સંકુલ જૂન ૧૯૭૭ થી કે જૂન ૧૯૬૮ થી ૧૯૭૮ થી અમલી ગણવું તે અંગે પણ વિચારવું તે અંગે પણ વિચારવાનું રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જણાવવું કે તેમના બિનશિક્ષક વર્ગના કર્મચારી-ઓને છૂટા કરવા માટે તેમણે આપેલી નોટિસો પાછી ખેંચી લેવામાં આવે તે પછી સદરહુ પ્રસ્તાવ ઉપર વિચારણા કરવામાં આવશે.

૭૩. શ્રી. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના આચાર્યશ્રીની નીચેની વિનંતી પર વિચારણા કરવા બાબત :

"અર્થશાસ્ત્ર વિષયમાં બે લેક્ચરનો વર્કલોડ વધતો હતો જે અર્થશાસ્ત્ર વિષયના બે અધ્યાપકો વચ્ચે વહેંચ્યો હતો. હવે જ્યારે વર્ષ પૂરું થયું છે ત્યારે જરૂરી મંજૂરી આપી આભારી કરશો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે કરેલી ઉપરની વ્યવસ્થા ૧૯૭૭-૭૮ના વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૭૪. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાં ગણિતશાસ્ત્રના ખંડ સમયના ટ્યૂટર શ્રી. બી. કે. મહેતાની ખંડ સમયના ટ્યૂટરમાંથી પૂર્ણ સમયના ટ્યૂટર તરીકેની નિમણૂક કરી છે તથા રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના વિષયોમાં જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકો અપ્રાપ્ય હોવાથી અનુક્રમે શ્રી. એસ. બી. ભટ્ટ અને શ્રી. વી. બી. મહેતાની નિમણૂકો ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટર તરીકે કરી છે તે ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવા સદરહુ કૉલેજે કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— શ્રી. બી. કે. મહેતા બી.એસસી. પ્રથમ અને એમ.એસસી ગણિતશાસ્ત્ર સાથે બીજો વર્ગ ધરાવે છે. વ્યાખ્યાતા થવાની તેઓ પાત્રતા ધરાવતા હતા.

શ્રી. એસ. બી. ભટ્ટ બી.એસસી. પાસ વર્ગ અને એમ.એસસી. રસાયણવિજ્ઞાન સાથે પાસ વર્ગ ધરાવે છે.

શ્રી. વી. બી. મહેતા બી.એસસી. પ્રથમ અને એમ.એસસી. વનસ્પતિવિજ્ઞાન સાથે પાસ વર્ગ ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે કરેલી ઉપરની વ્યવસ્થા ૧૯૭૭-૭૮ના વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૭૫. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) મુજબ પ્રૉ. ફંડ ખાતા-માંથી તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ ₹.	સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે!	કયા કારણસર લોનની માંગણી કરી છે ?
૧	૨	૩	૪	૫
૧.	શ્રી. અરવિંદ બી. દવે હેડ ક્લાર્ક	૧૩,૪૦૦	હા	હા.બોર્ડમાં ફ્લેટ માટે ભરવાના હોવાથી
૨.	શ્રી. બી. એમ. ગજ્જર સીનિયર ક્લાર્ક	૧૨,૦૦૦	હા	મકાન મરામત માટે

૧	૨	૩	૪	૫
૩.	શ્રી. રતા વરુ સફાઈ કામદાર	૬,૮૦૦	ના	મકાન મરામત માટે
૪.	શ્રીમતી રેવા રતા સફાઈ કામદાર	૬,૨૦૦	ના	,,
૫.	શ્રી. જી. બી. પરમાર પટાવાળા, ગ્રંથાલય	૫,૫૦૦	ના	,,
૬.	શ્રી. કે. એસ. રાણા પ્યૂન-કમ-એટેન્ડન્ટ, ગ્રંથાલય	૬,૫૦૦	હા	,,
૭.	શ્રી. એ. ટી. મિસ્ત્રી ટેક. આસિ., ગ્રંથાલય	૨૦,૦૦૦	હા	,,
૮.	શ્રી. એલ. જે. સોમૈયા પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૬,૪૦૦	હા	,,
૯.	શ્રી. એમ. એમ. મકવાણા પ્યૂન-કમ-એટેન્ડન્ટ	૭,૫૦૦	હા	,,
૧૦.	શ્રી. બી. કે. સોની જુ. ક્લાર્ક, ગ્રંથાલય	૮,૫૦૦		હા. બોર્ડમાં ફ્લેટ માટે ભરવાના હોવાથી
૧૧.	શ્રી. જે. એ. પટેલ સી. ક્લાર્ક	૧૧,૪૦૦		મકાન બાંધકામ માટે
૧૨.	શ્રી. એમ. એફ. પરમાર લેબ. આસિ.	૧૨,૦૦૦		હા. બોર્ડમાં ભરવાના હોવાથી
૧૩.	શ્રી. કે. ડી. પંડ્યા પ્રકાશન અધિકારી	૨૯,૮૦૦	હા	હા. બોર્ડમાં ટેના-મેન્ટના ભરવા માટે
૧૪.	શ્રી. જે. જી. શિંગાડે	૧૬,૦૦૦	હા	,,
૧૫.	શ્રી. આઈ. સી. ક્રિશ્ચિયન જુ. ક્લાર્ક	૧૦,૬૦૦	હા	હા. બોર્ડમાં ટેનામેન્ટના ભરવા માટે
૧૬.	શ્રી. પી. પી. મહેતા સીનિ. ઓપરેટર	૧૩,૫૦૦	હા	,,
૧૭.	શ્રી. આર. એસ. પારેખ પટાવાળા	૬,૦૦૦	ના	મકાન મરામત માટે
૧૮.	શ્રી. એસ. ડી. ભટ્ટ	૧૭,૫૦૦	હા	હા. બોર્ડના ફ્લેટ માટે
૧૯.	શ્રી. પી. જી. ઝાલા	૬,૮૦૦	ના	મકાન રિપેરિંગ માટે
૨૦.	શ્રી. એમ. વી. ઝાલા	૫,૬૦૦	હા	હા. બોર્ડના ફ્લેટ માટે
૨૧.	શ્રી. એમ. એમ. શાહ ટેક. આસિ., ગ્રંથાલય	૧૪,૬૦૦	હા	,,

૧	૨	૩	૪	૫
૨૨.	શ્રી. એન. એસ. પટેલ જુ. ક્લાર્ક, ડી.પી.ઈ.	૧૨,૦૦૦	ના	હા. બોર્ડના ફ્લેટ માટે
૨૩.	શ્રી. પી. એમ. પરમાર કંપાઉન્ડર	૮,૨૦૦	હા	,,
૨૪.	શ્રી. એન. એસ. પરમાર ટાઇપિસ્ટ	૯,૮૦૦	હા	,,
૨૫.	શ્રી. બી. એમ. વૈશ્ય વોર્ડબોય	૫,૮૦૦	ના	મકાન મરામત માટે
૨૬.	શ્રી. બી. એચ. પટેલ	૭,૮૦૦	ના	ફ્લેટમાં ભરવાના હોવાથી
૨૭.	શ્રી. બી. જે. પંડ્યા	૧૦,૫૦૦	હા	મકાન મરામત માટે
૨૮.	શ્રી. બી. એમ, ડાકર	૧૧,૦૦૦	હા	હા. બોર્ડમાં ભરવા માટે
૨૯.	શ્રી. કે. આઈ. ભટ્ટ	૧૦,૫૦૦	હા	,,
૩૦.	શ્રી. જે. પી. ચૌહાણ	૬,૧૦૦	ના	,,
૩૧.	શ્રી. જે. એસ. પંડ્યા	૮,૩૦૦	ના	મકાન મરામત માટે

[**નોંધ.**—આ રકમ તેઓને તા. ૨૬-૫-૧૯૭૮ પછી આપવાના રહેશે, જે તે કર્મચારીની ઉપરોક્ત લોનમાંથી તેઓના ખાતે નીકળતી બિલ્ડિંગ લોન/પ્રોવિડંટ ફંડની બાકીની નીકળતી રકમ તથા તે પર જેટલું વ્યાજ થતું હશે તે કાપીને બાકીની રકમ આપવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ સભ્યોને** તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન તેમના પ્રોવિડંટ ફંડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૭૬. યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ તરફથી આવેલ માગણી અન્વયે ડૉ. બી. એસ. વૈદ્ય-કૃત 'વનસ્પતિ ભૂગોળ'ની બીજી સંશોધન આવૃત્તિ પ્રસિદ્ધ કરવા માટે બોર્ડને નીચેની શરતોએ પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

શરતો :

૧. પુસ્તકની વેચાણ કિંમત પર ૧૦ ટકા લેખે રોયલ્ટીનું ધોરણ રહેશે અને પ્રત્યેક નાણાકીય વર્ષને અંતે તે મુજબ નાણાંની ચુકવણી બોર્ડ તરફથી યુનિવર્સિટીને કરવાની રહેશે;

૨. પુસ્તકના અંદરના ઊઘડતા પાનાની પાછળ "© ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯ : આ પુસ્તક ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯ની અનુમતિથી પ્રકાશિત કરવામાં આવે છે" એમ લખાણ બોર્ડે છાપવાનું રહેશે;

૩. સંશોધિત બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપ્યાનો ઉલ્લેખ પ્રસ્તાવનામાં કરવાનો રહેશે; અને

૪. પુસ્તકની ૧૦ નકલો યુનિવર્સિટીને અને ૫ નકલો લેખકને બોર્ડે આપવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો.

૭૭. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદનો સમય ૧૯૭૮-૭૯ના શૈક્ષણિક વર્ષ દરમિયાન સવારનો રાખવા દેવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૬-૪-૧૯૭૮ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનો ઉપરનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૭૮. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

૧. સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી

૨. સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવી છે તેની યાદી.

૩. આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં બદલાયા છે તેની યાદી.

૪. બદલાણના સંદર્ભમાં જે શિક્ષકની નિમણૂકને માન્ય કરવામાં આવી છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૭૯. એન. એસ. એસ. સલાહકાર સમિતિની તા. ૧૧-૪-૧૯૭૮ની સભાનો ભલામણ મુજબ આગામી ઉનાળાના વેકેશનમાં યુનિવર્સિટીના ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજનાના વિવિધ પ્રકારના ચાર આંતર-કૉલેજ શિબિરો યોજવાનું અને તેનું અંદાજી ખર્ચ રૂ. ૩૦,૦૦૦ (ભારત સરકારની સૂચના મુજબ રૂ. ૨૮,૩૮૦ કેમ્પની ગ્રાન્ટમાં અને રૂ. ૧,૬૨૦ પ્રોજેક્ટની ગ્રાન્ટમાં ખર્ચ પાડવાનું) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો,

૮૦. ઉચ્ચતર માધ્યમિક તબક્કાના અમલને કારણે ફાજલ પડતા સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારી ગણને રક્ષણ આપવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ યુનિવર્સિટીઓ સહિત અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સમાવવા ઇત્યાદિ બાબતો અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૭-૪-૧૯૭૮ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી-૨૦૭૭-ખ (૧) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારનો સદરહુ ઠરાવ, યુનિવર્સિટીના ઑર્ડિ. ૧૬૫ને આધીન સ્વીકારવો.

૮૧. ઑર્ડિ. ૬૨-ડી(ii)માં "ચીફ મેડિકલ ઑફિસર"ને બદલે "રેસિડેન્ટ મેડિકલ ઑફિસર" શબ્દો મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ઑર્ડિ. ૬૨-ડી(*ii*) નીચે પ્રમાણે છે :

"A Committee consisting of the Chief Medical Officer only to sanction all normal expenditure pertaining to the Health Centre upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations."]

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૨-ડી(*ii*) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

"A Committee consisting only of the Resident Medical Officer to sanction all normal expenditure pertaining to the Health Centre upto Rs. 100/- without inviting tenders and upto Rs. 500/- after inviting tenders or quotations."

૮૨. ફાઇનાન્સ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ નં. ૬ તેની પુનર્વિચારણા માટે સદરહુ સમિતિને પાછી મોકલવી :

"(૬) વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ટ્રાન્સમિટિંગ વાલ્વ ઇંગ્લેંડથી આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ટ્રાન્સમિટિંગ વાલ્વ નંગ ચાર ટાઇપ સી. ૧૧૫૦-૧ અને બેઇઝ માઉન્ટ ટાઇપ્સ બી. ૪-એ મે. ઇંગ્લિશ ઇલેક્ટ્રિક વાલ્વ કંપની લિમિટેડ, ઇંગ્લેંડ પાસેથી આયાત કરવા માટે રૂ. ૪,૨૦૦ + કસ્ટમ ડયુટી, ઑક્ટ્રોય અને અન્ય ચાર્જ જુદા ગણી, આયાત કરવા" ઉપરાંત સમિતિની તા. ૫–૩–'૭૮ની સભામાં આવા જ વાલ્વ આયાત કરવા માટે જે પ્રસ્તાવ મંજૂર કર્યો છે તે પણ પુનર્વિચારણા માટે મોકલવો.

તે સિવાયની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૮૩. નીચેની બાબતોની નોંધ લેવા બાબત :

(૧) Introduction of Correspondence Courses અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક **F.8-1/76 (EF)**, તા. ૨૩-૩-૧૯૭૮થી **on Account** રૂ. ૨૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

(૨) Seminar-cum-Workshop on Micro Teaching in Teacher Education માટે ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૨૧-૮-૧૯૭૮થી તા. ૩૦-૮-૧૯૭૮ સુધી સેમિનાર યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના પત્રાંક **F-1-58 (Seminar/H)78(FIP)**, તા. ૨૩-૩-૧૯૭૮થી મંજૂર કરેલ રૂ. ૧૪,૭૫૦ના અંદાજી ખર્ચની તેમ જ તે પેટે રૂ. ૧૩,૦૦૦ હાલ ચૂકવવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

(૩) સોશિયલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ, ગાંધીધામ તરફથી ગાંધીધામ મુકામે જૂન ૧૯૭૮થી હિન્દી માધ્યમની શિક્ષણની કૉલેજ શરૂ કરવા બાબતમાં

એક્ઝિકયુટિવ કાઉન્સિલે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અનુસાર કૉલેજની જરૂરિયાત ન હોવાનું ઠરાવ્યું હોવાથી તે સંસ્થાએ યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૪) અન્વયે રાજ્ય સરકારને કરેલી અપીલ રાજ્ય સરકારે નામંજૂર કર્યાની જાણ કરતા રાજ્ય સરકારના તા. ૧૧-૪-૧૯૭૮ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતોની નોંધ લેવી.

૮૪. (૧) રાષ્ટ્રીય સેવા યોજના માટે ૧૯૭૮-૭૯ના વર્ષ માટે ભારત સરકાર તરફથી ગુજરાત રાજ્યને પ્રોજેક્ટ માટે ૨૪,૦૦૦ અને કૅમ્પ માટે ૧૨,૦૦૦ સંખ્યા મળતાં આપણી યુનિવર્સિટીને અને કૉલેજોને ફાળવવાની પ્રોજેક્ટ માટેની સંખ્યા જે ૬૪૦૦ વિદ્યાર્થીઓની હતી તે વધારીને ૭૦૦૦ કરવામાં આવી છે, અને શિબિર માટે ૩૨૦૦ વિદ્યાર્થીઓ હતા તેને બદલે ૩૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા ફાળવી છે તેથી રાષ્ટ્રીય સેવાયોજનાના કાર્યક્રમોના ખર્ચ પેટે આર્થિક સહાય ૧૯૭૮-૭૯ના વર્ષ માટે અંદાજે નીચે મુજબ કુલ રૂ. ૬,૦૯,૦૦૦ની મળશે, તેની નોંધ લેવા બાબત :

	વિદ્યાર્થી	રૂ.
(અ) પ્રોજેક્ટ પેટે	૭૦૦૦ × ૫૭	= ૩,૯૯,૦૦૦
(બ) કૅમ્પ પેટે	૩૫૦૦ × ૬૦	= ૨,૧૦,૦૦૦
		૬,૦૯,૦૦૦

(૨) ભારત સરકારના કેળવણીખાતા તરફથી ૧૯૭૮-૭૯ના વર્ષ માટે મળેલ એન.એસ.એસ.ના પ્રોજેક્ટ અને શિબિર માટેની મળેલ રૂ. ૬,૦૯,૦૦૦ની ગ્રાન્ટમાંથી નીચે મુજબનું અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત :

(૧) વહીવટી પ્રોજેક્ટ અને તેની સાધનસામગ્રીનું ખર્ચ	...	૩,૯૯,૦૦૦
(૨) શિબિર માટે શિબિરોની સાધનસામગ્રીનું ખર્ચ	...	૨,૧૦,૦૦૦
		૬,૦૯,૦૦૦

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૮૫. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૫-૭૬ના વાર્ષિક હિસાબપત્રક (ગ્રાન્ટ્સ તથા જનરલ) સરકારી ઑડિટરોએ પ્રમાણિત કરેલા તેમ જ તે અંગેની નોંધ સાથે તા. ૨૯/૩૦ માર્ચ ૧૯૭૮ના રોજ યોજવામાં આવેલી કોર્ટની વાર્ષિક સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ પરંતુ કોરમના અભાવે સભાનું કામકાજ તા. ૨૯-૩-૧૯૭૮ના રોજ બપોર પછી અને

તા. ૩૦-૩-૧૯૭૮ના રોજ શરૂઆતથી જ ચાલુ નહિ થઈ શકવાને કારણે આ બાબતોની વિચારણા કોર્ટ ની સભામાં થઈ શકી નથી. સદરહુ વાર્ષિક હિસાબપત્રકની યુનિવર્સિટીની કોર્ટે નોંધ લીધી છે તેમ ગણી લઈને આગળ કાર્યવાહી કરવા કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૬. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૮ની સભામાં મંજૂર કરેલો સ્થાયી સમિતિની તા. ૬-૧૨-૧૯૭૭ની ભલામણ અનુસાર નિયમપાલન માટે તાકીદ કરી હોવા છતાં શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના જીવવિજ્ઞાનના ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર શ્રી. આર. બી. મેવાડાને યુનિવર્સિટી ધારાની કલમ ૫૧-એ અન્વયેની કાર્યવાહી કર્યા સિવાય છૂટા કર્યા હોઈ તે પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની તા. ૬-૧૧-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૮ની સભામાં મંજૂર રાખી છે :

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના જીવવિજ્ઞાનના ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર શ્રી. આર. બી. મેવાડાના પ્રશ્નઅંગે યુનિવર્સિટીના નિયમોનો ભંગ કર્યા પછી યુનિવર્સિટી કાર્યાલય તરફથી બબ્બે ડી.ઓ. પત્ર લખ્યા છતાં કૉલેજના આચાર્યશ્રીએ આ અંગે કોઈ કાર્યવાહી હાથ ધરી નથી તેની ગંભીરતાપૂર્વક નોંધ લેવા અને નિયમપાલન માટે તાકીદ કરવી."

૨. કાર્યભાર ન હોવા અંગે તથા શ્રી. આર. બી. મેવાડા વેપાર પણ કરતા હોવાથી નોકરીમાં ચાલુ રાખી શકાય તેમ નથી એમ કૉલેજે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. બી. મેવાડાને પોતાની નોકરીની સાથે સાથે વેપાર પણ કરતા હોવાનું કૉલેજે જણાવ્યું છે તે બાબતમાં તેમણે શું કહેવાનું છે તે પુછાવવું અને તેમનો જવાબ આવ્યેથી શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો.

૮૭. માર્ચ ૧૯૭૬ની એસ.એસ.સી. પરીક્ષા અંગ્રેજી વિષય વગર પસાર કરનાર વિદ્યાર્થી ભટ્ટ પ્રકાશચંદ્ર પરસોત્તમદાસ એસ.એસ.સી.ઈ. ના અંગ્રેજીમાં પાસ થયેલા ન હોઈ યુનિવર્સિટીમાં પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય "સ્ટ્રીમ બી"માં જ પ્રવેશપાત્ર હતા, પરંતુ વિદ્યાર્થીએ "સ્ટ્રીમ એ"માં પ્રવેશ માટે અંગ્રેજી વિષયની પરીક્ષામાં પસાર થયા છે તેમ એસ.એસ.સી. બોર્ડના મૂળ ગુણપત્રકમાં અનધિકૃત ફેરફાર કરીને "એ સ્ટ્રીમ" માટેની પોતાની પાત્રતા દર્શાવીને તેમણે છેતરવાનો પ્રયત્ન કર્યો હોઈ તેમના કેસ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — ૧. તેમણે પોતાના ખુલાસામાં નીચે મુજબ જણાવ્યું છે :

"મેં મારા એસ.એસ.સી.ના ગુણપત્રકમાં નાદાન બુદ્ધિથી ફેરફાર કરેલ છે તે હું કબૂલ કરું છું. હવેથી આવું કાર્ય કોઈ દિવસ કરીશ નહિ તે આપને

હું ખાતરી આપું છું. આપસાહેબના તા. ૧૭-૩-૧૯૭૮ના રોજના પત્રનો જવાબ હું ઉપર મુજબ રાજીખુશીથી આપું છું તો આપસાહેબને નમ્ર વિનંતી કે મારો આ ખુલાસો યોગ્ય ગણી મને માફ કરી દેવા મહેરબાની કરશોજી. આપસાહેબનો નિર્ણય મને કબૂલ-મંજૂર રહેશે."

૨. દરમ્યાન તેમને તેમની વિનંતીથી યુનિ.ની પ્રા-યુનિ.ની પરીક્ષામાં "બી સ્ટ્રીમ'માં યુનિ.ના આખરી નિર્ણયને આધીન તેમના હિસાબે અને જોખમે કામચલાઉ ધોરણે બેસવા દેવામાં આવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. પ્રકાશચંદ્ર પરસોત્તમદાસ ભટ્ટની યુનિવર્સિટીની પરીક્ષાનું પરિણામ જાહેર ન કરતાં રદ કરવું અને તેમને આ યુનિવર્સિટીના કોઈ પણ અભ્યાસક્રમમાં કે પરીક્ષામાં ત્રણ વર્ષ સુધી દાખલ કરવા નહીં.

૮૮. પ્રાયોગિક પરીક્ષામાં કામ કરતા મદદનીશોના મહેનતાણાના દરમાં સુધારો કરવા માટે ગુજરાત યુનિ. સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના માનદ્ મંત્રી તરફથી આવેલ તા. ૨૧-૨-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષામાં કામ કરતા મદદનીશો માટેના પુરસ્કારના હાલના દરમાં નીચે મુજબ સુધારો કરવો :

ચાર કલાક સુધીના પ્રાયોગિક કાર્યના સેશન માટે ... ૩ ૬-૦૦

અને

ચાર કલાક કે તેથી વધુ સમયના એક સેશન માટે ... ૩. ૮-૦૦

પુરસ્કારના ઉપરના દરમાં પ્રાયોગિક પરીક્ષાની તૈયારી માટે જુદો પુરસ્કાર આપવામાં આવશે નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સુધારેલા દરનો અમલ માર્ચ / એપ્રિલ ૧૯૭૮ની પરીક્ષાઓને પણ લાગુ પડે તે રીતે કરવો.

૮૯. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના તા. ૨૨-૨-૧૯૭૮ના પત્રાંક સર-૧-૧૯૭૮ (એલ.ઈ.) થી આવેલાં નીચેનાં ૫ અને ૭ સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત :

(૫) Constitution of Board of Inspectors—Resolution No. 22/1978 :

"Resolved that the Council is of the opinion that when the Universities appoint the Board of Inspectors or Inspection Committee for considering the question of granting affiliation that may also put on the Committee a nominee of the Bar Council of India so that the Bar Council of India may be fully apprised of the situation and hard cases may not arise.

It is further resolved that a copy of this resolution be sent to all the Universities, and the University Grants Commission."

(vii) Relaxation of Marks in favour of scheduled caste and scheduled tribe students.

Resolution No. 24/1978

"Resolved that the Council is of the opinion that since the members of the scheduled caste and scheduled tribe have been recognised for special treatment even under the constitution, a relaxation of marks upto 3% in the qualifying Examinations may be given to them."

આથી ઠરાવવામાં આવે છે કે આર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાનાં ઉપર જણાવેલાં સૂચન નં. ૫ અને ૭ સ્વીકારવાં.

૯૦. પરીક્ષાકાર્ય માટે જુનિયર અથવા સીનિયર સુપરવિઝન માટે પૂરા સમયના શિક્ષકને નીમવામાં આવે અને તે કાર્ય ન કરે તો રાજ્ય સરકારના તારીખ ૨૩-૧૨-૧૯૭૬ના સરકારી ઠરાવ સાથે આવેલ કોડ ઑફ કન્ડક્ટ યુનિવર્સિટીએ સ્વીકારેલ છે જેમાં જણાવેલ નીચેની જોગવાઈને અનુલક્ષીને કસૂરવાર થઈ શકે કે કેમ તે અંગે માર્ગદર્શન માંગતા સૌરાષ્ટ્ર જ્યુબિલી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સિદ્ધપુરના આચાર્યશ્રીના તા. ૧૦-૪-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ કંડિકાનો પાઠ નીચે મુજબ છે:

1. **Misconduct**

The following latter would constitute improper conduct on the part of a teacher:

(*a*) Failure to perform academic duties such as preparation of lectures, demonstration assessment, guidence, invigilasion and all other work connected with the examinations.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૧. બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોના બિનશિક્ષક-વર્ગના કર્મચારીગણ માટે તા. ૧-૪-૧૯૭૭થી દેસાઈ કમિશનનાં પગારધોરણો નિયત કરવા બાબતના રાજ્ય સરકારના તા. ૧૯-૧૦-૧૯૭૭ના પરિપત્રાંક એન.જી.સી. ૧૩૭૭-કે.એસ. પરત્વે બિનશિક્ષકવર્ગના કર્મચારીગણનાં મંડળોએ કરેલી રજૂઆતના અનુસંધાનમાં રાજ્ય સરકારે મોકલેલ તા. ૭-૪-૧૯૭૮ના સરકારી ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૭(ખ) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારનો સદરહુ ઠરાવ સ્વીકારવો અને સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને, તેમના સુધારેલા પગારધોરણમાં તેમનો નવો પગાર નિયત (fix) કરવાની બાબતમાં યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે જે ફૉર્મ્યુલા (formula) અપનાવવામાં આવેલું તે જ ફૉર્મ્યુલા અપનાવવું અને તે કૉલેજોને પરિપત્રિત કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોને પણ યુનિવર્સિટીના તેમ જ કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની જેમ તેમના વેતનના તફાવત અંગેની તમામ રકમ રોકડમાં ચૂકવવા માટે કૉન્ટ્રિબ્યુટરી પ્રૉવિડન્ટ ફંડના નિયમનો સંદર્ભ આપીને રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૯૨. માર્ચ ૧૯૭૮માં મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં પુછાયેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં ૮૯ કૉલેજો તરફથી સમયસર માહિતી મળી ન હતી તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ કૉલેજો પૈકી ૪૩ કૉલેજો તરફથી તા. ૨૦-૪-૧૯૭૮ સુધીમાં માહિતી મળી છે, જ્યારે ૪૬ કૉલેજો તરફથી હજી પણ માહિતી મળી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની ગંભીરતા તરફ સંબંધકર્તા કૉલેજોના આચાર્યશ્રીઓનું ધ્યાન ખેંચીને તેમને ઘટતો ડી.ઓ. પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૯૩. જે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના ૧૯૭૮-૭૯ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ત્રિવાર્ષિક તપાસ કરવાની થાય છે તેઓની તપાસ કરી હેવાલ આપવા માટે તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૮-૭૯ના શૈક્ષણિક વર્ષ દરમિયાન કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ માટે જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૪. ચાન્ટ યુટિલાઇઝેશન કમિટીની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની કાર્યવાહી નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૯૫. વિનયન, શિક્ષણ, વિજ્ઞાન અને વાણિજ્યની સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીગણનાં પગારધોરણો તેમ જ તે પર અનુદાન આપવા અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૨-૪-૧૯૭૮ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી-૧૩૭૭-૨૦૫૦૧-ખ (કેએચ) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારનો સદરહુ ઠરાવ સ્વીકારવો અને તે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં નીચેની જગ્યાઓ માટેનાં પગારધોરણો રાજ્ય સરકારની કૉલેજોમાં હોય તે જ જગ્યાઓ માટેનાં પગારધોરણોની સમકક્ષ રાખવામાં આવે તે માટે કુલપતિશ્રીએ કરેલી ઘટતી રજૂઆતની નોંધ લેવી :

૧. મિકેનિક

૨. હેડપ્યુન

૩. ઇલેક્ટ્રિશિયન.

૯૬. બાંધકામ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૯૭. હાલમાં યુનિવર્સિટી કૅમ્પસમાં આવેલા ટીચર્સ હૉસ્ટેલ ક્વાર્ટર્સમાં રહેતા રિસર્ચ સ્કૉલરો, કે જેઓનો પીએચ.ડી.નો અભ્યાસક્રમ પૂરો થયેલ છે તે, જેઓને પીએચ.ડી.ની પદવી પણ એનાયત થઈ ગયેલ છે, છતાં તેઓ યુનિવર્સિટીનું સ્ટાફ ક્વાર્ટર્સ ખાલી કરીને ક્વાર્ટર્સનો કબજો યુનિવર્સિટીને પરત આપતા નથી, તેથી આવા રિસર્ચ સ્કૉલરોને ક્વાર્ટર્સ ખાલી કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. માટેના જે સંશોધન-વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની માલિકીનું રહેઠાણ રહેવા માટે આપવામાં આવેલું હોય તેમને તેમનો મહાનિબંધ રજૂ કરે તે પછી વધુમાં વધુ ચાર માસ સુધીમાં તેમનું રહેઠાણ ખાલી કરાવવાનું ધોરણ રાખવું અને આ નિયમનું પરિપાલન જે વિદ્યાર્થીઓ કરે નહીં તેમની બાબતમાં તેમના મહાનિબંધ અને/અથવા પીએચ.ડી.ની પદવી બાબતમાં કે તેમની કોઈ પણ પ્રકારની બાબતમાં કશી પણ કાર્યવાહી કરવી નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે રિસર્ચ સ્કૉલરોનો મહાનિબંધ સ્વીકારાયો હોય અને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવેલી હોય તે સંશોધન-વિદ્યાર્થીઓ જો યુનિવર્સિટીને હસ્તક ચાલતી કોઈ પણ કામગીરીમાં રહેલા હોય તો તેમની પુરસ્કાર, તેઓ આ ઠરાવની તારીખથી બે માસ સુધીમાં તેમનું યુનિવર્સિટીએ રહેવા માટે આપેલું નિવાસસ્થાન ખાલી કરે નહીં તો, અટકાવવો.

૯૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત.

(૧) તા. ૨૩-૧૧-૧૯૭૬ના સરકારી ઠરાવને અનુલક્ષીને સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને લૉ કૉલેજોના કુલ આચાર્યોના ૧૫ ટકા આચાર્યોને સીનિયર સ્કેલ આપવા બાબતમાં

રાજ્ય સરકારના તા. ૨૦-૮-૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૫-ખમાં જણાવેલ ધોરણો સામે આચાર્ય અવિનાશ મુન્શી તથા અન્ય ગુજરાત હાઈકોર્ટમાં ગુજરાત રાજ્ય તથા અન્ય સાથે રિટ અરજી કરી હોઇ તે બાબતમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના તથા આ બાબતમાં થનાર ખર્ચ મંજૂર કર્યાના;

(૨) ૧૯૭૫-૭૬ના વર્ષથી ત્રણ વર્ષ કરતાં વધુ સમય માટે બાકી રહેલી જુદી જુદી માંગવામાં આવેલી ડિપોઝિટની આશ્રમ સંશોધન સ્કોલરશિપ ટ્રાન્સફર કરવા માટે મંજૂરી આપ્યાના;

(૩) રાજ્ય સરકારના નાણાં ખાતાના ઠરાવ નં. પી. સી. આર. ૧૦૭૮-૧૬૩-એમ. તા. ૧૦-૪-૧૯૭૮ના અન્વયે યુનિવર્સિટી કર્મચારીઓને તા. ૧-૪-૧૯૭૮થી મોંઘવારી ભથ્થામાં વધારો થતાં તે રોકડા ચૂકવવા મંજૂર કર્યાના;

(સુધારેલા મોંઘવારી ભથ્થાના દર અંગે રાજ્ય સરકારના સદરહુ ઠરાવનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

The rates of Dearness allowance/Additional Dearness allowance on per with Central rates i.e. at 100% of Central rates, shall with effect from 1st April, 1978 be as under :

(*a*) **Pay Range**	**Rate of Dearness Allowance**
Upto 300	36% of Pay
Above Rs. 300 and upto Rs. 2,250	27% of pay subject to a minimum of Rs. 108-00 and a maximum of Rs. 243/- subject to marginal adjustments in all cases including higher pay-scales, so that pay plus Dearness Allowance does not exceed Rs. 2,400/-.

(*b*) **Pay Range**	**Rate of Additional Dearness Allowance**
Upto Rs. 300	17.5% of pay subject to a minimum of Rs. 35/- and a maximum of Rs. 50/-.
Above Rs. 300 and upto Rs. 1,600	12.5% of pay subject to a minimum of Rs. 50/- and a maximum of Rs. 100/-.
Above Rs. 1600 and upto Rs. 1,640	Amount by which pay falls short of Rs. 1,700/-.

Above Rs. 1640 and upto Rs. 2250/-	Rs. 60/- subject to a marginal adjustment in all cases including at higher pay ranges so that pay plus total dearness allowance (including Additional Dearness Allowance) does not exceed Rs. 2400/—

Note.—The payment on account of dearness allowance additional dearness allowance will be rounded off to the nearest 10 paise.

(૪) વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. કે. એમ. કોટડિયાને Indo GDR Cultural Exchange Programme 1976-78 નીચે બર્લિન જવા માટે તા. ૨૨-૪-૧૯૭૮થી ૬ અઠવાડિયાંની ખાસ ફરજ-રજા મંજૂર કર્યાના;

(૫) ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. જી. દેસાઈ પરદેશ જવા માટે તા. ૧-૪-૧૯૭૮થી રાજીનામું આપી છૂટા થયા હોઇ તેઓને ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ તથા ગ્રેચ્યુઇટીની રકમ તેઓના તા. ૨૭-૩-૧૯૭૮ના પત્રના સંદર્ભમાં કુલપતિશ્રીએ ચૂકવી આપ્યાના;

(૬) ગુજરાત એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પરિણામો કૉમ્પ્યુટર પર તૈયાર કરવા માટે પ્રી-પ્રિન્ટેડ સ્ટેશનરી સિવાય રૂ. ૩-૧૦ પ્રતિ વિદ્યાર્થી વત્તા રૂ. ૨૦૦૦ પ્રતિ પરીક્ષા પ્રમાણેનો દર મંજૂર કર્યાના;

(૭) યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય, વિદ્યાભવનો તથા મુદ્રણાલયમાં મંગળવાર, તા. ૭-૩-૧૯૭૮ના રોજ મહાશિવરાત્રિની રજા જાહેર કર્યાના;

(૮) ભારત સરકાર તરફથી પોલિવેલંટ સેન્ટર માટે રૂ. એક લાખની ગ્રાન્ટ મળી હોવાથી આ સેન્ટરમાં કામ કરતા નીચેના હંગામી કર્મચારીઓની મુદત વધુ એક વર્ષ માટે એટલે કે તા. ૩૧-૩-૧૯૭૯ સુધી લંબાવ્યાના :

૧. શ્રી. જે. જે. વ્યાસ	પ્રોગ્રામ ઑફિસર
૨. શ્રીમતી મંદા એચ. પટેલ	,,
૩. શ્રી. બી. જે. રાઠોડ	હેડ કલાર્ક
૪. શ્રી. એ. જે. પટેલ	સ્ટેનોગ્રાફર
૫. શ્રી. બી. બી. પટેલ	સીનિયર કલાર્ક
૬. શ્રી. એસ. સી. શાહ	કલાર્ક-ટાઇપિસ્ટ
૭. શ્રી. લક્ષ્મીશંકર ગુપ્તા	પટાવાળા
૮. શ્રી. પ્રવીણ કડિયા	,,
૯. શ્રી. તખ્તસિંહ વાઘેલા	ડ્રાઇવર-કમ-પટાવાળા

(૯) નવદર્શન ટ્રસ્ટ તરફથી (૧) બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં "નવદર્શન ટ્રસ્ટ મેમોરિયલ લેકચર" યોજવા પ્રતિ વર્ષે રૂ. ૧૦૦૦ પ્રમાણે હાલ પાંચ વર્ષ માટે (ત્યાર બાદ ચાલુ રહી શકે તેમ વ્યવસ્થા સાથે) તથા (૨) એમ.બી.એ.ની પરીક્ષામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનારને રૂ. ૫૦૦ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનારને રૂ. ૩૦૦નું પારિતોષિક એનાયત કરવા અંગેના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના;

(૧૦) કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ ખાતા તરફથી યોજનના રપમા ફિલ્મ મહોત્સવમાં જ્યૂરીની ફરજે બજાવવા અંગે ભાષાસાહિત્ય ભવનના વ્યાખ્યાતા શ્રી. રઘુવીર ચૌધરીને મળેલ આમંત્રણના સંદર્ભમાં તા. ૨૦-૩-૧૯૭૮થી બે અઠવાડિયાંની ખાસ ફરજ-રજા મંજૂર કર્યાના;

(૧૧) વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. (મિસ) એન. જે. ચિનોયને ગેલીયો, નોર્વે ખાતે આગામી તા. ૨-૪-૧૯૭૮થી ૫-૮-૧૯૭૮ના રોજ યોજનાર 5th Annual workshop on the testis endocrine approach to male contraception-ની કૉન્ફરન્સમાં હાજરી આપવા માટે તા. ૨૯-૩-૧૯૭૮થી ૧૭-૪-૧૯૭૮ દિવસ ૨૦ની ખાસ ફરજ-રજા આપ્યાના;

(૧૨) યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામક તરીકે કામ કરતા શ્રી. વી. એમ. વ્યાસે તેઓની સીનિયોરિટીના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રિટ-અરજીમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી એસ. એન. શેલતને રોકયાના તથા તેઓને રૂ. ૩૬૯ની રકમ ચૂકવ્યાના;

[**નોંધ.**—આ રિટ-અરજી હાઈકોર્ટે કાઢી નાંખેલ છે.]

(૧૩) ગુજરાત રાજ્યની હાઈકોર્ટમાં આચાર્ય શ્રી. એસ. આર. ભટ્ટે કરેલી રિટ-અરજી ક્રમાંક એલ.પી.એ. નં. ૮૧-૧૯૭૮માં યુનિવર્સિટીના એડવોકેટ શ્રી. એસ. એન. શેલતને રોકયાના તથા તે અંગેના ખર્ચના રૂ. ૨૬૯ મંજૂર કર્યાના;

[નામદાર કોર્ટે અરજી રદ કરી હતી.]

(૧૪) ગુજરાત રાજ્યની હાઈકોર્ટમાં શ્રી. એસ. આર. ભટ્ટે કરેલી રિટ-અરજી ક્રમાંક સ્પે. સી. એ. નં. ૪૮૧ ઑફ ૧૯૭૮માં યુનિવર્સિટીના એડવોકેટ શ્રી. એસ. એન. શેલતને રોકયાના તથા તે અંગેના ખર્ચના રૂ. ૫૫૦/- મંજૂર કર્યાના;

[નામદાર કોર્ટે અરજી રદ કરી હતી.]

(૧૫) જૂની ઉત્તરવહીઓનો નિકાલ કરવા માટે મે. ભૂરાલાલ એન્ડ સન્સ અને કુમાર ટ્રેડિંગ કું., ન્યૂ દિલ્હીના રૂ. ૨-૩૧ પૈસા કિલોના ભાવને બદલે તેઓ ઑર્ડર પ્રમાણે ઉત્તરવહીઓ ન લઈ જતાં મે. સુશીલકુમાર શર્મા, લખનૌને રૂ. ૧-૮૫ પૈસાના ભાવે આપવા મંજૂર કર્યાના;

(૧૬) સેકન્ડ બી.એ પરીક્ષામાં ઑર્ડિ. આર્ટ્સ ૬ મુજબ અર્થશાસ્ત્ર મુખ્ય વિષયની સાથે સંસ્કૃત (ગૌણ) તથા અંગ્રેજી ગૌણ વિષય રાખી શકાતો નહિ હોવા છતાં, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસાએ તેમની કૉલેજના વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર મુખ્ય વિષયની સાથે સંસ્કૃત (ગૌણ) તથા અંગ્રેજી (ગૌણ) વિષયો સાથે દાખલ કરેલા હોઈ તે વિદ્યાર્થીઓને એપ્રિલ ૧૯૭૮માં લેવાનાર સેકન્ડ બી.એ.ની પરીક્ષામાં અપવાદરૂપે બેસવા દેવાની પરવાનગી આપ્યાના;

(૧૭) સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં થર્ડ બી.એ.ના વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. ભરતકુમાર બાલુભાઈ જોષીએ ફર્સ્ટ બી.એ. એ.ટી.કે.ટી.ની પરીક્ષા પાસ કરી નહિ હોવા છતાં તેમને થર્ડ બી.એ.માં કૉલેજે શરતચૂકથી દાખલ કરતાં તેમણે તે વર્ગમાં રાખેલ સત્રોને આધારે એપ્રિલ ૧૯૭૮માં લેવાનાર થર્ડ બી.એ.ની પરીક્ષામાં તથા ફર્સ્ટ બી.એ.ની બાકીના વિષયની પરીક્ષામાં અપવાદરૂપે ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી તેમનું થર્ડ બી.એ ની પરીક્ષાનું પરિણામ જાહેર નહિ કરવામાં આવે તે શરતે બેસવા માટે પરવાનગી આપ્યાના;

(૧૮) ડિપ્લોમા ઇન ડ્રામા અને માસ્ટર ઑફ લેબર વેલફેરની પરીક્ષાઓ કે જે તા. ૧૮-૪-૧૯૭૮ અને તા. ૨૪-૪-૧૯૭૮ના રોજ અનુક્રમે શરૂ થનાર હતી તેને બદલે ઉપરોક્ત પરીક્ષાઓ તારીખ ૧-૫-૧૯૭૮ના રોજથી શરૂ કર્યાના;

(૧૯) એમ.બી.બી.એસ. પરીક્ષાઓની તા. ૧૮-૪-૧૯૭૮ ને બદલે તા. ૨૪-૪-૧૯૭૮થી અને ફાર્મસી પરીક્ષાઓ તા. ૩-૪-૧૯૭૮ ને બદલે તા. ૧૫-૪-૧૯૭૮થી શરૂ કર્યાના;

(૨૦) ૧૯૭૭ના વર્ષ દરમ્યાન જુદી જુદી પરીક્ષાઓમાં કેટલાક વિદ્યાર્થીઓના પરિણામમાં ભૂલ જણાયાથી ઑ. ૧૪૬ અન્વયે તે સુધાર્યાના;

(૨૧) તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના સૂચન અનુસાર બી.યુ.ટી. ઍન્ડ આર.ની તા. ૧૦-૧-૧૯૭૮ની સભાની નીચેના ભલામણ જે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૮ની સભામાં મંજૂર રાખી છે તેનો અમલ જૂન ૧૯૭૮થી કરવા પરવાનગી આપ્યાના :

તબીબી વિદ્યાશાખાના વિષયોમાં પ્રોફેસર-ઈન-ચાર્જની નિમણૂકના હેતુ માટે જુદા જુદા વિષયોનાં ૪ જૂથો બનાવવામાં આવ્યાં હતાં તે રદ કરવા માટે અને તબીબી વિદ્યાશાખાની તા. ૬-૧૨-૧૯૭૭ની સભાની ભલામણ મુજબ જે તે કૉલેજ-સંસ્થામાં પ્રસ્થાપિત તમામ અનુસ્નાતક કેન્દ્રો માટે ડીન કે માન્ય અનુસ્નાતક સંસ્થાના વડાને પ્રોફેસર-ઇન-ચાર્જ ગણવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨૨) નીચે જણાવેલ વિદ્યાર્થીઓના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધો સ્વીકાર્ય ગણી તેઓને પીએચ.ડી. પદવી માટે ઉત્તીર્ણ જાહેર કર્યાના ;

Sr. No.	*Name of the Candidate*	*Subject/ Faculty*	*Title of the Theses*	*Name of the Guide*
૧.	કુ. કે. આર. પટેલ	આર્ટ્સ	સ્વાતંત્ર્યોત્તર હિન્દી નાટકોમેં નારીચિત્રણ	ડૉ. આર. કે. ગુપ્તા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯
૨.	શ્રી. બી. એમ. પંડ્યા	આર્ટ્સ	ઈ.સ. ૧૯૫૦થી ૧૯૭૦ સુધીની ગુજરાતી નવલકથા-એક આલોચના (સ્વરૂપ અને વિકાસની દૃષ્ટિએ)	પ્રો. એ. એમ. રાવલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯

Sr. No.	*Nane of the Candidate*	*Subject/ Faculty*	*Title of the Theses*	*Name of the Guide*
૩.	શ્રી. વાય. કે. શાહ	સાયન્સ	Certain Inventory Models for Deteriorating Items	ડૉ. એમ. સી. જયસ્વાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૪.	શ્રી. જી. ટી. દેસાઈ	સાયન્સ ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રી	Studies in the preparation and application of Inorganic materials as ion-exchanges	ડૉ. ડી. આર. ભક્ષી, સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર
૫.	કુ. એન. પી. શાહ	સાયન્સ ફિઝિકસ	Thermal expansion, Debye Temperature and Lattice Dynamics of Silver and Alluminium	પ્રો. પી. ડી. પાઠક ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૬.	શ્રી. બી. એસ. પટવારી	સાયન્સ કેમિસ્ટ્રી	Studies in New Analytical Regents	ડૉ. એમ. એન. દેસાઈ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

(૨૩) એનેટોમી વિષયમાં તા. ૨૬-૪-૧૯૭૮થી તા. ૨૯-૪-૧૯૭૮ દરમ્યાન ઑલ-ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝ તરફથી યોજનાર સિમ્પોઝિયમમાં ભાગ લેવા માટે બી. જે. મેડિકલ કૉલેજના એનેટોમી વિભાગના પ્રોફેસર ડૉ. (શ્રીમતી) કે. એમ. ડાંગરવાળાને મંજૂરી આપ્યાના;

(૨૪) વિજ્ઞાનકોશના પ્રૂફવાચનનું કામ બહારના પ્રૂફવાચક પાસે કરાવવા અંગે અંદાજે ૩૮૦ રોયલ આઠપેજી ફર્મોનું પ્રૂફવાચન કરાવવા માટે ફરમા દીઠ રૂ. ૧૦ના દરે અંદાજે રૂ. ૩૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કર્યાના;

(૨૫) તા. ૮-૨-૧૯૭૫ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં "ગુજરાતી વ્યાકરણ" પુસ્તકના લખાણ માટે મંજૂર કરેલ કરારનામાના મુસદ્દામાં પ્રથમ આવૃત્તિમાં ૨૦૦૦ નકલ છાપવાની જોગવાઈ હતી, તેને બદલે ૩૦૦૦ નકલ છાપવાનો સુધારો મંજૂર રાખ્યાના;

(૨૬) ગુજરાત યુનિવર્સિટી આયોજિત અમદાવાદથી રામેશ્વર અને કન્યાકુમારીના મોટર-સાયકલ પ્રવાસમાં પાછા આવવામાં ત્રણ દિવસ વધુ થતાં વિદ્યાર્થીઓનો ભોજન-રહેઠાણ વગેરે માટે રૂ. ૩૬૦નો વધારાનો ખર્ચ મંજૂર કર્યાના;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૯૯. "વિદ્યા" A--હ્યુમેનિટીઝના તંત્રીમંડળ પર આચાર્ય એસ. આર. ભટ્ટની જગ્યાએ અન્ય કોઈ વ્યક્તિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'વિદ્યા'ના હાલ ત્રણ ક્ષેત્રોના અંકો પ્રસિદ્ધ કરવામાં આવે છે તેને બદલે હવે પછી નીચે મુજબ બે જ ક્ષેત્રોના બે અંકો પ્રસિદ્ધ કરવાનું રાખવું :

૧. માનવવિદ્યાઓ, ભાષાઓ અને વાણિજ્ય

૨. વિજ્ઞાનવિદ્યાઓ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તંત્રીમંડળમાં પ્રિ. એસ. આર. ભટ્ટને સ્થાને પ્રો. મલાગીની નિમણૂક કરવી.

૧૦૦. ગુજરાત યુનિવર્સિટી એક્ટના પરિશિષ્ટ નં. ૨ ના સ્ટ્રક્ચ્યૂટ ૫ની કલમ નં. ૫ હેઠળ બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ પર ૩ વર્ષ માટે નિયુક્ત કરવામાં આવેલા આચાર્ય એસ. આર. ભટ્ટની ખાલી પડેલી જગાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તા. ૨૦-૮-૧૯૭૭ની એકિઝકયુટિવ કાઉન્સિલે સદરહુ બોર્ડ પર નીચેના સભ્યો નિયુક્ત કર્યા હતા.:

(૧) આચાર્ય ડી. ડી. દેસાઈ

(૨) આચાર્ય એસ. આર. ભટ્ટ

(૩) આચાર્ય હરિશંકર પંડ્યા

(૪) આચાર્ય કે. જે. ભટ્ટ

(૫) આચાર્ય બી. એમ. પીરજાદા

(૬) આચાર્ય હરિહર શુકલ

(૭) આચાર્ય વી. એફ. શાહ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર આચાર્ય એસ. આર. ભટ્ટની જગ્યાએ શ્રી. એચ. કે. ત્રિવેદીને નીમવા.

૧૦૧. યુનિવર્સિટીના ડી. પી ઈ. વિભાગમાં કોચ તરીકે કામ કરતા શ્રી. નિહાલસીંગ બેનીવાલને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦-ઈબી-૪૫-૯૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા ૫-૧-૧૯૭૮ થી ઓળંગવા દેવા અંગની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. નિહાલસીંગ બેનીવાલની કામગીરી અંગેની બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. નિહાલસીંગ બેનીવાલને યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગમાં કોચ તરીકે રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦-ઈ.બી.-૪૫-૯૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦/- પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૫-૧-૧૯૭૮થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૧૦૨. નીચેની કૉલેજો/સંસ્થાઓ તરફથી જૂન ૧૯૭૯ થી વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવા આવેલી અરજીઓ બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33 (૨) અનુસાર જરૂરિયાત નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	શ્રી. લુણાવાડા વિભાગ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા
૨.	ઉત્તરપૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ
૩.	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૪.	શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર.

[**નોંધ.**— ૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) તથા ઑર્ડ. ૧૨૦ અનુસાર જોડાણ અરજી તા. ૩૧-૩-૧૯૭૮ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મળવી જોઈતી હતી, પરંતુ વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુરની અરજી તા. ૧-૪-૧૯૭૮ના રોજ મળી છે. આમ તે એક જ દિવસ મોડી હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૧(૧)ના પ્રોવિઝો અન્વયે સદરહુ અરજી પર વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલી છે.

૨. મોલ સમિતિને ભલામણો પૈકી નીચેની ભલામણ ૯-૦૨(૩) રાજ્ય સરકારે તેની તા. ૧૦-૬-૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૭-૩૦૩૩૩-ખથા સ્વીકારી છે :

> The rules for grant of affiliation to colleges should lay-down that the Management of a college should raise a sum of not less than Rs. Five lakhs for building and equipment and another sum of not less than Rs. Five lakhs as an endowment fund before its application for affiliation is granted.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોમાં વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવાની જરૂર આ સભાગૃહને જણાતી નથી એમ આ સભાગૃહનો અભિપ્રાય છે, એ અભિપ્રાય સાથે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧૦૩. વિવેકાનંદ પોલીક્લિનિકલ (નર્સિંગ હોમ), અમદાવાદને ઑર્ડિ. એમ.બી. બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ ફરજિયાત રેટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦-૧૨-૧૯૭૭ની સભામાં નીમેલી તપાસસમિતિ તરફથી આવેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નર્સિંગ હોમની મે માસમાં ફરીથી મુલાકાત લઈને પોતાનો હેવાલ રજૂ કરવા માટે સદરહુ સમિતિને જણાવવું, અને એ હેવાલને આધારે આગળની કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૪. માર્ચ-એપ્રિલ ૧૯૭૮ માં લેવાયેલ થર્ડ બી.કૉમ. પરીક્ષામાં ગોધરા કેન્દ્ર પર ગેરરીતિ આચરવાને કારણે પરીક્ષામાંથી ઉઠાડી મૂકેલ વિદ્યાર્થી નં. ૬૪૦૯ એ કેટેમાંથી

રૂ. મેળવતાં તેમના કેસ અંગે કાયદેસરની કાર્યવાહી કરવા ત્યાંના સ્થાનિક વકીલ રોકવા આચાર્યશ્રીને મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦૫. "બૅંક ઑફ બરોડા ટ્રૉફી" અંગે કાર્યાલયે અગાઉ ઘડેલા નિયમોમાં નિયમ નં. ૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા વધારાનો નિયમ નં. ૮ મંજૂર કરવા બાબત :

સુધારેલો નિયમ ૭ :

"આ સખાવતની કુલ રકમ રૂ. ૭,૧૦૦માં રૂ. ૨,૫૦૦ ટ્રૉફી માટે ફાળવવામાં આવેલા છે, જ્યારે બાકીની રૂ. ૫,૦૦૦ની રકમના ઉત્પન્ન થતા વ્યાજમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે અને બાકીની રકમમાંથી નિર્ણાયકોનાં ટી.એ., ડી.એ. ઇત્યાદિ ખર્ચ ચૂકવવામાં આવશે. ઉપરાંત વકતૃત્વ સ્પર્ધામાં ત્રણ કરતાં વધુ નહીં એવાં ઇનામો પ્રથમ ત્રણ વ્યક્તિગત વિજેતાઓને અનુક્રમે રૂ. ૭૫-૦૦, રૂ. ૫૦-૦૦ અને રૂ. ૨૫-૦૦નાં આપવાં તેમ જ જે વિજેતા ટુકડીનો કોઈ સભ્ય એ પ્રથમ ત્રણ વ્યક્તિગત વિજેતાઓમાં ન હોય તો તેને પણ રૂ. ૨૫-૦૦નું પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે. આ ઇનામોની બાબતમાં નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે."

વધારાનો નિયમ ૮ :

"વિજેતા ટુકડીને તેમ જ પ્રથમ ત્રણ વ્યક્તિગત વિજેતાઓને યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રૉફી માટેનો સુધારેલો નિયમ નં. ૭ તથા નવો ઘડેલો નિયમ નં. ૮ મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબ સુધારેલા નિયમ નં. ૭ અને નવા ઘડેલા નિયમ નં. ૮નો લાભ ૧૯૭૭-૭૮ના વર્ષ દરમ્યાન યોજવામાં આવેલી હરીફાઈમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પણ આપવો.

૧૦૬. ગુજરાત યુનિવર્સિટીની હાલ ફાજલ રહેલી જમીનના ઉપયોગ માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ (ગુજરાત સ્ટેટ સીડ્સ કૉર્પોરેશન)ના સહયોગથી ઘટતી વ્યવસ્થા કરવા અંગે વૈદ્યકીય વનસ્પતિ અને કૃષિ સંશોધન સંવર્ધન કેન્દ્ર અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૭-૧૯૭૫ની સભામાં નીમેલી સલાહકાર સમિતિની તા.૨૭-૪-૧૯૭૮ની સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સહયોગી યોજના મંજૂર કરવી તથા સલાહકાર સમિતિએ ઘડેલા કરારનામાના મુસદ્દામાં નીચે મુજબ સુધારો કરીને તે મંજૂર કરવો તથા તે મુજબ કરારનામું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) કલમ નં. ૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

૬. આ સંયુક્ત સાહસની મુદત ૧૦ વર્ષની રહેશે પરંતુ યુનિવર્સિટીને યોગ્ય લાગે તે શરતોએ અને યુનિવર્સિટીની સંમતિથી આ મુદત લંબાવી શકશે, પરંતુ બીજ

નિગમને આ કરાર રદ કરવાની જરૂર પડશે તો બીજા નિગમ કરાર થયા પછી ઓછામાં ઓછાં ૨ વર્ષ વીતે તે પછી કોઈ પણ સમયે યુનિવર્સિટીને ૬ મહિનાની નોટિસ આપી આ કરાર રદ કરી શકશે. તે જ રીતે પાંચ વર્ષ પછી કોઈ પણ સમયે યુનિવર્સિટીને આ કરાર રદ કરવાની જરૂર જણાશે તો તે ૬ મહિનાની નોટિસ આપીને આ કરારનો અંત લાવી શકશે."

(૨) કલમ નં. ૧૧માં 'ચૂકવશે' શબ્દને બદલે 'નિગમ આપશે' એ શબ્દો મૂકવા.

(સદરહુ સમિતિની તા. ૨૭-૪-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૦૭. સર્ટિફિકેટ ઇન કોમ્પ્યુટર પ્રોગ્રામિંગના છમાસિક પાર્ટટાઇમ અભ્યાસક્રમના વર્ગોમાં દાખલ થતા નોકરી કરતા વિદ્યાર્થીઓ માટે ફુલ ફી રૂ. ૨૨૫ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે મુજબ ઓર્ડિ. ૧૫૧સીમાં નીચે મુજબ ઉમેરો કરીને સુધારેલો સદરહુ ઓર્ડિનન્સ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

Certificate in Computer Programming	... Rs. 225/-
(for employed students)	

૧૦૮. યુનિવર્સિટીના મેનેજમેન્ટ એન્ડ પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં પ્રોબેશનરી ઓફિસરોની ભરતી માટે અનુસૂચિત જાતિ-જનજાતિના ઉમેદવારોને તાલીમ આપવા માટે શિક્ષિતોની બેકારી રાહત યોજના હેઠળ એક માસ તાલીમવર્ગ શરૂ કરવા અંગે નિયામકશ્રી, રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યના પત્ર ક્રમાંક ઈયુઆર. ૧૫૬/૯૪૯-બ-૧૯૮૧૦, તા. ૨૦-૪-૧૯૭૮થી મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૦૯. આચાર્યશ્રી એમ. સી. દેસાઈ ચંદ્રક (વર્ષ ૧૯૭૬-૭૭)ના માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૩-૯-૧૯૭૬ની સભામાં પસંદગી સમિતિના સભ્યો પૈકી (૧) ડો. એ. આર. દેસાઈ (મુંબઈ) એ સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવેલ હોઈ અને (૨) શ્રીમતી ડો. આલુ દસ્તૂર જેઓ પરદેશ ગયાં હોવાથી તેઓ બંનેની જગાઓએ (૧) ડો. બી. વી. શાહ (વલ્લભ વિદ્યાનગર) અને (૨) ડો. એમ. બી. દેસાઈ (વડોદરા)ની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

પેનલના અગાઉ નીમેલા સભ્યોની યાદી

૧. ડો. સાંડેસરા (મુંબઈ)
૨. ડો. એ. આર. દેસાઈ (મુંબઈ)
૩. ડો. આલુ દસ્તૂર (મુંબઈ)

૪. ડૉ. એસ. એન. મિશ્રા (વડોદરા)

૫. ડૉ. ડી એમ. દેસાઈ (વડોદરા)

૬. ડૉ. જાવડેકર (વડોદરા)

૭. ડૉ. એસ. કે. મિત્ર (દિલ્હી).

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી

૧૧૦. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ આ યુનિવર્સિટીની વિકાસ યોજનાઓ માટે અનાવર્તક અને આવર્તક તરીકેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને જે આર્થિક સહાય મંજૂર કરેલ છે તેનો સમય અનુક્રમે તા. ૩૧-૩-૧૯૭૯ તથા તા. ૩૧-૩-૧૯૮૧ નો નિયત કરેલ હોઈ તે સમય દરમ્યાન તમામ કામો પૂરાં કરવા અંગેના કમિશનના તા. ૧૫-૪-૧૯૭૮ના ક્રમાંક એફ. ૧૫-૧-૧૯૭૮ (સીમ) થી આપેલ પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી, અને એ અંગે જરૂરી કાર્યવાહી સમયસર હાથ ધરવી.

૧૧૧. ગુજરાત રાજ્યના ચીફ કૉન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, વડોદરા તરફથી "જનરલ મૅનેજમેન્ટ" માં મધ્યમ કક્ષાના ઑફિસરો માટે ટૂંકા ગાળાનો ટ્રેનિંગ પ્રોગ્રામ યોજવા અને તે પેટે રૂ. ૧૦,૦૦૦ સુધીના ખર્ચ અંગે બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મૅનેજમેન્ટના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તેમના તા. ૨૫-૪-૧૯૭૮ના પત્ર પરત્વે તેમ જ તેમણે જણાવેલ નીચેનો અંદાજ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે ચીફ કૉન્ઝર્વેટર રૂા. ૧૦,૦૦૦ સુધીનો ખર્ચ આપશે.)

PROGRAMME FOR FOREST OFFICERS

Budget Estimate

(*a*) Cost of developing suitable cases and other teaching material :	
(*i*) Visit to selected forest division by two faculty members. Travel and Maintenance for 2–3 days.	Rs. 500
(*ii*) Preparation of cases and exercises after discussions with selected officers. Professional fee for 4 days at Rs. 250/- per day	1,000

(*iii*) Two visits to Baroda for occasional discussions with Chief Conservator of Forests (Travel and Maintenance for 3 days)	200	
		1,700
(*c*) Lecture fee of faculty member for 72 sessions (18 sessions per week) at the rate of Rs. 100/- per session)		7,200
(*d*) Administrative costs, cost of study material, cyclostyling, stationery, etc.		500
		9,400

N.B.—

1. It is assumed that during our visit to Baroda and selected forest division, necessary stay arrangements will be made by your department.
2. The budget does not include the cost of lodging and boarding of participants in campus which will be borne by your department. This cost can be roughly estimated as Rs. 20/– per participant per day.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૧૨. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી એ. સી. કર્ણિક તા. ૩૦-૧૧-૧૯૭૭ ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડ તથા સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એ. સી. કર્ણિક તા. ૨-૧-૧૯૭૦ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૩૦-૧૧-૧૯૭૭ ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. સી. કર્ણિકને તેમને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફન્ડની તથા ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકતી આપવી.

૧૧૩. નીચેની સંલગ્ન કૉલેજોનું જોડાણ તા. ૧૪-૬-૧૯૭૮ ના રોજ પૂરું થતું હોવાથી જૂન ૧૯૭૮ થી જોડાણ ચાલુ રાખવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અન્વયે યુનિવર્સિટી કાર્યાલયને તા. ૩૧-૩-૧૯૭૮ પહેલાં જોડાણ અરજી મોકલવી જોઈતી હતી પરંતુ સમયમર્યાદા બહાર મોકલેલ હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે સ્વીકારવા કુલપતિશ્રીએ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

૧. શ્રી. વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા
૨ શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત
૩. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી સ્વીકારવી અને તે બાબતોમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૪. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદના કામકાજનો સમય જૂન ૧૯૭૮ થી બપોરના ૧૨-૦૦ વાગ્યાનો કરવા માટે પરવાનગી આપવા સદરહુ કૉલેજના સંચાલક મંડળના મૅનેજિંગ ટ્રસ્ટી તરફથી આવેલ તા. ૧૯-૪-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૮થી તેના કામકાજનો સમય બપોરના ૧૨ વાગ્યે શરૂ કરવા માટે મંજૂરી આપવી.

૧૧૫. યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧)(૫) મુજબ એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય હોય તેવા બે સભ્યો ઍકેડેમિક કાઉન્સિલ પર નોમિનેટ કરવાના હોય છે તેમાં પ્રિ. એસ. આર. ભટ્ટની ખાલી પડેલી જગ્યા ઉપર એક સભ્યને નોમિનેટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલ પર ખાલી પડેલી આચાર્ય એસ. આર. ભટ્ટની જગ્યાએ આચાર્ય હરિશંકર પંડ્યાની નિમણૂક કરવી.

૧૧૬. ભાષા-સાહિત્ય ભવનના સંસ્કૃતના વ્યાખ્યાતા ડૉ. ટી. એસ. નાન્દીનું વ્યાખ્યાતાના પગારધોરણ રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૮-૫૦-૧,૩૦૦ મૂલ્યાંકન ૫૦-૧,૬૦૦ના પગાર-ધોરણમાં રૂ. ૧,૩૦૦ પછી મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચે "અ" અને "બ"માંથી એક એક પ્રતિનિધિની તજ્જ્ઞ તરીકેની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (અ) યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે સંસ્કૃતની અભ્યાસસમિતિએ તૈયાર કરેલી તજ્જ્ઞોની યાદી નીચે પ્રમાણે છે :

૧. ડૉ. ઈ. એ. સોલોમન
૨. ડૉ. જે. એમ. શુકલ
૩. ડૉ. ટી. એસ. નાન્દી
૪. પ્રો. વી. જી. પંડ્યા
૫. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૬. ડૉ. એન. એસ. યાજ્ઞિક
૭. પ્રિ. એમ. ડી. ભટ્ટ
૮. પ્રિ. સી. એલ. શાસ્ત્રી
૯. ડૉ. ધનકુલાબહેન ઝવેરી
૧૦. પ્રિ. એ. જી. ભટ્ટ
૧૧. ડૉ. વી. એમ. કુલકર્ણી
૧૨. ડૉ. જી. કે. ભટ્ટ (ઓરિયેન્ટ ધન્સ્ટિ., પૂના)
૧૩. ડૉ. એ. એમ. ઝની
૧૪. ડૉ. આર. સી. દ્વિવેદી (ઉદેપુર યુનિ.)
૧૫. ડૉ. વેંકટરાવ (વિક્રમ યુનિ.)
૧૬. ડૉ. ટી. જી. મયંકર (બૉમ્બે યુનિ.)
૧૭. ડૉ આર. વી. જોશી (દિલ્હી યુનિ.)
૧૮. ડૉ. આર. એસ. બેટાઈ
(ધન્સ્ટિ. ઑફ ધન્ડોલોજી, દ્વારકા)
૧૯. પ્રો. જયાનંદ દવે (એરિડાયરિક દશા શ્રીમાળી જૈન બૉર્ડિંગ, રાજકોટ).

(બ) ઉપરોક્ત "અ"માંથી ડૉ. નાંદીએ સૂચવેલા તજ્ઞોમાંથી એકનું નામ સૂચવવા અંગે.

૧. ડૉ. જી. કે. ભટ્ટ

૨. ડૉ. પી. એમ. કુલકર્ણી

૩. ડૉ. આર. સી. [ત્રિવેદી]

આથી ઠરાવવામાં આવે છે કે—

(અ) સદરહુ સમિતિ પર આચાર્ય સી. એલ. શાસ્ત્રીને નીમવા.

(બ) સદરહુ સમિતિ પર ડૉ. નાન્દીએ સૂચવેલા તજ્ઞો પૈકી એકને ક્રમાનુસાર ધોરણે નીમવા.

૧૧૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન મેથેમેટિક્સની જગ્યા માટેની વરણીસમિતિના સભ્ય શ્રી. એન. આર. ત્રિવેદીએ આ સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવી હોઈ તેને બદલે વરણીસમિતિ પર નામ સૂચવવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ**—હાલ નીચે પ્રમાણે સભ્યો છે :

૧. ડૉ. રામકુમાર (મીરઠ)

૨. ડૉ. વી. ડી. સીંગ (ઉજ્જૈન)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર શ્રી. એન. આર. ત્રિવેદીની જગ્યાએ પ્રો. જે. કે. રાવ (ભાવનગર)ને નીમવા.

૧૧૮. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૨૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૯. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી Centrally sponsored scheme-reorientation of Medical Education-Pattern of Central assistance for implementation of the scheme-Regarding અંગે આવેલ તા. ૨૦-૪-૧૯૭૮ના પત્રાંક એમ.સી.આઈ. ૨૬(૧૮)૭૮-મેડ. ૪૯૧૯ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૦. ભાષા-સાહિત્ય ભવનમાં લિંગ્વિસ્ટિક્સના વ્યાખ્યાતાની જગ્યા અંગેની વરણી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—હાલ નીચેના સભ્યો હતા પણ તેઓએ આ અંગે અશક્તિ દર્શાવી છે :

૧. ડૉ. એચ. સી. ભાયાણી

૨. શ્રી. ટી. એન. દવે

૩. શ્રી. શાંતિભાઈ આચાર્ય]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૧. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં સ્ટેજ-અપની બાબતમાં ક્રમાંક ૭૨(૧)ના ઠરાવમાં થયેલી શબ્દોની ભૂલ નીચે પ્રમાણે સુધારી તે પ્રમાણે વાંચવા અંગે

(મૂળ ઠરાવ બાબત ૭૨(૧) :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓને બઢતી આપતી વખતે એક ઇજાફો આપવાનો જે લાભ તા. ૫-૧-૧૯૬૫થી આપવામાં આવેલો છે તે તેથી ઉપલા વર્ગના તમામ કર્મચારીઓ (શિક્ષક વર્ગ અને બિનશિક્ષક વર્ગના) ને પણ આપવાનું રાખવું અને..."

સુધારાવાળો પ્રસ્તાવ :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓને ઉપલી જગાની નિમણૂક વખતે રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. પે. ૧૨૬૪/૪૬૩-સી. એચ., તા. ૫-૧-૧૯૬૫ પ્રમાણે તેમની જૂની જગાના પગારધોરણમાં એક ઇજાફો આપતાં જે રકમ થાય તે રકમ પછીના તરતના જ પગથિયે પગાર નક્કી કરવાનો લાભ આપવામાં આવેલો છે તે તેથી ઉપરના વર્ગના તમામ કર્મચારીઓ (શિક્ષકવર્ગ અને બિનશિક્ષવર્ગના)ને પણ ઉપલી જગાની થયેલી નિમણૂક વખતે પણ તા. ૫-૧-૧૯૬૫થી આપવાનું રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવમાં રહેવા પામેલ શાબ્દિક ભૂલ ઉપર મુજબ સુધારવી અને તે મુજબનો સુધારેલો ઠરાવ તા. ૨૦-૮-૧૯૭૭થી અમલમાં આવેલો ગણવો.

૧૨૨. અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીને ૧૧,૦૦૦ વૉલ્ટની વીજળીની ઓવરહેડ લાઇન ઊભી કરવા માટેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડુપ્લિકેટ ફીડ માટે આ ઓવરહેડ લાઈન મીરામ્બિકા હોટેલ પાસેથી હેલ્થ સેન્ટર પાસે રીડર્સ ક્વાર્ટર્સ તરફ જતી લાઇન સુધી નાખવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીને ૧૧૦૦૦ વૉલ્ટની વીજળીની ઓવરહેડ લાઈન નાખવા માટેની પરવાનગી માટેની તેમની સદરહુ વિનંતી મંજૂર કરવી.

૧૨૩. સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોમાં ૧૯૭૮-૭૯ના વર્ષ પૂરતી પ્રથમ વર્ષ બી.એસસી.ના વર્ગોની સંખ્યા નિયંત્રિત કરવાનું સૂચન કરતા સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧૨૪. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૯-૪-૧૯૭૮ના નીચે ટાંકેલ ઠરાવ ક્રમાંક કે.ડી.એસ.-૯૧૭૭-૫૭૭૧૯-ગની નોંધ લેવા બાબત :

ઠરાવ

ઉપરોક્ત ક્રમાંક ૨ આગળ જણાવેલ તા. ૨૯-૧૧-૧૯૭૫ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના જૂથ ૧ (વિનયન પ્રવાહ) અને જૂથ ૨ (વાણિજ્ય પ્રવાહ)ને એકત્ર કરીને બે અલગ જૂથને બદલે આગામી શૈક્ષણિક વર્ષ ૧૯૭૮-૭૯થી અમલમાં આવે તે રીતે સાથેના પત્રક-'અ' પ્રમાણેનું એક જ જૂથ (સામાન્ય પ્રવાહ) રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૫. ૧૦ + ૨ + ૩ની શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં વાણિજ્ય વિદ્યાશાખાના સુધારેલા અભ્યાસક્રમ મુજબ ગૌણ વિષયોના શિક્ષણ બાબતમાં સદરહુ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ કરેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) કૉલેજોને જૂન, ૧૯૭૮થી તેમને ત્યાં મુખ્ય વિષયો ઉપરાંત બે ગૌણ વિષય ભણાવવાની છૂટ આપવી (જેથી વિદ્યાર્થીઓને જરૂરી વિકલ્પ પ્રાપ્ત થઈ રહે).

(૨) જો કોઈ કૉલેજમાં ફાજલ સ્ટાફ હોય તો ત્રણથી વધુ વિષયો ભણાવવાની પરવાનગી તે યુનિવર્સિટી પાસે માગી શકે.

(૩) આ પરવાનગી વિદ્યાશાખાના ડીનની સલાહ લઈ કુલપતિશ્રીને ૧૯૭૮–૭૯ પૂરતી યોગ્ય કરવાની સત્તા આપવી.

(૪) ૧૯૭૯–૮૦થી આ માટે જોડાણની કાર્યવાહી કરવી કે કેમ તે વિચારવું.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનાં સૂચન નં. (૧), (૨) અને (૩) મંજૂર કરવા.

સૂચન નં. (૪) અંગે ઠરાવવામાં આવ્યું કે આ માટેની જોડાણની કાર્યવાહી ૧૯૮૦–૮૧થી કરવાનું રાખવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૨૬. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના પટાવાળા શ્રી કે. ડી. વાઘેલા કે જેઓ ક્ષયની બીમારીથી પીડાઈ રહેલા છે તેમની સંવેતન રજા માટેની અરજી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના પટાવાળા શ્રી. કે. ડી. વાઘેલાની તા. ૯–૪–૧૯૭૮થી તા. ૯–૧–૧૯૭૮ના સમય માટેની રજા ખાસ કેસ તરીકે મંજૂર કરવી.

તે પછી બાબત નં. ૧૧૮ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૧૮. યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં ખાલી પડેલી શિક્ષકગણની જગ્યાઓ અંગેનો વર્કલોડ વિ. તપાસી જરૂરી અહેવાલ રજૂ કરવા અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણાને અંતે વધુમતે નીચેની સ્પષ્ટતા સાથે સદરહુ હેવાલ સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ સમિતિના હેવાલમાં જણાવેલ પગારધોરણોને લગતી બાબત અંગેની ભલામણ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી અને તેમની અનુમતિ મળે તો અને ત્યારે તેનો સ્વીકાર કરવો.

(૨) ચોથા યોજનાની નહિ પુરાયેલી જગાઓ પૂરવા કરેલી ભલામણના સંદર્ભમાં તેટલી પાંચમી યોજનાની જગાઓ પૂરવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. ઍક્ઝિ. કાઉ. / ૨૧૮૫૧/ ૧૯૭૮.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦૦૦૯.
મે ૨૪, ૧૯૭૮.

ક. ચ. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૩૪

બાંધકામ સમિતિની બેઠક સભા તા. ૧૭-૩-૧૯૭૮ ને શુક્રવારના રોજ બપોરના ૩-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. એચ. એન. શાહ	હાજર
૩.	શ્રી. કે. એમ. કાંટાવાળા	ગેરહાજર
૪.	શ્રી. બી. એમ. પીરજાદા	ગેરહાજર
૫.	શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	ગેરહાજર
૬.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર

(૧) બાંધકામ સમિતિની તા. ૯-૧-૧૯૭૮ ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૯-૧-૧૯૭૮ ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

(૨) યુનિવર્સિટી કેમ્પસમાંથી ટી. પી. સ્કીમ નં. ૩૧ હેઠળ ૧૩૨ ફૂટનો રસ્તો પસાર થાય છે. આથી તે રસ્તાની બન્ને તરફ વાયર ફેન્સિંગ કરાવવા માટેના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.— (૧) આ કામ માટે રૂ. ૭૨,૦૦૦ નો અંદાજી ખર્ચ તા. ૨૦-૨-૧૯૭૮ ની બાંધકામ સમિતિની સભામાં મંજૂર થયેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં ૧૩૨ ફૂટના ટી. પી. રસ્તાની આસપાસ વાયર ફેન્સિંગના કામ માટે આવેલાં કુલ નવ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાક્ટર મે. જીવરાજભાઈ ડી. ગજજરનું રૂ. ૬૯,૯૯૫ નું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૩) યુનિવર્સિટી ગ્રંથાલય માટે સાયકલ શેડ બનાવવાના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે રૂ. ૧૪,૦૦૦ નું અંદાજી ખર્ચ તા. ૧૮-૧૧-૧૯૭૭ ની બાંધકામ સમિતિની સભામાં મંજૂર થયેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય પાસે સાયકલ શેડ બનાવવાના કામ માટે આવેલાં કુલ સાત ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર એન આર. પટેલનું રૂ. ૧૩,૯૫૮ નું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૪) યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ સરદાર પટેલ વાંચન કેન્દ્રના મકાનમાં વધારાના કામકાજનાં દર અંગે વિચારણા કરવા બાબત,

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા સરદાર પટેલ વાંચન-કેન્દ્રના મકાનમાં વધારાના કામકાજના દર આ સાથેની યાદી "**અ**" પ્રમાણે મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(નોંધ.— યાદી "**અ**" અત્રે છાપેલ નથી.)

(૫) યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ સ્કૂલ ઑફ કૉમર્સના મકાનના બાંધકામમાં વધારાના કામ-કાજના દર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ કૉમર્સના મકાનમાં વધારાના કામકાજના દર આ સાથેની યાદી "**બ**" પ્રમાણે મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(નોંધ.— યાદી "**બ**" અત્રે છાપેલ નથી.)

(૬) સિન્ડર ટ્રેક ઉપર પેવેલિયનની બાજુમાં ગેલેરી ટાઈપનો ઓટલો ૫૦ ફૂટ લંબાઈનો બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડર ટ્રેક ઉપર ગેલેરી ટાઈપનો ઓટલો મે. વાદી એન્ડ પટવાના જ્યોગ્રાફીના મકાન બાંધકામના ભાવથી કરાવવા માટે રૂ. ૭,૨૦૦ નું ખર્ચ મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૭) યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતાં બાંધકામો માટે કૉન્ટ્રાક્ટરને રૂ. ૨૦ થેલીના ભાવથી સિમેન્ટ આપવા માટે કુલપતિશ્રીએ મંજૂરી આપી તે કાર્યની નોંધ લેવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા બાંધકામ માટે કૉન્ટ્રાક્ટરોને રૂ. ૨૦ થેલીના ભાવથી સિમેન્ટ આપવાની કુલપતિશ્રીએ મંજૂરી આપી તે કાર્યની નોંધ લેવી. આ ભાવ કૉન્ટ્રાક્ટરને સિમેન્ટ કંપનીમાંથી સીધો સિમેન્ટ ખરીદીને જે ભાવે પડે તે ભાવથી ઓછો ના હોય તે પ્રમાણેનો સિમેન્ટનો દર રાખવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૮) યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનમાં પડધા પડે છે તે અંગે ગ્રંથપાલ તરફથી આવેલા પત્ર નં. ૭૮૬૩, તા. ૨૮-૨-૧૯૭૮ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનમાં પડધા પડે છે તે અંગે સ્થપ્રતિ શ્રી હસમુખ પટેલની સલાહ લેવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૯) ઝૂલોજી ડિપાર્ટમેન્ટમાંના મકાનમાં કેમ્પઝ લેબોરેટરી બનાવવાના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી ડિપાર્ટમેન્ટના મકાનમાં કેમ્પઝ લેબોરેટરી બનાવવાના કામ માટે આવેલાં કુલ ત્રણ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર સવજીભાઈ ગોરાભાઈનું રૂ. ૧૦,૫૦૫નું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૧૦) સેન્ટર ફોર મેનેજમેન્ટના મકાન બાંધકામમાં અમુક આઈટેમના જથ્થામાં વધારો થાય છે તો તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત,

[**નોંધ.**— સેન્ટર ફોર મેનેજમેન્ટના મકાનમાં વધારાના ચાર કલાસરૂમ બનાવવા માટે તા. ૧૭-૧૦-૧૯૭૭ ની બાંધકામ સમિતિની સભાની ભલામણથી તા. ૨૨-૧૦-૧૯૭૭ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં રૂ. ૬૫,૦૦૦ નો અંદાજી ખર્ચ મંજૂર કરવામાં આવેલો છે તેના અનુસંધાનમાં આ વધારો થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફોર મેનેજમેન્ટના મકાન બાંધકામમાં જે આઈટેમના જથ્થામાં ફેરફાર થાય છે તે આ સાથેની યાદી "ક" પ્રમાણે મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(**નોંધ.**—યાદી ક અત્રે છાપો નથી.)

(૧૧) સ્ટાફ ક્વાર્ટર્સ ટાઈપ ૨ના મકાન બાંધકામમાં નીચે પ્રમાણેની આઇટેમના જથ્થામાં વધારો થાય છે તો તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

આઈટેમ નંબર	આઈટેમ	ભાવ	જથ્થો		રકમ		ખર્ચનો વધારો
			ટેન્ડર પ્રમાણે	થયેલ કામ પ્રમાણે	ટેન્ડર પ્રમાણે	થયેલ કામ પ્રમાણે	
બીલ નંબર ૨ આઇટેમ નં. ૧-એ	બ્લોક બેટ સિમેન્ટ કોંક્રીટ	૯૦ સી.એમ.ટી.	૮૦ સી.એમ.ટી.	૧૧૦	૭,૨૦૦	૯૦૦	૨,૭૦૦

બે બ્લોકના ૨,૭૦૦ × ૨ = ૫,૪૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ ક્વાર્ટર્સ ટાઇપ ૨ના બાંધકામના જથ્થામાં જે વધારો થાય છે તે ઉપર પ્રમાણે મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૧૨) માધ્યમિક્ષાયેાલેાજીના મકાન બાંધકામમાં નીચે પ્રમાણેની આઇટેમના જથ્થામાં વધારેા થાય છે તેા તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

આઈટેમ નંબર	વર્ણન	ભાવ	જથ્થો ટેન્ડર પ્રમાણે	જથ્થો થયેલ કામ પ્રમાણે	જથ્થો ટેન્ડર પ્રમાણે	જથ્થો થયેલ કામ પ્રમાણે	ખર્ચનો વધારો
૧-૧	માટી પુરાણ	૧૦ સી.એમ.ટી	૨૫૦ સી.એમ.ટી.	૮૫૦	૨૫૦૦ સી.એમ.ટી.	૮૫૦૦	૬૦૦૦
૩-૬	બ્રીક પેવિંગ	૧૮ એસ.એમ.ટી.	૨૦ એસ.એમ.ટી.	૧૫૫	૩૬૦	૨૭૯૦	૨૪૩૦
૧-૨	લાઇટ વેઇટ ફિલિંગ	૨૦ એસ.એમ.ટી.	૧૦ એસ.એમ.ટી	૫૦	૩૦૦	૧૫૦૦	૧૨૦૦
						કુલ	૯૯૯૦

આથી કરાવવામાં આવે છે કે માધ્યમિક્ષાયેાલેાજીના મકાન બાંધકામના જથ્થામાં જે વધારેા થાય છે તે ઉપર પ્રમાણે મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. ભિન્ડી
કુલસચિવ વતી

પરિશિષ્ટ " ખ "
કામકાજ ક્રમાંક ૩૭

"શ્રી. બાબુભાઈ અમૃતલાલ મહેતા શિષ્યવૃત્તિ"

૧. દાતાનું નામ : સ્વ. બાબુભાઈ ઉર્ફે સુમન્ત અમૃતલાલ મહેતાની મિલકતના વહીવટદારો (Executors)

અનુક્રમે

૧. શ્રીમતી પૂર્ણિમા રજનીકાંત ઝવેરી
આર્યભવન, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.

૨. શ્રી. રતનશા નવરોજી કોન્ટ્રાક્ટર
૧૨૫, કમ્બાલા હિલ, મુંબઈ-૩૬.

૩. શ્રી. ચંપકલાલ ભૂખણદાસ કાપડિયા
આર્યભવન, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.

૨. પ્રદાનની રકમ : રૂ. ૨૦,૦૦૦

૩. પ્રદાનનો પ્રકાર : રૂ. ૧,૯૦૦ની એક એવી શિષ્યવૃત્તિ

૪. પ્રદાનનો સ્વીકાર : એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૬-૧૯૭૭ની સભામાં ક્રમાંક ૨૨થી પ્રદાનનો સ્વીકાર કર્યો છે.

નિયમો

૧. "શ્રી. બાબુભાઈ અમૃતલાલ મહેતા શિષ્યવૃત્તિ" એ નામની આશરે રૂ. ૧,૯૦૦ની એક શિષ્યવૃત્તિ બે વર્ષ માટે કુલ ચાર સત્રો માટે ચુકવણી થાય તે રીતે આ યુનિવર્સિટીની ઑકટોબર એપ્રિલમાં લેવાતી —

(અ) એમ.ડી. (જનરલ મેડિસિન) અને એમ.ડી. (પેડિયાટ્રિકસ)ની અનુસ્નાતક પદવી પરીક્ષાઓ પૈકી વારાફરતી (alternatively) એક વર્ષે એમ.ડી. (જનરલ મેડિસિન) અને બીજા વર્ષે એમ.ડી. (પેડિયાટ્રિકસ) અનુસ્નાતક પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી ત્રીજી એમ બી.,બી.એસ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તે વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાં એમ.ડી. (કાર્ડિયોલોજી)નો અભ્યાસ કરે તે શરતે એનાયત કરવી.

(બ) ઉપર ૧માં જણાવ્યા પ્રમાણે જે તે વર્ષે એમ.ડી. (જનરલ મેડિસિન) કે એમ.ડી. (પેડિયાટ્રિકસ) કે જેમાં શિષ્યવૃત્તિ આપવાની થતી હોય તેમાં કોઈ વિદ્યાર્થી પાત્ર ન હોય તો તે પછીના વર્ષમાંના ક્રમ મુજબ એમ.ડી. (જનરલ મેડિસિન) કે એમ.ડી.-(પેડિયાટ્રિકસ)ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ઉપર ૧-અ મુજબ એનાયત કરવાનું રાખવું.

(ક) ઉપર ૧(અ) અને (બ) મુજબ જો કોઈ વિદ્યાર્થી શિષ્યવૃત્તિ માટે પાત્ર થતો ન હોય તો એમ.ડી. પરીક્ષાની તમામ શાખામાંથી જે વિદ્યાર્થી ઉપર ૧ની શરત મુજબ પાત્ર થાય તેને એનાયત કરવાનું રાખવું.

૨. શિષ્યવૃત્તિ વિજેતાનું નામ અને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે અને વિજેતા વિદ્યાર્થીના નામ અને સરનામાની ઘટતી જાણ દાતાને કરવામાં આવશે.

૩. વિજેતાને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૪. સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકની બચત કુલ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ " ગ "
કામકાજ ક્રમાંક ૪૦

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૭-૩-૧૯૭૮ ને શુક્રવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૩.	ડૉ. વિનોદકાન્ત સી. શાહ	હાજર
૪.	શ્રી. કે. રામમૂર્તિ, શિક્ષણનિયામક	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૭-૧-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૭-૧-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક-વિજ્ઞાન વિભાગ માટે પરિશિષ્ટ "અ"માં જણાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો ખરીદવાં.

[**નોંધ.**—પરિશિષ્ટ '**અ**' અત્રે છાપેલ નથી.]

૩. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે ઇરામાસ્કોપ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગનાં વૈજ્ઞાનિક સાધનો માટે આ સાધનો અંગેની જરૂરી ગ્રાન્ટસ ન હોવાથી હાલ ઇરામાસ્કોપની ખરીદી કરવાનું બાકી રાખવું.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે માઇક્રોસિસ્ટમ ૧૧૨૧-કેલકયુલેટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે એક ડી.સી.એમ. બનાવટનું માઇક્રોસિસ્ટમ ૧૧૨૧-ડી.સી.એમ. ડેટા પ્રોડકટ્સ પાસેથી તેઓના તા. ૨૧—૨—૧૯૭૮ના પત્રાંક ૨૧૪૯માં જણાવેલ કંપનીની શરતો પ્રમાણે યુનિવર્સિટીએ તેઓ પાસેથી આ પહેલાં ખરીદેલ મોડેલ ૧૦૮૦—એસ પરત આપી રૂ. ૨૫,૦૫૩-૦૦ (પાંચ ટકા)-સી. એસ. ટી. વત્તા બીજાં અર્થ જુદાં ગણી ખરીદવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ અંગે જે કોઈ અર્થ થાય તે અર્થ સ્ટેટિસ્ટિકસ ગ્રાન્ટ ખાતે પાડવું, પરંતુ તેથી વધારાનું અર્થ યુનિવર્સિટી સેન્ટ્રલ લેબોરેટરીમાંથી કરવાનું રાખવું.

૫. સમાજવિદ્યા ભવનના ભૂગોળ વિભાગ માટે કૉપી મશીન ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના ભૂગોળ વિભાગ માટે એક ઓસીઈ : ૧૨૫ ઇલેકટ્રોકૉપીયર મશીન મે. રોનક માર્કેટિંગ સર્વિસીઝ, અમદાવાદ પાસેથી કંપની ભાવે અને શરતોએ ખરીદવું.

આ મશીન યુનિવર્સિટી ગ્રંથાલયમાં રાખવું અને આ મશીનનો ઉપયોગ યુનિવર્સિટીના બધા વિભાગો કરી શકે તે જાતની વ્યવસ્થા ગ્રંથપાલશ્રી, યુનિવર્સિટી ગ્રંથાલયે કરવી.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે પ્લાનની નકલો કાઢવા માટે Diplomat S. B. 120–Continuous ammonia Printing machine નંગ એક મે. મેકનીલ ઍન્ડ મેગર લિમિટેડ પાસેથી રૂ. ૭,૧૦૦ (સાત હજાર એકસો) વત્તા અન્ય ખર્ચ જુદા ગણી ખરીદવું.

૬. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગનાં ૧૪ ડુપ્લિકેટિંગ મશીનને મે. ઇન્ડિયન ડુપ્લિકેટર કંપની લિ. સાથે વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાકટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના નીચે પ્રમાણેના ડુપ્લિકેટિંગ મશીનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાકટ તા. ૧–૪–૧૯૭૮થી તા. ૩૧–૩–૧૯૭૯ સુધી મે. ઇન્ડિયન ડુપ્લિકેટર કંપની લિમિટેડ સાથે તેઓના તા. ૬–૩–૧૯૭૮ના પત્રમાં જણાવ્યા પ્રમાણેની શરતો મુજબ કરવો.

	Department	*Model*	*Serial No.*	*Amount*
1.	Gujarat University	320	006A20	250–00
		320	021A42	225–00
		265	272183	225–00
		205 Brief	1865521	225–00
		ESC-73	B310118	300–00
2.	University School of Psychology	265	274489	250–00
3.	University School of Botany	265S	279806	250–00
4.	University School of Mathematics	265	271210	250–00
5.	University School of Social Sciences	265	274468	250–00
6.	University School of Languages	265	273456	250–00
7.	University School of Business Management	265–S	282454	250–00
8.	University Centre for Maragement & Professional Training	265–S	281900	250–00
9.	University School of Science	105	166820	200–00
10.	University School of Sciences (Zoology)	105	194177	200–00
			Rs.	3,375–00

૭. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે ફોટોગ્રાફિક મટિરિયલ્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે ફોટોગ્રાફીનું મટિરિયલ્સ મે. ઓરવા પ્રા. લિમિટેડ પાસેથી ખરીદવા માટે રૂ. ૪,૫૦૦ (રૂપિયા ચાર હજાર પાંચસો)નું ખર્ચ મંજૂર કરવું.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગને ફિલ્મ્સ તથા સ્ટેટ્સ યુ.એસ.એ. તરફથી ભેટ મળેલ તે અંગે કસ્ટમ ડ્યુટી તથા ક્લિયરિંગ તથા ઑક્ટ્રોઇ તથા ટ્રાન્સપોર્ટ અંગે રૂ. ૩,૨૮૨-૧૮ પૈસાનો ખર્ચ થયેલ છે તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ભેટ મળેલ ફિલ્મ્સ અંગે થયેલ કસ્ટમ ડ્યુટી તથા અન્ય ખર્ચના રૂ. ૩,૨૮૨-૧૮ પૈસાની રકમ મંજૂર કરવી.

૯. યુનિવર્સિટી પ્રેસમાં પ્રૂફવાચન કામ ઉચ્ચક ધોરણે કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાં જુદાં જુદાં પુસ્તકોનું પ્રૂફવાચન કરવા માટે નીચેના દરોએ પ્રેસ-વ્યવસ્થાપકશ્રીની ભલામણથી પ્રૂફરીડર નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. ડબલ ડેમી	૧૬ પેજી ફરમા એકના	રૂ. ૧૦-૦૦ની મર્યાદામાં
૨. ફુલસ્કેપ	દર ૧ પેજના	રૂ. ૧-૦૦ની મર્યાદામાં
૩. ક્રાઉન	૧/૮ ફર્માના	રૂ. ૮-૦૦ની મર્યાદામાં
૪. રોયલ	૧/૮ ફર્માના	રૂ. ૮-૦૦ની મર્યાદામાં

૧૦. યુનિવર્સિટીનાં રૂમ એરકન્ડિશનર તથા વૉટરકુલરને મે. વોલ્ટાઝ લિમિટેડ સાથે વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વૉટરકુલર તથા રૂમ એરકન્ડિશનરોને તે વોલ્ટાસ બનાવટનાં હોવાથી મે. વોલ્ટાસ લિમિટેડ સાથે વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તેઓના તા. ૧૦-૨-૧૯૭૮ના પત્રની શરતો પ્રમાણે એક વર્ષ માટે કરવો.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે સ્પેક્ટ્રોમીટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે એક સ્પેક્ટ્રોમીટર ટાઈપ ૧૦૫ (એમ.કે. ૧) મે. સિસ્ટોનિક્સ, અમદાવાદ પાસેથી રેઈટ કૉન્ટ્રાક્ટની શરતો પ્રમાણે ખરીદવું.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગનાં વૈજ્ઞાનિક સાધનોના પાર્ટ્સ ઇંગ્લેંડથી આયાત કરતાં કસ્ટમ ડ્યુટી વગેરેમાં વધારો થતાં કુલ ખર્ચ રૂ. ૧૭,૫૧૫-૮૬ પૈસા થયેલ છે તેની મંજૂરી આપવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનોના ભાગ જે ઇંગ્લેંડથી આયાત કરવામાં આવેલ તેના પર કસ્ટમ ડયુટી વગેરેમાં વધારો થતાં થયેલું કુલ ખર્ચ રૂ. ૧૭,૫૫૧-૮૬ (રૂપિયા સત્તર હજાર પાંસસો ને પંચાવન અને છયાસી પૈસા)નું મંજૂર કરવું.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ટ્રાન્સમીટિંગ વાલ્વ આયાત કરવા માટે રૂ. ૪,૨૫૦ના ખર્ચને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ટ્રાન્સમીટિંગ વાલ્વ ઇંગ્લેંડથી આયાત કરવા માટે રૂ. ૪,૨૫૦ (રૂપિયા ચાર હજાર બસોને પચાસ)નું ખર્ચ મંજૂર કરવું.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગનાં વૈજ્ઞાનિક સાધનો મંગાવવા માટે કસ્ટમ ડયુટી વગેરેમાં વધારો થતાં કુલ ખર્ચ રૂ. ૮,૦૯૩-૭૬ પૈ. થયેલ છે તેને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગનાં વૈજ્ઞાનિક સાધનો મંગાવેલ તેમાં કસ્ટમ ડયુટી વગેરેમાં વધારો થતાં કુલ ખર્ચ રૂ. ૮,૦૯૩-૭૬ (રૂપિયા આઠ હજાર તાણુ અને છોતેર પૈસા) થયો તે મંજૂર કરવો.

૧૫. એન.એસ.એસ.ની મોટરગાડી યુનિવર્સિટીના બીજા વિભાગોના કામ માટે વાપરવામાં આવે ત્યારે ખર્ચ જે તે વિભાગ ખાતે પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એન.એસ.એસ. વિભાગની મોટરકાર યુનિવર્સિટીના કામકાજ માટે કે અન્ય બીજા કામ માટે વાપરવામાં આવે ત્યારે તથા યુનિવર્સિટીની મોટરકાર બીજા કામકાજ માટે કે બીજા વિભાગના કામ માટે વાપરવામાં આવે ત્યારે ૦-૪૦ ચાલીસ પૈસા કિલોમીટરના દર એડજસ્ટમેન્ટ કરવાનું રાખવું.

૧૬. યુનિવર્સિટી કાર્યાલય માટે સ્કેનર મશીનના સ્ટેન્સિલ બોકસ ૧૦૦ મે. ઇન્ડિયન ડુપ્લિકેટર લિ. પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે સ્કેનર મશીનના સ્ટેન્સિલ ૧૦૦ કવાયર્સ રૂ. ૮૫-૦૦ કવાયર્સના વત્તા બીજા ખર્ચ જુદા ગણી મે. ઇન્ડિયન ડુપ્લિકેટર કંપની લિમિટેડ પાસેથી ખરીદવા.

૧૭. યુનિવર્સિટી કાર્યાલય માટે હાથે લખવાના બ્લ્યુ સ્ટેન્સિલ બોકસ ૬૦ મે. ઇન્ડિયન ડુપ્લિકેટર લિ. પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે હાથે લખવાના સ્ટેન્સિલ બોકસ ૬૦ સાઠ ૧૨૦ કવાયર્સ રૂ. ૩૩-૦૦ એક કવાયર્સની કિંમતે વત્તા અન્ય ખર્ચ જુદા ગણી મે. ઇન્ડિયન ડુપ્લિકેટર કંપની લિમિટેડ પાસેથી ખરીદવા.

૧૮ યુનિવર્સિટી માટે જરૂરી ફાકૂટ તથા ક્લોથ કવર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે જરૂરી ક્રાફ્ટ તથા ક્લોથ કવર મે. સી. મહેતા એન્ડ કું. પાસેથી તેમના ભાવ સૌથી ઓછા હોવાથી નીચે પ્રમાણે ખરીદવાં :

કવરની જાત	જરૂરિયાત	ભાવ રૂ.
૧. વિન્ડો કવર ૯ × ૪	૫૦,૦૦૦	૪૪-૫૦
૨. સાદા કવર ૯ × ૪	૫૦,૦૦૦	૩૨-૦૦
૩. ક્લોથ કવર ૧૦ × ૮॥	૯,૦૦૦	૫૧૦-૦૦
૪. ક્લોથ કવર ૧૫ × ૧૨	૧૪,૦૦૦	૯૦૫-૦૦

૧૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી ગ્રંથાલય માટે ફરનિચરમાં જરૂરી ફેરફાર કરવા માટે રૂ. ૮,૬૬૦ના ખર્ચને મંજૂરી આપી.

(૨) હરિ ઓમ આશ્રમપ્રેરિત સંશોધન એવોર્ડ માટે યંત્રકની ડાઈઓ બનાવવા માટે રૂ. ૨,૦૦૦ના ખર્ચને મંજૂરી આપી.

(૩) આઈ.બી.એમ. કંપની પાસેથી દશ ડઝન રિબન ખરીદવા માટે રૂ. ૭,૫૦૦ના ખર્ચને મંજૂરી આપી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૨૦. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગની કોસિપ યોજના માટે મે. સિસ્ટોનિક્સ પાસેથી (૧) ડીજી. પીએચ. મીટર નંગ એક તથા (૨) સ્પેક્ટોફોટોમીટર ટાઇપ ૧૦૫ નંગ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન કોસિપ યોજના હેઠળ ડીજી. પીએચ. મીટર મે. સિસ્ટોનિક્સ પાસેથી રૂ. ૬,૫૫૦ની કિંમતનું ખરીદવું.

કોસિપ યોજના અંગેનું ગુજરાત કોલેજ, અમદાવાદ માટેનું સ્પેક્ટ્રોફોટોમીટર ટાઈપ ૧૦૫ મે. સિસ્ટોનિક્સ પાસેથી કંપનીના દર અને શરતોએ ખરીદવું. પરંતુ આ અંગે રૂ. ૮,૦૦૦ (રૂપિયા આઠ હજાર)થી વધુ ખર્ચ થાય તે ગુજરાત કોલેજ પાસેથી વસૂલ કરવો અને યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૭૮

કુલપતિશ્રીએ માન્ય કરેલા શિક્ષકોની યાદી

સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

૧.	શ્રી. કે. આઈ. પટેલ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૮૬૭૮ તા. ૧૬-૨-'૭૮
૨.	શ્રી. એસ. એસ. શાહ	કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૩૮૨૭ તા. ૨૮-૧૧-'૭૮
૩.	શ્રી. એસ. એન. આયંગર	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/ ૧૧૩૮૫૨ તા. ૨૮-૧-'૭૮
૪.	કુ. સરલા જ્યોર્જ	મનોવિજ્ઞાનનાં વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૪૧૩૫ તા. ૧-૨-'૭૮

પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ

૫.	શ્રી. સી. એસ. રાવલ	શિક્ષણના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૪૧૩૧ તા. ૧-૨-'૭૮
૬.	શ્રી. એ. કે. પટેલ	,,	,, ,,

એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ

૭.	શ્રી. એ. આર. પટેલ	મિકેનિકલ એન્જિ.ના ડેમોન્સ્ટ્રેટર	સિં./અધ્યા./૮/૧૧૪૧૩૦ તા. ૧-૨-'૭૮

એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ

૮.	કુ. અંજના આર. ધારૈયા	ઇતિહાસનાં ખંડ-સમયનાં વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૪૧૩૩ તા. ૧-૨-'૭૮

શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ

૯.	શ્રીમતી એ. આર. નાણાવટી	સંસ્કૃતનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૪૮૩૮ તા. ૯-૨-'૭૮

સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧૦.	શ્રી. હેમાંગિની ટી. વ્યાસ	અંગ્રેજીનાં ટ્યૂટર	સિં./અધ્યા,/૮/૧૨૩૧૮૩ તા. ૯-૨-'૭૮

(નોંધ.—પશ્ચાદ્વર્તી તા. ૪-૭-૧૯૭૪થી માન્ય.)

માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ

૧૧. શ્રી. વી. એચ. ગાંગલ	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૬૪૫૯	તા. ૬-૩-'૭૮
૧૨. શ્રી. એ. સી. શ્રીવાસ્તવ	,,	,,	
૧૩. શ્રી. કે. બી. ત્રિવેદી	,,	,,	

સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ

૧૪. ડૉ. એચ. સી. આહુજા	ઑર્થોડોન્સિયાના ટ્યૂટર	સિં./અધ્યા./૮/૧૧૫૫૮૧	તા. ૧૬-૨-'૭૮
૧૫. ડૉ. એસ. બી. હજીરાવાળા	,,	સિં./અધ્યા./૮/૧૧૬૪૬૦	

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૧૬. ડૉ. કે. ડી. પટેલ	ઓપ્થેલ્મોલોજીના જુ. વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૬૪૫૮	તા. ૬-૩-'૭૮
૧૭. ડૉ. યુ. ડી. દેસાઈ	જનરલ મેડિસિનના આસિ. પ્રાધ્યાપક	,,	,,
૧૮. ડૉ. એસ. એમ. શરીફ	ફોરેન્સિક મેડિસિનના આસિ પ્રાધ્યાપક	સિં /અધ્યા./૮/૧૧૬૪૬૧	તા. ૬-૩-'૭૮

સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ

૧૯. શ્રી. એસ. એચ. ભટ્ટ	કાયદાના વ્યાખ્યાતા	સિં./અધ્યા/૮/૧૧૬૪૬૨	
૨૦. શ્રી. બી. સી પટેલ	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	
૨૧. શ્રી. આર. ડી. વ્યાસ	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા/૮/૧૧૬૪૬૨	
૨૨. શ્રી. એમ. જે. ડાકોરે	,,	,,	

સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ

૨૩. કુ. હેમાંગિની ટી. વ્યાસ	અર્થશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૪૫૨૯	તા. ૬-૨-'૭૮

વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ

૨૪. શ્રી. એચ. કે. પંડ્યા	શિક્ષણના વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૪૮૪૭	તા. ૯-૨-'૭૮
૨૫. શ્રીમતી સુધા એ. દેસાઈ	,,	એકે/અધ્યા/૮/૧૧૪૭૨૧	તા. ૮-૨-'૭૮

સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૨૬. કુ. નિરૂપમા એસ. દેસાઈ	સમાજશાસ્ત્રનાં વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૫૫૮૦	તા. ૧૬-૨-'૭૮
૨૭. શ્રીમતી રેખાબહેન એચ. પાઠક	સંસ્કૃતનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૨૩૧૮૪	તા. ૯-૨-'૭૮

(નોંધ.—નિમણૂક ચાલુ વર્ષ પૂરતી જ માન્ય કરવામાં આવી છે.)

આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કલ્હેગામ

૨૮. કુ. કિશ્ના ઓ. ગોસ્વામી	હિંદીનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૪૧૩૩	તા. ૧-૨-'૭૮

સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ નડિયાદ

૨૯. શ્રીમતી નિરૂપમા ડી. શાહ	સમાજશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૪૫૨૧	તા. ૬-૨-'૭૮

ભવન્સ કૉલેજ, ડાકોર

૩૦. શ્રી. પી. એમ. ભટ્ટ	અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૩૮૭૪	તા. ૩૦-૧-'૭૮

શાહ કે. એસ. આર્ટ્સ અને વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવણજ

૩૧. શ્રી. ડી. એસ. પટેલ	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૪૮૪૮	તા. ૯-૨-'૭૮

આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણ

૩૨. શ્રી. એ. ડી. પટેલ	રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૪૮૩૭	તા. ૯-૨-'૭૮
૩૩. શ્રી. વી. એમ. પટેલ	ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા	,,	,,

બી. કે. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી

૩૪. શ્રી. ડી. એન. રાબોલીયા	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૩૭૯૬	તા. ૨૮-૧-'૭૮

કાપડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ કૉલેજ, સંખેડા

૩૫. શ્રી. વી. એચ. શાહ	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૩૬૭૮	તા. ૨૪-૧-'૭૮

(નોંધ.—પશ્ચાદ્વર્તી તા. ૧-૧૨-'૭૨થી માન્ય)

લુણાવાડા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, લુણાવાડા

૩૬. શ્રી. બી. એલ. ભટ્ટ	સંસ્કૃતના વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૮૮૬૭૯	તા. ૧૬-૨-'૭૮

એમ. એન. ફાર્મસી કૉલેજ, ખંભાત

૩૭. ડૉ. એચ. એસ. ધુમ્મડ	એનેટોમીના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે/૮/૧૧૪૮૪૫	તા ૯-૨-'૭૮
૩૮. શ્રી. એલ. એસ. પટેલ	ફાર્મસીના ડેમોન્સ્ટ્રેટર	,,	,,
૩૯. શ્રી. એસ. બી. પટેલ	,,	,,	,,

શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ અને શ્રી એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ

૪૦. શ્રી બી. સી. પટેલ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૩૭૯૪	તા. ૨૮-૧-'૭૮
૪૧. શ્રી. બી. આર. બારોટ	ગુજરાતીના વ્યાખ્યાતા	,,	,,
૪૨. શ્રી. આર. આર. ઝાલા	રાજ્યશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,,

શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા

૪૩. કુ. એમ. બી. બિલગી	અંગ્રેજીનાં વ્યાખ્યાતા	એકે./અધ્યા./૮/૧૧૩૭૯૫	તા. ૨૮-૧-'૭૮
૪૪. શ્રી. વી. ડી. પટેલ	ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,,
૪૫. શ્રી જે. પી. શાહ	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૪૫૨૩	તા. ૬-૨-'૭૮
૪૬. કુ. એ. સી. દવે	સંસ્કૃતનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	એકે/અધ્યા/૮/૧૧૪૭૨૨	તા. ૮-૨-'૭૮

શ્રી નટવરસિંહજી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર

૪૭. શ્રી. આર. એન. સુસાર	અંગ્રેજીના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૪૧૨૯	તા. ૧-૨-'૭૮
૬૮. શ્રી. આર. ડી. મહેતા	ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૪૮૪૯	તા. ૯-૨-'૭૮

શ્રી એસ. કે. શાહ અને શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા

૪૯. કુ. ભાવના એન. શાહ	હોમ સાયન્સનાં વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૪૭૨૦	તા ૮-૨-'૭૮

શેઠ એમ. એન. સાયન્સ અને શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ

૫૦. શ્રીમતી પી. એ. પટણી	અંગ્રેજીનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૪૧૩૨	તા. ૧-૨-'૭૮

૫૧.	શ્રી. ડી. સી. શશીદાર	હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૪૧૩૨	તા. ૧-૨-'૭૮
૫૨.	શ્રી. વાય. પી. વાઘેલા	ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૪૭૧૯	તા. ૧-૨-'૭૮
૫૩.	શ્રી. એચ. ડી. ત્રિવેદી	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,,

(**નોંધ.**—શ્રી વાઘેલા અને શ્રી ત્રિવેદીની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવામાં આવી છે.)

બી. ડી. શાહ એજ્યુકેશન કૉલેજ, મોડાસા

૫૪.	શ્રી. આઈ. એમ. ગોર	શિક્ષણના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૮૪૬૭૧	તા. ૨૧-૧-'૭૮

સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા

૫૫.	શ્રી. એમ. એન. પટેલ	કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૩૮૨૬	તા. ૨૮-૧-'૭૮

શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર

૫૬.	શ્રી. વી. એન. શાહ	અંગ્રેજીના ટ્યૂટર	એકે/અધ્યા./૮/૧૧૬૪૫૬	તા. ૬-૩-'૭૮

(**નોંધ.**—આ નિમણૂક માત્ર ચાલુ વર્ષ પૂરતી જ માન્ય રાખવામાં આવી છે.)

સી. એન. આર્ટ્સ અને બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી

૫૭.	શ્રી. કે. વી. ભટ્ટ	અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૫૦૪૦	તા. ૧૦-૨-'૭૮
૫૮.	શ્રી. એસ. એમ. સોલંકી	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે/અધ્યા./૮/૧૧૪૮૪૨	તા. ૯-૨-'૭૮

એજ્યુકેશન કૉલેજ, ફરામલી

૫૯.	શ્રી. ડી. એમ. જોશી	આચાર્ય	એકે./અધ્યા./૮/૧૧૫૫૮૨	તા. ૧૬-૨-'૭૮

(**નોંધ.**—પશ્ચાદ્‌વર્તી તા. ૧-૭-૭૪થી માન્ય)

૬૦.	શ્રી. બી એન. પંડ્યા	શિક્ષણના વ્યાખ્યાતા	એકે./અધ્યા./૮/૧૧૫૨૩૭	તા. ૧૩-૨-'૭૮

આર. આર. લાલન કૉલેજ, ભૂજ

૬૧.	શ્રી. આર. જે. ત્રિવેદી	સંસ્કૃતના વ્યાખ્યાતા	એકે./અધ્યા./૮/૮૮૬૭૭	તા. ૧૬-૨-'૭૮
૬૨.	શ્રી. એચ જી. ત્રિવેદી	મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા	,,	,,

એસ. ડી. શેઠિયા એજ્યુકેશન કૉલેજ, મુન્દ્રા

૬૩.	શ્રી. આર. એમ. ત્રિવેદી	શિક્ષણના વ્યાખ્યાતા	એકે./અધ્યા./૮/૧૧૫૫૭૯	તા. ૧૬-૨-'૭૮
૬૪.	શ્રી આર. એચ. ભટ્ટ	,,		,,

એસ. એલ. આર્ટ્સ યુ. કૉલેજ ફૉર વિમેન (આર્ટ્સ), અમદાવાદ

૬૫.	શ્રી. એચ. જી. મીનાપરા	ભૂગોળના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૪૫૩૩	તા. ૬-૨-'૭૮
૬૬.	શ્રી. ભારતીબહેન વી. ભટ્ટ	હોમ સાયન્સનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,	,, ,,

સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગર

૬૭.	શ્રીમતી એચ. એમ. પંડ્યા	ગુજરાતીનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,	૧૧૪૫૨૮ તા. ૬-૨-'૭૮

શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર

૬૮.	શ્રી. વી. એન. રાવલ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૧૪૫૨૯ તા. ૬-૨-'૭૮

શેઠ એમ. એન. સાયન્સ અને શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ

૬૯.	શ્રી. બી. કે. શાહ	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૧૪૫૩૦ તા. ૬-૨-'૭૮
૭૦.	શ્રી. એસ. કે. ચૌધરી	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,, ,,

યુ. પી. આર્ટ્સ અને એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ

૭૧.	કુ. કે. વી. પંડ્યા	સંસ્કૃતનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,	૧૧૪૫૪૫ તા. ૬-૨-'૭૮

શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરૂલી

૭૨.	શ્રી. પી. એ. શાહ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૧૪૫૩૪ તા. ૬-૨-'૭૮
૭૩.	શ્રી. એ. કે. શાહ	હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,, ,,

આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણ

૭૪.	કુ. દક્ષાકુમારી એમ. પટેલ	મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૧૧૪૫૩૧ તા. ૬-૨-'૭૮

યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ

૭૫.	શ્રી. ચારુબહેન એચ. શાસ્ત્રી	સમાજશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,	૧૧૪૫૨૨ તા. ૬-૨-'૭૮

સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ

૭૬.	શ્રી. કે. જે. શાહ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૪૫૨૬	તા. ૬-૨-'૭૮
૭૭.	શ્રી. એ. એમ. પટેલ	ગુજરાતીના વ્યાખ્યાતા	,,	,, ,,

શ્રી સી. એમ. પટેલ ફરતીકુઈવાલા આર્ટ્સ અને શ્રી ટી. એન. સાયન્સ કૉલેજ, ડભોઈ

૭૮.	કુ. નીલાબહેન ડી. શાહ	ગુજરાતીનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	સિં./અધ્યા/૮/૧૧૪૫૩૨	તા. ૬-૨-૭૮
૭૯.	શ્રીમતી એચ. આર. પટેલ	ઇતિહાસનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,	,,
૮૦.	શ્રી. એ. જે. શેઠ	મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	,,

શ્રીમતી એચ. પી. પટેલ (કંડારી) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ

૮૧.	કુ. ક્ષમા જે. જેટલી	અર્થશાસ્ત્રનાં વ્યાખ્યાતા	સિં./અધ્યા./૧૧૪૫૨૫	તા. ૬-૨-૭૮

આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, તલોદ

૮૨.	શ્રી. માલતીબહેન આર. દેસાઈ	તર્કશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૪૫૨૭	તા. ૬-૨-૭૮

એજ્યુકેશન કૉલેજ, હરામલી

૮૩.	શ્રી. આઈ. કે. સુથાર	શિક્ષણના પ્રાધ્યાપક	સિ./અધ્યા./૮/૩૦૩૯૫	તા. ૨૧-૬-૭૭

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૮૪.	ડૉ. કુ. એ. કે. પંડ્યા	બાયોકેમિસ્ટ્રીના આસિ. પ્રાધ્યાપક	સિં./અધ્યા./૮/૧૪૧૧૬૦	તા. ૩૧-૩-૭૮
૮૫.	ડૉ. શ્રી. વાય. શ્રીવાસ્તવ	બાયોકેમિસ્ટ્રીના ટ્યૂટર	,,	,,
૮૬.	ડૉ. એ. એસ. સાને	બાયોકેમિસ્ટ્રીના પ્રાધ્યાપક	સિં./અધ્યા./૮/૧૩૮૬૩૯	તા. ૨૩-૩-૭૮

એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ

૮૭.	શ્રી. એચ. ટી. કાશીપરા	ઇલેક્ટ્રિકલ એન્જિ. વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૩૮૬૩૮	તા. ૨૩-૩-૭૮

સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા

૮૮.	શ્રી. જે. એસ. ત્રિવેદી	ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૯૧૩	તા. ૧૪-૪-૭૮

કુલપતિશ્રીએ અમાન્ય કરેલા શિક્ષકોની યાદી

એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત

૧.	ડૉ. એચ. આર. દેરાસરી	ફિઝિયોલોજી અને ફાર્મકોલોજીના ખંડ સમયના પ્રાધ્યાપક	૬૮ વર્ષ કરતાં વધુ ઉંમર ધરાવતા હોવાથી	સિં/અધ્યા/૮/૧૧૪૧૩૭ તા. ૧-૨-૭૮

એમ.બી. કૉલેજ ઑફ કૉમર્સ અને શ્રી ગોસ્વામી એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ

૨.	કુ. સી. એન. ગાંધી	અંગ્રેજીનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	બી.એ. અને એમ.એ.ની એ બે પદવીઓ પાસ વર્ગમાં ધરાવે છે.	સિં./અધ્યા./૮/૧૧૪૧૩૬ તા. ૧-૨-૭૮

સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ

૩.	શ્રી. જી. કે. જી. જોશી	અંગ્રેજીના વ્યાખ્યાતા	૬૦ વર્ષ કરતાં વધુ ઉંમર ધરાવતા હોવાથી	સિં./અધ્યા./૮/૧૧૪૧૩૮ તા. ૧-૨-૭૮

ભવન્સ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડાકોર

૪.	શ્રી ઓ સી. પાદશાહ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	—	સિં./અધ્યા./૮/૧૧૪૧૩૯ તા. ૧-૨-૭૮

એજ્યુકેશન કૉલેજ, પેટલાદ

૫.	કુ. એસ. એસ. હુસેન	શિક્ષણના વ્યાખ્યાતા	બી.એડ થયા પછી હાઈસ્કૂલનો અનુભવ ધરાવતા નહીં હોવાથી	સિં./અધ્યા./૮/૧૧૩૮૭૩ તા. ૩૦-૧-૭૮

સૈફી જ્યુબિલી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર

૬.	શ્રી. ટી. ડબલ્યુ. મીરઝા	અરેબિકના વ્યાખ્યાતા	જરૂરી લાયકાત ધરાવતા નહીં હોવાથી	સિં./અધ્યા./૪/૧૧૫૬૧૩ તા. ૧૭-૨-૭૮

એજ્યુકેશન કૉલેજ, પાટણ

૭.	શ્રી. જી. બી. શુકલ	શિક્ષણના વ્યાખ્યાતા	જરૂરી શૈક્ષણિક અનુભવ ધરાવતા નહીં હોવાથી	સિં./અધ્યા./૮/૧૧૪૧૪૦ તા. ૧-૨-૭૮

આ અગાઉ જેમની નિમણૂક માન્ય થયેલી છે અને જેમના પદમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થયો નથી અને જેમની નિમણૂકની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી :

સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૧.	શ્રી. જે. સી. શાહ	આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા		સિં/અધ્યા./૮/૧૨૨૧૪૪ તા. ૬-૨-૭૮

સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨.	શ્રી. એસ. વાય. શેખ	અંગ્રેજીના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૨૨૧૪૪ તા. ૬-૨-'૭૮
૩.	શ્રી. રીટા સી. શાહ	તર્કશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,

સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૪.	કુ. વીણા ડી. દવે	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૨૨૨૬૧

સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૫.	કુ. માયા ટી. પટેલ	અંગ્રેજીના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૮૬૭૬ તા. ૧૬-૨-'૭૮

વિવેકાનંદ એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ

૬.	શ્રી. વી. બી. દવે	શિક્ષણના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૭૬૦૩ તા. ૩-૨-'૭૮

સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૭.	શ્રી. આર. બી. ત્રિવેદી	ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૪૩૨૪ તા. ૨-૨-'૭૮

નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ

	શ્રી. એસ. પી. શાહ	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૩૮૨૯ તા. ૨૮-૧-'૭૮

સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ

૯.	શ્રી. એ. કે. દવે	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૮૬૭૨૮ તા. ૨૭-૧-'૭૮

સરકારી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગર

૧૦.	શ્રી. એસ. એ. ચૌહાણ	હિંદીના ટ્યૂટર	સિં./અધ્યા./૮/૧૨૨૧૩૪ તા. ૬-૨-'૭૮

શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

૧૧.	શ્રી. જી. વી. પટેલ	રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૩૮૨૮ તા. ૨૮-૧-'૭૮

શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરસદ

૧૨.	શ્રી. વી. પી. પરીખ	આચાર્ય	સિં./અધ્યા./૮/૧૧૪૮૪૦ તા. ૯-૨-'૭૮

શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ

૧૩.	શ્રી. આર. એસ. શાહ	હિંદીના વ્યાખ્યાતા	સિં./અધ્યા. /૮/૮૬૭૨૯ તા. ૨૭-૧-'૭૮

શેઠ એમ. એન. સાયન્સ અને શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ

૧૪.	શ્રી. ડી. એફ. રાવ	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૪૮૪૧ તા, ૯-૨-'૭૮

આર. આર. લાલન કૉલેજ, ભૂજ

૧૫.	શ્રી. બી. એન. દેસાઈ	તત્ત્વજ્ઞાનના ટ્યૂટર	સિં./અધ્યા./૮/૧૧૪૮૩૯ તા. ૯-૨-'૭૮

એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૧૬.	શ્રી. એન. એમ. જાની	ભૂગોળના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૧૯૪૫૭ તા. ૬-૩-'૭૮

જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ

૧૭.	શ્રી. એસ. એમ. શેખ	પર્શિયનના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૩૯૮૨૩ તા. ૨૮-૩-'૭૮

આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, બાલાસિનોર

૧૮.	શ્રી. કે. એન. શેલત	ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા	સિં./અધ્યા./૮/૧૪૧૧૬૨ તા. ૩૧-૩-'૭૮

૧૯૭૭ની જોડાણઅરજીના સંદર્ભમાં મૂકેલી શરતોના પરિપાલનમાં જોડાણની શરત મુજબ માન્ય થયેલા શિક્ષકોની યાદી :

અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૧.	શ્રી. પી. જે. સોની	કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપક	સિં./અધ્યા./જોડાણ/૧૧૭૭૭૪ તા. ૨૭-૩-'૭૮
૨.	શ્રી. એ. કે. શાહ	કીટાણુવિજ્ઞાનના વ્યાખ્યાતા	,, ,, ,,

શ્રી એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા

૧.	શ્રી. બી. એમ. ગાંધી આચાર્ય		સિં./અધ્યા./જોડાણ/૧૧૭૭૭૫ તા. ૨૭-૩-'૭૮

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૮૨

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૨૦-૪-૧૯૭૮ ને ગુરુવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. રામમૂર્તિ, શિક્ષણનિયામકશ્રી	હાજર
૩. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૪. ડૉ. વિનોદકાન્ત સી. શાહ	હાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવન માટે આ સાથેના લિસ્ટ પ્રમાણેની પાર્ટીઓ સાથે રેઇટ કોન્ટ્રાક્ટ કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૧૩-૩-૧૯૭૮ના પત્રાંક ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે નીચેની પાર્ટીઓ સાથે સને ૧૯૭૮-૭૯ના વર્ષ માટે રેઇટ કોન્ટ્રાક્ટ કરવો.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે (૧) મે. સીસ્ટોનિક્સ અમદાવાદ સાથે વૈજ્ઞાનિક સાધનો અને (૨) ફિલિપ્સ ઇન્ડિયા લિમિટેડ સાથે સાધનો માટે રૂ. ૫,૦૦૦ (રૂપિયા પાંચ હજાર)ની કિંમતનાં સાધનો ખરીદવા માટે જ રેઇટ કોન્ટ્રાક્ટ કરવો અને તેથી વધુનાં સાધનો ખરીદવા માટે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ટેન્ડરો મંગાવવાનું રાખવું.

Name of the firm	*Supply*
1. Sarabhai M. Chemicals, P O. Box No. 80, Baroda—1.	Chemical
2. E. Merck (India) Private Ltd., Shiv Sagar Estate A, P. O. Box No. 16554, Dr. Annie Besant Road, Worli, Bombay—18 (W.B.).	Chemicals

	Name of the firm	*supply*
3.	S. D.'s Lab. Chem. Industry, 7, Hindu Chambers, 349/353, Samnel St., P. O. Box No. 3282, Bombay—3.	Chemicals
4.	M/s. Vensil Glass Works Pvt. Ltd., 21, O.M.R. Industrial Estate, Bangalore—16.	Glasswares
5.	Borosil Glass Works, 44, Khanna Construction House, Maulana Azad Gaffar Road, Bombay—18.	Glasswares
6.	Glaxo Laboratories (India) Ltd. (BDH), Dr. Annie Besant Road, Bombay—25	Chemicals
7.	Polar Industrial Corporation, Devkaran Mansion No. 3, 2nd Floor, 43, Princess Street, Bombay—2.	Slips and Cover slips
8.	Allied Chemical Corporation, R 1/300 Raopura Road, P. B. No. 280, Baroda—1.	Chemicals

૩. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે ઇરેમાસ્કોપ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે ઇરેમાસ્કોપ નંગ ૧, મે. ઇરમા ઇન્ડિયા ચંદીગઢ પાસેથી તેઓના તા. ૩૧-૧-૧૯૭૮ના પત્રમાં જણાવેલ શરતો પ્રમાણે ભારતમાં તેઓ એકલા જ બનાવતા હોવાથી રૂ. ૧૬,૯૯૪ (રૂપિયા સોળ હજાર નવસો ને ચોરાણું) સુધીમાં ખરીદવું.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે માઇક્રોફોટોગ્રાફિક એટેચમેન્ટ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે માઇક્રોફોટોગ્રાફિક એટેચમેન્ટ ટાઇપ એમ.એન એફ. ૩૫, મે. એ. સેવન્તીલાલ એન્ડ બ્રધર્સ મુંબઈ પાસેથી તેઓના તા. ૧૨-૧-૧૯૭૮ના પત્રમાં જણાવેલ શરતો પ્રમાણે રૂ. ૨,૨૦૦(રૂપિયા બે હજાર અને બસો)ની કિંમત સુધીમાં ખરીદવું.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે આલ્કોહોલ અને રેકિટફાઇડ સ્પિરિટ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે આલ્કોહોલ અને રેકિટફાઇડ સ્પિરિટ ૧૯૭૮-૭૯ના વર્ષ માટે રોકડેથા ખરીદવા માટે રૂ. ૩,૫૦૦(રૂપિયા ત્રણ હજાર પાંચસો)નો ખર્ચ મંજૂર કરવો.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ટ્રાન્સમીટિંગ વાલ્વ્સ ઇંગ્લેંડથી આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ટ્રાન્સમીટિંગ વાલ્વ્સ નંગ ચાર ટાઈપ સી ૧૧૫૦-૧ અને બેઇઝ માઉન્ટ ટાઈપ્સ બી ૪-એ મે. ઇંગ્લિશ ઇલેક્ટ્રિક વાલ્વ કંપની લિમિટેડ ઇંગ્લેંડ પાસેથી આયાત કરવા માટે રૂ. ૪,૨૦૦ વત્તા કસ્ટમ ડયૂટી, ઓક્ટ્રોઇ, અને અન્ય ચાર્જ જુદા ગણી આયાત કરવા.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગની કોશિપ યોજના માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણી-વિજ્ઞાન વિભાગની કોશિપ યોજના માટે ટેન્ડરમાં જણાવેલ શરતો પ્રમાણે અને નીચેના ભાવે વૈજ્ઞાનિક સાધનો મે. અલ્ટ્રાસાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટ કું., અમદાવાદ પાસેથી ખરીદવાં :

Rates quoted & name of the equipment	*Make*	*Requirement of Equipment*	*Total approximate cost of equipment*	*Note*
1. Colorimeter Type 101 with seven filter Rs. 2980—00 inclusive of taxes	Systronics	3	9000—00	Lowest
2. Overhead Projector Rs. 3459-00 inclusive of taxes	Photophone	6	21000—00	,,
3. Camera for microphotographing with attachment PPM-6-Ph-photographic attachement Rs. 3250—00 (without fieldlens)	Exact German	1	3600—00	,,
4. Microtones Rs. 3390—00 plus taxes.	Yorko Spenier Type	1	3740—00	,,
		Ex. duty, Octroi and other charges	37340—00 1000—00	
		Total ...	38340—00	

૮. વિજ્ઞાન વિદ્યાભવન માટે એક ફેસિટ કેલક્યુલેટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગ માટે જરૂરી કાર્ડ્સ આઈ. બી. એમ. કંપનીને બદલે આઈ. ડી. એમ. કંપની પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આઈ. બી. એમ. કંપની ભારતમાં કામ કરતી બંધ થતાં તેને બદલે હવે ઇન્ટરનેશનલ ડેટા મૅનેજમેન્ટ પ્રા. લિ. (આઈ.ડી.એમ.) પાસેથી યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર માટે ૧૯૭૮-૭૯ના વર્ષ માટેનાં જરૂરી કાર્ડ્ઝ કંપનીના ભાવે અને શરતો પ્રમાણે ખરીદવાં.

૧૦. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરના કોમ્પ્યુટર મશીન માટેના જરૂરી પાર્ટ્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટર માટે નીચે પ્રમાણેના જરૂરી પાર્ટ્સ આઈ. બી. એમ. વર્લ્ડ ટ્રેડ કૉર્પોરેશન પાસેથી તેમના તા. ૩-૪-૧૯૭૮ના પત્રમાં જણાવેલ શરતો પ્રમાણે ખરીદવાં :

No.	*Item*	*Requirement*	*Price*	*Total Amt.*
1.	1620 I/O ribbons	6	50-00	300-00
2.	Card Guage	1	300-00	300-00
3.	Jack Plugs	50	69-00 for 25	138-00
4.	Tape Punch	1	475-00	475-00
5.	Scrapper	2	13-20	26-40
6.	Red wires	100	74-80 for 25	229-20
7.	077 control Panel	1	425-00	425-00
			Total Rs. ...	1895-60

૧૧. વિનસ કૉર્પોરેશન પાસેથી ખરીદવામાં આવેલ ડુપ્લિકેટિંગ પેપર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિનસ કૉર્પોરેશન પાસેથી ખરીદવામાં આવેલ ગોપાલ પેપર મિલના ૨. ૪ કે.જી. ડુપ્લિકેટિંગ પેપર હાલ કાગળની અછત જોતાં સ્વીકારી લેવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કંપની યુનિવર્સિટીને આ અંગે ડિસ્કાઉન્ટ આપે તે માટે પત્ર-વ્યવહાર કરવો.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણી-વિજ્ઞાન વિભાગ માટે **પરિશિષ્ટ "અ"**માં બતાવ્યા પ્રમાણે વૈજ્ઞાનિક સાધનો ખરીદવાં.

(પરિશિષ્ટ 'અ' અત્રે સામેલ નથી.)

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ ખર્ચ "Central Sector Forestry Scheme (1) On Ecological Survey of Panchmal and (2) Farm Forestryની ગ્રાન્ટ ખાતેથી પાડવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી

પરિશિષ્ટ " છ "
કામકાજ ક્રમાંક ૯૪

ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની વર્ષ ૧૯૭૭-૭૮ની બીજી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તા. ૨૦–૪–૧૯૭૮ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨.	આચાર્યશ્રી ધીરુભાઈ પી. ઠાકર	હાજર
૩.	આચાર્યશ્રી દર્શનસિંઘ શીખ	ગેરહાજર
૪.	શ્રી. વાય. પી. શુકલ	ગેરહાજર
૫.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૬.	ડૉ. વી. સી. શાહ	હાજર
૭.	ડૉ. જે. એન. પટેલ	ગેરહાજર.

૧. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૫–૩–૧૯૭૭ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૫–૩–૧૯૭૭ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચેના શિક્ષકોએ તેમનાં નામ સામેની વિગતથી જણાવવામાં આવેલ સંશોધન-ગ્રાન્ટના સંદર્ભમાં સંશોધનકાર્યને પૂરું કરીને તેમનાં નામ સામે જણાવેલ સામયિકમાં છપાયાની નોંધ લેવા બાબત :

ક્રમાંક	શિક્ષક	કૉલેજ	સંશોધનનો વિષય	સંશોધન ગ્રાન્ટની રકમ	વર્ષ	સામયિકનું નામ
૧	૨	૩	૪	૫	૬	૭
				રૂ.		
૧.	શ્રી. જી. સી. અમીન	પી. બી. સાયન્સ કૉલેજ, કપડવંજ	Some synthesis compouds related to Warfarin	૫,૦૦૦	૧૯૭૧-૭૨	કલર એન્ડ કેમિકલ વિકલી

૧	૨	૩	૪	૫	૬	૭
				૩.		
૨.	શ્રા. ટી. એસ. નાન્દી	યુનિવર્સિટી ભાષા-ભવન	Unpublished Sanskrit manuscripts which contain Gujaratangans of Kavya Prakash of Mammata	૧૬૦૦	૧૯૭૧-૭૨	" The Journal of the Oriental Inst. Vol. XXIV No. 3-4 March-June 1975

ઉપરના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં સંશોધનકાર્ય માટે આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટના સંદર્ભમાં તેમનું સંશોધનકાર્ય પૂરું થયેથી તે પ્રકાશિત કરેલ જેની રિપ્રિન્ટ યુનિવર્સિટીને મોકલવામાં આવી છે તેની નોંધ લેવી.

૩. નીચેના શિક્ષકોને તેમને મંજૂર કરવામાં આવેલ સંશોધન ગ્રાન્ટ તેમનું સંશોધનકાર્ય તેઓ પૂરું કરી શકયા નહિ હોવાથી તેમને ચૂકવેલ સંશોધન ગ્રાન્ટની રકમ પરત કર્યાની નોંધ લેવા બાબત :

ક્રમાંક	શિક્ષક	કૉલેજ	સંશોધનનો વિષય	મંજૂર કરેલ ગ્રાન્ટ	ચૂકવેલ રકમ	રકમ પરત કર્યાનું કારણ
૧.	શ્રી. એચ. ડી. વ્યાસ	આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, સાવલી	Legends in Puranas	૭૫૦	૩૦૦	શિક્ષક તરીકે છૂટા થયા હોવાથી
૨.	શ્રી. જી. એ. ધારા	આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	Study of some aspects of Muslim monuments of Gujarat	૧૦૦૦	૪૦૦	નાદુરસ્ત તબિયતને કારણે

ઉપરના શિક્ષકોએ તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં સંશોધન કરવા માટે મંજૂર કરેલ ગ્રાન્ટમાંથી પ્રથમ હપતા પેટે ચૂકવેલ રકમ તેમણે યુનિવર્સિટીને પરત કર્યાની નોંધ લેવી.

૪. બી. જે. મેડિકલ કૉલેજના ડૉ. એમ. એન. ઝિન્દાલ(હાલ એમ. પી. શાહ મેડિકલ કૉલેજના ડીન)ને Effect of prolonged administration of tea, coffee and alcohol on heart, liver and kidney of experimental animals—એ વિષય પર સંશોધન કરવા માટે ૧૯૭૬-૭૭ના વર્ષમાં મંજૂર કરેલ ગ્રાન્ટની ૨૦ ટકા રકમ તેમની કૉલેજ ભોગવે તે શરતે

પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની રૂપિયા એક લાખની સંશોધન ગ્રાન્ટમાંથી રૂ. ૧,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. ડૉ. એમ. એન. જિન્દાલે તેમના તા. ૨૦-૩-૧૯૭૮ના પત્રથી તેમની જામનગર બદલી થવાને કારણે જુલાઈ ૧૯૭૭થી સંશોધનકાર્ય મુલતવી રાખ્યું છે. અધૂરું કરેલ સંશોધનકાર્ય ચાલુ રાખવાની પરવાનગી આપી શકાય તેમ હોય તો ગ્રાન્ટની બીજી હપતાની રકમ તેઓ સંશોધનકાર્ય પૂરું કરી શકે તે હેતુથી ચૂકવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત તેમ જ તેમને પહેલા હપતાની ચૂકવેલ રકમ પરત કરવામાંથી મુક્તિ આપવા બાબત.

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના (હાલ એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના ડીન) ડૉ. એમ. એન. જિન્દાલને ૧૯૭૬-૭૭ના વર્ષમાં મંજૂર કરેલ ગ્રાન્ટના સંદર્ભમાં બીજી હપતાની રકમ તેઓ હાલ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ/સંસ્થામાં ન હોવાથી ચૂકવી નહિ. તેમ જ તેમના સંશોધનકાર્યનો રિપોર્ટ સંતોષકારક હોય તો તેમને ચૂકવેલ સંશોધન ગ્રાન્ટની રકમ રૂ. ૪૦૦ તેમની પાસેથી પરત લેવી નહીં.

૫. સંશોધન ગ્રાન્ટ માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

ઉચ્ચ શિક્ષણના ઉત્કર્ષ માટે તેના અંતર્ગત ભાગ તરીકે વિશ્વવિદ્યાલયમાં સંશોધન-પ્રવૃત્તિઓને સઘન બનાવવા તથા તેને વિકસાવવાના હેતુ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે તેના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોના/માન્ય સંસ્થાઓના શિક્ષકો તરફથી વર્ષ ૧૯૭૭-૭૮માં સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે આવેલ અરજીઓ પૈકી નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય પર સંશોધન કરવા માટે તેમનાં નામની સામે જણાવેલ રકમ નીચેની શરતોએ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થાનું નામ	સંશોધન યોજનાનું શીર્ષક	મંજૂર કરેલ ગ્રાન્ટની રકમ
૧	૨	૩	૪	૫
૧.	એ. શ્રી. વાય. ત્રિપાઠી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ભયાગામ-કરજણ	A Critical Editing of Vastu-Vilas (An unpublished work of Vastu)	૧,૦૦૦
૨.	શ્રી. જે. સી. પરીખ	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	Family adjustment in relation to school achievement Sex, Parental Education & Socio-Economic Status	૯૦૦
૩.	શ્રી. એમ. એમ. પટેલ	આર્ટ્સ કૉલેજ, બોડેલી	Struggle for freedom in Vadodara State (1930-1944)	૧,૦૦૦

૧	૨	૩	૪	૫
૪.	શ્રી. કે. જી. કાંટાવાલા	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	Critical Edition of 'Akal Raman' by Jivandas 18th Cen. A.D.	૧,૦૦૦
૫.	શ્રી. એસ. એ. ગાંધી	એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	A study of certain aspects of Managerial Remuneration of Corporate officers in private sector.	૧,૦૦૦
૬.	શ્રી. વી. જી. પંડ્યા	એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	Primary Education in Ahmedabad Cost-benefit analysis	૧,૦૦૦
૭.	શ્રી. વી. ટી. ઓઝા	એમ. એન. કૉલેજ, વીસનગર	Reaction of lead sulphate, lead per chlorate, Copper sulphate in molten nitrites.	૧,૦૦૦
૮.	ડૉ. એસ. સી. વર્મા	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	Biochemical and Mechanical effects of Histaminergic drugs on heart	૧,૦૦૦

શરતો

૧. (૧) જે શિક્ષકોએ તેમની સંશોધન-યોજના અંગે તેમના અરજીપત્રકમાં જે ખર્ચ દર્શાવ્યું છે તેમાંથી (૧) પુસ્તકોની ખરીદી માટે, (૨) સાધનોની ખરીદી માટે, (૩) જર્નલ્સની ખરીદી માટે, તથા (૪) સ્ટેશનરીની ખરીદી માટેનો ખર્ચ સ્વીકાર્ય ગણાશે નહિ, તે અંગેના તમામ ખર્ચની વ્યવસ્થા શિક્ષકે પોતે કરવાની રહેશે.

૨. (૨) સંશોધનકાર્ય માટે મુસાફરી કરવાની જરૂર હોય તો સંશોધન ગ્રાન્ટ મેળવનાર શિક્ષકે "પબ્લિક ટ્રાન્સપોર્ટ" જેવી કે એસ. ટી. બસ દ્વારા અથવા ટ્રેઈન દ્વારા કરેલી મુસાફરી ગ્રાહ્ય રહેશે તે સિવાય અન્ય વાહન મારફતે કરેલ મુસાફરી ખર્ચ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

(૩) સંશોધન માટે મદદનીશ રિસર્ચ આસિસ્ટન્ટનો ખર્ચ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

(૪) સંશોધન માટે મંજૂર કરવામાં આવેલી સંશોધન ગ્રાન્ટનો ૨૦ ટકા ખર્ચ શિક્ષકે અગર શિક્ષક જે કૉલેજ / સંસ્થામાં જોડાયેલા હોય તે સંબંધકર્તા કૉલેજ/સંસ્થાએ ભોગવવાનો રહેશે.

(૫) કૉલેજ / સંસ્થામાં જોડાયેલા શિક્ષકો જેમને ઉપર જણાવ્યા મુજબની સંશોધન-ગ્રાન્ટ તેમના વિષયમાં સંશોધન અર્થે મંજૂર કરવામાં આવી છે તેઓની સેવા જૂન ૧૯૭૮ પછી ચાલુ રહેવી આવશ્યક છે.

નોંધ.—જૂન ૧૯૭૮ પછી કૉલેજ / સંસ્થામાં ચાલુ રહેતા હશે નહીં તો તે શિક્ષકે તેમને આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટની રકમ પૂરેપૂરી પરત કરવાની રહેશે.

(૬) સંશોધન ગ્રાન્ટની ચૂકવેલ રકમનો હિસાબ તથા પ્રગતિ હેવાલ તા. ૩૧-૩-૧૯૭૯ સુધીમાં રજૂ કરવાનો રહેશે.

(૭) મુસાફરી દરમિયાન રોકાણ ભથ્થું યુનિવર્સિટીનાં તે અંગેનાં ધારાધોરણ અનુસાર આપવામાં આવશે.

(બ) નીચેના શિક્ષકોની ગ્રાન્ટ માટેની અરજી નામંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષક	કૉલેજ	સંશોધનનો વિષય	માંગેલ ગ્રાન્ટ
૧	૨	૩	૪	૫
૧.	શ્રી. એન. ડી. દેસાઈ	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પેટલાદ	Meghani : Loksahityana Sampadak and Shanshodhak	૧,૦૦૦
૨.	શ્રા. બી. જે. ઝવેરી	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકા	Survey of Gujarati Dramas written and produced in Bombay & Maharashtra	૫,૦૦૦
૩.	શ્રી. વી. કે. પટેલ	આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ	Pannalal Patel Ex. Adhyayan	૨,૦૦૦
૪.	શ્રી. એચ. જી. ચતુર્વેદી	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ખંભાત	નિરાલા વ્યક્તિત્વ આર કાવ્ય	૨,૦૦૦
૫.	શ્રી. એચ. યુ. પંડ્યા	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, કલોલ	Jain Charcha Vishashath Malyagirikrit Nandi Tikana Adhare	૧,૭૦૦

૧	૨	૩	૪	૫
૬.	શ્રી. પ્રતિભા માલવિયા	અટિરા, અમદાવાદ	A study of some organizational variables in effective & in effective public private sector	૨,૦૦૦
૭.	શ્રી. કે. એ. ગાંધી	આર. પી. અનડા એજ્યુકેશન કૉલેજ, બોરસદ	A study of relation between the dimensions of organisational structure and aspects of employee orientation.	૪,૯૦૦
૮.	શ્રી. બી. એમ. રાજપૂત	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવી	Comparative study of rural & urban attitudes on untouchability	૨,૦૦૦
૯.	શ્રી. એમ. એમ. આમ્લા	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	Role of pigments of serratia maras on the phase host.	૬,૦૦૦

(ક) બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાને "Construction & standardization of a creating test in Maths. & Science for standard Vth of secondary school of S. K. Dist. પર સંશોધન કરવા માટે રૂ. ૧૦,૦૦૦ની ગ્રાન્ટ માટે અરજી કરી છે તેના સંદર્ભમાં જરૂરી માહિતી મેળવી ગ્રાન્ટ મંજૂર કરવા નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૬. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ (હાલ એ. જી. હાઈસ્કૂલ, અમદાવાદ-૯)નાં કુ. એ. વી વ્યાસને Comparative studies of growth regulatory properties of derivatives of thionera and naturally occuning growth regulation પર સંશોધન કરવા માટે પાંચમી યોજના હેઠળની યુ. જી. સી.ની સંશોધન ગ્રાન્ટમાંથી મંજૂર કરેલ ગ્રાન્ટની ૨૦ ટકા રકમ તેમની કૉલેજ ભોગવે તે શરતે ૧૯૭૫-૭૬ના વર્ષમાં રૂ. ૧,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. કુ. એ. વી. વ્યાસે તેમના તા ૪-૪-૧૯૭૮ના પત્રથી એ. જી. હાઈસ્કૂલના પ્રેક્ટિકલ્સ ટીચિંગ માટે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં લેબોરેટરીની સવલત આપવામાં

આવી છે. તેઓ શિક્ષક ન હોવાથી બીજા હપતાની રકમ ચૂકવી શકાય નહિ તેથી તેમને પહેલા હપતાની રકમ પરત કરવામાંથી મુક્તિ આપવા બાબત.

એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના હાલ (એ. જી. હાઇસ્કૂલ અમદાવાદના) કુ. એ. વી. વ્યાસને ૧૯૭૫-૭૬ના વર્ષમાં મંજૂર કરેલ ગ્રાન્ટના પ્રથમ હપતાની રકમ રૂ. ૪૦૦ની સામે કૉલેજના હિસ્સા સાથે ૨,૫૦૦ના ખર્ચનો હિસાબ રજૂ કરવો જોઈતો હતો તેના બદલે રૂ. ૪૦૫-૮૫ના ખર્ચનો હિસાબ રજૂ કર્યો છે તેથી ખૂટતી રકમ રૂ. ૯૫-૧૫ના ખર્ચનો હિસાબ મોકલવાનો તથા સંશોધનકાર્યનો પ્રગતિ-હેવાલ મોકલી આપવા જણાવવું. સંશોધનકાર્યનો રિપોર્ટ સંતોષકારક જણાય તો તેમને ચૂકવેલ સંશોધન ગ્રાન્ટની રકમ તેમની પાસેથી પરત લેવા નહિ, અન્યથા તે પરત લેવાનું રાખવું.

કુ. એ. વી. વ્યાસ હાલ યુનિવર્સિટી વિસ્તારની સંલગ્ન કૉલેજ/સંસ્થામાં નહિ હોવાથી તેમની ગ્રાન્ટના બીજા હપતાની રકમ ચૂકવવાની વિનંતીનો અસ્વીકાર કરવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

(અવાચ્ય)

કુલસચિવ વતી.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૯૬

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૦-૪-૧૯૭૮ને ગુરુવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી કે. એમ. કાંટાવાલા	ગેરહાજર
૩.	શ્રી બી. એમ પીરજાદા	ગેરહાજર
૪.	શ્રી કિશોરચંદ્ર સંઘાણી	ગેરહાજર
૫.	શ્રી આર. સી. સોનપાલ	હાજર
૬.	એચ. એન. શાહ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૧૦-૩-૧૯૭૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિ. કેમ્પસમાં બંધાઈ રહેલ સેન્ટ્રલ લેબોરેટરીના મકાન બાંધકામની સમયમર્યાદા તા. ૩૦-૬-૧૯૭૮ સુધી વધારી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આ કામની સમયમર્યાદા તા. ૨૮-૨-૧૯૭૮ના રોજ પૂરી થાય છે. કોન્ટ્રાકટરે ૪ માસની સમયમર્યાદા વધારવાની માગણી કરી છે અને સ્થપતિની ભલામણ તા. ૩૦-૬-૧૯૭૮ સુધી સમયમર્યાદા વધારી આપવાની છે.

(૨) સમયમર્યાદા અંગે કોન્ટ્રાકટર તથા સ્થપતિ તરફથી આવેલા પત્રની નકલ આ સાથે સામેલ છે. (અત્રે છાપી નથી.)]

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના મકાન બાંધકામની સમયમર્યાદા તા. ૩૦-૬-૧૯૭૮ સુધી વધારી આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ઝૂલેાજીના વિકાસ બાંધકામ અંગે સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલા પ્લાન એસ્ટિમેટ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલેાજીના વિકાસ બાંધકામનો સ્થપતિએ તૈયાર કરેલો પ્લાન તથા રૂપિયા બે લાખ સુધીનું અંદાજી ખર્ચ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઝૂલેાજી માટેની ગેસ પ્લાન્ટની સગવડ પ્લાનમાં આવી જાય તેવી સ્થપતિને સૂચના કરવી.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા સેન્ટ્રલ લેબોરેટરીના મકાન બાંધકામમાં અમુક આઈટેમના જથ્થામાં ફેરફાર થાય છે તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના બાંધકામ માટે જે આઇટેમોના જથ્થામાં ફેરફાર થાય છે તે ફેરફારોને યાદી "અ" પ્રમાણે મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(**નોંધ.**—યાદી 'અ' અત્રે છાપેલ નથી.)

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ સાથેની યાદી "અ" મુજબ આ મકાનના બાંધકામ માટે રૂ. ૮૨,૦૦૦નું વધારાનું ખર્ચ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

કુલપતિશ્રીની મંજૂરીથા નીચેની બાબતો મંજૂર કરવામાં આવી :

૫. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા સ્ટાફ ક્વાર્ટર્સ ટાઈપ II ના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટાઇપ II સ્ટાફ ક્વાર્ટર્સના ઇલેક્ટ્રિક વાયરિંગ માટેનાં આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. જોષી ઇલેક્ટ્રિક વર્ક્સનું રૂ. ૫૦,૦૭૮નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયના મકાન તથા પ્રેસ વગેરે માટે ૨૫૦ કે.વી.એ.નું ટ્રાન્સફોર્મર ઊભું કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, પ્રેસ તથા સૂચિત કેન્ટીનનાં મકાનો માટે ૨૫૦ કે.વી.એ.નું ટ્રાન્સફોર્મર પોસ્ટ ઑફિસ પાસેના જૂના બોરના પંપ રૂમમાં ઊભું કરવા માટેનો રૂ. ૩૨,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ માટેનું ઇલેક્ટ્રિકનું કામકાજ અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કં. લિ., અમદાવાદને તેઓના ભાવે સોંપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૦૬

વૈધકીય વનસ્પતિ અને કૃષિ સંશોધન સંવર્ધન કેન્દ્ર અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૭-૧૯૭૫ની સભામાં નીમેલી સલાહકાર સમિતિની એક સભા તા. ૨૭-૪-૧૯૭૮ ને ગુરુવારના રોજ સવારના ૧૦-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૫. ડૉ. સી. કે. શાહ	હાજર
૬. ડૉ. સી. જે. ખત્રી	ગેરહાજર
૭. શ્રી. કે. જી મહેતા.	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. ઈશ્વરભાઈ પટેલે લીધું હતું.

૧. ચાલુ વર્ષે થયેલા કામકાજની નોંધ લેવા તથા વિકાસ અંગે વિચારણા કરવા બાબત.

કુલપતિશ્રીએ વર્ષ દરમ્યાન યુનિવર્સિટી ફાર્મ પર લેવામાં આવેલા પાકો અંગેની સવિસ્તર વિગતો આપી હતી જે માટે સભ્યોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

૨. ગુજરાત રાજ્ય બીજ નિગમ સાથે સહકારથી કામ કરવા અંગેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

ગુજરાત રાજ્ય બીજ નિગમના સહકારમાં બી ઉત્પાદનનો જે કાર્યક્રમ છેલ્લા ત્રણ વરસથી હાથ ધરેલો તેના સુખદ અનુભવની પીઠિકામાં આપણી જમીન ખેડૂતોને સારાં બી પૂરાં પાડવામાં ઉપયોગી નીવડતી રહે તે માટે આપણા વતી હાથ ધરાય તેવા સહયોગી કાર્યક્રમની જે દરખાસ્ત ગુજરાત રાજ્ય બીજ નિગમ સાથે વાટાઘાટોથી નીપજી છે તેને સ્વીકારવા, ને એનો અમલ કરવાની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

દરખાસ્તની નકલ આ સાથે **પરિશિષ્ટ "ઞ"** સામેલ કરેલ છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ 'અ'

ગુજરાત રાજ્ય બીજ નિગમ સાથે ખેતી સંશોધન અંગે કરવાના સંયુક્ત સાહસની શરતો

ગુજરાત યુનિવર્સિટીના ફાર્મ ઉપર હાલ ખેતી તથા સંશોધનનું કામ કરવામાં આવે છે. આ અંગે યુનિવર્સિટીએ કેટલીક જમીન સમતલ કરી છે અને હજુ કેટલીક જમીન સમતલ કરવાનું કામ ચાલે છે. તદુપરાંત સિંચાઈ માટે સિમેન્ટ પાઈપલાઈન નાંખી છે. ખેતીનાં સાધનો જેવાં કે, ટ્રેક્ટર, ટ્રેક્ટરથી ચાલતાં ખેતીનાં ઓજારો, ઘઉં માટેની થ્રેશર વગેરે વસાવેલાં છે. તદુપરાંત ૬ બળદો ગુજરાત રાજ્ય બીજ નિગમ તથા ગુજરાત યુનિવર્સિટીના ઉપરોક્ત કામ માટે લેવામાં આવેલ છે.

હવે ગુજરાત રાજ્ય બીજ નિગમ તથા યુનિવર્સિટી ઉપરોક્ત કામ માટે સાથે મળીને સહકારથી કામ કરવા માંગે છે અને આ સંયુક્ત સાહસ માટેની શરતો નીચે મુજબ રહેશે :

૧. યુનિવર્સિટીના ખેતી સંશોધન અંગેની જમીન, તેને લગતાં ઑફિસ, હાલના ગોડાઉન, મજૂરો માટેનાં હાલનાં રહેઠાણ, જમીનમાં નાંખેલ સિંચાઈ પાઈપલાઈન વગેરેનો આ સંયુક્ત સાહસ-ઉપયોગ કરશે અને તે અંગે ગુજરાત યુનિવર્સિટીને એક એકર દીઠ રૂ. ૨૦૦ની વાર્ષિક રકમ ચૂકવવાની રહેશે. આ રકમ પૈકી અડધી રકમ ડિસેમ્બરની ૩૧મી પહેલાં અને અડધી રકમ જૂન માસની ૩૦મી તારીખ પહેલાં ચૂકવવાની રહેશે.

૨. આ સંયુક્ત સાહસનું લેણું બધુ જ વહીવટી કામકાજ બીજ નિગમ કરશે, જેવું કે ફાર્મ માટે કર્મચારીઓ, મજૂરો વગેરે રોકવા, ખેતીકામ જુદી જુદી જરૂરિયાતો મુજબની ચીજવસ્તુઓ અને સાધનસામગ્રીની ખરીદી, ફાર્મના ઉત્પાદનનો સંગ્રહ, નિકાલ વગેરે.

૩. યુનિવર્સિટી પાસે હાલ આ સાથેના પત્રકમાં દર્શાવેલ ખેતીનાં સાધનો, ઓજારો, ટ્રેક્ટર, બળદ વગેરે છે તેની કિંમત રૂ. ૫૮,૦૦૦ નક્કી કરવામાં આવી છે જે ગુજરાત યુનિવર્સિટીને આ દસ્તાવેજ પર સહી થયેથી એક મહિનામાં ચેકથી ચૂકવવામાં આવશે.

૪. ટ્યુબવેલ ઉપર જે ૪૧ હોર્સ પાવરની મોટર સાથેનો સબમર્સિબલ પંપ બેસાડેલ છે તેનું વીજળી વપરાશના બિલ અંગે જેટલા કલાક પંપ યુનિવર્સિટીના કામમાં અથવા તો ફાર્મના કામના ઉપયોગમાં લેવામાં આવે તે રીતે ખર્ચની ફાળવણી કરવામાં આવશે. વધુમાં ફાર્મ માટે વપરાતી વીજળીની જે રકમ થાય તેના ૨૦ ટકા વધારે રકમ યુનિનર્સિટીને પંપના ઘસારા પેટે આપવાના થશે જેથી ટ્યુબવેલ પંપ સેટ, મોટર્સ સંચાલનના ખર્ચમાં યુનિવર્સિટીને આટલી રકમ વધારે મળશે. આ રકમ સદરહુ તથા પંપ સંચાલનના કુવો રીપેરિંગ અંગે થનાર ખર્ચમાં યુનિવર્સિટીને આપવાના ઉચ્ચક ફાળા તરીકે ગણાશે.

૫. યુનિવર્સિટીએ સંયુક્ત સાહસની સોંપેલી જમીનમાં નાંખેલ સિમેન્ટ કોન્ક્રીટની પાઈપ લાઈન, કુંડીઓ વગેરેની સામાન્ય મરામતનું કામ બીજ નિગમ પોતાના ખર્ચે કરશે-કરાવશે.

૬. આ સંયુક્ત સાહસની મુદત ૧૦ વર્ષની રહેશે; પરંતુ યુનિવર્સિટીને યોગ્ય લાગે તે શરતોએ અને યુનિવર્સિટીની સંમતિથી આ મુદત લંબાવી શકશે તેવી જ રીતે બીજ નિગમને આ કરાર રદ કરવાની જરૂરત પડશે તો બીજ નિગમ ઓછામાં ઓછાં ૨ વર્ષ પછી કોઈ પણ સમયે યુનિવર્સિટીને ૬ મહિનાની નોટિસ આપી આ કરાર રદ કરી શકશે.

૭. યુનિવર્સિટીની આ જમીન પૈકી યુનિવર્સિટીને તેની પ્રવૃત્તિ માટે જેટલી જમીનની જરૂરિયાત પડશે તેટલી જમીન તે જમીન ઉપરનો તે વખતનો ઊભો પાક હોય તો તે લીધા બાદ યુનિવર્સિટીને પરત કરવામાં આવશે. અને આવી રીતે પરત કરેલી જમીનના એકર દીઠ રૂ. ૨૦૦ યુનિવર્સિટીને ચૂકવવાના રહેશે નહિ.

૮. આ સંયુક્ત સાહસના હિસાબો બીજ નિગમ અલગ રાખશે અને તેની ઑડિટ કરાવેલ નકલ પ્રત્યેક વર્ષે યુનિવર્સિટીને આપશે તથા યુનિવર્સિટીને કે તેના અધિકારીઓ કે પ્રતિનિધિઓને આ હિસાબો તપાસવા હશે ત્યારે આપવામાં આવશે. આ સંયુક્ત સાહસનું નાણાકીય વર્ષ ૧લી જૂનથી ૩૧મી મે સુધીનું રહેશે.

૯. વર્ષ આખરે આવકમાંથી થયેલ તમામ ખર્ચ એટલે કે જમીનનું ઉપયોગ માટેનું વળતર, કર્મચારીઓનો પગાર, મજૂરોનો પગાર, તથા ખેતીનો બીજો ખર્ચ બાદ કરી જે ચોખ્ખો નફો રહેશે તે નફાના ૨૫ ટકા જેટલી રકમ યુનિવર્સિટીને આપશે અને બાકીનો ૭૫ ટકા નફો બીજ નિગમ રાખશે. આ સંયુક્ત સાહસના સંચાલનમાં કોઈ પણ પ્રકારની ખોટ જશે તો તે ખોટની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં, પરંતુ બીજ નિગમ આવી ખોટ ભોગવશે.

૧૦. ફાર્મના દૈનિક સંચાલન માટે મુદ્દા નં. ૯ અને ૩માં દર્શાવેલ ખર્ચનું તમામ મૂડી–રોકાણ બીજ નિગમ કરશે.

૧૧. સંયુક્ત સાહસનો વહીવટ બીજ નિગમ કરશે અને બીજા અધિકારી/કર્મચારીઓ આ જવાબદારી સંભાળશે. પરંતુ ફાર્મના દૈનિક કાર્યમાં રૂબરૂ માર્ગદર્શનની જે જરૂરિયાત પડશે તે માર્ગ-દર્શન યુનિવર્સિટીના ડેવલપમેન્ટ ઑફિસર શ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ આપશે અને હાલ તેઓશ્રી યુનિ-વર્સિટીનું જે રીતે ફાર્મ સંભાળી રહ્યા છે તે રીતે જવાબદારી અદા કરશે અને તેમના કાર્ય માટે તેમને માનદ વેતન તરીકે માસિક રૂ. ૨૫૦ ચૂકવશે.

૧૨. ફાર્મ ઉપરના મકાનમાં રોકવામાં આવેલા મજૂરો, કર્મચારીઓ પાસેથી કાંઈ ભાડું લેવાનું રહેશે નહિ અને તેવા જ રીતે હાલના ફાર્મ ઑફિસ, ફાર્મ ગોદામો, બળદોનાં છાપરાંઓ વગેરેના ઉપયોગ માટે કોઈ ભાડું આપવાનું રહેશે નહિ; પરંતુ યુનિવર્સિટી તરફથી ફાર્મ માટે રોકેલા ટેકનિકલ આસિસ્ટન્ટને યુનિવર્સિટી ટીચર્સ હૉસ્ટેલમાં એક રહેણાકનું મકાન આપશે. તેનું હાલનું પ્રકાનોમિક રેન્ટ રૂ. ૭૦ તથા સર્વિસ ચાર્જ નિગમે યુનિવર્સિટીને આપવાનું રહેશે.

ગુજરાત યુનિવર્સિટી ખેતી વિભાગ
(સાધનો વગેરેનું પત્રક)

ક્રમાંક	સાધનોનાં નામ
૧.	હેલી સ્પ્રે નંગ ૧
૨.	સેન્ટ્રિફ્યુગલ પંપ ૭॥ એચ.પી. મોટર સાથે નં. ૧
૩.	જ્યોતિ બનાવટનું ઘઉંનું થ્રેસર મશીન નં. ૧
૪.	બળદ નં. ૩ મોટા, ૩ નાના
૫.	હળ નં. ૧
૬.	ટ્રેક્ટરનો મનિયાર બનાવટનો પાવડો
૭.	ચારણા નં. ૧૪ જુદી જુદી સાઈઝના
૮.	ટિલર-પ્લાઉ નં. ૧ ઇન્ટરનેશનલ
૯.	ઇન્ટરનેશનલ ટ્રેક્ટર ૩૫ હોર્સપાવર નં. ૧
૧૦.	ઉમિયા કલ્ટી નં. ૧
૧૧.	ઉમિયા પેરણી નં. ૧
૧૨.	પંપ દવા છાંટવાના નં. ૨
૧૩.	પાઉડર છાંટવાના પંપ નં. ૨
૧૪.	બંડ ફોર્મર
૧૫.	કલ્ટિવેટ નં. ૧
૧૬.	એસ્કોટ ટ્રેલર નં. ૧, પંખો નં. ૧, ડીસહેરો નં. ૧
૧૭.	સયાજી ફાઈટર નં. ૧
૧૮.	પંખો-ઉમિયા બનાવટનો
૧૯.	ટ્રેક્ટરની રિંગો નં. ૨
૨૦.	૪લે. મોટર સીમે-સ પ્રેસર માટેની, ૧૦ હોર્સપાવરની
૨૧.	ખેતીનાં જુદાં જુદાં લાકડાનાં તથા બીજાં ઓજારો.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મે માસની સભા, શનિવાર, તા. ૨૭-૫-૧૯૭૮ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાને કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭-૫-૧૯૭૮
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી આઈ. જે. ધ્રુવ. સંયુક્ત શિક્ષણ સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય	હાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદચન્દ્ર ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૦.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૧.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૨.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૩.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૪.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૫.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૭.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૮.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ અમીન	હાજર
૧૯.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

યાદી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં પ્રમુખશ્રીએ નીચેનો શોકદર્શક પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો :

" ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ, એક્ઝિકયુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય અને યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનના આદ્ય અધ્યક્ષ અને વનસ્પતિવિજ્ઞાન વિભાગના વડા અને ખ્યાતનામ વિજ્ઞાની ડૉ. જે. જે. ચિનોયના દુઃખદ અવસાનથી આ સભા ઊંડા શોકની લાગણી અનુભવે છે. વનસ્પતિવિજ્ઞાનના વિષયમાં ઊંડો અભ્યાસ, સુર્વગ્રાહી પરિશીલન અને મૌલિક ચિંતનને કારણે શિક્ષણ અને સંશોધનનાં ક્ષેત્રોમાં તેમ જ દેશના કૃષિ વિષયના પ્રશ્નોના નિરાકરણમાં તેઓશ્રીએ કરેલું યોગદાન ચિરસ્મરણીય રહેશે. તેમની સેવાઓને કૃતજ્ઞભાવે સ્મરીને આ સભા સદ્‌ગત ડૉ. જે. જે. ચિનોયને શ્રદ્ધાંજલિ અર્પે છે. "

ઉપરનો પ્રસ્તાવ સભાગૃહે બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યો.

આ પછીથી કુલપતિશ્રીએ જણાવ્યું કે એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય અને સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રો. દેવવ્રત પાઠકની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના કુલપતિ તરીકે વરણી થઈ છે તે પરથી સભાએ પ્રો. દેવવ્રત પાઠકને હાર્દિક અભિનંદન પાઠવ્યા અને એમના અનુભવની પશ્ચાદ્‌ભૂમિકામાં એમની કારકિર્દી યશસ્વી અને સફળ નીવડશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરી.

વધુમાં એમણે ઉમેર્યું કે એફ.વાય. બી.એસસી.ની પરીક્ષામાં ગેરરીતિની વાતમાં તથ્ય લાગતાં બે ઉમેદવારનાં પરિણામો સ્થગિત કર્યાં છે. આની નોંધ લઈ કરાવવામાં આવ્યું કે આ સમગ્ર પ્રશ્નને શુદ્ધિ સમિતિ વિગતે સમયસર તપાસ કરે એટલે આગળની કાર્યવાહી કુલપતિ કરે.

૧. તા. ૨૯-૪-૧૯૭૮ના રોજ મળેલ યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૯-૪-૧૯૭૮ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલય અને ભવનોમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કયાં કામ કરે છે?	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. જે. એ. ભટ્ટ	ચોકીદાર	કાર્યાલય	૧૩-૭-'૭૮	૧૪-૭-'૭૮
૨.	શ્રી. શિવાભાઈ આર. બગસરાવાળા	,,	,,	૧૪-૭-'૭૮	૧૫-૭-'૭૮
૩.	શ્રી. એલ. સી. પંચાલ	સ્ટેનો-ગ્રાફર	સ્કૂલ ઑફ કૉમર્સ	૧૪-૬-'૭૮	૧૫-૬-'૭૮
૪.	શ્રી. કે. એચ. પટેલ	જુ. ક્લાર્ક	,,	૯-૬-'૭૮	૧૦-૬-'૭૮
૫.	શ્રી. પી. આઈ. ખત્રી	ક્લાર્ક-ટાઈપિસ્ટ	સમાજવિદ્યા ભવન	૧૨-૭-'૭૮	૧૩-૭-'૭૮

નં. ૧ અને ૨ સિવાયના સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે નં. ૧ અને ૨ સિવાયના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૩. સમાજવિદ્યા ભવનના લેક્ચરર વેલ્ફેરના વ્યાખ્યાતા શ્રી. વી. કે. ચાવડાનું વ્યાખ્યાતાના પગારધોરણમાં રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦–૧,૩૦૦ મૂલ્યાંકન–૫૦–૧,૬૦૦ના પગાર-ધોરણમાં રૂ. ૧,૩૦૦ પછી મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચે (અ) અને (બ)માંથી એક એક પ્રતિનિધિની તજ્ઞ તરીકેની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(અ) યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે લેક્ચરર વેલ્ફેરની એડહોક સમિતિએ તૈયાર કરેલી તજ્ઞોની યાદી નીચે પ્રમાણે છે :

(૧) શ્રી. આઈ. જી. ડોક્ટર	(૬) શ્રી. એમ. સી. મુનશી
(૨) શ્રી. સી ટી. દારુ	(૭) શ્રી. એમ. બી. દેસાઈ
(૩) શ્રી. એન. આર. શેઠ	(૮) શ્રી. એમ. એમ. શાહ
(૪) શ્રી. વી. બી. કર્ણિક	(૯) શ્રી. એ. આર. દેસાઈ (સુરત)
(૫) શ્રી. બી. કે. મજમુદાર	(૧૦) શ્રી મનહરલાલ શુકલ (મજૂર મહાજન).

(બ) ઉપરોક્ત (અ)માંથી શ્રી. ચાવડાએ સૂચવેલા નીચેના તજ્ઞોમાંથી એક નામ સૂચવવાનું છે :

૧. શ્રી. બી. કે. મજમુદાર
૨. શ્રી. એ. આર. દેસાઈ (સુરત)
૩. શ્રી. એન. આર. શેઠ.]

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના લેક્ચરર વેલ્ફેરના વ્યાખ્યાતા શ્રી. વી. કે. ચાવડાના મૂલ્યાંકન અંગેની સમિતિ પર નીચેના તજ્ઞો નીમવા :

(૧) યુનિવર્સિટી તરફથી શ્રી. મનહરલાલ શુકલ (મજૂર મહાજન)
(૨) શ્રી. ચાવડાએ સૂચવ્યા તેમાંથી શ્રી. બી. કે. મજમુદાર

૪. વિજ્ઞાનવિદ્યા ભવનના ગણિતના વ્યાખ્યાતા ડૉ. એમ. મિશ્રાનું વ્યાખ્યાતાના રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦–૫૦–૧,૩૦૦–મૂલ્યાંકન–૫૦–૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચે (અ) અને (બ)માંથી એક એક પ્રતિનિધિની તજ્ઞ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(અ) યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે ગણિતની અભ્યાસ-સમિતિએ તૈયાર કરેલી તજ્ઞોની યાદી નીચે પ્રમાણે છે :

(૧) પ્રો. એચ. એન. રાવળ	(૬) પ્રિ. કે. એન. શાહ
(૨) પ્રો. ડી. એસ. બસન	(૭) પ્રિ. એમ. ડી. દેસાઈ
(૩) ડૉ. એ. એમ. વૈદ્ય	(૮) પ્રો. ફાધર સી. જી. વાલેસ
(૪) ડૉ. માર્કન્ડે મિશ્રા	(૯) ડૉ. એચ. સી. શુકલ.
(૫) ડૉ. આઈ. એચ. શેઠ.	

(૪) ઉપરોક્ત (અ)માંથી ડૉ. મિશ્રાએ સૂચવેલા નીચેના ત્રણ તજ્ઞોમાંથી એકનું નામ સૂચવવાનું છે:

૧. શ્રી. એચ. એન. રાવળ
૨. પ્રિન્સ. કે. એન. શાહ
૩. પ્રો. એચ. સી. શુકલ.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનના ગણિતના વ્યાખ્યાતા ડૉ. એમ. મિશ્રાના મૂલ્યાંકન અંગેની સમિતિ પર નીચેના તજ્ઞો નીમવા:

(૧) યુનિવર્સિટી તરફથી પ્રો. ફાધર સી. જી. વાલેસ
(૨) ડૉ. મિશ્રાએ સૂચવ્યા તેમાંથી પ્રો. એચ. સી. શુકલ

૫. સંલગ્ન કૉલેજોના વિકાસ અને ઉચ્ચ શિક્ષણની સુધારણા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૧-૧-૧૯૭૮ની સભાએ નીમેલી કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ પર આચાર્યશ્રી એસ. આર. ભટ્ટની જગ્યાએ અન્ય નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાઉન્સિલ પર નીમેલા સભ્યોની સંખ્યા જોતાં આચાર્ય એસ. આર. ભટ્ટની જગ્યાએ નવી નિમણૂક કરવાની જરૂર જણાતી નથી.

૬. ઇન્સ્ટિટ્યૂટ ઓફ હિસ્ટોરિકલ સ્ટડીઝ(કલકત્તા)નું સોળમું વાર્ષિક અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ઑક્ટોબર-નવેમ્બર ૧૯૭૮ દરમ્યાન યોજવા માટે સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીને તેમના તા. ૬-૫-૧૯૭૮ના પત્રાંક એસી. ઓ. ૨૬થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ અધિવેશન યોજવા માટે યુનિવર્સિટીને રૂ. ૩,૦૦૦થી વધુ ખર્ચ થશે નહિ તેમ પત્રમાં જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્સ્ટિટ્યૂટ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝ, કલકત્તાનું વાર્ષિક અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ઑક્ટોબર/નવેમ્બર ૧૯૭૮ દરમ્યાન યોજવાનું બની શકે તેમ નથી તેથી દિલગીરી વ્યક્ત કરવી.

૭. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદને જૂન ૧૯૭૮થી જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો શીખવવા પરવાનગી આપવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૮થી ત્રણ વર્ષ માટે જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો યુનિવર્સિટીની શરતો પ્રમાણે શીખવવા માટે પરવાનગી આપવી.

૮. એન.એસ.એસ. સલાહકાર સમિતિની તા. ૧૧-૪-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે ભારત સરકારે તેમના ઉપરોક્ત પત્રથી એન.એસ.એસ.ના પ્રતીક માટે જે આકૃતિ ત્રણ કદમાં મોકલી છે તે આકૃતિ યોગ્ય લાગે તે કદમાં એન.એસ.એસ.ના

તમામ એકમોએ તથા યુનિવર્સિટીના એન.એસ.એસ. અંગેના દરેક પ્રકાશન, બેજ, દુપટ્ટા, પ્રમાણપત્રો વગેરેમાં ઉપયોગ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૬૫-એ અનુસાર સ્વીકૃત સંસ્થા તરીકે નીચેના વિષયોમાં માન્યતા ધરાવતી સંસ્થા "વેધશાળા, અમદાવાદ"ની માન્યતાની મુદત તા. ૧૪-૬-૧૯૭૮ના રોજ પૂરી થતી હોવાથી તે માન્યતા વધુ ૫ વર્ષ સુધી લંબાવી આપવાની સદરહુ સંસ્થાની અરજી પર સ્નાતક તપાસસમિતિ નીમવા બાબત :

Subjects : (1) Solar Physics
(2) Astronomy
(3) Astrophysics
(4) Atmospheric Physics.

આથી ઠરાવવામાં આવે છે કે વેધશાળા, અમદાવાદની સદરહુ અરજી અંગે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રો. સુધીર પંડ્યા
૨. પ્રો. પી. ડી. ભાવસાર.

૧૦. વિનયન વિદ્યાશાખાના નવા માળખા પ્રમાણે પ્રથમ વર્ષ બી.એ. ગુજરાતીના વૈકલ્પિક વિષય-૨ ગૌણ પ્રશ્નપત્ર-૭ના અભ્યાસક્રમમાં "આસ્વાદમૂલક ગદ્ય લેખો"નું સંપાદન (આશરે ૧૫૦ પાનાં—૪૦ ગુણ) કરી તેને છપાવવાની કાર્યવાહી ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરવા અને આ અંગે નીચેના સભ્યોની સંપાદનસમિતિ નીમવાની ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૮—૨--૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. પ્રો. રમણલાલ જોશી (અધ્યક્ષ)
૨. પ્રો. આર. યુ. જાની
૩. ,, રવીન્દ્ર ઠાકોર
૪. ,, પી. એ. શાહ.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.એ. ગુજરાતીના વૈકલ્પિક વિષય-૨ ગૌણ પ્રશ્નપત્ર-૭ના અભ્યાસક્રમમાં 'આસ્વાદમૂલક ગદ્ય લેખોનું સંપાદન' કરી પ્રકાશિત કરવાનું કામ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને હાથ ધરવા વિનંતી કરવી. એ ન બને તો અભ્યાસસમિતિ કોઈ આસ્વાદમૂલક ગ્રંથની ભલામણ કરે.

૧૧. યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાના જવાબપત્રો લઈ ને બહારગામની કોલેજોના જે તે કર્મચારીભાઈઓ આવે છે તેઓને મુસાફરી ભથ્થું કયા ધોરણે આપવું તે અંગે આ સાથે આવેલ કર્મચારીભાઈઓની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—હાલમાં તેઓને જવા-આવવાનું એસ.ટી. બસ ભાડું રહેઠાણ ભથ્થું રૂ. ૭-૫૦ તથા મજૂરી, રિક્ષા ખર્ચ (ખરેખર થતો હોય તે) આપવામાં આવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓના જવાબપત્રો લઈને બહારગામની કૉલેજોના જે કર્મચારીભાઈઓ અમદાવાદ આવે તેમને યુનિવર્સિટીના કર્મચારીઓને આપવામાં આવતા મુસાફરી ભથ્થાના નિયમો પ્રમાણે મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું આપવું.

૧૨. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામો સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા–મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) મુજબ પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માંગણી કરેલ છે.
		રૂ.		
૧.	શ્રી એન. એલ. ચૌધરી	૬,૦૦૦	હા	મકાન મરામત
૨.	શ્રી પી. ડી. ખત્રી (નાયક)	૮,૫૦૦	હા	હા. બોર્ડ
૩.	શ્રી આર. એસ. શીરસાટ (પ્યૂન)	૫,૮૦૦	હા	મકાન મરામત
૪.	શ્રી શરદભાઈ એમ. પટેલ (સીનિ. ક્લાર્ક)	૧૨,૫૦૦	હા	,,
૫.	શ્રી ડી. જે. બારીસી	૧૧,૮૦૦	હા	,,
૬.	શ્રી એ. એમ. ચાવડા (પટાવાળા)	૨,૦૦૦	ના	,,
૭.	શ્રી એસ. એ. ત્રિવેદી (સહાયક વૉર્ડન)	૧૦,૯૦૦	હા	,,

[**નોંધ.**—જે તે કર્મચારીની ઉપરોક્ત લોનમાંથી તેઓના ખાતે નીકળતી બિલ્ડિંગ લોન પ્રોવિડંટ ફંડ લોનની બાકી નીકળતી રકમ તથા તે પર જે વ્યાજ થતું હશે તે કાપીને બાકીની રકમ આપવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૧૩. માર્ચ ૧૯૭૮માં મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં પુછાયેલી પ્રશ્નોત્તરીના સંદર્ભમાં તા. ૨૦-૪-૧૯૭૮ સુધીમાં ૧૦૨ કૉલેજો તરફથી ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ બિનસરકારી કૉલેજોમાં નીચે જણાવેલ યુનિવર્સિટીનાં ધારાધોરણોનો અમલ થયો નથી તેમ જણાયું છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

૧. ૨૨ કૉલેજોમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે નિયત થયેલ પગારધોરણોનો અમલ થયો નથી.

૨. ૬૨ કૉલેજોમાં રાજ્ય સરકારે વખતોવખત સુધારેલા તથા યુનિવર્સિટીએ મંજૂર કરેલા મોંઘવારી ભથ્થાના દર પૈકી કેટલાંક મોંઘવારી ભથ્થાં પ્રમાણેની ચુકવણી થઈ નથી.

૩. ૭ કૉલેજોમાં પ્રોવિડંટ ફંડ અંગે બૅંકોમાં ખાતાં ખોલાવવાની કાર્યવાહી થઈ નથી.

૪. ૧૫ કૉલેજોમાં છૂટા થયેલા શિક્ષકોને મળવાપાત્ર ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવાઈ નથી.

૫. ૧૫ કૉલેજોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ્યા મુજબ પ્રૉ. ફંડની રકમ નિયત હપતામાં જુદા ખાતામાં જમા કરાવવાની હતી તે નિયમનું પાલન થયું નથી.

૬. ૫ કૉલેજોમાં પ્રોવિડંટ ફંડ અંગેનું અલગ ટ્રસ્ટ રચાયું નથી.

૭. ૪ કૉલેજોમાં સરકારની ગ્રાન્ટ લીધી હોવા છતાં સેન પગારો અપાયા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની બાબતો સંલગ્ન કૉલેજોના શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગે વ્યક્તિગત પત્રો લખી કૉલેજોને જરૂરી કાર્યવાહી કરવા જણાવવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૪. એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદમાં સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કામ કરતાં કુ. નયનાબહેન પો. મહેતાની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય રાખવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ પુનઃ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૦-૧૨-૧૯૭૭ની સભાએ કૉલેજની ઉપર નિર્દિષ્ટ વિનંતી માન્ય રાખી ન હતી.

૨. નવા શૈક્ષણિક વર્ષથી સૂચન મુજબ નવી નિમણૂક કરશે તેમ કૉલેજે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ક્ષતિ માટે સદરહુ કૉલેજને ઠપકો આપવો અને સદરહુ નિમણૂક ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી તથા જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા સંસ્કૃતના પૂરા સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવા તેને જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં.

૧૫. "સ્વ. પ્રો. કે. કે. શાહ સ્મૃતિ ચંદ્રક" અનાયત કરવાના પ્રદાનની નીચેની શરતમાં ફેરફાર કરવા માટે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—દાતાએ સૂચિત શરતને મંજૂરી આપેલી છે.]

હાલની શરત :

"'સ્વ. પ્રો. કે. કે. શાહ સ્મૃતિ સુવર્ણચંદ્રક'એ નામનો આશરે રૂ. ૨૮૦-૦૦ની રકમનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટીની ઑક્ટોબર-નવેમ્બરની એન્જિનિયરિંગ વિદ્યાશાખાની ત્રીજા સેમેસ્ટરની પરીક્ષામાં 'એન્જિનિયરિંગ મિકેનિકસ'ના વિષયની યુનિવર્સિટીની લેખિત પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ પ્રયત્ને બધા જ વિષયોમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. જો ઉપર જણાવ્યા પ્રમાણે 'એન્જિનિયરિંગ મિકેનિકસ'ના

વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર એકથી વધુ વિદ્યાર્થીઓ હશે તો તે વિદ્યાર્થીઓ પૈકી ત્રીજા સેમેસ્ટરની પરીક્ષામાં બધા વિષયોમાં થઈને સૌથી વધુ કુલ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને સદરહુ સુવર્ણચંદ્રક આપવામાં આવશે. "

સૂચિત શરત :

" 'સ્વ. પ્રો. કે. કે. શાહ સ્મૃતિચંદ્રક' એ નામનો આશરે રૂ. ૨૮૦-૦૦ની રકમનો એક ચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટીની ઑકટોબર-નવેમ્બરની એન્જિનિયરિંગ વિદ્યાશાખાની પહેલા સેમેસ્ટરની પરીક્ષામાં 'એન્જિનિયરિંગ મિકેનિકસ'ના વિષયની યુનિવર્સિટીની લેખિત પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ પ્રયત્ને બધા જ વિષયોમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. જો ઉપર જણાવ્યા પ્રમાણે એન્જિનિયરિંગ મિકેનિકસના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર એકથી વધુ વિદ્યાર્થીઓ હશે તો તે વિદ્યાર્થીઓ પૈકી પહેલા સેમેસ્ટરની પરીક્ષામાં બધા વિષયોમાં થઈને સાથી વધુ કુલ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને સદરહુ સુવર્ણચંદ્રક આપવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. પ્રો. કે. કે. શાહ સ્મૃતિચંદ્રક અંગે ઉપરની સૂચિત શરત મંજૂર કરવી.

૧૬. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૫-૧૦-૧૯૭૭ના સરકારી ઠરાવ ટીઈએમ. ૧૧૭૪-૩૬૩૨૯-જીઅચથી ઈજનેરી વિદ્યાશાખાના શિક્ષકો માટે તા. ૧-૧-૧૯૭૩થી અમલી બને તે રીતે, તેમાં જણાવેલ શરતોને આધીન સુધાર્યા છે તે પગારધોરણ બિનસરકારી ઇજનેરી સંલગ્ન કૉલેજ ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) એકઝ. કાઉન્સિલે તેની તા. ૧૦-૧૨-૧૯૭૭ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

" આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવની નોંધ લેવી તથા આ યુનિવર્સિટી સાથે સંલગ્ન ઈજનેરી વિદ્યાશાખાની એક માત્ર બિનસરકારી કૉલેજને શિક્ષકોનાં ઉપર મુજબનાં સુધારેલાં પગારધોરણો અનુદાનને પાત્ર ગણવાં. તે અંગે રાજ્ય સરકારનું અનુમોદન આવ્યેથી તેનો અમલ કરવા માટે તે કૉલેજને જણાવવું.

(૨) આ અંગેના રાજ્ય સરકારના શિક્ષણ ખાતાના તા. ૪-૫-૧૯૭૮ના પત્રાંક પીટીઆઈ-૨૫૭૮ ઈ. એમ. ૫૨૦૩-ધ નો સંબંધકર્તા ભાગ નીચે ટાંકયો છે :

" સંલગ્ન કૉલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓનાં પગાર તથા ભથ્થાં નકકી કરવા યુનિવર્સિટીએ જે નિયમો, સ્ટેચ્યૂટ કરેલ હોય તે પ્રમાણેનો અમલ ડી. ડી. ઇન્સ્ટટચૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તેમના શિક્ષકોનાં પગાર-ભથ્થાં અંગે કરે તે જોવા વિનંતી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે સંલગ્ન ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટટચૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના શિક્ષકોને ઉપર નિર્દિષ્ટ રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે પગારધોરણો અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને દેસાઈ કમિશને સૂચવેલાં અને રાજ્ય સરકારે મંજૂર કરેલાં પગારધોરણો લાગુ પાડવાં.

૧૭. સંલગ્ન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં રૂ. ૨૦૦ની ગુરુતમ મર્યાદાને આધીન રૂ. ૧૦નો ફી વધારો કરવા અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૫-૪-૧૯૭૮ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી. ૧૩૭૮/૨૫૧૮૨-અની નોંધ લેવા બાબત.

[**નોંધ.**—સદરહુ ઠરાવ સંલગ્ન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજોને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૦-૫-૧૯૭૮ના પરિપત્રાંક એકેડેમિક - ૧૩-૧૯૨૪૧-૭૮થી પરિપત્રિત કરવામાં આવેલ છે.]

સદરહુ બાબતના સંદર્ભમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગનો તા. ૧૬-૧-૧૯૭૮નો સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી. ૧૩૭૮-૨૫૧૮૧-અ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારના ઉપરોક્ત તા. ૨૧-૪-૧૯૭૮ અને તા. ૧૬-૫-૧૯૭૮ના ઠરાવોની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સત્ર ફી નિર્ધારિત કરવાની સત્તા સરકારશ્રી પાસે રાખવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૧૮. ફાઇનાન્સ સમિતિની તા. ૧૦-૫-૧૯૭૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦-૫-૧૯૭૮ની સભાની ભલામણો નં. ૬માં જણાવેલ ઑર્ડિ. ૬૨-ડી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો અને તે સિવાયની અન્ય ભલામણો મંજૂર કરવી :

O. 62-D :

A Committee consisting of the Vice-Chancellor only be authorised to sanction all expenditure pertaining to the University including the building work upto Rs. 1,000/- (upto Rs. 2,500/- on the recommendation of one member of the Finance Committee to be nominated by the Vice-Chancellor) without inviting tenders and up to Rs. 10,000/- after inviting tenders or quotations.

However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories, etc. the Vice-Chancellor may sanction expenditure upto Rs. 5,000/- without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing.

(સદરહુ સમિતિની તા. ૧૦-૫-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૯. યુ.ગ્રા. કમિશન તરફથી યુનિવર્સિટીના શિક્ષકગણ માટે ટાઈપ ૧નાં ૧૬ તથા ટાઈપ ૧નાં ૧૬ મળી કુલ ૩૨ રહેઠાણો માટેનો કુલ અંદાજી અર્થ રૂ. ૨૭,૮૦,૫૬૦ મંજૂર કરી તે સામે ૫૦ ટકા પ્રમાણેની ગ્રાન્ટ (પાંચમી પંચવર્ષીય યોજનાઓ માટે મંજૂર કરેલ ફાળવણી ઉપરાંત) મંજૂર કરેલ હતી તે માટે બાકીના ૫૦ ટકાની આર્થિક સહાય સરકારશ્રીએ મંજૂર કર્યા અંગેના તેમના તા. ૪-૫-૧૯૭૮ના પત્ર ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૬ ૨૧૮૨૦ (૭૮)(ખ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ તથા એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદનું શિક્ષણકાર્ય ૧૯૭૭-૭૮ના વર્ષ પૂરતું ચાલુ રાખ્યું હતું તે કુલપતિશ્રીની વિનંતીને માન આપીને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવાની જાણ કરતા અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખશ્રીના તા. ૧૪-૪-૧૯૭૮ના પત્રાંક ૨૧ની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત પાછી ખેંચી લેવાતાં તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૨૧. રાજ્ય સરકારે ૧૯૭૮ના ગુજરાત એક્ટ નં. ૨૩ની ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમો ૧૦, ૨૯ અને ૫૩-એ સુધાર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૨. યુનિવર્સિટી-સંલગ્ન વિજ્ઞાનની કૉલેજો પૈકી ડિપ્લોમા કોર્સ ઇન ફાર્મસીનો અભ્યાસક્રમ ચાલુ કરવા માંગતી કૉલેજોને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂપિયા પાંચ લાખની યોજના હેઠળ આર્થિક સહાય આપવાનું સ્વીકાર્યાનું જણાવતા તેમના તા. ૨૭-૪-૧૯૭૮ના પત્રાંક એફ. ૧-૩૭-૭૭ (સીપી)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૩. સેકન્ડ બી.એ. (એક્સટર્નલ) ઑક્ટોબર ૧૯૭૮ની પરીક્ષામાં નામ રજિસ્ટર કરાવનાર વિદ્યાર્થી શ્રી. પરીખ ચિનુભાઈ સી.ના ઉનાળાની રજાઓ દરમિયાન ભોપાળ બોર્ડનો બી.એડ.નો ગણિત-વિજ્ઞાન વિષયનો સમર વેકેશન કોર્સ કરવાની પરવાનગી માગતા તેમના તા. ૨૮-૪-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—Ordinance 174-(A)(2) પ્રમાણે એકિઝકયુટિવ કાઉન્સિલ આની પરવાનગી આપી શકે છે :

No student whose name is registered in a College or at the University during an academic year for any course either in the Arts Faculty or any other Faculty, shall be registered as an external student during that academic year, except in exceptional cases to be sanctioned by the Executive Council.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં. વધુમાં ઠરાવવામાં આવ્યું કે આવા કેસોનો નિકાલ ભવિષ્યમાં કુલપતિશ્રીએ કરવો.

૨૪. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, અંભાત તથા શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝાની બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી દ્વારા થયેલી તપાસના સંદર્ભમાં સદરહુ કાઉન્સિલના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

Resolution No. 72/1978

" The Council perused the record and the inspection reports regarding Shree C. V. Shah Law College, Cambay and V. S. Law College, Unjha.

The Council considered that both the Colleges have satisfactorily rectified the defects pointed out earlier and that they be continued to be recognised.

The Council also accepts the recommendation that Shri C. V. Shah Law College, Cambay be also permitted to re-start the third year Law classes from July, 1978.

A copy of this Resolution be sent to the Gujarat University. The report be furnished to the Colleges concerned and they are also directed to implement the further directions given therein. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૫. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૧૨-૫-૧૯૭૮ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સમિતિની ભલામણ ક્રમાંક ૪ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦(1)-(xxi)(C) તથા ૨૦(૩) મુજબ એકેડેમિક કાઉન્સિલની ભલામણ સાથે આવવી જોઈએ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૨-૫-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨-૫-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૬. ૧+૨+૩ ની શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં જૂન ૧૯૭૮થી પ્રી-યુનિવર્સિટીના વર્ગો બંધ થનાર હોઈ તથા ત્રિવાર્ષિક અભ્યાસક્રમના પ્રથમ વર્ગમાં વિદ્યાર્થી સંખ્યા ઘટનાર હોઈ તેને કારણે સંખ્યાધિક થનાર શિક્ષકોનો પગાર તથા હાલ મળતું વેતન આરક્ષિત કરતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૭-૪-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૦૭૮-૨૩૫૫૧-ખ (૧) ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૭. સંલગ્ન વિનયન, વિજ્ઞાન વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોના બિનશિક્ષક-વર્ગના કર્મચારીગણના સુધારેલ પગારધોરણના તફાવત (એરિયર્સ)ની રકમ તા. ૧-૪-૧૯૭૭ ને બદલે તા. ૧-૪-૧૯૭૬થી આપવા અંગેના શિક્ષણ વિભાગના તા. ૧૨-૫-૧૯૭૮ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી. ૧૩૭૭-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવની નોંધ લેવી.

૨૮. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ એસોસિયેટ્સની ચાર જગ્યાઓ માટે તા. ૮-૪-૧૯૭૮ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ ઉપર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૫-૧૯૭૮ની સભાએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા. બાબત ક્ર. ૨).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રિસર્ચ એસોસિયેટ્સની જગ્યાઓ પર શ્રી. એસ. સી. શર્મા, શ્રી. આર. આર. શાહ અને શ્રી. આર. સી. વધવાની નિમણૂક રૂ. ૭૦૦-૪૦ ૧,૧૦૦-૫૦-૧,૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦/- થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૯. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન પર્શિયનની એક જગ્યા માટે તા. ૧૯-૫-૧૯૭૮ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૫-૧૯૭૮ની સભાએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા. બાબત ક્રમાંક ૩).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રીડર-ઇન-પર્શિયનની જગ્યાને લેક્ચરર-ઇન-પર્શિયનની જગ્યામાં ફેરવવી અને તે જગ્યા ઉપર ડૉ. એ. એચ. એન. કુરેશીની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦/- થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૦. ભૌતિકવિજ્ઞાન વિભાગમાં સ્પેસ સાયન્સના ડિપ્લોમા અભ્યાસક્રમ અંગે યુ. ગ્રા. કમિશને હાલની મિકેનિકલ ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યાને સાયન્ટિફિક ઇલેક્ટ્રોનિક્સ ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યામાં ફેરવવા માટે યુ. ગ્રા. કમિશનને તેમના તા. ૨૦-૫-૧૯૭૮ના પત્ર ક્રમાંક એફ. ૨૭-૩-૧૯૭૩ (એસ. સી. આઈ.) (ડી-૪એ)થી મંજૂરી આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને ઉપર પ્રમાણે ફેરફાર કરવો.

૩૧. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. રાજ્ય સરકારના શિક્ષણખાતાના ઠરાવ નં. યુએસજી–૪૨૭૮–૨૧૮૧૪–કેએચ, તા. ૧–૫–૧૯૭૮ પ્રમાણે યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને પરીક્ષાના કામ માટે વધારાના કામનું માનદ ભથ્થું તા. ૧–૪–૧૯૭૮થી મૂળ પગારના ૧૦ ટકાના દરે અને ઉપરોક્ત ઠરાવમાં દર્શાવેલ શરતોને આધીન રહીને આપવાનું મંજૂર કર્યાના;

૨. (૧) શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, (૨) સર પી. ટી. સાયન્સ કૉલેજ, તથા (૩) એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસાની સ્વાયત્તતા મેળવવાની અરજીઓના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૫–૨–૧૯૭૮ની સભામાં નિયુક્ત થયેલી સમિતિના એક સભ્ય શ્રી. આર. ડી. પટેલે સદરહુ સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી તેમને સ્થાને ડૉ. આર. એમ. પટેલની અને બીજા એક સભ્ય શ્રી. પી. જે. માદનના સ્થાને ડૉ. એસ. એમ. શેઠનાની નિમણૂક કર્યાના;

૩. ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩૧ હેઠળ યુનિવર્સિટી કેમ્પસની ૬૦૯૪૩ ચો. મીટર જમીન કપાય છે. તે જમીનનો કબજો મ્યુનિ. કૉર્પોરેશનને સોંપવા અંગેની બાબત માર્ચ માસની કૉર્ટની સભા સમક્ષ મૂકવામાં આવી હતી, પરંતુ તે કૉરમના અભાવે હાથ ધરી શકાઈ ન હોવાથી કુલપતિશ્રીએ કૉર્ટની મંજૂરીની અપેક્ષાએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

[**નોંધ.**—આ અંગે તા. ૨૧–૧–૧૯૭૮ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં બાબત નં. ૬૨થી નીચે પ્રમાણે ઠરાવ થયેલો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩૧ હેઠળ યુનિવર્સિટી કેમ્પસમાં રસ્તાનું જે આયોજન મૂળ યોજનામાં સાચવવામાં આવ્યું છે તે સ્વીકારીને તે યોજના હેઠળ કપાતી જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને સોંપવા યુનિવર્સિટી કૉર્ટને ભલામણ કરવી."]

૪. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૭–૭–૧૯૭૬ની સભામાં સ્થાયી સમિતિની તા. ૧૬–૭–૧૯૭૬ની સભાની નીચેની ભલામણ મંજૂર કરેલી તે નીચે પ્રમાણે સુધાર્યાના :

તા. ૧૬–૭–૧૯૭૬ની સ્થાયી સમિતિની ભલામણ જે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૭–૭–૧૯૭૬ની સભામાં મંજૂર રાખી છે	સુધારેલો કાર્યાલયનો પ્રસ્તાવ
"આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા સમયે વધારેલા સમય દરમ્યાન કાર્યાલય નિયામક રજા પર ગયા હોય ત્યારે તેમની જગ્યાએ નિયમ ૭(૧) પ્રમાણે નિમાયેલ કાર્યકારી કાર્યાલય નિયામકને ઓવરટાઇમ ભથ્થું આપી શકાય નહીં."	"આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા સમયે વધારેલા સમય દરમ્યાન કાર્યાલય નિયામક રજા પર ગયા હોય ત્યારે તેમની જગ્યાએ નિયમ ૭(૧) પ્રમાણે નિમાયેલ કાર્યકારી કાર્યાલય નિયામકને ઓવરટાઇમ ભથ્થું આપી શકાય."

૫. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના અધ્યાપક શ્રી. ધર્મેન્દ્ર પુષ્કરરાય વૈરાને અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની ગવર્નિંગ બૉડીએ સંખ્યાધિક કર્યા તે બાબતમાં તેઓએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રિટ અરજી (ક્રમાંક ૭૪૧/૭૮)માં યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના તથા તે અંગે થનાર જરૂરી ખર્ચ મંજૂર કર્યાના;

૬. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે Admission Test વિ. લેવા માટે રૂ. ૧,૫૧૦ (અંકે પંદરસો પચાસ રૂપિયા પૂરા)ના ખર્ચને મંજૂરી આપ્યાના;

૭. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીગણનાં પગારધોરણો તેમજ તે પર અનુદાન આપવા અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૯—૧૦—૧૯૭૭ અને તા. ૭-૧૧-૧૯૭૭ના ઠરાવો ક્રમાંક એનજીસી-૧૩૭૭-કે એચ. સ્વીકાર્યાના;

૮. રાજ્ય સરકારના નાણા ખાતાના તા. ૯-૧૧-૧૯૭૮ના ઠરાવ નં. પી.સી.આર. ૧૦૭૮-એમ. અન્વયે યુનિવર્સિટી કર્મચારીઓને તા. ૧-૧-૧૯૭૮થી મોંઘવારી ભથ્થામાં વધારો થતાં તે રોકડમાં ચૂકવવા મંજૂરી આપ્યાના;

[સદરહુ મોંઘવારી ભથ્થાના દર અંગે રાજ્ય સરકારના સદરહુ ઠરાવનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

3. Government of India has sanctioned an Additional (6th) instalment of Dearness Allowance to Central Government employees with effect from lst January, 1978. In this context, Government of Gujarat has decided that the Additional (6th) instalment of Dearness Allowance should be sanctioned to State employees at the rate of 90% of Central rates for the period from the lst January, 1978 to 3lst March, 1978 and at the rate of 100% of Central rates from the lst April, 1978. The revised rates of Additional Dearness Allowance, will accordingly be as under :

I. For the period from 1—1—1978 to 31—3—1978

Pay Range		*Rates of Additional Dearness Allowance (6 instalments)*
Upto Rs. 300	...	18.9% of pay. Subject to a minimum of Rs. 37.80 and a maximum of Rs. 54.00.

Above Rs. 300 and Upto Rs. 2,250	...	13.5% of pay. Subject to a minimum of Rs. 54.00 and a maximum of Rs. 108.00 and further subject to marginal adjustments in all cases including at higher pay ranges, so that pay plus total Dearness Allowance (including Additional Dearness Allowance payable under these orders) does not exceed Rs. 2,400.

II. From 1—4—1978 onwards

Pay Range	*Rates of Additional Dearness Allowance (6 instalments)*
Upto Rs. 300 ..	21% of pay Subject to a minimum of Rs. 42-00 and a maximum of Rs. 60-00.
Above Rs. 300 and Upto Rs. 2,250 ..	15% of pay. Subject to a minimum of Rs. 60-00 and maximum of Rs. 120-00 and further subject to a marginal adjust• ments in all cases including at higher pay ranges, so that pay plus total Dearness Allowance (including Additional Dearness Allowance payable under these orders) does not exceed Rs. 2400.

Note.—The payment on account of Additional Dearness Allowance will be rounded off to the nearest 10 paise.]

૯. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની ભલામણ અનુસાર જૂન, ૧૯૭૮થી બી.એડ.નો નવો અભ્યાસક્રમ મંજૂર કરવાની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષની ભલામણ મંજૂર કર્યાના સંદર્ભમાં નીચે ટાંકેલ એજ્યુ. ઑર્ડિનન્સ-૧ અને એજ્યુ. ઑર્ડિ.-૨ મંજૂર કર્યાના :

Edu. O. 1 :

A candidate for the degree of Bachelor of Education (B.Ed.) must be a graduate of the Gujarat University or of a University

recognised by the Gujarat University, in any faculty, and in addition, must, after graduation, have—

(*i*) kept two terms (the First and the Second) of lectures on the theory and practice of education in Education college affiliated to the Gujarat University for the purpose of the B.Ed. degree, and

(*ii*) completed a course of practical work extending over two terms to the satisfaction of the Head of the College in which the candidate is studying, consisting of—

(*a*) teaching practice of not less than 30 lessons in the two subjects selected by him, distributed over standards V to XII of the recognised secondary schools;

(*b*) observation of 40 directed lessons given by other candidates and 20 lessons given by the trained teachers of the secondary schools;

(*c*) attendance of the demonstration and discussion lessons;

(*d*) attendance of tutorials for the discussion of theory courses; and

(*e*) completion of practical work related to the theory portion.

The examination for the degree of B.Ed. shall consist of—

Part I : Written Examination (Theory)

Part II : Practical Examination (Practical teaching and year's work in the College).

Edu. O. 2 :

The examination for Part I may be taken after two terms' attendance at the Education College as required in Ordinance 185(*i*). Candidates will not be permitted to appear for Part II unless they produce a completion certificate of practical work done to the satisfaction of the Head of the Education College.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૨. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્રના રીડર ડો. આર. કે. શાહને તેઓના પ્રો. ફંડ ખાતામાંથી સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે હાઉસિંગ બોર્ડના ટેનામેન્ટ ખરીદવા માટે રૂ. ૪૦,૦૦૦ની લોન આપવા અંગેની તેઓની તા. ૨૩-૫-૧૯૭૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** - ઉપરોક્ત લોનની રકમમાંથી તેઓની બિલ્ડિંગ લોનના રૂ. ૭,૬૬૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપીને બાકીની રકમ આપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. કે. શાહને રૂ. ૪૦,૦૦૦/-નો લોન તેમના પ્રૉવિડંટ ફંડ ખાતેથી મકાન બાંધકામ માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૩૩. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં રીડરની જગ્યા પર કામ કરતા ડૉ. એ. એસ. અબાણી તા. ૩૧-૫-૧૯૭૮ થી રાજીનામું આપી છૂટા થતા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૨૨-૫-૧૯૭૮ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**-ડૉ. અબાણી તા. ૩-૭-૧૯૭૬ના રોજ નોકરીમાં જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૭૮થી રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. એસ. અબાણીને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પરત કરવી.

૩૪. યુનિવર્સિટી કાર્યાલય, વિદ્યાભવનો, ગ્રંથાલય, યુનિવર્સિટી છાત્રાલય તથા આરોગ્યકેન્દ્રના બિનશૈક્ષણિક કાયમી કર્મચારીઓને તેઓનાં બાળકોની ફી, યુનિફૉર્મ વગેરે માટે એક મૂળ માસિક પગાર પરંતુ વધુમાં વધુ રૂ. ૫૦૦નું એડવાન્સ હપ્તાથી વસૂલ કરવાની શરતે આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી

૩૫. આ ક્રમાંકની કોઈ બાબત નથી.

૩૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૮-૫-૧૯૭૮ અને તા. ૨૫-૫-૧૯૭૮ના રોજ સને ૧૯૭૮ના વર્ષની પરીક્ષાશુદ્ધિ સમિતિની આઠમી અને નવમી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૫-૧૯૭૮ અને તા. ૨૫-૫-૧૯૭૮ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૫-૧૯૭૮ અને તા. ૨૫-૫-૧૯૭૮ની સભાઓની કાર્યવાહીની નોંધનો નકલો સામેલ કરવામાં આવી નથી.)

૩૭. બાંધકામની સમિતિની તા. ૨૬-૫-૧૯૭૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૫-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬-૫-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૮. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં રીડર તરીકે કામ કરતાં ડૉ. મધુરીબહેન શેઠ તા. ૧૫-૬-૧૯૭૮થી રાજીનામું આપી છૂટાં થતાં હોઈ તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ પરત આપવા અંગે વિચારણા કરવા બાબત.

(ડૉ. મધુરીબહેન શેઠ તા. ૨૭-૬-૧૯૭૭ના રોજ ભવનમાં જોડાયાં હતાં અને તા. ૧૫-૬-૧૯૭૮ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હતાં.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. મધુરીબહેન શેઠને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પરત કરવી.

૩૯. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના ૧૯૭૭-૭૮ના વર્ષની ત્રિવાર્ષિક તપાસના હેવાલો તપાસી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૧૧-૫-૧૯૭૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૫-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧-૫-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે)

૪૦. ધી ઇન્ટરનેશનલ એસોસિયેશન ઑફ યુનિવર્સિટી પ્રેસિડેન્ટ્સની તહેરાન (ઈરાન) મુકામે યોજનાર સભામાં હાજરી આપવા માટે કુલપતિશ્રીને આમંત્રણ મળ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સદરહુ સભા તા. ૨૧ જૂનથી તા. ૨૭ જૂન સુધી યોજનાર છે. આથી કુલપતિશ્રીને તા. ૨૩ જૂનથી તા. ૯ જુલાઈ સુધી ગેરહાજર રહેવાનું થાય.

(૨) મુસાફરી તેમ જ નિવમસર ૪. અંગેનો ખર્ચ ઈરાન સરકાર ભોગવનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરનેશનલ એસોસિયેશન ઑફ યુનિવર્સિટી પ્રેસિડેન્ટ્સનો તહેરાન (ઈરાન) મુકામે યોજનાર સભામાં હાજરી આપવા માટે કુલપતિશ્રીને મળેલું આમંત્રણ સ્વીકારવા માટે મંજૂરી આપવી અને તેમના પ્રવાસની શુભેચ્છાઓ ઇચ્છવી.

૪૧. સંલગ્ન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજોમાં પ્રથમ વર્ષના વર્ગોની સંખ્યા નિયંત્રિત કરવાની બાબતમાં એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૬-૫-૧૯૭૮ની સભામાં નીચેના સભ્યોની સમિતિ નીમી તેમને ૭ દિવસમાં હેવાલ આપવા જણાવ્યું છે અને સદરહુ હેવાલના આધારે જરૂરી નિર્ણય કરવા કુલપતિશ્રીને સત્તા આપી છે તો તે અંગે વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૧):

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. ,, કે. એન. શાહ
૩. શ્રી. એચ. પી. પંડ્યા
૪. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. શ્રી. અંબુભાઈ દેસાઈ.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલના ઉપરના ઠરાવને મંજૂરી આપવી.

૪૨. પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.કોમ.ના વર્ગોમાં અંગ્રેજીના વિષયમાં એક વર્ષ પૂરતું પ્રાયોગિક ધોરણે સ્ટ્રીમ "એ" અને સ્ટ્રીમ "બી" રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૫-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૩. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં રીડર અને પ્રાધ્યાપકની જગ્યાઓ પરની નિમણૂંકો માટે પીએચ.ડી. પદવી આવશ્યક ગણવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૫-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ "અપ્રાપ્યતાને કારણે જરૂર જણાય તો અપવાદ કરવાની જોગવાઈ સાથે" એટલા શબ્દો રદ કરીને મંજૂર કરવી, સુધારેલો ઠરાવ નીચે મુજબ રહેશે.

"યુનિવર્સિટીનાં ભવનોમાં રીડર અને પ્રાધ્યાપકની જગાઓ પરની નિમણૂંકો માટે પીએચ.ડી. પદવી આવશ્યક ગણવી."

૪૪. એકચ્યુરિયલ સાયન્સ વિષયમાં ડી.લિટ. પદવી માટે શ્રી જી. આર. દેસાઈએ રજૂ કરેલ પબ્લિક રિસર્ચ વર્ક પરના ત્રણે બાહ્ય પરીક્ષકોના સંયુક્ત હેવાલ પર વિચારણા કરી તેઓશ્રીને ડી.લિટ. પદવી એનાયત કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૫-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉ. બાબત ક્રમાંક ૭):

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને શ્રી. જી. આર. દેસાઈ ને ડી.લિટ.ની પદવી એનાયત કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કાર્યકારી કુલસચિવ.

નં. એકિઝ. કાઉ./૫૨૩૫૧/૧૯૭૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
જૂન ૮, ૧૯૭૮.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧૮

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૦-૫-૧૯૭૮ ને બુધવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨. શ્રી. કે. રામમૂર્તિ, શિક્ષણનિયામક	ગેરહાજર
૩. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૪. ડૉ. વિનોદકાન્ત સી. શાહ	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાનવિદ્યા ભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગનું રેફ્રિજરેટર રિપેર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગનું રેફ્રિજરેટર ગોદરેજ બનાવટનું હોવાથી ગોદરેજ ઍન્ડ બોઈસ મેન્યુફેક્ચરિંગ કું. પ્રા. લિમિટેડ પાસે તેઓના તા. ૪-૪-૧૯૭૮ના પત્રમાં જણાવેલ શરતો પ્રમાણે રિપેર કરાવવું અને આ અંગેનો રૂ. ૧,૬૦૦ (રૂપિયા એક હજાર છસો)નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૩. વિજ્ઞાનવિદ્યા ભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે આલ્કાહોલ તથા રેક્ટિફાઇડ સ્પિરિટ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે ૩૦૦ લિટર્સ રેક્ટિફાઇડ સ્પિરિટ તથા ૨૦૦ લિટર્સ આલ્કાહોલ મે. ઍલેમ્બિક કેમિકલ વર્કર્સ, વડોદરા પાસેથી ખરીદવું, અને આ અંગે રૂ. ૩,૫૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો)નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૪. વિજ્ઞાનવિદ્યા ભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે (૧) સ્ટીપ આર્ટ્સ, (૨) રેકોર્ડિંગ પેન તથા (૩) ઇન્ક-પર્પલ વેસ્ટ જર્મનીથી આયાત કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫. યુનિવર્સિટીના (૧) કુલપતિ નિવાસ અને કુલસચિવ નિવાસનાં સર્વન્ટ ક્વાર્ટર્સ, (૨) નવાં રીડર્સ ક્વાર્ટર્સ, (૩) બાલભવન તથા (૪) નવાં "સી" ટાઈપ ક્વાર્ટર્સને અલગ અલગ મીટર દ્વારા વીજળી પુરવઠો પૂરો પાડવા માટે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની પાસે કામ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ઉપરોક્ત રહેઠાણો માટે વીજળી પુરવઠો પૂરો પાડવાનું કામ અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની પાસે તેમનાં શરતો અને એસ્ટિમેટ પ્રમાણે કરાવવું અને આ અંગે રૂ. ૧૮,૪૫૦ (અઢાર હજાર ચારસો પચાસ)નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

વધુમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ભવિષ્યમાં જ્યારે જ્યારે વીજળી પુરવઠાનાં નવાં જોડાણો માટે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની પાસે કામ કરાવવાની જરૂર પડે ત્યારે તે કામ અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની પાસે કરાવી લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. યુનિવર્સિટી સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ પાસેથી રૂ. ૧૦૮૬-૪૦ પૈસાનું જરૂરી મટિરિયલ્સ ફાઇનાન્સ સમિતિની બહાલીની અપેક્ષાએ ખરીદ્યું તેને મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ખર્ચ મંજૂર કરવું.

વધુમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીને ઑર્ડ. ૬૨-ડી(૧) અન્વયે ટેન્ડરો મંગાવ્યા સિવાય રોકડેથી રૂ. ૧,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવાની સત્તા છે. પરંતુ હવે વસ્તુઓના ભાવ અનેકગણા ઊંચા ગયા હોવાથી સદરહુ મર્યાદા વધારીને રૂા. ૨,૫૦૦ સુધીની કરવા માટે ઑર્ડિનન્સની સદરહુ કલમને નીચે પ્રમાણે સુધારવા ભલામણ કરવામાં આવે છે :

O. 62-D :

(1) A Committee consisting of the Vice-Chancellor only be authorised to sanction all expenditure pertaining to the University including the building work up to Rs. 2,500/- without inviting tenders and up to Rs. 10,000/- after inviting tenders or quotations.

However, in case of purchases from Government Agencies or institutions such as Atomic Energy Commission, National Laboratories, etc... the Vice-Chancellor may sanction expenditure up to Rs. 5,000/- without inviting tenders or quotations but a certificate to this effect shall be recorded in writing.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ " ખ "
કામકાજ ક્રમાંક ૨૫

સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો ધ. અંગે ઊભા થતા પ્રશ્નોના સંદર્ભમાં વિચારણા કરી અહેવાલ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૭ની સભામાં નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૨–૫–૧૯૭૮ના રોજ યુનિ. કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૨.	પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩.	આચાર્યશ્રી એચ. પી. પંડ્યા	હાજર
૪.	શ્રી શરદભાઈ પટેલ	હાજર
૫.	શ્રી નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી એમ. સી. શાહે સંભાળ્યું હતું.

(૧) શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ)ના અધ્યાપક શ્રી. વી. એસ. ભટ્ટને કૉલેજે વેકેશન સેલરી ન ચૂકવ્યા અંગે તથા નિયમ મુજબ ધ્જાફાનો લાભ ન આપવા તથા ઘરભાડા ભથ્થું, પ્રૉ. ફંડ ઈ. ના તફાવતની રકમ ન ચૂકવ્યા અંગેની તેઓ તરફથી આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામના અધ્યાપક શ્રી. વી. એસ. ભટ્ટને યુનિ. ધારાધોરણ અનુસાર ઘરભાડા ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું, પ્રૉ. ફંડ, વેકેશન સેલરી ઈ. પેટે તેઓને મળવાપાત્ર થતી રકમની ચુકવણી કરવા કૉલેજને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તેઓના ધ્જાફા ઈ૦ અંગે હવે પછીની મળનાર સભામાં કાર્યાલય તરફથી સવિસ્તર નોંધ આ સમિતિ પાસે રજૂ કરવી.

(૨) શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજમાં જાહેરાત આપીને ઓપન ધન્ટરવ્યુ રાખવા છતાં અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા ન મળવાને કારણે આચાર્યશ્રીએ પ્રવર્તમાન ઑર્ડિ. ૧૨૦–એ ના સંદર્ભમાં ૯ તાસને બદલે ૧૩+૪=૧૭ તાસનું શિક્ષણકાર્ય કરેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ધારાધોરણોનો ભંગ થયેલો હોય તો આચાર્યશ્રીને ઠપકો આપવો અને ભવિષ્યમાં હવે આવી બાબતનું પુનરાવર્તન ન થાય તેમ જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૩) જે એન્ડ કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં અંગ્રેજી વિષયમાં તા. ૧-૮-૧૯૭૪થી ટ્યૂટર તરીકે ફરજ બજાવતા શ્રી એ. પી. ડફ્ફરને વખતોવખત સર્વિસ બ્રેક આપી મુદતી નિમણૂક આપેલી તે બ્રેક દૂર કરી સાતત્ય જાળવવા અંગે શ્રી. ડફ્ફરે કરેલી વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ.—વિદ્યાર્થીઓની અનિશ્ચિતતાને કારણે નિશ્ચિતપણે માણસની નિમણૂક થઈ શકે તેમ હતું નહિ, તેથા જરૂર પડે તેમ નિમણૂક કરવામાં આવી અને તેઓએ રાજીખુશીથી સ્વીકારેલી, તા. ૧૧-૬-૧૯૭૭થી સ્થાનિક હાઇસ્કૂલમાં છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. પી. ડફ્ફરને સેવાનું સાતત્ય જળવાઈ રહે તે રીતે ચાલુ રાખવા અને તેના સંદર્ભમાં ઈજાફા તેમજ તેના સંદર્ભમાં જે કંઈ તફાવત મળવાપાત્ર હોય તે ચૂકવવા કૉલેજને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી છે.

(૪) શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતમાં રસાયણશાસ્ત્રના અધ્યાપક તરીકે છૂટા થયેલા પ્રા. પી. બી. પટેલને કૉલેજે ગ્રેજ્યુઈટી, પ્રો ફંડ, બાકી પગાર ઇત્યાદિની ચુકવણી કરેલ નથી તે અંગે તેઓએ કરેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતથી તા. ૩-૧૨-૧૯૭૭ ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ અધ્યાપક ડૉ. પી. બી. પટેલને પ્રો. ફંડ, ગ્રેજ્યુઈટી તેમજ બાકી પગાર ઇ. ની ચુકવણી કૉલેજે આજદિન સુધી કરેલ નથી તે અંગે આચાર્યને ઠપકો આપવો અને આગામી શૈક્ષણિક વર્ષ (૧૯૭૮-૭૯)થી તેમની લેણી રકમ ચૂકવી આપવી અને જો તે દરમ્યાન તેમની લેણી રકમ ચૂકવી આપવામાં નહીં આવે તો કૉલેજને મળતી આર્થિક સહાય કાપી લેવા માટે યુનિ.નાં ધારાધોરણના સંદર્ભમાં રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે તેમ કૉલેજને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૫) શ્રી એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના અંગ્રેજીના અધ્યાપકશ્રી પી. એમ. વ્યાસને સર્વિસ બ્રેક આપ્યા અંગે તેઓ તરફથી આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના અંગ્રેજીના અધ્યાપક શ્રી. પી. એન. વ્યાસને તા ૧૫-૬-૧૯૭૬થી તા. ૧૭-૬-૧૯૭૬ સુધી આપવામાં આવેલ બ્રેક યુનિ.નાં ધારાધોરણ અનુસાર સુસંગત ન હોઈ તે રદ કરી સેવાનું સાતત્ય જળવાય તે રીતે નોકરીમાં ચાલુ રાખવા તથા તેમ કરવાથી એક આનુષંગિક મળવાપાત્ર રકમ પણ ચૂકવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૬) શેઠ પી. ટી. આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ગોધરાના સંસ્કૃતના અધ્યાપક શ્રી. પી. એમ. પટેલની સર્વિસ બ્રેક આપ્યા અંગે તેઓ તરફથી આવેલ તા. ૨૩-૫-૧૯૭૭નો ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી પરમાનંદ એચ. પટેલને કૉલેજે વખતોવખત જે નિમણૂક આપી હોય તે અંગેના નિમણૂકપત્રની તેમ જ તેના સંદર્ભમાં અન્ય જે કાંઈ પુરાવાઓ હોય તેની અધિકૃત નકલ મોકલી આપવા આચાર્યશ્રીને જણાવવું તેમ જ સદરહુ માહિતી સમયગાળાની ઑડિ. ૯૬ની માહિતી સાથે ચકાસ્યા બાદ આ સમિતિએ નિર્ણય લેવો એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(૭) સંલગ્ન કૉલેજોમાં કામ કરતા એકાઉન્ટ્સ કલાર્કનો જગા માટેની શૈક્ષણિક લાયકાત નિયત કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની શૈક્ષણિક લાયકાતનાં ધોરણો અંગે રાજ્ય સરકાર પાસેથી માહિતી મંગાવવી અને તે માહિતી આવેથી આ સમિતિ સમક્ષ રજૂ કર્યા બાદ નિર્ણય લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(૮) જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદમાં "કાર્પેન્ટર" તરીકે શ્રી. સી. પી. ગજ્જર છેલ્લાં ૧૮ વર્ષથી સેવા આપતા હોવા છતાં શિક્ષણની નવી તરાહના અમલના કારણે કૉલેજે તા. ૧૫-૬-૧૯૭૭થી છૂટા કરેલ છે. તો સરપ્લસ ગણવાની બાબતમાં થયેલ અન્યાય અંગે તેમજ બાકી પગાર ચૂક્યો નથી તે અંગે તેઓ તરફથી મળેલ તા. ૨-૮-૧૯૭૭ની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. પી. ગજ્જરની તેઓની કૉલેજમાં લાંબી સેવાના કારણે ચાલુ રાખવા તેમજ તેઓના બાકી પગાર ઇ. પેટે નીકળતી રકમ ચૂકવી આપવા કૉલેજને વિનંતી કરવી.

દરમ્યાનમાં સંલગ્ન કૉલેજોમાં જ્યાં કાર્પેન્ટરની જગા હોય ત્યાં તેવા કર્મચારીના પગારની રકમ રાજ્ય સરકારના અનુદાનને ગ્રાહ્ય ગણવા રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૯) વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના ગ્રંથપાલશ્રી કિરીટભાઈ સી. મહેતાનો ઇજાફાની તારીખ, બાકી પગાર તફાવત ઇ. અંગે તેઓના તરફથી આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. શરદ પટેલનો તા. ૯-૫-૧૯૭૮નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે આ સમિતિનો હવે પછીની સભામાં ગ્રંથપાલશ્રી કે. સી. મહેતાને અને આચાર્યશ્રીને રૂબરૂ બોલાવવા અને તેઓની રજૂઆતને સાંભળ્યા બાદ આ સમિતિએ આખરી નિર્ણય લેવો અને તેઓને સભા સમયે જે કાંઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવા હોય તે સાથે હાજર રહેવા જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. ૬. ત્રિવેદી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૮

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the four posts of Teaching / Research Associates in Business Management in the School of Business Management, Gujarat University, was held on Saturday the 8th April 1978 at 10-00 a.m. Shri Ishwerbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Shri Ishwarbhai J. Patel (Vice-Chancellor)	Present
2. Shri Bachubhai Bhatt	Present
3. Shri Shrenikbhai Kasturbhai	Present
4. Dr. M. P. Kacker (Invitee)	Present

The following candidates were called for interview :

1. Shri A. S. Shah	Present
2. Shri R. V. Raju	Absent
3. Shri S. C. Sharma	Present
4. Shri R. S. Wadhwa	Present
5. Shri R. S. Koteswara	Absent
6. Shri A. K. Sharma	Present
7. Shri F. K. Varghese	Absent
8. Shri R. R. Shah	Present
9. Shri K. G. Munshi	Present
10. Shri S. C. Kanawala	Present

11.	Shri S. V. Parikh	Absent
12.	Shri A. J. Patel	Present
13.	Shri J. M. Lulla	Absent
14.	Shri V. S. Agarwal	Absent
15.	Shri Antony Paul	Present

The Committee after interviewing the candidates recommends the following for the posts of Research Associates :

1. Shri S. C. Sharma
2. Shri R. R. Shah
3. Shri R. C. Wadhwa

Sd/- I. J. Patel
Sd/- B. V. Bhatt
Sd/- S. Lalbhai
Sd/- M. P. Kacker.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૨૯

Condfidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Persian in the University School of Languages was held on 19-5-1978, the Friday at 12-30 p.m. at the Office of the Gujarat University, Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University presiding :

The following was the attendance of the members :

1.	Shri Ishwarbhai J. Patel Vice-Chancellor and Chairman	Present
2.	Dr. D. K. Mansharamani	Present
3.	Dr. S. A. H. Abidi	Present
4.	Dr. (Mrs.) Ummehani Fakruizaman	Absent

The following candidates were called for interview :

1.	Shri A. M. Ansari	Present
2	Dr. B. A. Tirmizi	Present
3.	Dr. H. M. Shaikh	Absent
4.	Shri M. G. Qureshi	Present
5.	Shri N. A. Qureshi	Present
6.	Shri A. H. N. Qureshi	Present
7.	Shri S. W. Ashrf	Absent

After interviewing the candidates, the Committee recommends that condoning the IIIrd class Dr. A. H. N. Qureshi has at B.A., he be appoint as Lecturer in Persian against the post of the Reader.

Sd/- I. J. Patel
Sd/- D. K. Mansharamani
Sd/- S. A. H. Abidi.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૭

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૬-૧૧-૧૯૭૮ ને શુક્રવારના રોજ બપોરના ૩-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. એમ. કાંટાવાલા	ગેરહાજર
૩. શ્રી. બી. એમ. પીરજાદા	ગેરહાજર
૪. શ્રી. કિશોરચંદ સંઘાણી	હાજર
૫. શ્રી. આર. સી. સોનપાલ	હાજર
૬. શ્રી. એચ. એન. શાહ	હાજર

૧. બાંધકામ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૦-૪-૧૯૭૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સ્કૂલ ઑફ જિયોગ્રાફીના બાંધકામ અંગેના વધારાના કામકાજ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિયોગ્રાફી વિભાગના મકાનમાં વધારાના કામકાજના દર આ સાથેની **યાદી "અ"** પ્રમાણે મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના મકાનમાં બાંધકામમા ૩. ૨૫,૦૦૦ના વધારાના ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. -આથી કુલ ખર્ચ રૂપિયા પાંચ લાખની મર્યાદામાં આવી જાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના બાંધકામમાં થતો સાથેના **યાદી "અ"** પ્રમાણે ૩. ૨૫,૦૦૦નો ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. સ્કૂલ ઑફ લૉના બાંધકામમાં અમુક આઇટેમના જથ્થામાં વધારો થાય છે પરંતુ કુલ ખર્ચમાં વધારો થતો નથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લૉ સ્કૂલના બાંધકામમાં નીચે પ્રમાણેની બાબતના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વધારાના જથ્થાનો ભાવ નીચે મુજબ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

અનુ. નંબર	બાબત	જથ્થો ટેન્ડર પ્રમાણે	જથ્થો થયેલ કામ પ્રમાણે	વધારાનો જથ્થો	ભાવ રૂ.	રકમ રૂ.
૧.	માટી પુરાણ	૨૦૦ સી.એમ.ટી.	૯૫૦ સી.એમ.ટી.	૭૫૦ સી.એમ.ટી.	૧૦/- બાદ ૬ ટકા	૭,૫૮૦ ૪૫૦ ——— ૭,૦૫૦

૫. યુનિવર્સિટી સ્કૂલ ઑફ જ્યોગ્રાફીના મકાનના બાંધકામમાં અમુક આઇટમના જથ્થામાં વધારો થાય છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જ્યોગ્રાફીના મકાનના બાંધકામમાં નીચે પ્રમાણેની બાબતોના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે માટી પુરાણના વધારાના જથ્થાનો ભાવ નીચે મુજબ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

અનુ. નંબર	બાબત	જથ્થો ટેન્ડર મુજબ	જથ્થો થયેલ કામ મુજબ	વધારાનો જથ્થો	ભાવ રૂ.	રકમ રૂ.
૧.	બી.બી. સી.સી. ૧ : ૫ : ૧૦	૩૦ સી. એમ.ટી.	૩૭	૭	૯૦ બાદ ૯ ટકા	૬૩૦ ૫૬-૭૦ ——— ૫૭૩-૩૦
૨.	માટી પુરાણ	૧૦૦ સી. એમ. ટી.	૮૦૦	૭૦૦	૧૦ બાદ ૬ ટકા	૭,૦૦૦-૦૦ ૪૨૦-૦૦ ——— ૬,૫૮૦-૦૦

૬. માઇક્રોબાયોલોજી વિભાગના મકાનના બાંધકામમાં અમુક આઇટમોના જથ્થામાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માઇક્રોબાયોલોજીના મકાનના બાંધકામમાં નીચે પ્રમાણેની બાબતના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

આઇટેમ નંબર	બાબત	જથ્થો ટેન્ડર મુજબ	જથ્થો થયેલ કામ મુજબ	જથ્થાનો કુલ વધારો	ભાવ રૂ.	રકમ રૂ.
૧.	મોઝિક ટાઈલ્સ	૫૭૫	૬૫૦	૭૫	૨૯	૨,૧૭૫–૦૦
૨.	પેનલ રેડ	૫૦	૫૩	૩	૨૨૫	૬૭૫–૦૦
૩.	ફિક્સ ગ્લાસ બારીઓ	૭૦	૮૫	૧૫	૨૫૦	૩,૭૫૦–૦૦
૪.	સિમેન્ટ પ્લાસ્ટર	૯૦૦	૧૦૫૦	૧૫૦	૭	૧,૦૫૦–૦૦
૫.	વ્હાઈટ વૉશ	૯૦૦	૧૦૫૦	૧૫૦	૦-૭૦	૧૦૫-૦૦
૬.	બર્મિન્જયેટ ફિનિસ	૨૦	૨૫૦	૨૩૦	૧૦	૨,૩૦૦–૦૦
૭.	આર.સી.સી. (૧ : ૨ : ૪)	૧૨૫	૧૮૦	૫૫	૨૯૦	૧૫,૯૫૦–૦૦
૮.	ચણતર	૪૨૫	૫૦૦	૭૫	૧૨૦	૯,૦૦૦–૦૦
૯.	એક્ષપોસ આર. સી. સી.	૭૦૦	૧૧૫૦	૪૫૦	૧૫	૬,૭૫૦–૦૦
						૪૧,૭૫૫–૦૦
					બાદ ૬ ટકા	૨,૨૪૫–૨૫
						૩૯,૫૦૯–૭૫

૭. રીડર ક્વાર્ટર્સના બાંધકામમાં વધારાની આઇટેમ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ રહેઠાણ ટાઈપ-૧ બાંધકામમાં વધારાની બાબત અંગેના ભાવો નીચે મુજબ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

અનુ. નંબર	બાબત	જથ્થો	ભાવ	રકમ
૧.	બાઈના મોઝિક ટાઈલ્સનો ડેડો	૫૫૦ એસ.એમ.	૪૭-૦૦	૨૫,૮૫૦-૦૦

વધુમાં ઠરાવવામાં આવે છે કે લાકડા કામમાં (બારીબારણાના કામમાં) ટેન્ડર પ્રમાણે ૧૫૦×૬૦ ને બદલે ૧૦૦×૬૦ ની ફ્રેમ વાપરવાને કારણે ટેન્ડર ભાવમાંથી રૂ. ૧૭-૨૫ પૈસા એસ.એમ.ટી. દીઠ કપાત મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. રીડર ક્વાર્ટર્સના મકાન બાંધકામમાં અમુક આઇટેમોના જથ્થામાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ રહેઠાણ ટાઈપ-૧ ના મકાનના બાંધકામમાં આ સાથે સામેલ **યાદી "બ"** મુજબ થતો વધારો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

ટેક્ષટાઈલ કેમિસ્ટ્રીના મકાનના બાંધકામમાં અમુક બાબતોના જથ્થામાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેક્ષટાઈલ કેમિસ્ટ્રીના મકાનમાં નીચે પ્રમાણેની બાબતોના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

અ. નં.	બાબત	જથ્થો		જથ્થાનો	ભાવ	રકમ
		ટેન્ડર મુજબ	થયેલ કામ મુજબ	કુલ વધારો	રૂ.	રૂ.
૧.	ખોદાણ	૩૦૦ સી.એમ.	૧૪૦૦	૭૦૦	૬-૦૦	૪,૨૦૦-૦૦
૨.	પુરાણ	૪૦૦ સી.એમ.	૩૪૦૦	૩૦૦૦	૧૦-૦૦	૩૦,૦૦૦-૦૦
						૩૪,૨૦૦-૦૦
				બાદ ૬ ટકા		૨,૦૫૨-૦૦
						૩૨,૧૪૮-૦૦

૧૦. બાલભવનના મકાનમાં વધારાની બાબત અંગેના દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાલભવનના મકાનમાં વધારાની બાબતના ભાવો નીચે પ્રમાણે મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

અ.નં.	બાબત	જથ્થો	ભાવ	રકમ
			રૂ.	રૂ.
૧.	પેનલ ડોર લોખંડની ફ્રેમ સાથે	૨ એસ.એમ.	૨૨૫-૦૦ બાદ ૮ ટકા ૨૦૭-૦૦	૪૧૪-૦૦
૨.	ઓપરેટેડ લોવર્સ વિન્ડો.	૪.૫ એસ.એમ.	૨૪૦-૦૦ બાદ ૬ ટકા ૨૨૫-૧૦	૧,૦૧૪-૭૫
૩.	વેન્ટિલેટર્સ ફિક્સ તથા લોવર્સવાળા	૧.૫ એસ.એમ.	૧૨૫-૦૦	૧૧૬-૨૫
૪.	ચાઈના મોઝેક ટાઈલ્સમાં ડેડા	—	૪૭-૦૦ એસ.એમ.	—
				૧,૫૮૫-૦૦

૧૧. આઈ એ એસ.ના મકાનમાં અમુક બાબતના જથ્થામાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આઈ.એ.એસ.ના મકાનમાં કેટલીક બાબતના જથ્થાનો વધારો આ સાથે સામેલ **યાદી "ક"** મુજબ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. સેન્ટ્રલ લેબોરેટરીના મકાનમાં વધારાની બાબતના દર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના મકાનમાં વધારાની બાબતના દર નીચે મુજબ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

અ.નં.	બાબત		ભાવ
૧.	કાચની બારીઓ મેક્ષ ઈન્જ સાથેની		રૂ. ૨૫૦-૦૦
		બાદ	રૂ. ૧૩-૫૩
			રૂ. ૨૧૬-૧૭

૧૩. સ્ટાફ ક્વાર્ટર્સ ટાઈપ-૨ના મકાનમાં વધારાની બાબતો અંગેના દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ ક્વાર્ટર્સ-૨ના મકાનના બાંધકામમાં વધારાની બાબતો અંગેના ભાવો નીચે મુજબ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

અ.નં.	બાબત		ભાવ
૧.	ચાઇના મોઝિક ટાઇલ્સ ડેડો		રૂ ૪૭-૦૦ એસ. એમ.
૨.	લેવર્ડ બારીઓ (આર્કિટેક્ટની ડિઝાઈન પ્રમાણે) ૧૫૦ × ૬૦ એમ.એમ.ની ફ્રેમ	બાદ ૬ ટકા	રૂ. ૨૪૦-૦૦ ૨૨૫-૬૦ એસ. એમ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે લાકડા કામમાં (બારીબારણાના કામમાં) ટેન્ડર પ્રમાણે ૧૫૦×૬૦ને બદલે ૧૦૦ × ૬૦ની ફ્રેમ વાપરવાને કારણે ટેન્ડર ભાવમાંથી રૂ ૧૭-૨૫ પૈસા એસ.એમ. દીઠ કપાત મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. લૉ સ્કૂલના મકાનના પ્લાનના ફેરફારના કારણે થતા ખર્ચના વધારા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ લૉના મકાનના પ્લાનના ફેરફારના કારણે થતા વધારાના ખર્ચ રૂ. ૪૪,૫૦૦-૦૦ આ સાથે સામેલ **યાદી "ડ"** (આર્કિટેક્ટના પત્ર મુજબ) મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. સેન્ટર ફૉર મૅનેજમેન્ટના મકાનના કામનો સમયમર્યાદા વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફૉર મૅનેજમેન્ટના મકાન બાંધકામનાં સમયમર્યાદા તા. ૩૧-૫-૧૯૭૮ સુધી વધારવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. યુનિવર્સિટીનાં જુદાં જુદાં ભવનો માટે સીલિંગ ફેન ખરીદવા માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સૌથી ઓછા ભાવ ટાંકનાર ઓરિયેન્ટ ટ્રેડિંગ કં. પાસેથી ઓરિયેન્ટ ડિલક્ષ પંખા રૂ. ૩૨૫-૫૫ પૈસા નંગ દીઠના હિસાબે ખરીદવાની મંજૂરી માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭ યુનિવર્સિટીના ગણિત વિભાગના ૪લે. વાયરિંગના કામ માટે મંગાવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગણિત વિભાગના મકાન માટે આવેલા ૪લે. વાયરિંગના કામ અંગેનાં ૭ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. જ્યોતિ ૪લે. વર્ક્સનું રૂ. ૧૨,૨૩૪-૦૦નું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના ૪લે વાયરિંગના કામ માટે મંગાવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિકશાસ્ત્ર વિભાગના મકાનમાં ૪લે. વાયરિંગના કામ માટે આવેલાં કુલ ૭ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. જ્યોતિ ૪લે. વર્ક્સનું રૂ. ૧૦,૫૪૫-૦૦નું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

દીપક ચુતરિયા
કુલસચિવ વતી.

यादी 'अ'

Extra item of Geography

		Approx Quantity	*Rate*	*Amount Rs.*
1.	Extra for expose Brick Work.	350	12.00	4,200/-
2.	Extra for Expose R.C.C.	700	15.00	10,500/-
2.	Brick pointing in C.M. (1:2)	350	5.00	1,750/-
4.	Applying water repallent paint.	350	5.00	1,750/-
				18,200/-
	Less 7.2 % as per Law Bhavan			1310-40
				16,889-60

Additional cost for miscellaneous work at Industrial Analytical Lab.

1.	Providing and laying brick pawing including B.B.L.C.	L. S.	Rs. 3,000/-
2.	Providing and Casting Stair, Cabin including Finishing from first floor to terrace	L. S.	Rs. 9,000/-
3.	Extra proving & fixing aluminium door in front entrance	L. S.	Rs. 4,000/-
4.	Providing & Fixing Laboratory sink including connections	L. S.	Rs. 4,000/-
5.	Providing and Laying P.C.C. below flooring at ground floor with nomind reinforcement.	L. S.	Rs. 5,000/-
			Rs. 25,000/-

यादी 'ब'

CONSTRUCTION OF READER'S QUARTERS

M/s. Associated Engineers

Excess Saving Statement (1st stage) 11-5-1978 for 16 units

No.	*Item*	*Tender quantity*	*Actual quantity*	*Quantity*		*Rate*	*Amount*	
				Excess	*Saving*		*Excess*	*Saving*
1	2	3	4	5(*a*)	5(*b*)	6	7(*a*)	7(*b*)
1.	**Excavation :**							
	1. Excavation	1280.00 cmt.	1880.00 cmt.	600.00 cmt.	—	6.30 1 cmt.	3,780.00	—
	2. Light Weight filling	20.00 cmt.	220.00 cmt.	200.00 cmt.	—	22.50 1 cmt.	4,500.00	—
2.	**Concrete :**							
	1. A. BBCC (1:5:10)	320.00 cmt.	360.00 cmt.	40.00 cmt.	—	491.00 1 cmt.	980.00	—
	4. Mild Steel	30.00 M.T.	10.00 M.T.	20.00 M.T.	—	2340.00 M.T.		46,800.00
	4A. Tor steel	10.00 M.T.	25.00 M.T.	15.00 M.T.	—	2520.00 M.T.	37,800.00	—
3.	**Brick Layers**							
	1. Masonry in C.M. (1 : 6)	1420.00 cmt.	1790.00 cmt.	360.00 cmt.	—	121.50 cmt.	43,704.00	—
	2. Partition wall in C.M. (1 : 4)	150.00 smt.	600.00 smt.	450.00 smt.	—	18.00 smt.	8,100.00	—
5.	**Carpenter's Joiners :**							
	3. Operated Louvered Windows	110.00 smt.	230.00 smt.	120.00 smt.	—	234.00 smt.	28,080.00	—
	4. T.W. windows of fixed glass	110.00 smt.	120.00 smt.	10.00 smt.	—	216.00 smt.	1,100.00	—
							1,28,080.00	46,800.00

Net excess.. 81,280
Less : 2.7 % 2,194

79,086
i.e. 7942/- per unit.

यादी 'क'

Excess Quantity in the I.A.S. Building

No.	*Item*	*Quantity actual executed*	*Quantity in agreement*	*Excess quantity*	*Rate Rs.*	*Amount Rs.*
1.	6" S.W.G. Pipe	49.00 mm.	15.00 M.	34.00 M.	19.80	673.20
2.	4" S.W.G. Pipe	35.00 M.	23.00 M.	12.00 M.	14.85	178.20
3.	c.i. nainy trap	6 nos.	5 nos.	1 nos.	18.42	18.42
4.	4" dia c.i. pipe	42.00 M	10.00 M.	32.00 M.	33.00	1065.00
5.	3" dia c.i. pipe	12.00 M.	9.00 M.	3.00 M.	27.50	82.50
6.	1½" dia c.i. pipe	40.00 M.	10.00 M.	30.00 M.	24.20	726.00
7.	1" dia c.i. pipe	20.00 M.	10.00 M.	10.00 M.	17.60	176.00
8.	1/2" dia c.i. pipe	20.00 M.	15.00 M.	5.00 M.	12.10	60.50
9.	Europiean comode	2 nos.	1.00 no.	1.00 no.	300.00	300.00
10.	22" × 16" wash basin	6 nos.	4.00 nos.	2.00 no.	214.50	429.00
					Rs.	3699.82

यादी 'ड'

MESSRS HASMUKH C. PATEL,
Ashram Road, Ahmedabad–9.
Phone–78211.
7709/78/163
May 8, 1978.

The Registrar,
Gujarat University,
Ahmedabad–380 009.

Sub.—School of Law.

Dear Sir,

With reference to the above and the discussion we had we will provide for an additional class rooms at G.fl. level by changing the lecture hall structure and concept. For this additional slab, flooring, doors, windows, electrical etc. will have to be done. The approximate built up area available for class rooms will be 1555 sft.

The total extra expenditure will be to the tune of Rs. 44,500/- as per tendered rates and as per the general details given here under :

No.	*Item*	*Qty.*	*Rate*	*Per*	*Amount*
1.	R.C.C.	55 M^3	300/—	M^3	16,500/—
2,	Tor Steel	3 M Ton	2650/—	M.T.	7,950/—
3,	Exposed concrete	400 M^2	15/—	M^2	6,000/—
4.	Mosaic Tiles	265 M^2	30/—	M^2	7,920/—
5.	Doors	7 M^2	220/—	M^2	1,540/—
6.	Windows	50 M^2	225/—	M^2	3,375/—
					43,315/—
	Less I.P.S. in hall	150 M^2	18/—	M^2	2,700/—
					40,615/—
				Less 7.2%	2,900/—
					37,715/—
	Add electrical (t			10%	3,770/—
					41,485/—
	Add 3% contingencies & 4% fees				2,900/—
					44,385/—
				Say Rs.	44,500/—

Please do the needful.

In the meanwhile we have asked the contractors to proceed.

Thanking you,

Yours truely,

For M/s. Hasmukh C. Patel,

A. I. Patel

પરિશિષ્ટ "ઇ"
કામકાજ ક્રમાંક ૩૯

ત્રિવાર્ષિક તપાસસમિતિનો હેવાલ તપાસી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૧-૫-૧૯૭૮ના રોજ બપોરે ૩-૩૦ વાગ્યે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રા. ડી. એન. પાઠક	ગેરહાજર
૨. શ્રી. આર. એમ. શાહ	હાજર
૩. આચાર્ય કે. એન. શાહ	હાજર
૪. આચાર્ય એચ. પી. પંડ્યા	હાજર
૫. પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્ય કે. એન. શાહે સંભાળ્યું હતું.

૧. તા. ૫-૧૧-૧૯૭૬ના રોજ મળેલી ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૫-૧૧-૧૯૭૬ના રોજ મળેલી ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધ મંજૂર કરવામાં આવી અને પ્રમુખશ્રીએ તે પર સહી કરી.

૨. નીચે દર્શાવેલ કૉલેજો-માન્ય સંસ્થાઓના ત્રિવાર્ષિક તપાસસમિતિના આવેલ હેવાલો અને તે પર જે તે કૉલેજના આચાર્યો/સંસ્થાના વડા તરફથી આવેલ નોંધ પર વિચારણા કરવા બાબત :

૧. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૨. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. બી. ડી. કૉલેજ, અમદાવાદ
૫. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬. સી યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૭. કાપડિયા એન. એમ. એલ. આર્ટ્સ કૉલેજ, સંખેડા
૮. એમ. એન. સાયન્સ એન્ડ શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ
૯. કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
૧૦. શ્રી નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર

૧૧. શ્રી આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ
૧૨. શ્રી સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૩. સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, અમદાવાદ
૧૪. બી. સી. જે. એજ્યુકેશન કૉલેજ, ખંભાત
૧૫. શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ
૧૬. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૧૭. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૮. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૯. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૨૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૨૧. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ
૨૨. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ
૨૩. સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૨૪. એમ. ડી. શાહ કૉમર્સ ઍન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા
૨૫. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૨૬. સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, ખેડા
૨૭. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા
૨૮. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
૨૯. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
૩૦. સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

ચર્ચા-વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કરવી :

૧. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
   ૧. સંસ્કૃત વિષયને મુખ્ય વિષય તરીકે શીખવવાની જોગવાઈ કરવા જણાવવું.
   ૨. બોઈઝ કૉમન રૂમની વ્યવસ્થા કરવા જણાવવું.
   ૩ સેન કમિશન પ્રમાણે શિક્ષકોને પગાર આપવા જણાવવું તથા બિનશિક્ષક કર્મચારીઓને દેસાઈ પંચ પ્રમાણે પગાર આપવા જણાવવું તથા કોઈ કર્મચારીના એરિયર્સ બાકી હોય તો તે ચૂકવવા માટે જણાવવું.
   ૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે ગ્રેચ્યુઇટી ફંડ મળે તેમ કરવા જણાવવું.

૨. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
   ટ્યુટોરિયલ પદ્ધતિ નિયમિત કરવા જણાવવું.

૩. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે વ્યાયામ શિક્ષક હોય તેમ કરવા જણાવવું ૨. સેન કમિશન પ્રમાણે શિક્ષકોને પગાર આપવા જણાવવું. ૩. આચાર્યને કૉલેજ નજીક મકાનની સુવિધા આપવા જણાવવું.
૪. બી. ડી. કૉલેજ, અમદાવાદ	હોવાલની નોંધ લેવી.
૫. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,, ,,
૬. સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,, ,,
૭. કાપડિયા એન. એમ. એમ. આર્ટ્સ કૉલેજ, સંખેડા	યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે વ્યાયામ શિક્ષક નીમવા જણાવવું.
૮. એન. એમ. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	પ્રાકૃતના યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા નીમવા જણાવવું.
૯. કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	૧. સેન કમિશન પ્રમાણે શિક્ષકોને તેમ જ દેસાઈ પંચ પ્રમાણે બિનશિક્ષક કર્મચારીઓને પગાર ચૂકવવા જણાવવું તેમ જ નિયમિત પગાર ચૂકવવા જણાવવું. ૨. ભૌતિકશાસ્ત્ર તેમ જ સંસ્કૃતમાં જરૂરી શિક્ષકોની નિમણૂક કરવામાં આવે.
૧૦. શ્રી નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	સંસ્થાના ફાળા સહિતની પ્રૉવિડંટ ફંડની રકમ તે માટેના ટ્રસ્ટ ખાતે જમા કરાવવા જણાવવું.
૧૧. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ	૧. યુનિવર્સિટીએ જાહેર કરેલા તમામ મોંઘવારી ભથ્થાની ચુકવણી કરવા જણાવવું. ૨. ૧૯૬૬થી ૧૯૭૧નાં વર્ષો માટેના પગારવધારા પરનું પ્રૉવિડંટ ફંડ કાપી સંસ્થાના ફાળા સહિત પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટ ખાતે જમા કરાવવા જણાવવું.

	૩. પ્રોવિડંટ ફંડ અંગેનાં યુનિવર્સિટીનાં તમામ ધોરણોનું પાલન કરવા જણાવવું.
	૪. વાણિજ્ય વિભાગમાં એક વ્યાખ્યાતાની નિમણૂક કરવા જણાવવું.
	૫. સુધારેલા પગારધોરણ પ્રમાણે અને નિયમિત પગાર ચૂકવવા જણાવવું.
૧૨ સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. તા.૧–૫–૧૯૭૪ પછીનાં મોંઘવારી ભથ્થાં ચૂકવવા જણાવવું.
	૨. બિનશિક્ષક કર્મચારીઓને સુધારેલા પગાર ચૂકવવા જણાવવું.
૧૩. એસ. ટી. ટી. કૉલેજ, અમદાવાદ	હેવાલની નોંધ લેવી.
૧૪. આર. બી. સાગર એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	યુનિવર્સિટી ધારાધોરણ પ્રમાણે પ્રોવિડંટ ફંડ અંગે સંસ્થાના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં તમામ ધોરણોનું પાલન કરવા જણાવવું.
૧૫. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ,	૧. આચાર્યને અપાતો વધારાનો કાર્યભાર ઓછો કરવો અને એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવા જણાવવું.
	૨. નિયમિત પગાર ચૂકવવા જણાવવું.
૧૬. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	૧. પ્રૉવિડંટ ફંડનું ટ્રસ્ટ રજિસ્ટર્ડ કરાવવા જણાવવું.
	૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણેનું ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવા જણાવવું.
	3. આચાર્યને કૉલેજના કૅમ્પસમાં મકાન આપવા જણાવવું.
૧૭. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	૧૬ શિક્ષકોની માન્યતા મળી નથી તે સત્વરે મેળવી લેવા જણાવવું.
૧૮. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	પ્રૉ. ફંડનું ટ્રસ્ટ રજિસ્ટર્ડ કરાવવા જણાવવું.
૧૯. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	પ્રૉ. ફંડનું ટ્રસ્ટ રજિસ્ટર્ડ કરાવવા જણાવવું.

૨૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	૧. અનુસ્નાતક શિક્ષકોને અનુસ્નાતક કેન્દ્રના ઇન-ચાર્જ નીમવાની બાબત બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચને રીફર કરવા બલામણ છે. ૨. સ્ટાફના સભ્યો અન્યત્ર પાર્ટ-ટાઇમ સેવા આપે છે તે અંગે ડીનને તે પ્રથા બંધ કરવા જણાવવું.
૨૧. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	૧. એનેટોમી, ફિઝિયોલોજી, ફાર્મકોલોજી, બૅકટરિ-યોલોજી, પેથોલોજી વિષયોમાં બી. જે. મેડિકલ કૉલેજના શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય થાય છે તે પ્રથા બંધ કરવા જણાવવું. ૨. ડેન્ટલ ફેકલ્ટીની અભ્યાસસમિતિની રચનામાં જુદા જુદા વિષયોનું પ્રતિનિધિત્વ જળવાય તે જોવા તથા તેના કો-ઑપશનમાં સીનિયર પ્રોફેસર/ટીચરને તેમાં નીમવા અંગેના તપાસ-સમિતિના સૂચનને ડેન્ટલ ફેકલ્ટીની વિચારણા માટે મોકલવા બલામણ છે.
૨૨. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	હેવાલની નોંધ લેવા.
૨૩. સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર	૧. યુનિ.નાં ધારાધોરણ પ્રમાણે વ્યાયામ શિક્ષકો ચાલુ રાખવા જણાવવું. ૨. ઍરેબિકના શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવા જણાવવું. ૩. જરૂરી સેનિટેશનની વ્યવસ્થા કરવા જણાવવું. ૪. વાણિજ્યના બંને સમયના વ્યાખ્યાતા શ્રી. ચુલાસરાને સ્થાને અન્ય નિમણૂક કરવા જણાવવું.
૨૪. એમ. ડી. શાહ કૉમર્સ ઍન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા	૧. કાર્યભારની વહેંચણી ઑ. ૧૨૦-એ પ્રમાણે કરવા અને જરૂર પડે નવી નિમણૂક કરવા જણાવવું. ૨. પૂરા સમયના વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવા જણાવવું.
૨૫. પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	હેવાલની નોંધ લેવી.
૨૬ એસ. ટી. ટી. કૉલેજ, ખેડા	હેવાલની નોંધ લેવા.

૨૭. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મેાડાસા	હેવાલની નોંધ લેવી.
૨૮. શ્રીમતી બી. સી. જે સાયન્સ કૉલેજ, ખંભાત	૧. પગારની ચુકવણી નિયમિત કરવા જણાવવું. ૨. યુનિ.નાં ધારાધેારણેા પ્રમાણે પ્રૉવિડંટ ફંડની રચના કરવી. ૩. છૂટા થયેલા શિક્ષકેાને પી.એફ., ગ્રેજ્યુઇટી ચુકવણી કરવા જણાવવું. ૪. આર્થિક પાસા અંગે કૉલેજની વ્યવસ્થાપક કમિટી તથા ટ્રસ્ટી મંડળને રૂબરૂ મળવા બેાલાવી કુલપતિશ્રી ચર્ચાવિચારણા કરે તેવી ભલામણ છે.
૨૯. આઇ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ	અંગ્રેજીના બંડ સમયના વ્યાખ્યાતા નીમવા જણાવવું.
૩૦. સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	મેાંઘવારી ભથ્થાની ચુકવણી કરવા જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. ૬. ત્રિવેદી
કુલસચિવ વતી

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ. અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની જૂન માસની સભા, શનિવાર, તા. ૧૭-૬-૧૯૭૮ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૬-૧૯૭૮
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદચન્દ્ર ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૦.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૧.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૨.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૩.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૪.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૫.	આચાર્ય બી. એમ. પીરજાદા	ગેરહાજર
૧૬.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૭.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ ભટ્ટ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૨૭-૫-૧૯૭૮ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૭-૫-૧૯૭૮ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૧૯ના પાઠમાં 'ટાઈપ ૧નાં ૧૬ તથા ટાઈપ ૧નાં ૧૬ મળી કુલ ૩૨ રહેઠાણો' એ શબ્દોને બદલે 'ટાઈપ ૧નાં ૧૬ તથા ટાઈપ ૨નાં ૧૬ મળી કુલ ૩૨ રહેઠાણો' એમ શબ્દો મૂકીને બાપભૂલ સુધારવી.

(૨) બાબત નં. ૩૧ હેઠળની પેટાબાબત નં. (૮)ની નોંધ લેવામાં આવી તેના સંદર્ભમાં નીચેનો ઠરાવ ઉમેરવો :

'વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજને અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પણ સદરહુ મોંઘવારી ભથ્થાના વધારા રોકડમાં ચૂકવી આપવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.'

૨. નીચેની બાબતોની નોંધ લેવા બાબત :

(૧) રોજગાર અને તાલીમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી તેમના પત્ર ક્રમાંક ઈયુઆર-૮૬-૭૭-બી-૨૬૧૯૧થી શિક્ષિત બેકારી રાહત યોજના હેઠળ ચાલતા અભ્યાસક્રમોના અનાવર્તક ખર્ચ માટે રૂ. ૮,૦૦૦ (અંકે રૂપિયા આઠ હજાર પૂરા)નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

(૨) કૃષિ યુનિવર્સિટીના કામ માટે કુલપતિશ્રી ગુજરાત યુનિવર્સિટીની સ્ટેશનરી, પોસ્ટલ ટિકિટો અને ટેલિફોનનો ઉપયોગ કરતા હોવાથી કૃષિ યુનિવર્સિટી તા. ૧-૨-૧૯૭૮થી તદર્થ (ઍડહૉક) ધોરણે માસિક રૂ. ૨૫૦ આપશે તેની નોંધ લેવા બાબત.

(૩) એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૨-૧૯૭૮ની સભામાં થયેલી ચર્ચાના સંદર્ભમાં, રાજ્ય સરકારના તા. ૨૬-૧૧-'૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ.-૧૦૭૫-૪૯૪૭-ખની કંડિકા (૧૪) સેન સમિતિના મૂળ હેવાલથી અલગ હોવાને કારણે રદ કરવા બાબતમાં પુનર્વિચારણા કરવાની વિનંતીના જવાબમાં શિક્ષણ વિભાગના સેકશન ઑફિસરે તા. ૩૦મી મે ૧૯૭૮ના પત્રાંક એમઆઈએસ-૧૦૭૩-૨૬૨૫૮-ખથી, રદ કરવાની માગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી તેમ જણાવ્યું હોઈ તેની નોંધ લેવા બાબત

[**નોંધ.**—સદરહુ કંડિકા ૧૪નો પાઠ નીચે પ્રમાણે છે :

(14) In addition to the assessment shown in the respective pay-scales there will be an assessment of the work of every University and college teacher, once in three years in a manner to be prescribed by the University, and the record of such assessment will be maintained in University/College.]

(૪) બિનસરકારી સંસ્થા કૉલેજમાં આચાર્યની નિમણૂક માટેની પસંદગી સમિતિએ કરેલી પસંદગી અન્વયે કરવામાં આવેલી નિમણૂકને બહાલી આપવાની સત્તા શિક્ષણનિયામકને આપ્યાની બાબતે કરતા ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના તા. ૧૨-૧૧-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એમઆઈએસ. ૧૦૩૬-૧૨૮૭૯(૭૮)-ખ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતોની નોંધ લેવી.

૩. યુનિવર્સિટીના સંશોધન સામયિક "વિદ્યા" ના ભાષાસાહિત્ય અને સમાજ-વિદ્યાઓના બે અંકો ભેગા કરીને માનવવિદ્યાઓનો એક સંયુક્ત અંક પ્રકાશિત કરવા માટે આ સભાગૃહે તેની તા. ૨૭-૮-૧૯૭૭ ની સભામાં ઠરાવ્યું છે તેના સંદર્ભમાં તેના તંત્રીમંડળની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—હાલ સદરહુ વિદ્યાના તંત્રીમંડળ પર નીચે મુજબના સભ્યો છે :

૧. શ્રી. ડી. એન. પાઠક
૨. ,, કે. જી. દેસાઈ
૩. ,, એચ. કે. ત્રિવેદી
૪. ,, એમ. પી. ભટ્ટ
૫. ,, પી. એમ. મજમુદાર
૬. ,, આર. કે. ધારૈયા
૭. ,, ડૉ. એ. થાનકિ
૮. ,, ડૉ. એ. સોલોમન
૯. ડૉ. વી. પી. શાહ
૧૦. શ્રી. એમ. પી. કકકડ
૧૧. શ્રી. એન. દાસગુપ્તા
૧૨. પ્રિન્સિ. ડી. એમ શીખ
૧૩. શ્રી. રમણલાલ જોશી
૧૪. શ્રી. બી. એમ. શુકલ
૧૫. શ્રી. એ. એસ. નાગર
૧૬. શ્રી. સી. ટી. ભોપટકર
૧૭. શ્રી. આર. એ. મલાગી]

આથી ઠરાવવામાં આવે છે કે 'વિદ્યા'ના માનવવિદ્યાના અંકો માટે નીચેનાં વિદ્યાભવનોના અધ્યક્ષોનું બનેલું સંપાદકમંડળ નીમવું :

૧. સમાજવિદ્યા ભવન
૨. ભાષા-સાહિત્ય ભવન
૩. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન ભવન
૪. વાણિજ્યવિદ્યા ભવન
૫. વ્યવસ્થાપન વિદ્યાભવન
૬. કાયદાશાસ્ત્ર વિદ્યાભવન.

૪. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪-૬-૧૯૭૮ ને બુધવારના રોજ મળનાર સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ નં. ૬ મંજૂર કરવી નહીં કારણ કે આ સગવડ કૉમ્પ્યુટર વિભાગમાં છે જેનો સૌ ઉપયોગ કરી શકે છે. તે સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી :

"(૬) વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે ડૉ. સી. એમ. માઇક્રોસિસ્ટમ કૅલ્કયુલેટર્સ ખરીદવા અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે ડી.સી.એમ. માઈક્રોસિસ્ટમ કેલ્કયુલેટર્સ ડી.સી.એમ. ડેટા પ્રોડકટ્સના તા. ૨૧-૨-૧૯૭૮ના પત્રમાં જણાવેલ કિંમતે અને શરત પ્રમાણે ખરીદવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ માઈક્રોસિસ્ટમ યુનિવર્સિટી કોમ્પ્યુટર વિભાગમાં રાખવું."

[સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "કે"** તરીકે સામેલ છે.]

૫. ડી.ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુરમાં જૂન ૧૯૭૮ થી જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શરૂ કરવા માટેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની તા. ૨૫-૫-૧૯૭૮ની અરજી પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૮થી જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે ત્રણ વર્ષ માટે પરવાનગી આપવી.

૬. "જ્ઞાનકોશ" ના ગણિત-વિજ્ઞાનના ખંડ માટે અધિકરણો તૈયાર કરવા લેખકને આપવાના પુરસ્કારના ધોરણ અંગે ફેરવિચારણા કરવા બાબત :

[**નોંધ.**—તા. ૨૯-૪-૧૯૭૮ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં ગણિતવિજ્ઞાનનાં અધિકરણો માટે લેખકને પાનદીઠ રૂ. ૧૦-૦૦ અને સંપાદકને રૂ. ૨-૦૦નો પુરસ્કાર આપવા ઠરાવેલ છે.

અગાઉ નક્કી કરેલ ધોરણ ૧૦૦૦ શબ્દ દીઠ રૂ. ૪૦-૦૦ અને સંપાદનના કામ માટે એક હજાર શબ્દ દીઠ રૂ. ૮-૦૦ હતું. જ્ઞાનકોશના રોયલ આઠ પેજી ફર્માના એક પાનમાં ૫૦૦ શબ્દ સમાય છે. આથી તે મુજબ ધોરણ નક્કી કરવાનું રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે જ્ઞાનકોશના ગણિત-વિજ્ઞાનના ખંડ માટે અધિકરણો તૈયાર કરવા માટે લેખકોને દર હજાર શબ્દે રૂ. ૪૦/-ના ધોરણે પુરસ્કારનો દર મંજૂર કરવો.

૭. ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી દ્વારા બોલાવાયેલ કુલપતિઓની એક સભા જે ગાંધીનગર મુકામે તા. ૧૯-૪-૧૯૭૮ ના રોજ મળી હતી, જેમાં થયેલા નીચેના ઠરાવ અને સૂચન પર વિચારણા કરવા બાબત :

ઠરાવ

"……It was therefore decided that all the Universities may make necessary provisions by means of Ordinances for de-recognition of the teachers indulging in private tuition."

સૂચન

"……It was also suggested that this matter may also be considered by 'Unfair Practices Committee' of the Universities."

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે સર્વગ્રાહી વિચારણા કરીને તે અંગે પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય કે. એન. શાહ
૪. ડૉ. વી. સી. શાહ
૫. આચાર્ય એચ. પી. પંડ્યા
૬. શ્રી. એન. એમ. પરીખ
૭. શ્રી. આર. એમ. શાહ
૮. ડૉ. પી. પી. મહેતા.

દરમ્યાન સભાગૃહમાં થયેલી ચર્ચાના સંદર્ભમાં સદરહુ પ્રશ્ન અંગે શિક્ષણમંત્રીશ્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૮. પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને પ્રતિવર્ષ "શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ પારિતોષિક" એ નામનું આશરે રૂા. ૩૫૦-૦૦નું એક પારિતોષિક એનાયત કરવામાં આવે છે તેને બદલે સદરહુ પારિતોષિક માર્ચ ૧૯૭૮થી પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને એનાયત કરવા અંગે નિયમમાં ફેરફાર કરવા માટે હાતાના પત્ર અન્વયે તૈયાર કરવામાં આવેલ નીચે દર્શાવેલ સૂચિત નિયમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

સૂચિત નિયમ

"'શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહ પારિતોષિક' એ નામનું રૂ. ૩૫૦-૦૦નું એક પારિતોષિક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને આપવામાં આવશે. જો સૌથી વધારે સરખા ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર બે વિદ્યાર્થિનીઓ હોય તો પારિતોષિકની રકમ સરખા ભાગે આપવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને ઉપર મુજબ સુધારેલો નિયમ મંજૂર કરવો.

૯. પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "રેવ. ફાધર હુબર્ટ એ. ડિસોઝા (એસ.જે.) ચંદ્રક" એનાયત કરવામાં આવે છે તેને બદલે સદરહુ ચંદ્રક માર્ચ ૧૯૭૮થી પ્રથમ વર્ષ બી.એસસી. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવા અંગે નિયમમાં ફેરફાર કરવા માટે હાતાના પત્ર અન્વયે તૈયાર કરવામાં આવેલ નીચે દર્શાવેલ સૂચિત નિયમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

સૂચિત નિયમ

"'રેવ. ફાધર હુબર્ટ એ. ડિસોઝા (એસ. જે.) ચંદ્રક' દર વર્ષે આ યુનિવર્સિટીની પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને ઉપર મુજબ સુધારેલો નિયમ મંજૂર કરવો.

૧૦. સંલગ્ન બિનસરકારી કૉલેજોના શિક્ષક તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓના પ્રૉ. ફંડનાં નાણાંનો વહીવટ તા. ૧-૪-૧૯૭૮થી રાજ્ય સરકાર સંભાળશે તે અંગે જરૂરી સ્ટેચ્યૂટ/ઑર્ડિનન્સ ઘડવા બાબતમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સંયુક્ત મંત્રીશ્રીના તા. ૨૮-૨-૧૯૭૮ના ડી.ઓ. પત્રાંક એન.જી.સી. ૧૦૭૮-ખ અંગે તા. ૨૯-૪-૧૯૭૮ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલે જરૂરી કાર્યવાહી હાથ ધરવા ઠરાવ કરેલ તેના સંદર્ભમાં કુલપતિશ્રીએ કેટલાક મુદ્દાઓ અંગે રાજ્ય સરકારને સ્પષ્ટતા કરવા તથા માર્ગદર્શન આપવા તા. ૨-૫-૧૯૭૮ના રોજ પત્ર લખેલ તેના જવાબમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના અન્ડર-સેક્રેટરીશ્રીએ તેમના તા. -૫-૧૯૭૮ના પત્રાંક ૧૦૭૮ / ૨૭૮૬૭ / થી કરેલ સ્પષ્ટતાઓ—માર્ગદર્શન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રમાં જણાવેલી બાબતો અંગે તેમ જ કૉલેજોની ગ્રાન્ટને લગતા અન્ય પ્રશ્નો અંગે રાજ્યના શિક્ષણમંત્રીશ્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે તે અંગે નીમવામાં આવેલી સમિતિની મુલાકાત સવેળા ગોઠવવા અને સમિતિની રજૂઆતને અનુલક્ષીને જરૂરી નિર્ણય ત્વરિત લેવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૧૧. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં થયેલા ઠરાવના સંદર્ભમાં નીચે જણાવ્યા પ્રમાણેની કૉલેજોનું એકીકરણ કરી ત્રણ વિદ્યાશાખાઓ ધરાવતી કૉલેજોનું સંકુલ કરવા પરવાનગી આપવા વિચારણા કરવા બાબત :

૧. ઈ. એમ. આઈ. સ્કૂલ ટ્રસ્ટ સંચાલિત (૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ તથા (૨) સાયન્સ કૉલેજ, બોરસદનું એકીકરણ કરી એક સંકુલ કરવા; અને

૨. શ્રી. સી. ડી. પટેલ મહાવિદ્યામંડળ સંચાલિત (૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ તથા (૨) વિજ્ઞાન કૉલેજનું એકીકરણ કરી એક સંકુલ કરવા.

[નોંધ.— (૧) સદરહુ બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની નીચેની ભલામણ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં મંજૂર રાખી છે :

" આથી ભલામણ કરવામાં આવે છે કે પેાલ કમિશનના હેવાલ અન્વયે ઊભા થતા કૉલેજોના એકીકરણના પ્રશ્નથી જેમને અસર પહોંચે છે તેવા આચાર્ય સહિતના શિક્ષક તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નોકરી, પગાર તેમ જ પગારધોરણો રક્ષિત કરવા સરકારને પોતાની નીતિ સ્પષ્ટ કરવા વિનંતી કરવી. આ નીતિની સ્પષ્ટતા થયેથી આ કૉલેજના એકીકરણના સંકુલ અંગે આખરી નિર્ણય લઈ શકાય.

(૨) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદના આચાર્ય બી. આર. પટેલની શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસામાં નિમણૂક થઈ છે, જ્યારે શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ સહકારી મંડળી કૉમર્સ કૉલેજ, તલોદના આચાર્ય શ્રી. આર. બી સિંગે રાજીનામું આપ્યું છે.]

(૧) અને (૨) : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવના સંદર્ભમાં નીચેની શરતો સ્વીકાર્ય છે કે કેમ તે અંગે સદરહુ કૉલેજોના સંચાલકમંડળને લખી પુછાવવું અને તેનો જવાબ

આવ્યેથી તે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો :

' ત્રણ વિદ્યાશાખાવાળી કૉલેજનું એક સંકુલ બનાવવાને **બદલે** ફારેગ થનાર શિક્ષક તેમ જ બિનશિક્ષક વર્ગના તમામ કર્મચારીઓની સેવાઓ આરક્ષિત કરવામાં આવે.'

સ્પષ્ટતા : એક સંકુલ બનનાર કૉલેજમાં એક વ્યાયામ શિક્ષક અને એક ગ્રંથપાલ પર્યાપ્ત ગણાશે.]

૧૨. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામો સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે સ્ટેચ્યૂટ ૧૮૮ (૨) મુજબ પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે ?	કયા કારણસર લોનની રકમની માગણી કરી છે ?
૧.	શ્રી. વી. વી. શાહ (ટે. એકા.-ઓડિટ)	૨૬,૫૦૦	હા	મકાન મરામત
૨.	શ્રી. કે. જે. શાહ (સીનિ. ટાઇપિસ્ટ)	૨૧,૦૦૦	હા	મકાન ખરીદવા માટે
૩.	શ્રી. વી. એમ. ત્રિવેદી (રીડર ઇન ફિઝિકસ)	૧૫,૦૦૦	ના	મકાન મરામત
૪.	શ્રી. દલ્લાસીંગ લાલસીંગ ચૌહાણ (વૉચમેન)	૩,૧૦૦	ના	મકાન મરામત

[**નોંધ.**—જે તે કર્મચારીઓની ઉપરોક્ત લોનમાંથી તેઓના ખાતે નીકળતી બિલ્ડિંગ લોન (પ્રૉ. ફંડ લોનની બાકી નીકળતી રકમ તથા તે પર જે વ્યાજ થતું હશે તે રકમ કાપીને બાકીની રકમ) આપવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૧૩. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. જી. જી. મહેતાને રૂ. ૫૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય રૂા. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦-૨૦-૬૦૦ ઈ.બી. ૨૦-૭૦૦ના પગારધોરણમાં તા. ૧૮—૭—૧૯૭૮થી ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

શ્રી. જી. જી. મહેતાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. જી. જી. મહેતાને રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈબી-૧૫-૫૬૦-૨૦-૬૦૦-ઈબી-૨૦-૭૦૦ના પગારધોરણમાં રૂ ૫૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૪. રાજ્ય સરકારના નાણા વિભાગના ઠરાવ નં. વીએલબી. ૧૧૭૮-૭૪૩-જે, તા. ૧૧-૫-૧૯૭૮ના સંદર્ભમાં યુનિવર્સિટીના જે કર્મચારીઓ યુનિવર્સિટીના આપેલા રહેઠાણમાં રહેતા હોય તેઓના પગારમાંથી નીચેના ધોરણે ભાડું કાપવા બાબત :

૧. રૂ. ૪૦૦ સુધીનો પગાર હોય તો પગારના ૧૦ ટકા કપાત છે તેને બદલે ૭½ ટકા કપાત કરવાની રહેશે.

૨. રૂ. ૪૦૦ થી વધુ પગાર હોય તેમના પગારના ૧૦ ટકા. ઇકોનોમિક રેન્ટની મર્યાદા ઉપર રહેશે નહિ.

૩. પગારની ગણતરીમાં સી.એલ.એ.નો પણ સમાવેશ થશે.

૪. ઉપરના ધોરણનો અમલ તા. ૧-૬-૧૯૭૮થી કરવાનો રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૬-૪-૧૯૭૮ની બેઠકની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટી તરફથી યોજવામાં આવતા કોચિંગ કેમ્પમાં હાજર રહેનાર બહારગામના ખેલાડીઓને દૈનિક ભથ્થા તરીકે રૂ. ૮ (આઠ રૂપિયા) અને સ્થાનિક ખેલાડીઓને રૂ. ૪ (ચાર રૂપિયા) આપવાનું મંજૂર કરવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) વર્ષ દરમ્યાન સુંદર દેખાવ કરવા બદલ યુનિવર્સિટી કક્ષાએ પસંદ કરેલ દસ સારા ખેલાડીઓને માસિક રૂ. ૫૦ (પચાસ રૂપિયા) પ્રમાણે દર માસ માટે વાર્ષિક રૂ. ૫૦૦ આપવાનું અને તે માટે અંદાજપત્રમાં રૂ. ૫,૦૦૦ની જોગવાઈ કરવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતાં ઑ. ૨૦(૪) પ્રમાણે પ્રત્યેક કોલેજ પાસેથી રમતના ફાળા તરીકે રૂ. ૦-૫૦ પૈસાથી રૂ. ૧-૦૦ની રકમ ઉઘરાવવાની સત્તા વિભાગીય સ્થાનિક રમત સમિતિઓને આપવામાં આવી છે તેના બદલે રૂ. ૦-૫૦ પૈસાથી રૂ. ૨-૦૦ સુધીનો ફાળો ઉઘરાવવા માટે સદરહુ ઑર્ડિનન્સમાં સુધારો કરવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે. સુધારેલ ઑ. ૨૦(૪)નો પાઠ નીચે પ્રમાણે છે :

"To fix the contribution from constituent Institutions at a rate of varying from 50 paise to two rupees per student as per its requirement and to collect the same from them."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. ૧ અને ૩ મંજૂર કરવી અને ભલામણ નં. ૨ મંજૂર કરવી નહીં.

૧૬. ઑ. ૨૫૯ મુજબ ભૂગોળના વિષયમાં સત્ર દીઠ રૂ. ૫૦ પ્રાયોગિક ફી રાખી છે તેને બદલે લેબોરેટરી અને પ્રેક્ટિકલ જર્નલ તરીકે રૂ. ૧૫ સત્ર ફી રાખવા અને તે ભૂગોળના વિષયમાં જ્યાં પ્રાયોગિક કાર્ય ચાલતું હોય તો જ રાખવાનું સૂચન કરતા

વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના તા. ૫–૬–૧૯૭૮ના પત્રથી આવેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભૂગોળના વિષયમાં વિદ્યાર્થીઓની પ્રયોગશાળા ફી (લેબોરેટરી ફી) પૂર્વસ્નાતક કક્ષાએ રૂ. ૨૫ અને અનુસ્નાતક કક્ષાએ રૂ. ૩૫ સત્રદીઠ નિયત કરવી અને તે મુજબ ઑર્ડિ. ૧૫૯ અને ઑર્ડિ. ૧૫૧–સીનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તે સુધારેલા ઑર્ડિનન્સોને તા. ૧૫–૬–૧૯૭૮થી અમલમાં મૂકવા.

O. 159 :

(2) Rate of Laboratory fee per term

(*i*) (*a*) for the subject of Home Science in affiliated Arts Colleges — Rs. 50-00

(*b*) for the subject of Geography (where practical work is involved in the courses of study) in affiliated Arts Colleges — Rs. 25-00

O. 151 (C) :

(*ii*) for M.A. & Ph.D. degree in Home Science — Rs. 60-00

(*iii*) for M.A. & Ph.D. degree in Geography and Statistics — Rs. 35-00

૧૭. ૧૦ + ૨ + ૩ ની શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોના ફાજલ પડેલા સુપરન્યુમરરી શિક્ષકોને હાયર સેકન્ડરી સ્કૂલમાં સમાવવાની મુદ્દત તા. ૧૫-૬-૧૯૭૮ સુધી લંબાવ્યાની જાણ કરતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૯–૫–૧૯૭૮ ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૦૭૭-૨૩૩૮૨-કે એચ.આઈ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૫–૬–૧૯૭૮ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૫–૬–૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

[સદરહુ બોર્ડની તા. ૫–૬–૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.]

૧૯. નીચેના મતદાર વિભાગોની ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરની સામાન્ય ચૂંટણીઓ માટે ચૂંટણીમથકો અને ચૂંટણીસ્થળો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. નોંધાયેલા સ્નાતકોનો મતદાર વિભાગ

૨. શિક્ષકોનો મતદાર વિભાગ

૩. સંલગ્ન કૉલેજોના આચાર્યોનો મતદાર વિભાગ

૪. યુનિવર્સિટીના અને સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓનો મતદાર વિભાગ.

૫. સંલગ્ન કૉલેજોનાં સંચાલકમંડળોનો મતદાર વિભાગ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચૂંટણી માટે ચૂંટણી મથકો અને ચૂંટણી સ્થળોની યાદી મંજૂર કરવી.

[મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.]

૨૦. ગુજરાત રાજ્યના સંયુક્ત શિક્ષણ સચિવના તા. ૧-૬-૧૯૭૮ ના પત્રાંક યુ.એસ.-૭૮. ૪૨૭૭—૩૨૮૭-કે.એમ. ના સંદર્ભમાં યુનિવર્સિટીના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં જૂન ૧૯૭૮ માં પ્રથમ વખત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સત્ર ફીમાં રૂા. ૧૦નો વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને તે મુજબ ઑર્ડિ. ૧૫૧-સી સુધારવો.

[સુધારવામાં આવેલા ઑર્ડિ. ૧૫૧-સી.ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.]

૨૧. ધી ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિકસનું આગામી વાર્ષિક અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ડિસેંબર ૧૯૭૮ના સમય દરમિયાન યોજવા માટે સમાજ-વિદ્યા ભવનના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી તરફથી આવેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સ્વીકારવું નહીં.

૨૨. નીચેની બાબતોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટીઓનાં મકાનો પર નિભાવ અને સમારકામ (ભાસ મરામતના ખર્ચ સિવાય)ના હેતુથી કરવામાં આવતા ખર્ચને બ્લોક નિભાવ અનુદાનમાં સમાવેશ કરવાનું મંજૂર કર્યાના તેમ જ આ ખર્ચ મકાન (બિલ્ડિંગ)ના મૂળ ખર્ચના ૦-૭૫ ટકાના દરે અથવા બેમાંથી જે ઓછું હોય તે માન્ય ગણવામાં આવશે તેમ જણાવતા ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ.એસ.બી. ૧૧૭૭-૨૫૧૪-૭૮—ખની નોંધ લેવા બાબત;

(૨) ગુજરાત યુનિવર્સિટી માટે ૧૯૭૬-૭૭ના વર્ષથી શરૂ થતા ત્રિવાર્ષિક ગાળા માટે વાર્ષિક રૂ. ૨૭,૦૦,૦૦૦ (રૂપિયા સત્તાવીસ લાખ)ના દરથી બ્લોક મેન્ટેનન્સ ગ્રાન્ટ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તેમના તા. ૮—૬—૧૯૭૮ના ઠરાવ ક્રમાંક યુ.એસ.બી. ૧૧૭૭-૩૧૨૯૨-૭૮ (કે.એચ.)થી આપવાનું મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—રાજ્ય સરકારશ્રી તરફથી અગાઉ મેઇન્ટેનન્સ ગ્રાન્ટ પેટે વાર્ષિક રૂ. ૩૩,૪૪,૦૦૦ના દરથી બ્લોક મેન્ટેનન્સ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૩. સંલગ્ન કૉલેજોમાં અધ્યાપકોની નિમણૂક માટેની વરણી સમિતિ પર યુનિવર્સિટીએ નીમેલા નિષ્ણાતો પૈકી ઓછામાં ઓછા એક નિષ્ણાતે હાજર રહેવું આવશ્યક છે તેમ છતાં તે નિયમનું અરોબ્બર પરિપાલન થતું નથી તે બાબતમાં રાજ્યના સંયુક્ત શિક્ષણનિયામકશ્રીના તા. ૫-૬-૧૯૭૮ના પત્રાંક અ.સ.યુજીસી. ૩૩૭૬-૭૯ પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચા-વિચારણાને અંતે સદરહુ બાબત અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) વરણીસમિતિની સભાની તારીખ અને સમય નિષ્ણાતોની અનુકૂળતા જાણી લીધા પછી જ નિયત કરવા માટે સંલગ્ન કૉલેજોને જણાવવું.

(૨) વરણિસમિતિ ઉપરના સભ્યોના મુસાફરી તથા રોકાણ ભથ્થા અંગેનો જે ખર્ચ યુનિવર્સિટી અને/અથવા કૉલેજોને ભોગવવાનો આવે તે ભરપાઈ કરી આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૨૪. પ્રકાશન બોર્ડની તા. ૧૨-૬-૧૯૭૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૧૨-૬-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

[સદરહુ બોર્ડનો તા. ૧૨-૬-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.]

૨૫. ચાલુ/વધારાનું જોડાણ માટે આવેલ અરજીઓ પર એક્ઝિકયુટિવ કાઉન્સિલે મૂકેલ શરતોનું પરપાલન સંતોષપૂર્વક થયું છે કે કેમ તે જોવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૧-૧૯૭૭ની સભામાં નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૩-૬-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૩-૬-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

[સદરહુ સમિતિની તા. ૧૩-૬-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.]

૨૬. નીચેની કૉલેજો/સંસ્થાઓ તરફથી જૂન ૧૯૭૯થી વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવા માટે આવેલી અરજીઓ બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત નક્કી કરવા અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૪-૧૯૭૮ની સભામાં વ્યક્ત કરેલ અભિપ્રાય એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧-૫-૧૯૭૮ની સભામાં સ્વીકાર્ય હોઈ તે પર વિચારણા કરવા બાબત :

૧. શ્રી. લુણાવાડા વિભાગ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા
૨. ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ
૩. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૪. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર.

એકિઝકયુટિવ કાઉન્સિલનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોમાં વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવાની જરૂર આ સભાગૃહને જણાતી નથી એમ આ સભાગૃહનો અભિપ્રાય છે એ અભિપ્રાય સાથે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોમાં વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરવાની જરૂર આ સભાગૃહને જણાતી નથી.

૨૭. ચાલુ વર્ષથી પ્રથમ બી.એ.,બી.એસસી. અને બી.કૉમ.ની પરીક્ષાના અભ્યાસક્રમમાં ફેરફાર થતો હોવાથી આ પરીક્ષાઓની જૂના અભ્યાસક્રમની વધુ બે ટ્રાયલો ઓકટોબર ૧૯૭૮ અને માર્ચ/એપ્રિલ ૧૯૭૯માં લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી. અને ફર્સ્ટ બી.કૉમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ બે પરીક્ષાઓ ઑકટોબર ૧૯૭૮ અને માર્ચ ૧૯૭૯માં લેવાનું રાખવું.

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ અને ગુજરાત સિવિલ સર્વિસની સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વતૈયારી અંગેનો વર્ગ સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગના ઉપક્રમે શરૂ કરવા માટે નીચે દર્શાવ્યા પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કર્યાના :

આવક	રૂ.	ખર્ચ	રૂ.
૫૦ વિદ્યાર્થીઓ. વિદ્યાર્થીદીઠ રૂ. ૧૦૦ પ્રમાણે (૫૦ × ૧૦૦)	... ૫,૦૦૦	અધ્યાપકોને ૨૦ + ૫ ખાસ વિષયોના તાસો રૂ. ૧૫ તાસ દીઠ. કુલ ૨૬ અધ્યાપકો. (૨૫ × ૧૫ × ૨૬=૯૭૫૦)	૯,૭૫૦
આવક કરતાં ખર્ચનો વધારો	... ૫,૦૫૦	પ્રોગ્રામ લીડરનું માનદ વેતન	૩૦૦
કુલ	૧૦,૦૫૦	કુલ	૧૦,૦૫૦.

[**નોંધ.**--આવક કરતાં ખર્ચનો વધારો રૂ. ૫,૦૫૦ બતાવેલ છે તે શ્રી. રમણુભાઈ બી. પટેલ તરફથી મળનાર આર્થિક સહાય સામે એડજસ્ટ કરવામાં આવશે.]

(૨) પેરિફેરલ સેન્ટરમાં પ્રોગ્રામ ઑફિસરની જગ્યાને પ્રોગ્રામ આસિસ્ટન્ટની જગ્યામાં રૂ. ૪૨૧-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦-૨૦-૬૦૦ ઈ.બી. ૨૦-૭૦૦ના પગારધોરણમાં ફેરવ્યાના;

(૩) બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદે જૂન ૧૯૭૮થી વધારાના વિષયો શીખવવાની માન્યતા માટે કરેલી અરજી પર શ્રી. સી. ટી. ભોપટકરની બનેલી એક વ્યક્તિની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૨૯. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૩-૫-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એનજીસી-૧૩૭૭/૨૩૫૮૮-૭૮/ખ થી શારીરિક શિક્ષકોનું પગારધોરણ નીચે મુજબ સુધાર્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

હાલનું પગારધોરણ	સુધારેલ પગારધોરણ
રૂ. ૩૦૦-૨૫-૬૦૦	રૂ. ૪૪૦-૧૧-૫૩૦ઈ.બી.-૧૫-૫૬૦-૨૦-૬૪૦-ઈ.બી.-૨૦-૭૦૦-૨૫-૭૫૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે બાબત નં. ૧૦ના ઠરાવમાં નિર્દિષ્ટ સમિતિને જણાવવું.

૩૦. બાંધકામ સમિતિની તા. ૧૪-૬-૧૯૭૮ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી :

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય સામેની જમીનનું બાકી રહેલું વાયરફેન્સિંગ તથા આર્કિટેક સ્કૂલ સામેની જમીનનું વાયર ફેન્સિંગ, ૧૩૨ ફૂટના રસ્તાની બન્ને બાજુના વાયરફેન્સિંગના ટેન્ડરર શ્રી. જીવરાજભાઈને એ જ ટેન્ડરના ભાવે આપવું.

[સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.]

૩૧. ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી તરફથી પ્રસિદ્ધ થયેલ ૧૯૭૮ના ગુજરાત ઑર્ડિનન્સ ૩ થી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૨માં નીચે પ્રમાણે સુધારો કરવામાં આવ્યો છે તેની નોંધ લઈને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત :

Short title	Extent of Amendment
2. The Gujarat University Act, 1949 (Bom. 50 of 1949)	In Section 42— (*a*) in clause (*i*), after the words " Secondary School Certificate Examination ", the words " in the eleventh standard or the Higher Secondary School Certificate Examination " shall be inserted :

(*b*) the following Explanation shall be added at the end, namely :

"*Explanation.*—In this section 'Higher Secondary School Certificate Examination' means the examination of the students in the twelfth standard."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ ૪૨નો પાઠ સંલગ્ન કૉલેજને અને માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવો.

૩૨–અ. ઉપર બાબત નં. ૩૧ના સંદર્ભમાં રાજ્ય સરકાર તરફથી આ યુનિવર્સિટીનો સ્ટે. ૧૭૩ સુધારવા માટે ગુજરાત ઑર્ડિ. નં. ૪ ઑફ ૧૯૭૮ બહાર પાડવામાં આવ્યો છે તેની નોંધ લેવાનું તથા તે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પરિપત્રિત કરવાનું ઠરાવવામાં આવ્યું.

તે પછી વધુમાં ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારના સદરહુ ઑર્ડિનન્સના સંદર્ભમાં યુનિવર્સિટીનો ઑર્ડિ. ૬૯ અને ૬૯—એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા :

O. 69 :

A student passing the Secondary School Certificate Examination in the eleventh standard conducted by the Secondary School Certificate Examination, Board of Gujarat State or the Higher Secondary School Certificate Examination conducted by Gujarat State Higher Secondary Education Board and eligible for admission to this University under the relevant Statute shall apply through the Principal latest by 31st of August to the Registrar of this Universiy for enrolment and shall at the same time pay a fee of Rs. 10/-. The Principal shall carefully scrutinise the enrolment application of each candidate before granting him admission, subject to the approval of the University. Pending such approval the admission shall be at the cost and risk of the candidate concerned. The application for the enrolment shall be accompanied by the original marksheet and a true copy thereof duly certified by the Principal of the college which he has joined. The Application for the enrolment will not be acceptable if these documents are not supplied with it.*

---

*Students who have passed the aforementioned Examination in any of the years preceding the year of his joining a college will be required to produce, in addition to his marksheet, the original passing certificate and a true copy thereof duly certified by the Principal of the college concerned.

If, for any reason, the application for enrolment cannot be submitted by any candidate in time the Principal shall report to the University the name of such candidate latest by 10th September of each year together with the information regarding subjects taken by the candidate and the marks obtained by him therein at the above mentioned examination, as the case may be.

In the case of ineligible candidates half of the enrolment fee is refundable.

In the event of any doubt or dispute arising in connection with the enrolment, the Vice-Chancellor's decision shall be final.

O. 69–A :

Notwithstanding anything contained in Ordinance 69, an external candidate who has passed the S.S.C. Examination of Secondary School Certificate Examination Board, Gujarate State, or the Higher Secondary School Certificate examination conducted by Gujarat Secondary Education Board, as required under Statute 173 will be required to pay the prescribed fee of Rs. 10/–.

In cases of ineligible candidates one-half of the enrolment fee will be refundable.

૩૨. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, મોડેલી તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણની અરજી પરની એકેડેમિક કાઉન્સિલની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૫-૨-૧૯૭૮ની સભાએ એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલી હતી તે પરની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૫-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની અગાઉની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, મોડેલીને સ્થાનિક તપાસસમિતિના હેવાલમાં નિર્દેષ્ટ કારણો જોતાં જૂન ૧૯૭૮થી બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ નહીં આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૫-૧૯૭૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. રાજ્ય સરકારના નાણા ખાતાના તા. ૩૧-૩-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક ટીજેઆર-૧૦૭૮/૯૩૧/ઝેડમાં પ્રોવિડન્ટ ફંડની રકમના રોકાણ અને તે કામચલાઉ કે કાયમી ધોરણે પરત કરવા અંગે કાર્યવાહી નિયત કરેલ હોઈ તેના સંદર્ભમાં યુનિવર્સિટીએ નિયત કરેલા પ્રોવિડંટ ફંડના નિયમો અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત રાજ્યની તમામ યુનિવર્સિટીઓને સ્પર્શતી હોઈ તે અંગે સર્વસામાન્ય ધોરણે રાજ્ય સરકાર જરૂરી ધારાધોરણો ઘડે એમ તેને સૂચવવું.

૩૪. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ઉશ્વાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક/પરીક્ષકો/નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧-૬-૧૯૭૮ અને તા. ૮-૬-૧૯૭૮ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૬-૧૯૭૮ અને તા. ૮-૬-૧૯૭૮ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

[સદરહુ સમિતિની તા. ૧-૬-૧૯૭૮ અને તા. ૮-૬-૧૯૭૮ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.]

૩૫. પોલિવેલેન્ટ એડલ્ટ એજ્યુકેશન સેન્ટરની સલાહકાર સમિતિની તા. ૪-૬-૧૯૭૮-ની સભાની નોંધ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪-૬-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

[સદરહુ સલાહકાર સમિતિની તા. ૪-૬-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.]

૩૬. બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. આત્મારામ મંગાજી ચાવડાને પોતાના મકાનની મરામત કરાવવા અંગે રૂલે. ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડની રૂ. ૩,૩૦૦ની લોન આપવા અંગેની તેઓની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ. --તેઓના ખાતે નીકળતી જૂની લોન તથા તે પર થતા વ્યાજની રકમ કાપવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આત્મારામ મંગાજી ચાવડાને તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી રૂ. ૩૦૦ની લોન મંજૂર કરવી.

૩૭. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજીના વિભાગમાં લેબો. આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. બી. જી. તલસાણિયાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૬-૧૯૭૮-ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧-૭-૧૯૭૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સ, ગાંધીનગરના ઉપક્રમે એક પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર સ્થાપવા અંગે નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર શરૂ કરવા માટે આ સભાગૃહ સંમત છે એમ જણાવવું.

૩૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૮-૫-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વાણિજ્ય વિદ્યાશાખાના પ્રત્યેક વિષયના વિભાગના વડા તરીકે પૂર્ણ સમયના શિક્ષક હોવા જોઈએ તેવી જોગવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૭૭ની સભાના ઠરાવ નં. ૧૧ અનુસાર ૧૯૭૬-૭૮ના શૈક્ષણિક વર્ષ માટે નિયુક્ત થયેલ રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિની મુદત પૂરી થતી હોઈ તેની ૧૯૭૮-૭૯ના વર્ષ માટે પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સલાહકાર સમિતિની રચના અંગે ભારત સરકારના પત્રાંક ડી.ઓ. નં. એફ ૧૯-૮-૭૬ : એસ.વાય., તા. ૨૨-૫-૧૯૭૬માં નીચે મુજબ ભલામણ કરવામાં આવી છે :

The University should set up Advisory Committees for the National Service Scheme under the Chairmanship of the Vice-Chancellor. The University Advisory Committee should consist of Principals of all colleges selected for the programme, the concerned teachers, office-bearers of college N.S.S. unit and the President of the University Students Union. The constitution of the Advisory Committee for affiliating Universities whose colleges may be widely dispursed, may be suitably modified to suit their requirements.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સલાહકાર સમિતિની પુનર્રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના શિક્ષક શ્રી. પી. વી. દેસાઈની સંશોધન યોજના "Price Level Changes Corporate reporting the Managerial decisions" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૭-૬-૧૯૭૮ના પત્ર ક્રમાંક એફ ૭-૨ (૭૮) એચઆર.થી અનુદાનની રકમ રૂ. ૩,૦૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. યુનિવર્સિટી કાર્યાલયમાં તથા ગ્રંથાલયમાં કામ કરતા સર્વશ્રી એન. સી. ત્રવાડી તથા એમ. એસ. જોશી ને સરેલા પગારપંચના પગારધોરણ સ્વીકારવાની તારીખમાં તેઓનાં નામ સામે જણાવેલ તારીખો મુજબ સ્વીકારવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ	જૂની સ્વીકારેલ તારીખ	સૂચવેલી નવી તારીખ
૧.	શ્રી. એન. સી. ત્રવાડી, હેડ ક્લાર્ક	૧-૧૦-૧૯૭૨	૧-૧-૧૯૭૧
૨.	શ્રી. એમ. એસ. જોશી, હેડ ક્લાર્ક	૧-૧૦-૧૯૭૨	૧-૧૦-૧૯૭૧

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને સુધારેલા પગારધોરણ તા. ૧-૧૦-૧૯૭૨ને બદલે તા. ૧-૧૦-૧૯૭૧થી સ્વીકારવા માટે મંજૂરી આપવી.

૪૩. વાણિજ્ય વિદ્યાભવનના રીડર શ્રી. એચ. કે. ત્રિવેદીનું રીડરના પગારધોરણ રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ મૂલ્યાંકન-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછી મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચે "અ" અને "બ" માંથી એક એક પ્રતિનિધિની તજ્ઞ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) નોંધ.—યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે કોમર્સની અભ્યાસસમિતિએ તૈયાર કરેલી તજ્ઞોની યાદી નીચે પ્રમાણે છે :

૧. શ્રી. જે. સી. સાંડેસરા—મુંબઈ યુનિવર્સિટી
૨. શ્રી. સી. એચ. શાહ— ,,
૩. શ્રી. વી. એમ. કોઠારી—એમ. એસ. યુનિવર્સિટી
૪. શ્રી. એમ. બી. દેસાઈ— ,,
૫. શ્રી. વી. એચ. જોશી—સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૬. શ્રી. એચ. પી. ચોકસી—એમ. એસ. યુનિવર્સિટી
૭. શ્રી. એચ. એન. પાઠક—આઈ. આઈ. એમ., અમદાવાદ
૮. શ્રી. આર. જે. મોદી—સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક્સ, અમદાવાદ
૯. શ્રી. બી. વી. મહેતા—દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
૧૦. શ્રી. એચ. કે. ત્રિવેદી—યુનિવર્સિટી સ્કૂલ ઑફ કોમર્સ, અમદાવાદ
૧૧. શ્રી. એમ. પી. ભટ્ટ—સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(બ) ઉપરોક્ત (અ)માંથી શ્રી. ત્રિવેદીએ સૂચવેલ તજ્ઞોમાંથી એક તજ્ઞનું નામ સૂચવવા અંગે:

૧. ડૉ. જે. સી. સાંડેસરા—મુંબઈ યુનિવર્સિટી
૨. ડૉ. એમ. બી. દેસાઈ—વડોદરા યુનિવર્સિટી
૩. પ્રો. એચ. એન. પાઠક—આઈ. આઈ. એમ., અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે મુજબ તજજ્ઞોની નિમણૂક કરવી :

(અ) હેડળ શ્રી. સી. એચ. શાહ

(બ) હેડળ ડૉ. એમ. બી. દેસાઈ.

૪૪. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી તથા રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક પ્રો. ડી. એન. પાઠકનો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિપદે નિમણૂક થઈ હોઈ તેઓને યુનિવર્સિટીનો પ્રાધ્યાપકની જગ્યા પરનું પદાધિકાર (લિયન) તેઓનો નિવૃત્ત સુધી રાખવા દેવા માટેની તેમણે તા. ૧૫-૬-૧૯૭૮ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— પ્રો. પાઠક તા. ૪—૧૧—૧૯૮૦ (તા. ૩૦—૧૧—૧૯૮૦)ના રોજ યુનિવર્સિટીની સેવામાંથી નિવૃત્ત થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. ડી. એન. પાઠકને સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ તથા રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે પદાધિકાર (લિયન) તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કુલપતિપદ સંભાળવા માટે છૂટા થાય તે તારીખથી તેમની ૬૦ વર્ષની ઉંમર (નિવૃત્તિની તારીખ) સુધી ચાલુ રાખવાની તેમની વિનંતી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રો. ડી. એન. પાઠકની ખાલી પડેલી જગ્યા પર પ્રો. એમ. પી. ભટ્ટની નિમણૂક હંગામી ધોરણે કરવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૪૫. આ યુનિવર્સિટીમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્ષટાઈલ કેમિસ્ટ્રી અંગે શ્રી. ઇન્દ્રવદન પ્રાણલાલ શાહ તરફથી આવેલા તા. ૯-૬-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં અમદાવાદ મિલમાલિક મંડળના અધ્યક્ષશ્રીનો તા. ૧૬-૬-૧૯૭૮નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ટેક્ષટાઈલ કેમિસ્ટ્રીના વિભાગને "પ્રાણલાલ ભીખાભાઈ ટેક્ષટાઈલ કેમિસ્ટ્રી ભવન" એવું નામાભિધાન આપવામાં આવે તે શરતે શ્રી. ઇન્દ્રવદન પ્રાણલાલ શાહ તરફથી મળેલા રૂપિયા આઠ લાખના દાનની ઑફરનો સાભાર સ્વીકાર કરવો.

૪૬. પ્રી-યુનિવર્સિટીના વર્ગો ૧૯૭૮-૭૯ના વર્ષ દરમિયાન પણ ચાલુ રાખવા અંગેની સર્વશ્રી હરિશંકર પંડ્યા, નરહરિ પરીખ, વિનોદકાન્ત સી. શાહ, એમ. એન. દેસાઈ અને કે. એન. શાહ તરફથી આવેલા તા. ૧૬-૬-૧૯૭૮ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્યના શિક્ષણમંત્રીશ્રી સાથે વાતચીત કરીને ઘટતો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૭. સંલગ્ન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં પ્રથમ વર્ષના વર્ગોના નિયંત્રણ બાબતમાં ગ્રામવિસ્તારની કૉલેજો માટે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં પ્રથમ વર્ષના વર્ગોના નિયંત્રણ બાબતમાં યુનિવર્સિટી કાર્યાલયના તા. ૫-૬-૧૯૭૮ના પરિપત્રાંક એકે/બી/૨૩૬૭૬ના પાલનમાંથી ગ્રામવિસ્તારની કૉલેજોને છૂટ આપવી અને તેઓ વિદ્યાર્થી પ્રવેશ અંગેના ઑર્ડ. ૧૨૦-બી ની જોગવાઈઓ અનુસાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે છે તેની તેઓને જાણ કરવી.

૪૮. માર્ચ/એપ્રિલ ૧૯૭૮માં લેવાયેલ ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષા અંગે તા. ૨૭-૫-૧૯૭૮ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો સભાએ કરેલા ઠરાવ અન્વયે પરીક્ષા શુદ્ધિ સમિતિએ તપાસ કરીને આપેલ વચગાળાના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના હેવાલ પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

સદરહુ હેવાલ સ્વીકારવો તથા તેને અનુલક્ષીને ગયા માર્ચ-એપ્રિલમાં લેવાયેલ એફ.વાય.બી.એસસી.ની પરીક્ષામાં ગેરરીતિ આચરવા માટે નીચેના ૨૧ વિદ્યાર્થીઓનાં પરિણામ રદ કરવાનું તથા તેમના કેસોમાં તેમને વધુ સજા કરવી કે કેમ અને કરવી તો શી અને કેટલી તે અંગે તથા એમાં સંડોવાયેલા અન્યની સામે શું પગલાં ભરવાં તે અંગે વધુ તપાસ કરીને નિર્ણય લેવામાં આવે તે દરમ્યાન તેમને ગુજરાત યુનિવર્સિટીના કોઈ પણ અભ્યાસક્રમમાં કે પરીક્ષામાં પ્રવેશ આપવો નહીં, એમ તા. ૧૫મી જૂન ૧૯૭૮થી નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયેલું હોઈ, વચગાળાના નિર્ણયરૂપે ઠરાવવામાં આવે છે.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૩૯૪૮૮/૧૯૭૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯
જુલાઈ ૧૦/૭/૧૯૭૮

કં. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૪-૬-૧૯૭૮ને બુધવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. રામમૂર્તિ, શિક્ષણ નિયામક	ગેરહાજર
૩. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૪. ડૉ. વિનોદકાન્ત સી. શાહ	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૦-૫-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૦-૫-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર માટે દવાઓ મંગાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે દવાઓની ગુણવત્તા વગેરે જોતાં આ સાથેના **પરિશિષ્ટ "સી"**માં બતાવ્યા પ્રમાણેની દવાઓ ટેન્ડરમાં જણાવેલ શરતો પ્રમાણે ખરીદવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે (૧) સ્ટ્રિપ ચાર્ટ્સ, (૨) રેકોર્ડિંગ પેન તથા (૩) પર્પલ ઈન્ક વેસ્ટ જર્મનીથી આયાત કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિભાગ માટે M's Hartmann & Broun W. Jermany પાસેથી નીચે પ્રમાણેના ચાર્ટરોલ-પેપર્સ ખરીદવા અંગે અંદાજી ખર્ચ રૂ. ૩,૦૦૦ (રૂપિયા ત્રણ હજાર) + અન્ય ખર્ચ જુદાં ગણી આયાત કરવા મંજૂરી આપવી :

Sr. No.	*Cat No.*	*Description*	*Quantity*	*Total price D.M.*
1.	1887-531	Strip charts paper No. 25571 RLA	30 rolls	96-90
2.	1887-653	Strip Chart papers No. 38143 *KA2*	20 rolls	168-00
3.	1885-263	Recording pen	6	124-80
4.	1886-114	Ink, Purple	3 bottles	15-60
				301-00
		Packing, airmail, fob, airfreight etc.		405-30
				DM 706-30

૪. વિજ્ઞાન વિદ્યાભવનના માઈક્રોબાયોલોજી વિભાગ માટે કલ્ચર મીડિયા ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી અને આ અંગે બીજી પાર્ટીઓના ભાવ મંગાવીને રજૂ કરવાનું રાખવું.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગ માટે માઈક્રો ફોટોગ્રાફિક એટેચમેન્ટ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે માઇક્રો ફોટોગ્રાફિક એટેચમેન્ટ મે. એ. સેવન્તીલાલ એન્ડ બ્રધર્સ પાસેથી તેઓના તા. ૨૨-૫-૧૯૭૮ના પત્રમાં જણાવેલ શરતોએ અને રૂ. ૨,૩૦૦ (રૂપિયા બે હજાર ત્રણસો)ની કિંમત સુધીમાં ખરીદવું.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગ માટે ડી.સી.એમ. માઈક્રોસિસ્ટમ કેલ્કયુલેટર્સ ખરીદવા અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનન આંકડાશાસ્ત્ર વિભાગ માટે ડી.સી.એમ. માઈક્રો સિસ્ટમ કેલ્કયુલેટર્સ ડી.સી.એમ. ડેટા પ્રોડકટસના તા. ૨૧-૨-૧૯૭૮ના પત્રમાં જણાવેલ કિંમત અને શરત પ્રમાણે ખરીદવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે માઈક્રો સિસ્ટમ યુનિવર્સિટી કોમ્પ્યુટર વિભાગમાં રાખવું.

૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એ. સી. ઈ. ૧૨૫૦ ઈલેકટ્રો કોપીયર મશીનનો ઓર્ડર રોમ્રિક માર્કેટિંગ સર્વિસીસને બદલે દાસ રિપોગ્રાફિકસ લિમિટેડ, કલકત્તાને આપવા મંજૂરી આપી;

(૨) યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સેન્ટર માટેના કાર્ડ રૂા. ૩૨—૧૫ પૈસા ૧,૦૦૦ના ભાવને બદલે રૂા. ૩૨—૩૫ પૈસા ૧,૦૦૦ કાર્ડનો ભાવ આઈ. ડી. એમ. કંપનીને આપવા મંજૂરી આપી;

(૩) યુનિવર્સિટીની ઈલેકિટ્રક લાઇટના કેબલ ફોલ્ટને રિપેર કરાવવા માટે રૂા. ૨,૭૦૦ (રૂપિયા બે હજાર સાતસો)નું ખર્ચ મંજૂર કર્યું તથા આ કામ અમદાવાદ ઇલેકિટ્રસિટી પાસે કરાવવા મંજૂરી આપી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી હતી.

૮. યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓની મતદાર યાદીઓ તૈયાર કરવા માટે છાપકામ માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એક પાનાના રૂા. ૧૮—૫૦ લેખે અને ટેન્ડરમાં જણાવેલ શરતો પ્રમાણે નીચેનાં પ્રેસમાંથી જે પણ પ્રેસ કામ કરવા તૈયાર હોય તેને કામ સોંપવું.

નં.	પ્રેસનું નામ	તમામ ખર્ચાઓ સહિત ફૂલસ્કેપ (એક) પેજનો કંપોઝ, પ્રિન્ટિંગ, પ્રૂફરીડિંગ તથા બાઈન્ડિંગ ખર્ચ સાથેના નેટ ભાવ (તમામ ખર્ચાઓ સાથે)
૧.	મહેશ મુદ્રણાલય, શંકર ભુવન, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ	૩. ૧૮–૫૦
૨.	વિક્ટોરિયા પ્રિન્ટરી, ઢોંકવાવાડી, પૂલ નીચે, ગાંધીરોડ, અમદાવાદ	૩. ૧૮–૫૦
૩.	શાહ પ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનર્સ, શંકર ભુવન પાછળ, શાહપુર, અમદાવાદ	૩. ૧૮–૫૦
૪.	રાજરતન પ્રેસ, રખિયાલ, અમદાવાદ	૩. ૧૮–૫૦
૫.	મોડર્ન પ્રિન્ટર્સ, ગાંધીગ્રામ રેલવે સ્ટેશન સામે, એલિસબ્રિજ, અમદાવાદ	૩. ૧૮–૫૦
૬.	એમ. બાબુલાલ પ્રિન્ટરી, રતનપોળ, અમદાવાદ	૩. ૧૮–૫૦
૭.	ધરતી મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ	૩. ૧૮–૫૦
૮.	અશોક આર્ટ પ્રિન્ટરી, મ્યુ. ઑપેરેશન, ખમાસા ગેટ, અમદાવાદ	૩. ૧૮–૫૦
૯.	અજય પ્રિન્ટરી, રાયપુર ચકલા, અમદાવાદ.	૩. ૧૮–૫૦

૯. યુનિવર્સિટીના વાણિજ્ય વિદ્યાભવન માટે ડિસપ્લે બોર્ડ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાભવન માટે ડિસપ્લે બોર્ડ ખરીદવાની જરૂરત આ સમિતિને જણાતી નથી.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિભાગ માટે ટ્રાન્સમિટિંગ વાલ્વ ઇંગ્લાંડથી આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિક વિભાગ માટે ટ્રાન્સમિટિંગ વાલ્વ નંગ ચાર ટાઈપ સી. ૧૧૫૦—૧ અને બેઈઝ માઉન્ટ ટાઈપ્સ બી. ૪ એ. મે. ઇંગ્લિશ ઇલેક્ટ્રિક વાલ્વ કંપની લિ., ઇંગ્લાંડ પાસેથી આયાત કરવા માટે રૂ. ૪,૨૦૦ (રૂપિયા ચાર હજાર બસો) વત્તા કસ્ટમ ડયુટી ઓકટ્રોય અને અન્ય ખર્ચ જુદા ગણી આયાત કરવા.

૧૧. વાણિજ્ય વિદ્યાભવન માટે જરૂરી ફર્નિચર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાભવન તેના જુદા મકાનમાં શરૂ થતું હોવાથી ફર્નિચરની તાત્કાલિક જરૂરિયાત હોવાથી ફરીથી નવાં ટેન્ડરો મંગાવવાનું બની શકે તેમ નથી તે જોતાં મે. ન્યૂ. ફર્નિચર માર્ટ પાસેથી આવેલ ટેન્ડરના ભાવે અને શરતો પ્રમાણે નીચે પ્રમાણે ફર્નિચર ખરીદવું.

બેન્ચીઝના ભાવ :

૧. બેન્ચ ટાઈપ "એ"	રૂ.	૩૨૦-૦૦	નંગ ૧૫
૨. ,, "બી"	રૂ.	૩૫૬-૦૦	નંગ ૬૯
૩. ,, "સી"	રૂ.	૧૮૭-૦૦	નંગ ૧૫

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ન. જે. પાઠક
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૫

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની સને ૧૯૭૮ની દ્વિતીય સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર, તા. ૫—૬–'૭૮ના રોજ સવારના ૯–૦૦ કલાકે કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧ કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. આર. જે. જોશી	હાજર
૩. શ્રી. એ. એસ. નાગર	હાજર
૪ શ્રી. આર. એ. મલાઘી	ગેરહાજર
૫. ડૉ. ઈ. એ. સોલોમન	ગેરહાજર
૬. શ્રી. આર. કે. ધારૈયા	હાજર
૭. શ્રી. એમ. પી. ભટ્ટ	હાજર
૮. શ્રી. વી. પી. શાહ	ગેરહાજર
૯. શ્રી. ડી. એન. પાઠક	ગેરહાજર
૧૦. શ્રી. પરેશ મજમુદાર	ગેરહાજર
૧૧. શ્રી. જે. એ. થાન્નિક	હાજર
૧૨. શ્રી. એચ. ડી. બદામી	હાજર
૧૩. શ્રી. કે. જી. દેસાઈ	હાજર
૧૪. શ્રી. એસ. ડી. વર્મા	ગેરહાજર
૧૫. શ્રી. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૧૬. શ્રી. વી. સી. શાહ	હાજર
૧૭. શ્રી. સી. જી. ખત્રી	ગેરહાજર
૧૮. શ્રી. એચ. એન. રાવળ	ગેરહાજર
૧૯. શ્રી. એચ. કે. ત્રિવેદી	ગેરહાજર
૨૦. શ્રી. એસ. જી. દેસાઈ	ગેરહાજર
૨૧. શ્રી. વાય. ડી. વ્યાસ	ગેરહાજર
૨૨. શ્રી. કે. જે. ભટ્ટ	ગેરહાજર
૨૩. મિસ બી. એમ. ત્રિવેદી	ગેરહાજર
૨૪. શ્રી. સી. આઈ. ઝાલા	હાજર
૨૫. શ્રી. ડી. ડી. દેસાઈ	હાજર

૨૬. શ્રી. કશ્યપ ભાર્ગવ	ગેરહાજર
૨૭. શ્રી. એચ. જી. શાસ્ત્રી	ગેરહાજર
૨૮. શ્રી. એસ. જે. દામાણી	ગેરહાજર
૨૯. શ્રી. સુમંત મજમુદાર	ગેરહાજર
૩૦. શ્રી. દેવેન્દ્ર લાલ	ગેરહાજર
૩૧. શ્રી. વાય. કે. અલઘ	ગેરહાજર
૩૨. શ્રી. પી. સી. મહેતા	ગેરહાજર
૩૩. શ્રી. એન. જે. શાહ	ગેરહાજર
૩૪. શ્રી. એસ. કે. ચેટરજી	ગેરહાજર
૩૫. શ્રી. યશપાલ	ગેરહાજર
૩૬. શ્રી. પોલ	ગેરહાજર
૩૭. શ્રી. બી. એમ. શુકલ	હાજર
૩૮. શ્રી. એમ. પી. કક્કર	હાજર

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૦-૧-૧૯૭૮ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૦-૧-૧૯૭૮ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવીમાં માન્યતા મેળવવા આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કુલ યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓમાં અને સ્વીકૃત સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોની બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા માટેની તેમની અરજીના સંદર્ભમાં :

(૧) નીચેના શિક્ષકોને તેમના નામ સામે જણાવેલ સંસ્થામાં તેઓ પ્રોફેસરનો કે તેની સમકક્ષ હોદ્દો ધરાવતા હોઈ તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. વિદ્યાર્થીઓને માટે માર્ગદર્શક શિક્ષક તરીકે તેમને માન્યતા આપવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/ભવન/સંસ્થાનું નામ	માન્યતાનો વિષય
૧.	બકુલ એચ. ધોળકિયા	ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ	અર્થશાસ્ત્ર
૨.	ડૉ. એસ. કૃષ્ણાસ્વામી	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ફિઝિકસ-કેમેસ્ટ્રી (જીઓ. ફિઝિકસ, જીઓ. કેમેસ્ટ્રી ઓશનોગ્રાફી)

(૨) નીચેના શિક્ષકોના સંશોધન લેખો જરૂરી ગુણવત્તા (recognised merits) ધરાવે છે કે કેમ તે અંગે અભિપ્રાય મેળવવા માટે જે તે શિક્ષકોના નામ સામે જણાવેલ તજ્જ્ઞને મોકલવા અને તેમના અભિપ્રાય આવેથી તે પર જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

ક્રમાંક	શિક્ષક—કૉલેજ/સંસ્થાનું નામ	વિષય	તજ્જ્ઞનું નામ
૧.	**શ્રી. ચંદ્રશેખર** પુરુષોત્તમ ભટ્ટ, **સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ,** **અમદાવાદ**	ગુજરાતી	શ્રી. અમૃતલાલ યજ્ઞિક, મુંબઈ
૨.	શ્રી. સુમનચંદ્ર ગોવિંદલાલ શાહ, યુનિવર્સિટી ભાષા-ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯	ગુજરાતી	ડૉ. ભોગીલાલ સાંડેસરા, વડોદરા
૩.	શ્રી. અનિરુદ્ધ લાલજીભાઈ પ્રભભટ્ટ, યુનિ. ભાષાભવન, ગુ.યુનિ., અમદાવાદ-૯	ગુજરાતી	શ્રી. રણજિતભાઈ પટેલ, ૨૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા
૪.	શ્રી. ભોળાભાઈ શંકરદાસ પટેલ, યુનિ. ભાષાભવન, ગુ.યુનિ., અમદાવાદ—૯	હિંદી	ડૉ. ગુપ્તા એમ. જી., ડિપાર્ટમેન્ટ ઑફ હિન્દી, એમ. એસ. યુનિ. ઑફ બરોડા, વડોદરા
૫.	શ્રી. ગૌતમ વાડીલાલ પટેલ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	સંસ્કૃત	ડૉ. કાપડિયા, એસ. પી. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
૬.	શ્રી. નવનીતલાલ આનંદીલાલ આચાર્ય, એચ. કે. કૉલેજ, અમદાવાદ	ભારતીય સંસ્કૃતિ	ડૉ. સાંકળિયા એચ. ડી., પૂના
૭.	શ્રી. ડી. એચ. સુતરિયા, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ઇતિહાસ	(ક્રમાનુવર્તી) ૧. ડૉ. મિશ્રા, ઇતિહાસ વિભાગના વડા, એમ. એસ. યુનિ., વડોદરા ૨. ડૉ. માથુર બી. બી., ઉદેપુર
૮.	શ્રી. જી. એમ. વેંકટેશ, અટિરા, અમદાવાદ	ભૌતિકવિજ્ઞાન	ડૉ. એ. આર. પટેલ, એસ. પી. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

ક્રમાંક	શિક્ષક—કૉલેજ/સંસ્થાનું નામ	વિષય	તજ્જ્ઞનું નામ
૯.	ડૉ. એ. આર. પ્રસન્ના, પી. આર. એલ., અમદાવાદ	મંથેમેટિકસ (ફક્ત)	ડૉ. શ્રી. ખંડે,
૧૦.	ડૉ. હરીશચંદ્ર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯	ભૌતિકવિજ્ઞાન (આયેાનો સ્ફેરિક ફિઝિકસ)	ડૉ. ઉદગાંવકર, ટાટા ઇન્સ્ટિ. ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈ
૧૧.	ડૉ. જહોન પી. આઈ., ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ભૌતિકવિજ્ઞાન	ડૉ. એન એસ. પંડયા, એમ. એસ યુનિ. ઑફ બરોડા, વડોદરા
૧૨.	ડૉ. કે. ગોપાલન, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ભૌતિકવિજ્ઞાન	ડૉ. એમ. એસ. જોશી, એસ. પી. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
૧૩.	ડૉ. અહમદહુસેન નૂરમિયાં કુરેશી	૧. પર્શિયન ૨. ઉર્દૂ	ડૉ. આબીલ એસ. એ. એચ., દિલ્હી યુનિ., ન્યૂ દિલ્હી.

(૩) નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવીના માગદર્શક તરીકે માન્યતા આપવી નહી :

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થાનું નામ	વિષય
૧.	ડૉ. વિજય પ્રકાશ શર્મા	બી. એમ. ઇન્સ્ટિટયૂટ ઑફ મેન્થલ હેલ્થ, અમદાવાદ	મનોવિજ્ઞાન
૨.	ડૉ. જગદીશચંદ્ર જેઠાલાલ ત્રિવેદી	શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	બાયોકેમેસ્ટ્રી
૩.	શ્રી. ઓમ પ્રકાશ શેઠી	એલ. એમ. ફાર્મસી કૉલેજ, અમદાવાદ	ફાર્મેકોલોજી
૪.	ડૉ. સુભાષ ચંદર વર્મા	ઉપર મુજબ	ફાર્મેકોલોજી એન્ડ ટોકસીકોલોજી
૫.	ડૉ. ધીરુભાઈ ઈશ્વરલાલ પરીખ	યુનિ. ભાષા-ભવન, ગુ. યુનિ., અમદાવાદ	ગુજરાતી
૬.	ડૉ. હરિનારાયણ અંબાલાલ વ્યાસ	આર્ટસ કૉલેજ, મેાડાસા	ગુજરાતી

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રોફેસરો, રીડરોને પીએચ.ડી.ના માર્ગદર્શન શિક્ષકો તરીકે માન્ય ગણવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ઇન્ડિયન ઇન્સ્ટિટચ ટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદના પ્રોફેસર ડૉ. તુષાર કાન્તિ મૌલિક સમાજશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ના માન્ય અનુસ્નાતક શિક્ષક છે તેમની તે વિષય ઉપરાંત મેનેજમેન્ટ વિષયમાં માન્યતા આપવા અંગેની અરજી પર વિચારણા કરવા બાબત.

ઇન્ડિયન ઇન્સ્ટિટચૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદના પ્રોફેસર તુષાર કાન્તિ મૌલિકને સમાજશાસ્ત્ર ઉપરાંત "મેનેજમેન્ટ"ના વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. હાલના ઑર્ડિ. ૬૫-એફ. (૧) અને ઑર્ડિ. ૬૫-એમ.(૧)માં એમ.ફિલ.ની પદવી ધરાવનાર સંલગ્ન કૉલેજ-માન્ય સંસ્થાના શિક્ષકને માન્ય અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ અનુસ્નાતક શિક્ષકની માન્યતા આપવા માટે કેટલા વર્ષનો શૈક્ષણિક અનુભવ જોઈએ તે માટેની જોગવાઈ ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સંલગ્ન કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કાર્ય કરતા શિક્ષક જો એમ.ફિલ.ની પદવી ધરાવતા હોય તો તેમને માન્ય અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટે પાંચ વર્ષનો પદવી કક્ષાના શિક્ષણકાર્યનો તથા મદદનીશ અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટે ત્રણ વર્ષની પદવી કક્ષાના શિક્ષણ-કાર્યનો શૈક્ષણિક અનુભવ આવશ્યક ગણવા અને અનુક્રમે ઑર્ડિ. ૬૫-એફ. (૧) હેઠળ (ડી) તરીકે અને ઑર્ડિ. ૬૫-એમ. (૧) હેઠળ (ઈ) તરીકે નીચે મુજબનો ભાગ ઉમેરી તે તે ઑર્ડિનાન્સ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

ઑ. ૬૫-એફ. (૧) હેઠળ (ડી) તરીકે ઉમેરવાનો ભાગ :

(*d*) A teacher with M.Phil. degree and five years' teaching experience in the subject or degree level.

ઑ. ૬૫-એમ. ૧ હેઠળ (ઈ) તરીકે ઉમેરવાનો ભાગ :

(*e*) A teacher with M.Phil. degree and three years' teaching experience in the subject or degree level.

બાબત નં. ૫ અને ૧૨ની વિચારણા એકસાથે કરવામાં આવી.

૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૦-૧-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૬-૨-૧૯૭૮ની સભામાં પુનર્વિચારણા માટે મોકલી આપવા ઠરાવેલ હોવાથી તે પર પુનર્વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતાના ઑર્ડિ. ૬૫-એચ.ના (એ)માં જ્યાં ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ દર્શાવ્યો છે તેને બદલે ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ પર્યાપ્ત ગણવો અને તે સિવાયનો ભાગ(સંશોધનકાર્યની ગુણવત્તા અંગે)નો યથાવત્ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી. ચી. સી. શાહના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

Add the following as (c) under O. 65-H :

(*c*) (*i*) A Bachelor and Master degree with at least Second Class in the subject; and

(*ii*) At least 10 years' teaching experience at P.G. classes; and

(*iii*) must have guided at least ten dissertations.

(૧) આથી આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવાના ઑર્ડિ. ૬૫-એચ.ના (એ)વાળા ભાગમાં જ્યાં ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ આવશ્યક ગણ્યો છે તેમાં કોઈ ફેરફાર કરવો નહીં.

(૨) ઑર્ડિ. ૬૫-એચ.માં સી. તરીકે નીચે મુજબનો ભાગ ઉમેરી તે ઑર્ડિનાન્સ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(*c*) (*i*) A bachelor and Master degree with at least Second Class in the subject and

(*ii*) At least 10 years' teaching experience at P.G. classes.

(*iii*) Must have guided at least fifteen dissertations.

૬. બી. યુ. ટી. એન્ડ આર.ની તા. ૧૩-૧૦-૧૯૭૬ની સભાની નીચેની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૧૧-૧૯૭૬ની સભામાં મંજૂર રાખી છે તેની ફેર વિચારણા કરવાની શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

"અનુ. નિયમ નં. ૩૯ની નીચે જણાવેલો પેટાનિયમ નં. ૩ રદ કરવો.

વધુમાં આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે, અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલય માટે ખર્ચ કરવું નહીં, પરંતુ જે તે વિષયમાં જરૂરી એવાં પુસ્તકો, સામયિકો ઇત્યાદિ યુનિવર્સિટી ગ્રંથાલયમાં વસાવવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદના શિક્ષક શ્રી. પંડ્યા અમૃતલાલ ડાહ્યાભાઈ જે પીએચ.ડી. પદવી માટે મિકેનિકલ એન્જિ. શાખાના વિષયમાં પીએચ.ડી. માટે સંશોધન કરવા ઇચ્છે છે તે વિષયમાં આપણી યુનિવર્સિટીમાં માન્ય શિક્ષક નથી, તેમની જયપુરના ડૉ. કે. એસ. શાહના માર્ગદર્શન હેઠળ નોંધાવવા માટે આવેલ અરજી પર ઑર્ડિ. ૩૨૪-સી મુજબ વિચારણા કરવા બાબત.

એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદના શિક્ષક શ્રી. પંડ્યા અમૃતલાલ ડાહ્યાભાઈને આ યુનિ.ના ઑર્ડિ. ૩૨૪-બી અન્વયે મિકેનિકલ એન્જિનિયરિંગ શાખાના વિષયમાં માલવિયા રિજયોનલ એન્જિનિયરિંગ કૉલેજ, જયપુરના ડૉ. કે. એસ. શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.

પદવી માટે નોંધાઈ આ યુનિવર્સિટીમાં મહાનિબંધ રજૂ કરવા પરવાનગી આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. ગુજરાત યુનિ. ધારાની કલમ ૩૫ 'અ' અન્વયે આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા તરીકે માન્યતા ધરાવતી "ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી"ના મંત્રીશ્રીએ તેમના તા. ૪-૪-૧૯૭૮ના પત્રાંક ૨૩-એઆર (યુ.એલ.સી.) ટી.જી.૭૮થી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને એકાઉન્ટન્સી, ઑડિટિંગ, ટેક્સેશન, મેનેજમેન્ટ અને આનુષંગિક વિષયોમાં પીએચ.ડી. ગાઈડ્સ તરીકે માન્યતા આપવા માટે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

તમામ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને અરજી કર્યા વગર એકાઉન્ટન્સી, ઑડિટિંગ, ટેક્સેશન, મેનેજમેન્ટ અને આનુષંગિક વિષયોમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાની સદરહુ સંસ્થાના મંત્રીશ્રીની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી, તેમ જણાવવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ન્યૂ દિલ્હીના મંત્રીશ્રીને જણાવવું કે આ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જેઓ પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષકની માન્યતા મેળવવા જરૂરી લાયકાત ધરાવતા હશે તો તેમને માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા અરજી આવ્યેથી તે પર વિચારણા કરવામાં આવશે.

૯. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા પરિશિષ્ટમાં દર્શાવેલ શિક્ષકોને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યાના;

(૨) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો—માન્ય સંસ્થાઓમાં કામ કરતા પરિશિષ્ટમાં દર્શાવેલ શિક્ષકોની અનુસ્નાતક શિક્ષક તરીકેની અરજીઓ નામંજૂર કર્યાના;

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો—સંસ્થાઓમાં કામ કરતા પરિશિષ્ટમાં દર્શાવેલ શિક્ષકોને મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના;

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો—સંસ્થાઓમાં કામ કરતા પરિશિષ્ટમાં દર્શાવેલ શિક્ષકોની માન્યતા એક કૉલેજ-સંસ્થામાંથી બીજી કૉલેજ-સંસ્થામાં બદલી આપ્યાના;

(૫) ડૉ. બી. એસ. વૈદ્ય આ યુનિવર્સિટીમાંથી છૂટા થવા હોવાથી બોટાની વિષયમાં તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ નીચે જણાવેલા વિદ્યાર્થીઓએ તેમનાં સંશોધનકાર્ય તેઓ મારફતે પૂરાં કરવા પરવાનગી આપ્યાના :

૧.	શ્રી. પાઉલભાઈ જીવાભાઈ ક્રિશ્ચિયન	રજિસ્ટ્રેશન	તા. ૫-૧૨-૧૯૭૩
૨.	શ્રી. મહેન્દ્ર પોપટલાલ ખત્રી	,,	૩-૧૨-૧૯૭૩
૩.	કુ. કૃપા પુંડરીકભાઈ નાણાવટી	,,	૮-૮-૧૯૭૪
૪	કુ. રાજુ વર્મા	,,	૧૧-૭-૧૯૭૫
૫.	શ્રી. અગદેવચંદ્ર ટી. અલક્ષત્રિય	,,	૨-૭-૧૯૭૬
૬.	શ્રી. ઉત્તરવાર લક્ષ્મણ બાપુરાવ	,,	૧૭-૧૧-૧૯૭૬
૭.	શ્રી. યશેશચંદ્ર શાન્તિલાલ અંતાની	,,	૧૫-૬-૧૯૭૭

૬. (૧) યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના શિક્ષક ડૉ. જે. જે. શુકલના માર્ગદર્શન હેઠળ The theory of Relations in Contemporary Logic-A study" મુદ્દા સાથે તત્ત્વજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રી. વી. કે. પટેલને નોંધવાની પરવાનગી આપ્યાના.

(૨) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદમાંથી છૂટા થઈ ગીરી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ સ્ટડીઝ, લખનૌમાં અધ્યક્ષશ્રી તરીકે જોડાયેલા ડૉ. ટી. એસ. પપોલાના માર્ગદર્શન હેઠળ પોતાનું અધૂરું રહેલું કાર્ય પૂરું કરી તેમનો મહાનિબંધ રજૂ કરવાની નીચેના બે વિદ્યાર્થીઓને પરવાનગી આપ્યાના :

(૧) શ્રી રાકેશ ખુરાના

(૨) શ્રી પીચોલિયા એમરાજ.

(૩) યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાંથી નિવૃત્ત થયેલાં સમાજશાસ્ત્ર વિષયનાં પ્રોફેસર ડૉ. તારાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ (અ) પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ ૧. શ્રી. એ. જે. ભટ્ટ તથા ૨. કુ. બી એસ. ગાંધીને તેમનું સંશોધનનું અધૂરું રહેલ કાર્ય પૂરું કરી મહાનિબંધ રજૂ કરવાની પરવાનગી આપ્યાના તથા (બ) માસ્ટર એસેનું અધૂરું રહેલ કાર્ય પૂરું કરી ડૉ. તારાબહેન પટેલ મારફતે ડિઝર્ટેશન રજૂ કરવાની પરવાનગી આપ્યાના તથા (ક) ડૉ. તારાબહેન પટેલ નિવૃત્ત થતાં પહેલાં તેમને સોંપવામાં આવેલ કોર્સ વર્કનું અધૂરું રહેલ કાર્ય પૂરું કરવાની પરવાનગી આપ્યાના.

(૪) એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ડૉ. એમ. એચ. પારેખ હેઠળ પીએચ.ડી. પદવી ગુજરાતી વિષયમાં નોંધાયેલાં વિદ્યાર્થી કુ. વડાદરા શારદાબહેન બાબુભાઈએ સંશોધન માટે રાખેલ શીર્ષક સાથે એક અન્ય વિદ્યાર્થી નોંધાયેલ હોવાથી નીચેનું શીર્ષક રાખીને નોંધવાની પરવાનગી આપ્યાના :

"શ્રી. ઈશ્વર પેટલીકર—એક અધ્યયન"

કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(માન્યતા આપેલ અનુ. શિક્ષકોની યાદી—**પરિશિષ્ટ "ક"** તરીકે; માન્યતા ન આપેલ અનુ. શિક્ષકોની યાદી—**પરિશિષ્ટ "ખ"** તરીકે; માન્યતા આપેલ મદદનીશ અનુ. શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "ગ"** તરીકે; એક કૉલેજમાંથી બીજી કૉલેજ-સંસ્થામાં માન્યતા બદલી આપેલ શિક્ષકોની યાદી—**પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૦. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯-૪-૧૯૭૮ની સભામાં થયેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"પીએચ.ડી. પદવીના કોઈ મહાનિબંધની બાબતમાં ઑર્ડ. ૩૨૧ (૧) મુજબ રેફરીઓમાં મતભેદ (tie) પડતાં ચોથા રેફરી તરીકે જે વ્યક્તિની નિમણૂક કરવામાં આવે તે વ્યક્તિને બીજા રેફરીઓના

રિપોર્ટની નકલ મોકલવી કે કેમ તે પ્રશ્ન બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવો."

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૧. ડૉ. જે. જે. ચિનોયનું અવસાન થવાથી તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા નીચેના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબ પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧.	કુ. આર. ટી. જસદણવાળા	મૌખિક પરીક્ષા માટે અન્ય કોઈ ઇન્ટર્નલ એકઝામિનરની નિમણૂક કરવી
૨.	કુ. કે. સી. ભટ્ટ અને શ્રી. પી. પી. વૈશ્નવ	તેમના મહાનિબંધો અધ્યક્ષશ્રી, વિજ્ઞાન વિદ્યાભવન મારફતે રજૂ કરવા પરવાનગી આપવી
૩.	શ્રી. ડી. બી. જાડેજા શ્રી. એ એસ. જોશી શ્રી. એન. એમ. શર્મા	તેમના અધૂરા રહેલા સંશોધનકાર્ય યુનિ.ના કોઈ અનુકૂળ માન્ય માર્ગદર્શક મારફતે પૂરું કરવા જણાવવું.

કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી વી. સી. શાહના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

Add the following as (*c*) under O. 65-H

or

(*c*) (*i*) A Bachelor and Master degree with at least Second Class in the subject

and

(*ii*) At least 10 years' teaching experience at P.G. Classes.

and

(*iii*) and must have guided at least ten dissertations.

(આ બાબત નં. ૧૨ની વિચારણા ક્રમાંક ૫ સાથે કરવામાં આવી છે.)

૧૩. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા ભૂસ્તરવિજ્ઞાન વિષયના અનુ. કેન્દ્રના નીચેના શિક્ષકોની તદર્થ (adhoc) ધોરણે આપેલી માન્યતાની મુદત તા. ૧૪-૬-૧૯૭૮ના રોજ પૂરી થાય છે તો તેમની માન્યતાની મુદત લંબાવી આપવા અંગે વિચારણા કરવા બાબત :

૧. પ્રો. એસ. મુખર્જી (શિક્ષક)
૨. પ્રો. બી. ટી. દવે (શિક્ષક)
૩. શ્રી. જી. બી. પંડ્યા (મદદનીશ)

એમ જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.એસસી. જિયોલોજી વિષયનું અનુ. કેન્દ્ર તદર્થ (adhoc) ધોરણે વધુ એક વર્ષ ૧૯૭૮—૭૯ દરમ્યાન ચાલુ રાખવા અને પ્રો. વી. ડી. દવે (શિક્ષક), શ્રી. જી. બી. પંડ્યા (મદદનીશ)ની માન્યતાની મુદત તદર્થ ધોરણે તા. ૧૪-૬-૧૯૭૯ સુધી લંબાવી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. શૈક્ષણિક વર્ષ ૧૯૭૭-૭૮ના દ્વિતીય સત્રથી પીએચ.ડી. પદવી માટે નોંધાવવા માટે આવેલા નીચે દર્શાવ્યા મુજબના વિદ્યાર્થીઓનાં પીએચ.ડી. મહાનિબંધનાં શીર્ષક માન્ય કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	શીર્ષક	માર્ગદર્શક શિક્ષક અને સંસ્થાનું નામ
1	2	3	4	5
1.	Shri Akula Chakradharudu Satyanarayana Moorty	Botany	Metabolic Changes during vegetative and reproductive differentiation in Paspalidium and Limnophyton	Prof. C. K. Shah, University School of Sciences, Ahmedabad-9.
2.	Shri Kulkarni Channabasanagooda Doddanagouda.	Botany	Histochemical studies during reproductive development in Oryza and Vallisneria	Dr. C. K. Shah, University School of Sciences, Ahmedabad-9.
3.	Kum. Lahiri Swati Ajiykumst	Chemistry	Studies on organic analytical reagents.	Dr. Miss M. H. Gandhi, Ahmedabad.
4.	Shri Desai Hemant Thakorbhai	Chemistry	Studies in Environmental pollution	Dr. R. K. Shah, Uni. School of Sciences, Ahmedabad-9
5.	Kum. Sasamma P. K. Varghese	Botany	Role of Assorbic acid in the biosynthesis of Solasodine in berries of solananum Khasianum and Solanum Kanthocapum.	Prof. J. J. Chinoy, Uni. School of Sciences, Ahmedabad-9.
6.	Shri Soni Prakashchandra Jayantilal	Microbiology	Degradation of Hydrocarbons by Microorganisms	Prof. S. G. Desai, Uni. School of Sciences, Ahmedabad.

1	2	3	4	5
7.	Shri Dave Hemant-kumar Kanaiyalal	Botany	Histochemical studies during developmental stages of Cenchrus L. and Naias	Dr. C. K. Shah, Uni. School of Sciences, Ahmedabad.
8.	Shri Mandavia Chetna Kanubhai	Botany	Studies in Stress Physiology	Dr. A. D. Vora, Uni. School of Sciences, Ahmedabad.
9.	Devaki Radha-mma Pavithran	Medical	Occupational Health Razards in Female Coir Workers	Dr. S. K. Chat-terjee National Institute of Occ-upational Health, Ahmedabad.
10.	Shri Patel Vinubhai Kalyanbhai	Philosophy	The Theory of Relations in Contemporary Logic	Dr. J. J. Shukla University School of Sciences, Ahmedabad–9.
11.	Kum. Shah Rekha Kantilal	Sanskrit	"જૈન દૃષ્ટિએ આત્મ-સ્વરૂપ" (પ્રમાણનય) (તત્ત્વાલોક અને તે પરની ટીકાઓને ધ્યાનમાં રાખીને)	Dr. N. J. Shah, L. D. Bharatiya Sanskrit Vidya Mandir Ahmedabad–9
12.	Kum. Vyas Charulata Vineetray	Chemistry	"Studies in Analytical Reagents"	Dr. M. N. Desai Uni. School of Sciences, Ahmedabad–9.

૧૫. ૧૯૭૭-૭૮ના બીજા સત્રથી પીએચ.ડી. પદવી માટે સંશોધન વિદ્યાર્થી તરીકે જોડાનાર ઉપરના વિદ્યાર્થીઓએ તેમની અરજીમાં જણાવેલ પીએચ.ડી. પદવી માટેના તેમનાં શીર્ષકો–વિષયો મંજૂર રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. આ સાથેની યાદી મુજબ જે તે અભ્યાસસમિતિઓની ભલામણો પરથી પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓના મહાનિબંધો તપાસવા તેમજ તેઓની મૌખિક પરીક્ષા માટે પરીક્ષકોનાં નામોની યાદીને બોર્ડ તેની તા. ૨૪-૮-૧૯૭૩ની સભામાં આપેલી સત્તા અન્વયે મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

પીએચ.ડી.ના મહાનિબંધ તપાસવા તથા મૌખિક પરીક્ષા માટે જે તે અભ્યાસસમિતિએ નામોની ભલામણ કરી છે તે મંજૂર રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી અને એકિઝકયુટિવ કાઉન્સિલની નોંધ માટે તે રજૂ કરવાનુ રાખવું.

(યાદી **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૬. તબીબી વિદ્યાશાખાની તા. ૬-૧૨-૧૯૭૭ની સભાની નીચેની ભલામણના સંદર્ભમાં અનુ. નિયમ નં. ૪૨ના (બી)વાળા ભાગ હેઠળ (*iii*) તાકીદે નીચે મુજબનો નિયમ ઉમેરવા વિચારણા કરવા બાબત :

તબીબી વિદ્યાશાખાની ભલામણ

This Faculty resolves that a Post-Graduate student is required to attend minimum of three hours teaching work per week P.G. Rule be amended accordingly.

અનુ. નિયમ નં. ૪૨ ના (બી)વાળા ભાગ હેઠળ (*iii*) તરીકે ઉમેરવાનો ભાગ :

(*iii*) a Post-graduate student should be required to attend minimum of 3 hour' teaching work per week.

અનુ. નિયમ નં. ૪૨ના (બી)વાળા ભાગ હેઠળ (*iii*) તરીકે નીચેનો ભાગ ઉમેરવા અને તે મુજબ અનુ. નિયમ નં. ૪૨નો (બી)વાળો ભાગ સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(*iii*) a Post-graduate student should be required to attend minimum of 3 hour' teaching work per week.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. એસ. ચોરા
કુલસચિવ વતી

परिशिष्ट "क"

કુલપતિશ્રીએ માન્યતા આપેલ માન્ય અનુસ્નાતક શિક્ષકોની યાદી

શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
શ્રી. ડી. એન. પંડિત, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
શ્રી. એસ. ટી. પાઠ એમ.કૉમ.,એમ.એ.	એમ.કૉમ.	૧. કૉસ્ટ એકા. પે. ૧-૨ ૨. એડ. એકા. પે. ૩-૪	સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. એ. જે. કેલોગ એમ.ઈ.(ઇલે.)	એમ.ઈ.(ઇલે.)	એડ. ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ-૧૫
શ્રી. એચ. ડી. કાશીપરા એમ.ઈ.(ઇલે.)	એમ.ઈ.(ઇલે.)	ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ	,,
શ્રી. જી. પા. ઉપાધ્યાય, એમ.ઈ.(ઇલે.)	એમ.ઈ.(ઇલે.)	ઇલેક્ટ્રિકલ	,,
શ્રી. એચ. જે. પ્રજાપતિ, એમ.ઈ.(ઇલે.)	એમ.ઇ.(ઇલે.)	ઇલેક્ટ્રિકલ મશીન એન્ડ મશીન ડિઝાઈન	,,
શ્રી. એસ. એમ. શાહ, એમ.એસ.	એમ.એસ. (ઝા. ૧) ડી.જી.ઓ.	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
શ્રી. જી. એચ. શાહ, એમ.ડી.	એમ.ડી. (ઝા. ૩) ડી.જી.ઓ.	ઓબ્સ્ટ્રેટિકસ એન્ડ ગાયનેકોલોજી	,,
શ્રી. એન. આર. દેસાઈ, એમ.ડી.	એમ.ડી. (ઝા. ૩) ડી.જી.ઓ.	ઓબ્સ્ટેટ્રિકસ એન્ડ ગાયનેકોલોજી	કે. એમ. સ્કૂલ ઑફ પો-જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ-૬
ડૉ. એમ. વી. દુધિયા, એમ.ડી.	એમ.ડી. (ઝા. ૫) ડી.પેડ.	પેડિયાટ્રિકસ	,,

* * *

પરિશિષ્ટ "ખ"

કુલપતિશ્રીએ અમાન્ય કરેલ અનુસ્નાતક શિક્ષકોની યાદી

શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
શ્રી. શેખ એમ. શરીફ	એમ.ડી. ડી.એફ.એમ.	ફોરેન્સિક મેડિસિન	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
શ્રી. કે. બી. દેસાઈ	પીએચ.ડી.	ગુજરાતી	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
શ્રી. ખોલા (ડૉ.) રામકિશન	પીએચ.ડી.	ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ	સ્પેસ એપ્લિકેશન સેન્ટર જોધપુર ટેકરા, અમદાવાદ

* * *

પરિશિષ્ટ "ગ"

કુલપતિશ્રીએ માન્યતા આપેલ માન્ય મહદ્‌નીશ અનુસ્નાતક શિક્ષકોની યાદી

શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
શ્રી. બી. એમ. મોદી, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ.
શ્રી. ડી. સી. સોલંકી, એમ.ઈ.	એમ.ઈ. (મિકે.)	રેફ્રિજરેશન એન્ડ એર-કન્ડિશનિંગ	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ.
શ્રી. જી. પી. ઉપાધ્યાય, એમ.ઈ.	(ઇલે.)	ઇલેક્ટ્રિકલ્સ	,,
ડૉ. યુ. ડી. દેસાઈ, એમ.ડી.	એમ.ડી. (આ. ૧)	જનરલ મેડિસિન	બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
ડૉ. કે. ડી. પટેલ, એમ.એસ.	એમ.એસ. (આ. ૪)	ઓર્થેલમોલોજી	,,
ડૉ. સી. આર. ત્રિવેદી, એમ.ડી.	એમ.ડી. (આ. ૭)	પ્રિવેન્ટિવ એન્ડ સોશ્યલ મેડિસિન	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ.

શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
ડૉ. આર. કે. શાહ	એમ.ડી. ડી.જી.ઓ.		મ્યુનિ. મેડિકલ કૉલેજ એન્ડ કે. એમ. સ્કૂલ ઑફ પી.જી. મેડિસિન, અમદાવાદ.
ડૉ. પી. એ. દિવેટિયા, એમ.એસ.	એમ.એસ. (આ. ૩)	ઑર્થોપેડિક સર્જરી	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પી.જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ.
ડૉ. અલ્પના એ. મજમુદાર, એમ.ડી.,ડી.એ	એમ.ડી. (આ. ૬)	એનેસ્થેસિયા	,,
ડૉ. જે. જે. દોશી, એમ.ડી.એસ.	એમ.ડી.એસ.	ઓરલ પેથોલોજી એન્ડ બૅક્ટરિયોલોજી	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ.

* * *

પરિશિષ્ટ "ઘ"

કુલપતિશ્રીએ માન્યતા એક કૉલેજ/સંસ્થામાંથી બીજી કૉલેજ/સંસ્થામાં બદલી આપી તેની યાદી

શિક્ષકનું નામ	પદવી	વિષય	અગાઉની કૉલેજ/સંસ્થા	માન્યતા જે કૉલેજ/સંસ્થામાં બદલી આપી તે
શ્રી. એ. પી. મુન્શી	એમ.ડી. ડી.જી.ઓ.	ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી	કે. એમ. સ્કૂલ ઑફ પી. જી. મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

* * *

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૯

General Election to the Court—1978

List of Polling Centres and Polling places for the ensuing Election to the Court from the constituencies of (1) Registered graduates (2) Teachers excluding Deans of faculties and Principals of colleges (3) Principals of affiliated colleges (4) Non-teaching staff of the University, affiliated colleges and recognised Institutions and (5) Governing Bodies of affiliated colleges.

Poliing Centre	*Polling Place*
(1) Ahmedabad	(1) H. K. Arts College, Ahmedabad. Registcred graduates in the Faculty of Arts including Education.
	(2) Sahjanand Arts and Commerce College, Ahmedabad. Registered graduates in the Faculty of Science.
	(3) Navgujarat Commerce College, Ahmedabad. Registered graduates in the Faculty of Commerce
	(4) S. V. Commerce College, Ahmedabad. Registered Graduates in the Faculties of Medicine and Law.
૩. શ્રી. યુ. સી. જ્હોન (દક્ષિણ વિભાગ)

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર વિદ્યાર્થી પ્રતિનિધિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. સ્કૂલ ઓફ લૉના અધ્યક્ષશ્રી તરફથી લેકચરર શ્રી. એચ. એસ. પાઠક કે જેઓનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૭-૧૯૭૮ના રોજ પૂરો થાય છે તે અંગે શ્રી. પાઠકની કામગીરી અંગે આવેલા ખાનગી અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. એચ. એસ. પાઠકની કામગીરી અંગે સ્કૂલ ઑફ લૉના અધ્યક્ષશ્રીનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ અહેવાલની નોંધ લેવી.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગમાં લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. બી. જી. તલસાણિયાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૬-૧૯૭૮ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧–૭-૧૯૭૮ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

લેબોરેટરી આસિસ્ટન્ટ શ્રી. બી. જી. તલસાણિયાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. જી. તલસાણિયાને વિજ્ઞાન વિદ્યાભવનમાં માઇક્રોબાયોલોજી વિભાગમાં લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે તા. ૧-૭-૧૯૭૮થી કાયમ કરવા.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તેઓના નામ સામે બતાવેલ તારીખે થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કયાં કામ કરે છે?	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. જે. એ. ભટ્ટ	ચોકીદાર	કાર્યાલય	૧૩–૭–૧૯૭૮	૧૪–૭–૧૯૭૮
૨.	શ્રી. શિવાભાઈ આર. બગસરાવાળા	,,	,,	૧૪–૭–૧૯૭૮	૧૫–૭–૧૯૭૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સર્વશ્રી જે. એ. ભટ્ટ તથા શિવાભાઈ આર. બગસરાવાળાનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહીં તો તેમને યુનિવર્સિટીની સેવામાંથી ફારેગ કરવાની ફરજ પડશે.

૧૨. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. જે. બી. શાહને રૂ. ૫૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (Efficiency-Bar) રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈબી-૧૫-૫૬૦-૨૦-૬૦૦-ઈબી-૨૦-૭૦૦ના પગારધોરણમાં તા. ૧-૭-૧૯૭૮ થી ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. જે બી. શાહની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. જે. બી. શાહને રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈબી-૧૫-૫૬૦-૨૦-૬૦૦-ઈબી-૨૦-૭૦૦ના પગારધોરણમાં રૂ. ૫૦૦/- પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૭-૧૯૭૮ થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ વિભાગમાં બિલ્ડિંગ સુપરવાઈઝર તરીકે કામ કરતા શ્રી. ડી. બી. સુતરિયાને રૂ. ૫૫૦-૨૫-૭૦૦-ઇબી-૨૫-૭૫૦-૩૦-૯૦૦ના પગારધોરણમાં રૂ. ૭૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (Efficiency Bar) તા. ૧-૭-૧૯૭૮ થી ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. ડી. બી. સુતરિયાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ વિભાગમાં બિલ્ડિંગ સુપરવાઈઝર તરીકે કામ કરતા શ્રી. ડી. બી. સુતરિયાને રૂ. ૫૫૦-૨૫-૭૦૦-ઈ.બી.-૨૫-૭૫૦-૩૦-૯૦૦ના પગારધોરણમાં રૂ. ૭૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧-૭-૧૯૭૮થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના રીડર ડૉ. એ. એમ. વૈદ્ય તા. ૧૪-૬-૧૯૭૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડ તથા ગ્રેજ્યુઇટીની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૧૩-૬-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડૉ. વૈદ્ય ભવનમાં તા. ૧૫-૬-૧૯૬૬ના રોજ જોડાયા હતા અને તા. ૧૪-૬-૧૯૭૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. એમ. વૈદ્યને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ અને ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૧૫. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા-મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે પ્રૉવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માગણી કરી છે?
૧.	શ્રી. કે. ટી. ચાંલ્લાવાળા (સીનિયર ક્લાર્ક)	રૂ. ૧૧,૦૦૦	હા	મકાન-મરામત
૨.	શ્રી. બી. એલ. મારવાડી (ગ્રાઉન્ડમૅન-કમ-વૉચમૅન)	રૂ. ૩,૦૦૦	ના	,,

(નોંધ.—૧. આ લોનની રકમ તેઓની ૧૨ વર્ષની નોકરી પૂરી થયે એટલે કે તા. ૧૨-૭-૧૯૭૮ પછી આપવાની રહેશે.

૨. જે તે કર્મચારીની ઉપરોક્ત લોનમાંથી તેઓના ખાતે નીકળતી બિલ્ડિંગ લોન પ્રૉ. ફંડ લોનની બાકી નીકળતી રકમ તથા તે પર જે વ્યાજ થતું હશે તે કાપીને બાકીની રકમ આપવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૧૬. ડિસેમ્બર ૨૮ થી ૩૦, ૧૯૭૮ના સમય દરમિયાન The Indian Society of Agricultural Economics નું ૩૮મું વાર્ષિક અધિવેશન જોરહાટ (આસામ) મુકામે યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—અધિવેશનમાં નીચેના વિષયો પર ચર્ચા થનાર છે :

(1) Farming Systems in Hill Areas

(2) Rural Credit Structure and Flows

(3) Identification, Appraisal and Evaluation of Agricultural projects.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એમ. એન. દવાઈને Pennsylvania State University in Indo-US-Fellowship યોજના નીચે U.S.A. જવા અંગે માર્ચ ૧૯૭૯થી ૩ માસની રજા આપવા અંગેના યુ.જી.સી.ના

ડેપ્યુટી સેક્રેટરીના પત્રાંક ડી.ઓ. નં. એફ. ૩૦. ૩૦/૭૭ (સીઈ), તા. ૨૦-૬-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. એમ. એન. દેસાઈને સદરહુ ફેલોશિપ સ્વીકારવા માટે મંજૂરી આપવી અને તેમને માર્ચ ૧૯૭૯થી જરૂર મુજબ લગભગ ૩ માસની રજા ખાસ રજા તરીકે, નીચેના પેટાઠરાવ નં. ૨ને આધીન, મંજૂર કરવી ।

(૨) વધુમાં ડૉ. દેસાઈને આ સમયગાળા દરમિયાન કેટલું વેતન અને/અથવા ભથ્થું મળનાર છે તેની માહિતી આવ્યેથી ડૉ. દેસાઈને આ રજાઓ દરમિયાન યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ પગાર આપવાની બાબતમાં ઘટતો નિર્ણય કરવા માટે તથા અન્ય શરતો નિયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. વી. પી શાહને માનદ ધોરણે સને ૧૯૭૭-૭૮ના વર્ષ માટે આપવામાં આવેલી consultant સેવાઓ અંગેની પરવાનગી સને ૧૯૭૮-૭૯ના વર્ષ માટે ચાલુ રાખવા દેવા અંગે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક ઍન્ડ સોશિયલ રિસર્ચના કાર્યકારી અધ્યક્ષશ્રીના તા. ૫-૭-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદનાં આચાર્યશ્રી ઊર્મિલાબહેન સી. પટેલનું રૂ. ૧,૫૦૦-૬૦-૧,૮૦૦ એસેસમેન્ટ-૧૦૦ ૨,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૮૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ) માંથી એક-એક તજ્જ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્જ્ઞોની યાદી	(બ) આચાર્યશ્રીએ સૂચવેલ તજ્જ્ઞો
૧. ડૉ. તારાબહેન પટેલ	૧. ડૉ. તારાબહેન પટેલ
૨. ડૉ. વી. પી. શાહ	૨. ડૉ. વી. પી. શાહ
૩. સી. ઈ. જે. મશીહી	૩. ડૉ. મશીહી
૪. ડૉ. બી. વી. શાહ	
૫. ડૉ. નીરા દેસાઈ	
૬. ડૉ. નારાયણ શેઠ	
૭. ડૉ. એ. એસ. પટેલ	
૮. ડૉ, એચ. સી. દોશી	
૯. ડૉ. એન. કે. સિન્ધી.	

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચે મુજબ તજ્જ્ઞોની નિમણૂક કરવી :

(૧) યાદી 'અ'માંથી ડૉ. નારાયણ શેઠ

(૨) યાદી 'બ'માંથી ડૉ. તારાબહેન પટેલ.

૨૦. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદના આચાર્યશ્રી કે. એન. શાહનું રૂ. ૧,૫૦૦-૬૦-૧,૮૦૦-એસેસમેન્ટ-૧૦૦-૨,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૮૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ) માંથી એક-એક તજ્ઞની નિમણૂક કરવા બાબત :

(અ) તજ્ઞોની યાદી

૧. શ્રી. એચ. એન. રાવળ
૨. પ્રો. ડી. એસ. બસન
૩. ડૉ. એમ. એમ. વૈદ્ય
૪. ડૉ. માર્કન્ડ મિશ્રા
૫. ડૉ. આઈ. એચ. શેઠ
૬. પ્રિ. કે. એન. શાહ
૭. પ્રો. ફાધર સી. જી. વાલેસ
૮. પ્રો. એચ. સી. શુક્લ
૯. પ્રિ. એન. ડી. દેસાઈ

(બ) આચાર્યશ્રીએ સૂચવેલ તજ્ઞો

૧. પ્રો. એચ. એન. રાવળ
૨. પ્રિ. એન. ડી. દેસાઈ
૩. પ્રો. એ. એમ. વૈદ્ય

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચે મુજબ તજ્ઞોની નિમણૂક કરવી :

(૧) યાદી 'અ'માંથી આચાર્ય એન. ડી. દેસાઈ (આણંદ)
(૨) યાદી 'બ'માંથી પ્રો. એચ. એન. રાવળ

૨૧. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી ડી. એમ શીખનું રૂ. ૧,૫૦૦-૬૦-૧,૮૦૦-એસેસમેન્ટ-૧૦૦-૨,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૮૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ)માંથી એક-એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્ઞોની યાદી

૧. શ્રી. આર. ડી. વસાવડા
૨. પ્રિ. જે. સી. ત્રિવેદી
૩. પ્રિ. ડી. એચ. વેલ્વન
૪. શ્રી. જે. એલ. દેસાઈ
૫. શ્રી. ટી. એમ. વકીલ

(બ) આચાર્યશ્રીએ સૂચવેલ તજ્ઞો

૧. પ્રિ. જે. સી. ત્રિવેદી
૨. શ્રી. આર. ડી. વસાવડા
૩. શ્રી. જે. એલ. દેસાઈ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચે મુજબ તજ્ઞોની નિમણૂક કરવી :

(૧) યાદી 'અ'માંથી આચાર્ય ટી. એમ. વકીલ
(૨) યાદી 'બ'માંથી આચાર્ય જે. સી. ત્રિવેદી.

૨૨. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતના વ્યાખ્યાતા ડૉ. એમ. મિશ્રાનું વ્યાખ્યાતાના રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦ મૂલ્યાંકન-૫૦—૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ ઉપર યુનિવર્સિટીના તજ્જ્ઞ પ્રતિનિધિ તરીકે નિમાયેલા પ્રો. ફાધર સી. જી. વાલેસે આ કામગીરી સ્વીકારવાની અશક્તિ દર્શાવી હોઈ તેઓની જગ્યાએ નીચે (અ) માંથી એક પ્રતિનિધિ નીમવા વિચારણા કરવા બાબત :

[નોંધ.—યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે ગણિતની અભ્યાસસમિતિએ તૈયાર કરેલી તજ્જ્ઞોની યાદી નીચે પ્રમાણે છે :

૧. શ્રી. એમ. એમ. રાવળ
૨. પ્રો. ડી. એસ. બસન
૩. ડૉ. એ. એમ. વૈદ્ય
૪. ડૉ. માર્કન્ડે મિશ્રા
૫. ડૉ. આઈ. એમ. શેઠ
૬. પ્રિ. કે. એન. શાહ
૭. પ્રિ. એમ. ડી. દેસાઈ]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ફાધર સી. જી. વાલેસની જગ્યાએ આચાર્ય કે. એન. શાહને નીમવા.

૨૩. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૨૩-૪-૧૯૭૭ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ નીમેલ સમિતિની તા. ૧૪-૬-૧૯૭૮ની સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૨૪. યુનિવર્સિટીની પોસ્ટ ઑફિસ માટે નવું મકાન બાંધી આપવા અંગે તેઓના તા. ૮-૬-૧૯૭૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ ઉપર પોસ્ટ ઑફિસ માટે આશરે ૧૫૦ ચો. વારના બાંધકામવાળું મકાન બાંધવું અને તે માટે રૂ. ૭૫,૦૦૦ (અંકે રૂપિયા પંચોતેર હજાર) સુધીનું અંદાજી ખર્ચ મંજૂર કરવું અને તે માટે પ્લાન ઇત્યાદિ અંગેની જરૂરી ભલામણો તૈયાર કરવા માટે બાંધકામ સમિતિને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ મકાન તૈયાર થયેથી એક ચોરસ ફૂટના રૂ. ૧-૨૫ના ભાડાના દરથી (મ્યુનિ. તથા બીજા ટેક્ષ જુદા) તે મકાન ટપાલ ખાતાને દસ વર્ષના ભાડાપટાથી ભાડે આપવું અને તે માટેની જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૫. ફાઇનાન્સ સમિતિની તા. ૧૯-૭-૧૯૭૮ના રોજ મળનાર સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯–૭–૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વૉટરફુલરોની સર્વિસ માટેનો કૉન્ટ્રાક્ટ વૉલ્ટાસ લિમિટેડ સાથે કરવાનું રાખવું અને તે અંગે કરાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ સમિતિની તા. ૧૯–૭–૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૬. સમાજવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. ડી. વાઘેલાને ક્ષયની બીમારીના કારણે રાજ્ય સરકારના નિયમ મુજબ એક વર્ષની ખાસ માંદગીની રજા તથા દવા-સારવાર અર્થે આપવા અંગેની અધ્યક્ષશ્રીના તા. ૨૨–૬–૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. ડી. વાઘેલાને તેમની ગંભીર બીમારી જોતાં તા. ૯–૪–૧૯૭૮થી ૧૨ માસની ખાસ માંદગીની રજા ચાલુ પગારે રાજ્ય સરકારનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૨૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૮-૫-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વાણિજ્ય વિદ્યાશાખાના પ્રત્યેક વિષયના વિભાગના વડા તરીકે પૂર્ણ સમયના શિક્ષક હોવા જોઈએ તેવી જોગવાઈ કરવી."

સદરહુ બાબતના સંદર્ભમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાની નીચેની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

"આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાના પ્રત્યેક વિષયના વિભાગીય વડા તરીકે શકય હોય ત્યાં સુધી પૂર્ણ સમયના શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે; પરંતુ જો કોઇ વિભાગમાં પૂર્ણ સમયના શિક્ષક ન હોય તો ખંડ સમયના શિક્ષકને વિભાગીય વડા તરીકે નીમી શકાશે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. બી. ડી. કૉલેજ, અમદાવાદમાં હોમ સાયન્સના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કામ કરતાં શ્રીમતી એમ. એમ. મુનશાની નિમણૂક તા. ૧૫-૬-૧૯૬૨ થી પશ્ચાદ્વર્તી રીતે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. શ્રીમતી એમ. એમ. મુનશાની નિમણૂક માન્ય કરવા અંગેની માહિતી કૉલેજે ઑર્ડિ. ૯૭ અન્વયે નિયતપત્રકમાં મોકલી ન હતી.

૨. શ્રીમતી એમ. એમ. મુનશા કૉલેજમાં જોડાયાં તે સમયે યુનિવર્સિટીનાં ધારા-ધોરણ અનુસારની શૈક્ષણિક લાયકાત ધરાવતાં હતાં.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રીમતી એમ. એમ. મુનશાની નિમણૂક તા. ૧૫–૬–૧૯૬૧થી પશ્ચાદ્‌વર્તી અસરથી રાખવી.

૨૯. ભારત સરકારના ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકર્ડ્ઝ કમિશનના ૪૫મા અધિવેશનની ભલામણોના સંદર્ભમાં યુનિવર્સિટીઓના રેકર્ડ-દસ્તાવેજો વગેરેનો સંગ્રહ કરવા માટે એક યુનિટ (cell) (Creation of Archival cell) સ્થાપવા બાબતના ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકર્ડ્ઝ કમિશનના તા. ૨૫-૪-૧૯૭૭ના પત્રાંક એ૨. ૪–૨–૧૯૭૭(સી) પરત્વે તેમજ આ અંગેના આ યુનિવર્સિટીના પ્રતિનિધિ ડૉ. એચ. જી. શાસ્ત્રીના તા. ૨૭–૭–૧૯૭૭ના પત્રાંક ૨૧૮ પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પાંચમી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટીઓમાં આર્કિવલ સેલ સ્થાપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ૧૦૦ ટકા આર્થિક મદદ કરનાર છે તેમ કમિશને તા. ૧૫–૬–૧૯૭૮ના પત્રાંક એફ. ૨૧–૧૫–૭૪–ડી એચ.એ.થી જણાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતના સંદર્ભમાં જરૂરી પ્રસ્તાવ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. હરિપ્રસાદ જી. શાસ્ત્રી (આમંત્રક)

૨. ડૉ. આર. કે. ધારૈયા

૩. ડૉ. દલસુખભાઈ માલવણિયા

૪. ગુજરાત સરકારના પુરાતત્ત્વ ખાતાના સંચાલકશ્રી.

૩૦. શ્રી લુણાવાડા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, લુણાવાડામાં કેમિસ્ટ્રીના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. બી. એમ. પટેલની નિમણૂક વરણી સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કરી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક મંજૂર કરવી.

૩૧. ત્રણ વિદ્યાશાખાની કૉલેજોનું એક સંકુલ બનાવવા અંગેની શ્રી. સી. ડી. પટેલ મહાવિદ્યામંડળ, તલોદની અરજી ઉપર એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૭-૬-૧૯૭૮ની સભામાં થયેલા ઠરાવ અનુસાર આ કારણે ફારેગ થનાર કર્મચારીઓને આરક્ષિત કરવા અંગેની શરત સ્વીકાર્ય હોવા બાબતમાં પુછાવતાં મંડળના મંત્રીશ્રી તરફથી આવેલા નીચેના પ્રત્યુત્તર ઉપર વિચારણા કરવા બાબત :

"તલોદની નજીકના વિસ્તારમાં બીજી કૉલેજો અસ્તિત્વમાં આવવાથી અને પ્રી-યુનિ.ના વર્ગો બંધ થવાથી ઉત્તરોત્તર ઘટતી જતી સંખ્યાને કારણે આર્થિક રીતે પોષાય તેમ ન હોવાથી સંકુલ કરવાને લીધે ફાજલ પડનાર કર્મચારીઓને રક્ષણ આપવાનું અમારી સંસ્થા માટે શક્ય નથી. છતાં નવી તરાહના અમલને લીધે ફાજલ થયેલા કર્મચારીઓને જે રીતે સરકાર તરફથી રક્ષણ મળ્યું તે રીતે જ સંકુલ કરવાથી ફાજલ પડનાર કર્મચારીઓને રક્ષણ મળે તે વધુ ઇચ્છનીય છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોનો એક સંકુલ રચવામાં આવે તો તેને કારણે ફાજલ પડનાર કર્મચારી(શિક્ષકવર્ગ તેમજ બિનશિક્ષકવર્ગ)ની સેવાઓને રક્ષિત કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩૨. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ્ ટેક્નોલૉજી, નડિયાદમાં ચાલુ વર્ષમાં ૩૦ બેઠકો વધારવા માટે રાજ્ય સરકારે લીધેલા નિર્ણયની જાણ કરતા રાજ્ય સરકારના ટેક્નિકલ શિક્ષણના નિયામકશ્રીના તા. ૨૦-૬-૧૯૭૮ના પત્રાંક એડીએમ-૨૦૭૮-૨૩૬૪૯ -૬૨. ૩૬૦૭૦ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કુલ બેઠકો ૬૦+૩૦=૯૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩. અમદાવાદની (૧) સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, (૨) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, (૩) સરદાર વલ્લભભાઈ વાણિજ્ય ભવનવિદ્યાલય, (૪) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અને (૫) સરસપુર આર્ટ્સ-કૉમર્સ કૉલેજનું સંચાલન તા. ૧-૪-૧૯૭૮થી સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટે સંભાળ્યું હોવાની જાણ કરતા પાંચે કૉલેજોના આચાર્યોના સંયુક્ત પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—વહીવટ સોંપનાર ટ્રસ્ટ તથા સ્વીકારનાર ટ્રસ્ટના ઠરાવોની નકલ પણ તેમણે મોકલેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. આચાર્ય કે. એન. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. આચાર્ય હરિશંકર પંડ્યા.

૩૪. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના નાયબ સચિવે તેમના તા. ૬ જુલાઈ ૧૯૭૮ના પત્રાંક એમ.સી.જી. ૨૦૭૮-૪૦૬૬ જે. થી તબીબી વિદ્યાશાખાના અભ્યાસક્રમોમાં એકજ વિષયમાં પદવી અને ડિપ્લોમા અભ્યાસક્રમના શિક્ષણ માટે બેવડી સત્ર ફી નહીં લેવાના દૃષ્ટિબિંદુ સાથે સહમતિ દર્શાવી હોઈ તેને અનુલક્ષીને ઑ. ૧૫૨-સીની કંડિકા ૫ હેઠળ, નીચે પ્રમાણેની નોંધ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

Note.— A post-graduate student in the faculty of Medicinew ho is registered both for Degree as well as for Diploma Examination in the same subject simultaneously and concurrently, shall not be required to pay separate tuition fees per term both for Degree and Diploma course for first term, but pay single tuition fee laid down for Degree Examination per term, however, he shall pay two additional term fees for Degree course thereafter.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સદરહુ પત્રની નોંધ લેવી તથા તે મુજબ ઑર્ડિ. ૧૫૧–સી ની કંડિકા ૫ ની નીચે ઉપર મુજબ નોંધ ઉમેરીને સદરહુ સુધારેલો ઑર્ડિ. મંજૂર કરવો તથા તેને તા. ૧૧ મી જૂન ૧૯૭૮થી અમલમાં આવેલો ગણવો.

૩૫. સંલગ્ન કૉલેજોના શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની ભલામણ અન્વયે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫-૨-૧૯૭૮ની સભામાં કરેલા ઠરાવ અનુસાર નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદને તેનાં અર્થશાસ્ત્રનાં ટ્યૂટર શ્રીમતી એસ. જે. સોનીને વૅકેશન પગારની ચુકવણી કરવા જણાવ્યું હતું તેના જવાબમાં સદરહુ કૉલેજના આચાર્ય તા. ૪–૭–૧૯૭૮ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

"આ અગાઉ દાહોદ અનાજ મહાજનની એજ્યુકેશન સોસાયટીની લાગણી મેં તા. ૧૨–૯–૧૯૭૭ના પત્રથી કુલપતિશ્રીને લખેલ પત્રમાં પહોંચાડી છે જેની નકલ આ સાથે સામેલ છે. શ્રીમતી સોનીની ગેરવર્તણૂક અને આક્ષેપાત્મક લખાણને કારણે એમને તાત્કાલિક છૂટાં કરેલાં અને એના સંદર્ભમાં શિક્ષાત્મક પગલાં રૂપે એમનો બે માસનો પગાર લક્ષમાં લેવામાં આવ્યો નથી. મહાજનની લાગણી એવી છે કે મહાજને પોતાની વાત પહોંચાડવાની તક આપ્યા વગર માત્ર એકપક્ષી શિક્ષક તરફી ન્યાય કરવામાં આવ્યો છે.

આપને અંગત રસ લઈ કિસ્સાને જોઈ જવા વિનંતી કરું છું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશ્ન સ્થાયી સમિતિની પુનર્વિચારણા માટે મોકલવો અને કૉલેજના સંચાલકમંડળના પ્રતિનિધિઓને પોતાનો કેસ સદરહુ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવા માટે તક આપવી.

૩૬. એક્ઝિકયુટિવ કાઉન્સિલના તા. ૨૫-૨-૧૯૭૮ની સભાના ઠરાવ ક્રમાંક ૪૨ અનુસાર શિક્ષણ સહિતની વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની કૉલેજોમાં નવેમ્બર ૧૯૭૬ પહેલાં નિમાયેલા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને સંબંધકર્તા જી.આર.માં સુધારો કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવામાં આવી હતી. તે અંગે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેના તા. ૫-૭-૧૯૭૮ના પત્રાંક એ.આઈ.એસ. ૧૩૭૮-૩૨૪૫૭-ખ થી નીચે મુજબ જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

યુ.જી.સી.ના તા. ૧૦–૨–૧૯૭૮ના પત્રથી લેક્ચરરની શૈક્ષણિક લાયકાત માટે મિડ-પોઈન્ટ સમજાવવામાં આવેલ છે. પરંતુ તેથી તા. ૨૩–૧૧–૧૯૭૬ના ઠરાવમાં કરેલ જોગવાઈમાં કાંઈ સુધારો કરવાની આવશ્યકતા જણાતી નથી. આથી આપની માગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(નોંધ. —યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સચિવશ્રીને ઉદ્દેશીને લખેલા તા. ૧૦–૨–૧૯૭૮ના પત્રાંક ડી.ઓ.એફ. ૧–૧૦૯–૭૭ (સી.પી.)માં મિડ-પોઈન્ટ અંગે નીચે મુજબ સમજૂતી આપવામાં આવી છે :

The U.G.C. at its meeting held on 29th December, 1977 considered note on the qualifications prescribed for the posts of Lectu-

rors in the universities and colleges. The Commission was of the view that the mid-point beween the minimum percentages of marks fixed by a University for award of second division and first division be taken for purposes of determining high second class.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૩૭. ભૌતિકાવજ્ઞાન વિભાગમાં "સ્પેસ સાયન્સ" અવકાશવિજ્ઞાનનો અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તા. ૩૧–૩–૧૯૭૯ સુધી આર્થિક સહાય આપવાનું મંજૂર કરેલ તે યોજના માટે તા. ૧–૪–૧૯૭૯ પછીની આવર્તક ખર્ચની જવાબદારી રાજ્ય સરકાર ઉપાડશે તથા સદરહુ અભ્યાસક્રમ માટે એક રીડર અને એક વ્યાખ્યાતાની નહિ પુરાયેલ જગા ભરવા માટેનું મંજૂર કર્યા અંગેના રાજ્ય સરકારશ્રીના તા. ૧૧–૭–૧૯૭૮ના પત્ર ક્રમાંક યુએસજી–૧૧૭૭–૩૫૨૬–૭૮ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૩૮. રાજ્ય સરકારના નાણા વિભાગના ઠરાવ નં. વીએલબી–૧૧૭૮–૭૪૩–જે તા. ૧૧–૫–૧૯૭૮ના સંદર્ભમાં યુનિવર્સિટીના જે કર્મચારીઓ યુનિવર્સિટીના આપેલા રહેઠાણમાં રહેતા હોય તેઓના પગારમાંથી નીચેના ધોરણે ભાડું કાપવા બાબત :

(૧) રૂ. ૪૦૦ સુધીનો પગાર હોય તો પગારના ૧૦ ટકા કપાત છે તેને બદલે ૭½ ટકા કપાત કરવાની રહેશે.

(૨) રૂ. ૪૦૦થી વધુ પગાર હોય તેમના પગારના ૧૦ ટકા બિનોમિક રેન્ટની મર્યાદા હવે રહેશે નહિ.

(૩) પગારની ગણતરીમાં સી.એલ.એ.નો પણ સમાવેશ થશે.

(૪) ઉપરનાં ધોરણોનો અમલ તા. ૧–૬–૧૯૭૮થી કરવાનો રહેશે.

[**નોંધ.**—રાજ્ય સરકારના વી.આઈ.સી.–૧૧૭૮/૧૦૬૬–જે. તા. ૨૩–૬–૧૯૭૮થી kept in abeyance રાખ્યું છે.]

(૧) પેટાબાબત નં. (૧) અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની માલિકીનાં નિવાસસ્થાનોમાં રહેતા યુનિવર્સિટીના કર્મચારીઓ (શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગ) કે જેમનો માસિક પગાર રૂ. ૪૦૦/– (Emolument) (મૂળ પગાર, સી.એલ.એ. તથા સ્પેશ્યલ પે સાથે) કે તેથી નીચે હોય તેમની પાસેથી હાલ પગારના દસ ટકા લેખે ભાડા પેટે જે કપાત કરવામાં આવે છે તે ઘટાડીને સાડાસાત ટકાના ધોરણે કપાત કરવી અને આ ઠરાવનો અમલ તા. ૧–૬–૧૯૭૮થી કરવાનું રાખવું.

(૨) સદરહુ બાબતની પેટાબાબતો (૨) અને (૩) અંગે હાલને તબક્કે કશી વિચારણા કરવાની રહેતી નથી.

૩૬. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસાના ગણિતશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા શ્રી. કે. કે. પટેલને શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસામાં આંકડાશાસ્ત્ર વિષયના અઠવાડિયાના ત્રણ તાસનું શિક્ષણ આપવા માટે પરવાનગી આપવા માટેની કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. પ્રો. કે. કે. પટેલ બી.એસસી. બીજો વર્ગ અને એમ.એસસી. બીજો વર્ગ (ગણિત સાથે) ધરાવે છે. બી.એસસી.માં તેઓએ આંકડાશાસ્ત્રનાં બે પેપરો રાખ્યાં હતાં જેમાં તેઓ આંકડાશાસ્ત્રનો વિષય શીખ્યાની શંકે નહિ.

૨. આચાર્યશ્રીએ જણાવ્યું છે કે આ વ્યવસ્થા સ્વીકારવામાં આવે તો સાયન્સ કૉલેજમાં એક સીનિયર અધ્યાપક જેઓ સંખ્યાધિક થયા છે તેમને કાયમને માટે પુનઃ નિમણૂક આપી શકાય તેમ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. કે. કે. પટેલને સદરહુ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં અપવાદ તરીકે આંકડાશાસ્ત્ર વિષયમાં વધુમાં વધુ અઠવાડિક ૩ તાસનું શિક્ષણકાર્ય કરવા માટે મંજૂરી આપવી.

૪૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂર કરવામાં આવેલ યુનિવર્સિટી કેમ્પસ બહારનાં ચાર વાચનકેન્દ્રો મ્યુનિ. કૉર્પોરેશનનાં મકાનોમાં શરૂ કરવા અંગે તેમની સાથે વાટાઘાટો કરી શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ શહેરમાં યુનિવર્સિટી કેમ્પસ સિ બહાર ચાર વાચન-કેન્દ્રો શરૂ કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનનાં મકાનોનો ઉપયોગ કરી શકાય તે માટે જરૂરી વાટાઘાટો કરીને ઘટતો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી.

(૨) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂંકો અમાન્ય કરવામાં આવી છે તેની યાદી.

(૩) આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે યાદી નં. ૧ અને યાદી નં. ૩ ની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદી નં. ૨ માં જણાવેલા નીચેના શિક્ષકોની નિમણૂંકો અપવાદ તરીકે માન્ય રાખવી :

ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર

૧. શ્રી. બી. કે. પટેલ, શિક્ષણના વ્યાખ્યાતા

તલોદ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

૨. શ્રી. જી. આર. પટેલ, ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

(યાદી નં. ૧ અને યાદી નં. ૩ની નકલો પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૨. ભારત સરકારના કેળવણી ખાતા તરફથી ૧૯૭૮-૭૯ના વર્ષ માટે મળેલ રૂ. ૬,૦૯,૦૦૦ એન.એસ.એસ.ની ગ્રાન્ટમાંથી નીચે મુજબનો અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત :

(૧) વહીવટી, પ્રોજેક્ટ અને તેના સાધનસામગ્રીનું ખર્ચ	...	રૂ. ૩,૯૯,૦૦૦
(૨) શિબિરો અને શિબિરોની સાધનસામગ્રીનું ખર્ચ	...	રૂ. ૨,૧૦,૦૦૦
		રૂ. ૬,૦૯,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જણાવ્યા મુજબનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૪૩. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના અધ્યક્ષશ્રીની વિનંતી મુજબ ડૉ. બી. એસ. વૈદ્ય કૃત "વનસ્પતિ ભૂગોળ" પુસ્તકની સુધારેલી બીજી આવૃત્તિ પ્રકાશિત કરવા માટે તા. ૨૯-૪-૧૯૭૮ની સભામાં એકિઝકયુટિવ કાઉન્સિલે ઠરાવ્યા મુજબ પુસ્તકની વેચાણ કિંમત પર ૧૦ ટકા રોયલ્ટી બોર્ડ યુનિવર્સિટીને આપવાની શરત મૂકેલી છે તેના સંદર્ભમાં ડૉ. બી. એસ. વૈદ્યને આ સુધારેલ આવૃત્તિ તૈયાર કરવા માટે પુરસ્કાર આપવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પુસ્તકની બીજી આવૃત્તિમાં જરૂરી સુધારાવધારા કરવા માટે ડૉ. બી. એસ. વૈદ્યને વિનંતી કરવી અને તે માટે સુધારેલી આવૃત્તિના પ્રકાશન ઉપર પ્રત્યેક વર્ષે વેચાયેલાં પુસ્તકોની વેચાણ કિંમત ઉપર પાંચ ટકાના ધોરણે પુરસ્કાર મંજૂર કરવો.

૪૪. બિનસરકારી વિનયન અને વાણિજ્યની કૉલેજો ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન પ્રી-યુનિ.ના વર્ગો વિના ગ્રાન્ટે યુનિવર્સિટીની મંજૂરી લઈ ચાલુ રાખી શકશે તેમ જણાવતા રાજ્ય સરકારના તા. ૧૦-૭-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એનજીસી-૧૦૭૭-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી, તથા ૧૯૭૮-૭૯ના વર્ષ દરમ્યાન વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રી-યુનિવર્સિટીના વર્ગો ચાલુ રાખવા માટે જે કૉલેજો તૈયાર હોય તેમને તે ચાલુ રાખવા માટે મંજૂરી આપવી.

૪૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઉપાયો અંગેના કેસો પર તેમજ પ્રાયોગિક પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા અને ૧૯૭૮ના વર્ષ માટેની પરીક્ષા સમિતિની તા. ૨૨/૨૩-૬-૧૯૭૮ની, તા. ૨૯-૬-૧૯૭૮ અને તા. ૬-૭-૧૯૭૮ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સદરહુ સમિતિની તા. ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૨૧મી જુલાઈની સભાઓની ભલામણો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ઉપરની તમામ સભ્યોની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપરની તમામ સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૪૬. (૧) ઓકટોબર ૧૯૭૮ માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો નક્કી કરવા અંગે, કાર્યાલયનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત :

(૨) પ્રી-આર્ટ્સ, પ્રી-કોમર્સ (એકસ્ટર્નલ) પરીક્ષા ઓકટોબર ૧૯૭૮ ને માર્ચ ૧૯૭૯ માં લેવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓકટોબર ૧૯૭૮માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કાર્યાલયે સૂચવેલ કેન્દ્રોની યાદી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૮ કે તે પહેલાં જૂની એસ.એસ.સી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને માટે પ્રી-યુનિવર્સિટી આર્ટ્સની એકસ્ટર્નલ પરીક્ષા ઓકટોબર ૧૯૭૮ ઉપરાંત માર્ચ ૧૯૭૯ અને ઓકટોબર ૧૯૭૯માં લેવાનું રાખવું તથા બાસ કેસ તરીકે પ્રી-યુનિવર્સિટી કોમર્સની એકસ્ટર્નલ પરીક્ષા માટે વિદ્યાર્થીઓને નોંધીને તેમની પરીક્ષા માર્ચ ૧૯૭૯ અને ઓકટોબર ૧૯૭૯માં લેવાનું રાખવું.

(મંજૂર કરવામાં આવેલાં કેન્દ્રોની યાદી **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૭. યુનિવર્સિટી કાર્યાલયમાં નાયબ કુલસચિવની એક જગ્યા માટે તા. ૧૫-૬-૧૯૭૮ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણોને સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૫)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં નાયબ કુલસચિવની જગ્યા અંગેની વરણી-સમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ શ્રી. એસ. એસ. વૈરાને નાયબ કુલસચિવની જગ્યા પર રૂ. ૬૦૦–૪૫–૧,૦૮૦–૫૦–૧,૧૮૦–ઈ.બી.–૫૨–૧,૨૮૦–૧૫–૧,૫૮૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૮૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૫-૭-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૮. પ્રોફેસર ઓફ ટેકસ્ટાઇલ કેમિસ્ટ્રીની એક જગ્યા માટે તા. ૬-૬-૧૯૭૮ ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાનાં ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ કા. બા. ક્ર. ૬)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ઑફ ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીની જગ્યા અંગેની વરણી-સમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ડૉ. એચ. ટી, લોખંડને પ્રોફેસર ઑફ ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીની જગ્યા પર રૂ. ૧,૫૦૦–૬૦–૧,૮૦૦–૧૦૦–૨,૦૦૦–૧૨૫/૨–૨,૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૫૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૬–૬–૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૯. પ્રોફેસર-રીડર-લેકચરર ઇન ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રીની અનુક્રમે એક, બે અને બે જગ્યાઓ માટે તા. ૧૪–૭–૧૯૭૮ ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણો સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ. કા. આ. ક્ર. ૪)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રોફેસર ઑફ ઇન્ડસ્ટ્રિયલ એનેલિટિકલ કેમિસ્ટ્રીની જગ્યા અંગેની વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને પ્રોફેસર ઑફ ઇન્ડસ્ટ્રિયલ એનેલિટિકલ કેમિસ્ટ્રીની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

(૨) રીડર ઇન એનેલિટિકલ કેમિસ્ટ્રીની જગ્યા અંગેની વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રીડર ઇન એનેલિટિકલ કેમિસ્ટ્રીની બે જગ્યા પર ડૉ. યુ. જી. પાંડે અને ડૉ. (મિસ) એમ. એચ. ગાંધીની નિમણૂક રૂ. ૧,૨૦૦–૫૦–૧,૩૦૦–૬૦–૧,૬૦૦–એસેસ-મેન્ટ–૬૦–૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૩) લેકચરર ઇન એનેલિટિકલ કેમિસ્ટ્રીની જગ્યા અંગેની વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેકચરર ઇન એનેલિટિકલ કેમિસ્ટ્રીની બે જગ્યા પર ડૉ. યુ. આઇ. ભટ્ટ અને ડૉ. સી. બી. શાહની નિમણૂક રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦–૫૦–૧,૩૦૦–એસેસમેન્ટ–૫૦–૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિઓની તા. ૧૪–૬–૧૯૭૮ ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલો પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૦. રીડર ઇન ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીની બે જગ્યાઓ માટે તા. ૬–૬–૧૯૭૮ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણોને સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૭)

આથી ઠરાવવામાં આવે છે કે રીડર ઇન ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રીની જગ્યા અંગેની વરણીસમિતિનો ભલામણ સ્વીકારવા માટેનો એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રીડર ઇન ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રીની જગ્યા પર ડૉ. એસ. આર. કરમારકરની અને રીડર ઇન પેપર કેમિસ્ટ્રી એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશનની જગ્યા પર ડૉ. આઈ. જી. વશીની નિમણૂક રૂ. ૧,૨૦૦-૧૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં અનુક્રમે મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦ અને રૂ. ૧,૩૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી અને લેકચરર ઇન ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રીની જગ્યા પર શ્રી. આર. કે. સોલંકીની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૧૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૧૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૬-૬-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૧. લેકચરર ઇન ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રીની ત્રણ જગ્યાઓ માટે તા. ૭-૬-૧૯૭૮ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણોને સ્વીકારવાનો એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાનો ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૮)

આથી ઠરાવવામાં આવે છે કે લેકચરર ઇન ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રીની જગ્યા અંગેની વરણી-સમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને લેકચરર ઇન ટેકસ્ટાઈલ કેમિસ્ટ્રીની જગ્યાઓ માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૬-૬-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫૨. ઓર્ડિ. ૬૫-એચમાં "(c)" તરીકે નીચે મુજબનો ભાગ ઉમેરી તે ઓર્ડિનન્સ સુધારવાની ઓર્ડ ઓફ યુનિવર્સિટીની ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૫-૬-૧૯૭૮નો સભાનો એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૮ની સભામાં મંજૂર કરવા ભલામણ કરેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત. (અ. કા. બા. ક્ર. ૯)

(*c*) (*i*) A Bachelor's and Master's degree with at least second class in the subject.

and

(*ii*) at least 10 year's teaching experience at P. G. Classes,

and

(*iii*) must have guided at least fifteen dissertations.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઓર્ડિ. ૬૫—એચમાં ઉપર મુજબની પેટાકલમ (સી) ઉમેરવી અને તે મુજબ સુધારેલા સદરહુ ઓર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૩. ગુજરાત રાજ્યના કુલપતિશ્રીઓની સંયુક્ત બોર્ડની તા. ૨૧-૫-૧૯૭૮ ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૦) :

"Resolved that the total period of vacations during a year shall be twelve weeks and the arrangement of terms in the Universities be left at the discretion of individual universities."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તેને અનુલક્ષીને ઉનાળાની વેકેશન ૯ અઠવાડિયાંની અને દિવાળીની વેકેશન ૩ અઠવાડિયાંની રાખવી અને તે મુજબ ઓર્ડિ. ૭૧ના પાઠમાં જરૂરી ફેરફાર કરીને તે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૫૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત કોલેજોમાંથી સંખ્યાધિક થયેલા શિક્ષકોને સમાવી શકાય તે હેતુથી વિવેકાનંદ એજ્યુકેશન કોલેજ, અમદાવાદમાં શિક્ષણના વ્યાખ્યાતા તરીકે જોડાયેલા શ્રી. એન. આર. ઠક્કર અને શ્રી. આર. આર રાઠોડને શિક્ષણની માન્યતા મેળવવા માટે બી.એડ. થયા પછીનો બે વર્ષનો હાઈસ્કૂલનો શૈક્ષણિક અનુભવ ખૂટતો હોઈ તેને ક્ષમ્ય ગણીને નિમણૂક માન્ય રાખ્યાના;

(૨) જૂન, ૧૯૭૮ થી વધારાના વિષયોમાં શિક્ષણકાર્ય માટે જોડાણ માટે નીચેની કોલેજોની અરજીઓ પર કાર્યવાહી કરવાનો આદેશ આપ્યાના તથા સદરહુ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમ્યાના;

ક્રમાંક	અરજી કરનાર કોલેજનું નામ		વધારાના જોડાણ માટેના વિષયો
૧.	સી. યુ. શાહ આર્ટ્સ કોલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી
૨.	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પાલનપુર	...	બી.એસસી. (રૂપે.)માં ભૌતિકશાસ્ત્ર
૩.	કે. કે. કોલેજ ઑફ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકા	...	(૧) એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિકસ (૨) બિઝનેસ સ્ટેટિસ્ટિકસ (૩) એગ્રિકલ્ચર (વિથ કોમર્શિયલ એન્ડ મેનેજરિયલ આસ્પેકટસ)
૪.	પટેલ જે. બી. રુદેલવાળા આર્ટ્સ એન્ડ પટેલ એ. એમ. રુદેલવાળા કોમર્સ કોલેજ, બોરસદ	...	બી.એ. (સંયો.) સહકાર

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	વધારાના જોડાણ માટેના વિષયો
૫.	એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા	... બી.કૉમ (મુખ્ય) બૅંકિંગ ઍન્ડ ફાઈનાન્સ બિઝનેસ મૅનેજમેન્ટ
૬.	એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	... બૅંકિંગ ઍન્ડ ફાઈનાન્સ
૭.	ટી. એસ આર. કૉમર્સ કૉલેજ, પાટણ	... બૅંકિંગ ઍન્ડ ફાઈનાન્સ
૮.	એમ. એન. કૉલેજ, પાટણ.	... થર્ડ એલએલ.બી.

(૩) જુલાઈ ૩ થી ૮, ૧૯૭૮ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે મળનાર The National Convention on Wages and Income Policy માં યુનિવર્સિટીના પ્રતિનિધિ પ્રો. જે. એલ. ધોળકિયાને નીમ્યાના અને તે માટે મુસાફરી તથા દૈનિક ભથ્થું આપવાની મંજૂરી આપ્યાના;

(૪) યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામક તરીકે કામ કરતા શ્રી. વી. એમ. વ્યાસે ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રિટ-અરજી (ક્રમાંક એપ્લિ. નં. ૩૪૦ ઑફ ૧૯૭૮)ની કૉર્ટે કાઢી નાંખી તેના અનુસંધાનમાં તેઓએ કરેલી લેટર્સ પેટન્ટ બેંચ સમક્ષ નીકળતાં અરજદારે મૂળ અરજી તથા રિટ પિટિશન અરજી પાછી ખેંચવાની પરવાનગી માંગતાં કૉર્ટે આપી (.....Petition stood dismissed as withdrawn) તેની નોંધ લેવા તથા આ કેસમાં યુનિવર્સિટીના ઍડવોકેટ તરીકે શ્રી. એસ. એન. શેલતને રોકવાના તથા તે અંગેના ખર્ચ રૂ. ૫૫૦-૦૦ ચૂકવ્યાના;

(અગાઉ એકિઝકયુટિવ કાઉન્સિલે આ અંગેની શ્રી. વ્યાસ તથા શ્રી. આર. ડી. ભગતની અરજી સ્થાયી કાનૂની સમિતિ સમક્ષ મૂકવા ઠરાવ્યું હતું.)

(૫) તા. ૨૭–૮–૧૯૭૮ ના રોજ થનાર યુનિવર્સિટી કૉર્ટ પરની સામાન્ય ચૂંટણીઓ માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૭–૬–૧૯૭૮ ની સભામાં જે કેન્દ્રો મંજૂર કરેલ છે તે પૈકી સ્નાતક મતદાર વિભાગના યુનિવર્સિટી વિસ્તાર બહારનાં નીચેનાં કેન્દ્રો વર્ષ ૧૯૭૩ માં થયેલ મતદાનની સંખ્યા જોતાં રદ કર્યાના :

(૧) મુંબઈ	(૪) ભાવનગર
(૨) વડોદરા	(૫) સુરત
(૩) રાજકોટ	(૬) જામનગર

(૬) યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે બહારનાં પ્રેસો પાસે મુદ્રણ, બાઈન્ડિંગ વગેરે કામ કરાવવા અંગે તા. ૭–૮–૧૯૭૮ ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં મંજૂર કરવામાં આવેલ દરને વધુ બે વર્ષ લંબાવ્યાના;

(૭) ચાલુ શૈક્ષણિક વર્ષ માટે રાજ્ય સરકાર દ્વારા આ યુનિવર્સિટીને મળેલ એન.એસ.એસ ના વધારાના ૬૦૦ વિદ્યાર્થીઓની ફાળવણી નીચે પ્રમાણે કૉલેજોને કરવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યાના :

(અ) નીચેની પાંચ કૉલેજોમાં હાલ ૫૦ સંખ્યાના અડધા એકમો છે તેમને ૧૦૦ સંખ્યાના આખા એકમો આપ્યાના :

ક્રમ	કૉલેજનું નામ	સંખ્યા
૧.	ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર	૫૦
૨.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી	૫૦
૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી	૫૦
૪.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ	૫૦
૫.	ફરતી ફૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ	૫૦
	કુલ...	૨૫૦

(બ) બાકી રહેલ ૩૫૦ની સંખ્યા નીચે જણાવેલી નવી કૉલેજોને ચાલુ શૈક્ષણિક વર્ષથી એન.એસ.એસ. એકમ આપવાના :

ક્રમ	કૉલેજનું નામ	સંખ્યા	
૧.	એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૦૦	સંખ્યાનું આખું એકમ
૨.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ	૧૦૦	,,
૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	૫૦	સંખ્યાનું અડધું એકમ
૪.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	૫૦	,,
૫.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ	૫૦	,,
	કુલ...	૩૫૦	

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૫૬. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં રીડરની બે જગ્યાઓ માટે તા. ૧૬-૭-૧૯૭૮ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણના સંદર્ભમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૩)

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. જી. વી. શેનોયની રીડર ઇન બિઝનેસ મૅનેજમેન્ટ તરીકે અને શ્રીમતી દીપ્તિ ભટનાગરની ટીચિંગ રિસર્ચ ઍસોશિયેટ તરીકે નિમણૂંક કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં રીડરની બે જગ્યા પૈકીની એક જગ્યા પર ડૉ. જી. વી. શેનોયને નીમવા માટેની વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ડૉ. જી. વી. શેનોયને રીડરની જગ્યા પર રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે રીડરની બીજી જગ્યા પર શ્રીમતી દીપ્તિ ભટનાગરને નીમવા માટેની વરણીસમિતિની ભલામણ, તે બહેન ઓછામાં ઓછી જરૂરિયાત અંગેનાં ધારાધોરણોને લક્ષમાં લેતાં નીમી શકાય તેમ નથી અને તેમણે ટીચિંગ રિસર્ચ એસોસિયેટની જગ્યા માટે અરજી કરેલ નથી તે જોતાં તેમની અરજી દફ્તરે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૬–૭–૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૫૭. નીચે જણાવેલ સંલગ્ન કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂકો યુનિવર્સિટીનાં ધારાધોરણસરની નહીં હોવાથી માન્ય રાખી શકાય તેમ નથી. પરંતુ આર્ટ્સની બાબતમાં કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાથી સદરહુ નિમણૂકો ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ પૂરતી બાસ કેસ તરીકે માન્ય રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

અનુ. નંબર	કૉલેજનું નામ	શિક્ષકનું નામ અને હોદ્દો	યુનિ. ધારાધોરણ મુજબ શૈક્ષણિક લાયકાત-અનુભવની ઊણપ
૧.	એસ. બી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ફ. ડી. ડી. વ્યાસ સમાજશાસ્ત્રનાં વ્યાખ્યાતા	બી.એ.માં બીજો વર્ગ છે અને એમ.એ.માં પાસ વર્ગ છે. શૈક્ષણિક અનુભવ નથી.
૨.	એસ. બી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી દક્ષાબહેન પી. પરીખ મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ હોઈ ત્રણ વર્ષનો શૈક્ષણિક અનુભવ જોઈએ. એક વર્ષનો અનુભવ ખૂટે છે.
૩.	સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ફ. બી. જી. આચાર્ય અર્થશાસ્ત્રનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	બી.એ.માં બીજો વર્ગ છે અને એમ.એ.માં પાસ વર્ગ છે. શૈક્ષણિક અનુભવ નથી.
૪.	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કુ. ધુ. વાય. અનંતાણી અંગ્રેજીનાં ટ્યૂટર	બી.એ. તથા એમ.એ. બન્નેમાં પાસ વર્ગ ધરાવે છે.
૫.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ	શ્રી વી. સી. પટેલ કૉમર્સના ખંડ સમયના વ્યાખ્યાતા	બી.કૉમ. બીજો વર્ગ છે અને એમ.કૉમ.માં પાસ વર્ગ છે. શૈક્ષણિક અનુભવ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિક્ષકોની નિમણૂકો ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ પૂરતી બાસ કેસ તરીકે આજ રાખવી.

૫૮. શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણના એકાઉન્ટ્સ ક્લાર્ક શ્રી બી. એ. બારોટને નીચલી પાયરી પર ઉતારવાનું કૉલેજનું કૃત્ય ગુજરાત યુનિ. ધારાની કલમ ૫૧-એની જોગવાઈઓ સાથે સુસંગત ન હોઈ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૮ની સભામાં તેમને તેમની જગ્યાએ પૂર્વવત્ પાછા લેવા ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં અગાઉના તા. ૨૯-૪-૧૯૭૮ના પત્રથી જે જણાવ્યું છે તેમાં કોઈ ફેરફાર કરવા કૉલેજ સંચાલક મંડળ ઇચ્છતું નથી, એમ જણાવતા સદરહુ કૉલેજના તા. ૩-૭-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) કૉલેજે તેના તા. ૨૯-૪-૧૯૭૮ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"... that the management cannot be compelled to give a scale of the post which is not on the establishment as per University rules.

Moreover the expenditure of such a post would not be admissible for Government grant, as it does not fall under the minimum requirements under the University rules.

Management must abide by the University rules for minimum establishment, but it cannot be compelled to incur an expenditure above the minimum requirements. And hence your order to give a scale of Accounts Clerk to Mr. B. M. Barot is not judicially tenable in our opinion."

(૨) શ્રી બી. એમ. બારોટની નિમણૂક યુનિ.એ મહેકમ પ્રમાણે નિયત કર્યું તે પહેલાં થઈ હતી. તેથી મહેકમ પ્રમાણમાં એકાઉન્ટ ક્લાર્કની જગ્યાનો સમાવેશ નથી એ મુદ્દો અપ્રસ્તુત છે એમ યુનિ.એ તેના તા. ૯-૫-૧૯૭૮ ના પત્રથી કૉલેજને જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબત અંગે કૉલેજના સંચાલકમંડળને ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૫૯. એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ, ન્યૂ દિલ્હીના ડેપ્યુટી સેક્રેટરીએ તેમના તા. ૧૦-૬-૧૯૭૮ના પત્ર દ્વારા અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી શૂટિંગ (ભાઈઓ—બહેનોની) હરીફાઈઓ આપણી યુનિવર્સિટીના આશ્રયે યોજવા માટે સૂચન કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી શૂટિંગ હરીફાઈઓ (ભાઈઓ તેમ જ બહેનો માટેની) ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજવાનું રાખવું.

૬૦. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના પરિ. નં. ૨ના સ્ટે. પની કલમ નં. ૫ હેઠળ બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ પર ૩ વર્ષ માટે નિયુક્ત કરવામાં આવેલ આચાર્ય ડી. ડી. સાઈની ખાલી પડેલી જગાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[તા. ૨૦–૮–૧૯૭૭ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં સદરહુ બોર્ડ પર નીચેના અન્ય સભ્યો નિયુક્ત થયેલા છે :

(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ

(૨) આચાર્ય હરિશંકર પંડ્યા

(૩) આચાર્ય કે. જે. ભટ્ટ

(૪) આચાર્ય બી. એમ. પીરજાદા

(૫) આચાર્ય હરિહર શુકલ

(૬) આચાર્ય વી. એફ. શાહ]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર આચાર્ય ડી. ડી. દેસાઈની જગ્યાએ આચાર્ય કે. એન. શાહને નીમવા.

૬૧. રીડર ઇન બિઝનેસ મેનેજમેન્ટની વરણીસમિતિની સભા તા. ૧૬-૭-૧૯૭૮ના રોજ રાખવામાં આવી હતી તે સમિતિના સભ્ય શ્રી. વાડીલાલ ડગલીએ તા. ૧૫-૭-૧૯૭૮ના રોજ નાદુરસ્ત તબિયતના કારણે સમિતિમાં હાજર રહી શકશે નહીં તેમ જણાવતાં તેઓની જગાએ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના ડૉ. એસ. સી. કુઅલની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૨. શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય શ્રી. સી. એલ. શાસ્ત્રીનું રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦—એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગાર-ધોરણમાં રૂ. ૧,૬૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ)માંથી એક એક તજ્ઞનો નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્ઞોની યાદી	(બ) આચાર્યે સૂચવેલા તજ્ઞો
૧. ડૉ. ઈ. એ. સોલોમન	૧. પ્રો. વી. જી. પંડ્યા
૨. ડૉ. જે. એમ. શુકલ	૨. પ્રિ. એમ. ડી. ભટ્ટ
૩. ડૉ. ટી. એસ. નાન્દી	૩. ડૉ. ટી. એસ. નાન્દી
૪. પ્રો. વી. જી. પંડ્યા	
૫. પ્રો. કે. એસ. શાસ્ત્રી	
૬. ડૉ. એન. એસ. યાજ્ઞિક	
૭. પ્રિ. એમ. ડી. ભટ્ટ	
૮. પ્રિ. સી. એલ. શાસ્ત્રી	
૯. ડૉ. ઇન્દુકલાબહેન ઝવેરી	
૧૦. પ્રો. એ. જી. ભટ્ટ	

(અ) તજ્ઞોની યાદી

૧૧. ડૉ. વી. એમ. કુલકર્ણી

૧૨. ડૉ. જી. કે. ભટ્ટ

૧૩. ડૉ. એ. એન. જાની

૧૪. ડૉ. આર. સી. દ્વિવેદી

૧૫. ડૉ. વેંકટ ચાલમ

૧૬. ડૉ. ટી. જી. મયંકર

૧૭. ડૉ. આર. વી. જોશી

૧૮. ડૉ. આર. એસ. બેટાઈ

૧૯. પ્રો. જયાનંદ દવે

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચે મુજબ તજ્ઞોની નિમણૂક કરવી :

(૧) યાદી 'અ'માંથી પ્રો. એ. જી. ભટ્ટ

(૨) યાદી 'બ'માંથી પ્રો. વી. જી. પંડ્યા.

ઉપર બાબત નં. ૬૨ના સંદર્ભમાં નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૬૨-અ. ભાષા-સાહિત્ય ભવનનાં ડૉ. (કુ.) એસ્તરબહેન સોલોમન રીડરની જગ્યા પર કામ કરતાં હતાં ત્યારે તેમના કામકાજના મૂલ્યાંકન માટે રૂ. ૧,૬૦૦/- પછીના આગળના ઇજાફાના હેતુ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન તેઓ તા. ૨૦-૮-૧૯૭૭ની આ સભામાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે પસંદગી પામેલાં હોઈ રીડર તરીકેની જગ્યાના સંદર્ભમાં મૂલ્યાંકન કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. (કુ.) એસ્તરબહેન સોલોમન તા. ૨૦—૮—૧૯૭૭ની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભામાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે પસંદગી પામેલાં હોઈ સદરહુ રીડરની જગ્યાના સંદર્ભમાં તેમના કામકાજનું જુદું મૂલ્યાંકન કરવાની જરૂર હવે રહેતી નથી, અને તેથી રીડરની જગ્યા પર તા. ૧—૪—૧૯૭૬થી રૂ. ૧,૬૦૦/- પછીના ઇજાફા માટે પણ તેમને પાત્ર ગણવાં.

૬૩. ચાલુ વધારાના જોડાણ માટે આવેલ અરજીઓ પર એક્ઝિકયુટિવ કાઉન્સિલે મૂકેલ શરતોનું પરિપાલન સંતોષપૂર્વક થયું છે કે કેમ તે જોવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૧-૧૯૭૭ની સભામાં નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૦-૭-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે વધુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે જે કૉલેજોનું જોડાણ તા. ૧૫—૬—૧૯૭૮થી ચાલુ રહેતું નથી તેમના કર્મચારીઓ (શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગ)ને તેમનું બાકી રહેલું મોંઘવારી ભથ્થું ચૂકવી દેવાની

શરતનું પરિપાલન કર્યું નથી તેમને સભાગૃહમાં થયેલી ચર્ચાને અનુલક્ષીને તા. ૩૧-૭-૧૯૭૮ સુધીમાં તે ચૂકવી દેવા માટે ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦—૭—૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "હ" તરીકે સામેલ છે.)

૬૪. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૧૮-૭-૧૯૭૮ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૮—૩—૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૬૫. બાંધકામ સમિતિની તા. ૧૯-૩-૧૯૭૮ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯-૭-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રાણીવિજ્ઞાન વિભાગના મકાનના વધારાના બાંધકામ માટે આર.સી.સી. કામના નિષ્ણાત તરીકે મેસર્સ વકીલ, મહેતા, શેઠની નિમણૂક કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯-૭—૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "વ" તરીકે સામેલ છે.)

૬૬. યુનિવર્સિટીના સંશોધન સામયિક "વિદ્યા"ના "Humanities" અંકો માટેના સંપાદક મંડળના આવાહક તરીકે પ્રો. ડી. એન. પાઠકની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

[નીચેનાં વિદ્યાભવનોના અધ્યક્ષોનું સંપાદક મંડળ નીમેલ છે :

૧. સમાજવિદ્યા ભવન
૨. મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન ભવન
૩. વાણિજ્ય વિદ્યાભવન
૪. વ્યવસ્થાપન વિદ્યાભવન
૫. કાયદાશાસ્ત્ર ભવન.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અંકો માટે સંપાદકમંડળના આવાહક તરીકે પ્રો. ડી. એન. પાઠકની જગ્યાએ પ્રો. કે. જી. દેસાઈને નીમવા.

૬૭. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદા હેઠળ શિડયુલ નં. ૨ના સ્ટેચ્યૂટ ૮ મુજબ Board for Hostel Management પર નીચે મુજબ સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત :

(*iv*) A Principal of an affiliated college nominated by the Executive Council from amongst its own members.

(*iii*) Two Principals of affiliated colleges having hostels, to be nominated by the Executive Council.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર ઉપરની પેટાકલમ (૪) હેઠળ આચાર્ય હરિશંકર પંડયાની અને ઉપરની પેટાકલમ (૭) હેઠળ આચાર્ય બી. એમ. પીરજાદા અને આચાર્ય જે. ડી. તલાટીની નિમણૂક કરવી.

૬૮. ગુજરાત યુનિવર્સિટીની વર્તમાન હૉસ્ટેલોમાં વધારાની સુવિધા પૂરી પાડવા માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે તેમના હરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૮-૩૬૭૬-ખ, તા. ૧૪-૭-૧૯૭૮થી ૨૫ ટકાના ધોરણે રૂ. ૭,૫૦૦-૦૦ અથવા ખરેખર ખર્ચ—એમાંથી જે ઓછું હોય તેટલી રકમ ખાસ અનુદાન તરીકે મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૯. ૧૯૭૮-૭૯ના વર્ષમાં સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થી પ્રવેશ અંગે ઑર્ડિ. ૧૨૦-બી.ના સંદર્ભમાં છૂટછાટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

નોંધ.— (૧) સંલગ્ન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં પોતાના જ વિદ્યાર્થીઓ (એ.ડી.કે.ટી. સહિતના)ને સમાવવા તેમ જ માધ્યમ, વિષયની પસંદગી, વાલીની બદલી ઇત્યાદિ કારણોને લઈને પરવાનગી આપી છે.

(૨) કાયદાની કૉલેજોમાં વિદ્યાર્થી ઘસારાને કારણે પ્રત્યેક વર્ગમાં ૧૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની છૂટ આપી છે.

(૩) શિક્ષણની કૉલેજોમાં શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૨ ઉપરાંત અનુસૂચિત જાતિ/વાલીની બદલી ઇત્યાદિને કારણે વ્યક્તિગત અરજીના ગુણદોષ ચકાસી પ્રવેશ માટે પરવાનગી આપી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૦. યુનિવર્સિટી કાર્યાલયની મોટરકારનો ઉપયોગ કર્મચારીના અંગત કામ માટે કરવામાં આવે ત્યારે તે માટેના હાલના દર (કિ.મી. દીઠ ૬૦ પૈસા) પર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયની મોટરકારનો ઉપયોગ કર્મચારીના અંગત કામ માટે કરવામાં આવે ત્યારે તે માટેનો દર સુધારીને કિલોમીટર દીઠ ૭૫ પૈસાનો રાખવો.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૭૧. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ ઍસોસિયેટ તરીકે નિમાયેલા શ્રી. આર. આર. શાહને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૮ના પગારધોરણમાં શરૂઆતના રૂ. ૭૦૦/-ના મૂળ માસિક પગારને બદલે રૂ. ૧,૩૦૦નો મૂળ માસિક પગાર આપવા અંગેના તમના તા. ૬-૬-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. આર. શાહની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૭૨. આઈ.એ.એસ. પ્રત્યાહ્વિની સેવાઓ માટે તાલીમ વર્ગોના માનાર્હ સંચાલક તરીકે પ્રો. ડી. એન. પાઠક સમાજવિદ્યા ભવનમાંથી છૂટા થતાં અન્ય કોઈ વ્યક્તિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વર્ગોના માનાર્હ સંચાલક તરીકે પ્રો. મહેશભાઈ ભટ્ટને નીમવા.

૭૩. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનની મધ્યસ્થ પ્રયોગશાળા (Central Laboratory)ના સંચાલક નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મધ્યસ્થ પ્રયોગશાળાના સહ-સંચાલકો તરીકે ડૉ. એમ. એન. દેસાઈ અને ડૉ. વી. સી. શાહને નીમવા.

૭૪. એક અભ્યાસક્રમમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓને પાછળથી બીજા અભ્યાસ-ક્રમમાં પ્રવેશ મળતાં તેઓને સત્ર ફી રિફંડ કરવા અંગેના નિયમો સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમો નીચે મુજબ સુધારવા અને તેને ઑર્ડિ. ૧૫૯માં કંડિકા (૫) તરીકે ઉમેરવા તથા તેને ૧૫ જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવા :

(5) Rules regarding refund of tuition fee :

(1) Full fees for the term concerned shall be refunded in the case of the death of the student concerned.

(2) Tuition fee (including laboratory fee, if any) for the rerm concerned shall be refunded after deducting Rs. 25/- if a student applies within 30 days of the payment of his fees for any of the following reasons :

(*i*) Transfer of the student concerned, being in employment to another city,

(*ii*) Transfer of a parent of the student concerned to another city,

(*iii*) Marriage of a female student,

(*iv*) Admission of a student admitted to one course of studies to any professional course of studies.

૭૫. માર્ચ-એપ્રિલ ૧૯૭૮માં લેવાયેલ બી.એડ. પરીક્ષામાં પ્રશ્નપત્રો ૪ અને ૫ની બાબતમાં અભ્યાસક્રમની બહારનો પ્રશ્ન પુછાયો છે એ કારણ આગળ ધરીને વધુ ગુણાંક આપવાની બાબતમાં કેટલાક વિદ્યાર્થીઓની અરજીના સંદર્ભમાં આ સભાગૃહના સભ્ય શ્રી. શરદભાઈ પટેલની સદરહુ પ્રશ્ન આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કરેલી માગણી અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સંબંધકર્તા તમામ કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રશ્નપત્રોમાં અભ્યાસક્રમની બહારનો કોઈ પ્રશ્ન પુછાયો નથી તેની આ સભાગૃહને ખાતરી થઈ છે અને સદરહુ પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી કુ. દુર્ગાબહેન કાન્તિલાલ પટેલના વકીલ શ્રી. ભરત એચ. શાહને યુનિવર્સિટી કાર્યાલય તરફથી આપવામાં આવેલા જવાબને આ સભાગૃહ સમર્થન કરે છે અને ઠરાવે છે કે સદરહુ પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને આપેલા ગુણાંકમાં વધારો કરવાની તેમની માગણી સ્વીકારવી નહીં.

૭૬. પ્રી-યુનિવર્સિટી વિનયન અને વાણિજ્યના વર્ગો ૧૯૭૮-૭૯ના વર્ષ દરમ્યાન ચાલુ રાખવાનું ઠરાવવામાં આવેલું હોઈ તે માટેનાં અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ—એપ્રિલ ૧૯૭૯માં લેવાનાર પ્રી-યુનિવર્સિટી વિનયન અને વાણિજ્યની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો ચાલુ વર્ષ એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૮ માટેની પરીક્ષા માટે હતાં તે જ ચાલુ રાખવાં.

૭૭. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણમાં હિન્દીના વ્યાખ્યાતા તરીકે નિમાયેલા શ્રી. એસ. એસ. પટેલની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) તેઓએ એમ.એ.માં હિન્દી રાખેલા વિષયમાં ૫૨ ટકા ગુણ મેળવેલ છે તેમ જ વરણીસમિતિમાં બે નિષ્ણાતોને કૉલેજે નિમંત્રણ આપ્યું ન હતું, પરંતુ કુલપતિશ્રીના પ્રતિનિધિ, ડી. ઈ.ના પ્રતિનિધિ અને આચાર્ય પોતે હિન્દી વિષયના જાણકાર હોવાથી તથા તેઓ એમ.એ. ગુજરાતી સાથે પણ બીજો વર્ગ ધરાવતા હોવાથી ગુજરાતીના કાર્યભારમાં મદદરૂપ થઈ શકે તેમ હોઈ વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષે (૧) નવાં ધોરણોને લઈને ૫૪.૫ ટકા ગુણ ન હોવાનો તેમ જ (૨) નિષ્ણાતો ન હોવાની ઊણપોને ગૌણ ગણી સરકાર ગ્રાન્ટ પાત્ર ગણે તે શરતે માન્યતા આપવા ભલામણ કરી છે.

(૨) આચાર્યશ્રીએ તેમના તા. ૨૧-૭-૧૯૭૮ના પત્રથી જણાવ્યું છે કે એક જ સુપરન્યુમરી ઉમેદવારે અરજી કરેલી, પરંતુ તેમનો વિષય તેઓની જરૂરિયાત પ્રમાણેની એટલે કે હિન્દી-ગુજરાતી ન હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. એસ. એસ. પટેલને એમ.એ. કક્ષાએ ઉચ્ચતર બીજો વર્ગ મળ્યો નથી તે ઊણપને અપવાદ તરીકે ક્ષમ્ય ગણીને તેમની હિન્દીના લેક્ચરર તરીકેની નિમણૂક માન્ય રાખવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ./૬૯૩૧૨/૧૯૭૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૧૬-૮-૧૯૭૮

કે. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "અ"

કામકાજ ક્રમાંક ૨૩

નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૨૩-૪-૧૯૭૭ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ નીમેલ સમિતિની એક સભા તા. ૧૪-૬-૧૯૭૮ ને બુધવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. કે. એન. શાહ	હાજર
૨.	શ્રી. બી. એમ. પીરઝાદા	ગેરહાજર
૩.	પ્રો. આર. એમ. શાહ	હાજર.

૧. તા. ૧૬-૨-૧૯૭૮ના રોજ મળેલ સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર અધ્યક્ષશ્રીએ સહી કરી.

૨. પંચાયત સેવાની કચેરી, નખત્રાણા (કચ્છ)ની ઑફિસમાં જુ. કલાર્ક તરીકે નોકરી કરતાં કરતાં માંડવી-કચ્છમાં આવેલ એસ. વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં ૧૯૭૨-૭૩, ૧૯૭૩-૭૪ના વર્ષ દરમ્યાન ખોટી હાજરી પુરાવીને સત્રો મંજૂર કરાવી અભ્યાસ કર્યા અંગે શ્રી. કે. એસ. કટુઆ વિરુદ્ધ આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

૯. ઑર્ડિનન્સ ૪૧ અન્વયે રચાયેલ ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો અંગેની સમિતિના સભ્યોની મુદત તા. ૮-૯-૧૯૭૮ના રોજ પૂરી થતી હોવાથી પ્રત્યેક વિદ્યાશાખાનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે આગામી ત્રણ વર્ષ માટે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યુરોની સમિતિ પર નીચેના સભ્યોને નીમવા :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. એસ. જે. દામાણિયા
૩. આચાર્ય પી. આર. દેસાઈ
૪. આચાર્ય સી. એલ. શાસ્ત્રી.

૧૦. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના સભ્યોનો એક વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલી તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

નં.	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. ભોજરાજ એમ. બાગડે	પટાવાળા	૩૦-૯-૧૯૭૮	૧-૧૦-૧૯૭૮
૨.	શ્રી. બાબુભાઈ જે. વાઘેલા	સફાઈ કામદાર	,,	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બેઉ સભ્યોને તેમની જગ્યા પર તા. ૧-૧૦-૧૯૭૮થી કાયમ કરવા.

૧૧. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં બિઝનેસ મેનેજમેન્ટના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે કામ કરતા ડૉ. એમ પી. કક્કરનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૯-૧૯૭૮ના રોજ પૂરો થતો હોઈ તા. ૧-૧૦-૧૯૭૮થી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ડૉ. એમ. પી કક્કરની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. એમ. પી. કક્કરને ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં બિઝનેસ મેનેજમેન્ટના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે તા. ૧-૧૦-૧૯૭૮થી કાયમ કરવા.

૧૨. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. પી. એન. મહેતાને રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦-૨૦-૬૦૦ ઈ.બી. ૨૦-૭૦૦ના પગાર-ધોરણમાં તા. ૧૬-૭-૧૯૭૮થી રૂ. ૫૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આ બાબત મુલતવી રાખવામાં આવી.

૧૩. યુનિ. આરોગ્ય કેન્દ્રમાંના વોર્ડબોય શ્રી. ડી. એમ. પાટીલ તા. ૨૬-૮-૧૯૭૮ના રોજ તેમના પગારધોરણના છેલ્લા પગથિયે પહોંચી જતા હોવાથી તેમને તા. ૨૬-૮-૧૯૭૮થી નવું પગારધોરણ સ્વીકારવા માટે પરવાનગી આપવા અંગે તેમની તા. ૩-૮-૧૯૭૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વોર્ડબોય શ્રી. ડી. એમ. પાટીલને તા. ૨૬-૮-૧૯૭૮થી નવું પગારધોરણ સ્વીકારવા માટે મંજૂરી આપવી.

૧૪. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. રામભાઈ જે. પટેલ તા. ૧-૮-૧૯૭૮થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓને યુનિવર્સિટીના નિયમાનુસાર પ્રો. ફંડ તથા ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૮-૮-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તેઓ તા. ૧૬-૧-૧૯૬૭થી યુનિવર્સિટીમાં જોડાયા હતા અને તા. ૧-૮-૧૯૭૮થી રાજીનામું આપી છૂટા થયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર ક્લાર્ક તરીકે છૂટા થયેલા શ્રી. રામભાઈ જે. પટેલને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફન્ડ અને ગ્રેજ્યુઈટીની રકમો યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવી આપવી.

૧૫. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરમાં ઈ.ડી.પી. સુપરવાઇઝર તરીકે કામ કરતા શ્રી. આર. એમ. ઠક્કર તા. ૩૧-૮-૧૯૭૮થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓને નિયમાનુસાર પ્રોવિડંટ ફંડની રકમ આપવા અંગે તેઓના તા. ૪-૮-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી ઠક્કર યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરમાં તા ૬-૧૨-૧૯૭૫ના રોજ જોડાયા હતા અને તા. ૩૧-૮-૧૯૭૮થી રાજીનામું આપી છૂટા થયા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સેન્ટરમાં ઈ.ડી.પી. સુપરવાઈઝર તરીકે છૂટા થયેલા શ્રી. આર. એમ. ઠક્કરને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફન્ડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવી આપવી.

૧૬. ઑક્ટોબર ૨૩થી ૨૭, ૧૯૭૮ના સમય દરમિયાન હરિયાણા કૃષિ યુનિવર્સિટીના ઉપક્રમે Cytology and genetion ની ત્રીજી અખિલ ભારતીય કૉંગ્રેસ હિસાર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ સંસ્થાએ ડૉ. વી. સી. શાહે મોકલેલ પેપરો સ્વીકારવામાં આવ્યાં છે તેમ જણાવ્યું છે.]

સદરહુ બાબતના સંદર્ભમાં ડૉ. વી. સી. શાહે જણાવ્યું કે સદરહુ કૉંગ્રેસના ઉપરોક્ત અધિવેશનનું અધ્યક્ષસ્થાન તેમને સોંપાયેલું છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉંગ્રેસના અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. વી. સી. શાહને રાખેતા મુજબની શરતોએ મોકલવા.

૧૭. ઑક્ટોબર ૧૪ અને ૧૫, ૧૯૭૮ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર ઑલ ઇન્ડિયા કૉન્ફરન્સ ઑફ લિંગ્વિસ્ટિક્સમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ભાષા-ભવનના લિંગ્વિસ્ટિક્સના વ્યાખ્યાતા શ્રી. યોગેન્દ્ર વ્યાસે તેઓને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા માટે ભવનના અધ્યક્ષ મારફતે અરજી કરી છે અને તેઓ સોશિયો-લિંગ્વિસ્ટિક્સ પર પેપર વાંચવાની યોજના કરી રહ્યા છે તેમ જણાવ્યું છે. વધુમાં ઉમેર્યું છે કે આ પરિષદમાં ભાગ લેવાથી તેઓને ગુજરાત યુનિવર્સિટી દ્વારા "સમાજશાસ્ત્ર ભાષાવિજ્ઞાન"નું પુસ્તક લખવાનું કામ સોંપાયું છે તેમાં મદદ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉન્ફરન્સના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રાખેતા મુજબની શરતોએ ડૉ. યોગેન્દ્ર વ્યાસને મોકલવા.

૧૮. વાણિજ્ય વિદ્યાભવનના રીડર શ્રી. એચ. કે. ત્રિવેદીનું રીડરના પગારધોરણ રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ મૂલ્યાંકન ૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછી મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચે "અ"માંથી યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમાયેલા શ્રી. સી. એચ. શાહ પરદેશ જનાર હોઈ આ સમિતિ પર કામ કરી શકે તેમ ન હોવાથી બીજા પ્રતિનિધિનું નામ સૂચવવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે કૉમર્સની અભ્યાસસમિતિએ તૈયાર કરેલી તજ્ઞોની યાદી નીચે પ્રમાણે છે :

૧. શ્રી. જે. સી. સાંડેસરા (મુંબઈ યુનિ.)
૨. શ્રી. સી. એચ. શાહ (,,)
૩. શ્રી. વી. એમ. ઢોકારી (એમ. એસ. યુનિ.)
૪. શ્રી. એમ. બી. દેસાઈ (,,)
૫. શ્રી. વી. એચ. જોશી (સૌરાષ્ટ્ર યુનિ.)

૬. શ્રી. એમ. પી. ચોકસી (એમ. એસ. યુનિ.)
૭. શ્રી. એચ. એન. પાઠક (આઈ. આઈ. એમ., અમદાવાદ)
૮. શ્રી. આર. જે. મોદી (સરદાર પટેલ ઇન્સ્ટ. ઑફ ઇકોનોમિકસ)
૯. શ્રી. બી. વી. મહેતા (દક્ષિણ ગુજ. યુનિ.)
૧૦. શ્રી. એચ. કે. ત્રિવેદી (યુનિ. સ્કૂલ ઑફ કોમર્સ)
૧૧. શ્રી. એમ. પી. ભટ્ટ (સમાજવિદ્યા ભવન)

(બ) ઉપરોક્ત "અ"માંથી શ્રી. ત્રિવેદીએ સૂચવેલા તજ્ઞોનાં નામો :

૧. ડૉ. જે. સી. સાંડેસરા (મુંબઈ)
૨. ડૉ. એમ. બી. દેસાઈ (વડોદરા)
૩. પ્રો. એચ. એન. પાઠક (અમદાવાદ)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. સી. એચ. શાહની જગ્યાએ ડૉ. જે. સી. સાંડેસરાને નીમવા.

૧૯. "આચાર્યશ્રી કાલિદાસ હવે પારિતોષિક" એ નામનું આશરે રૂ. ૮૫૦નું એક પારિતોષિક થર્ડ બી.એ. પરીક્ષામાં મુખ્ય વિષય "સંસ્કૃત"માં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવા સ્વાધ્યાય મંડળ તરફથી મળેલ રૂ. ૧૦,૦૯૦ના પ્રદાનનો સ્વીકાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો તથા તે અંગે જરૂરી નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા કાર્યાલયને જણાવવું.

૨૦. ઑક્ટોબર-નવેમ્બર ૧૯૭૮ના સમય દરમિયાન બારડોલી મુકામે યોજનાર ગુજરાત ગણિત મંડળના ૧૫મા અધિવેશન અંગે આર્થિક સહાય આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત ગણિતમંડળના ૧૫મા અધિવેશન અંગે રૂ. ૫૦૦ની આર્થિક સહાય મંજૂર કરવી.

૨૧. Indian Academy of Sciences, Bangaloreના પ્રમુખશ્રી તરફથી તેમના તા. ૫-૮-૧૯૭૮ના પત્રથી સદરહુ સંસ્થાની પ્રકાશન પ્રવૃત્તિઓને ટેકારૂપ વાર્ષિક અનુદાન રૂ. ૧,૦૦૦નું આ યુનિવર્સિટી તરફથી આપવાનું મંજૂર કરવા અંગેની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થાને ફક્ત ચાલુ વર્ષ પૂરતો જ રૂ. ૫૦૦/–ની આર્થિક સહાય મંજૂર કરવી.

૨૨. "સર્ટિફિકેટ ઇન કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ એકઝામિનેશન" પરીક્ષા માટે ઑ.૧૨૬માં નીચે મુજબ સુધારો કરવા બાબત.

Name of Examination	*How many times in a year ?*	*Date of commencement*	*Last date of Application*	*Examination Fees*
Certificate Examination in Computer Programming	Twice	4th Monday of April 4th Monday of October	10th April 10th October	Rs. 25/-

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિ. ૧૨૯માં નીચેની જોગવાઈ ઉમેરીને સુધારેલો ઑ. ૧૨૯ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

Name of Examination	*How many times in a year*	*Date of commencement*	*Last date of application*	*Examination fees*
Certificate Examination in Computer Programming	Twice	4th Monday of April 4th Monday of October	10th April 10th October	Rs. 30/-

૨૩. "ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રિક્રિયેશન કલબ"ને ચાલુ વર્ષ ૧૯૭૮-૭૯ માટે આર્થિક સહાય આપવાનું મંજૂર કરવા અંગે સદરહુ કલબના પ્રમુખશ્રીના તા. ૧૦-૮-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ગયા વર્ષ માટે રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રિક્રિયેશન કલબને ચાલુ વર્ષ એટલે કે ૧૯૭૮-૭૯ના વર્ષ માટે, સદરહુ કલબની પ્રવૃત્તિઓ યુનિવર્સિટી કાર્યાલયના ચાલુ સમય (રિસેસ સહિતના) દરમ્યાન કરવામાં આવે નહીં તે શરતે રૂ. ૩,૦૦૦/-ની આર્થિક સહાય મંજૂર કરવી.

૨૪. કાપડિયા એન. એમ. એમ. સાર્વજનિક આર્ટ્સ કૉલેજ, સંખેડાના કામકાજનો સમય બપોરના બદલે તા. ૭-૮-૧૯૭૮ થી સવારનો કરવા પરવાનગી માંગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૮-૭-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પોતાનું શિક્ષણકાર્ય બપોરને બદલે સવારના સમયે કરવા માટે પરવાનગી આપવી.

૨૫. વાણિજ્યને લગતા વિષયોના ટીચિંગ ક્વૉલિફિકેશન મંજૂર કરવા અંગેની વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨/૨૩/૨૪-૫-૧૯૭૮ની તેમ જ તા. ૫-૬-૧૯૭૮ની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૭-૧૯૭૮ની સભામાં મંજૂર કરેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત જોઈતપાસીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય બી. એમ. પીરજાદા
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૨૬. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના અધ્યક્ષ ડૉ. કેકરે તેઓના તા. ૨૮-૭-૧૯૭૮ના પત્રથી 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા', અમદાવાદમાં અંદાજે ચાર થી પાંચ દિવસની Short consultancy કામગીરી કરવાની મંજૂરી માંગી છે તે આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામગીરી સ્વીકારવા માટે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના અધ્યક્ષ ડૉ. એમ. પી. કક્કરને પરવાનગી આપવી નહીં.

સ્કૂલ વતીથી એ પ્રસ્તાવ પુન: રજૂ કરવા એમને જણાવવું.

૨૭. ફાઇનાન્સ સમિતિની તા. ૨૪-૮-૧૯૭૮ને ગુરુવારના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૮-૧૯૭૮ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪-૮-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૮. "સ્વ. કુ. ભારતીબહેન પુણ્યસ્મૃતિ શિષ્યવૃત્તિ" એનાયત કરવા અંગે શ્રી બી. એમ. મહેતા તરફથી મળેલ રૂ. ૧૦,૦૦૦/-ના પ્રદાનનો કુલપતિશ્રીએ સાભાર સ્વીકાર કર્યાના કાર્યની નોંધ લેવા બાબત તથા સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી, તથા સદરહુ શિષ્યવૃત્તિ અંગેના નિયમો મંજૂર કરવા.

(સદરહુ શિષ્યવૃત્તિ અંગેના નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કમિશનની ભલામણોના સંદર્ભમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ તરફથી રાજ્યની યુનિવર્સિટીઓમાં તથા બિન-સરકારી કૉલેજોમાં અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ભરતી માટે શૈક્ષણિક હાંચાઓમાં પાંચ ટકા અને બિનશૈક્ષણિક જગ્યાઓમાં દસ ટકા જગ્યાઓ તા. ૧-૪-૧૯૭૮ થી ૬૨ વર્ષ માટે અનામત

રાખવા અંગે આવેલ તા. ૯–૬–૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એન. જી. સી. ૧૦૭૮–ખ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) આ યુનિવર્સિટીમાં તથા બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે શિક્ષકગણની કુલ જગ્યાઓના ૫ ટકા અને બિનશિક્ષકગણની કુલ જગ્યાઓના ૧૦ ટકા જેટલી જગ્યાઓ અનામત રાખવી.

(૨) યુનિવર્સિટીમાં અને બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં હાલની જગ્યાઓ ઉપર નં. (૧)માં જણાવેલું પ્રમાણ જળવાયું ન હોય તો તે પ્રમાણ પર પહોંચવાનું રાખવું અને હવે પછીની ખાલી પડેલી જગ્યાઓ માટેની જાહેરખબરો એ પ્રમાણને લક્ષમાં રાખીને એના સ્પષ્ટોલ્લેખ સાથે કરવી અને તે મુજબ જ ભરવાની કાર્યવાહી કરવી.

(૩) ઉપર મુજબની નિમણૂકો કરતી વેળાએ જરૂર પડ્યે લાયકાતનાં ધોરણોમાં થોડી રાહત આપવી.

૩૦. સંલગ્ન કૉલેજોના આર્થિક પ્રશ્નો અંગે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૮–૧૯૭૭ની સભામાં નિયુક્ત કરેલ પ્રતિનિધિ મંડળની ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી સાથેની ચર્ચાવિચારણાના સંદર્ભમાં ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ તરફથી આવેલા તા. ૫–૭–૧૯૭૮ના પત્રાંક એમ. આઈ. એસ.–૧૦૭૮/૩૨૪૦–ખ–૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ પત્રની નોંધ લેવી અને એ પત્રમાં જણાવેલ બાબતો અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિમંડળે રાજ્યના શિક્ષણમંત્રીશ્રી સાથે તા. ૧–૮–૧૯૭૮ના રોજ ચર્ચાવિચારણા કરેલી છે તેને અનુલક્ષીને જરૂરી નિર્ણયો ત્વરિત લેવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૩૧. યુનિવર્સિટી કોર્ટ પર વિદ્યાર્થી પ્રતિનિધિઓની ૧૧ જગ્યાઓ માટેની ચૂંટણી તેમ જ બોર્ડ ફૉર સ્ટુડન્ટસ વેલ્ફેર પરની ખાલી પડેલ જગ્યાઓ માટેની પેટા–ચૂંટણી માટેનાં ચૂંટણી મથકો નિયત કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચૂંટણી અને પેટા–ચૂંટણી માટેનાં ચૂંટણીમથકો આ સાથેની યાદી મુજબ મંજૂર કરવાં.

(મંજૂર કરવામાં આવેલાં ચૂંટણીમથકોની યાદીની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૨. ડૉ. કે. એમ. કોટડિયાના વિદ્યાર્થી શ્રી અપૂર્વ ગુપ્તાએ ભૌતિકવિજ્ઞાન વિષયમાં રજૂ કરેલ પીએચ.ડી. મહાનિબંધ પરત્વે નિમાયેલ પરીક્ષકોના હેવાલો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં પરદેશી રેફરી Dr. H. Schwentekના તા. ૧૬–૮–૧૯૭૮ના પત્ર તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. અપૂર્વ ગુપ્તાનો સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય ગણવો.

૩૩. ગુજરાત રાજ્યની વડી અદાલતમાં યુનિવર્સિટીનાં સત્તામંડળોની ચૂંટણી માટેની મતગણતરીના નિયમો અંગે સ્પેશિયલ સિવિલ એપ્લકેશન ક્રમાંક ૧૪૪૪-૧૪૭૮ થયેલ તેના માટે એડવોકેટ શ્રી શેલતને યુનિવર્સિટી તરફથી રોકયાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત, તથા કુલપતિશ્રીએ મતગણતરી અંગેના સ્ટેચ્યૂટ ૧૬૫-ડી અને ૧૬૫-એફ સુધાર્યા હોઇ નામદાર અદાલતે સદરહુ અરજી Survive થતી નથી તેવો ચુકાદો આપ્યાની નોંધ લેવા બાબત,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૪. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો સર્વશ્રી આર. વી. પટેલ તથા શરદભાઈ પટેલે સંયુક્ત રીતે આપેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

ઠરાવ :

"રાજ્ય સરકારે, યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ કૉલેજોના શિક્ષકોને સુધારેલા પગાર ધોરણોનો લાભ ૧–૧–૧૯૭૩થી આપ્યો છે. તદુપરાંત સરકારી કૉલેજોના શિક્ષકોને પણ દેસાઈ-પંચનાં પગારધોરણોનો લાભ તા. ૧–૧–૧૯૭૩થી આપવામાં આવ્યો છે. પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓના શિક્ષકોને પણ રાજ્ય સરકારે દેસાઈ પગારધોરણ તા. ૧–૧–૧૯૭૩થી લાગુ પાડયાં છે. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ ફાર્મસીના શિક્ષકગણને પણ નવા પગારધોરણનો લાભ તા. ૧–૧–૧૯૭૩થી આપવામાં આવ્યો છે. રાજ્યની બીનસરકારી પોલિટેકનિક કૉલેજોને પણ દેસાઈપંચ પ્રમાણેના સુધારેલા પગાર તા. ૧–૧–૧૯૭૩થી આપવામાં આવ્યા છે. આમ જ્યારે શૈક્ષણિક ક્ષેત્રે બધે જ તા. ૧–૧–૧૯૭૩થી નવાં પગારધોરણોનો અમલ કરાયો છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ અને એમ.એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના શિક્ષકોને, દેસાઈપંચનાં પગારધોરણ ૧–૪–૧૯૭૭થી લાગુ પાડી રાજ્ય સરકારે શિક્ષક–શિક્ષક વચ્ચે ભેદભાવ રાખ્યો છે. આ બંને ફાર્મસીના કૉલેજના શિક્ષકોને આ પગારધોરણોનો લાભ ૧–૧–૧૯૭૩થી આપવો જોઈએ, તેમ આ સભા માને છે, અને તે પ્રમાણે તેમને સદરહુ દેસાઈપંચનાં પગારધોરણો ૧–૧–૧૯૭૩થી લાગુ પાડવા આ સભા રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩૫. ભાષા-સાહિત્ય ભવનના વ્યાખ્યાતા ડો. ટી. એસ. નાન્દીનું રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦–૫૦–૧,૩૦૦– મૂલ્યાંકન –૫૦–૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦/– પછીનો પગાર આપવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯–૪–૧૯૭૮ની સભામાં નીમેલી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. ટી. એસ. નાન્દીને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૮-૫૦-૧,૩૦૦ મૂલ્યાંકન ૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦/- પછીના આગળના વાર્ષિક ઈન્ક્રીમેન્ટ માટે તા. ૧-૪-૧૯૭૮થી પાત્ર ગણવા.

૩૬. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૪-૧૯૭૮ની સભાની બાબત ક્રમાંક ૧૧૮ના ઠરાવ અન્વયે વિદ્યાભવનોના જે વ્યાખ્યાતાઓ રૂ. ૭૦૦-૧,૬૦૦ના પગારધોરણ માં રીડરના પગારધોરણના શરૂઆતના પગારથિયે એટલે કે રૂ. ૧,૨૦૦/-એ પહોંચ્યા હોય તેમને રૂ. ૧,૨૦૦-૧,૬૦૦નું રીડરનું પગારધોરણ આપવાનું મંજૂર કરવાનું લખતાં યુ. જી. સી. એ તેમના પત્રાંક એફ. ૨૫-૧૫-ટી. ૪ તા. ૧૮-૭-૧૯૭૮થી સદરહુ વિનંતી સ્વીકારવાની અશક્તિ દર્શાવી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એ પત્રની નોંધ લેવી અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને આંતરિક બઢતી (ઈન્ટર્નલ પ્રમોશન) આપવા માટેની જોગવાઈ કરવા યુ.જી.સી. સાથે ઘટતી વાટાઘાટો કરવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૩૭. શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણના એકાઉન્ટસ ક્લાર્ક શ્રી. બી. એમ. બારોટને જુનિયર ક્લાર્કની નીચલી પાયરી પર ઉતારવાનું કૉલેજનું કૃત્ય ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૭-એ સાથે સુસંગત ન હોઈ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૮ની અને તા. ૨૨-૭-૧૯૭૮ની સભામાં ઠરાવ્યા અનુસાર શ્રી. બી. એમ. બારોટને તેમની જગાએ પૂર્વવત્ લઈને જાણ કરવા કૉલેજને જણાવેલ છતાં કૉલેજે યુનિવર્સિટીના આદેશ મુજબ શ્રી બી. એમ. બારોટની પુનઃ તેમની જગાએ લઈને જાણ કરેલ નથી અને આચાર્યશ્રીએ તેમના તા. ૧-૮-૧૯૭૮ના પત્રથી "કોઈ ફેરફાર કરવા સંચાલક મંડળ ઇચ્છતું નથી" તેવું પુનઃ જણાવેલ છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ સામે ઉપર જણાવેલી બાબત અંગે શું પગલાં લેવાં તે અંગે પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે સંલગ્ન કૉલેજોના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

૩૮. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧—૧—૧૯૭૮ અને તા. ૨૯—૪—૧૯૭૮ની સભાઓએ ઠરાવ્યા છતાં શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાએ નવી તરાહને કારણે ફાજલ ગણી છૂટા કરાયેલ પૂર્ણ સમયના સંસ્કૃતના વ્યાખ્યાતા શ્રી. જી. પી. બ્રહ્મભટ્ટને પૂર્વવત્ નોકરીમાં પાછા લીધા નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ સામે ઉપર જણાવેલી બાબત અંગે શું પગલાં લેવાં તે અંગે પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે સંલગ્ન કૉલેજોના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

૩૯. રાજ્ય સરકારે તેના તા. ૧૯–૧૦–૧૯૭૭ અને તા. ૩–૧૧–૧૯૭૭ના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૩૭૭-કેએચ તથા તા. ૧૨–૪–૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૩૭૭-/૨૦૫૦ ૨/(કેએચ)થી વિનયન, શિક્ષણ, વાણિજ્ય અને વિજ્ઞાનની કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીગણનાં સુધારેલાં પગારધોરણ સર્વે સંલગ્ન કૉલેજોને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન (શિક્ષણ સહિત), વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટેનાં સુધારેલાં પગારધોરણો તમામ બિનસરકારી સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને લાગુ પાડવાં.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે બિનસરકારી સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં સુધારેલાં પગારધોરણોથી કોઈપણ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વિપરીત અસર થાય નહીં તે રીતે રાજ્ય સરકાર સમક્ષ ભૂતકાળમા રજૂઆત કરવામાં આવેલી છે તે તરફ રાજ્ય સરકારનું ધ્યાન ખેંચીને તે અંગે જલદી નિર્ણય લેવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૪૦. શેઠ ટી. સી. કાણાડિયા આર્ટ્સ કૉલેજ, બોરસદમાં વિદ્યાર્થી ન હોવાને કારણે બી.એ (ગૌણ) હિન્દીનું શિક્ષણકાર્ય જૂન ૧૯૭૮થી બંધ કર્યાની સદરહુ કૉલેજના આચાર્યે જાણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ વિષય બંધ કરવા અંગે કૉલેજે તેના તા. ૧૦–૮–૧૯૭૭ના પત્રથી જાણ કરેલી જેના જવાબમાં એ ડિ. ૧૨૦–એફ અનુસાર અરજી સમયમર્યાદા બહાર હોવાનું યુનિવર્સિટી કાર્યાલયે જણાવેલું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સંલગ્ન કૉલેજોના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૧. સંશોધન અને રાજકીય સંસ્થાઓને સહાયક અનુદાન આપવાની બાબતમાં રાજ્ય સરકારે સુધારેલાં ધોરણો જાણ કરતા રાજ્ય સરકારના તા. ૨૯–૬–૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૬૮–૬૪૫૭–ની નોંધ લેવા બાબત.

[**નોંધ.**—સદરહુ સુધારેલ ધોરણો નીચે મુજબ છે :

"મળવાપાત્ર ખર્ચના ૬૦ ટકા અથવા બાધ એ બેમાંથી જે અધિક હોય તેટલી રકમ રૂ. ૫ લાખની બાધ સુધા અને તેથી ઉપરની બાધ માટે ૫૦ ટકાના દરે અનુદાન મંજૂર કરવું. આ માટે જે તે સંસ્થાએ નીચેની શરતો માન્ય રાખવી પડશે :

૧. સંસ્થાના હાલના કર્મચારીગણ માટે તેમ જ ભવિષ્યમાં જો કોઈ વધારાના કર્મચારીઓ લેવામાં આવે તો તે અંગે શિક્ષણ નિયામકશ્રીની પરવાનગી મેળવવી પડશે.

૨. સંસ્થાના કર્મચારીઓના પગારધોરણો સુધારવાની બાબત રાજ્ય સરકારશ્રીની સંમતિને આધીન રહેશે."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની તા. ૧૨-૫-૧૯૭૮ના રોજ મળેલ સભાની ભલામણો જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭-૫-૧૯૭૮ની સભામાં મંજૂર રાખી હતી તે અન્વયે જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદના અંગ્રેજીના લેક્ચરર શ્રી. એ. પી. ઠક્કરને તેમનું સેવાનું સાતત્ય જળવાઈ રહે તે રીતે ચાલુ રાખવા અને તેના સંદર્ભમાં ઇજાફા તેમ જ જે કોઈ તફાવત મળવાપાત્ર હોય તે ચૂકવવા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવામાં આવેલું તે બાબતમાં સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૨-૬-૧૯૭૮ના પત્રથી નીચે મુજબ જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ સામે ઉપર જણાવેલી બાબત અંગે શું પગલાં લેવાં તે અંગે પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે સંલગ્ન કૉલેજોના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

૪૩. બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં આચાર્ય-શિક્ષકોની નિમણૂકો માટે ઑર્ડિ. ૯૭ અન્વયે રચાયેલ વરણીસમિતિ પર કૉલેજના સંચાલક મંડળના પ્રમુખે બે નિષ્ણાતો નીમવાના હોય તો તેઓને કયા ઠરે મુસાફરી અને દૈનિક ભથ્થાં ચૂકવવાં તે પુછાવતા શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણના આચાર્યશ્રીના તા. ૧૮-૭-૧૯૭૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિષ્ણાતોને યુનિવર્સિટીએ નિયત કરેલા દરે મુસાફરી અને દૈનિક ભથ્થાં આપવા માટે બિનસરકારી સંલગ્ન કૉલેજોને જણાવવું.

૪૪. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત મંડળની તા. ૨૧-૫-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Resolved that no royalty should be paid on books prepared as a result of a fully financed research project and for the patent for research work done at the University. The same should belong to the University."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સ્વીકારવી.

બાબત નં. ૪૫, ૪૬, ૪૭, ૪૮ અને ૪૯ની વિચારણા સાથે કરવામાં આવી.

૪૫. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં ૧૯૭૭-૭૮ના વર્ષમાં યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પૂરા સમયના વ્યાયામ શિક્ષક વિના ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ કૉમર્સ કૉલેજ અને અમદાવાદ સાયન્સ કૉલેજ માટે એક જ વ્યાયામ શિક્ષક છે.]

અને

૪૬. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજે ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન પૂરા સમયના વ્યાયામ શિક્ષક વગર ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—કૉલેજે તેના તા. ૧૦-૨-૧૯૭૮ના પત્રાંક ૧૬૩૭/૭૭-૭૮થી નીચે મુજબ જણાવ્યું છે :

"વ્યાયામ શિક્ષકની અમોને જરૂર લાગતી નથી કારણ કે વ્યાયામનો લાભ લેનાર પ્રથમ વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા નહિવત્ છે જેથી ભગિની કૉલેજ સાથે વિદ્યાર્થીઓને સાંકળી લેવામાં આવ્યા છે.]

અને

૪૭. શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગરે તથા બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદે ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન પૂરા સમયના વ્યાયામ શિક્ષક વગર ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

અને

૪૮. સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરે ૧૯૭૭-૭૮નું શૈક્ષણિક વર્ષ વ્યાયામ શિક્ષક સિવાય ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત .

અને

૪૯. કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ કૉલેજ, સંજેલીએ પૂર્ણ સમયના વ્યાયામ શિક્ષકની નિમણૂક સિવાય આખું વર્ષ ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારે વ્યાયામ શિક્ષકોની બાબતમાં તાજેતરમાં તા. ૨૧-૮-૭૮નો જી. આર. બહાર પાડેલો છે તેને અનુલક્ષીને પૂરા સમયના વ્યાયામ શિક્ષકોની નિમણૂક ચાલુ રાખવા/કરવા માટે જણાવવું.

૫૦. જે પરીક્ષામાં ડમી નંબરોની પ્રથા ન હોય તેવી પરીક્ષાઓના તમામ વિષયોની પરીક્ષાની ઉત્તરવહીઓના ડિસ્પેચિંગ માટે યુનિવર્સિટી કૅમ્પસમાં ડિસ્પેચિંગ સેન્ટરની અલગ વ્યવસ્થા ઊભી કરવાની અને તેનું સંચાલન વિદ્યાશાખા હસ્તક રાખવાની વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨—૮—૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. એમ.કૉમ.—ભાગ ૧ અને ભાગ ૨, તૃતીય વર્ષ બી.કૉમ. અને પ્રથમ બી.કૉમ. માટે "ડમી" નંબરો આપવાની પ્રથા અપનાવવા માટે વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨-૮-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨-૮-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. "આ સભા ભલામણ કરે છે કે એફ.વાય.બી.કૉમ. અને તૃતીય વર્ષ બી.કૉમ.ની પરીક્ષામાં દરેક વિષયમાં સૌથી વધુ ગુણ મેળવતા પ્રથમ ૩૦૦ વિદ્યાર્થીઓ અથવા જે તે વિષયમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યાના ૨૫ ટકા–બેમાંથી જે ઓછી સંખ્યા હોય તેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પુનઃ તપાસવાની વ્યવસ્થા દાખલ કરવી જેથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓ વચ્ચે ગુણવત્તાના ધોરણે યોગ્ય ક્રમાંક આપવાનું વધુ તાર્કિક બને.

૨. આ સભા વધુમતે ભલામણ કરે છે કે એમ.કૉમ.–ભાગ ૧ અને ભાગ ૨ની યુનિવર્સિટી પરીક્ષામાં દરેક વિષયમાં સૌથી વધુ ગુણ મેળવતા પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓ અથવા જે તે વિષયમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યાના ૨૫ટકા–બેમાંથી જે ઓછી સંખ્યા હોય તેટલા વિદ્યાર્થીઓનો ઉત્તરવહીઓ પુનઃ તપાસવાની વ્યવસ્થા દાખલ કરવી જેથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓ વચ્ચે ગુણવત્તાના ધોરણે યોગ્ય ક્રમાંક આપવાનું વધુ તાર્કિક બને.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. ઑક્ટો. ૨૨થી ૨૪, ૧૯૭૮ના સમય દરમિયાન The National Academy of Sciencesનું વાર્ષિક સત્ર ગૌહત્તી મુકામે તેમ જ બે દિવસનો પરિસંવાદ શિલોંગ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેની સદરહુ એકેડેમીના સામાન્ય મંત્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકેડેમીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૫૪. ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રીએ બોલાવેલ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની તા. ૧૭–૪–૧૯૭૮ના રોજ મળેલ સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૯) **:**

"It was, therefore, decided that in the cases of subject where the workload is less than 10 period per week, part-time teachers may be appointed so that the financial burden on the managements and the Government can be reduced."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીઓની સભાનો ઉપરનો ઠરાવ સ્વીકારવો નહીં.

૫૫. ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રીએ બોલાવેલ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની તા. ૧૦–૪–૧૯૭૮ના રોજ મળેલ સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૮) **:**

"It was fact that the minimum number of students in a class should not normally be less than 50 and should not be more than

100. However, in deserving cases, the University may permit the increase in the maximum limit to the extent of 10 % as at present."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીઓની સભાનો ઉપરનો ઠરાવ સ્વીકારવો નહીં.

૫૬. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે જુદી જુદી ૩ કૉલેજો (૧) ગુજરાત કૉલેજ, અમદાવાદ (૨) એમ. એન. સાયન્સ ઍન્ડ પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ અને (૩) શ્રીમતી એમ. જી. પંચાલ કૉલેજ, પિલવાઈ ઇમ્પ્લિમેન્ટેશન ઑફ ઇંગ્લિશ કૉમ્પ્રિહેન્શન કાર્યક્રમના ફોલો અપ કાર્યક્રમ કરવા માટે એક વ્યાખ્યાતાને રૂ. ૧૦ લેખે કુલ ૯૦ વ્યાખ્યાનોના કેન્દ્ર દીઠ રૂ. ૯૦૦ એટલે કે ૩ કેન્દ્રોમાં કુલ થનાર ખર્ચ રૂ. ૨,૭૦૦/-મંજૂર કરવા અંગેના ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજીના પ્રોફેસર શ્રી આર. એ. મલાગીના તા. ૨-૮-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત. (બાકીનો ખર્ચ યુ. ગ્રા. ક. ભોગવનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને તે માટે રૂા. ૨,૭૦૦/-નો ખર્ચ મંજૂર કરવો અને આ ખર્ચ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળતી સંશોધન સહાય ખાતે પાડવો.

૫૭. ઑર્ડિ. ૭૫(i) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

O. 75 (i) :

The following will be the arrangement of terms :

Fuculty	*First term*		*Second term*	
	Date of Commencement	*Date of Conclusion*	*Date of Commencement*	*Date of Conclusion*
1	2	3	4	5
In the Faculties of Arts including Education, Science, Commerce & Post-graduate Degree Cource in the Faculty of Law	10th June	20th October	11th Nov. (inclusive of holidays from 25th December to 1st January	7th April
In the Faculty of Law (up to degree course only)	10th June	20th October	11th Nov. (inclusive of holidays from 25th December to 1st January)	7th April

In the Faculty of Technology including Engineering except in the Post-Diploma Degree Course in Engineering	10th June	20th October	11th Nove.	7th April
	Semester I, II, V & VII		Semester II, IV, VI & VIII	(No Christmas Holidays)
For Post-Diploma Degree Course in Engineering	10th Nove.	8th April	10th June	20th Oct.
	Semester I, II, V & VII		Semester II, IV, VI & VIII	(No Christmas Holidays)
In the Faculties of Medicine, Pharmacy & Dental Surgery	10th June	20th Oct.	11th Nov. (inclusive of holidays from 25th December to 1st January)	7th April"

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૭૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો ;

O. 75 :

The following will be the arrangement of terms :

	First term		Second term	
Faculty (1)	*Date of Commencement* (2)	*Date of Conclusion* (3)	*Date of Commencement* (4)	*Date of Conclusion* (5)
In the Faculties of Arts including Education, Science, Commerce & Post-graduate Degree Course in the Faculty of Law	15th June	20th Oct.	11th Nov. (inclusive of holidays from 25th December to 1st January)	7th April

In the Faculty of Law (up to degree course only)	15th June	20th Oct.	11th Nov. (inclusive of holidays from 25th December to 1st January)	7th April
In the Faculty of Technology including Engineering except in the Post-Diploma Degree Course in Engineering	15th June Semesters I, III, V & VII	20th Oct.	11th Nov. Semester II, IV, VI & VIII (No Christmas Holidays)	7th April
For Post-Diploma Degree Course in Engineering	11th Nov. Semesters I, III, V & VII	7th April	15th June Semester II, IV, VI & VIII (No Christmas Holidays)	20th Oct.
In the Faculties of Medicine, Pharmacy & Dental Surgery.	15th June	20th Oct.	11th Nov. (inclusive of holidays from 25th December to 1st January)	7th April

Provided that it will be competent for the Vice-Chancellor, in his discretion, to permit re-arrangement of a term or terms on account of Dipawali holidays or any academic programme or any other reason deemed sufficient by him.

(*ii*) In addition to the vacations mentioned in (i) above and a weekly holiday on Sunday the affiliated colleges and University's Post-graduate Departments may observe one holiday on the day immediately following the conclusion of the zonal (inter-collegiate) sports, and such public holidays as are approved by the Executive Council.

૫૮. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણને સુધારવા રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના ઠરાવ ક્રમાંક એમ. આઈ. એસ. (૧૦૭૫/૪૯૪૭/ખ)ની જોગવાઈ મુજબ આચાર્યોના પગારધોરણમાં અને શિક્ષકોના પગારધોરણમાં ૫૫ વર્ષની વયે અને ત્રિવાર્ષિક મૂલ્યાંકન કરવાનું રહે છે તે અંગે ધોરણો નક્કી કરવા તે માટે નિયત પત્રક તૈયાર કરવા મૂલ્યાંકનની સભા બોલાવવા ઇત્યાદિ અંગે સૂચનો કરતા સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીના તા. ૨૯—૭—૧૯૭૮ના તથા

તા. ૧૦-૮-૧૯૭૮ના અનુક્રમે પત્રાંક યુ. જી. સી. ફિફ્થ પ્લાન(જનરલ) ૩-૧-૨૮૮૯ અને યુ. જી. સી. ફિફ્થ પ્લાન/ક-૧/૯૮૮૫-૯૦ પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ધોરણો નક્કી કરવા તથા પત્રક નિયત કરવા પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. શ્રી. નરહરિ પરીખ
૪. આચાર્ય કે. એન. શાહ
૫. આચાર્ય હરિશંકર પંડ્યા.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપર નં. (૧)માં જણાવેલ ધોરણો અને પત્રક અંગે આખરી નિર્ણય લેવામાં આવે ત્યાં સુધી હાલની વ્યવસ્થા ચાલુ રાખવી.

૫૯. યુ.જી.સી.એ એડોપ્ટ કર્યા પ્રમાણેના મોડલ બજેટ ફોર્મ પ્રમાણે યુનિવર્સિટીનાં બજેટ તૈયાર કરવાનું સૂચવતા યુ.જી.સી.ના પત્ર ક્રમાંક એફ. ૧-૪૦-૬૬ સીડીએન/સીપી/પાર્ટ-૨, તા. ૫-૮-૧૯૭૮ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઇનાન્સ સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૦. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણના આચાર્ય શ્રી આર. આર. શર્માનું રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦/- પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ) માંથી એક એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્ઞોની યાદી	(બ) આચાર્યે સૂચવેલા તજ્ઞો
૧. ડૉ. એ. એસ. નાગર	૧. ડૉ. એ. એસ. નાગર
૨. ડૉ. આર. વી. ઉપાધ્યાય	૨. ડૉ. પી. સી. શર્મા
૩. ડૉ. પી. સી. શર્મા	૩. પ્રિ. પી. વી. મંગળવેઢેકર
૪. ડૉ. જી. ડી. શર્મા	
૫. પ્રિ. પી. વી. મંગળવેઢેકર	
૬. ડૉ. એમ. જી. ગુપ્તા	
૭. પ્રો. શિવકુમાર મિશ્રા	
૮. પ્રો. એસ. એસ. શર્મા	
૯. ડૉ. સી. એલ. પ્રભાત	
૧૦. ડૉ. નિત્યાનંદ શર્મા.	

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચે મુજબ તજ્ઞોની નિમણૂક કરવી :

(૧) યાદી 'અ'માંથી ડૉ. જી. ડી. શર્મા
(૨) યાદી 'બ'માંથી ડૉ. એ. એસ. નાગર.

૬૧. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય શ્રી આઈ. જે. ભટ્ટનું ૩. ૧,૫૦૦-૬૦-૧,૮૦૦-એસેસમેન્ટ-૧૦૦-૨,૨૦૦ના પગારધોરણમાં ૩. ૧,૮૦૦/- પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ) માંથી એક એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અ) તજ્ઞની યાદી

૧. શ્રી ઉમાશંકર જોશી
૨. ડૉ. એચ. સી. ભાયાણી
૩. શ્રી મનસુખલાલ ઝવેરી
૪. શ્રી. અનંતરાય રાવળ
૫. શ્રી અમૃતલાલ યાજ્ઞિક
૬. શ્રી યશવંતભાઈ શુક્લ
૭. શ્રી કે. કા. શાસ્ત્રી
૮. શ્રી ભોગીલાલ સાંડેસરા
૯. ડૉ. સુરેશ જોશી
૧૦. ડૉ. રમણલાલ જોશી
૧૧. ડૉ. અનામી
૧૨. શ્રી જયંત પાઠક
૧૩. શ્રી ઉશનસ
૧૪. શ્રી હસિત બુચ
૧૫. ડૉ. એસ. ટી. જેસલપુરા
૧૬. ડૉ. ઈશ્વરલાલ દવે
૧૭. પ્રો. મોહનભાઈ પટેલ
૧૮. પ્રિ. જિતેન્દ્ર દવે
૧૯. ડૉ. દિલાવરસિંહ જાડેજા

(બ) આચાર્યે સૂચવેલા તજ્ઞો

૧. ડૉ. રમણલાલ જોશી
૨. શ્રી. કે. કા. શાસ્ત્રી
૩. ડૉ. એસ. ટી. જેસલપુરા

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરહુ સમિતિ પર નીચે મુજબ તજ્ઞોની નિમણૂક કરવી :

(૧) યાદી 'અ'માંથી પ્રો. અનંતરાય રાવળ
(૨) યાદી 'બ'માંથી ડૉ. રમણલાલ જોશી.

૬૨. એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન (આર્ટ્સ), અમદાવાદનાં આચાર્ય શ્રી ધ્રુમનબહેન દીવાનજીનું ૩. ૧,૨૦૦—૫૮-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ ના પગારધોરણમાં ૩. ૧,૬૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ) માંથી એક એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અ) તજ્ઞની યાદી

૧. ડૉ. એ. એસ. નાગર
૨. ડૉ. આર. વી. ઉપાધ્યાય
૩. ડૉ. પી. સી. શર્મા

(બ) તજ્ઞની યાદી

૧. ડૉ. એ. એસ. નાગર
૨. ડૉ. આર. વી. ઉપાધ્યાય
૩. પ્રિ. પી. વી. મંગળવેઢેકર

૪. ડૉ. જી. ડી. શર્મા
૫. પ્રિ. પી. વી. મંગળવેઢેકર
૬. ડૉ. એમ. જી. ગુપ્તા
૭. પ્રો. શિવકુમાર મિશ્રા
૮. પ્રો. એસ. એસ. શર્મા
૯. ડૉ. સી. એલ. પ્રભાત
૧૦. ડૉ. નિત્યાનંદ શર્મા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચે મુજબ તજ્જ્ઞોની નિમણૂક કરવી :

(૧) યાદી 'અ'માંથી ડૉ. આર. વી. ઉપાધ્યાય
(૨) યાદી 'બ'માંથી આચાર્ય પી. વી. મંગળવેઢેકર.

૬૩. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા-મરામત કરાવવા અંગે રૂ. ૧૮૮ (૨) પ્રમાણે પ્રૉ. ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

નં.	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	રૂટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માંગણી કરી છે?
૧.	શ્રી. પી. એન. મકવાણા, પટાવાળા, વિજ્ઞાનભવન	૪,૫૦૦	ના	મકાન મરામત
૨.	શ્રી. રામાજી ખોડાજી વાઘેલા પટાવાળા, વિજ્ઞાનભવન	૪,૫૦૦	ના	,,
૩.	શ્રી. આઈ. એ. વાઘેલા, પટાવાળા, સમાજભવન	૫,૮૦૦	હા	,,
૪.	શ્રી. કે. પી. સોલંકી, સફાઈ કામદાર	૩,૦૦૦	ના	,,
૫.	શ્રી. એન. એન. ઠક્કર, જુ. કલાર્ક, વિજ્ઞાનભવન	૬,૫૦૦	ના	ગુ. હા. બોર્ડની મકાનની સ્કીમમાં ભરવાના હોવાથી
૬.	શ્રી. કે. પી. કોઠિયા, પટાવાળા, સમાજભવન	૫,૨૫૦	હા	મકાન મરામત
૭.	શ્રી. એન. એન. શુક્લ મદદનીશ કેશિયર	૧૧,૮૦૦	ના	,,
૮.	શ્રી. જે. એન. ભટ્ટ, જુનિયર કલાર્ક	૧૦,૦૦૦	હા	ગુજરાત હાઉસિંગ બોર્ડમાં ભરવા માટે
૯.	શ્રી. વી. ટી. સોલંકી, જુ. કલાર્ક, હિસાબ વિભાગ	૧૦,૫૦૦	ના	ફ્લેટમાં ભરવાના હોવાથી
૧૦.	શ્રીમતી સલમા એમ. મન્શી જુ. કલાર્ક, યુનિ. ગ્રંથાલય	૯,૦૦૦	ના	મકાન મરામત

(**નોંધ.**—શ્રીમતી મશ્વીને આ લોનની રકમ તા. ૨૧-૯-૧૯૭૮ પછી આપવાની રહેશે.)

૧૧.	શ્રી. બી. એલ. જાડાવાલા, હેડ કલાર્ક, ડી. પી. ઈ	૧૩,૦૦૦	ના	ફ્લેટમાં ભરવાના હોવાથી
૧૨.	શ્રી. આર. એમ. પરદેશી	૯,૨૦૦	ના	યુ. હા બોર્ડમાં ભરવાના હોવાથી

(**નોંધ.**—શ્રી. પરદેશીને આ લોનની રકમ તા. ૫–૧૦–૧૯૭૮ પછી આપવાની રહેશે.]

[**નોંધ** : જે તે કર્મચારીઓના ઉપરોક્ત લોનમાંથી તેઓના ખાતે નીકળતી બિલ્ડિંગ લોન પ્રો. ફંડ લોનની બાકી નીકળતી રકમ તથા તે પર જે વ્યાજ થતું હશે તે કાપીને બાકીની રકમ આપવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના કર્મચારીઓની પ્રોવિડન્ટ ફન્ડ ખાતામાંથી સ્ટે. ૧૮૮(૨) હેઠળ લોન માટેની અરજીઓ આવે ત્યારે તેમના કુલ વેતનની રકમ તથા લોન મંજૂર કરવામાં આવે તો તેમને માસિક ચુકતો કેટલો ભરવો પડે તેની વિગતો પણ પ્રસ્તાવની સાથે રજૂ કરવી.

૬૪. જાપાનની ઓટેમાન ગાકુઈન યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે શિક્ષક-વિનિમય યોજનાનો કાર્યક્રમ શરૂ કરવા બાબતના કુલપતિશ્રીના તા. ૪-૨-૧૯૭૮ના ડી. ઓ. પત્રાંક વી. સી.૩૩૯૭ના સંદર્ભમાં ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ મંત્રાલયે તેના તા. ૨૪-૭-૧૯૭૮ના પત્રાંક એફ. ૩૮—૧—૭૩. યુ. ૪ (આર. એચ. યુ. ૧)થી નીચે મુજબ જણાવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

" You may please let this Ministry know whether the expenditure on international travel of Indian participants and local hospitality for foreign teachers will be met by the Gujarat University. "

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષક વિનિમય અંગેની યોજના મંજૂર કરવામાં આવે તો જાપાન જનાર અધ્યાપકોના પ્રવાસ ખર્ચ તેમણે પોતે ભોગવવાનો રહેશે, જ્યારે જાપાનથી અહીં આવતા અધ્યાપકોને માટે સ્થાનિક આતિથ્યના ખર્ચ ગુજરાત યુનિવર્સિટી ભોગવશે એમ ભારત સરકારને જણાવવું.

૬૫. તબીબી વિદ્યાશાખાની તા. ૧૩-૧-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકા. બા. ક્રં. ૧૬)

તબીબી વિદ્યાશાખાની ભલામણ

" The Faculty of Medicine resolves that as per the recommendation of the Medical Council of India on the appointment of examiners, separate sets of examiners for each of the affiliated college may be appointed with internal examiner from the concerned college at all undergraduate examinations in the Faculty of Medicine."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષાઓ માટે હાલ જે ચાર ચાર પરીક્ષકોને નીમવાની પ્રથા છે તેને બદલીને બે બે પરીક્ષકો નીમવાનું રાખવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી

૬૬. ઇજનેરી વિદ્યાશાખામાં શિક્ષકોના કાર્યભાર અંગેની ઇજનેરી વિદ્યાશાખાની તા. ૩-૧૦-૧૯૭૭ તેમજ તા. ૨૭-૧-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૩૧):

ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ

"1, The maximum workload in the Faculty of Technology including Engineering per week for a full-time teacher engaging either post-graduate and/or under-graduate courses for the following categories shall be as under :

1.	Professors	12 hours
2.	Asso./Asst. Prof./Readers	14 hours
3.	Lecturers	16 hours
4.	Asst. Lecturers/Demonstrators	18 hours

Note. — 1. For first year and second year of the 4-year degree course and for the third year of the 5-year degree course the number of students per batch for practical/laboratories/workshops/drawing halls or teacher shall be 20.

2. For 3rd year and 4th year of the 4-year degree course and for the fourth and fifth year of the 5-year degree course, the number of students per batch for practical/laboratories/workshops/drawing halls per teacher shall be 15."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

[**નોંધ.**—સદરહુ વિદ્યાશાખામાં આસિ. લેકચરર્સ-ડેમો-સ્ટ્રેટર્સને અઠવાડિક ૧૮ કલાકનું કામ ફક્ત પ્રાયોગિક કામ રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૮-૫-૧૯૭૮ની સભાએ નવી તરાહના સંદર્ભમાં પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.કૉમ.ના પ્રશ્નપત્રો માટે ટ્યુટોરિયલ રાખવા સૂચવ્યું હતું તેના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૭) :

" આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં ત્રણે વર્ષમાં પ્રત્યેક વિષયમાં ત્રણ વ્યાખ્યાન વત્તા એક ટ્યુટોરિયલ એ મુજબ અઠવાડિક શિક્ષણકાર્યની વ્યવસ્થા રાજ્ય સરકારની મંજૂરી મળ્યેથી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં ત્રણેય વર્ષોમાં પ્રત્યેક વિષયમાં પ્રશ્નપત્ર દીઠ ત્રણ વ્યાખ્યાન વત્તા એક ટ્યુટોરિયલ એ મુજબની અઠવાડિક શિક્ષણકાર્યની વ્યવસ્થા રાજ્ય સરકારની મંજૂરી મળ્યેથી કરવાનું રાખવું.

૬૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૯-૬-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮નો સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૧) :

બી.યુ.ટી.આર.ની ભલામણ

" સંલગ્ન કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કાર્ય કરતા શિક્ષક જો એમ.ફિલ.ની પદવી ધરાવતા હોય તો તેમને માન્ય અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટે પાંચ વર્ષનો પદવી કક્ષાના શિક્ષણકાર્યનો તથા મદદનીશ અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટે ત્રણ વર્ષનો પદવી કક્ષાના શિક્ષણકાર્યનો શૈક્ષણિક અનુભવ આવશ્યક ગણવા અને અનુક્રમે ઑર્ડિ. ૬૫-એફ (૧) હેઠળ (ડી) તરીકે અને ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળ (ઈ) તરીકે નીચે મુજબનો ભાગ ઉમેરી તે ઑર્ડિનન્સ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ઑ. ૬૫–એફ (૧) હેઠળ (ડી) તરીકે ઉમેરવાનો ભાગ :

A teacher with M.Phil. degree and five years' teaching experience in the subject at degree level.

ઑ. ૬૫-એમ (૧) હેઠળ (ઈ) તરીકે ઉમેરવાનો ભાગ :

(*e*) A teacher with M.Phil. degree and three years' teaching experience in the subject at degree level. "

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑર્ડિ. ૬૫-એફ (૧) હેઠળ ઉપરનો પેટાકલમ (ડી) અને ઑર્ડિ. ૬૫-એમ (૧) હેઠળ ઉપરની પેટા-

કલમ (ઈ) ઉમેરવા અને તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૬૫–એફ(૧) અને ઑર્ડિ. ૬૫–એમ(૧) મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.''

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૬૫–એફ(૧) અને ઑર્ડિ. ૬૫–એમ(૧) મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૬૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૫-૬-૧૯૭૮ની સભાએ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રોફેસરો, રીડરોને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકો તરીકે માન્ય ગણવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરી હતી તે અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮નો સભાનો નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૨) :

''આથી ઠરાવવામાં આવે છે કે યુનિ.નાં વિદ્યાભવનોના પ્રોફેસરોને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના સંશોધનકાર્ય માટે માર્ગદર્શક શિક્ષકો તરીકે માન્ય ગણવાનું રાખવું પરંતુ રીડરોને તેઓ માન્યતા માટેની નિયત કરવામાં આવેલ ઓછામાં ઓછી લાયકાત ધરાવતા હોય તો જ સ્વીકારવું એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૭૦. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજમાં કામ કરી ચૂકેલ માળી શ્રી. રામમલ પરમારને સસ્પેન્શનના સમયગાળામાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મળવા પાત્રના અડધો પગાર કૉલેજે શ્રી. રામમલને હજુસુધી ચૂકવ્યો ન હોઈ યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ (૨૧) (સી) અનુસાર કૉલેજને સરકાર તરફથી અપાતી ગ્રાન્ટમાંથી કપાત કરવા રાજ્ય સરકારને ભલામણ કરવા અંગેનો એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૪) :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

''આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને જાણ કરીને પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજની ગ્રાન્ટમાંથી જરૂરી કપાત કરવા માટે રાજ્યસરકારને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.''

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૧. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદમાં ડિગ્રી કોર્સના પ્રથમ વર્ષમા વર્તમાન ૭૫ બેઠકોમાં ૨૦ ટકાનો વધારો એટલે કે સાત જગાઓ શૈક્ષણિક વર્ષ ૧૯૭૮-૭૯ પૂરતી કરવા ભારત સરકારે સંમતિ આપ્યાની જાણ કરતા ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૯-૮-૧૯૭૮ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૨. એફ.વાય.બી.એસસી.ના વિદ્યાર્થીઓને ફાર્મસીના ડિગ્રી કોર્સમાં પ્રવેશ મળી શકે તે હેતુથી જે વિદ્યાર્થીઓએ એફ.વાય.બી.એસસી. (બાયોલોજી) સાથે પાસ કરી હશે તેવા વિદ્યાર્થીઓ માટે હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓ માટેની જે બેઠકો ભરાઇ નથી તેમાંથી પાંચ બેઠકો યોગ્યતાના ધોરણે ફક્ત ચાલુ વર્ષ પૂરતા ફાળવ્યાની જાણ કરતા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૫-૮-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક પી. એચ. એમ. ૧૦૭૮-૨૫૨૬-ઝનો નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૩. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરની તા. ૯-૮-૧૯૭૮ના રોજ મળેલી કોમ્પ્યુટર સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"(*b*) Since the recruitment of Trainee Programmers has become a regular feature almost every year, streamlining the recruitment procedure was considered a necessity by the committee. And, therefore, after a detailed discussion it recommends as under :

The Computer Centre should be authorised to make selection of Trainee Programmers for one-year duration at Rs. 300/-p.m. fixed salary from amongst the candidates who have passed the Certificate Course in Computee Programming Examination during the last two sessions of examinations immediately preceding the selection; provided that the candidate should possess a post-graduate degree or an Engineering graduate degree in Second Class and should have secured minimum 55% marks in the Certificate examination. The selection should be made in order of there merits (% of marks) in the Certificate examination of Computer Programming.

During first three months of training, if the performance of the trainee is not found satisfactory he may be discontinued by the Computer Centre.

If a suitable candidate is not available through above procedure the usual process of selection by advertisement should be followed."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ સમિતિએ સૂચવ્યા મુજબ રાખવું પરંતુ તે જગ્યા હમેશાં જાહેરખબર આપીને પૂરવાનું રાખવું.

૭૪. કવિશ્રી ન્હાનાલાલ શતાબ્દી ગ્રંથ પ્રકાશન સમિતિના સભ્યો પ્રો. એ. એમ. રાવળ, ડો. રમણલાલ જોશી, ડો. ધીરુભાઈ પરીખ અને શ્રી રઘુવીર ચૌધરીએ "કવિશ્રી ન્હાનાલાલ સ્મૃતિગ્રંથ" વ્યાખ્યાન સંગ્રહના પ્રકાશનના કોપીરાઈટ યુનિવર્સિટીને માટે પ્રથમ આવૃત્તિ પૂરતા જ રાખવા માટે કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પ્રત્યેક વ્યાખ્યાતાને તેમના વ્યાખ્યાન માટે રૂ. ૧૦૦/-નો પુરસ્કાર આપવામાં આવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવને મંજૂર કરવો.

૭૫. તા. ૨૨-૭-૧૯૭૮ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં થયેલ ઠરાવ પ્રમાણે પ્રકાશનવહીવટી સમિતિ પર આચાર્ય એસ. આર. ભટ્ટની જગાએ આચાર્ય હરિશંકર પી. પંડ્યાની નિમણૂક કરેલ છે પરંતુ શ્રી પંડ્યા તે સમિતિ પર પહેલેથી જ સભ્ય હોઈ અન્ય સભ્યની તા. ૨૨-૪-૧૯૮૦ સુધી નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર અન્ય સભ્યોની સંખ્યા પર્યાપ્ત ગણવી.

૭૬. ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કો-ઓપરેટિવ લિમિટેડ (IFFCO), કલોલની કન્ટ્રોલ એન્ડ રિસર્ચ લેબોરેટરીને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫-એ અનુસાર રસાયણવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન માટેની તેની ક્ષમતાના સંદર્ભમાં આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા તરીકે માન્યતા આપવા અંગે આવેલ તા. ૯-૧૨-૧૯૭૫ની અરજી પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૪-૪-૧૯૭૬ની સભામાં નીમેલ સમિતિ તરફથી આવેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરી એકેડમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. ક. ૩૨)

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫-એ મુજબ ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કો-ઑપરેટિવ લિમિટેડ (IFFCO), કલોલની કન્ટ્રોલ એન્ડ રિસર્ચ લેબોરેટરીને પીએચ.ડી. પદવીના સંશોધન માટે રસાયણવિજ્ઞાનના વિષયમાં સ્વીકૃત સંસ્થા (Approved Institution) તરીકે માન્યતા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કો-ઑપરેટિવ લિમિટેડ (IFFCO), કલોલની કન્ટ્રોલ એન્ડ રિસર્ચ લેબોરેટરીને પીએચ.ડી. કક્ષાએ રસાયણવિજ્ઞાનના વિષયમાં સંશોધન માટે સ્વીકૃત સંસ્થા (Approved Institution) તરીકે નીચેની શરતે તા. ૧૫-૬-૧૯૭૮ થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધી માન્યતા આપવી :

" પુસ્તકો પાછળ વધારાના રૂ. ૧૫,૦૦૦નો ખર્ચ તેમજ જર્નલો પાછળ વાર્ષિક રૂ. ૫,૦૦૦/-નો ખર્ચ કરવામાં આવે."

૭૭. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૫-૫-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર એકેડમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની નીચેનો ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

" ડૉ. એન. કે. પટેલ રસાયણવિજ્ઞાન વિષયમાં ડી.એસસી. (D.Sc.) પદવી માટે રજૂ કરેલ પ્રકાશિત સંશોધન કાર્ય માટે રેફરીઓ નીમવા બાબતમાં આ અભ્યાસસમિતિએ તેની તા. ૧૯-૧૦-૧૯૭૭ની સભામાં નીમેલ સમિતિનો રિપોર્ટ આ અભ્યાસસમિતિ સ્વીકારે છે અને થિસિસ તપાસવા મોકલવા

માટે આ અભ્યાસસમિતિ ભલામણ કરતી નથી તેમ છતાં ઑ. ૩૩૭ની જોગવાઈ મુજબ નીચે મુજબ રેફરીઓનાં નામો સૂચવવામાં આવ્યાં છે :

Names of Referees

1. Dr. Eurof Davies,
   Swanser University, Swanser (U.K.).
2. Dr. Cartledge, U.S.A.
3. Dr. O. L. Riggs, U.S.A.,
   Ker, MeGee Corporation, Oklahama City,
   Okla (U.S.A.).
4. Dr. Ken Nobe (U.S.A.)
5. Dr. C. C. Nathan,
   Belt Laboratory Philladelphia, U.S.A.
6. Dr. James Kruger,
   National Bureau Standards, Washington, U.S.A.
7. Dr. T. P. Hoar,
   Cambridge, U.K.
8. Dr. K. S. Rajagopalan,
   Central Electrochemical Research Institute, Madras.
9. Dr. A. K. N. Reddy.
   Institute of Science, Banglore "

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ સદરહુ બાબત અંગે ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા કરીને ઘટતો નિર્ણય લેવાનો રહે છે તે જોતાં સદરહુ બાબત ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી."
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૮. ડૉ. (કુ.) એન. જે. ચિનોય પ્રાણીવિજ્ઞાનના વિષયમાં ડી.એસસી. પદવી માટે રજૂ કરેલા પ્રકાશિત સંશોધન કાર્ય પર ત્રણ પરીક્ષકો તરફથી આવેલા અહેવાલ ઉપર ઑ. ૩૩૮ અન્વયે વિચારણા કરીને ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા બાબતમાં ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૪)

[**નોંધ.**— ૧. ઉપરોક્ત ત્રણ પરીક્ષકો પૈકી ઝેકોસ્લોવેકિયાના એક પરીક્ષકે સંશોધન પેપરો ડી.એસસી. પદવી માટે સ્વીકાર્ય નથી તેમ જણાવેલ છે, જ્યારે બાકીના બંને પરીક્ષકોએ સ્વીકાર્ય હોવાનું જણાવેલ છે.

૨. ઑ. ૨૩૮નો પાઠ નીચે પ્રમાણે છે;

" The Examiners shall make a joint report to the Registrar for submission to the Academic Council stating whether they consider the work to be a valuable contribution to learning and deserving of the degree. The Academic Council shall then send its recommendation thereon to the Executive Council.'[2]

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રેફરીઓના હેવાલો જોતાં પ્રાણીવિજ્ઞાન વિષયમાં ડી.એસસી. પદવી માટે ડૉ. (કુ.) એન. જે. ચિનોયે રજૂ કરેલ સંશોધન કાર્ય ગ્રાહ્ય રાખવું નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑ. ૩૩૮ની પહેલી લીટીમાં 'Joint Report' ને બદલે 'Report' શબ્દ રાખવો.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડી.એસસી. પદવી માટે તમામ રેફરીઓએ સર્વાનુમતે રિપોર્ટ કર્યો હોય તો જ સંબંધકર્તા શિક્ષકને પદવી માટે પાત્ર ગણવાનું રાખવું.

૭૯. સ્ટાફના વહીવટી પ્રશ્નો માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલ સ્થાયી સમિતિની તા. ૩૧–૮–૧૯૭૮ના રોજ મળનાર સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની સભા તા. ૩૧–૮–૧૯૭૮ના રોજ થઈ શકી નહોતી તેની સભાગૃહને જાણ કરવામાં આવી.

૮૦. ૧૦+૨+૩ની શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોના ફાજલ પડેલ (સુપરન્યુટરી) શિક્ષકોને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સમાવવાની મુદત તા. ૩૧–૮–૧૯૭૮ સુધી લખાવ્યાની જાણ કરતાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૦–૭–૧૯૭૮ ના ઠરાવ ક્રમાંક એનજીસી–૧૦૭૭–૪૨૭૮૬–ખ–૧ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૧. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૮ થી એમ.એડ. (સ્પે. એજ્યુકેશન મેન્ટલી રિટાર્ડેડ–એસ.ઈ.એમ.આર.) તથા એમ.એસસી. (પી.એ.ટી) (માસ્ટર ઑફ સાયન્સ સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી) ના વિષયોમાં અભ્યાસક્રમો શીખવવા માટે વધારાની માન્યતા માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૧૩)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુકિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરે તો તેને એમ.એડ. (સ્પે. એજ્યુકેશન ફોર મેન્ટલી હેન્ડિકેપ્ડ) તથા એમ.એસસી. (માસ્ટર ઑફ સાયન્સ–સાયકિયાટ્રિક ઑકયુપેશનલ થેરાપી)., એમ.એસસી.(ઓ.ટી.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૮થી

તા. ૧૪–૬–૧૯૮૦ સુધીની વધારાની માન્યતા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ભવિષ્યમાં પંચવર્ષીય યોજના હેઠળ નીચે પ્રમાણેની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે :

૧. પ્રાધ્યાપક	...	એક
૨. રીડર	...	બે
૩. વ્યાખ્યાતા	...	ચાર

(૨) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

(૩) પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે, અને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે "ગ્રેજ્યુઇટી ફંડ" ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૨. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તથા એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની સ્વાયત્તતાની અરજીઓ બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧–૧–૧૯૭૮ની સભામાં તપાસ કરી જરૂરી ભલામણો યુ. જી. સી. અને યુનિવર્સિટીને કરવા માટે નિયુક્ત કરેલી સમિતિના હેવાલ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯–૪–૧૯૭૮ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલી તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલી તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮–૭–૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૧૮)

૧. સદરહુ બાબતમાં સ્થાનિક તપાસસમિતિના હેવાલ તથા અન્ય સંબંધકર્તા કાગળો જોઈ-તપાસીને નીચે મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું :

એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદનાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં, (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણ, વિદ્યાવિતરણ અને તાલીમની બાબતમાં અને (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા પ્રમાણેની શરતોનું પરિપાલન તા. ૩૦ એપ્રિલ ૧૯૭૮ સુધીમાં એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.એસસી. (રૂપે.) અને (જન.) માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્ર, અને બી.એસસી (જન.)માં ભૂગોળ અને પ્રાણીવિજ્ઞાનના વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમો, શિક્ષણ અને પરીક્ષાની બાબતોમાં ૧૫મી જૂન ૧૯૭૮થી

તા. ૧૪મી જૂન, ૧૯૮૧ સુધીના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮–બી હેઠળ એક એક વર્ષ આગળ વધે તે રીતે ઉત્તરોત્તર(Progressively) જરૂરી સ્વાયત્તતા (Autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણ ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) પ્રવેશપાત્રતા અંગે ઓછામાં ઓછાં જે ધારાધોરણો ગુજરાત યુનિવર્સિટીએ નિયત કરેલાં હોય તેનું યથાર્થ પરિપાલન કરવામાં આવે.

(૨) શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૫ નું રાખવામાં આવે અને આ માટે કેવળ પૂર્ણ સમયના શિક્ષકોની સંખ્યા લક્ષમાં લેવાની રહેશે.

(૩) નીચે પ્રમાણે શિક્ષકગણ રાખવામાં આવે :

(ક) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં વ્યાખ્યાતાઓની નિમણૂક માટે જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા પ્રત્યેક વિભાગના વડા

(ખ) કૉલેજ અથવા યુનિવર્સિટીનો ઓછામાં ઓછા ૧૦ વર્ષનો શૈક્ષણિક કે સંશોધન અનુભવ ધરાવતો ૫૦ ટકા શિક્ષકગણ.

(ગ) પીએચ.ડી. કે તેની સમકક્ષ પાત્રતા ધરાવતા શિક્ષકગણના ૧૦ ટકા શિક્ષકો.

(૪) પ્રત્યેક વર્ષના બધા જ વિષયો માટે વિદ્યાર્થીઓની ગુરુતમ સંખ્યા—(૧) વ્યાખ્યાનો માટે ૭૫ની તથા (૨) પ્રાયોગિક તથા ટ્યુટોરિયલ્સ માટે ૧૫ની રાખવામાં આવે.

(૫) વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૧૦ ચો. ફૂટ લેખે જરૂરી વર્ગ અંગેની વ્યવસ્થા કરવામાં આવે.

(૬) વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીમાં યુનિવર્સિટીની પૂર્વસંમતિ વિના કશો વધારો કરવામાં ન આવે.

(૭) પ્રત્યેક શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમો સ્વાયત્ત કૉલેજની સ્થાયી સમિતિઓના જે તે વિષયના નિષ્ણાતોની સલાહસૂચના લઈને નિયત કરવા જોઈશે અને શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ કૉલેજે પ્રસિદ્ધ કરવા જોઈશે અને તે પછી તરત જ તેની ઓછામાં ઓછી ૨૫ નકલો યુનિવર્સિટીને મોકલી આપવી આવશ્યક રહેશે.

(૮) પ્રસિદ્ધ કરેલ અભ્યાસક્રમમાં વર્ષની અધવચ્ચે સામાન્ય રીતે કશો ફેરફાર કરી શકશે નહિ, પરંતુ ખાસ સંજોગોમાં તેમ કરવાની જરૂર ઊભી થાય તો તેનાં કારણો લેખિત સ્વરૂપે નોંધીને યુનિવર્સિટી કાર્યાલયને તે અંગે રિપોર્ટ કરવો આવશ્યક રહેશે.

(૯) અભ્યાસક્રમ નિયત કરતી વખતે જે તે કક્ષાએ શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો લક્ષમાં કૉલેજોના રાખવાં આવશ્યક રહેશે.

(૧૦) શિક્ષણની પ્રક્રિયામાં જ્યારે જ્યારે ફેરફાર કરવામાં આવે ત્યારે ત્યારે તે અંગે શિક્ષકોને તેમાં સાંકળવામાં આવે.

(૧૧) નવા માળખા તરફ કૉલેજના શિક્ષકોનો અભિગમ કરવા માટે પરિસંવાદો યોજવા અને આ વિચારનો જે સંસ્થામાં આગળ અમલ થયો હોય (જેવી કે એમ. એસ. યુનિવર્સિટી,

વડોદરા, મિરત યુનિવર્સિટી, (મિરત) ત્યાંની મુલાકાત કૉલેજના શિક્ષકો ત્યાં લઈ શકે તેવી સગવડ તેમને આપવામાં આવે.

(૧૨) શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો જાળવવા અને સુધારવા માટે સતત મથામણ કરવી કૉલેજ માટે આવશ્યક રહેશે અને તે હેતુ માટે અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે.

(૧૩) પ્રયોગશાળા માટે નવાં સાધનોની ખરીદી પેટે તથા તેને અદ્યતન અને સુયોગ્ય બનાવવા માટે પ્રથમ વર્ષનાં સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા ત્રણ લાખ તથા દ્વિતીય વર્ષની સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા બે લાખ રૂપિયા એમ પાંચ લાખ રૂપિયાનું ખર્ચ કરવામાં આવે તથા ગ્રંથાલયને અદ્યતન કરવા માટે ઓછામાં ઓછા રૂપિયા એક લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે.

(૧૪) ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવા મોકળાશવાળો તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેવી સગવડવાળા વાચનખંડની વ્યવસ્થા કરવામાં આવે.

(૧૫) કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ અથવા કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ—એ બેમાંથી જે ઓછા હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

(૧૬) બે વર્ષના સમયના ગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦×૮ના માપની કૅબિનો રચવામાં આવે.

(૧૭) ટ્યુટોરિયલ્સ બધા વિષયો માટે યોજવા.

(૧૮) યુનિવર્સિટી તરફથી તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રયોજાતા "રિફ્રેશર કોર્સીઝ" "સમર ઇન્સ્ટિટ્યૂટ્સ" અથવા "વર્કશોપ" માં હાજરી આપવા માટે પ્રત્યેક ત્રણ વર્ષ ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકોને કૉલેજના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તથા પ્રત્યેક વર્ષે પ્રત્યેક વિષયના એક શિક્ષકને અખિલ ભારતીય પરિષદમાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે.

(૧૯) કૉલેજમાં શીખવાતા પ્રત્યેક વિષય માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ની સંશોધન સહાય ફાળવવામાં આવે, અને

(૨૦) સંલગ્ન કૉલેજો માટે નિયત કરેલ ઓછામાં ઓછા વેતનનાં ધોરણો કરતાં કોઈ પણ સંજોગોમાં નીચાં નહિ એવાં ધોરણોનું પરિપાલન કરવું આવશ્યક રહેશે અને તે બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલ કે તે માટે તેણે જે અધિકારીને સત્તા આપેલી હોય તે વખતોવખત જે સૂચનાઓ આપે તેનો અમલ કરવો આવશ્યક રહેશે.

(૨૧) આ હેતુ માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલ પોતે કે કોઈ સમિતિ કે વ્યક્તિને જરૂરી તપાસ કરવા માટે નીમી શકશે અને તેની તપાસના કામમાં કૉલેજે જરૂરી માહિતી પૂરી પાડવી અને સહકાર આપવો આવશ્યક રહેશે.

(૨૨) સ્વાયત્તતાનો દરજ્જો પ્રાપ્ત થવાને કારણે તથા અભ્યાસક્રમના માળખાની પુનર્રચનાના સંદર્ભમાં નવી નીતિ અખતિયાર કરવાના કારણે કોઈ પણ શિક્ષક કે બિનશિક્ષકવર્ગના કર્મચારીને સંખ્યાધિક ગણી શકાશે નહિ કે તેમના દરજ્જાને નીચલી પાયરી પર ઉતારી દેવામાં આવશે નહિ તેની બાંયધરી આપવામાં આવે.

(૨૩) વિદ્યાર્થીઓની નોંધણી યુનિવર્સિટી કાર્યાલયમાં કરાવવી તથા તે માટે એકિયુઝકટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે એકઠી કરીને વેળાસર મોકલી આપવી કોલેજ માટે આવશ્યક રહેશે. પ્રશ્નપત્રોની ગુપ્તતા અને પરીક્ષા સંચાલનની પવિત્રતા અંગે ગુણાંકનની નિષ્પક્ષતા બાબતમાં ઉત્કૃષ્ટ ધોરણોની જાળવણી કરવી આવશ્યક રહેશે તથા તેમાં બની શકે તેટલા સુધારા કરવા માટે કોલેજ હંમેશાં જાગ્રત અને પ્રયત્નશીલ રહેશે અને તેમાં અધ્યાપકો અન્ય નિષ્ણાતો અને કર્મચારીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે.

(૨૪) કોલેજ તરફથી વખતોવખત લેવાતી પરીક્ષાઓના દફ્તર–રેકોર્ડ્ઝ સ્વચ્છ અને ભૂલચૂક વિનાનાં રાખવાં આવશ્યક રહેશે અને તેની જાણ યુનિવર્સિટી કાર્યાલય નિયત કરે તે રૂપમાં અને તેટલી નકલોમાં કરવી આવશ્યક રહેશે.

(૨૫) પરીક્ષા અંગે યુનિવર્સિટી કાર્યાલયમાં કેટલાંક રેકર્ડ્ઝ રાખવાં આવશ્યક બનશે અને તે માટે એકિઝકયુટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે ફી કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી વેળાસર એકઠી કરીને યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડવી આવશ્યક રહેશે.

(૨૬) ઉપરની કોઈ પણ બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલય તરફથી જે કોઈ માહિતી માંગવામાં આવે તે માહિતી પૂરી પાડવી આવશ્યક રહેશે તથા તે અંગે યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની કે તેણે નીમેલી સમિતિને કે વ્યક્તિને જ્યારે તપાસ કરવાની જરૂર જણાય ત્યારે તે તપાસના કામમાં કોલેજે પૂરેપૂરો સહકાર આપવો આવશ્યક રહેશે.

૨. સદરહુ બાબતમાં સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા અન્ય સંબંધકર્તા કાગળો ધ્યાનપૂર્વક તપાસીને નીચે મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું :

એચ. એલ. કોલેજ ઑફ કોમર્સ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કોલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં; (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણ વિદ્યાવિતરણ અને તાલીમની બાબતમાં અને (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા પ્રમાણેની શરતોનું પરિપાલન તા. ૩૦ મી એપ્રિલ ૧૯૭૮ સુધીમાં એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅન્કિંગ, ઇકોનોમિક્સ ઑફ કોટન, પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સ, ઇકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટ અને બિઝનેસ મેનેજમેન્ટના વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ, શિક્ષણ અને પરીક્ષાની બાબતમાં તા. ૧૫મી જૂન ૧૯૭૮ થી તા. ૧૪મી જૂન ૧૯૮૧ સુધીના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮–બી હેઠળ એક વર્ષ આગળ વધે તે રીતે ઉત્તરોત્તર (progressively) જરૂરી સ્વાયત્તતા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણ ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) પ્રવેશપાત્રતા અંગે ઓછામાં ઓછાં જે ધારાધોરણો ગુજરાત યુનિવર્સિટીએ નિયત કરેલાં હોય તેનું યથાર્થ પરિપાલન કરવામાં આવે.

(૨) શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૫નું રાખવામાં આવે અને આ માટે કેવળ પૂર્ણ સમયના શિક્ષકોની સંખ્યા લક્ષમાં લેવાની રહેશે.

(૩) નીચે પ્રમાણે શિક્ષકગણ રાખવામાં આવે :

(ક) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં વ્યાખ્યાતાઓની નિમણૂક માટે જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા પ્રત્યેક વિભાગના વડા.

(ખ) કૉલેજ અથવા યુનિવર્સિટીનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો શૈક્ષણિક કે સંશોધન અનુભવ ધરાવતો ૫૦ ટકા શિક્ષકગણ.

(ગ) પીએચ.ડી. કે તેની સમકક્ષ પાત્રતા ધરાવતા શિક્ષકગણના ૧૦ ટકા શિક્ષકો.

(૪) પ્રત્યેક વર્ગના બધા જ વિષયો માટે વિદ્યાર્થીઓની ગુરુતમ સંખ્યા (૧) વ્યાખ્યાનો માટે ૭૫ની તથા (૨) ઍકેડેમિક તથા ટ્યુટોરિયલ્સ માટે ૧૫ ની રાખવામાં આવે.

(૫) વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૧૦ ચો. ફૂટ લેખે જરૂરી વર્ગ અંગેની વ્યવસ્થા કરવામાં આવે.

(૬) વિદ્યાર્થીઓની ટ્યુશન ફીમાં યુનિવર્સિટીની પૂર્વસંમતિ વિના કશો વધારો કરવામાં ન આવે.

(૭) પ્રત્યેક શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમો સ્વાયત્ત કૉલેજની સ્થાયી સમિતિઓ જે તે વિષયના નિષ્ણાતોની સલાહસૂચના લઈને નિયત કરવા જોઈશે, અને શૈક્ષણિક વર્ષના પ્રારંભ પહેલાં ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ કૉલેજે પ્રસિદ્ધ કરવા જોઈશે અને તે પછી તરત જ તેની ઓછામાં ઓછી ૨૫ નકલો યુનિવર્સિટીને મોકલી આપવી આવશ્યક છે.

(૮) પ્રસિદ્ધ કરેલ અભ્યાસક્રમમાં વર્ષની અધવચ્ચે સામાન્ય રીતે કશો ફેરફાર કરી શકશે નહીં, પરંતુ ખાસ સંજોગોમાં તેમ કરવાની જરૂર ઊભી થાય તો તેનાં કારણો લેખિત સ્વરૂપે નોંધીને યુનિવર્સિટી કાર્યાલયને તે અંગે રિપોર્ટ કરવો આવશ્યક રહેશે.

(૯) અભ્યાસક્રમ નિયત કરતી વખતે જે તે કક્ષાએ શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો લક્ષમાં રાખવાં આવશ્યક રહેશે.

(૧૦) શિક્ષણની પ્રક્રિયામાં જ્યારે જ્યારે ફેરફાર કરવામાં આવે ત્યારે તે અંગે કૉલેજોના શિક્ષકોને તેમાં સાંકળવામાં આવે.

(૧૧) નવા માળખા તરફ કૉલેજના શિક્ષકોનો અભિગમ કરવા માટે પરિસંવાદો યોજવા અને આ વિચારનો જે સંસ્થાઓમાં આગળ અમલ થયો હોય (જેવી કે એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા, મિરત યુનિવર્સિટી, મિરત) ત્યાંની મુલાકાત કૉલેજના શિક્ષકો ત્યાં લઈ શકે તેવી સગવડ તેમને આપવામાં આવે.

(૧૨) શિક્ષણનાં ઉત્કૃષ્ટ ધોરણો જાળવવા અને સુધારવા માટે સતત મથામણ કરવી કૉલેજ માટે આવશ્યક રહેશે અને તે હેતુ માટે અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને સહકાર માટે પ્રવૃત્ત કરશે.

(૧૩) ગ્રંથાલયને અદ્યતન કરવા માટે ઓછામાં ઓછા એક લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે.

(૧૪) ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવો મોકળાશવાળા તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેવી સગવડવાળા વાચનખંડની વ્યવસ્થા કરવામાં આવે.

(૧૫) કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલા વિદ્યાર્થી અથવા કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ —એ બેમાંથી જે ઓછા હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

(૧૬) બે વર્ષના સમયના ગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦ × ૮ના માપની કેબિનો રચવામાં આવે.

(૧૭) ટયુટોરિયલ્સ બધા વિષયો માટે યોજવા.

(૧૮) યુનિવર્સિટી તરફથી તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી પ્રયોજાતા "રિફ્રેશર કોર્સીઝ" "સમર ઈન્સ્ટટચ ૂટસ" અથવા "વર્કશોપ"માં હાજરી આપવા માટે પ્રત્યેક ત્રણ વર્ષે ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકોને કોલેજના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તથા પ્રત્યેક વર્ષે પ્રત્યેક વિષયના એક શિક્ષકને અખિલ ભારતીય પરિષદમાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે.

(૧૯) કૉલેજમાં શીખવાતા પ્રત્યેક વિષય માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ ની સંશોધન સહાય ફાળવવામાં આવે અને

(૨૦) સંલગ્ન કૉલેજો માટે નિયત કરેલ ઓછામાં ઓછા વેતનનાં ધોરણો કરતાં કોઈ પણ સંયોગોમાં નીચાં નહીં એવાં ધોરણોનું પરિપાલન કરવું આવશ્યક રહેશે અને તે બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલ કે તે માટે તેણે જે અધિકારીને સત્તા આપેલ હોય તે વખતોવખત જે સૂચનાઓ આપે તેનો અમલ કરવો આવશ્યક રહેશે.

(૨૧) આ હેતુ માટે એકિઝકયુટિવ કાઉન્સિલ પોતે કે કોઈ સમિતિ કે વ્યકિતને જરૂરી તપાસ માટે નીમી શકશે અને તેના તપાસના કામમાં કૉલેજે જરૂરી માહિતી પૂરી પાડવી અને જરૂરી સહકાર આપવો આવશ્યક રહેશે.

(૨૨) સ્વાયત્તતાનો દરજ્જો પ્રાપ્ત થવાને કારણે તથા અભ્યાસકમના માળખાની પુનરૂરચનાના સંદર્ભમાં નવી નીતિ અખતિયાર કરવાના કારણે કોઈ પણ શિક્ષક કે બિનશિક્ષકવર્ગના કર્મચારીને સંખ્યાધિક ગણી શકશે નહિ કે તેમના દરજ્જાને નીચલી પાયરી પર ઉતારી દેવામાં આવશે નહિ તેની બાંયધરી આપવામાં આવે.

(૨૩) વિદ્યાર્થીઓની નોંધણી યુનિવર્સિટી કાર્યાલયમાં કરાવવી તથા તે માટે એકિઝકયુટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે એકઠી કરીને વેળાસર મોકલી આપવી કૉલેજ માટે આવશ્યક રહેશે. પ્રશ્નપત્રોની ગુપ્તતા અને પરીક્ષા સંચાલનની પવિત્રતા અને ગુણાંકનની નિષ્પક્ષતા બાબતમાં ઉત્કૃષ્ટ ધોરણોની જાળવણી કરવી આવશ્યક રહેશે. તથા તેમાં બની શકે તેટલા સુધારા કરવા માટે કૉલેજ હંમેશાં જાગ્રત અને પ્રયત્નશીલ રહેશે અને તેમાં અધ્યાપકો અન્ય નિષ્ણાતો અને કર્મચારીઓને પડકાર માટે પ્રવૃત્ત કરશે.

(૨૪) કૉલેજ તરફથી વખતોવખત લેવાતી પરીક્ષાઓનાં દફતર, રેકોર્ડ્ઝ સ્વચ્છ અને ભૂલચૂક વિનાનાં રાખવાં આવશ્યક રહેશે અને તેની જાણ યુનિવર્સિટી કાર્યાલય નિયત કરે તે રૂપમાં અને તેટલી નકલોમાં કરવી આવશ્યક રહેશે.

(૨૫) પરીક્ષા અંગે યુનિવર્સિટી કાર્યાલયમાં કેટલાંક રેકર્ડ્ઝ રાખવાં આવશ્યક બનશે અને તે માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જે ફી નિયત કરે તે ફી કૉલેજે વિદ્યાર્થીઓ પાસેથી વેળાસર એકઠી કરીને યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડવી આવશ્યક રહેશે.

(૨૬) ઉપરની કોઈ પણ બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલય તરફથી જે કોઈ માહિતી માગવામાં આવે તે માહિતી પૂરી પાડવા આવશ્યક રહેશે તથા તે અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની કે તેણે નીમેલી સમિતિને કે વ્યક્તિને જ્યારે તપાસ કરવાની જરૂર જણાય ત્યારે તપાસના કામમાં કૉલેજે પૂરેપૂરો સહકાર આપવો આવશ્યક રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૮૨(૧) અને ૮૨(૨)માં ક્રમાંક (૨૭) તરીકે નીચેની શરત ઉમેરીને મંજૂર કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

(૨૭) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે તા. ૨૮–૨–૧૯૭૯ સુધીમાં ચૂકવી આપવામાં આવે.

૮૩. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા ૧૯–૬–૧૯૭૮ ના રોજ મળેલ સભાએ એપ્રિલ ૧૯૭૮ માં લેવાયેલ ફર્સ્ટ બી.એસસી.ના જે ૨૧ વિદ્યાર્થીઓનાં પરિણામ રદ કર્યાં હતાં તે પૈકી ૧૩ જેટલા વિદ્યાર્થીઓએ ગુજરાતની વડી અદાલતમાં રિટ-અરજી કરતાં, વડી અદાલતે તેની તારીખ ૧૭–૬–૧૯૭૮નો ચુકાદો આપેલ છે તેને અનુલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં યુનિવર્સિટીના એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતનો તા. ૨૮–૮–૧૯૭૮નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

Resolved that, in view of the judgment and order passed by the Hon'ble High Court of Gujarat in Special Civil Application Nos. 1097, 1110, 1111, 1132, 1133, 1193, 1194, 1201, 1208 and 1220 of 1978, pending further disciplinary proceedings against the concerned examinees, the result of the said examinees declared on 17-5-78 be and is hereby kept in abeyance till the completion of the aforesaid disciplinary proceedings.

Further resolved that fresh show cause notice be issued and the Unfair Means Committee be requested to hold necessary inquiry and submit its report to the Executive Council.

Further resolved that in the cases of the following candidates of the First B.Sc. Examination held in March / April 1978 fresh show cause notices be issued and the Unfair Means Committee be requested

to hold necessary inquiry and submit its report to the Executive Council :

1614, 1620, 1752, 1873, 1946, 2110, 2139, 2145, 2189, 2274, 24-6, 2587, 2799, 2810, 3326, 3525, 3784, 3928, 4051, 4086, 4218, 4263, 4442, 4492, 4673, 4681, 4685, 4695, 4697, 4708, 4715, 4720, 4722, 4727, 5077 and 5082.

૮૪. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૦–૮–૧૯૭૮ની સભાના નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) "આંતર-વિભાગીય ખેલકૂદ હરીફાઈઓ યોજવા માટે જરૂરી પગલાં લેવાની સત્તા અમદાવાદ વિભાગ સ્થાનિક રમતસમિતિના અધ્યક્ષ અને બોર્ડ ઑફ સ્પોર્ટસ'ના પ્રમુખ અને મંત્રીને આપવી તથા આંતર-વિભાગીય હરીફાઈઓ માટે અંદાજપત્રમાં મંજૂર થયેલ રૂ. ૮૦૦૦-૦૦ની રકમમાંથી તેની મર્યાદામાં રહીને જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીને આપવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

(૨) "આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફોર્મ, કેસ્ટ, રમતનાં જરૂરી સાધનો, યુનિવર્સિટી ટીમના ફોટોગ્રાફર, પ્રશિક્ષણ વગેરે માટે જરૂરી ખર્ચ કરવાનું તેમ જ રાજ્ય કક્ષાની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અને રાજ્ય કક્ષાના ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા કમ્બાઈન્ડ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે યોજનાર પસંદગી મુકાબલામાં ભાગ લેવા ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અંગે મંજૂર થયેલા રૂ. ૩૨,૦૦૦-૦૦(રૂપિયા બત્રીસ હજાર)ની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીને આપવા તથા બંનેની સહીથી બીલોને મંજૂર થયેલાં ગણવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

(૩) "આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાંથી આવેલી કૉલેજો માટેના મુસાફરી તથા ભોજન ખર્ચને લક્ષમાં લઈને આંતર-ખેલકૂદ સ્પર્ધાઓ માટે મંજૂર થયેલ રૂ. ૧૩,૦૦૦-૦૦ (તેર હજાર)ની વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા માટે આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

ઉત્તર વિભાગ	...	રૂ. ૪,૭૫૦-૦૦
દક્ષિણ વિભાગ	...	રૂ. ૪,૯૫૦-૦૦
અમદાવાદ વિભાગ	...	રૂ. ૩,૩૫૦-૦૦
કુલ	...	રૂ. ૧૩,૦૦૦-૦૦

(૪) "આથી ઠરાવવામાં આવે છે કે અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી શૂટિંગની હરીફાઈઓના સારા સંચાલન માટે જરૂરી ઉપસમિતિઓ નીમવાની, જરૂરી સભ્યો કો-ઓપ્ટ

કરવાની તથા જરૂરી ખર્ચ કરવાની સત્તા સાથે નીચેના સભ્યોની એક સંચાલન સમિતિ નીમવાની આ સભા યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

૧. પ્રિ. સી. એલ. શાસ્ત્રી
૨. પ્રિ. મંગળવેઢેકર
૩. પ્રિ. કે. એન. શાહ
૪. મહારાવશ્રી જયદીપસિંહજી
૫. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મેયરશ્રી અથવા તેમના પ્રતિનિધિ
૬. શ્રી. કે. જી. પ્રભુ
૭. શ્રી. ઉદયન ચિનુભાઈ
૮. અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રી અથવા તેમના પ્રતિનિધિ
૯. એન.સી.સી. ડાયરેક્ટરશ્રી અથવા તેમના પ્રતિનિધિ
૧૦. શ્રી. નાનુભાઈ સુરતી
૧૧. શ્રી. આર. ડી. ચૌહાણ
૧૨. શ્રી. વાસુદેવભાઈ મહેતા
૧૩. શ્રી. એલ. એ. ઠક્કર

વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી શૂટિંગ હરીફાઈઓ અંગેના ખર્ચનાં બીલો યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને સંચાલન સમિતિના ચેરમેન પ્રિ. સી. એલ. શાસ્ત્રી અને મંત્રીશ્રી એલ. એ. ઠક્કરની સહીથી મંજૂર થયેલ ગણવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૮૫. કાયદાનું શિક્ષણ આપતી સંસ્થાઓ સ્વતંત્ર કૉલેજો હોવી જોઈએ અને તેઓ બીજી વિદ્યાશાખાઓવાળી સંસ્થાઓના વિભાગ તરીકે ન હોવી જોઈએ તેવા બાર કાઉન્સિલના નિર્ણયની બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીએ તેના ૨ જુલાઈ, ૧૯૭૫ના પરિપત્રાંક એલ.ઇ.સી.આઇ.આર. ૬-૧૯૭૫થી જાણ કરેલ તેના સંદર્ભમાં (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ અને (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાને જૂન, ૧૯૭૮ થી કાયદાની વિદ્યાશાખા અલગ કરવા માટે જોડાણ અરજી મોકલવા જણાવેલું તેના જવાબમાં સદરહુ કૉલેજોના આચાર્યોએ તેમના તા. ૧૧—૮—૧૯૭૮ના પત્રોથી નીચે પ્રમાણે જણાવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

" ..... હાલની શૈક્ષણિક પરિસ્થિતિ અને સંસ્થાઓની નાણાકીય જવાબદારીઓ જોતાં બંને વિદ્યાશાખાઓમાં થઈને માત્ર પાંચસો વિદ્યાર્થીઓ ધરાવતી આ કૉલેજનું વિભાગીકરણ કરવાનું અમારા સંચાલક મંડળને યોગ્ય લાગતું નહિ હોવાથી તે માટેની અરજી અમે મોકલી નથી તો આ બાબત દરગુજર કરવા વિનંતી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોમાં કાયદાશાસ્ત્રની વિદ્યાશાખાનું વહીવટી તેમ જ શૈક્ષણિક તમામ પ્રકારનું કામકાજ એક જુદા એકમ તરીકે ગોઠવવામાં આવે તે શરતે સદરહુ કૉલેજની

હાલની શૈક્ષણિક વ્યવસ્થા ચાલુ રાખવી તથા આ બાબત અંગે બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા સમક્ષ ઘટતી રજૂઆત કરવી.

૮૬. યુનિવર્સિટી કાર્યાલયના મદદનીશ કુલસચિવ-કમ-કુલપતિશ્રીના અંગત સચિવની જગ્યા માટે તા. ૧૫—૮—૧૯૭૮ના રોજ થયેલી વરણી સમિતિની ભલામણોને સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૯)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવ-કમ-કુલપતિશ્રીના અંગત સચિવની જગ્યા અંગેની વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ શ્રી. કે. જી. શાહને મદદનીશ કુલસચિવ-કમ-કુલપતિશ્રીના અંગત સચિવની જગ્યા પર રૂ. ૭૦૦-૪૦-૯૮૦ ઇ.બી. ૪૦-૧,૧૦૦-૫૦-૧,૨૦૦ ઇ.બી. ૫૦-૧,૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૦૨૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૫-૮-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૮૭. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા માટે તા. ૧૫-૮-૧૯૭૮ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણોને સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની ૨૩-૮-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા.ક્ર. ૮)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા અંગેની વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ શ્રી. પી. પી. શાહને મદદનીશ કુલસચિવની જગ્યા પર રૂ. ૭૦૦-૪૦-૯૮૦ ઇ.બી. ૪૦-૧,૧૦૦-૫૦-૧,૨૦૦ ઇ.બી. ૫૦-૧૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૯૮૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૫-૮-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૮૮. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેશ મૅનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા માટે તા. ૧૮-૮-૧૯૭૮ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્રમાંક ૧૦)

આથી ઠરાવવામાં આવે છે ક ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા માટેની વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સદરહુ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૮-૮-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૮૯. સ્ટે. ૧૩૧-બી નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા વિચારણા કરવા બાબત : S. 131-B :

"The following shall be the minimum qualifications for the post of Registrar and every permanent vacancy occurring for the post of the Registrar shall be filled in accordance with them

(1) A Master's degree at least in Second Class and a Bachelor's degree in Law of statutory Indian University or a degree recognised as equivalent thereto.

(2) A person to be appointed to the post of Registrar shall have to his credit :

(*a*) at least ten years' administrative experience in a responsible executive position in an educational institution, preferably in a University or in a Government department.

OR

(*b*) at least five years' teaching experience in a college or a University department and five years' administrative experience.

(3) Proficiency in the regional language :

The Executive Council may relax the prescribed qualifications, experience and age-limit in suitable case, but this shall be clearly indicated in the advertisement. The relaxation in qualifications may be Bachelor's degree with wide experience of University administration for a period of 20 years. At the time of appointment, the candidate for the post of Registrar shall not be below 35 years and above 50 years of age. This age-limit shall not apply to candidate who is already in the service of the University.

Provided that the provisions under this Statute shall not affect the appointment of the present incumbent or an incumbent appointed temporarily for performance of duties of the Registrar under Statate 131.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૩૧-બી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૯૦. એમ.એ. અને એમ.કોમ.ના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને વિકલ્પની વધુ જોગવાઈ મળે તે હેતુથી તેમાં પ્રવેશ માટેનાં ધોરણો અંગેના ઓર્ડિ. એમ.એ. ૧ (i) અને એમ.કોમ. ૧ (i) ના પ્રોવિઝોમાં Subject લખ્યું છે તેને બદલે Subject or Subjects

એ પ્રમાણે વંચાય તે રીતે સદરહુ ઑર્ડિનાન્સો સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત : (એ. કા. બા. ક્ર. ૧૪)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑર્ડિ. એમ એ ૧ (૧) અને એમ.કૉમ. ૧(૧) સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૯૧. ઑર્ડિ. ૬૬ અન્વયે સંલગ્ન કૉલેજોએ તેમના શિક્ષકવર્ગના કર્મચારીઓની માહિતી તા. ૧૬ ઑગસ્ટ સુધીમાં મોકલવાની હોય છે તેના સંદર્ભમાં ૧૯૭૭-૭૮ના વર્ષ માટેની માહિતી ૩૫ કૉલેજો તરફથી નિયત સમયમર્યાદા બાદ મળી છે ત્યારે ૫૯ કૉલેજો તરફથી હજુ સુધી માહિતી મળેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને તેમની ક્ષતિ અંગે ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૯૨. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી ગોકુલદાસ બાભરોડા સંશોધન એવાર્ડ અંગે હરિ ૐ આશ્રમના પ્રતિનિધિ ડૉ. આર. ડી. દેસાઈ એ રાજીનામું આપેલ હોવાથી તેઓની જગ્યાએ ડૉ. એમ. એન. દેસાઈની નિમણુક કરવા અંગે હરિ ૐ આશ્રમ તરફથી થયેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એવૉર્ડ અંગેની સમિતિ પર ડૉ. આર. ડી. દેસાઈની જગ્યાએ ડૉ. એમ. એન દેસાઈને નીમવા.

૯૩. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાલા સંશોધન એવાર્ડ ૧૯૭૯ના વર્ષ માટે (૧) Structural Engineering including Bridge Engineering અને (૨) Soil Mechanics & Foundation Engineering બંને વિષયોના એવોર્ડ્સને અનુલક્ષીને નિષ્ણાત સમિતિના સભ્યોના પેનલ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પેનલ મંજૂર કરવી.

૯૪. ગુજરાત હાઈ કૉર્ટમાં થયેલ સ્પેશિયલ સિવિલ ઍપ્લકેશન નં. ૧૫૩૦/૭૮, ૧૫૩૯/૭૮, ૧૫૪૯/૭૮ અને ૧૫૫૦/૭૮ માટે શ્રી એસ. એન. શેલતને નીમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તેમ જ સદરહુ પિટિશન્સ અંગે હાઈ કૉર્ટે આપેલ ચુકાદામાં નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

" ....Mr. S. N. Shelat for Respondents Nos 1 and 2 states that the Vice-Chancellor has no objection to payment of one-third of the due of dearness allowance by the petitioner managements to their teachers and he will put the matter before the Executive Council for favourable consideration of granting affiliation ....."

ચાર કૉલેજોએ રિટ પિટિશન્સ કરેલી તે પૈકી વૈદ્ય શ્રી. એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદને કુલપતિશ્રીના આદેશથી એક વર્ષનું જોડાણ આપવામાં આવેલ છે; જ્યારે નીચેની ત્રણ કૉલેજોના જોડાણ અંગે વિચારવાનું રહે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણ કાર્યવાહીમાં જોડાણ અંગે ભલામણ કરેલ મુદત
૧.	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	... તા. ૧૫–૬–૧૯૭૮ થી કાયમી.
૨.	શ્રી. ચીમનલાલ વાડીલાલ શાહ લૉ કૉલેજ, ખંભાત.	... તા. ૧૫–૬–૧૯૭૮થી તા. ૧૪–૬–૧૯૭૯
૩.	શ્રી. એમ. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત	તા. ૧૧–૬–૧૯૭૮થી તા. ૧૪–૬–૧૯૭૯

(૧) આથી ઠરાવવામાં આવે છે કે

(ક) નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને ૧૯૭૮–૭૯ના વર્ષ માટે ચાલુ જોડાણ આપવું.

(ખ) શ્રી. ચીમનલાલ વાડીલાલ શાહ લૉ કૉલેજ, ખંભાતને ૧૯૭૮–૭૯ના વર્ષ માટે ચાલુ જોડાણ આપવું.

(ગ) શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને ૧૯૭૮–૭૯ના વર્ષ માટે ચાલુ જોડાણ આપવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને ૧૫મી જૂન ૧૯૭૯થી ચાલુ જોડાણ માટેની અરજીઓ ત્વરિત મોકલવા માટે સૂચના આપવી અને તે અરજીઓ આવ્યેથી જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. ચીમનલાલ વાડીલાલ શાહ લૉ કૉલેજ, ખંભાતના આચાર્યશ્રીની નિમણૂકને માન્ય કરવાના પ્રશ્ન અંગેની વિચારણા હાલ મોકૂફ રાખવી.

(નોંધ.— ચાર કૉલેજોએ રિટ પિટિશન્સ કરેલી તે પૈકી વૈદ્ય શ્રી. એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદને કુલપતિશ્રીના આદેશથી એક વર્ષનું જોડાણ આપવામાં આવેલ છે.)

૯૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) (ક) જૂન ૧૯૭૮ થી જોડાણ મેળવવા આવેલ અરજીઓ પૈકી નીચેની કૉલેજોનાં જોડાણ અંગેનાં જાહેરનામાં કુલપતિશ્રીએ બહાર પાડયાના :

૧. એસ. એલ. યુ. કૉલેજ ફોર વિમેન, અમદાવાદ.
૨. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર.
૩. મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા.
૪. શેઠ એસ. પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી.
૫. સાયન્સ કૉલેજ, કડી.
૬. એમ. એન. શુક્લ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૭. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી.
૮. વૈદ્ય શ્રી. એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ.
૯. શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણ.

તથા

(ખ) જોડાણ અરજીઓ પરત્વે મૂકેલ શરતોનું પરિપાલન સંતોષપૂર્વક થયું છે કે કેમ તે જોવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૭ ની સભામાં નીમેલ સ્થાયી સમિતિની તા. ૨૯–૭–૧૯૭૮ ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત;

(૨) મણિનગર સાયન્સ કૉલેજ અમદાવાદ તથા સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને ચાલુ વર્ષે બી.એસસી. (જન.)માં શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપ્યાના;

(૩) યુનિવર્સિટીના પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી પંડ્યાએ નાયબ કુલસચિવની જગ્યા પરની નિમણૂકના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રિટમાં યુનિવર્સિટીના ઍડવોકેટ તરીકેની એસ. એન. શેલતને રોકયાના;

[**નોંધ.**—નામદાર હાઈકોર્ટે શ્રી. પંડ્યાની મજકૂર રિટ તા. ૨૦–૭–૧૯૭૮ના રોજ ફાઢી નાંખી હતી. ત્યારબાદ શ્રી. પંડ્યાએ તા. ૨૧–૭–૧૯૭૮ના રોજ કરેલી લેટર્સ પેટન્ટની અરજી ડિવિઝન બેંચ સમક્ષ નીકળી હતી, પરંતુ શ્રી. પંડ્યાએ તેમની મૂળ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન પાછી ખેંચી લીધી હતી.]

(૪) યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામક તરીકે કામ કરતા સર્વશ્રી વી. એમ. વ્યાસ તથા આર. ડી. ભગતે મદદનીશ કુલસચિવની ખાલી પડેલી એક જગ્યા પર નિમણૂકની બાબતમાં સીનિયોરિટીના સંદર્ભમાં તેઓની નિમણૂક થવી જોઈએ તે પ્રકારના તેમના તા. ૧૭–૧–૧૯૭૮ અને તા. ૧૮–૧–૧૯૭૮ના પત્રોના સંદર્ભમાં એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧–૮–૧૯૭૮ની સભામાં સદરહુ પત્રો સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવાનું ઠરાવ્યું હતું. પણ ત્યારબાદ શ્રી. વી. એમ. વ્યાસે સીનિયોરિટીના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રિટ અરજી નામદાર કોર્ટે કાઢી નાખી તથા તેના ઉપરની લેટર પેટન્ટની અરજી પણ શ્રી. વ્યાસે પોતે પાછી ખેંચી હોવાથી આ બાબત પરત્વે વિચારણા માટે યુનિવર્સિટીની સ્થાયી કાનૂનવિષયક સમિતિ પાસે જવાની જરૂર જણાતી નથી તેમ ઠરાવ્યાના;

(૫) રાજ્ય સરકારે જન્માષ્ટમીની રજા શનિવાર તા. ૨૬–૮–૧૯૭૮ ને બદલે શુક્રવાર તા. ૨૫–૮–૧૯૭૮ના રોજ બદલી હોવાથી તે અન્વયે યુનિવર્સિટી કાર્યાલય, વિદ્યાભવનો, મંથાલય વિ.માં આ રજાનો ફેરફાર કર્યાના;

(૬) ઑક્ટોબર–નવેમ્બર ૧૯૭૮માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ શરૂ કરવા માટેની તારીખો મંજૂર કર્યાના;

(૭) આર્ટ્સ કૉલેજ, સંખેડાના થર્ડ બી.એ. પરીક્ષા માર્ચ–એપ્રિલ ૧૯૭૮ના વિદ્યાર્થી નં. ૬૯૦૧ શ્રી. પરમાર કરશનભાઈ ગણેશભાઈએ ફર્સ્ટ બી.એ. એ.ટી.કે.ટી.ની પરીક્ષા પસાર કરી નહીં હોવા છતાં, થર્ડ બી.એ.ની પરીક્ષા આપી છે તેથી સદરહુ વિદ્યાર્થી ફર્સ્ટ બી.એ.ની બાકીના વિષયની પરીક્ષા ઑર્ડ. ૧૨૭ની સમયમર્યાદામાં પાસ ન કરે ત્યાં સુધી તેમનું થર્ડ બી.એ. પરીક્ષાનું પરિણામ અનામત રાખ્યાના;

(૮) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ, (૨) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ અને (૩) એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં યુનિયનની રચના અંગે સિટી સિવિલ કોર્ટમાં થયેલ કેસોમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ શ્રી. પ્રશાન્ત ગિરિરાજની નિમણૂક કર્યાના :

(૯) સ્વામીનારાયણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ અને આર.ટી.ઓ. અંગેના સિટી સિવિલ કેસ નં. ૨૮૧૮/૭૮ની બાબતમાં વકીલ શ્રી. અશ્વિનભાઈ લાલભાઈ શાહને નીમ્યાના;

(૧૦) પીએચ.ડી. પદવી માટેના નીચે જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેઓને તે પદવી માટે પાત્ર જાહેર કર્યાના;

Sr.	*Name of the candidate*	*Subject*	*Faculty*	*Title of the Theses*	*Name of the Guide*
1.	Shri N. C. Shah	Mathematics	Science	Study of Quasi-Hyponormal operators and of class (M)	Dr. I. H. Sheth, Gujarat University, Ahmedabad-9
2.	Shri M. D. Kotecha	Philosophy	Arts		Dr. J. A. Yajnik, Gujarat University, Ahmedabad.
3.	Shri N. P. Parmar	Gujarati	Arts	Some less known prose writers of the period 1880 to 1920	Dr. V. R. Trivedi, Adarsh Society, Surat
4.	Shri C. R. Vora	Chemistry	Science	'Organic Regents in Analytical Chemistry'	Dr. M. N. Desai, Gujarat, University, Ahmedabad
5.	Miss Suzuko Ohira	Sanskrit	Arts	"A study of the Tattvarthasutra with Bhasya with special reference to the Authorship and date"	Prof. D. D. Malvania L. D. Inst. of Indology, Ahmedabad
6.	Shri K. G. Mehta	Botany	Science	"Role of Ascorbic Acid-Nuclic Acid and Proteins in Plantago	Prof. J. J. Chinoy Gujarat, University Ahmedabad

7.	Miss Mallika Sarabhai	Psychology	Arts	Psychological Maturity and the power motive : Dynamics and Development	Dr. Udai Parekh, I.I.M., Ahmedabad-15
8.	Shri J. M. Pandya	Chemistry	Science	Studies in Corrosion of Aluminium and its Alloys	Dr. J. D. Talati, Pilwai College
9.	Shri D. I. Bhatt	Chemistry	Science	"Studies in Soil, water movement and Seed Germination	Dr. R. K. Shah
10.	Shri A. K. Kulshrestha	Physics	—do—	"Studies of order in Fibrous Polymers by X-Ray diffraction with special reference to cellulose	Dr. T. Radhakrishna, ATIRA, Ahmedabad
11.	Shri J. N. Goswami	Physics	—do—	Nuclear Tracks in Extracerres Trial Silicate Grains	Prof. D. Lal, P. R. L., Ahmedabad
12.	Mrs. Surjeet Malhan	Home Science	—do—	Proposals for Vocational Training for Women	Late Dr. Leelaben Shah, B. D. Arts College
13.	Shri B. S. Patel	Hindi	Arts	अज्ञेय:एक अध्ययन आधुनिकत्व एवं पाश्चात्य प्रभावों के विशेष संदर्भमें	Prof. A. S. Nagar, Gujarat Uni., Ahmedabad-9.
14.	Shri V. M. Patel	Sociology	Arts	Effectiveness of group approach in family planning.	Dr. Taraben Patel, Gujarat University, Ahmedabad.

(૧૧) ૧૯૭૮—૭૯ના વર્ષમાં સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થી પ્રવેશ અંગે ઑર્ડિ. ૧૨૦—બીના સંદર્ભમાં છૂટછાટ આપ્યાના :

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

વધુમાં બાબત ક્રમાંક ૯૫(ખ) અંગે ઠરાવવામાં આવ્યું કે સંબંધકર્તા કૉલેજોના જોડાણની બાબતમાં, સભામાં થયેલી ચર્ચા-વિચારણાને અનુલક્ષીને જોડાણ આપવાની બાબતમાં કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૬. ઑર્ડિ. ૯૬ હેઠળ સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારી ગણની માહિતી પ્રત્યેક શૈક્ષણિક વર્ષે તા. ૧૬મી ઑગસ્ટ સુધીમાં મોકલવાની બાબતમાં ૧૯૭૮-૭૯ના શૈક્ષણિક વર્ષ માટેની ૧૯ કૉલેજો તરફથી માહિતી નિયત સમયમર્યાદા પછી મળેલ છે અને ૫૨ કૉલેજોની માહિતી હજી સુધી મળી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને તેમની ક્ષતિ અંગે ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૯૭. ૧૯૭૮-૭૯ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલ વાણિજ્યની વિદ્યાશાખાની કૉલેજોના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામાં બૅન્કિંગ અને બચતને લગતા વિષય પર યોજનાર બૅંક ઑફ બરોડા ટ્રોફી વકતૃત્વ સ્પર્ધા માટે બે નિર્ણાયકો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વકતૃત્વ સ્પર્ધા માટે પ્રો. એચ. કે. ત્રિવેદી અને ડૉ. આર. કે. મોદીને નિર્ણાયકો તરીકે નીમવા.

૯૮. ઑકટોબર ૨૫ થી ૨૮, ૧૯૭૮ના સમય દરમિયાન ઇન્સ્ટિટ્યૂટ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝનું ૧૬ મું વાર્ષિક અધિવેશન દિબ્રુગઢ યુનિવર્સિટીના ઉપક્રમે દિબ્રુગઢ (આસામ) મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ વર્ષના અધિવેશનના મુખ્ય Themes નીચે પ્રમાણે છે :

(1) Public Association in India from the early part of the 19th Century to 1930.

(2) Sources of the History of Assam (Ancient, Mediaval and Modern Periods.)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્ટિટ્યૂટના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૯૯. સંલગ્ન બિનસરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં બિનશિક્ષક વર્ગના કર્મચારીઓના મહેકમ ઇત્યાદિ અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૭-૪-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એન. જી. સી. ૧૦૭૭-ખ-૧ નો એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૪-૧૯૭૮ની સભામાં સ્વીકાર કર્યો છે તો અન્ય કૉલેજોમાં બિનશિક્ષક વર્ગના કર્મચારીઓના મહેકમ બાબતમાં કયાં ધોરણો માટે આગ્રહ રાખવો તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૭-૮-૧૯૭૮ની સભાની બાબત ક્રમાંક ૭૩નો પાઠ

અને તે અંગેનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો ઠરાવ નીચે ટાંકયો છે :

કેટલીક સંલગ્ન કૉલેજોમાં બિનશિક્ષક વર્ગના કર્મચારીઓના મહેકમની બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પરિપાલન થતું નથી તે અંગે વિચારણા કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ અંગેના નિર્ણયની રાહ જોવી અને તે દરમિયાન મહેકમ અંગેનાં ધારાધોરણોના પરિપાલનનો આગ્રહ રાખવો નહીં."

૨. રાજ્ય સરકારે તેના તા. ૨૭—૭—૧૯૭૭ના ઠરાવ ક્રમાંક એનજીસી. ૧૩૭૭-ખ થી ગ્રાન્ટ અંગેની નીતિ જાહેર કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવા.

૧૦૦. ડૉ. યોગેન્દ્ર વ્યાસ કૃત "ગુજરાતી વ્યાકરણ" પુસ્તકના વિક્રેતા અને મુદ્રક તથા સહપ્રકાશક શ્રી. વ્યવસ્થાપક, સાહિત્ય મુદ્રણાલય તરફથી લેખકના મહેનતાણા સિવાય, સદરહુ પ્રકાશનનું બાકીનું તમામ ખર્ચ કરેલ છે. તેમની સાથે કરેલ કરાર મુજબ તેમને યુનિવર્સિટીને પુસ્તકની વે. કિં. ૫૨ ૧૫ ટકા રૉયલ્ટી આપવાની થાય છે તે માટે તેમણે તા. ૫ જુલાઈ ૧૯૭૮ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રકાશકે યુનિવર્સિટીને જે રૉયલ્ટી ચૂકવવાની થાય તેની ચુકવણી નીચે મુજબ કરવામાં આવે :

પહેલી ૧૦૦૦ નકલોનું વેચાણ થયેથી કુલ રૉયલ્ટીની ૫૦ ટકા જેટલી રકમ, બીજી ૧૦૦૦ નકલોનું વેચાણ થયેથી કુલ રૉયલ્ટીના વધુ ૨૫ ટકા એટલે કે કુલ ૭૫ ટકા જેટલી રકમ અને છેલ્લી ૧૦૦૦ નકલોનું વેચાણ થયેથી બાકી રહેલી રૉયલ્ટીની રકમ ચૂકવવામાં આવે.

૧૦૧. બાંધકામ સમિતિની તા. ૨૪-૮-૧૯૭૮ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪—૮—૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪—૮—૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૦૨. શ્રી રઘુવીર ચૌધરીએ હિન્દી વિષયમાં પીએચ.ડી. માટે રજૂ કરેલ મહાનિબંધ પરત્વે આવેલા પરીક્ષકોના અહેવાલ અંગે ઓ. ૩૨૧ (૨) અન્વયે વિચારણા કરવા બાબત.

સદરહુ હેવાલો ઉપર કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે શ્રી. રઘુવીર ચૌધરીને પોતાનો મહાનિબંધ સુધારીને ફરી રજૂ કરવા માટે સૂચવવું અને તે માટે જરૂરી સલાહસૂચનો મેળવવા માટે પ્રો. કે. કા. શાસ્ત્રીનો સંપર્ક સાધવા સૂચવવું.

૧૦૩. ભૌતિકવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રી એસ. એમ. ભંડારીએ રજૂ કરેલ મહાનિબંધ તપાસવા માટે તેમજ તેમની મૌખિક પરીક્ષા યોજવા માટે નિમાયેલા બાહ્ય પરીક્ષક ડૉ. ટી. કે. મેનને તેમનો મહાનિબંધ પરનો હેવાલ સુપરત કરેલ છે પણ તેઓ પરદેશ હોઈ વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા લેવા બાબતમાં તેમને કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એમ. ભંડારીએ રજૂ કરેલ મહાનિબંધના સંદર્ભમાં તેમનાં મૌખિક પરીક્ષક તરીકે શ્રી. ટી. કે. મેનનની જગ્યાએ ડૉ. એમ. એન. જોશીને નીમવા.

૧૦૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫–એ અનુસાર વેધશાળા, અમદાવાદને Astronomy (including Solar Physics) અને Atmospheric Physics વિષયમાં પીએચ.ડી. પદવીના સંશોધન માટે સ્વીકૃત સંસ્થા (Approved Institution) તરીકે તા. ૧૫–૬–૧૯૭૮ થી તા. ૧૪–૬–૧૯૮૦ સુધી માન્યતા આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૮–૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૫).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૫. પ્રથમ વર્ષ મનોવિજ્ઞાનના અભ્યાસક્રમને અનુલક્ષીને મનોવિજ્ઞાનની અભ્યાસ-સમિતિના ઠરાવ પ્રમાણે, નોંધમાં દર્શાવ્યા મુજબનાં બે પુસ્તકોની હસ્તપ્રત તૈયાર કરાવી નીચેની શરતોએ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને પ્રકાશન અને વિતરણ માટે સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

શરતો

૧. પ્રથમ વર્ષ બી.એ.ના નવા અભ્યાસક્રમને અનુલક્ષીને પ્રશ્નપત્ર–૧ અને પ્રશ્નપત્ર–૨ની હસ્ત-પ્રતો તૈયાર કરાવી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને પ્રકાશન અને વિતરણ માટે સોંપશે.

૨. સદરહુ પુસ્તકોના કોપીરાઇટ હક્ક યુનિવર્સિટી સાથે થનાર કરાર મુજબ લેખકોના રહેશે.

૩. યુનિવર્સિટી હસ્તપ્રત તૈયાર કરાવે અને બોર્ડને સોંપે ત્યાં સુધીના વહીવટી ખર્ચ પેટે પુસ્તકના ખર્ચના ૧૦ ટકા બોર્ડ યુનિવર્સિટીને આપશે તથા પ્રસ્તાવમાં યુનિવર્સિટીની મદદનો ઉલ્લેખ કરશે.

૪. પુસ્તકના લેખકો અને પરામર્શકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પુરસ્કાર બોર્ડ ચૂકવશે તેમ જ લેખક-પરામર્શકને વિનામૂલ્યે નિયમ મુજબ નકલો આપશે.

૫. બેઉ પુસ્તકોની પાંચ–પાંચ નકલ બોર્ડ યુનિવર્સિટીને વિના મૂલ્યે આપશે.

૬. પુસ્તકો પ્રકાશિત થયે, બોર્ડ તરફથી વિનંતી મળતાં સદરહુ વિષયની અભ્યાસસમિતિને પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારવા યુનિવર્સિટી ભલામણ કરશે.

(**નોંધ.**—આ કામ માટે પ્રત્યેક પુસ્તક દીઠ લેવાતી રૂ. ૨–૦૦ ફી માફ રહેશે, પરંતુ બેઉ પુસ્તકોની બબ્બે નકલો વિનામૂલ્યે બોર્ડે વિનંતીપત્ર સાથે મોકલવાની રહેશે.)

નોંધ.—સદરહુ પુસ્તકોની માહિતી નીચે પ્રમાણે છે :

પ્રશ્નપત્ર ૧–સામાન્ય મનોવિજ્ઞાન (પ્રથમ વર્ષ બી.એ. માટે)

લેખકોનાં નામ	પરામર્શકનું નામ
પ્રો. એમ. વી. બક્ષી પ્રો. ઉજમશી કાર્પાડિયા પ્રો. કે. કે. શુકલ પ્રો. એસ. વી. ત્રિવેદી પ્રો. જી. આર. મનસુરી	ડૉ. સી. ટી. ભોપટકર

પ્રશ્નપત્ર ૨–મનોવિજ્ઞાન અને અસરકારક વર્તન
(પ્રથમ વર્ષ બી. એ. માટે)

લેખકોનાં નામ	પરામર્શકનું નામ
ડૉ. સી. ટી. ભોપટકર શ્રી. મહેશભાઈ દવે પ્રો. એસ. વી. ત્રિવેદી પ્રો. જી. આર. મનસુરી પ્રો. કે. કે. શુકલ પ્રો. એન. કે. શાહ પ્રો. ઉજમશી કાપડિયા	પ્રો. એમ. વી. બક્ષી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો તથા તે માટે ઉપર જણાવેલી શરતો મંજૂર કરવી.

૧૦૬. એફ.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમને અનુલક્ષી 'કોસિપ' યોજના હેઠળ "જીવની ઉત્પત્તિ" (origin of life)ના વિષય પર ડૉ. વી. સી. શાહ અને ડૉ. સી. કે. શાહે સંયુક્ત રીતે તૈયાર કરેલ હસ્તપ્રત માટે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડે નિયત કરેલ દર (પાના દીઠ રૂ. ૧૫–૦૦) ઉપરાંત ૨૦ ટકા રોયલ્ટીનો પુરસ્કાર આપવા ડૉ. વી. સી. શાહે કરેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. સદરહુ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં ૧૧૦૦ નકલ છાપવાની રહે છે.

૨. તેનો અંદાજી પ્રકાશન ખર્ચ રૂા. ૩,૦૦૦–૦૦ થાય તેમ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રકાશન હાથ ધરવા માટે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને સૂચવવું.

૧૦૭. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨-૭-૧૯૭૮ની સભામાં ટેક્ષટાઈલ કેમિસ્ટ્રીના વિષય માટે પ્રોફેસરની જગ્યા માટે ડો. એચ. ટી. લોખંડે, રીડર તરીકે ડો. એસ. કરમારકર અને વ્યાખ્યાતા તરીકે ડા. આર. કે. સોલંકીની નિમણુંક કરવા ઠરાવ્યું છે. આ માટે નિમણુંકની તા. ૧૫-૬-૧૯૭૯ રાખવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૮. હાયર સેકન્ડરીના અભ્યાસક્રમને અનુસરીને ફાર્મસીના ચાર વર્ષના અભ્યાસક્રમના પહેલા વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમોને લગતા ઑર્ડિ. ૮, ૯ અને ૧૦ સુધારીને તેને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા નીચે જણાવેલા બીજા, ત્રીજા અને ચોથા વર્ષ બી.ફાર્મ.ના ઑર્ડિનન્સો સુધારી તેને ક્રમશઃ અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬-૮-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૫) :

બીજું વર્ષ બી.ફાર્મ. જૂન ૧૯૭૯થી અમલમાં આવે છે. ફાર્મસી ઑર્ડિ. ૧૧, ૧૨, ૧૩.

ત્રીજું વર્ષ બી.ફાર્મ. જૂન ૧૯૮૦થી અમલમાં આવે છે. ઑર્ડિ. ૧૪, ૧૫.

ચોથું વર્ષ બી.ફાર્મ. જૂન ૧૯૮૧થી અમલમાં આવે છે. ઑર્ડિ. ૧૫-એ અને ૧૫-બી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા ઉપરોક્ત સુધારેલા ઑર્ડિનન્સો મંજૂર કરવા તથા તેને ક્રમશઃ અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૦૯. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના તા. ૨૩-૬-૧૯૭૮ના સરકારી ઠરાવમાં નીચે મુજબનો ઉમેરો કર્યાની જાણ કરતી રાજ્ય સરકારના તા. ૨૧-૮-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એનજીસી-૧૧૭૭-અ-૧ ની નોંધ લેવા બાબત:

૧. એક જ સંચાલક મંડળ તરફથી સંચાલિત એવી બે કૉલેજોના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા હજાર કરતાં વધુ હોય તો બીજો વ્યાયામ શિક્ષક ગ્રાન્ટપાત્ર ગણવો.

૨. સદરહુ ઠરાવની શરત ૧ અને ૨ એક જ કસબા-શહેરમાં આવેલી અને એક જ સંચાલન મંડળ હસ્તક હોય તેવી કૉલેજોને લાગુ પડશે.

૩. શરત નં. ૪ પછી નીચે મુજબ શરત નં. ૫ ઉમેરવી.

૪. તા. ૩૧-૩-૧૯૭૮ના રોજ જે શિક્ષકો નોકરીમાં હોય તેમને ચાલુ રાખવા. તેમને નોટિસ આપીને છૂટા કરવા નહીં. તેમના પગાર ગ્રાન્ટોને પાત્ર ગણવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૦. ગુજરાત યુનિવર્સિટીની પાંચમી પંચવર્ષીય યોજના જે. યુ. ગ્રા. કમિશને મંજૂર કરેલ છે તેમાંની બીજી અને ત્રીજી પસંદગીની નીચે દર્શાવેલ યોજનાઓ અંગેની મેચિંગ શેર તરીકેની ગ્રાન્ટ ગુજરાત સરકારના શિક્ષણ ખાતાએ તેમના તા. ૧૯-૮-૧૯૭૮ના ઠરાવ નં. યુ.એસ.જી.-૧૧૭૮-૪૧૬૯-કે. એચ.થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

Sr. No.	*Approval cost Rs. in lakhs*	*UGC Share @50% Rs. in lakhs.*	*Govt-share @Rs. 50% in lakhs,*
1. Construction of Teachers Quarters	3–60	1–80	1–80
2. Construction of Zoology Bldg. (inclu. Animal Home)	2–00	1–00	1–00
3. Fresh proposals to be made within this allocation	5–00	2–50	2–50
	10.60	5–30	5–30

આ બંનેની સંયુક્ત દરખાસ્ત ઝૂલોજી મકાનના એકસ્ટેન્શન માટે કરી છે તેને યુ.જી.સી.એ મંજૂરી આપી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૧૧. સરકારી ઑડિટરોએ તપાસેલા સને ૧૯૭૬–૭૭ના વાર્ષિક હિસાબો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૬–૭૭ના વર્ષના સદરહુ વાર્ષિક હિસાબો મંજૂર કરવા અને યુનિવર્સિટી કોર્ટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ કરવા.

૧૧૨. ચાલુ વરસથી ટી. વાય. બી.એસસી.ના પ્રયોગોની બેચ ૨૦ને બદલે ૨૬ની રાખવાની પરવાનગી આપવાની વિનંતી કરતા સાયન્સ કૉલેજ, કડીના આચાર્યના તા. ૨૮-૮-૧૯૭૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–તેમની કૉલેજના અધ્યાપકગણને આ વ્યવસ્થા અનુકૂળ છે તેમ આચાર્યે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૧૧૩. બી. વી. ડી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં ઑર્ડિ. ૯૭ અન્વયે જરૂરી વરણીસમિતિની રચના કર્યા વગર નીચેના શિક્ષકોની કરેલી નિમણુકો અંગે વિચારણા કરવા બાબત :

શિક્ષકનું નામ	હોદ્દો	જોડાયા તારીખ
૧. શ્રી બી. એસ. ઠાકર	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	૧-૭-૧૯૭૭
૨. શ્રી એમ. એસ. પારેખ	એકાઉન્ટસના ખંડ સમયના વ્યાખ્યાતા	૧-૮-૧૯૭૭
૩, શ્રીમતી એસ. એમ. કાદરી	કૉમર્સનાં વ્યાખ્યાતા	૧–૭–૧૯૭૭

[**નોંધ.**—કૉલેજે જણાવ્યું છે કે કૉલેજનું મકાન બદલવાથી તેમજ શિક્ષણકાર્યનો આરંભ કરવાની ઉતાવળને લઈને ઔપચારિક વિધિ વિના નિમણુકો કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઘટતો ઠપકો આપીને ઉપર જણાવેલી નિમણૂકો નં. (૧) અને (૨) ગ્રાહ્ય રાખવી તથા નં. (૩)વાળી જગ્યા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી કાર્યવાહી કરવા માટે સદરહુ કૉલેજને સૂચના આપવી.

૧૧૪. યુ. ગ્રા. ક. ને અગાઉ પંચવર્ષીય યોજનામાં મંજૂર કરેલ Extension of Laboratory Space ને બદલે મધ્યસ્થ પ્રયોગશાળાને વાતાનુકૂલિત બનાવવા અંગે રૂ. ૨,૦૦,૦૦૦/- ની અનાવર્તક અનુદાનનું પુનઃ વિનિયોગ કરવાનું તા. ૧૫-૬-૧૯૭૮ના પત્ર ક્રમાંક એફ. ૧૮-૬-૧૯૭૫ ડી-૪એ થી મંજૂર રાખેલ તેને રાજ્ય સરકારના શિક્ષણ ખાતાએ તેમના તા. ૧૨-૮-૧૯૭૮ ના ઠરાવ ક્રમાંક યુએસજી. ૧૧૭૮-૪૨૭૧૨-ખ થી બહાલ રાખ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૧૫. યુનિવર્સિટી કર્મચારીઓને આપવામાં આવતી સાઇકલ લોન કોને કોને આપવી તથા એક વખત આપ્યા પછી ફરીથી ક્યારે આપવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને વિના વ્યાજે સાઇકલ લોન આપવા અંગે નીચેનાં ધોરણો મંજૂર કરવાં :

(૧) રૂ. ૬૫૦/–થી વધુ મૂળ માસિક પગાર મેળવતા કર્મચારીઓ આ લોનને પાત્ર ગણાશે નહીં.

(૨) આ લોન લેનાર કર્મચારી બીજાં ૬ વર્ષ સુધી આ લોનને માટે પાત્ર ગણાશે નહીં.

૧૧૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૩૧-૮-૧૯૭૮ની ભલામણો નં. ૨, ૩, ૪, ૬, અને ૭ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૩૧-૮-૧૯૭૮ની સભાની ભલામણો નં. ૨, ૩, ૪, ૬ અને ૭ મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૩૧–૮–૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૧૧૭. ઉચ્ચતર માધ્યમિક તરાહના અમલના કારણે ફાજલ પડતા સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીગણને રક્ષણ આપવા અંગેની મુદત તા. ૩૧-૧૦-૧૯૭૮ સુધી લંબાવી આપ્યાની જાણ કરતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૮-૮-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એનજીસી-૧૦૭૭ (ખ) (૧) ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની ભલામણ મુજબ ઑર્ડિ. એમ.ફિલ. ૧ થી ૧૩ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૪)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ ઑર્ડિ. એમ.ફિલ. ૧થી ૧૩ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૧૧૯. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના અધ્યક્ષશ્રી એમ. વી. કેકર Award of Mutual Educational Exchange Grant by the Council for International Exchange of Scholar's, Washington D. C. માટે પૂરા સમયના વિઝિટિંગ રિસર્ચ સ્કૉલર તરીકે પસંદગી પામ્યા હોઈ તેઓને ૧૦ નવેમ્બર ૧૯૭૮ થી ૩૧ માર્ચ ૧૯૭૯ સુધીની પૂરા પગારની રજા આપવા અંગેના તેઓના તા. ૧૯-૮-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. ડૉ. કેકરને દરરોજના ૩૦ ડૉલર પ્રમાણે ગ્રાન્ટ મળશે જે અમેરિકાના ટેક્ષને પાત્ર છે.

૨. ડૉ. કેકર આ અભ્યાસ રજા પૂર્વે તા. ૧૫-૧૦-૧૯૭૮થી તા. ૨૯-૧૦-૧૯૭૮ અને પછીથી તા. ૧-૪-૧૯૭૯નું વૅકેશન જોડવા માંગે છે.

૩. ડૉ. કેકરનો મૂળ માસિક પગાર રૂ. ૨,૩૭૫/- છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના અધ્યક્ષ ડૉ. એમ. પી. કેકરે પોતાની સેવાનાં ઓછામાં ઓછાં ત્રણ વર્ષ આ યુનિવર્સિટીમાં પૂરાં કરેલાં નહીં હોવાથી તેમની સદરહુ રજા મંજૂર કરી શકાય તેમ નથી એમ તેમને સખેદ જણાવવું.

૧૨૦. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને નીચેની સવલતો સાથે કેમિકલ એન્જિનિયરિંગના પદવી અભ્યાસક્રમમાં દર વર્ષે ૬૦ વિદ્યાર્થીના પ્રવેશ (Intake)ની મંજૂરી આપતા ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ મંત્રાલયના રાજ્ય સરકાર પરના તા. ૧૪-૮-૧૯૭૮ના પત્રની નોંધ લેવા બાબત.

(*A*) Non-recurring Expenditure :	
(*i*) Buildings	Plinth area of 33180 sq. ft.
(*ii*) Equipment	Rs. 12,00,000/-
(*iii*) Furniture	Rs. 1,00,000/-
(*iv*) Library	Rs. 1,50,000/-
Total Non-recurring	Rs. 14,50,000/-
(*B*) Recurring Expenditure : (Ultimate per annum)	Rs. 3,85,000/-

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બિનસરકારી સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગના તથા બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓ માટે સુધારવામાં આવેલાં પગારધોરણોનો અમલ કરવા માટે સદરહુ કૉલેજને સૂચના આપવી.

૧૨૧. એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી આર. એલ. સંઘવીનું રૂ. ૧,૫૦૦–૬૦–૧,૮૦–એસેસમેન્ટ–૧૦૦–૨,૨૦૦ ના પગારધોરણમાં રૂ. ૧,૮૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ) માંથી એક એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

તજ્ઞોની યાદી	આચાર્યે સૂચવેલા તજ્ઞો
યાદી ઘણી જ મોટી હોઈ સભાગૃહ	૧. પ્રો. એચ. કે. ત્રિવેદી
સમક્ષ રજૂ કરવામાં આવી હતી.	૨. પ્રિન્સિ. આર. વી. શાસ્ત્રી
	૩. શ્રી. પી. એમ. નારિયેળવાલા

આથી ઠરાવવામાં આવે છે કે અર્થશાસ્ત્રના તજ્ઞોની યાદીમાં શ્રી. એમ. એસ. ત્રિવેદી (સુરત)નું નામ ઉમેરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચે મુજબ તજ્ઞોની નિમણૂક કરવી :

(૧) યાદી 'અ'માંથી શ્રી. એમ. એસ. ત્રિવેદી

(૨) યાદી 'બ'માંથી શ્રી. એચ. કે. ત્રિવેદી.

૧૨૨. વિજ્ઞાનની કૉલેજોમાં ડિપ્લોમા ઇન ફાર્મસીનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, ન્યૂ દિલ્હી અનુદાન આપનાર છે, તેના સદંર્ભમાં તેણે Whether the college fulfils all the eligibility conditions એમ તેના તા. ૨૭-૪-૧૯૭૮ના પત્રાંક એફ. ૨-૩૭ ૭૭ સીપીથી પુછાવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાયી સમિતિ નીમવી :

૧. ડૉ. ભાનુબહેન ત્રિવેદી

૨. ડૉ. એમ. એન. દેસાઈ

૩. શ્રી. આર. વી. પટેલ

૪. આચાર્ય કે. એન. શાહ

૫. ડૉ. વી. સી. શાહ.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૨૩. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાશ્નિકો-પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૭/૨૮-૭-૧૯૭૮ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭/૨૮–૭–૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭/૨૮–૭–૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૨૪. યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષા માટે ખરીદવામાં આવતાં મટીરિયલ્સ ખાસ કરીને પેટ્રોલ, કેમિકલ્સ વગેરેના છેલ્લાં કેટલાંક વર્ષોથી થયેલ ભાવ વધારાને લઈને યુનિવર્સિટી તરફથી પ્રાયોગિક પરીક્ષા લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

વધુમાં તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૫. ઑક્ટોબર ૧૯૭૮માં યોજનાર પદવીદાન સમારંભમાં નીચેની બે નવી પદવીઓ પ્રથમવાર અર્પણ કરવામાં આવનાર હોઈ તે પદવી પ્રમાણપત્રો માટેના મુસદ્દાઓ મંજૂર કરવા બાબત :

(1) Master of Business Administration

(2) Diploma in Occupational and Industrial Health.

આથી ઠરાવવામાં આવે છે કે Master of Business Administration અને Diploma in Occupational and Industrial Health માટેનાં પ્રમાણપત્રોના મુસદ્દાઓ મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.બી.એ.ના પદવી પ્રમાણપત્રમાં સંબંધકર્તા ઉમેદવારને આપવામાં આવેલા ગ્રેડનો પણ ઉલ્લેખ કરવો.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ પ્રમાણપત્રોના મુસદ્દાઓની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૧૨૬. અનુદાન મેળવતી રાજ્યની તમામ બિનસરકારી ટેકનિકલ શિક્ષણની સંસ્થાઓમાં અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે શૈક્ષણિક જગ્યાઓમાં પાંચ ટકા અને બિનશૈક્ષણિક જગ્યાઓમાં દસ ટકા જગ્યાઓ તા. ૧–૪–૧૯૭૮ થી ૬૨ વર્ષ માટે અનામત રાખવા અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૬–૮–૧૯૭૮ના ઠરાવ ક્રમાંક ટી. ઈ. એમ. ૧૦૭૮–ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિનસરકારી ટેકનિકલ કૉલેજોમાં શિક્ષકવર્ગની કુલ જગ્યાઓના ૫ ટકા અને બિનશિક્ષકવર્ગની કુલ જગ્યાઓના ૧૦ ટકા જેટલી જગ્યાઓ અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવી.

૧૨૭. નીચે જણાવેલ સંલગ્ન કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ શિક્ષક તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ નિવૃત્તિ-વયમર્યાદા વટાવી ચૂક્યા છતાં તેમને સ્થાને

વૈકલ્પિક વ્યવસ્થાની માહિતી હજુ સુધી આવી નથી તેા તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	કર્મચારીનેા હોદ્દો
૧.	શ્રી. ડી. ડી. દેસાઈ સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	આચાર્ય
૨.	શ્રી. એચ. યુ. જોશી માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ	આચાર્ય
૩.	શ્રી. એમ. એસ. ગાંધી પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ	અધ્યાપક
૪.	શ્રી. કે. એસ. વ્યાસ ડી. એસ. લૉ કૉલેજ, ભૂજ	અધ્યાપક
૫.	શ્રી. એસ. કે. મજમુદાર એમ. એન. લૉ કૉલેજ, પાટણ	અધ્યાપક
૬.	શ્રી. એસ. એ. મજમુદાર એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	અધ્યાપક
૭.	શ્રી. આર. એચ. શાહ શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	ખંડ સમયના એકાઉન્ટન્ટ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંલગ્ન કૉલેજોના સંચાલક મંડળને ઘટતેા પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૧૨૮. "શ્રી. ગોવિંદલાલ દામોદરદાસ શાહ" ચન્દ્રક એનાયત કરવાની બાબતમાં નીચેના નિયમ અંગે જરૂરી સ્પષ્ટતા કરવા બાબત :

"A Medal in the name of 'Shri Govindlal Damodardas Shah' of the value of about Rs. 167/- shall be awarded annually to a candidate who stands first in the First Class at the LL.B. (Special) Degree Examination to be held by the University in March/April and in preceding October every year."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ની સભામાં બાબત નં. ૨૧થી કરેલી સ્પષ્ટતાને આ સભા અનુમોદન આપે છે અને ઠરાવે છે કે **સદરહુ** ચન્દ્રક ત્રીજી એલએલ.બી.ની પરીક્ષા માટે આપવામાં આવે છે તે યથાર્થ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે "LL.B. (Special) Degree Examination" આ શબ્દો અને "to be held by the University" એ શબ્દો વચ્ચે "i.e., III LL B. Examination" એ શબ્દો વધુ સ્પષ્ટતા માટે ઉમેરવા.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ./૮૦૭૩૦/૧૯૭૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૨૮-૯-૧૯૭૮.

ક. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૭

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૨૪-૮-૧૯૭૮ ને ગુરુવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. શિક્ષણનિયામક	ગેરહાજર
૩. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૪. ડૉ. વિનોદકાન્ત સી. શાહ	હાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૧૯-૭-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૯-૭-૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટર તથા શ્રમિક વિદ્યા કેન્દ્ર માટે લાકડાનું ફર્નિચર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(*iii*) Those candidates whose dissertation has been accepted and who have obtained at least 48% of marks in the aggregate will be placed in Second Class and those obtaining atleast 60% of the total marks in paper (I), (II) and (III) in aggregate shall be placed in First Class.

(*iv*) A candidate whose dissertation has been accepted and who has obtained at least 65% of total marks in Paper I, II & III will be declared to have passed the M.Phil. Degree examination with distinction.

પરિશિષ્ટ "ડ"

કામકાજ ક્રમાંક ૧૨૪

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the Gujarat University certify.....that the withinsigned.....of B. K. School of Business Management having been examined for the Degree of Master of Business Administration with specialization in.....the Degree of

Master of Business Administration

has been conferred on ..... at Ahmedabad on .....day of the month of .....in the year.....one thousand nine hundred ..... in Testimony whereof are set the seal of the said University and the Signature of the said Chancellor.

Chancellor

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the Gujarat University certify.....that the withinsigned .....having undergone a Post-graduate course of the Diploma in Occupational & Industrial Health at the..... and having been examined and found qualified for the same

the said

Diploma in

Occupational & Industrial Health

has been conferred on.....at Ahmedabad on the.....day of the month of.....in the year one thousand nine hundred and .....in testimony whereof are set the Seal of the said University and the Signature of the said Chancellor.

Chancellor

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની નવેમ્બર માસની સભા, શનિવાર, તા. ૧૧-૧૧-૧૯૭૮ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને તે પછી તેણે ઠરાવ્યા મુજબ મોકૂફ રાખવામાં આવેલી આ સભા શનિવાર, તા. ૧૮-૧૧-૧૯૭૮ના રોજ બપોરે ૨-૦૦ વાગ્યે ફરી મળી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧-૧૧-૧૯૭૮	તા. ૧૮-૧૧-૧૯૭૮
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. આઈ. જે. ધ્રુવ, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	ગેરહાજર	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર	હાજર
૭.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર	હાજર
૮.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૯.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૦.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર	હાજર
૧૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર	હાજર
૧૨.	ડૉ. પી. પી. મહેતા	હાજર	ગેરહાજર
૧૩.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧—૧૧—૧૯૭૮	તા. ૧૮—૧૧—૧૯૭૮
૧૪.	પ્રો. પરેશ મજમુદાર	હાજર	હાજર
૧૫.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર	હાજર
૧૬.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર	—
૧૭.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	ગેરહાજર	—
૧૮.	શ્રી. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિક	—	હાજર
૧૯.	શ્રી. બટુકચંદ્ર કે. શાહ	—	ગેરહાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર

સભાગૃહનું કામકાજ શરૂ કરતાં પહેલાં સભાગૃહે નીચેના બે ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા :

(૧) "ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની આ સભા નિવૃત્ત થતા કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ પટેલે તા. ૨૩-૧૦-૧૯૭૩થી તા. ૨૩-૧૦-૧૯૭૮ સુધી પોતાની ઉત્તમોત્તમ શક્તિઓ ખર્ચી આ યુનિવર્સિટીના સંવર્ધન અને વિકાસમાં આપેલા ફાળાની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લે છે અને દેશના અને સમાજના હિત અને ઉત્કર્ષમાં હજુ પણ યશસ્વી પ્રદાન કરતા રહે તે માટે પરમાત્મા તેઓશ્રીને સંપૂર્ણ તંદુરસ્તી અને દીર્ઘાયુષ્ય બક્ષે એમ પ્રાર્થના કરે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની આ સભા નવા કુલપતિ ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યનો ઊંડા પ્રેમ અને આદરથી સત્કાર કરે છે અને આ યુનિવર્સિટીના વિદ્યાવિકાસનાં અનેક સુકાર્યો દ્વારા દેશના અને સમાજના હિત અને ઉત્કર્ષમાં તેઓશ્રી પોતાનો યશસ્વી ફાળો આપે અને તેમ કરવા માટે પરમાત્મા તેમને સંપૂર્ણ તંદુરસ્તી અને દીર્ઘાયુષ્ય બક્ષે એમ પ્રાર્થના કરે છે."

૧. તા. ૨-૯-૧૯૭૮ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨-૯-૧૯૭૮ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચેની બાબતોની નોંધ લેવા બાબત :

(૧) શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના ઉપક્રમે Conference on Restructuring of Microbiology Curriculum યોજવાની દરખાસ્તને યુ.ગ્રા.ક.ને તેમના તા. ૨૬-૮-૧૯૭૮ના પત્ર નં. એફ. ૩-૩ (૧) ૭૭ (એફ.આઈ.પી.) થી ex-post-facto મંજૂરી આપવાની તથા તે અંગેની અનુદાનની રકમ રૂ. ૨,૦૦૦/- મંજૂર કર્યાની નોંધ લેવા બાબત;

(૨) ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા એલ.આઈ.સી. અને શિડ્યુલ્ડ બૅન્કો અંગેની પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું કેન્દ્ર ગુજરાત યુનિવર્સિટીમાં સ્થાપવાની જાણ કરતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૩-૯-૧૯૭૮ના સરકારી ઠરાવ ક્રમાંક આઈ.એ.એસ. ૧૦૭૮ (૫૪૫૩૨)-કેએચની નોંધ લેવા બાબત;

(૩) ગુજરાત રાજ્ય સરકારશ્રી તરફથી અગાઉ તા. ૧૭-૧૨-૧૯૭૭ના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૩ (૭૩૪૩૫)-૭૭ખ થી યુનિવર્સિટીઓને બાંધકામની યોજનાઓ અંગે સરકારશ્રીના ફાળા તરીકેની યુનિવર્સિટીને આપવાની થતી આર્થિક સહાય પેટે લોન સ્વરૂપે જે રકમ મંજૂર કરેલ તે પૈકી તા. ૩૧-૩-૧૯૭૭ના રોજ યુનિવર્સિટી પાસે બાકી રહેતી લોનની રકમો ગ્રાન્ટમાં ફેરવવા માટેની મંજૂરી આપેલ તેના અનુસંધાનમાં નીચેની વધારાની લોનો પણ ગ્રાન્ટમાં ફેરવવા અંગેના સરકારશ્રીના તા. ૪-૭-૧૯૭૮ના સુધારા ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૩ (૨૬૭૫૭)-૭૮-ખ થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત:

અનુક્રમ નંબર	યોજનાનું નામ	મંજૂર કરેલ લોનની રકમ	તા. ૩૧-૩-૧૯૭૭ના રોજ બાકી રહેલ રકમ ગ્રાન્ટમાં ફેરવ્યાની રકમ
		રૂ.	રૂ.
૧.	૧૦૦ વિદ્યાર્થીઓના છાત્રાલયના મકાન માટે ફર્નિચર સહિત	૮૩,૩૩૩-૦૦	૮૩,૩૩૩-૦૦
૨.	સ્ટાફ ક્વાર્ટર્સનાં મકાનો માટે	૧,૦૮,૩૦૦-૦૦	૧,૦૮,૩૦૦-૦૦
૩.	શિક્ષકોના છાત્રાલયનાં મકાન માટે	૫૦,૦૦૦-૦૦	૫૦,૦૦૦-૦૦
	કુલ ૩ ...	૨,૪૧,૬૩૩-૦૦	૨,૪૧,૬૩૩-૦૦

(૪) ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે આબુ મુકામે પર્વતારોહણની તાલીમના ત્રણ શિબિરો યોજવા માટે ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ ખાતાએ તેમના તારીખ ૨૯-૮-૧૯૭૮ના પત્ર ક્રમાંક એફ. (૬—૪૪)૭૮ એન.એસ.વાય. II થી અનુદાનની રકમ રૂ. ૧૫,૦૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત;

(૫) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૨-૫-૧૯૭૭ તથા ૨૧-૨-૧૯૭૮ના પત્ર ક્રમાંક એફ. ૧૮-૭(૭૪)-ડી.-૪એ.થી રૂ. ૧,૬૩,૦૦૦ અંદાજી ખર્ચે સ્ટુડન્ટ્સ કેન્ટીન બાંધવા માટે મંજૂરી આપી હતી તે પેટે રાજ્ય સરકારશ્રીએ તેમના ફાળા પેટે કુલ ખર્ચના ⅔ પ્રમાણે રૂ. ૫૪,૩૩૪ની મર્યાદામાં રહીને તેમના તા. ૨-૯-૧૯૭૮ના મેમોરેન્ડમ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૮(૩૯૬૭૩)ખ થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત;

(૬) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૨-૯-૧૯૭૮ના પત્ર ક્રમાંક એફ. ૨૦-૧૭ (૭૩) એસ.આર. ૧ થી યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ચલાવવામાં આવતા "College Science Improvement Programme—University Leadership Project in Biology"ની મુદત તા. ૩૧-૩-૧૯૭૯ સુધી લંબાવ્યાની નોંધ લેવા બાબત;

(૭) એમ.ફિલ.નો અભ્યાસક્રમ પત્રવ્યવહારથી કે પાર્ટ-ટાઈમ શરૂ થઈ શકશે નહીં તેમ જુલાઈ માસની સભામાં થયેલા ઠરાવની જાણ કરતા આસિ. સેક્રેટરી, યુનિ. ગ્રાન્ટ્સ કમિશન,

ન્યૂ દિલ્હીના તા. ૩૦–૯–૧૯૭૮ના પત્ર નં. એફ. ૧૧–૧૪(૭૭) (એફ.આઈ.પી.)ની નોંધ લેવા બાબત;

(૮) પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને અગાઉ Teachers' Quartersની યોજના માટે રૂ. ૧,૮૦,૦૦૦ મંજૂર કરેલ તે હવે તેમના તા. ૨૧–૯–૧૯૭૮ના પત્રાંક એફ. ૧૮–૬(૭૫) (ડી–૪૯)થી નીચે જણાવેલ યોજનાઓ માટે પુનઃ ફાળવણી કરવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત:

યોજના	Approved Cost *Rs.*	U.G.C. Share *Rs.*
(1) Extension of Maths. Bldg.	1,10,200	55,100
(2) Extension of Physics Bldg.	1,74,600	87,300
(3) Extension of Guest House Bldg.	75,200	37,600
Total ...	3,60,000	1,80,000

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારની સદરહુ યોજનામાં તાલીમકેન્દ્રના ડિરેક્ટરની જગ્યા માટે જે જોગવાઈ કરવામાં આવી છે તે અંગે ભવિષ્યમાં આગળ ઉપર વિચારવાનું રાખવું.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૭) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૮) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩. વાણિજ્ય વિદ્યાભવનના લેક્ચરર શ્રી. વી. એ. પાઠકનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૫–૧૧–૧૯૭૮ના રોજ પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. વી. એ. પાઠકની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વાણિજ્ય વિદ્યાભવનના લેક્ચરરની જગ્યા પર શ્રી. વી. એ. પાઠકને તા. ૧૬–૧૧–૧૯૭૮થી કાયમ કરવા.

૪. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. પી. એન. મહેતાને રૂ. ૪૨૫-૧૫-૫૦૦-ઈબી-૧૫-૫૬૦-૨૦-૬૦૦-ઈબી-૨૦-૭૦૦ના પગારધોરણમાં તા. ૧૬-૭-૧૯૭૮થી રૂ. ૫૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટોરકીપર શ્રી. પી. એન. મહેતાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. એન. મહેતાને સ્ટોરકીપરની જગ્યા પર રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦-૨૦-૬૦૦ ઈ.બી. ૨૦-૭૦૦ના પગારધોરણમાં તા. ૧૬-૭-૧૯૭૮થી રૂ. ૫૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫. યુનિવર્સિટી મુદ્રણાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	પગાર ધોરણ	હાલનો પગાર	તારીખ
૧.	શ્રી. કે. એમ. સોલંકી	જુનિયર કંપોઝીટર	૨૬૦-૮-૩૦૮ ઈ.બી. ૮-૩૪૦-૧૦-૩૬૦ ઈ.બી. ૧૦-૪૩૦	૩૬૦	૩૧-૮-૧૯૭૮
૨.	શ્રી. વી. બી. જોધાણી	,,	,,	૩૬૦	૨૪-૮-૧૯૭૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં અનુક્રમે તા. ૩૧-૮-૧૯૭૮ અને તા. ૨૪-૮-૧૯૭૮થી રૂ. ૩૬૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં ટેલિફોન ઓપરેટર તરીકે કામ કરતાં કુ. પન્ના પી. શાહ તા. ૩૧-૧-૧૯૭૮થી રાજીનામું આપી છૂટાં થયાં હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગેની તેમની તા. ૧૨-૯-૧૯૭૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કુ. પન્ના પી. શાહ યુનિવર્સિટીમાં તા. ૫-૧-૧૯૭૮ના રોજ જોડાયાં હતાં અને તા. ૩૧-૧-૧૯૭૮ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હતાં.)

આથી ઠરાવવામાં આવે છે કે કુ. પન્ના પી. શાહને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફન્ડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૭. ભાષા-સાહિત્ય ભવનમાં પર્શિયનના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. એ. એન. કુરેશી યુનિવર્સિટીમાં જોડાયા તે પહેલાં ગુજરાત કોલેજમાં કામ કરતા હતા તે પગાર આરક્ષિત કરવા અંગેના તેમના તા. ૧૯-૮-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એન. કુરેશી રાજ્ય સરકારની સેવામાંથી નિવૃત્ત થઈને યુનિવર્સિટીની સેવામાં જોડાયા હોઇ તેમના પેન્શનના સંદર્ભમાં તેમનો પગાર નિયત કરવાની બાબતમાં રાજ્ય સરકારને લખી પુછાવવું.

૮. ડિસેમ્બર ૨૪થી ૨૬, ૧૯૭૮ના સમય દરમિયાન Indian Economic Association'ની Valedictory Diamond Jubilee Conference મુંબઈ યુનિવર્સિટીના ઉપક્રમે મુંબઈ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—અધિવેશનમાં નીચેના મુદ્દાઓ ચર્ચાનાર છે:

1. Relevance of Malthusian Economics
2. The Theory of Taxation
3. Financial Intermediation and Rural Development
4. Multinational Corporations.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. ડિસેમ્બર ૨૬થી ૨૮, ૧૯૭૮ના સમય દરમિયાન કલકત્તા મુકામે યોજાનાર Indian Pharmaceutical Congress Association'ના ૩૦મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦. ડિસેમ્બર ૨૮થી ૩૦, ૧૯૭૮ના સમય દરમ્યાન Indian Sociological Society'નું ૧૪મું અખિલ ભારતીય અધિવેશન જબલપુર યુનિવર્સિટીના આશ્રયે જબલપુર મુકામે યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. ડિસેમ્બર ૨૮થી ૩૦, ૧૯૭૮ના સમય દરમ્યાન યોજાનાર Indian Society of Labour Economics'ના ૨૦મા વાર્ષિક અધિવેશનમાં ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ પરથી યુનિવર્સિટીના પ્રતિનિધ તરીકે ડૉ. વી. પી. ભારદ્વાજને કુલપતિશ્રીએ નીમ્યાના કાર્યની નોંધ લેવા બાબત તથા સદરહુ અધિવેશન અમદાવાદ મુકામે યોજાનાર હોઇ વધુ પ્રતિનિધિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨. ડિસેમ્બર ૨૮થી ૩૦, ૧૯૭૮ના સમય દરમ્યાન મદ્રાસ મુકામે યોજનાર Indian Association of Pathologists & Microbiologistsના વાર્ષિક અધિવેશનમાં તેમ જ આ સમય દરમ્યાન " Current & Advanced Medical Problems" પર યોજયેલા પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩. ડિસેમ્બર ૨૮થી ૩૦, ૧૯૭૮ના સમય દરમ્યાન ભારત સરકારનો અણુશક્તિ વિભાગ, મુંબઈ મુકામે Nuclear Physics & Solid State Physics પર એક પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪. ડિસેમ્બર ૨૯થી ૩૧, ૧૯૭૮ના સમય દરમ્યાન ન્યૂ દિલ્હી મુકામે Indian Pharmacological Societyનું ૧૧મું વાર્ષિક અધિવેશન યોજનાર છે તેના ભાગરૂપે National Drug Policy & Problems of Drug Therapy in National Health Programmes પર પરિસંવાદ તેમ જ Research Methods in Communicable Diseases પર વર્કશોપ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. ડિસેમ્બર ૩૧, ૧૯૭૮થી જાન્યુઆરી ૨, ૧૯૭૯ના સમય દરમ્યાન Indian Association for Management Developmentનું દશમું વાર્ષિક અધિવેશન, Inter University Council for Commerce, Education and Researchનું નવમું વાર્ષિક આધવેશન તેમ જ " મેનેજમેન્ટ એજ્યુકેશન " પર અખિલ ભારતીય પરિસંવાદ બેંગ્લોર મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે વિચારણા કરવા બાબત :

નોંધ.—સદરહુ અધિવેશન/પરિસંવાદમાં નીચેના વિષયો ચર્ચાનાર છે :

(*i*) Management of Rural Development for the Conference of I.A.M.D.

(*ii*) Measurement of Business Efficiency

(*iii*) Commerce Education in Indian Universities : A Reappraisal (for the Conference of UCCER), and

(*iv*) Management Education in India (for the Seminar of I.I.M., Bangalore).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. જાન્યુઆરી ૩ થી ૭, ૧૯૭૯ના સમય દરમ્યાન હૈદરાબાદ મુકામે Indian Science Congress Associationની ૬૬મી સેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૭. જાન્યુઆરી ૨૭ થી ૨૯, ૧૯૭૯ના સમય દરમ્યાન Indian Public Health Associationની મહારાષ્ટ્ર રાજ્યની શાખા તેનું ૨૩મું અખિલ ભારતીય વાર્ષિક અધિવેશન ઔરંગાબાદ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—અધિવેશનમાં " Para Medicals in Health Care " વિષય પર ચર્ચા થનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ ₹.	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની રકમની માગણી કરી છે?
૧.	શ્રી. એમ. આર. મેનન, પટાવાળા, વિજ્ઞાન વિશ્વાભવન	૫,૯૦૦	ના	હાઉસિંગ બોર્ડના ફ્લેટમાં
૨.	શ્રી. અર્જુનજી દેવુજી ચૌહાણ પટાવાળા	૬,૦૦૦	ના	મકાન બાંધવા
૩.	શ્રી. એસ. ડી. ક્રિશ્ચિયન ટાઈપિસ્ટ	૭,૯૦૦	ના	મકાનના વધારાના ખર્ચ માટે

(નોંધ.—જે તે કર્મચારીઓની ઉપરોક્ત લોનમાંથી તેઓના ખાતે નીકળતી બિલ્ડિંગ લોન—પ્રોવિડંડ ફંડ લોનની બાકી નીકળતી રકમ તથા તે પર જે વ્યાજ થતું હશે તે કાપીને બાકીની રકમ આપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને ઉપરનાં કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગમાં સ્પેઇસ સાયન્સના પ્રાધ્યાપક ડૉ. એસ. ડી. વર્માની અંદાજે રૂ. ૨૦,૦૦૦ની "બાઇસ" મોટરકાર ખરીદવા અંગેની લોન આપવા અંગેના તેઓના તા. ૧૬-૮-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. ડૉ. વર્માનો મૂળ માસિક પગાર રૂ. ૧,૯૦૦ છે.

૨. ડૉ. વર્માનું તા. ૩૧-૩-૧૯૭૮ સુધીનું પ્રૉ. ફંડ ભંડોળ રૂ. ૧૨,૭૮૪-૪૦નું છે.

૩. તેમનાં પત્નીને હૃદય અને ચામડીના રોગોની તકલીફ હોઈ સૂર્યપ્રકાશમાં ફરવા માટે ડૉક્ટરે ના પાડેલી હોઈ મોટર-ગાડી ખરીદવા જરૂરી હોવાનું તેમણે જણાવ્યું છે.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને મોટરકાર ખરીદી માટે લોન આપવા અંગે ચોક્કસ નિયમોનો મુસદ્દો તૈયાર કરીને કાર્યાલયે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧)માં જણાવેલ નિયમો મંજૂર થયેથી ડૉ. એસ. ડી. વર્માની અરજી ઉપર વિચારણા કરવાનું રાખવું.

૨૦. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાલા સંશોધન એવૉર્ડ ૧૯૭૮ના વર્ષનો (અ) Hydraulics and Hydrodynamicsના વિષય માટે (૧) શ્રી. શિશિરકુમાર કે. મુકરજી અને (૨) શ્રી. અશોક ચંપકલાલ મહેતાને અને (બ) પબ્લિક હેલ્થ એન્જિનિયરિંગના વિષય માટે (૧) શ્રી. રોહિતકુમાર એન. શેલત અને (૨) શ્રી. નિમેષકુમાર વી. વશીને સંયુક્ત રીતે પાત્ર ઠર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૧. ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના લેક્ચરર ડૉ. ધીરુભાઈ આઈ. પરીખ કે જેઓ ભાષા-સાહિત્ય ભવનમાં તા. ૧-૯-૧૯૭૬થી જોડાયા છે તેઓની પગારવધારાની તારીખ ૧-૧-૧૯૭૪ના બદલે તારીખ ૧૫-૬-૧૯૭૩ શિક્ષણ નિયામકશ્રીએ બદલી હોવાથી તેઓના પગારવધારાની તારીખ ૧-૯-૧૯૭૮ના બદલે તારીખ ૧૫-૬-૧૯૭૮ કરી આપવા માટે તેમની તા. ૧૬-૧૦-૧૯૭૮થી અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા સાહિત્ય ભવનના ગુજરાતીના લેક્ચરર ડૉ. ધીરુભાઈ આઈ. પરીખના પગારવધારાની તારીખ ૧-૯-૧૯૭૮ને બદલે તારીખ ૧૫-૬-૧૯૭૮ નિયત કરવી.

૨૨. શ્રી. કે. જી. શાહની કુલપતિશ્રીના અંગત સચિવ તરીકે શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૧૦૨૦થી નિમણૂક કરવામાં આવી હતી પરંતુ તેઓ રજા પર હોવાથી તેઓ આ જગ્યા પર તા. ૧૩-૧૦-૧૯૭૮થી જોડાયા હતા, જ્યારે તેઓનો પગારવધારો તા. ૧૨-૧૦-૧૯૭૮ હોવાથી તેઓને તા. ૧૩-૧૦-૧૯૭૮થી શરૂઆતનો પગાર રૂ. ૧,૦૬૦ આપવાનો થાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. જી. શાહને સદરહુ જગ્યા પર તા. ૧૩-૧૦-૧૯૭૮થી રૂ. ૭૦૦-૪૦-૯૮૦ ઈ.બી. ૪૦-૧,૧૦૦-૫૦-૧,૨૦૦ ઈ.બી. ૫૦-૧,૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૦૬૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

૨૩. માઇક્રોબાયોલોજી વિષય પરની પારિભાષિક શબ્દસૂચિ તૈયાર કરવા માટેની સમિતિના આવાહક ડૉ. વી. સી. શાહની વિનંતી પ્રમાણે તેમની જગાએ ડૉ. એસ. જી. દેસાઈની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—હાલમાં સદરહુ સમિતિ પર નીચેના સભ્યો છે :

૧. ડૉ. વી. સી. શાહ (કન્વીનર)
૨. ડૉ. એસ. જી. દેસાઈ
૩. પ્રો. આર. ટી. કાપડિયા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના કન્વીનર તરીકે ડૉ. વી. સી. શાહને બદલે ડૉ. એસ. જી. દેસાઈની નિમણૂક કરવી.

[**નોંધ.**—ડૉ. વી. સી. શાહ સદરહુ સમિતિના સભ્ય તરીકે ચાલુ રહે છે તેની સ્પષ્ટતા કરવામાં આવી.]

૨૪. સને ૧૯૭૭-૭૮ના વર્ષનો ૨૮મો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય કે. એન. શાહ
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. આચાર્ય હરિશંકર પંડ્યા
૫. ડૉ. પરેશ મજમુદાર
૬. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૨૫. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ તથા શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતનું સંયોગીકરણ કરી ત્રણ વિદ્યાશાખા ધરાવતી કૉલેજોનું સંકુલ કરવા અંગે પરવાનગી આપવાની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. આચાર્ય કે. એન. શાહ
૨. આચાર્ય બી. એમ. પીરજાદા
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. પ્રો. મહેશભાઈ ભટ્ટ.

૨૬. ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર તથા ગવર્મેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગરનું એકીકરણ કરી જૂન ૧૯૭૯થી ત્રણે વિદ્યાશાખાની કૉલેજોનું એક સંકુલ કરવાની

મંજૂરી આપવા માટેના જોઈન્ટ ડાયરેકટર ઑફ એજ્યુકેશન, અમદાવાદના તા. ૨૬-૯-૧૯૭૮ના પત્રના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય કે. એન. શાહ
૨. આચાર્ય બી. એમ. પીરજાદા
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. પ્રો. મહેશભાઈ ભટ્ટ.

૨૭. સને ૧૯૭૭ના વર્ષ માટે આચાર્યશ્રી એમ. સી. દેસાઈ ચંદ્રક સમાજવિજ્ઞાનના વિષયો માટે એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા વિચારણા કરવા બાબત :

RULE

A Medal in the name of 'Principal Shri M. C. Desai Medal' of the value of about Rs. 200/- shall be awarded in any subject in Social Sciences viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education etc. annually to a teacher who is working in any affiliated college of the University or a recognised Institution of the University or any post-graduate department of the Gujarat University and whose Research work published during the two calendar years preceding the Convocation is adjudged to be of the highest merit by a special committee of Experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Executive Council of the Gujarat University every year and the decision of the committee in the matter respect shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યથાસમયે જરૂરી સમિતિ રચવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૮. સને ૧૯૭૭-૭૮ના વર્ષ માટે આચાર્ય કે. જી. નાયક વિનયન વિદ્યાશાખાના વિષયો માટે એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા વિચારણા કરવા બાબત :

RULE

A Medal named 'Principal Dr. K. G. Naik Medal' of the value of Rs. 190/- shall be awarded annually alternately, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised Institutions or in Departments of the Gujarat University whose research work published during the five years preceding the convocation at which the medal is to be awarded is adjudged to be of the highest merit by a special committee of experts, who have made their mark in their respective fields of work but not necessarily confined to the Gujarat

University. The Committee shall be appointed by the Executive Council of the Gujarat University every year and its decision shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યથાસમયે જરૂરી સમિતિ રચવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. એમ.ડી. ગાયનેકોલોજી (ઓકટોબર બેંચ માટે) "સ્વ. શ્રીમતી ડૉ. શરદ અશોક નાણાવટી ચંદ્રક" એનાયત કરવા માટે રૂ. ૭૫૦૦નું પ્રદાન એનાયત કરવા અંગે ડૉ. મિસ એસ. સી. પંડયા અને શ્રીમતી બકુલ એસ. ત્રિવેદી તરફથી આવેલ દરખાસ્ત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે અંગે જરૂરી નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૩૦. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બાંભરોઈ સંશોધન એવોર્ડની ફિઝિક્સ વિષય અંગેની સમિતિમાં હરિ ૐ આશ્રમના પ્રતિનિધિ તરીકે પ્રો. ભાવસાર હીરાલાલ શંકરલાલની નિમણૂક કરવા અંગે હરિ ૐ આશ્રમ તરફથી થયેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર હરિ ૐ આશ્રમના પ્રતિનિધિ તરીકે શ્રી. ભાવસાર હીરાલાલ શંકરલાલની નિમણૂક કરવી.

૩૧. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના આચાર્ય શ્રી એન. યુ. ત્રિવેદીનું રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-૬૦-૨,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૨,૬૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ) માંથી એક એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્ઞોની યાદી

૧. ડૉ. કે. જી. દેસાઈ
૨. પ્રિ. જી. બી, પરીખ
૩. ડૉ. એમ. બી. કર્ણિક
૪. શ્રીમતી વાય. એફ. પટેલ
૫. શ્રીમતી એ. એ, મહેતા
૬. પ્રિ. પી. જી. પટેલ
૭. શ્રી. જી. વી. મહંત
૮. પ્રિ. પી. એ. પટેલ
૯. પ્રિ. એસ. એમ. શુકલ
૧૦. પ્રિ. બી. આર. ચૌહાણ
૧૧. ડૉ. એચ. જી. દેસાઈ
૧૨. ડૉ. બી. વી. પટેલ.

(બ) આચાર્યે સૂચવેલા તજ્ઞો

૧. પ્રિ. બી. આર. ચૌહાણ
૨. પ્રિ. પી. એ. પટેલ
૩. પ્રિ. એચ. જે. પંડિત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના વ્યાખ્યાતા ડૉ. સુમન જી. શાહનું વ્યાખ્યાતાના પગારધોરણમાં રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦ મૂલ્યાંકન ૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછી મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચે "અ" અને "બ"માંથી એક એક પ્રતિનિધિની તજ્‌જ્ઞ તરીકેની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(**અ**) યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે ગુજરાતીની અભ્યાસ-સમિતિએ તૈયાર કરેલી તજ્‌જ્ઞોની યાદી નીચે પ્રમાણે છે:

૧. શ્રી. ઉમાશંકર જોશી
૨. ડૉ. એચ. સી. ભાયાણી
૩. શ્રી. મનસુખલાલ ઝવેરી
૪. શ્રી. અનંતરાય રાવળ
૫. શ્રી. અમૃતલાલ યાજ્ઞિક
૬. શ્રી. યશવંતભાઈ શુક્લ
૭. શ્રી. કે. કે. શાસ્ત્રી
૮. શ્રી. ભોગીલાલ સાંડેસરા
૯. ડૉ. સુરેશ જોશી
૧૦. ડૉ. રમણલાલ જોશી
૧૧. ડૉ. અનામી
૧૨. શ્રી. જયંત પાઠક
૧૩. શ્રી. ઉશનસ
૧૪. શ્રી. હસિત બૂચ
૧૫. ડૉ. એસ. ટી. જેસલપુરા
૧૬. ડૉ. ઈશ્વરભાઈ દવે
૧૭. પ્રો. મોહનભાઈ પટેલ
૧૮. પ્રિ. જિતેન્દ્ર દવે
૧૯. ડૉ. દિલાવરસિંહ જાડેજા.

(**બ**) ઉપરોક્ત (અ)માંથી ડૉ. શાહે સૂચવેલા નીચેના ત્રણ તજ્‌જ્ઞોમાંથી એક નામ સૂચવવાનું છે :

૧. શ્રી. યશવંત શુક્લ, અમદાવાદ
૨. શ્રી. મોહનભાઈ પટેલ, અમદાવાદ
૩. શ્રી. રણજિત પટેલ (અનામી), વડોદરા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્‌જ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૩. ભાષા-સાહિત્ય ભવનના સંસ્કૃતના વ્યાખ્યાતા ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યાનું વ્યાખ્યાતાના પગારધોરણમાં રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦ મૂલ્યાંકન ૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછી મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચે "અ" અને "બ"-માંથી એક એક પ્રતિનિધિ તરીકે તજ્‌જ્ઞ તરીકેની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(**અ**) યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે સંસ્કૃતની અભ્યાસ-સમિતિએ તૈયાર કરેલી તજ્‌જ્ઞોની યાદી નીચે પ્રમાણે છે :

૧. ડૉ. ઈ. એ. સોલોમન
૨. શ્રી. જે. એમ. શુક્લ
૩. શ્રી. ટી. એસ. નાન્દી
૪. પ્રો. વી. જી. પંડ્યા
૫. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૬. પ્રિ. એમ. ડી. ભટ્ટ

૭. પ્રિ. સી. એલ. શાસ્ત્રી
૮. ડૉ. એન. એસ. યાજ્ઞનિક
૯. શ્રીમતી ઇન્દુકલાબહેન ઝવેરી
૧૦. પ્રો. એ. જી. ભટ્ટ
૧૧. ડૉ. વી. એમ. કુલકર્ણી
૧૨. શ્રી. જી. કે. ભટ્ટ
૧૩. ડૉ. એ. એન. જાની
૧૪. ડૉ. આર. સી. ત્રિવેદી
૧૫. ડૉ. વેંકટાયવમ્
૧૬. ડૉ. ટી. જી. મયંકર
૧૭. ડૉ. આર. વી. જોશી
૧૮. ડૉ. આર. એસ. બેટાઈ
૧૯. પ્રો. જયાનંદ દવે

(બ) ઉપરોક્ત (અ)માંથી શ્રી. પંડ્યાએ સૂચવેલા નીચેના ત્રણ તજ્જ્ઞોમાંથી એક નામ સૂચવવાનું છે :

૧. ડૉ. રસિક બિહારી જોશી, દિલ્હી
૨. શ્રી. એ. એન. જાની, વડોદરા
૩. પ્રો. એ. જી. ભટ્ટ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્જ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. મનોવિજ્ઞાન વિદ્યાભવનનાં રીડર ડૉ. ચંપાબહેન એલ. ભટ્ટનું રીડરના પગાર-ધોરણમાં રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-મૂલ્યાંકન ૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછી મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચે "અ" અને "બ"માંથી એક-એક પ્રતિ-નિધિની તજ્જ્ઞ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત:

[નોંધ.—(અ) યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે શિક્ષણશાસ્ત્રની અભ્યાસ-સમિતિએ તૈયાર કરેલા તજ્જ્ઞોની યાદી નીચે પ્રમાણે છે :

૧. ડૉ. કે. જી. દેસાઈ
૨. પ્રિ. જી. બી. પરીખ
૩. ડૉ. એમ. બી. કર્ણિક
૪. શ્રીમતી વાય. એફ. પટેલ
૫. શ્રીમતી એ. એ. મહેતા
૬. પ્રિ. પી. જી. પટેલ
૭. પ્રિ. જી. વી. મહંત
૮. પ્રિ. પી. એ. પટેલ
૯. પ્રિ. એસ. એમ. શુકલ
૧૦. પ્રિ. બી. આર. ચૌહાણ
૧૧. ડૉ. એચ. જી. દેસાઈ
૧૨. ડૉ. બી. વી. પટેલ

(બ) ઉપરોક્ત (અ)માંથી ડૉ. ચંપાબહેને સૂચવેલા નીચેના ત્રણ તજ્જ્ઞોમાંથી એક નામ સૂચવવાનું છે :

૧. પ્રિ. પી. જી. પટેલ
૨. પ્રિ. બી. આર. ચૌહાણ
૩. પ્રિ. પી. એ. પટેલ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્જ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૫. એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસામાં આચાર્યશ્રી કે. એસ. પટેલનું રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-એસેસ. ૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ ઉપર નીચેની યાદીઓ "અ" અને "બ"માંથી એક-એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[(અ) તજ્ઞોની યાદી :

૧. શ્રી. ઉમાશંકર જોશી
૨. ડૉ. એચ. સી. ભાયાણી
૩. શ્રી. મનસુખલાલ ઝવેરી
૪. શ્રી. અનંતરાય રાવળ
૫. શ્રી. અમૃતલાલ યાજ્ઞિક
૬. શ્રી. યશવંતભાઈ શુક્લ
૭. શ્રી. કે. કે. શાસ્ત્રી
૮. શ્રી. ભોગીલાલ સાંડેસરા
૯. ડૉ. સુરેશ જોશી
૧૦. શ્રી. રમણલાલ જોશી
૧૧. ડૉ. અનામી
૧૨. શ્રી. ઉશનસ
૧૩. શ્રી. હસિત બૂચ
૧૪. શ્રી. જયંત પાઠક
૧૫. ડૉ. એસ. ટી. જોસલપુરા
૧૬. ડૉ. ઈશ્વરલાલ દવે
૧૭. શ્રી. મોહનભાઈ પટેલ
૧૮. પ્રિ. જિતેન્દ્ર દવે
૧૯. ડૉ. દિલાવરસિંહ જાડેજા

(બ) આચાર્યે સૂચવેલા તજ્ઞોનાં નામો :

૧. શ્રી. યશવંતભાઈ શુક્લ
૨. શ્રી. કે. કા. શાસ્ત્રી
૩. શ્રી. જિતેન્દ્ર દવે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૬. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદના આચાર્યશ્રી ડૉ. સી. એ. ટોપીવાલાનું રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ એસેસમેન્ટ ૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ "અ" અને "બ" માંથી એક-એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[(અ) તજ્ઞોની યાદી :

૧. શ્રી. ઉમાશંકર જોશી
૨. શ્રી. એચ. સી. ભાયાણી
૩. શ્રી. મનસુખલાલ ઝવેરી
૪. શ્રી. અનંતરાય રાવળ
૫. શ્રી. અમૃતલાલ યાજ્ઞિક
૬. શ્રી. યશવંતભાઈ શુક્લ
૭. શ્રી. કે. કા. શાસ્ત્રી
૮. શ્રી. ભોગીલાલ સાંડેસરા
૯. શ્રી. જયંત પાઠક
૧૦. શ્રી. સુરેશ જોશી
૧૧. ડૉ. રમણલાલ જોશી
૧૨. શ્રી. અનામી
૧૩. શ્રી. ઉશનસ
૧૪. શ્રી. હસિત બૂચ

૧૫. ડૉ. એસ. ટી. જેસલપુરા ૧૮. પ્રિ. જિતેન્દ્ર દવે
૧૬. ડૉ. ઈશ્વરલાલ દવે ૧૯. શ્રી. દિલાવરસિંહજી જાડેજા
૧૭. પ્રો. મોહનભાઈ પટેલ

(બ) આચાર્યે સૂચવેલા તજ્‌જ્ઞોનાં નામો :

૧. ડૉ. સુરેશ જોશી
૨. પ્રો. મોહનભાઈ પટેલ
૩. શ્રી. જયંત પાઠક.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્‌જ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના અધ્યાપક શ્રી. એન. જી. ગુર્જરનું ૫૫ વર્ષ પૂર્વેનું તેમ જ કાર્યક્ષમતા-અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા અંગેનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ "અ" અને "બ"માંથી એક-એક તજ્‌જ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્‌જ્ઞોની યાદી

(યાદી લાંબી હોવાથી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

(બ) શ્રી. એન. જી. ગુર્જરે સૂચવેલ તજ્‌જ્ઞો

૧. પ્રિ. આર. એલ. સંઘવી
૨. પ્રિ. આર. વી. શાસ્ત્રી
૩. પ્રિ. એમ. સી. દેસાઈ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્‌જ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૮. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી આર. કે. ગાંધીનું રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ એસેસમેન્ટ ૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ "અ" અને "બ"માંથી એક-એક તજ્‌જ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્‌જ્ઞોની યાદી

(યાદી ઘણી જ મોટી હોવાથી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

(બ) આચાર્યે સૂચવેલા તજ્‌જ્ઞો

૧. પ્રિ. આર. વી. શાસ્ત્રી
૨. પ્રિ. બી. એમ. મૂલે
૩. શ્રી. એચ. કે. ત્રિવેદી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્‌જ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૯. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના એકાઉન્ટન્સીના અધ્યાપક શ્રી. પી. એ. ત્રિવેદીનું રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-એસેસમેન્ટ ૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં

૩. ૧,૩૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ "અ" અને "બ"-માંથી એક-એક તજ્જ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્જ્ઞોની યાદી	(બ) શિક્ષકે સૂચવેલા તજ્જ્ઞો
(યાદી ઘણી જ મોટી	૧. શ્રી. ટી. જે. રાણા
હોવાથી સભાગૃહ સમક્ષ	૨. પ્રિ. આર. એચ. વ્યાસ
રજૂ કરવામાં આવશે.)	૩. પ્રો. સી. બી. રાવલ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્જ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. કુલપતિશ્રીના વેતન ઇત્યાદિ અંગેનો સ્ટે. ૧૩૦-એ સુધારવા બાબતમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેના તા. ૨૧-૮-૧૯૭૮ના પત્રાંક યુએસજી-૨૧૭૮-૧૦૭૪૧-બથી કરેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

It has been represented to Government that the honorarium of Rs. 500/- attached to the office of the Vice-Chancellor, Gujarat University, Ahmedabad is not adeqaate. Government has considered the matter and decided that the Gujarat University may be advised to amend Statute 130—A on the lines obtaining in Saurashtra University / S. P. University.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતી વિચારણા કરીને પોતાની સુચવિત ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય બી. એમ. પીરજાદા
૪. ડૉ. વી. સી. શાહ
૫. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૪૧. જે પરીક્ષામાં ડમી નંબરોની પ્રથા ના હોય તેવી બધી પરીક્ષાઓના તમામ વિષયોની પરીક્ષાની ઉત્તરવહીઓના ડિસ્પેચિંગ માટે યુનિવર્સિટી કેમ્પસમાં ડિસ્પેચિંગ સેન્ટરની અલગ વ્યવસ્થા ઊભી કરવાની અને તેનું સંચાલન વિદ્યાશાખા હસ્તક રાખવાની વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨-૮-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. એમ.કોમ. ભાગ ૧ અને ભાગ ૨, તૃતીય વર્ષ બી.કોમ. અને પ્રથમ વર્ષ બી.કોમ. માટે "ડમી" નંબરો આપવાની પ્રથા અપનાવવા માટે વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨-૮-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨-૮-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) આ સભા ભલામણ કરે છે કે એફ.વાય.બી.કૉમ. અને તૃતીય વર્ષ બી.કૉમ.ની પરીક્ષામાં દરેક વિષયમાં સૌથી વધુ ગુણ મેળવતા પ્રથમ ૩૦૦ વિદ્યાર્થીઓ અથવા જે તે વિષયમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યાના ૨૫ ટકા બેમાંથી જે ઓછી સંખ્યા હોય તેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પુનઃ તપાસવાની વ્યવસ્થા દાખલ કરવી જેથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓ વચ્ચે ગુણવત્તાના ધોરણે યોગ્ય ક્રમાંક આપવાનું વધુ તાર્કિક બને.

(૨) આ સભા વધુમતે ભલામણ કરે છે કે એમ.કૉમ. ભાગ ૧ અને ભાગ ૨ ની યુનિવર્સિટી પરીક્ષામાં દરેક વિષયમાં સૌથી વધુ ગુણ મેળવતા પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓ અથવા જે તે વિષયમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યાના ૨૫ ટકા બેમાંથી જે ઓછી સંખ્યા હોય તેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પુનઃ તપાસવાની વ્યવસ્થા દાખલ કરવી જેથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓ વચ્ચે ગુણવત્તાના ધોરણે યોગ્ય ક્રમાંક આપવાનું વધુ તાર્કિક બને."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. પ્રોફેસર ઓફ જિયોલોજીની ૧ જગ્યા માટે, રીડર ઇન જિયોલોજીની ૧ જગ્યા માટે તથા લેકચરર ઇન જિયોલોજીની ૨ જગ્યાઓ માટે તા. ૨૪-૯-૧૯૭૮ની વરણી-સમિતિની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૧૭)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. ગૃહવિજ્ઞાનના વિભાગમાં પ્રોફેસરની ૧ જગ્યા, ગૃહવિજ્ઞાનના રીડરની ૧ જગ્યા અને ગૃહવિજ્ઞાનના લેકચરરની ૨ જગ્યાઓ માટે તા. ૨૦-૯-૧૯૭૮ના રોજ મળેલી વરણી-સમિતિની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૭)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઇન સ્પેસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશનની એક જગ્યા માટે તા. ૧૪-૯-૧૯૭૮ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૯)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન ભવનમાં રીડર ઇન એજ્યુકેશનની એક જગ્યા માટે તા. ૨૫-૮-૧૯૭૮ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૩)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. યુનિવર્સિટી કાર્યાલયમાં હિસાબનીશની એક જગ્યા માટે તા. ૨૨–૯–૧૯૭૮ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫–૯–૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૭)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. તા. ૨૮–૮–૧૯૭૮ તથા તા. ૧૯–૯–૧૯૭૮ના રોજ કાર્યાલય નિયામકની જગ્યા માટે મળેલ વરણીસમિતિની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫–૯–૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૧૦)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામકની જગ્યા માટે તા. ૨૦–૮–૧૯૭૮ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણોને સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૮–૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૭)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૫–૯–૧૯૭૮ના રોજ મળેલ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૫—૯—૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ભવિષ્યમાં ફાઇનાન્સ સમિતિની ભલામણો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે તેની સાથે ફાઇનાન્સ સમિતિની સંબંધકર્તા સભાની કાર્યસૂચિ (એજન્ડા)ની નકલ પણ પરિશિષ્ટ તરીકે સભ્યોને મોકલવાનું રાખવું.

(સદરહુ સમિતિની તા. ૨૫—૯—૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ફ"** તરીકે સામેલ છે.)

૫૨. બાંધકામ સમિતિની તા. ૨૯–૯–૧૯૭૮ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯—૯—૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૯—૯—૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૫૩. સરકારી ઑડિટરે સને ૧૯૭૫–૭૬ના વર્ષના જનરલ તથા ગ્રાન્ટના તપાસેલ હિસાબો અંગે તેમના તરફથી આવેલ ઑડિટ નોંધના જવાબો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. વિજ્ઞાન વિદ્યાભવનના વ્યાખ્યાતા ડૉ. એમ. મિશ્રનું રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦ મૂલ્યાંકન ૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં તા. ૧-૧-૧૯૭૮થી કાર્યક્ષમતા ઓળંગવા અંગે તા. ૩-૧૦-૧૯૭૮ના રોજ મળેલ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતના લેક્ચરરની ડૉ. એમ. મિશ્રને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-મૂલ્યાંકન-૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૧-૧૯૭૮થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫૫. (૧) સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, (૨) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, (૩) સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, (૪) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ અને (૫) સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું સંચાલન તા. ૧-૪-૧૯૭૮થી સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટે સંભાળ્યું હોવા બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨-૭-૧૯૭૮ની સભામાં નિયુક્ત કરેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સભાગૃહમાં થયેલી ચર્ચાને અનુલક્ષીને વધુ માહિતી મેળવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય કે. એન. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. આચાર્ય હરિશંકર પંડ્યા
૫. આચાર્ય બી. એમ. પીરજાદા.

૫૬. કૉલેજ ઑફ્ એજ્યુકેશન, હરામલીનું જોડાણ રદ્દ કરવાની કાર્યવાહી કરવાનું જણાવતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૩૦-૯-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંલગ્ન કૉલેજોનું જોડાણ પાછું ખેંચવા અંગે ગુજરાત યુનિવર્સિટી ધારાની જોગવાઈ તરફ રાજ્ય સરકારનું ધ્યાન ખેંચવું અને સદરહુ પત્રની નોંધ લેવી.

૫૭. કૉલેજોમાં નવા વિષયો શીખવવા માટેના જોડાણના સંદર્ભમાં નવી નિમણૂકો કરવા બાબતમાં શિક્ષણનિયામકશ્રી તરફથી આવેલા તા. ૧-૯-૧૯૭૮ના પત્રાંક યુ.જી.સી. ફિફ્થ પ્લાનાક-૧-૧૧૩૫૧-૫૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે શ્રી. શિક્ષણસંચાલકની સાથે વિચારવિમર્શ કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. આચાર્ય બી. એમ. પીરજાદા
૪. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૫૮. હાયર સેકન્ડરી અભ્યાસક્રમ અમલમાં આવ્યો હોવાથી એફ.વાય.બી.એ.ના અભ્યાસક્રમના ઑર્ડિ. આર્ટ્સ ૧, ૧–એ અને ૫ સુધારવા તથા ઑર્ડિ. આર્ટ્સ ૨, ૩, ૪, અને ૬ રદ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫–૯–૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકે. કા. બા. ક્ર. ૧૯)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. આર્ટ્સ ૧, ૧–એ અને ૫ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા તથા ઑર્ડિ. આર્ટ્સ ૨, ૩, ૪ અને ૬ તાત્કાલિક રદ કરવા.

(સુધારેલા સદરહુ ઑર્ડિ. આર્ટ્સ ૧, ૧–એ અને ૫ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૫૯. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૫-૫-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ :

" ડૉ. એન. કે. પટેલે રસાયણવિજ્ઞાન વિષયમાં ડી.એસસી. (D.Sc.) પદવી માટે રજૂ કરેલ પ્રકાશિત સંશોધનકાર્ય માટે રેફરીઓ નીમવા બાબતમાં આ અભ્યાસસમિતિએ તેની તા. ૧૯-૧૦-૧૯૭૭ની સભામાં નીમેલ સમિતિનો રિપોર્ટ આ અભ્યાસસમિતિ સ્વીકારે છે અને થીસિસ તપાસવા મોકલવા માટે આ અભ્યાસસમિતિ ભલામણ કરતી નથી તેમ છતાં ઑર્ડિનાન્સ–૩૭૭ની જોગવાઈ મુજબ નીચે મુજબ રેફરીઓનાં નામો સૂચવવામાં આવ્યાં છે :

Name of Referees :

1. Dr. Eurof Davies
   Sawanser University, Sawanser, U.K.
2. Dr. Cartledge, U.S.A.
3. Dr. O. L. Riggs, U.S.A.
   ker. Megee Corporation, Oklahama City,
   Okla, U.S.A.
4. Dr. Ken Nobe (U.S.A.)
5. Dr. C. C. Nathan,
   Belt Laboratory, Philladelphia, U.S.A.
6. Dr. James Kruger,
   National Bureau Standards,
   Washington, U.S.A.
7. Dr. T. P. Hoar,
   Cambridge, U.K.

8. Dr. K. S. Rajagopalan,
Central Electrochemical Research Institute,
Madras.

9. Dr. A. K. N. Reddy,
Institute of Science,
Bangalore."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ સદરહુ બાબત અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે વિચારણા કરીને ઘટતો નિર્ણય લેવાનો રહે છે તે જોતાં સદરહુ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૦. વિષયો બંધ થવા, વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવા ઇત્યાદિ કારણોને લઈને કૉલેજોમાંથી બાનગી વહીવટકર્તાઓએ ફારેગ કરેલા શિક્ષકોની પુનઃ નિમણૂક વખતે કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોની સુધારણાના સંદર્ભમાં કૉલેજોના શિક્ષકોની નિમણૂક અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા નિયત થયેલ શૈક્ષણિક લાયકાતનાં ધોરણોમાં રાહત આપવા બાબતમાં કમિશનના તા. ૩–૮–૧૯૭૮ના પત્રાંક એફ. ૧–૩૦ ૭૭ (સીપી) પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૧. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના બાયોલોજી વિષયના બંડ સમયના ડેમોન્સ્ટ્રેટર શ્રી. આર. બી. મેવાડાને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧–એ માં નિર્દિષ્ટ કાર્યવાહી કર્યા સિવાય છૂટા કર્યા હોઈ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૨–૭–૧૯૭૮ની સભાના ઠરાવ અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પાલન કરવા કુલપતિશ્રીએ ડી. ઓ. પત્ર લખેલ તેના જવાબમાં સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૭–૯–૧૯૭૮ના પત્રથી કરેલી રજૂઆત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સદરહુ કૉલેજનું વલણ જોતાં તેને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટમાં યોગ્ય કપાત કરવાના સૂચન સાથે આ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી અને જૂન ૧૯૭૯થી સદરહુ કૉલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં એમ તે કૉલેજને જણાવવું અને વધુમાં તે કૉલેજમાં યુનિવર્સિટી પરીક્ષાનું કેન્દ્ર રાખવું નહીં.

૬૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના આચાર્ય શ્રી ડી. ડી. દેસાઈ તથા માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદના આચાર્ય શ્રી એચ. યુ. જોશી નિવૃત્તિવય મર્યાદા વટાવી ગયા હોવા છતાં તેમની જગ્યાઓએ અન્ય નિમણૂકો કરવામાં આવી નથી તે બાબત પર ગુજરાત લૉ સોસાયટીના મંત્રીશ્રીએ લખેલ તા. ૨૭–૯–૧૯૭૮ના પત્રને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. ખેડૂતોની જમીનના બિનક્ષારીકરણના કામ અંગે પરવાનેદાર નીમવા માટે યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬-૮-૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૮—૧૦-૧૯૭૮ના રોજ મળેલ સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૧૦-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૧૦-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૬૪. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગના અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૨૨-૯-૧૯૭૮ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૯-૧૯૭૮ની સભાની ભલામણો નં. ૨, ૩, ૪ અને ૭ મંજૂર કરવી.

ભલામણો નં. ૫, ૮ અને ૧૦ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંબંધકર્તા કૉલેજોનું વલણ જોતાં તેને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટમાં યોગ્ય કપાત કરવાના સૂચન સાથે આ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી અને જૂન ૧૯૭૯થી સદરહુ કૉલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં એમ તે કૉલેજને જણાવવું અને વધુમાં તે કૉલેજમાં યુનિવર્સિટી પરીક્ષાનું કેન્દ્ર રાખવું નહીં.

સદરહુ સમિતિની ભલામણ નં. ૬ અંગે ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. એમ. ઉપાધ્યાયને સને ૧૯૭૫-૭૬ અને ૧૯૭૬-૭૭ના બે વર્ષના ગાળા દરમિયાનના તેમના ખંડ સમયના શિક્ષક તરીકેના વેતન અને પૂરા સમયના શિક્ષક તરીકેના વેતન વચ્ચેનો તફાવત ચૂકવી આપવા માટે શ્રી. એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ ઍન્ડ બી. ડી. આર્ટ્સ કૉલેજ, મહુધાને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૨૨-૯-૧૯૭૮ની સભામાં પ્રમુખશ્રીની પરવાનગી રજૂ કરવામાં આવેલા બેઉ પ્રસ્તાવો પર સમિતિએ કરેલી ભલામણો સ્વીકારવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૯-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૫. સ્વ. ડૉ. લીલાબહેન શાહના માર્ગદર્શન હેઠળ ગૃહવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ વિદ્યાર્થિની કુ. અંજનાબહેન ગાંધીએ રજૂ કરેલ મહાનિબંધ પરત્વે બાહ્ય પરીક્ષકોના આવેલા હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ત્રીજા રેફરીની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અને તે રેફરીનો હેવાલ આવ્યેથી આ તમામ રેફરીઓના હેવાલો સાથે આ બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૬૬. (૧) એક્ષટર્નલ પરીક્ષાઓ માટેના ઑર્ડિનન્સ ૧૭૪-ઈ સુધારવા અંગે વિચારણા કરવા બાબત; અને (૨) પ્રી-યુનિવર્સિટી કૉમર્સ પરીક્ષા માટે ઑર્ડિનન્સ ૧૭૪—જીનો પાઠ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૭૪-ઈ અને ઑર્ડિ ૧૭૪-જી મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ ઑર્ડિ. ૧૭૪-ઈ અને ઑર્ડિ. ૧૭૪-જી.ની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૬૭. સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. વી. પી. શાહને માનદ ધોરણે સને ૧૯૭૭—૭૮ના વર્ષ માટે આપવામાં આવેલી Consultant સેવાઓ અંગેની પરવાનગી સને ૧૯૭૮-૭૯ના વર્ષ માટે ચાલુ રાખવા દેવા અંગે સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક ઍન્ડ સોશિયલ રિસર્ચના કાર્યકારી અધ્યક્ષશ્રીના તા. ૫-૭-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ માટે સલાહસેવા (કન્સલ્ટન્સી)ની બાબતમાં આ સભાગૃહે તેની તા. ૧૦—૧૨-૧૯૭૭ની સભામાં કરેલા નિયમો ધ્યેાનમાં લઈને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે આ સભાગૃહના સભ્યો પૈકી જરૂરી સભ્યોની સમિતિ રચવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અને તે સમિતિનો હેવાલ આવ્યેથી સદરહુ બાબત અંગે વિચારણા કરવાનું રાખવું.

૬૮. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટને "ધી ટાઇમ્સ ઑફ ઇન્ડિયા"એ સુપરત કરેલ Readership Survey for "The Times of Inuia"ની કામગીરી સ્વીકારવા તથા તે અંગે અંદાજે મળનાર રૂ. ૮,૦૦૦ ઇન્વેસ્ટિગેશન ફી ઉપરાંત સ્વીકારવાની પરવાનગી માંગતા અધ્યક્ષશ્રીના તા. ૧૯-૯-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઉપરોક્ત કામગીરી અંગે અધ્યક્ષશ્રી કેકરે પોતે આ કામગીરી કરવાની મંજૂરી માંગી હતી તે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨—૯—૧૯૭૮ની સભામાં નામંજૂર કરી હતી. હવે આ સંસ્થા તરીકે માગણી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામગીરી સંસ્થાકીય રીતે સ્વીકારવા માટે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટને મંજૂરી આપવી તથા તે અંગે "ટાઈમ્સ ઑફ ઇન્ડિયા" તરફથી મળતી રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવા ભવનના અધ્યક્ષશ્રીને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ યેાજનાની બાબતમાં સદરહુ વિદ્યાભવનના કર્મચારીઓને પુરસ્કાર આપવાના પ્રશ્નની વિચારણા મેાકૂફ રાખવી.

૬૯. નીચેના વિષયોમાં એમ.ફિલ. પદવીના અભ્યાસક્રમો શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત:

(૧) ગુજરાતી, (૨) પ્રાકૃત, (૩) હિંદી, (૪) ઇતિહાસ, (૫) સમાજશાસ્ત્ર, (૬) રાજ્યશાસ્ત્ર, (૭) તત્ત્વજ્ઞાન, (૮) ગૃહવિજ્ઞાન, (૯) ભૌતિકવિજ્ઞાન, (૧૦) રસાયણવિજ્ઞાન, (૧૧) વનસ્પતિવિજ્ઞાન, (૧૨) પ્રાણીવિજ્ઞાન, (૧૩) કીટાણુવિજ્ઞાન, (૧૪) ગણિતશાસ્ત્ર અને (૧૫) અર્થશાસ્ત્ર.

[નોંધ.—ઉપરના વિષયોમાંથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નિયમ મુજબ ક્રમાંક ૬, ૯ અને ૧૫માં જરૂરી સ્થાનિક શિક્ષકગણ છે, જ્યારે ક્રમાંક ૧થી ૫, ક્રમાંક ૭ અને ૮, અને ક્રમાંક ૧૦થી ૧૪માં જરૂરી સ્થાનિક શિક્ષકગણ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમિયાન બાકીના વિષયોમાં એમ.ફિલ.ના અભ્યાસક્રમો ઘડવાનું કામ ત્વરિત પૂરું કરવા માટે જે તે અભ્યાસસમિતિઓના અધ્યક્ષશ્રીઓને જણાવવું.

૭૦. ઇજનેરી વિદ્યાશાખાની કૉલેજોમાં ૧૨ અઠવાડિયાના વૅકેશનનું વિભાજન શિયાળામાં પાંચ અઠવાડિયાં અને ઉનાળામાં સાત અઠવાડિયાંનું રાખવા અને તે મુજબ ઑર્ડિ. ૭૫માં નીચે મુજબ સુધારો કરવાનું સૂચન કરતા એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૮-૯-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત :

	First Term		Second Term	
Faculty	*Date of Commence-ment*	*Date of Conclusion*	*Date of Commence-ment*	*Date of Conclusion*
In the faculty of Technology including Engineering except in the post-Diploma Degree Course in Engineering	11th June Semester I, III, V, VII & IX	20th Oct.	27th Nov. Semester II, IV, VI, VIII & X (No Christmas Holidays)	21st April*
For Post-Diploma Degree Course in Engineering (C.M.E.) and (E/C)	27th Nov. Semester I, III, V & VII II, IV & VI	21st April*	11th Nov, Semester I, IV, VI & VIII I, III, V & VII	20th Oct.

Note.— The teaching will end on 7th April, Other period will be available for library, conclusion, etc.

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહને જાણ કરવામાં આવી કે આ દરમ્યાનના સમયગાળામાં સદરહુ પ્રસ્તાવ કુલપતિશ્રીએ માન્ય કર્યો છે, તે પછી સભાગૃહે ઠરાવ્યું કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(સુધારેલા ઑ.૭૫નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ છે.)

૭૧. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૯-૧૦-૧૯૭૮ના નીચે ટાંકેલ ઠરાવ ક્રમાંક એનજીસી-૧૦૭૮-(ખ) ૧ની નોંધ લેવા બાબત :

ઠરાવ :

" કૉલેજ સંચાલકમંડળો દ્વારા ફાજલ અધ્યાપકો જાહેર કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાજલ અધ્યાપકોને સમાવવાની રીત અંગેના હુકમો

સરકારના તા. ૧૨—૪—૧૯૭૭ના ઠરાવ ક્રમાંક એન.જી.સી.—૧૦૭૬—૧૩૯૦૮—ખ—૧ અન્વયે બહાર પાડવામાં આવ્યા છે. કૉલેજ શિક્ષકોને ફાજલ જાહેર કરતી વખતે અનુસૂચિત જાતિ—જનજાતિના શિક્ષકોને સરકારના તા. ૪—૫—૧૯૭૭ના ઠરાવ ક્રમાંક એન.જી.સી.—૧૦૭૬—ખ—૧ અન્વયે રક્ષણ આપવામાં આવેલ છે તે પ્રમાણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કૉલેજ શિક્ષકોને પણ રક્ષણ આપવાનો પ્રશ્ન સરકારની વિચારણા નીચે હતો. આ બાબતમાં સહાનુભૂતિપૂર્વક અને પૂરતી વિચારણા બાદ આથી સરકાર ઠરાવે છે કે વિમુક્ત જાતિઓ સહિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કૉલેજ શિક્ષકોને તા. ૯—૬—૧૯૭૮ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી—૧૦૭૮—ખ અન્વયે નિયત કરેલ ટકાવારીની મર્યાદામાં રહીને કૉલેજમાં શિક્ષકોનું કુલ સંખ્યાબળ લક્ષમાં રાખી કૉલેજો દ્વારા ફાજલ જાહેર કરવામાંથી મુક્તિ આપવી.

૨. આ હુકમોનો અમલ તા. ૧—૪—૧૯૭૮થી કરવાનો રહેશે.

૩. શિક્ષણ નિયામકશ્રીને આ હુકમો સર્વ સંલગ્ન કૉલેજોના ધ્યાન ઉપર લાવવા અને તેનો અમલ કરવા માટે જરૂરી પગલાં લેવા વિનંતી કરવામાં આવે છે.''

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૨. તા. ૨૧-૮-૧૯૭૮ના રોજ મળેલ બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે નવા વર્ષથી એટલે કે ૧૯૭૯—૮૦ના વર્ષથી યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોએ યુનિવર્સિટી વ્યાખ્યાનોની યોજના હેઠળ (૧) અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન શ્રેણી અને (૨) લોકભોગ્ય વ્યાખ્યાન શ્રેણી એમ બે શ્રેણીઓમાંથી કોઈ પણ એક શ્રેણીનાં બે વ્યાખ્યાનો ગોઠવવાનાં રહેશે. અને તે વ્યાખ્યાનોનો વ્યાખ્યાનદીઠ સમય ઓછામાં ઓછો એક કલાક રાખવાનો રહેશે. અને બે વ્યાખ્યાનો માટેનો સમગ્ર પુરસ્કાર રૂ. ૭૫/— અથવા કૉલેજે ચૂકવેલા માનદ વેતનના પચાસ ટકા એ બેમાંથી જે ઓછી રકમ હોય તે પ્રમાણેના માનદ વેતન પેટે આર્થિક સહાય આપવા માટે આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

સદરહુ બોર્ડની ભલામણ પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે ૧૫ જૂન ૧૯૭૯થી યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોએ યુનિવર્સિટી વ્યાખ્યાનોની યોજના હેઠળ (૧) અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન શ્રેણી અને (૨) લોકભોગ્ય વ્યાખ્યાન શ્રેણી એમ બે શ્રેણીઓમાંથી કોઈ પણ એક શ્રેણીનાં બે વ્યાખ્યાનો ગોઠવવાનાં રહેશે અને તે વ્યાખ્યાનોનો વ્યાખ્યાન દીઠ સમય ઓછામાં ઓછો એક કલાકનો રાખવાનો રહેશે અને બે વ્યાખ્યાનો માટેનો સમગ્ર પુરસ્કાર રૂ. ૧૦૦ અથવા કૉલેજે ચૂકવેલ માનદ વેતનના પચાસ ટકા એ બેમાંથી જે ઓછી રકમ હોય તે પ્રમાણેના માનદ વેતન પેટે આર્થિક સહાય આપવી.

૭૩. સને ૧૯૭૮-૭૯ના વર્ષમાં ગ્રંથાલયમાં પુસ્તકખરીદી પેટે આ અગાઉ રૂ. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ)ની અંદાજી જોગવાઈ કરી હતી. પરંતુ યુ.જી.સી.ની પાંચમી યોજનાની મળેલી આર્થિક સહાયમાંથી હજી બીજા રૂ. ૪,૮૧,૫૦૦ વધે છે તે તથા

તે ઉપરાંત નવા વિભાગો માટે સામયિકોના પાછલા અંકો ખરીદવા મળેલા રૂ. ૨,૦૦,૦૦૦ અને પાંચ અભ્યાસકેન્દ્રોના રૂ. ૧,૫૦,૦૦૦ મળી ૧૯૭૮-૭૯માં પુસ્તકખરીદી માટે રૂ. ૧૩,૩૧,૫૦૦ ખર્ચવાના રહેશે, તો બજેટની જોગવાઈ રૂ. ૫,૦૦,૦૦૦થી વધારીને રૂ. ૧૩,૩૧,૫૦૦ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** પ્રસ્તાવ મંજૂર કરવો અને તે મુજબ સને ૧૯૭૮-૭૯ના વર્ષના અંદાજપત્રમાં પુસ્તક ખરીદી માટે રૂ. ૫,૦૦,૦૦૦ની જોગવાઈ વધારીને રૂ. ૧૩,૩૧,૫૦૦ની કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે પુસ્તકોની ખરીદી અંગે અંદાજી ખર્ચની વિગતવાર ફાળવણી કરવાનો પ્રશ્ન ગ્રંથાલય સમિતિની વિચારણા માટે મોકલવો.

તે પછી આ સભા શનિવાર, તા. ૧૧–૧૧–૧૯૭૮ના રોજ મોકૂફ રાખવામાં આવી અને આ મોકૂફ રાખવામાં આવેલી **સભા** શનિવાર, તા. ૧૮–૧૧–૧૯૭૮ના રોજ બપોરે ૨–૦૦ વાગ્યે બોલાવવાનું ઠરાવવામાં આવ્યું.

તે પછી મોકૂફ રાખવામાં આવેલી આ **સભા** શનિવાર, તા. ૧૮–૧૧–૧૯૭૮ના રોજ બપોરે ૨–૦૦ વાગ્યે મળી હતી અને સભાગૃહનું કામકાજ આગળ ચાલ્યું હતું.

૭૪. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિ. ગ્રાન્ટ્સ કમિશને વિજ્ઞાન ભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના વિસ્તરણ માટે બીજી તથા ત્રીજી અગ્રિમતા નીચે રૂ. ૬૭,૩૭૬નો અંદાજી ખર્ચ મંજૂર કરી તે સામે ૫૦ ટકા પ્રમાણેની આર્થિક સહાય આપવાનું મંજૂર કરેલ હોવાથી બાકીના ૫૦ ટકા પ્રમાણેની આર્થિક સહાય ગુજરાત રાજ્ય સરકારશ્રી તરફથી તેમના તા. ૨૦-૨૦-૧૯૭૮ના કોરિગેન્ડમ નં. યુ.એસજી. ૧૧૭૮-૫૬૧૯૨ (ખ)થી મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબતની સાભાર નોંધ લેવી.

૭૫. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ચાલતું ઉર્દૂ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ત્યાંથી ફેરવી નવેમ્બર ૧૯૭૮થી યુનિવર્સિટીના ભાષા–સાહિત્ય ભવનમાં શરૂ કરવા માટેના ભાષા ભવનના અધ્યક્ષશ્રી મારફત આવેલ શ્રી. એ. એન. કુરેશીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. ગુજરાત રાજ્ય સરકારની તથા યુ.જી.સી.ની જુનિયર ફેલોશિપ એનાયત કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી શિષ્યવૃત્તિ સમિતિનો મુદત પૂરી થયેલી હોઈ તે પર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** સમિતિ પર નીચે મુજબ સભ્યોને ત્રણ વર્ષ માટે નીમવા :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. જે. એ. યાજ્ઞિક
૩. પ્રો. એ. એસ. નાગર
૪. ડૉ. એમ. એન. દેસાઈ

૫. ડૉ. વી. સી. શાહ
૬. આચાર્ય કે. એન. શાહ
૭. પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ.

૭૭. ઑર્ડિ. ૩૭ અન્વયે ગ્રાન્ટ યુટિલાઈઝેશન સમિતિ પર નિમાયેલા સભ્યોની મુદત તા. ૧૬–૧૧–૧૯૭૮ના રોજ પૂરી થતી હોઈ તે સમિતિ પર છ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

નોંધ.—ઑર્ડિ. ૩૭નો પાઠ નીચે ટાંકયો છે:

"The grant utilization committee shall consists of the Vice-Chancellor, the Rector if any and six other members appointed by the Executive Council for a period of three years."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યોને ત્રણ વર્ષ માટે નીમવા :

૧. કુલપતિશ્રી
૨. ઉપકુલપતિશ્રી (ખાલી)
૩. ડૉ. પી. પી. મહેતા
૪. ડૉ. એમ. એન. દેસાઈ
૫. ડૉ. વી. સી. શાહ
૬. આચાર્ય બી. એમ. પીરજાદા
૭. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૮. શ્રી. અનિરુદ્ધપ્રસાદ એચ. યાજ્ઞિક.

૭૮. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રોફેસરોને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના સંશોધન કાર્ય માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્ય ગણવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની ભલામણ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં મંજૂર રાખી હોઈ ઑર્ડિ. ૬૫-એલ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. 65—L :

"Every full time professor appointed in University Department for Post-graduate teaching and research shall be deemed to have been recognised as Post-graduate teacher and also as a Ph.D. Guide in the subject concerned, and every full time Reader and Lecturer appointed in a University Department shall be deemed to have been recognised respectively as a Post-graduate teacher and an assistant Post-graduate teacher."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રાધ્યાપકોની નિમણૂક અંગેની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો સદરહુ ભલામણ સાથે સુસંગત થાય તે રીતે સુધારવા માટેના સૂચન સાથે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૭૯. ઑર્ડિનાન્સ ૩૭૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારી તેને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવાની ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તા. ૭-૯-૧૯૭૮ની સભાની ભલામણ એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૯-૧૯૭૮ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત. (એકૅ. કા. બા. ક. ૧૩)

O. 377 :

"Every candidate for admission to the degree of M.D.S. must have taken the degree of Bachelor of Dental Surgery of this University or of any University recognised by this University or its equivalent qualification.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૭૭ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૮૦. એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૮ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંક ૯થી યુનિવર્સિટીનાં વિદ્યાભવનો અને સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટેના રજાઓના નિયમો સુધાર્યા હતા તે રાજ્ય સરકારની મંજૂરી માટે મોકલાવવામાં આવતાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેના તા. ૨-૯-૧૯૭૮ના પત્રાંક યુ.એસજી. ૧૧૭૮/૩૭૦૧૬—ખથી સૂચિત રજાના નિયમો સરકારે તેના કર્મચારીઓ માટે ઠરાવેલા રજાના નિયમો પ્રમાણે ઘડી, જો જરૂર જણાય તો, વિચારણા માટે તેમને મોકલી આપવા જણાવ્યું છે, તો તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ પત્રની નોંધ લઈને આ સભાગૃહે તેની તા. ૨૧-૧-૧૯૭૮ની સભામાં મંજૂર કરેલા સદરહુ નિયમોને પુનઃ મંજૂરી આપવી અને તેને તા. ૧-૧-૧૯૭૯થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૮૧. થર્ડ બી.કૉમ. પરીક્ષા માટેના "શ્રી. કરમશીભાઈ જે. સોમૈયા સુવર્ણચંદ્રકની" શરતોમાં દર્શાવેલ "ક" જૂથના વિષયોમાં" બિઝનેસ મૅનેજમેન્ટ"નો નવો વિષય ઉમેરાતો હોઈ તેના સંદર્ભમાં પ્રદાન અંગેની નીચેની શરત અંગે પુનઃ વિચારણા કરવા બાબત :

શરત ૧ (ખ) :

બીજો સુવર્ણચંદ્રક આ યુનિવર્સિટીની માર્ચ / એપ્રિલમાં લેવાયેલ બી.કૉમ.ની ડિગ્રી પરીક્ષામાં નીચેના વિષયો લઈને બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી આખી પરીક્ષામાં સૌથી વધારેમાં વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને વારાફરતી આપવામાં આવશે.

જૂથ	વિષય
(અ)	(૧) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ
(બ)	(૧) એક્ચ્યુરિયલ સાયન્સ
	(૨) સ્ટેટિસ્ટિક્સ

(૬) (૧) બેંકિંગ
(૨) ઇકોનોમિક્સ ઑફ કોટન
(૩) ઇકોનોમિક્સ ઑફ ટ્રાન્સપોર્ટ
(૪) થિયરી ઍન્ડ પ્રેક્ટિસ ઑફ કો-ઓપરેશન
(૫) પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન
(૬) થિયરી ઍન્ડ પ્રેક્ટિસ ઑફ ઇકોનોમિક્સ ડેવલપમેન્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન અંગેની શરત નં. ૧(ખ) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી અને તેને માર્ચ/એપ્રિલ ૧૯૭૮ની પરીક્ષાને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવી અને તે અંગે દાતાને જાણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રદાન અંગેના નિયમો જોઇતપાસીને પોતાની ભલામણ સાથે રજૂ કરવા માટે વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની ભલામણ મેળવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૮૨. એપ્રિલ ૧૯૭૮માં લેવાયેલ સેકન્ડ બી.એસસી. પરીક્ષાના વિદ્યાર્થીઓ નં. ૧૩૧ તથા નં. ૧૨૩૪એ અગાઉ થર્ડ બી.એસસી. પરીક્ષા પસાર કરી છે. નં. ૩૩૧એ તદ્દન નવા ગૌણ વિષય સાથે તથા નં. ૧૨૩૪ એ તદ્દન નવા મુખ્ય વિષય સાથે ફરીથી સેકન્ડ બી.એસસી. પરીક્ષા આપી છે તે આધારે તેઓને અગાઉની પરીક્ષામાં પાસ કરેલ અંગ્રેજી અને/અથવા મુખ્ય અને ગૌણ વિષયોમાં અનુક્રમે મુક્તિ આપવી કે કેમ તે અંગ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી નં. ૩૩૧ને એસ.વાય.બી.એસસી.ના તેના અંગ્રેજી ઉપરાંત મુખ્ય વિષયમાં અને નં. ૧૨૩૪ને તેના એસ.વાય.બી.એસસી.ના અંગ્રેજી ઉપરાંત ગૌણ વિષયમાં અપવાદરૂપે મુક્તિ મળેલી ગણીને તેમનું એસ.વાય.,બી.એસસી.નું એપ્રિલ ૧૯૭૮ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવું.

૮૩. વિદ્યાર્થિની પટેલ શ્રી. હીરબાળા રામભાઈ એ માર્ચ ૧૯૭૪ની એસ.એસ.સી.ની પરીક્ષાના મૂળ ગુણપત્રકમાં અનધિકૃત ફેરફાર કરીને સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં પ્રી-યુનિ. વિનયન વર્ગમાં ખોટી રીતે પ્રવેશ મેળવી આ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ. અને સેકન્ડ બી.એ. પરીક્ષા પસાર કરી એપ્રિલ ૧૯૭૮ની થર્ડ બી.એ. પરીક્ષા આપી છે તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.— (૧) પ્રી-આર્ટ્સ ઉત્તીર્ણ, ૧૯૭૫
(૨) એફ.વાય,બી.એ., ઉત્તીર્ણ, ૧૯૭૬
(૩) એસ.વાય.બી.એ. ઉત્તીર્ણ, ૧૯૭૭
(૪) ટી.વાય.બી.એ. પરિણામ, અનામત, ૧૯૭૮.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થિનીનો યુનિવર્સિટી પ્રવેશ રદ ગણીને ઉપરની નોંધમાં જણાવેલ પરીક્ષામાં તેનો પ્રવેશ અને પરિણામ રદ કરવા તથા ડિસેમ્બર ૧૯૮૧ સુધી આ યુનિવર્સિટીના કોઇ પણ અભ્યાસક્રમમાં કે પરીક્ષામાં બેસવા માટે તેને મનાઈ ફરમાવવી.

બાબત નં. ૮૪ અને બાબત નં. ૧૨૭ની વિચારણા સાથે હાથ ધરવામાં આવી.

૮૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરી મારફત તેમના તા. ૫-૬-૧૯૭૮ના પત્ર સાથે ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતાના ડાયરેક્ટરના તા. ૧૨-૪-૧૯૭૮ના પત્રાંક એફ. ૧-૨૦-૭૭ યુ-૧માં શિક્ષકોના સુધારેલ નવા પગારધોરણના સંદર્ભમાં તેમને આંતરિક મૂલ્યાંકન પ્રાયોગિક પરીક્ષણ તેમ જ નિરીક્ષણના કાર્ય માટે પુરસ્કાર મેળવવાને પાત્ર નથી એવી નીચેની શરતના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

" Remuneration should be payable only for the evaluation of answer scripts of different examinations; Internal assessment and invigilation, practical examinations, etc. of internal candidates will not qualify for payment of remunaration."

અને

૧૨૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરી મારફત તેમના તા. ૫-૬-૧૯૭૮ના પત્ર સાથે ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતાના ડાયરેક્ટરના તા. ૧૨-૪-૧૯૭૮ના પત્રાંક એફ. ૧-૨૦૦-૭૭-યુ-૧મા જણાવેલ શિક્ષક/આચાર્યને પરીક્ષાના કામ અંગે આપવાના મહેનતાણા અંગેની નીચે મુજબ જણાવેલ હોઇ તે અંગે વિચારણા કરવા બાબત :

" Remuneration should be payable only for the evaluation of answer scripts of different examinations; Internal assessment and invigilation, practical examinaitons, etc. of internal candidates will not qualify for payment of remuneration. "

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતોની નોંધ લેવી.

૮૫. યુ.જી.સી.ના પત્રાંક એફ. 3-૭૬ (ઈઆર) તા. ૩૧-૭-૧૯૭૮ના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા "રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ" અગ્રિમતાના ધોરણે ઉપાડવાનો હોઈ એન.એસ.એસ. વિભાગ દ્વારા સંકલન અને વહેંચણીકારને ૨૦૦ જેટલા વર્ગોનું સંચાલન સંલગ્ન કૉલેજો દ્વારા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનુમતિ મળ્યેથી પ્રૌઢશિક્ષણના વર્ગોની કૉલેજવાર ફાળવણી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૬. જૂના હેન્ડબુકો, મતદારયાદીઓ, પરીક્ષકોના નિમણૂક માટેનાં ફૉર્મ તેમ જ ફોન્વોકેશન ફૉર્મ વગેરે બિનઉપયોગી ફૉર્મ સાહિત્ય ઇ. નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧૯૬૪ પછી રહેલા ફૉર્મ—સાહિત્ય ઇ.ની કુલ વેચાણ કિંમત રૂ. ૭૮,૩૩૭—૫૦ જેટલી થવા જાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો તથા તેમાં જણાવેલ ફૉર્મ, સાહિત્ય, ઇત્યાદિને યુનિવર્સિટીના સ્ટૉક રજિસ્ટરમાંથી કમી કરવું અને તે કાગળોનો પસ્તી તરીકે નિકાલ કરવો.

૮૭. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરની 'ચૂંટણીઓ અંગેના સ્ટેચ્યૂટો ઑર્ડિનાન્સોમાં જરૂરી સુધારાવધારા કરવા માટે એક સમિતિ નીમવા માટેના શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી એ. ટી. દેસાઈના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય કે. એન. શાહ
૨. શ્રી. નરહરિ પરીખ
૩. શ્રી. અનિરુદ્ધપ્રસાદ યાજ્ઞિક
૪. આચાર્ય દર્શનસિંગ શીખ
૫. શ્રી. દર્શનસિંગ બસન
૬. શ્રી. અંબુભાઈ દેસાઈ.

૮૮. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી કાર્યાલયમાં વર્ષોથી, સ્થાપનાકાળથી સેવાઓ આપતા ચોથા વર્ગની કેડર જમાદાર—૧ કર્મચારી, (૨) હવાલદાર—૩ કર્મચારી, (૩) નાયક—૩ કર્મચારીને કુલપતિશ્રી, કુલસચિવશ્રી, અને અન્ય અધિકારી વર્ગ કાર્યાલયનો સમય પૂરો થયા છતાં રોકાય તો રોકાવાની ફરજ પડતી હોય છે અને તેમનાં દફ્તરો વગેરે તેમના નિવાસસ્થાને પહોંચાડવાના વગેરે ફરજો પણ વધારાની હોય છે, એટલે અગાઉ આ સભાએ આ કેડરના કર્મચારીઓને (૧) ને તથા (૨) ને રૂ. ૧૦ તથા કેડર (૩)ના કર્મચારીઓને રૂ. ૫ માસિક ડયુટી એલાવન્સ આપવાનું ઠરાવેલું હતું, પણ તે બંધ કરી દેવામાં આવેલું હોઈ સદર ભથ્થું પુનઃ ચાલુ કરવાનું આ સભા ઠરાવે છે કે જે રકમ ઘણી જ જૂજ છે અને તે ખર્ચ યુનિવર્સિટીમાં પાડવાનું નક્કી કરવામાં આવે છે".

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા જણાવેલ સ્થાયી સમિતિની તા. ૧૭–૧૧–૧૯૭૮ ની સભાની સંબંધકર્તા ભલામણમાં આવરી લેવાઈ હોઈ તે પર યથાસમયે વિચારણા કરવામાં આવશે તે જોતાં ઉપરના પ્રસ્તાવ પર જુદી વિચારણા કરવાની જરૂર રહેતી નથી.

૮૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૮–૧૯૭૮ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબતઃ (એ. કા. બા. ક્ર. ૧૧)

(૧) પરીક્ષકો અને પ્રાશ્નિકોની નિમણૂકો માટે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષકોની સીનિયોરિટી નક્કી કરવાની બાબતમાં ક્રેડિટ ગુણ અંગેના નિયમો નીચેના સુધારા સાથે શિક્ષણની કોલેજોના અધ્યાપકોને પણ લાગુ પાડવા અને માર્ચ—એપ્રિલ ૧૯૭૯ અને તે પછીની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે તેનો અમલ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

'માધ્યમિક શાળામાં બી.એડ. પછીના અધ્યાપકનો શિક્ષણના અનુભવ માટે પ્રત્યેક વર્ષ દીઠ એક પણ વધુમાં વધુ ૫ ક્રેડિટ ગુણાંક આપવા.

(૨) કોઈ પણ એક પરીક્ષકને એક પરીક્ષામાં સામાન્ય રીતે ૩૦૦થી વધુ ઉત્તરવહીઓ તપાસવા માટે આપવી નહીં એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી; તેમ છતાં કોઈ પણ વિષયોમાં તેથી વધુ ઉત્તરવહીઓ પરીક્ષકોને તપાસવા માટે આપવી પડે તેવી પરિસ્થિતિ હોય તો તેવી બધી જ પરીક્ષાઓમાં વધુમાં વધુ ૫૦ ટકા પરીક્ષકોને બહારથી (એક્ષટર્નલ) નીમવાના ધોરણે લાગુ પાડવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલી બેઉ ભલામણો મંજૂર કરવી.

૯૦. ઇજનેરી વિદ્યાશાખા હેઠળ (૧) બૅચેલર ઑફ ટેક્સ્ટાઇલ ટેકનોલોજી અને (૨) બૅચેલર ઑફ કેમિકલ ટેકનોલોજી (મેન મેઇડ ફાઇબર્સ)ની પદવી સ્થાપવા અગાઉ નક્કી થયેલ તેને બદલે નીચે મુજબ નામાભિધાન રાખવાનું ઇજનેરી વિદ્યાશાખાના ડીનશ્રીનું સૂચન ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૯-૧૯૭૮ની સભામાં મંજૂર કર્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

1. Bachelor of Engineering (Textile Technology) B.E. (T.T.)
2. Bachelor of Engineering Textile Chemical Technology B.E. (T.Ch T)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ ઉપર જણાવેલી પદવીના નામાભિધાનના ટૂંકાક્ષરી (abbreviation) અંગે એલ. ડી કૉલેજ ઑફ એન્જિનિયરિંગના સંબંધકર્તા વિભાગના વડાની સલાહસૂચના લઈને આ સભાગૃહવતી તે સ્વીકારવા અને તે અંગે સ્ટેચ્યૂટમાં જરૂરી સુધારા કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવી.

૯૧. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્રં. ૧૨)

(ક) "આથી ઠરાવવામાં આવે છે ક ૧૯૭૯ની માર્ચ–એપ્રિલની કોઇ પણ પરીક્ષા માટે પ્રશ્નબૅંકની પદ્ધતિ રાખવી નહીં, (ખ) માર્ચ–એપ્રિલ ૧૯૮૦ અને તે પછીની ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષા માટે પ્રશ્નબૅંકની પદ્ધતિ પુનઃ ચાલુ કરવા માટે જરૂરી કાર્યવાહી વેળાસર હાથ ધરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપર જણાવેલી ભલામણ (ક) મંજૂર કરવી અને (ખ)વાળા ભાગની પુનર્વિચારણા કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને પાછી મોકલવી.

૯૨. શિક્ષણની અભ્યાસસમિતિએ તેની તા. ૭-૮-૧૯૭૮ની સભામાં બી.એડ.ના નવા અભ્યાસક્રમ માટે પરીક્ષકોની નિમણૂક કરવા અંગે કરેલી નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૯-૧૯૭૮નો સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્રં. ૫)

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ ના નવા અભ્યાસક્રમમાં દરેક વિષયના દરેક સેકશનમાં જે તે વિષય શીખવવાનો અનુભવ હોય તેમને પ્રાશ્નિક કે પરીક્ષક તરીકે નીમવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છેકે સદરહુ બાબત સંબંધકર્તા પરીક્ષાસમિતિના ધ્યાન ઉપર લાવવાનું રાખવું.

૯૩. બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૩૧-૮-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૯-૧૯૭૮ની સભામાં મંજૂર કરી હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્રં. ૪)

"ગુજરાત યુનિવર્સિટી કાયદાની કલમ ૩૫–એ અનુસાર સ્વીકૃત સંસ્થા તરીકે માન્યતા મેળવવા ઇચ્છતી સંસ્થા સામાન્ય રીતે સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍક્ટ અન્વયે સોસાયટી તરીકે

અથવા પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ અન્વયે ટ્રસ્ટ તરીકે નોંધાયેલ હોવી જોઈએ તેમ છતાં જ્યાં ઉત્તમ પ્રકારની સુવિધાઓ હોય અને તે અંગે સ્થાનિક તપાસસમિતિ ભલામણ કરે તો તેવી સંસ્થાઓને અપવાદરૂપે સ્વીકૃત સંસ્થા તરીકે માન્યતા આપવાનું વિચારવું એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્વીકારવી નહીં અને ગુજરાત યુનિવર્સિટી કાયદાની કલમ ૩૫–એ અનુસાર સ્વીકૃત સંસ્થા તરીકે માન્યતા મેળવનાર સંસ્થા સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍક્ટ અન્વયે સોસાયટી તરીકે અથવા પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ અન્વયે ટ્રસ્ટ તરીકે નોંધાયેલ હોવી જોઈએ તે પૂર્વશરતમાં કશો પણ ફેરફાર કરવો નહીં.

૯૪. યુનિવર્સિટી તથા કૉલેજોમાં વ્યાખ્યાતાની નિમણૂકો માટેના સુધારેલાં શૈક્ષણિક લાયકાતનાં ધોરણોમાં Consistently good academic record એમ દર્શાવ્યું છે તે બાબતમાં યુ.જી.સી.એ તેના તા. ૧૪-૯-૧૯૭૮ના પત્રાંક એફ. ૧. ૧૦૯. ૭૭ સી.પી.થી નીચે પ્રમાણે સ્પષ્ટતા કરી છે તેના સંદર્ભમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત : (ઍકે. કાઉ. બાબત ક્રમાંક ૧૫)

The Commission on reference from a State Government has further decided that the candidates for the appointment to the post of Lecturer in a University/College should either have an average of 55% of the two examinations prior to Master's degree (irrespective of the marks obtained in any of the two examinations) or 50% marks in each of the two examinations separately.

The above clarification has been offered to determine consistently-good academic record.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારીને યુનિવર્સિટી અને કૉલેજોના લેક્ચરરોની નિમણૂક અંગેનાં ધારાધોરણમાં ઘટતી સ્પષ્ટતા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે અંગે સંલગ્ન કૉલેજોને જરૂરી પરિપત્ર પાઠવીને જાણ કરવી.

૯૫. ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલ અંગેની સ્થાયી સમિતિની નીચેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તારીખ ૨૭-૫-૧૯૭૮ની સભામાં મંજૂર કરી હતી તેના સંદર્ભમાં રેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તા. ૭-૯-૧૯૭૮ની સભાની ભલામણ સ્વીકારવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૯-૧૯૭૮ની સભામાં ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૧૪)

ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાની ભલામણ

"ડેન્ટલ ફેકલ્ટીની અભ્યાસસમિતિની રચનામાં જુદા જુદા વિષયોનું પ્રતિનિધિત્વ જળવાય તે જોવા તથા તેના કો.-ઓપશનમાં સીનિયર પ્રોફેસર-ટીચરને તેમાં નીમવા અંગેના તપાસસમિતિના સૂચનને ડેન્ટલ ફેકલ્ટીની વિચારણા માટે મોકલવા ભલામણ છે."

"આથી ઠરાવવામાં આવે છે કે અભ્યાસસમિતિઓની રચના અંગેના સ્ટે. ૪ મુજબ અભ્યાસ-સમિતિઓ રચવામાં આવે છે. તેમ છતાં બધા વિષયોને પ્રતિનિધિત્વ મળે તે મુજબ સ્ટે. ૪ માં ઘટતો સુધારો કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પોતાનો ચોક્કસ પ્રસ્તાવ રજૂ કરવાના સૂચન સાથે સદરહુ બાબત દંતવિજ્ઞાન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૯૬. યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ પાસેનું ઇન્ડોર ટ્રાન્સફોર્મર સબસ્ટેશન અમદાવાદ ઇલે. કું.ને કાયમી ધોરણે લીઝ પર આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ પ્લાન સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ પાસેનું ઇન્ડોર ટ્રાન્સફોર્મર સબ-સ્ટેશન અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીને નીચેની શરતોએ ભાડે આપવું અને તે અંગે ભાડાપટ્ટાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો :

૧. આ ઇલેક્ટ્રિક સબ-સ્ટેશનના મકાનનો મ્યુનિસિપલ ટેક્ષ તથા શિક્ષણ ઉપકરની રકમ અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીના શિરે રહેશે.

૨. આ ઇલેક્ટ્રિક સબ-સ્ટેશનના બિલ્ડિંગના નિભાવનું ખર્ચ, વ્હાઈટ વૉશનું ખર્ચ વગેરે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની કરશે.

૩. મકાનનો વીમો વગેરે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની લેશે.

૪. ભાડું દર વર્ષના રૂ. ૨૫૦ (ટેક્ષ સિવાય) રહેશે.

૯૭. કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ રચવામાં આવે તો તેવી યુનિવર્સિટીઓને આર્થિક સહાય પૂરી પાડવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી સમિતિએ કરેલી ભલામણો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેની તા. ૨૪-૪-૧૯૭૮ની સભામાં સ્વીકારી છે તેમ જણાવતા તેના તા. ૨-૬-૧૯૭૮ના ડી.ઓ. પત્રાંક એફ. ૧-૨૨/૭૭ (સી.પી.) પરત્વે વિચારણા કરવા અને તે અંગેનો પ્રસ્તાવ મોકલવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી કાર્યવાહી કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલને જણાવવું.

૯૮. ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થી પ્રવેશ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૪-૬-૧૯૭૮ના પત્રાંક એફ. ૧-૩૦(૭૮)(પી.એફ.) પર વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં વિદ્યાર્થીઓના ૫ ટકા જેટલી જગ્યાઓ પછાત જાતિઓ અને અનુસૂચિત જાતિઓ માટે તથા વધુ ૧ ટકા જેટલી

જગ્યાઓ અન્ય પછાત વર્ગો માટે અનામત રાખવાનું સૂચન સ્વીકારવું, અને તે અંગે સ્પષ્ટ અને ચોક્કસ નિયમો ઘડવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. આચાર્ય કે. એન. શાહ

૨. આચાર્ય બી. એમ, પીરજાદા

૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી

૪. શ્રી. નરહરિ પરીખ

૫. ડૉ. પરેશ મજમુદાર.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોમાં પ્રવેશ માટે ઉપર નં. (૧)માં જણાવ્યા મુજબ જગ્યાઓ અનામત રાખવા માટે કૉલેજોને અપાતા અનુદાનના સંદર્ભમાં ઘટતા નિયમો કરવા માટે રાજ્ય સરકારને સૂચવવું.

૯૯. ઑર્ડિ. ૬૮ અન્વયે પીએચ.ડી. પદવી માટે નોંધાઈને સ્વતંત્ર રીતે ગુજરાતી વિષયમાં પીએચ.ડી. મહાનિબંધ રજૂ કરનાર શ્રી. સી. એ. ટોપીવાલાના મહાનિબંધ પરત્વે નિમાયેલા પરીક્ષકોના હેવાલો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરીની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ગૃહવિજ્ઞાન અને ભૂસ્તરવિજ્ઞાનના અનુસ્નાતક વિભાગો યુનિવર્સિટી ભવનમાં શરૂ કરવા માટે મંજૂર કરેલ યોજના અંગે રાજ્ય સરકારશ્રી તરફથી જરૂરી અનુમતિ દર્શાવતા તેમના તા. ૭-૯-૧૯૭૮ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૭૮(૫૫૦૧૧-ખ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૦૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં 'University Service Instrumentation Centre' અંગેની યોજના યુ. ગ્રા. કમિશને મંજૂર કરી તે માટે આવર્તક ગ્રાન્ટ ૧૯૮૦-૮૧ સુધી તથા અનાવર્તક ગ્રાન્ટ માટે ૩૧-૩-૧૯૭૯ સુધીની આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યા અંગેના કમિશનના તા. ૧૩-૧૦-૧૯૭૮ના પત્રાંક ૧૮-૪/૭૮ (ડી. ૪એ.)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને તે અંગે વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ તથા વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી સાથે વિચારવિમર્શ કરીને તે અંગેની આગળની કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૨. માન્ય સંસ્થાઓના શિક્ષકોનાં પગારધોરણો સુધારવા બાબતમાં શેઠ ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદના અધ્યક્ષશ્રીના તરફથી આવેલ તા. ૨૬-૭-૧૯૭૮ ના પત્રાંક ૨૩૬ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—માન્ય સંસ્થાઓના શિક્ષકોનાં પગારધોરણો સુધારવાની બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮—૧—૧૯૭૭ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૫ થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે માન્ય સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફને સેન પગારધોરણનો લાભ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી. દરમિયાન માન્ય સંસ્થાઓના શિક્ષકોનાં પગારધોરણો સુધારીને નીચે મુજબ નિયત કરવાં :

ડેમોન્સ્ટ્રેટર.....રૂ. ૫૦૦—૨૦—૭૦૦—૨૫—૯૦૦

વ્યાખ્યાતા.....રૂ. ૭૦૦—૪૦—૧૧૦૦—૫૦—૧૩૦૦—એસેસમેન્ટ—૫૦—૧૬૦૦"]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે માન્ય સંસ્થાઓના અધ્યક્ષનું પગારધોરણ રૂ. ૧,૫૦૦-૬૦-૧,૮૦૦ એસેસમેન્ટ ૧૦૦-૨,૨૦૦નું નિયત કરવું અને તેનો અમલ તા. ૧-૧-૧૯૭૩થી કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે માન્ય સંસ્થાઓના ફેલોનો પગાર ઉચ્ચક (fixed) રૂ. ૪૦૦નો નિયત કરવો.

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે માન્ય સંસ્થાઓના સંબંધિત બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનું પગારધોરણ સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પગારધોરણ મુજબ રાખવું.

(૪) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપર નં. (૧), (૨) અને (૩)માં જણાવેલ ભલામણોના અમલને કારણે માન્ય સંસ્થાઓ ઉપર વધતા આર્થિક બોજાને અનુલક્ષીને જરૂરી આર્થિક સહાય આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૦૩. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી કલાજો અંગેના કેસો ઉપર તેમજ પ્રાશ્નિકો-પરીક્ષક, નિરીક્ષક અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૭-૮-૧૯૭૮ અને તા. ૭-૯-૧૯૭૮ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૮-૧૯૭૮ અને તા. ૭-૯-૧૯૭૮ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭-૮-૧૯૭૮ અને તા. ૭-૯-૧૯૭૮ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૦૪. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી ઉજમશી કાપડિયા અને બીજા સભ્યોએ મળી પ્રથમ વર્ષ મનોવિજ્ઞાનના અભ્યાસક્રમને અનુલક્ષીને બે હસ્તપ્રતો "સામાન્ય મનોવિજ્ઞાન" અને "અસરકારક વર્તનનું મનોવિજ્ઞાન" તૈયાર કરેલ છે જેનો આપણે સ્વીકાર કરેલ છે. તે કામ અંગે તેમને આપવાના પુરસ્કારની બાબતમાં હાલમાં

પુરસ્કારનું ધોરણ પ્રત્યેક નાણાકીય વર્ષમાં વેચાયેલ નકલોના ૨૦ ટકા અને પુસ્તકના કોપીરાઈટ હક્ક લેખકના એ રીતે છે. પરંતુ શ્રી. કાપડિયાએ પોતાના તેમજ સહલેખકો વતી સદરહુ કામ માટે રા. વિ. પાઠક સ્મારક પ્રકાશન યોજના હેઠળ પુરસ્કાર આપવા ઠરાવેલ છે તે દરે એટલે કે ૧/૮ ડેમી કદના છાપેલા પાન દીઠ રૂ. ૧૦ના દરે પુરસ્કાર આપવા માટે અને તેના કોપીરાઈટ હક્ક યુનિવર્સિટી રાખે તે મતલબના તેમના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રકાશન માટે લેખકોને આપવાના પુરસ્કારનું ધોરણ નીચે મુજબ રાખવું :

૧/૮ ડેમી કદના છાપેલા પાન દીઠ લેખકોને સંયુક્ત રીતે રૂ. ૧૦ના દરે પુરસ્કાર આપવો એટલે કે પ્રત્યેક લેખકને રૂ. ૫ના દરે પુરસ્કાર આપવો અને સદરહુ પ્રકાશનના તમામ કોપી-રાઈટ યુનિવર્સિટીના રહેશે તે શરત મૂકવી.

૧૦૫. નવેમ્બર ૨૫/૨૬, ૧૯૭૮ના સમય દરમ્યાન ન્યૂ દિલ્હી મુકામે યોજનાર અખિલ ભારતીય દક્ષિણ પૂર્વ એશિયન અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૬. નવેમ્બર ૨૪ અને ૨૫, ૧૯૭૮ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે એજ્યુ-કેશન રિસર્ચ એન્ડ ઇનોવેશન્સ કમિટી દ્વારા યોજનારા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટેના સભ્ય મંત્રીના તા. ૨૯–૮–૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. અધિવેશનનો વિષય Immediate Research in Elementary Education છે.

૨. Universalization of Elementary Education માં સંશોધન કર્યું હોય અથવા આ ક્ષેત્રનું જ્ઞાન અને અનુભવ હોય તેવાને પ્રતિનિધિ તરીકે મોકલવા સૂચવ્યું છે]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૭. સમાજ વિદ્યાભવનના અર્થશાસ્ત્રના રીડર પ્રો. જે. આઈ. લાલીવાલાને સાઉદી અરેબિયાની કિંગ અરેબિયા યુનિવર્સિટીની મુલાકાતે જવા અંગે તા. ૫-૧૦-૧૯૭૮થી તા. ૧૯-૧૦-૧૯૭૮ સુધીની કિવસ ૧૫ની રજા આપવા અંગે તેઓના તા. ૪–૧૦–૧૯૭૮ના પત્ર ઉપર તથા તેના સંદર્ભમાં અધ્યક્ષશ્રીના તા. ૧૦-૧૦-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. શ્રી. લીલાવાલા રજા મંજૂર કરાવ્યા વગર તા. ૫—૧૦—૧૯૭૮ ના રોજ રજા ઉપર ગયા છે.

૨. અધ્યક્ષશ્રી જણાવે છે કે તેથી વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર વિપરીત અસર થશે.

૩. તા. ૨૦—૧૦—૧૯૭૮ થી વેકેશન પડતું હોવાથી તેની સાથે જોડવાનો પ્રશ્ન પણ રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૮. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી એમ. સી. શાહનું રૂ. ૧,૫૦૦-૬૦-૧,૮૦૦-એસેસમેન્ટ-૧૮૦-૨,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૮૦૦ પછીનું મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ) માંથી એક-એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્ઞોની યાદી :

૧. યાદી ઘણી જ મોટી હોઈ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

(બ) આચાર્યે સૂચવેલા તજ્ઞો :

૧. પ્રિ. સા. એન. હકાણી
૨. શ્રી. પી. વી. દેસાઈ
૩. શ્રી. એમ. એન. શાહ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૯. અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા ઉપલબ્ધ ન થતાં ચાલુ સાલ પૂરતી મુલાકાતી અધ્યાપકની વ્યવસ્થા માન્ય રાખવા અંગે સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ કૉલેજ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરના આચાર્યના તા. ૭-૮-૧૯૭૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવના સંદર્ભમાં સરદ્દહુ કૉલેજમાં અંગ્રેજીના શિક્ષણનો કુલ કાર્યબોજ જોઈતપાસીને પોતાની ભલામણ રજૂ કરવા માટે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અધ્યક્ષોની બનેલી સમિતિ નીમવી.

૧૧૦. સંલગ્ન કૉલેજોના વ્યાયામ શિક્ષકને "લેક્ચરર ઇન ફિઝિકલ એજ્યુકેશન" નામાભિધાન આપવા માટે યુનિવર્સિટી કોર્ટ-સભ્ય શ્રી. દેવેન્દ્રસિંહ બી. સોલંકીના તા. ૭-૧૦-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬—૩—૧૯૭૪ ની સભામાં સદરહુ નામાભિધાન આપવા ઠરાવ્યું હતું, પરંતુ એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૨૯—૬—૧૯૭૪ ની સભામાં તે ઠરાવનો અમલ મોકૂફ રાખવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૧. એપ્રિલ ૧૯૭૮માં લેવાયેલ ફર્સ્ટ બી.એસસી. પરીક્ષામાં ફેઇલ થઇ વિદ્યાર્થીઓએ ગેરવાજબી કારણો રજા મેળવેલ માલૂમ પડવાથી તે અંગે નીમેલ સમિતિની તા. ૨૯-૮-૧૯૭૮, ૧૧-૯-૧૯૭૮, ૧૩-૯-૧૯૭૮, ૨૧-૯-૧૯૭૮, ૨૮-૯-૧૯૭૮, ૩૦-૯-૧૯૭૮ અને ૨૬/૨૭-૧૦-૧૯૭૮ના રોજ મળેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯-૮-૧૯૭૮, તા. ૧૧-૯-૧૯૭૮, તા. ૧૩-૯-૧૯૭૮, તા. ૨૧-૯-૧૯૭૮, તા. ૨૮-૯-૧૯૭૮, તા ૩૦-૯-૧૯૭૮ અને ૨૬/૨૭-૧૦-૧૯૭૮ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૧૨. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણ બ. અંગે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૩-૧૧-૧૯૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૫-૪૯૪૭-અમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે એકેડેમિક કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિએ સદરહુ ઠરાવની કંડિકા (૧૩) અંગે કરેલ દરખાસ્ત એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫-૨-૧૯૭૮ની સભામાં સ્વીકારી હતી જે રાજ્ય સરકારને પુનઃ મોકલતાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેના તા. ૮-૯-૧૯૭૮ના પત્રાંક એમ.આઇ.એસ. ૧૩૭૮-૪૫૪૦૭-અ થી નીચે પ્રમાણે જાણ કરેલ છે તેની નોંધ લેવા બાબત :

ફાજલ પડતા કૉલેજ શિક્ષકોનો પ્રશ્ન પતી ગયા બાદ આ પ્રશ્ન ઉપર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

[**નોંધ.**—રાજ્ય સરકારના ઠરાવની કંડિકા (૧૩) અને તે પરત્વે એકેડેમિક કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિએ મોકલાવેલ દરખાસ્ત નીચે પ્રમાણે છે:

રાજ્ય સરકારની ઠરાવની કંડિકા (૧૩)

While the revised scale of Rs. 500–900 is given for the Demonstrator/Tutors no new post of Demonstrators/Tutors shall be created hereafter, and no new Demonstrators/Tutors will be appointed on any vacancy arising hereafter in the existing posts of Tutors and Demonstrators. Simultaneously it will be seen that gradually over a period of years, as and when vacancies occur, the post of Demonstrators/Tutors are converted into those of Lecturers after taking a review of the work-load and the need for such conversion, provided sufficient number of duly qualified persons are avaliable to fill up those post. The University concerned shall take up such a review with regard to the affiliated colleges and make a proposal to the Government for its approval before such conversion is done.

એકેડેમિક કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિએ કરેલ દરખાસ્ત

As majority of the Tutors/Demonstrators in the affiliated colleges of Gujarat University possess the qualifications for the post of a lecturer according to the norms prescribed by the University prior to the adoption of G.R. of 23rd February,

1976 and looking to the fact that their basic salary is much higher than the initial salary prescribed for the post of a Tutor/Demonstrators, it is recommended to the State Government that such tutors/demonstrators as possess the minimum qualifications for the post of a lecturer according to the norms of the University should be converted into lecturers from 1-1-1973 if they are eligible for the lecturer's post on that date and in case of those who do not possess the necessary qualifications on that date should be upgraded as lecturers as and when they become eligible for the lecturer's post after 1-1-1973.

It is further recommended that the State Government should bear the expenditure resulting from such conversion.

Note.—As far as the question of work load is concerned, there is practically no difference between the work load of tutors/demonstrators and that of lecturers. More over the lecturers in Science colleges are assigned practical work whereas tutors do have lecturing work. While demonstrators possessing post-graduate degree are assigned lecturing work (એ.કા.બા. ક્ર. ૭૫).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૩. સંલગ્ન કૉલેજના આચાર્ય વૅકેશન કે નોન વૅકેશન સ્ટાફ ગણાય તે અંગે સ્પષ્ટતા માંગતા પાટણની કૉલેજોના આચાર્યોની સંયુક્ત સહીથી આવેલ તા. ૨૨-૯-૧૯૭૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૪. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીમાં શ્રી. જી. એમ. રાવલની અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કરેલી નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવા માટે સદરહુ કૉલેજ તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. જી. એમ. રાવલ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર વ્યાખ્યાતાની નિમણૂક માટે જરૂરી પાત્રતા ધરાવતા નથી.

(૨) સદરહુ કૉલેજના આચાર્યે તેમના તા. ૩૧—૮—૧૯૭૮ના પત્રમાં નીચે પ્રમાણે જણાવ્યું છે :

"કૉલેજમાં અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતાની જગ્યા માટે સમાચારપત્રોમાં જાહેરાત આપી હતી તેમ જ ઓપન ઈન્ટરવ્યુની જાહેરાત પણ આપી હતી.

આ વરણી સમિતિમાં ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધિ શ્રી. પી. આર. શાહ અને સરકારશ્રીના પ્રતિનિધિ શ્રી. આર. વી. પંડ્યા હાજર હતા. આ ઈન્ટરવ્યુમાં કોઈ પણ ઉમેદવાર યુનિવર્સિટીના ધારાધોરણ મુજબની લાયકાત ધરાવતા ન હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવના સંદર્ભમાં સદરહુ કૉલેજમાં અંગ્રેજીના શિક્ષણનો કુલ કાર્યબોજ જોઈતપાસીને પોતાની ભલામણ રજૂ કરવા માટે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રીઓની બનેલી સમિતિ નીમવી.

૧૧૫. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, અંભાતે જૂન ૧૯૭૮ થી ચાલુ જોડાણ મેળવવા બાબતમાં ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ રિટ પિટિશનના સંદર્ભમાં સદરહુ કૉલેજના આચાર્યની નિમણૂકને માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—૧. સદરહુ બાબત યુનિવર્સિટીના એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતે તેમના તા. ૧૪–૮–૧૯૭૮ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

> In case of the affiliation of C. V. Shah Law College, it appears that there is one more objection for granting of the affiliation and that is to the effect that the Principal of the Law college is not properly qualified person. I would request you to request the members of the Executive Council to reconsider their decision and that this deficiency may be condoned.
>
> આચાર્યની પાત્રતા માટે બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૬. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર તથા ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોરને એક સંકુલ બનાવવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧–૧–૧૯૭૮ની સભામાં ત્રણ વિદ્યાશાખાઓની સંયુક્ત કૉલેજ કરીને પોતાનું શિક્ષણ-કાર્ય ચલાવવા માટે મંજૂરી આપી હતી તેના અનુસંધાનમાં આ ત્રણે વિદ્યાશાખાવાળી કૉલેજનું નામ "ભવન્સ આર્ટ્સ સાયન્સ એન્ડ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર એ પ્રમાણે રાખવા સદરહુ કૉલેજના આચાર્યના તા. ૩—૩—૧૯૭૮ના પત્ર પરત્વે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯–૪–૧૯૭૮ની સભામાં કૉલેજના બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓને છૂટા કરવા માટે આપેલ નોટિસો પાછી ખેંચી લેવામાં આવે તે પછી સદરહુ પ્રસ્તાવ ઉપર વિચારણા કરવામાં આવશે એમ ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં કૉલેજે તેના તા. ૧૧–૯–૧૯૭૮ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત.

".....જે કર્મચારીઓને નોટિસ આપવામાં આવી હતી તે કર્મચારીઓ અન્ય સંસ્થાઓમાં સર્વિસમાં જોડાઈ ગયા છે તેથી તેમને આપેલી નોટિસ પાછી ખેંચવાનો પ્રશ્ન રહેતો નથી. તદુપરાંત હેડકલાર્ક શ્રી. હેમંત દેસાઈનો હોદ્દો પાછો ખેંચી લેવાની જે નોટિસ આપવામાં આવી હતી તે નોટિસ પાછી ખેંચવાનો ઠરાવ મૅનેજમેન્ટે કર્યો છે.

"ઉપરની વિગતો ધ્યાનમાં લઈ ત્રણ વિદ્યાશાખાઓની કૉલેજોના સંકુલને માન્યતા આપવા વિનંતી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તેની સમગ્રતામાં જોઈતપાસીને પોતાની ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ
(૨) વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ
(૩) વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ.

૧૧૭. શેઠ વી. એસ. લો. કૉલેજ, ઊંઝાની ઑર્ડિ. ૯૬ અન્વયે સને ૧૯૭૭-૭૮ની આવેલ માહિતી ચકાસતાં ત્યાંના કેન્દ્રીય ગ્રંથાલયમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર બે ને બદલે એક લાયકાત ધરાવતા ગ્રંથપાલ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—આ અંગે ઊંઝા કેળવણી મંડળના માનદ મંત્રીશ્રીએ તેઓના તા. ૩૧-૮—૧૯૭૮ના પત્રથી નીચે મુજબ જણાવ્યું છે :

"...અમોએ સંસ્થા સંચાલિત કૉલેજના એક કર્મચારી ભાઈને યુનિવર્સિટી દ્વારા સંચાલિત ગ્રંથપાલ ડિગ્રીનો કોર્સ કરવા માટે ચાલુ વર્ષે ડેપ્યુટ કરેલ છે અને તેઓ તેમની પદવી મેળવતાં તેમને બીજા ગ્રંથપાલ તરીકે નીમવામાં આવશે".

હાલમાં બીજા લાયકાતવાળા ગ્રંથપાલને બદલે પ્રમાણપત્ર ધરાવતા મદદનીશ ચાલુ છે તો આ વચગાળાના સમય દરમ્યાન અમને તે મદદનીશ વડે કાર્ય કરવાની છૂટ આપવા વિનંતી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યવસ્થા ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ ગ્રાહ્ય રાખવી.

૧૧૮. કૉલેજોના મકાનમાં ચાલતા ટ્યુશન ક્લાસીઝ બંધ કરાવવા માટેના શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૯. સ્થાનિક વિજ્ઞાનની કૉલેજો તરફથી યુનિવર્સિટીની વિજ્ઞાનના વિષયોની પ્રાયોગિક પરીક્ષા દરમ્યાન વપરાતા ગેસ (પેટ્રોલ) મટીરિયલ્સ વીજળી ખર્ચ ઇત્યાદિના ખર્ચમાં ભાવવધારાના કારણે હાલ આ ખર્ચ પેટે અપાતી રકમ વધેલા ભાવોના સંદર્ભમાં વધારવા અંગે આવેલ માગણીના અનુસંધાનમાં વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનો અભિપ્રાય માંગતાં તેઓએ સૂચવેલ નીચેના દર મુજબ માર્ચ ૧૯૭૮ની પરીક્ષાથી અમલી બને તે રીતે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. ફર્સ્ટ બી.એસસી.	૬ વિદ્યાર્થીએ	પ્રત્યેક દિવસના	૧ લિટર લેખે
૨. સેકન્ડ બી.એસસી.	૩ વિદ્યાર્થીએ	,,	૧.૨ લિટર લેખે
૩. થર્ડ બી.એસસી.	૩ વિદ્યાર્થીએ	,,	૧.૫ લિટર લેખે

[**નોંધ.**—ઉપરના દરોનો અમલ એપ્રિલ ૧૯૭૮ની પરીક્ષાઓથી કરવા ડીનશ્રીએ સૂચવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં વિજ્ઞાનના વિષયમાં પ્રાયોગિક પરીક્ષાઓ દરમ્યાન વપરાતા ગેસ (પેટ્રોલ), રસાયણ, વીજળી ખર્ચ, ઇત્યાદિના ખર્ચના પેટે કૉલેજોને આપવામાં આવતી રકમ અંગેનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને માર્ચ / એપ્રિલ ૧૯૭૮ની અને તે પછીની પરીક્ષાઓને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવો :

First Year B.Sc.	...	Rs. 4—75
Second Year B.Sc.	...	Rs, 12—25
Third Year B,Sc.	...	Rs, 31—00

૧૨૦. વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધીના પત્રવ્યવહાર દ્વારા અભ્યાસક્રમો શીખવવાની દરખાસ્તને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને જાન્યુઆરી ૧૯૭૮ના પત્રાંક એફ. ૮-૨ ૪૬—આઈ આર. થી મંજૂર કર્યાના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૧-૧-૧૯૭૮ની સભાના ઠરાવ અન્વયે કુલપતિશ્રીની સૂચના અનુસાર આ અભ્યાસ-ક્રમમાં જોડાવા ઇચ્છનાર વિદ્યાર્થીઓની અરજીઓ કાર્યાલય તરફથી મંગાવતાં આ અંગે બહુ જૂજ પ્રમાણમાં આવકાર મળ્યો જણાતાં આ અભ્યાસક્રમ શરૂ કરવો કે કેમ તે અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— આ અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છનાર વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ વર્ષ બી.એ. પરીક્ષા માટે ફક્ત ૫૦ વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં પત્રવ્યવહાર દ્વારા અભ્યાસક્રમ શરૂ કરવાની યોજના હાલ પડતી મૂકવી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને રાજ્ય સરકારને તે અંગે ઘટતી જાણ કરવી.

૧૨૧. યુનિવર્સિટી કોર્ટ સભ્ય શ્રી. એસ. બી. વોરાના ટેલિવિઝનનો અભ્યાસક્રમ દાખલ કરવા અંગેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. એપ્રિલ ૧૯૭૮માં લેવાયેલ ફર્સ્ટ બી.એસસી.ના કેટલાક વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ-અરજી કરેલ તે અંગે આવેલ ચુકાદાના આધારે જો કોઈ વિદ્યાર્થી ભારતની સર્વોચ્ચ અદાલતમાં અરજી કરે તો તે માટે તા. ૩૦—૯—૧૯૭૮ની આ અંગેની સમિતિએ ગુજરાત રાજ્યના એડવોકેટ જનરલ અને તેમની સાથે મદદ માટે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવા માટે ઉપરોક્ત સમિતિની ભલામણ મંજૂર રાખ્યાના;

૨. પીએચ.ડી. પદવી માટેના નીચે જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેઓને પદવી માટે પાત્ર જાહેર કર્યાના;

1.	Shri J. G. Kapadia	Chemistry Science	Synthesis of Nitrogen & Sulphur containing Physiologically active compounds.	Dr. J. J. Trivedi M. G. Sc., Insti. Ahmedabad—9.
2.	Shri B. G. Anand Rao	Physics Science	Studies on the Dynamics of the Equatorial Ionosphere.	Dr. R. Raghav Rao, P.R.L. Ahmedabad—9.

3.	P. D. Sharma	Political Science Arts	Swatantra Party in Gujarat–Rise Growth and Decline (1960 to 1972)	Prof D. N. Pathak Uni. School of Social Sciences, Ahmedabad–9.
4.	Mukul Sinha	Physics Science	Plasma instabilities and their non-Linear Stabilization	Dr. A. K. Sunderam P. R. L., Ahmedabad–9.
5.	P. Thrimurthy	Maths. Science	Contribution to the study of Artithmetic Functions.	Dr. A. M. Vaida Uni. School of Sciences, Ahmedabad–9.
6.	Kum. Nirmala Wilkhoo	Psychology Arts	Hand writing and personality	Dr. C. T. Bhopatkar Uni. School of Psychology, Ahmedabad–9.
7.	Shri P. F. Patel	Library Science	Public Library system for the Gujarat State A developmental plan.	Prof M. R. Kumbhar Karnatak Uni., Dharwar.
8.	K. N. Guruprasad	Botany Science	Biochemistry of some aspects of photomorphogenesis.	Dr. M. M. Laloraya Indore University.

૩. યુનિવર્સિટી કર્મચારી સંઘના આદેશ અન્વયે હેડ ક્લાર્ક ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ કક્ષા સુધીના કર્મચારીઓ તા. ૫–૧૦–'૭૮ થી ૧૦–૧૦–'૭૮ સુધી કરેલા સામૂહિક "ધરણા"ના સમય માટે જે તે કર્મચારીઓને રજાની સાથે એડજસ્ટમેન્ટ કરવા અંગેના;

નોંધ.— તા. ૧૨—૧૦—૧૯૭૮ના રોજ ૧—૫૦ કલાકે કર્મચારીઓ પોતાની ફરજ પર હાજર થયા હતા અને તા. ૧૧–૧૦–૧૯૭૮ દશેરાની જાહેર રજા હતી.

૪. શેઠ સુરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવીને ઑ. ૧૨૦–એની જોગવાઈઓને આધીન ૧૯૭૮—૭૯ના વર્ષ પૂરતું વિનયન વિદ્યાશાખામાં બીજા ગૌણ વિષય તરીકે ઇતિહાસ શીખવવા માટે પરવાનગી આપ્યાના;

૫. ડૉ. પી. પી. મહેતા તરફથી ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે પ્રત્યેક વર્ષે રૂ. ૭૫૦. એમ.બી.એ.નો અભ્યાસ કરનાર વિદ્યાર્થીને તથા એન. એચ. એલ. મેડિકલ કૉલેજમાં એમ.બી.,બી.એસ નો અભ્યાસ કરનાર વિદ્યાર્થીને ગુણવત્તા તથા આવકના ધોરણે સત્ર ફી પેટે ચૂકવવા માટે મળનાર પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના;

૬. ISRO તરફથી તેમના જુનિયર સ્ટેનોગ્રાફરની ઝડપ અને કામગીરી સુધારવા માટે Job Enrichment Programme સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેઇનિંગના ઉપક્રમે શરૂ કરવા માટે જ નીચે દર્શાવ્યા પ્રમાણેના કુલ ખર્ચ રૂા. ૫,૩૦૦ મંજૂર કર્યાના;

1. Rs. 20/- per Session × 144 Session	Rs. 2880=00
2. Course leader Honorarium	Rs. 300=00
3. Secretarial Services Charge	Rs. 300=00
4. Stationery expenses	Rs. 320=00
5. University charges (fees)	Rs. 1500=00
	Totals Rs. 5300=00

૭. ઑકટોબર / નવેંબર ૧૯૭૮માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં સંબંધકર્તા મુખ્ય નિરીક્ષકો તરીકેની ફરજ બજાવવા માટે જે તે કેન્દ્ર પરની કૉલેજોના આચાર્યો મારફતે મંગાવેલ મુખ્ય નિરીક્ષકોનાં નામોની ભલામણના આધારે તૈયાર કરેલ યાદી મંજૂર કર્યાના તથા જરૂર મુજબ નિમણૂક કર્યાના;

૮. માર્ચ-એપ્રિલ ૧૯૭૮માં બેઠેલી કેન્દ્ર પર લેવાયેલ ફર્સ્ટ બી.એ. પરીક્ષાના ઇતિહાસ વિષયની પરીક્ષામાં કેટલાક વિદ્યાર્થીઓએ ગેરરીતિ અજમાવ્યાનું જણાતાં વિદ્યાર્થીઓના સદરહુ પરીક્ષાનાં પરિણામો રદ કરી તેમને નાપાસ જાહેર કરેલ તે પૈકી તે કેન્દ્રના ૧૫ વિદ્યાર્થીઓએ તેમને કરવામાં આવેલ સજા સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ કરેલ છે તેથી આ કેસમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી સુરેશભાઇ એન. શેલતને રોકવા અંગે તેમજ તે અંગે થનારં ખર્ચની મંજૂરી આપ્યાના;

૯. શ્રી. સત્યેન્દ્ર ઝવેરીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલી સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૧૭૮૯/૧૯૭૮ માટે એડવોકેટ શ્રી. સુરેશ શેલતની યુનિવર્સિટીના એડવોકેટ તરીકે નિમણૂક કર્યાના;

૧૦. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજના મકાન આર.ટી.ઓ.ને લીઝ આપવા બાબતમાં ગુજરાત રાજ્યની વડી અદાલતમાં થયેલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૬૬માં યુનિવર્સિટીને પક્ષકાર બનાવેલ હોઇ યુનિવર્સિટી વતી શ્રી. સુરેશભાઇ શેલતને નીમ્યાના;

૧૧. શ્રી. પાંડુરંગ દેશપાંડે કૃત અંગ્રેજી-ગુજરાતી બૃહદ્કોશની પ્રથમ આવૃત્તિમાં ૫,૦૦૦ નકલ છાપવા માટેની મંજૂરી આપ્યાના;

૧૨. તા. ૧૭-૬-૧૯૭૮ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બાબત નં. ૨૪ અંગેના પરિશિષ્ટ "ચ" હેઠળ પ્રકાશન બોર્ડની કાર્યવાહીની (૧) બાબત નં. ૨ના ઠરાવના પાઠમાં તા. ૨૨-૩-૧૯૭૮ને બદલે તા. ૨૩-૭-૧૯૭૮ અને (૨) બાબત નં. ૪ના એજન્ડા તથા ઠરાવના પાઠમાં તા. ૧૭-૩-૧૯૭૮ને બદલે તા. ૧૭-૭-૧૯૭૮ મુજબની છાપભૂલો સુધારીને ક્રમાનુવર્તી તા. ૨૨-૩-૧૯૭૮ અને તા. ૧૭-૩-૧૯૭૮ તરીકે સુધાર્યાનાં;

૧૩. બોર્ડ ઑફ એકસ્ટ્રાકમ્યુરલ સ્ટડીઝ ઉપરથી દર વર્ષે યોજાતી "શ્રી. છગનલાલ ગોપાળજી સોલંકી શાંકરદર્શન વ્યાખ્યાનમાળા" માટે મુંબઈના સંન્યાસ આશ્રમના સ્વામીશ્રી અભેદાનંદજી (એમ.એ. ઇન્ડિયન ફિલો. ઍન્ડ રેલ.)ને નિમંત્રણ આપ્યાના. (આ વ્યાખ્યાનમાળા હેઠળ ૭ વ્યાખ્યાનો ઑકટોબર ૧૯૭૮માં આપવાનું વક્તાએ સ્વીકાર્યું છે.)

૧૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨—૭—૧૯૭૮ની સભામાં પ્રોફેસર અને રીડર ઇન જિયોલોજીની જગ્યા માટે વરણી સમિતિના સભ્ય તરીકે શ્રી. પી. વી. સ્વામીનાથન અને શ્રી. જે. નારાયણમુર્થિની નિમણૂક કરવાનું ઠરાવ્યું હતું પરંતુ સભ્યોની બહારગામ બદલીઓ થઈ હોવાથી તેઓની જગ્યાએ અનુક્રમે પ્રો. એસ. મુખર્જી અને ડૉ. એસ. એન. પુરી તથા લેકચરર ઇન જિયોલોજીની જગ્યા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨—૭—૧૯૭૮ની સભામાં શ્રી. પી. વી. સ્વામીનાથનને નીમેલા તેઓની જગ્યાએ પ્રો. એસ. મુખર્જીની નિમણૂક કર્યાના;

૧૫. અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીના શિક્ષણ માટે શ્રી વાડીલાલ લલ્લુભાઈ તરફથી મળેલ રૂ. ૬,૦૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના;

૧૬. શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગરના આચાર્યશ્રીને યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલાં ૨૮ પુસ્તકો દરેકની પાંચ પાંચ નકલની ૪૦ ટકા વળતરથી આપવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત. (નિયમ પ્રમાણે આ પુસ્તકો ઉપર ૨૫ ટકા કમિશન આપી શકાય પરંતુ દરેક પુસ્તકની સંખ્યા જોતાં ઉપરનું કમિશન આપવાનું ઠરાવ્યું છે).

૧૭. બીજી એલએલ.બી.ની પરીક્ષામાં "આચાર્યશ્રી એમ. એસ. પંડિત ચંદ્રક" (૧) હિન્દુ લૉ અને (૨) જ્યુરિસપ્રુડન્સ એમ બે વિષયોમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને અલગ અલગ ચંદ્રક એનાયત કરવા માટે સેક્રેટરી ગુજરાત લૉ સોસાયટી તરફથી મળેલ રૂ. ૧૫,૦૦૦ના પ્રદાનનો તથા માર્ચ ૧૯૭૮ની પરીક્ષા માટે ચંદ્રક એનાયત કરતા બીજા રૂ. ૧,૨૯૦ના પ્રદાનની રકમનો સાભાર સ્વીકાર કર્યાના.

૧૮. બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૮-૧૦-૧૯૭૮ના રોજ યોજવામાં આવેલ પેટાચૂંટણી અંગે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં એક વિદ્યાર્થી ઉમેદવાર તરફથી રિટ અરજી કરવામાં આવેલ તે અંગે યુનિવર્સિટી તરફથી, શ્રી. સુરેશભાઈ શેલતને એડવોકેટ તરીકે રોકયાના અને તે અંગેનો ખર્ચ મંજૂર રાખ્યાના.

૧૯. સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરને ઑ. ૧૨૦–એ ની જોગવાઈઓને આધીન ૧૯૭૮–૭૯ના વર્ષ પૂરતું વિનયન વિદ્યાશાખામાં બીજા ગૌણ વિષય તરીકે હિન્દી વિષય શીખવવા પરવાનગી આપ્યાના;

૨૦. માર્ચ–એપ્રિલ ૧૯૭૮માં લેવાયેલ સેકન્ડ બી.કૉમ. પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૩૧૭૮–૩૧૭૯ એ ગેરરીતિ અજમાવ્યા અંગેના કેસમાં વિદ્યાર્થીઓને તેમણે આ પરીક્ષામાં મેળવેલ ગુણ રદ કરી તા. ૩૧–૫–૧૯૮૦ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ-મનાઈ ફરમાવી છે તે નિર્ણય પર વિદ્યાર્થી નં. ૩૧૭૮ એ ગુજરાતની વડી અદાલતમાં રિટ-અરજી કરેલ હોઈ તે બાબતમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ તરીકે સુરેશભાઈ શેલતને રોકવા અને તે અંગેનો થનાર ખર્ચ મંજૂર રાખવા અંગેના;

૨૧. ઑક્ટોબર ૨૪થી ૨૬, ૧૯૭૮ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે The Teaching of Personnel Management in Management Education Course–પર યોજાયેલ Workshopમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર રુખસાના પઠાણને મોકલ્યાના;

૨૨. ઑક્ટોબર ૨૯થી નવેંબર ૪, ૧૯૭૮ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે યોજનાર Hormonal Steroidsની ૫મી આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. મિસ. એન. જે. ચિનોયને મોકલ્યાના;

[**નોંધ.**—૧. ડૉ. કુ. ચિનોયને એક બેઠકનું અધ્યક્ષપદ સંભાળવા નિમંત્રણ મળેલું છે.

૨. આ બહેનને રૂ. ૮૦૦ની રજિસ્ટ્રેશન ફી માટે કશી આર્થિક સહાય યુનિવર્સિટી તરફથી આપી શકાશે નહીં તેની સ્પષ્ટતા કરવામાં આવી છે.]

૨૩. ગુજરાત યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી બી. કે. ઝાલાની સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની રૂ. ૧૨,૦૦૦ની લોન મંજૂર કર્યાના;

૨૪. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૭૯થી જોડાણ માટેની અરજી પરત્વે નિમાયેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલના સંદર્ભમાં ચકાસણી કરવા માટે પ્રા. જે. એ. યાજ્ઞિકની બનેલી એક સભ્યની તપાસસમિતિ નીમ્યાના;

૨૫, ડિસેમ્બર ૨૮થી ૩૦, ૧૯૭૮ના સમય દરમિયાન અમદાવાદ મૂકામે યોજનાર Indian Society of Labour Economicsના ૨૦મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીક શ્રી વી. પી. ભારદ્વાજને નીમ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા.

૧૨૩. સદરહુ ક્રમાંકમાં કોઈ બાબત નથી.

૧૨૪. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામો સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) મુજબ પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	કુલ વેતન રૂ.	સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	લોનનો લપતો અંદાજે રૂ.	કયા કારણસર લોનની રકમની માગણી કરી છે?
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	શ્રી. આર. એચ. ભટ્ટ જુ. ક્લાર્ક	૮,૦૦૦	૮૪૯	હા	૧૫૦	મકાન મરામત
૨.	,, એન. એલ. વાઘેલા, નાયક	૮,૪૦૦	૫૪૦	હા	૭૦	હાઉસિંગ બોર્ડના મકાન માટે
૩.	,, બી.બી. મકવાણા, પ્લમ્બર	૪,૯૦૦	૫૦૭	ના	૪૫	મકાન મરામત
૪.	,, જી. એસ. બારોટ, વાયરમેન	૫,૫૦૦	૬૭૦	ના	૪૫	,,
૫.	,, બી. એન. કડિયા, પ્યુન-કમ-એટેન્ડન્ટ	૭,૦૦૦	૫૪૦	હા	૬૦	ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન માટે
૬.	,, ડી. બી. ગોવિંદાણી, મશીનમેન	૭,૦૦૦	૫૪૦	હા	૭૦	,, ,,
૭.	,, એન. એ. ગઢવી, સ્ટેનોગ્રાફર	૧૮,૦૦૦	૧,૧૧૦	હા	૨૦૦	,, ,,

(**નોંધ**—જે તે કર્મચારીઓને ઉપરોક્ત લોનમાંથી તેઓના ખાતે નીકળતી બિલ્ડિંગ લોન પ્રોવિડંટ ફંડ લોનની બાકી નીકળતી રકમ તથા તે પર જે વ્યાજ થતું હશે તે રકમ કાપીને બાકીની રકમ આપવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ હેતુ માટે તેમના નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૧૨૫. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડો. એમ. સી. જયસ્વાલનું રીડરના રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ મૂલ્યાંકન—૬૦—૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછી મૂલ્યાંકન કરવા અંગેની સમિતિ પર નીચે "અ" અને "બ"માંથી એક એક પ્રતિનિધિની તજજ્ઞ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—(અ) યુનિવર્સિટીએ આ બાબતમાં ઘડેલા નિયમો અન્વયે આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિએ તૈયાર કરેલી તજ્જ્ઞોની યાદી નીચે પ્રમાણે છે.]

List of experts for the assessments of Readers and Lecturers in Statistics

	Name	*Address*
1.	Dr. C. G. Khatri	Gujarat University, Ahmedabad–9.
2.	Dr. S. M. Shah	S. P. University, Vallabh Vidyanagar.
3.	Mrs. I. V. Bhanot	M. S. University of Baroda, Baroda.
4.	Dr. S. S. Sharma	South Gujarat University, Surat.
5.	Prin. D. G. Vashi	Navyug Science College, Rander Road, Surat.
6.	Dr. S. R. Adke	University of Poona, Poona–7.
7.	Dr. R. K. Kale	–do–
8.	Dr. B. D. Tikkiwal	Rajasthan University, Jaipur.
9.	Dr. S. V. Mitra	Indian Statistical Inst., 7, S. J. S. Sanssawala Marg, Delhi–110 029.
10.	Dr. Kanwer Sam	Delhi University, Delhi–110007.
11.	Dr. B. R. Bhatt	Karnatak University, Dharwar.
12.	Dr. S. M. Singh	Banaras Hindu University, Banaras.
13.	Dr. S. R. Srivastava	–do–
14.	Dr. Bhagavandas	Indore University, Indore.
15.	Dr. R. J. Modi	Sardar Patel Institute, Ahmedabad–9.
16.	Dr. M. C. Jaiswal	Gujarat University, Ahmedabad–9.
17.	Dr. A. V. Gajjar	–do–
18.	Dr. A. G. Pathak	M. S. University of Baroda, Baroda.
19.	Dr. Sri Hari	–do–
20.	Dr. P. C. Gupta	South Gujarat University, Surat.
21.	Shri B. B. Jani	Gujarat University, Ahmedabad.
22.	Dr. D. N. Shah	Sardar Patel University, Vallabh–Vidyanagar.

(બ) ઉપરોક્ત " અ " માંથી ડૉ. જયસ્વાલે સૂચવેલા તજ્જ્ઞોમાંથી એક તજ્જ્ઞનું નામ સૂચવવાનું રહેશે :

૧.	શ્રી. એસ. એમ. શાહ	એસ. પી. યુનિ., વલ્લભવિદ્યાનગર
૨.	ડૉ. એસ. એસ. શર્મા	ડિપાર્ટમેન્ટ ઑફ સ્ટેટિસ્ટિક્સ, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૩.	પ્રિ. ડી. જી. વશી	નવયુગ સાયન્સ કૉલેજ, રાંદેર રોડ, સુરત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્જ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૬. બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદના આચાર્યશ્રી જે. જી. પટેલનું રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦–એસેસમેન્ટ–૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછીનું મૂલ્યાંકન

કરવા અંગેની સમિતિ પર નીચેની યાદીઓ (અ) અને (બ)માંથી એક એક તજ્ઞની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) તજ્ઞની યાદી	(બ) તજ્ઞની યાદી
૧. શ્રી. પી. ડી. પાઠક	૧. પ્રો. પી. ડી. પાઠક
૨. શ્રી. એસ. ડી. વર્મા	૨. પ્રિ. ધ. એમ. બલસારા
૩. શ્રી. કે. એમ. કોટડિયા	૩. પ્રો. એમ. એમ. પટેલ
૪. શ્રી. એસ. પી. પંડ્યા	
૫. શ્રી. એ. આર. પટેલ	
૬. શ્રી. એમ. એમ. પટેલ	
૭. શ્રી. બી. આઇ. શેઠ	
૮. પ્રિ. ધ. એમ. બલસારા	
૯. ડૉ. શિરકે	
૧૦. ડૉ. કુમાર એસ. ભટ્ટ.	

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તજ્ઞોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના આચાર્યો/અધ્યક્ષો અને શિક્ષકોના મૂલ્યાંકન અંગેની સમિતિઓ પર તજ્ઞોની નિમણૂક કરવા માટેના પ્રસ્તાવો હવે પછી આ સભાગૃહ સમક્ષ રજૂ ન કરતાં તેમની નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત ક્રમાંક ૮૪ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૨૮. સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગરમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે શ્રી. વાય. એસ. હાશ્મીની નિમણૂક ઑર્ડિ. ૯૭ અનુસારની બનેલી વરણી સમિતિની નિષ્ણાતોની ગેરહાજરીમાં કરવામાં આવી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—કૉલેજો ખૂલી ગઈ હોવાથી તાત્કાલિક જરૂર હોવાથી નિમણૂક કર્યાનું કૉલેજે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક અંગેની કાર્યવાહી નવેસરથી કરીને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૧૨૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તા. ૨૪-૧૦-૧૯૭૮ના પત્ર ક્રમાંક એફ. ૫-૩૦ (૭૩) યુ.સી. થી નીચે જણાવેલ બાબત પર વિચારણા કરવા બાબત :

"In addition to maintaining separate account for each grant paid by the Commission, the Universities should deposit the amounts released by the Uni-

versity Grants Commission for the development schemes in the separate accounts and such grant should not be used as 'Ways and means' source of funds for the normal running of the University."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩૦. પાંચમી પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં સંલગ્ન બિનસરકારી કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોને લઇને મોંઘવારી ભથ્થામાં થયેલ વધારાના કારણે થતા તફાવતની રકમ અનુદાનને પાત્ર ગણવા અંગે રાજ્ય સરકારને લખતાં શિક્ષણ નિયામકશ્રીએ તેમના તા. ૨૫-૧૦-૧૯૭૮ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું હોઈ રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના ઠરાવના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

"બીન સરકારી કૉલેજ (શિક્ષકોના પગાર સિવાયના અન્ય વધેલા આનુસાંગિક ખર્ચાઓ જેવા કે મોંઘવારી, સી.એલ.એ.. એચ.આર.એ. વગેરે માટે તા. ૧-૧-૧૯૭૩ થી ૩૧-૩-૧૯૭૭ સુધીના સમયની ૧૦૦ ટકા ગ્રાન્ટને પાત્ર ગણવા અંગેની આપની દરખાસ્ત સ્વીકારી શકાય તેમ નથી જે વિદિત થાય."

[**નોંધ.**—યુનિવર્સિટી કોર્ટની માર્ચ ૧૯૭૮ની સભામાં થયેલ રજૂઆતને કારણે કુલપતિશ્રીએ રાજ્ય સરકારને પત્ર પાઠવ્યો હતો.]

આથી ઠરાવવામાં આવે છે કે પાંચમી પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં સંલગ્ન બિનસરકારી કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોને કારણે કૉલેજોને માટે વધારાનો જે આર્થિક બોજ વધે તે સંપૂર્ણ રીતે આવરી લઈને રાજ્ય સરકારે કૉલેજોને અનુદાન આપવું જોઈએ એમ, રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના ઠરાવ નં. એમ.આઈ.એસ.-૧૦૭૫-૪૯૪૭-ખના સંદર્ભમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરીને તે અંગે પુનઃ વિચારણા કરવા માટે તેને વિનંતી કરવી.

૧૩૧. શ્રી પટેલ કશ્યપ પ્રમુખલાલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા પસાર કરી ન હોવા છતાં તે યુનિવર્સિટી પરીક્ષાનું ગુણપત્રક મેળવીને અમદાવાદ કૉમર્સ કૉલેજમાં ફર્સ્ટ બી.કૉમ.ના વર્ગમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ મેળવ્યો છે તે મતલબની તા. ૨૮-૩-૧૯૭૮ની અરજી પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**— ૧. માર્ચ ૧૯૭૮ ની ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષા માટેના આવેદનપત્રમાં વિદ્યાર્થીએ ૧૯૭૪ માં પ્રી-કૉમર્સની પરીક્ષા અમદાવાદ કેન્દ્રથી આપી પ્રમોટેડ થયા છે તેમ જણાવ્યું છે.

૨. અમદાવાદ કૉલેજના આચાર્યશ્રી જણાવે છે કે આ નામના કોઈ વિદ્યાર્થી તેમની કૉલેજમાં નથી. વિદ્યાર્થીએ બદઈરાદાથી ફોર્મ ભર્યું છે જે કૉલેજની શરતચૂકથી મોકલાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીનો માર્ચ/એપ્રિલ, ૧૯૭૮ની એફ.વાય.બી.કૉમ.ની પરીક્ષાનો પ્રવેશ રદ કરવો તથા તેને ડિસેમ્બર ૧૯૮૧ સુધી આ યુનિવર્સિટીના કોઈ પણ અભ્યાસક્રમમાં અને પરીક્ષામાં પ્રવેશ માટે મનાઈ ફરમાવવી અને આ ઠરાવની જાણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને કરવી.

૧૩૨. એકિઝકયુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી ગ્રંથાલયમાં પુસ્તકોની ખરીદી અંગે નીમેલી 'Fact Finding' સમિતિમાં પ્રો. એસ. આર. ભટ્ટની નિમણૂક કરી હતી. પ્રો. ભટ્ટ નિવૃત્ત થયા હોવાથી એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે રહ્યા હતા તો તેઓ આ સમિતિના સભ્ય તરીકે ચાલુ રહે છે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આચાર્ય એસ. આર. ભટ્ટની જગ્યાએ આચાર્ય હરિશંકર પંડયાની નિમણૂક કરવી.

૧૩૩. યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયોના બાંધકામ અંગેની યોજના માટે રાજ્ય સરકારશ્રીના ફાળા તરીકે યુનિવર્સિટી ½ ગ્રાન્ટ રૂપે તથા ½ લોન રૂપે આર્થિક સહાય આપવાની તેમના તા. ૨૫-૩-૧૯૭૬ના ઠરાવથી મંજૂરી આપેલ. ત્યાર બાદ સરકારશ્રીના તા. ૧૭-૧૨-૧૯૭૭ના ઠરાવ અનુસાર રાજ્યની યુનિવર્સિટીઓ પાસે તા. ૩૧-૩-૧૯૭૭ના રોજ બાકી રહેતી લોન ગ્રાન્ટમાં ફેરવવા અંગે મંજૂરી આપેલ તેના સંદર્ભમાં સદરહુ છાત્રાલયો માટે અગાઉ મંજૂર કરેલ લોન પૈકી રૂ. ૮૩,૭૧૪-૦૦ની રકમ ગ્રાન્ટમાં ફેરવીને યુનિવર્સિટીને ચૂકવવા અંગેના તેમના તા. ૨૪-૧૦-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી-૧૧૭૮-૫૯૫૭૦-ખ થી મંજૂર કર્યાની નોંધ લવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૩૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) માર્ચ-એપ્રિલ ૧૯૭૮માં ભૂજ કેન્દ્ર પર લેવાયેલ પ્રી-કોમર્સ પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૫૦૯૩ ને બદલે બેઠેલ સેકન્ડ બી.કોમ. પરીક્ષાના બેઠક નંબર ૬૨૮૪ થી જયેશ એલ. મહેતાએ ગુજરાતની વડી અદાલતમાં રિટ. સિવલ એપ્લિકેશન નં. ૨૨૨૧ થી રિટ કરેલ હોઈ તે અંગે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના અને તે અંગેનું ખર્ચ મંજૂર કર્યાના;

(૨) ગવર્નમેન્ટ ડેન્ટલ કોલેજમાં તેજસ્વી છતાં પાતળા સાધનવાળા (Merit-cum-Means) ના ધોરણે બી.ડી.એસ.ના વિદ્યાર્થીને એક શિષ્યવૃત્તિ આપવા માટે ડા. કાન્તિલાલ ન. લંગાલિયા તરફથી " શ્રી નરોત્તમદાસ લવજી લંગાલિયા (દાંતના ડૉકટર પટણી) શિષ્યવૃત્તિ એનાયત કરવા મળેલ રૂા. ૧૫,૦૦૦ ના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના;

(૩) શ્રી બી. વી. પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી ફાઈનલ બી.ફાર્મ. પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને " બી. વી. પટેલ મેમોરિયલ ચંદ્રક " એનાયત કરવા માટે મળેલ રૂા. ૭૫,૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૩૫. ડિસેમ્બર ૨૯ થી ૩૧, ૧૯૭૮ના સમય દરમિયાન અંગ્રેજી વિષયના શિક્ષકોનું ૨૯મું અખિલ ભારતીય અધિવેશન જયપુર મુકામે મળનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩૬. ડિસેમ્બર ૨૬ થી ૩૦, ૧૯૭૮ના સમય દરમ્યાન એસોસિયેશન ઑફ સર્જન્સ ઑફ ઇન્ડિયાનું વાર્ષિક અધિવેશન ગૌહતી મુકામે યોજનાર છે તે સમયે અને સ્થળે ઇન્ડિયન ઓર્થોપેડિક એસોસિયશનનું પણ અધિવેશન છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩૭. સને ૧૯૭૮–૭૯ના વર્ષ માટે કાનૂની ખર્ચ અંગે અંદાજપત્રમાં રૂ. ૫૦,૦૦૦-૦૦ની જોગવાઈ કરવામાં આવેલી છે. પરંતુ આ અંગેની જરૂરિયાત જોતાં રૂ. ૪૫,૦૦૦-૦૦ની વધારાની જોગવાઈ કરવા વિચારણા કરવા બાબત, તથા ફર્સ્ટ બી.એસસી. પરીક્ષામાં બેઠેલા કેટલાંક વિદ્યાર્થીઓ સામે ગેરવાજબી ઇલાજો અજમાવ્યાની ફરિયાદ અંગે લીધેલાં પગલાં સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં તેઓએ રિટ અરજીઓ કરી હતી તે માટે રોકેલા એડવોકેટ (૧) શ્રી. સુરેશભાઇ શેલતનું બીલ રૂ. ૧૬,૯૧૩-૦૦ તથા (૨) શ્રી. જે. એમ. ઠાકોર, એડવોકેટ જનરલનું બીલ રૂ. ૪૭,૩૫૫-૦૦ની રકમ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ (૧૯૭૮–૭૯)ના અંદાજપત્રમાં કાનૂની ખર્ચ અંગે રૂ. ૫૦,૦૦૦–(રૂપિયા પચાસ હજાર)ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૧,૧૦,૦૦૦ (રૂપિયા એક લાખ દશ હજાર)ની કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એફ.વાય.બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓના કેસો અંગે ગુજરાતની વડી અદાલતમાં કરવામાં આવેલી કાર્યવાહીની બાબતમાં યુનિવર્સિટી તરફથી રોકવામાં આવેલા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતનું રૂ. ૧૬,૯૧૩/-૦૦નું બીલ તથા એડવોકેટ જનરલ શ્રી. જે. એમ. ઠાકોરનું રૂ. ૪૭,૩૫૫નું બીલ મંજૂર કરવું અને તે મુજબ તેની ચુકવણી કરવી.

૧૩૮. ઓર્ડિનાન્સ ૧(૪) હેઠળ પબ્લિકેશન બોર્ડના નીચેના સભ્યોના સભ્યપદની મુદત તા. ૨–૧૨–૧૯૭૮ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગાએ ત્રણ વર્ષ માટે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. ડૉ. વી. સી. શાહ	૫. ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
૨. પ્રો. અનંતરાય રાવળ	૬. આચાર્ય એસ. આર. મહેતા
૩. ડૉ. એમ. એન. દેસાઈ	૭. આચાર્ય દર્શનસિંગ એમ. શીખ.
૪. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી	

[**નોંધ.**— ઓર્ડિનન્સ ૧(૪)ના સંબંધકર્તા પાઠનો ભાગ નીચે પ્રમાણે છે :

(4) Seven persons appointed by the Executive Council five of whom shall be from amongst the Heads of the University Departments, Heads of Recognised Institutions and members of the Board of University Teaching.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર ત્રણ વર્ષ માટે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. રમણુલાલ જોશી
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૫. આચાર્ય દાઉદભાઈ ઘાંચી
૬. પ્રો. મહેશભાઈ ભટ્ટ
૭. આચાર્ય દર્શનસિંગ શીખ.

૧૩૯. ફેબ્રુઆરી ૧૯૭૯ના સમય દરમિયાન ભાવનગર મુકામે ભાવનગર ગ્રેાડકેંદ્રવર્તી કાઉન્સિલ એન્ડ સેન્ટ્રલ સેાલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે "Pollution Hazards and Control" પર પરિસંવાદ યેાજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મેાકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪૦. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પેાર્ટસ એન્ડ રિક્રિયેશન કલબને ૧૯૭૮—૭૯ના વર્ષ માટે સદરહુ કલબની પ્રવૃત્તિઓ યુનિવર્સિટી કાર્યાલયના ચાલુ સમય (રિસેસ સહિતના) દરમ્યાન કરવામાં આવે નહીં તે શરતે રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરી હતી. તેના સંદર્ભમાં "રિસેસ સહિતના" શબ્દોને બદલે "રિસેસ સિવાય" શબ્દો રાખવા એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. શરદભાઈ પટેલના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મેાકૂફ રાખવી.

૧૪૧. ઓકટેાબર ૧૯૭૮માં લેવાયેલ થર્ડ બી. કેામ. પરીક્ષામાં ઉત્તરપત્રેા પર ડમી નંબર આપવાની પ્રથા ચાલુ રાખવામાં આવી હેાઈ તે અંગેના અંદાજી ખર્ચ રૂ. ૪,૮૦૦-૦૦ (અંકે રૂપિયા ચાર હજાર આઠસેા) મંજૂર રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નેાંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નેાંધ લેવી.

૧૪૨. ડિસેમ્બર ૨૮ અને ૨૯, ૧૯૭૮ના સમય દરમિયાન "All India Law Teachers association"નું ૧૮મું વાર્ષિક અધિવેશન "રાંચી" (બિહાર) મુકામે યેાજનાર હેાઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મેાકલવા અંગે વિચારણા કરવા બાબત.

નેાંધ.—અધિવેશનમાં નીચેના મુદ્દા પર ચર્ચા યેાજનાર છે :

1. Reform in Indian Legal Education
2. Problem of Law teachers.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪૩. ડિસેમ્બર ૨૮થી ૩૦, ૧૯૭૮ના સમય દરમિયાન "Indian Political Science Association"નું પતિયાળા મુકામે ૩૮મું વાર્ષિક અધિવેશન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—નીચેના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા યોજનાર છે :

1. Values in Political Theory
2. Political Culture in Post-Independent India
3. Revision of the Indian Constitution
4. Rural Government and Politics in India
5. Foreign Policy and World Order : The Role of the Third World
6. Vidhan Sabha Elections 1978
7. Government and Politics in the State of Punjab.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪૪. જાન્યુઆરી ૧૯થી ૨૨, ૧૯૭૯ના સમય દરમિયાન "The Association of Physicians of India"નું વાર્ષિક અધિવેશન અન્ય તબીબી એસોસિયશનના સહકારથી મદ્રાસ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪૫. વાણિજ્યના નવા માળખા પ્રમાણેનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૮થી અમલમાં આવેલો હોઈ O.Com. આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત (પરિશિષ્ટ સામેલ નથી).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિ. કૉમ. ૧ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૮થી અમલમાં આવેલો ગણવો.

૧૪૬. નવેમ્બર ૧૪ અને ૧૫, ૧૯૭૮ના સમય દરમિયાન નવી દિલ્હી મુકામે યોજવામાં આવેલ "International Trade" પરના રાષ્ટ્રીય પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. માધવ કેકરને મોકલ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૪૭. વૈદ્યશ્રી. એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદની સામે જરૂરી પગલાં ભરવા અંગે ગુજરાત રાજ્યના સંયુક્ત સચિવશ્રીએ તેમના તા. ૯-૧૦-૧૯૭૮ના પત્રાંક એનજી. ૧૩૭૮-૫૬૧૯૦-ખ કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૮. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના અધ્યક્ષ શ્રી એમ. પી. કક્કર "Award of Mutual Educational Exchange Grant by the Council for International Exchange of Scholar's Washington D.C." માટે પૂરા સમયના વિઝિટિંગ રિસર્ચ સ્કૉલર તરીકે પસંદગી પામ્યા હોઈ તેઓને અંદાજે ૧૦ નવેમ્બર ૧૯૭૮ થી ૩૧ માર્ચ ૧૯૭૯ સુધીની રજા આપવા અંગે પુનઃવિચારણા કરવા અંગેના તેઓના તા. ૨૫-૯-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં આ વિનંતી મંજૂર કરવામાં આવી ન હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના અધ્યક્ષ ડૉ. એમ. પી. કક્કરને સદરહુ યોજના હેઠળ વિઝિટિંગ રિસર્ચ સ્કૉલર તરીકે કામ કરવા માટે તા. ૧૫-૧-૧૯૭૯થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીની રજાઓ નીચેની શરતોએ મંજૂર કરવી :

(૧) તેઓ રજા ઉપર જાય તે સમયગાળા માટે તેમને મૂળ માસિક પગારના ૫૦ ટકા જેટલી રકમ માસિક વેતન તરીકે આપવી;

(૨) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થશે અને તે પછી ઓછામાં ઓછાં ચાર વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે એ મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે;

(૩) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં;

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહીં તો તેમને રજા દરમ્યાન આપવામાં આવેલ પગારની રકમ ઉપરાંત તથા ત્રણ માસના પગાર-(ભથ્થાં સહિત) જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરશે. અને

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૧૪૯. સંલગ્ન કૉલેજના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

૧. સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી.

૨. સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂકો અમાન્ય કરવામાં આવી છે તેમની યાદી.

૩. આ અગાઉ માન્ય થયેલ શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજોમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૫૦. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં સ્વીકારવામાં આવેલ "આચાર્યશ્રી કાલિદાસ દવે પારિતોષિક અંગેના નિયમોને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૧૫૧. સને ૧૯૭૮-૭૯ના વર્ષ માટે ચૂંટાયેલા બોર્ડ ઑફ એકાઉન્ટ્સના નીચેના ત્રણ સભ્યો હવે કોર્ટના સભ્ય તરીકે ચાલુ રહેતા ન હોવાથી તેમની જગાએ સ્ટ. ૧૨૯-સી પ્રમાણે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય ન હોય તેવા કોર્ટના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. આચાર્ય જશભાઈ ગોરધનભાઈ પટેલ
૨. આચાર્ય વિનોદરાય ફુલચંદ શાહ
૩. આચાર્ય છોટાલાલ છગનલાલ ત્રિવેદી.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ (૧૯૭૮-૭૯) માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ખાલી પડેલી જગ્યાઓ પર નીચે મુજબ નિમણૂકો કરવી :

૧. આચાર્ય જે. ડી. તલાટી
૨. શ્રી. એસ. બી. વોરા
૩. શ્રી. સી. બી. મહેતા.

૧૫૨. ફાઇનાન્સ સમિતિના સભ્ય ડા. બિહારીલાલ કનૈયાલાલ શાહ એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે ફારેગ થયેલ કાર્ય તેમની જગાએ નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહની જગ્યાએ શ્રી. નરહરિ પરીખની નિમણૂક કરવી.

૧૫૩. સંઘી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર તરફથી જૂન ૧૯૭૯થી બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી, તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને અરેબિકના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી સમયમર્યાદા બહાર છે, પરંતુ વિદ્યાર્થીઓને નવા વિષયોના વિકલ્પની સુવિધા મળે તેમ હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) અન્વયે તે સ્વીકારવા માટે કુલપતિશ્રીએ કરેલી ભલામણને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણ અરજી સ્વીકારવી અને તે અંગે સ્થાનિક તપાસ-સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫૪. લાઇફ ઇન્સ્યુરન્સ કંપની તરફથી ક્લેરિકલ આસિસ્ટન્ટની ભરતી કરવા માટેના પ્રાથમિક ટેસ્ટિંગનું કામ અંગેનો રૂ. ૫,૦૫૦નો અર્થ મંજૂર રાખી અને તે પ્રમાણે તેમની પાસેથી મેળવવા માટેની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૫૫. ફાઇનાન્સ સમિતિની તા. ૧૬-૧૧–૧૯૭૮ના રોજ મળેલી સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫૬. ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ ઍસોસિયેશનના ૬૫મા અધિવેશન માટે મળેલ કુલ અનુદાનમાંથી ખર્ચ બાદ કરતાં વધેલી રૂ. ૧,૮૧,૫૬૯-૩૩ની રકમનું ઇયરમાર્ક ફંડ કરી તેના વ્યાજમાંથી વિજ્ઞાન વિદ્યાશાખામાં શિષ્યવૃત્તિઓ આપવા અને અથવા સામયિકો ખરીદવાનું મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૫૭. સમાજવિદ્યા ભવનના મકાનમાં અધ્યક્ષશ્રી માટે જેકોફોન સાથે એક વધુ ટેલિફોન માટેની માગણી અંગે આવેલા પત્ર નં. ૩૦૪૨ તા. ૨૪-૮-૧૯૭૮ પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ પત્રની નકલ આ સાથે સામેલ છે. હાલ ભવનમાં એક ટેલિફોન લાઈન છે. વાર્ષિક ખર્ચ અંદાજે રૂ. ૩૦૦૦+૧૧૦૦ એક વખતનું ખર્ચ જેટલું થવા જાય છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૫૮. ડિસેમ્બર ૯/૧૦, ૧૯૭૮ના સમય દરમ્યાન "The Indian Council of Legal Aid and Advice"ના ઉપક્રમે "Effective Implementation of Legal Aid" વિષય પર એક પરિસંવાદ ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫૯. સોવિયેટ ફેરેન ટ્રેડ ઓર્ગેનાઈઝેશન તા. ૧૨થી ૧૪ ડિસેમ્બર ૧૯૭૮ દરમ્યાન મુંબાઈ મુકામે "New third generation Soviet EC-1033 Computer System and latest technological advancements in Computer field in the USSR" વિષય પર પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણને આધીન પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉન્સિલ / ૯૯૨૪૧ / ૧૯૭૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૬-૧૨-૧૯૭૮

કે. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૫૧

ફાઇનાન્સ સમિતિની એક સભા, તા. ૨૫--૯--૧૯૭૮ ને સોમવારના રોજ બપોરના ૩--૦૦ કલાકે કુલપતિશ્રીના નિવાસસ્થાને મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨.	શિક્ષણનિયામકશ્રી	ગેરહાજર
૩.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૪.	ડૉ. વિનોદકાન્ત સી. શાહ	હાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૪--૮--૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૨૪--૮--૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી માટે જરૂરી સ્ટેશનરી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વેપારીઓનાં આવેલ ટેન્ડરો અને તે સાથે આપવામાં આવેલા નગૂના જોતાં આ સાથેના **પરિશિષ્ટ "આ"** માં બતાવ્યા પ્રમાણેની સ્ટેશનરી ખરીદવી.

૩. જ્ઞાનકોશ/વિજ્ઞાનકોશના મુદ્રણ કામ માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મુદ્રણકામ માટે આવેલ બે ટેન્ડરોમાંથી બન્ને મુદ્રણાલયને ટેન્ડરની શરતો પ્રમાણે અને નીચેના ભાવે જરૂર પડે તેમ કામ સોંપવું :

પ્રેસનું નામ	રનિંગ કમ્પોઝ એટલે કે ગુજરાતી, હિંદી, અંગ્રેજી	વિજ્ઞાનવિષયક કમ્પોઝ	ગણિતવિષયક	૧/૮ રૉયલ પુસ્તક માટે છાપકામ			સ્ટાન્ડર્ડ ૧૯૬૭ અથવા બેસ્ટ ક્વોલિટી કક્ષાની સ્ક્રીન પ્રિન્ટિંગ કરીને	૩૦૦૦ નકલનો ભાવ ફુલ કલોથ ભારે બાઇન્ડિંગ
				એક રંગમાં	બે રંગમાં	ત્રણ રંગમાં		
૧. આણંદ પ્રેસ, આણંદ	—	એક પેજના રૂ. ૪૫	—	—	—	૩૦૦૦ કવરો છાપેલાં વૉનિશ કરેલાં ૧૩૦ ગ્રામેજવાળાં આર્ટ પેપર ઉપર રૂ. ૧,૭૦૦	—	૧ નંગના રૂ. ૨—૫૦ પૈ. ગોલ્ડ લીફ ફોઇલ એમ્બોઝિંગ દરેક ચોરસ અથવા તેના ભાગ માટે ૦—૫ ન. પૈ. જો કલોથ ઉપર સ્ક્રીન પ્રિન્ટિંગ કરાવવું હોય તો તે આપે (યુનિવર્સિટીએ) કરાવવું પડશે તે માટેનાં કલોથ કવરો અમે તૈયાર કરી આપીશું.
૨. મોડર્ન પ્રિન્ટર્સ, અમદાવાદ-૬	રૂ. ૪૫	રૂ. ૪૫	રૂ. ૪૫,૪૫૦	રૂ. ૯૦૦ ફક્ત પ્રિન્ટિંગ મજૂરીના	૧૩૫૦		—	૧૦૦ નકલના રૂ. ૩૦૦ માટે ૩,૦૦૦ નકલના રૂ. ૯,૦૦૦

૪. યુનિવર્સિટી કાર્યાલય, મનોવિજ્ઞાન વિદ્યાભવન, પ્રેસ તથા સમાજવિદ્યા ભવનના વોટરકૂલરને મે. વોલ્ટાસ લિ. સાથે સર્વિસ કોન્ટ્રેક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં નીચેનાં વોટરકૂલર્સને મે. વોલ્ટાસ લિ. સાથે એક વર્ષ માટે તા. ૧--૧૦--૧૯૭૮થી તા. ૩૦--૯--૧૯૭૯ સુધી સર્વિસ કોન્ટ્રાકટ કરવો અને તે અંગે રૂ. ૨,૨૦૦ (રૂપિયા બે હજાર અને બસો) સુધીનો ખર્ચ મંજૂર કરવો :

વોટરકૂલર નંબર	સ્થળ
૧. આર. ૪૦—૫૦૦--૬૬૮૯૫	મનોવિજ્ઞાન ભવન
૨. આર. ૪૦—૫૦૦—૬૬૯૦૪	યુનિવર્સિટી પ્રેસ
૩. આર. ૪૦—૫૦૦—૬૬૯૦૬	સમાજવિદ્યા ભવન
૪. એસ.સી. ૪૦—૪૦—૭૦૦—૭૮૭૦૩	યુનિવર્સિટી કાર્યાલય

૫. યુનિવર્સિટીના ભૌતિકવિજ્ઞાન વિદ્યાભવનના એરકન્ડિશનર મશીન તથા વોટરકૂલરને મે. વોલ્ટાસ લિ. પાસે રિપેર કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિકવિજ્ઞાન વિભાગના તુપાર વોટરકૂલર નંબર આર—૪૦—૬૩૨૧૨ તથા ક્રિસ્ટલ રૂમ એરકન્ડિશનર બી—૧—ઝેડ નં. ૧૪૮૮૨૪ તથા મોડલ બી—૧, ઝેડ નં. ૧૮૪૪૬૬ને મે. વોલ્ટાસ લિ., અમદાવાદ પાસે તેમના તા. ૩૧—૭--૧૯૭૮ના પત્રમાં જણાવેલ શરતો મુજબ રૂ. ૨,૯૭૦ (રૂપિયા બે હજાર નવસો સીતેર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૬. યુનિવર્સિટીના પ્રાધ્યાપકોને અભ્યાસ-રજા કે અન્ય જગાએ પ્રતિનિધિ તરીકે નિમણૂકની મંજૂરી આપીએ ત્યારે તેના આનુષંગિક ખર્ચા, જેવા કે તાર, ટ્રંકકોલ વગેરે ખર્ચ કરે તો માન્ય કરવો કે નહિ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રાધ્યાપકોને અભ્યાસ-રજા કે અન્ય જગ્યાએ પ્રતિનિધિ તરીકે નિમણૂકની મંજૂરી આપવામાં આવી હોય અને તે કામ માટે તેઓને જો કોઈ પણ વેતન મળતું હોય તો તાર, ટપાલ કે ટ્રંકકોલ વગેરેનું આનુષંગિક ખર્ચ યુનિવર્સિટીએ આપવું નહિ, પરંતુ જે કામ માટે તેઓને કોઈ પણ વેતન ન હોય તો તાર, ટપાલ કે ટ્રંકકોલ વગેરેનું આનુષંગિક ખર્ચ યુનિવર્સિટીએ આપવું.

૭. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨—૯—૧૯૭૮ની સભામાં બાબત ક્રમાંક ૫૯ આ સમિતિની વિચારણા માટે મોકલેલ છે તેના પર વિચારણા કરવા બાબત.

"યુ.જી.સી.એ એડોપ્ટ કર્યા પ્રમાણેના મોડલ બજેટ ફૉર્મ પ્રમાણે યુનિવર્સિટીનાં બજેટ તૈયાર કરવાનું સૂચવતા યુ.જી.સી.ના પત્ર ક્રમાંક એસ. ૧ ૪૦—૬૦ (સીટીએચ.સી.પી., પાર્ટ ૨), તા. ૫—૮—૧૯૭૮ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અભિપ્રાય માટે મોકલવી.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના સેન્ટ્રલ લેબોરેટરી માટે Irrespectro-photometer Acculab Model—6ને બદલે Model—10 ખરીદવા માટે કુલપતિશ્રીએ મંજૂરી આપેલ છે તેની નોંધ લેવા.

(નોંધ.—મે. વેકમૅન ઈન્સ્ટ્રુમેન્ટ કું.એ Model—6ને બદલે મોડલ નંબર બદલ્યો છે તે જાણ સારુ.)

અને

૯. વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરેટરી માટે ખરીદવામાં આવેલ માઈક્રોસ્કોપ માટે ટ્રાન્સફોર્મર આયાત કરવા માટે રૂ. ૩,૦૦૦(રૂપિયા ત્રણ હજાર)ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બન્ને બાબતોની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવી.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ડિજિટલ ચાર્ટ રેકોર્ડર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ડિજિટલ ચાર્ટ રેકોર્ડર નંગ (૧૫) પંદર મે. ડિજિટલ ઈલેકટ્રોનિકલ લિ., મુંબઈ પાસેથી તેઓના તા. ૭—૯—૧૯૭૮ના પત્રમાં જણાવેલ શરતો મુજબ ખરીદવા અને આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧,૫૦૦(અંકે રૂપિયા એક હજાર પાંચસો)નો ખર્ચ મંજૂર કરવો.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ટેન્ડરમાં જણાવેલ શરતો પ્રમાણે આ સાથેના **પરિશિષ્ટ "બ"**માં બતાવ્યા પ્રમાણેનાં ખરીદવાં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "અ"

ક્રમ	વસ્તુનું નામ	જથ્થો	વેપારીનું નામ	ભાવ રૂ. પૈસા	નોંધ
૧.	કાળી પેન્સિલ (નટરાજ) યુનિવર્સિટીનું નામ છાપીને આપવાની રહેશે (એક ગ્રોસનો ભાવ)	૨૦ ગ્રોસ	રવાણી એન્ડ કું.	૩૯--૦૦	સારી જાતની હોવાથી
૨.	લાલ પેન્સિલ (નટરાજ)	૧૦ ગ્રોસ	યુનિવર્સલ	૫૪--૦૦	,,
૩.	વાદળી પેન્સિલ (નટરાજ)	૧૦ ગ્રોસ	યુનિવર્સલ	૫૪--૦૦	,,
૪.	શોર્ટ-હેન્ડ પેન્સિલ હિન્દુસ્તાન આર-૪૧	૧૦ ગ્રોસ	રવાણી એન્ડ કું.	૩૭--૯૦	,,
૫.	યૂ ક્લિપ એક પેકેટમાં ૧૦૦ નંગ નમૂના મુજબ	૧૫૦૦ પેકેટ	કોન્ટ્રાક્ટર કોર્પોરેશન	૦--૪૯	સૌથી ઓછા ભાવ હોવાથી
૬.	ટાંકણી ૮૦ ગ્રામ નેટ વજન—મહાવીર	૩૦૦૦ પેકેટ	વિનસ કાર્પોરેશન	૦--૯૫	,,
૭.	બોસ્ટીચ પિન પેકેટ ૨.૪-૬ ૧૦૦૦ પિનનું એક એવાં નાનાં પેકેટ એવર સાઈન	૧૦ ગ્રોસ પેકેટ	કોન્ટ્રાક્ટર કોર્પોરેશન	૧૨--૪૬	,,
૮.	બોસ્ટીચ પિન પેકેટ નં. ૧૦ ૧૦૦૦ પિનનું એક એવાં નાનાં પેકેટ પ્રજાર્ષ	૩ ગ્રોસ પેકેટ	વિનસ કોર્પોરેશન	૧૧--૪૮	,,
૯.	રબરરિંગ પેકેટ નેટ વજન ૮૦ ગ્રામ	૧૫૦૦ પેકેટ	,,	૨--૩૩	સારી જાતનાં
૧૦.	શાલી પેન્સિલ રબર સેન્ડો એલ. ૭૨ સેન્ડો એલ. ૭૨	૫ ગ્રોસ	જથ્થો	૪--૯૯	હોવાથી
૧૧.	ટાઈપ રબર સેન્ડો	૧ ગ્રોસ	,,	૩૩--૦૦	,,
૧૨.	ટાઈપ રિબન	૨૧ ડઝન કોરસ	કોન્ટ્રાક્ટરકોર્પોરેશન	૮૨--૧૦	,,
		૨૧ ડઝન બીસીઆર	વિનસ કાર્પોરેશન	૭૫--૯૬	,,
૧૩.	કરેક્ટિંગ ઈન્ક બોટલ	૪૨ ડઝન ગેસ્ટેટ નર	ઈન્ડિયન ડુપ્લિકેટર્સ પ્રા. લિ.	૬૮--૪૦	સારી જાતની હોવાથી
		૪૨ ડઝન કોરસ	કોન્ટ્રાક્ટર કોર્પોરેશન	૪૭--૯૬	,,
૧૪.	ટાઈપ કાર્બન પેપર ફૂલસ્કેપ સાઈઝ	૨૫૦ પેકેટ કોરસ ૫૦૩	રવાણી એન્ડ કું.	૨૬--૫૧	,, ,,
		૨૫૦ પેકેટ બીસીઆર ૧૧૨૨	,,	૨૩--૪૦	,

૧૫.	ટાઈપ કાર્બન બ્રિફ સાઈઝ	૨૫ પૅકેટ કોરસ ૫૦૩	,,	૧૩--૦૨	,,
		૨૫ પૅકેટ બીસીઆર ૧૧૨૨	,,	૪૬--૮૦	,,
૧૬.	પેન્સિલ કાર્બન પેપર ફૂલસ્કેપ સાઈઝ	૨૫૦ પૅકેટ બીસીઆર ૪૦૪	,,	૧૮--૦૦	,,
		૨૫૦ પૅકેટ કોરસ શેફાયર	વિનસ કોર્પોરેશન	૨૧--૯૬	,,
૧૭.	પેન્સિલ કાર્બન પેપર બ્રિફ સાઈઝ	૨૫ પૅકેટ કોરસ શેફાયર	,,	૪૩--૯૨	,,
		૨૫ પૅકેટ બીસીઆર ૪૦૪	ગ્વાણી અૅન્ડ કું.	૩૮--૦૦	,,
૧૮.	ત્રણ હોરીવાળા ફોલિયા, નમૂના મુજબ	૧ ગ્રોસ	કોસમોસ કોર્પોરેશન	૧૫--૦૦	,,
૧૯.	થ્રુ--પેર ફોલિયા, નમૂના મુજબ	૨૦ ગ્રોસ	,,	૧૩--૧૮	,,
૨૦.	પોર્ટફોલિયા, નમૂના મુજબ	૨૦ ગ્રોસ	શ્રી વિમલ ટ્રેડર્સ	૧૦--૨૫	,,
૨૧.	ઑફિસ ફાઈલ, નમૂના મુજબ	૨૫ ગ્રોસ	કોન્ટ્રાક્ટર કોર્પોરેશન	૮૨--૯૪	,,
૨૨.	ઈરા ફાઈલ, નમૂના સી મુજબ	૧૫ ગ્રોસ	વિનસ કોર્પોરેશન	૫૪--૪૦	,,
૨૩.	વિન્ડો કવર ૬ × ૪ નમૂના મુજબ	૫૦,૦૦૦ (પચાસ હજાર)	કોસમોસ કોર્પોરેશન	૪૦--૭૫	સારી જાતનાં હોવાથી
૨૪.	વિન્ડો કવર ૯ × ૪ નમૂના મુજબ	૧,૦૦,૦૦૦ (એક લાખ)	,,	૧૩--૭૫	,,
૨૫.	વિન્ડો કવર ૧૦॥ × ૮॥ નમૂના મુજબ	૩૦,૦૦૦ (ત્રીસ હજાર)	વિનસ કોર્પોરેશન	૧૨૩--૪૦	,,
૨૬.	કાર્ટ્રિજ કવર ૬ × ૪ નં. ૫૭૦ નમૂના મુજબ	૫૦,૦૦૦ (પચાસ હજાર)	મેજેસ્ટી ટ્રેડિંગ કોર્પોરેશન	૨૬--૦૦	સૌથી ઓછા ભાવ હોવાથી
૨૭.	કાર્ટ્રિજ કવર ૯ × ૪ નમૂના મુજબ	૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર)	કોસમોસ કોર્પોરેશન	૪૭--૦૦	સારી જાતનાં હોવાથી
૨૮.	કાર્ટ્રિજ કવર ૧૦॥ × ૮॥ નં. ૫૯૦ નમૂના મુજબ	૮૦,૦૦૦ (એંસી હજાર)	મેજેસ્ટી ટ્રેડિંગ કોર્પોરેશન	૧૧૬--૦૦	,,
૨૯.	કાર્ટ્રિજ કવર ૧૧॥ × ૧૫॥ નમૂના મુજબ	૫૦,૦૦૦ (પચાસ હજાર)	,,	૨૦૦--૦૦	,,
૩૦.	ટેન્ડર કવર ૧૦ × ૫ નમૂના મુજબ	૧૦,૦૦૦ (દસ હજાર)	,,	૭૦--૦૦	,,

૩૧.	ટેગ્સ લાલ ૮" લંબાઈ ૧૦૦ નંગની જૂડીમાં	૫૦,૦૦૦ (પચાસ હજાર)	રવાણી એન્ડ કું.	૧૦--૦૦	સૌથી ઓછા ભાવ હોવાથી
		૫૦,૦૦૦ (પચાસ હજાર)	અશોક ટ્રેડિંગ કોર્પોરેશન	૧૦--૦૦	,,
૩૨.	સીલિંગ વેક્ષ લાખનાં પૅકેટ ૪૫૦ ગ્રામ પેકેટ નટરાજ	૮૪ ડઝન	કોન્ટ્રાકટર કોર્પોરેશન	૨૪--૬૬	,,
૩૩.	ગુંદરના બાટલા ૭૦૦ એમ.એલ. વ્હીલ બ્રાન્ડ	૧૦ ડઝન	વિનસ કોર્પોરેશન	૪૩--૯૬	સારી જાતના હોવાથી
૩૪.	શાહીના બાટલા ૭૦૦ એમ.એલ. કેમલ પોપ્યુલર	૨૫ ડઝન	રવાણી એન્ડ કું.	૭૮--૦૦	સારી જાતના હોવાથી
૩૫.	સ્ટેમ્પ પેડ શાહીની બોટલ ૧૦૦ એમ.એલ	૨૧ ડઝન કોરસ	વિનસ કોર્પોરેશન	૬૯--૭૯	,,
		૨૧ ડઝન બીસીઆર	રવાણી કોર્પોરેશન	૬૨--૦૦	,,
૩૬.	ગ્લિસરીનની બોટલ	૮ ડઝન	અશોક ટ્રેડિંગ કોર્પોરેશન	૪૫--૦૦	સૌથી ઓછા ભાવ હોવાથી
૩૭.	એક ઘાનાં રજિસ્ટર	૮૪ ડઝન	એન. બી. ટ્રેડિંગ કું.	૨૨--૨૫	સારી જાતનાં હોવાથી. એક ઘાનાં રજિસ્ટર ૮૦ પાનાં ગણવામાં આવશે
૩૮.	બે ઘાનાં રજિસ્ટર	૧૭ ડઝન	,,	૩૭--૦૦	,,
૩૯.	પાંચ ઘાનાં રજિસ્ટર	૪ ડઝન	,,	૮૪--૦૦	,,
૪૦.	સ્ટેમ્પ પેડ મીડિયમ સાઇઝ	૪ ડઝન કોરસ	રવાણી એન્ડ કું.	૩૬--૦૦	સારી જાતનાં હોવાથી
		૪ ડઝન બીસીઆર	,,	૩૩--૦૦	,,
૪૧.	ચાક સફેદ	૫૦૦ બોક્ષ	અશોક ટ્રેડિંગ કોર્પોરેશન	૦--૭૪	સૌથી ઓછા ભાવ હોવાથી
૪૨.	ચાર રંગીન	૨૦૦ બોક્ષ	કોન્ટ્રાકટર કોર્પોરેશન	૧--૧૦	,,
૪૩.	મીણિયા દોરાનાં પૅકેટ	૫૦ પૅકેટ	રવાણી એન્ડ કું.	૩--૭૦	,,

APPENDIX B

Botany Department, University School of Sciences regarding purchase of Scientific equipments

Sr. No.	*Item*	*Name of Supplier*	*Rates*	*Quantity*
1.	Electronic-photocolorimeter with different filters (systronics types) visible range	Scientific Sales Syndicate, Bombay. T-2	2850/— Model type 101	one pc
3.	Universal centrifuge swing type speed upto 7000 r.p.m. capacity 50 ml. Model T-23 with all accessory	—do—	6265/—	one pc
5.	Vortex mixer with different controls	—do—	500/— Model-B	one pc
6.	pH meter (systronics type) single/ combined electrode—Model—324	—do—	2380/— Model-324	one pc
7.	Stage micrometer JAPAN	—do—	95/—	three pcs
12.	Camera lucida—	—do—	1050/— JAPAN	one pc
	(*i*) mirror type			
	(*ii*) —do—	—do—	220/— Indian	one pc
9.	Mnemocytometer	R. R. Eng. work Bombay—T—5	152/—	one pc
10.	Ocular micrometer	—do—	39/—	one pc
11.	Pointer eye piece	—do—	110/— GERMAN	one pc

12.	Camera lucida (*ii*) prism type	—do—	540/— Poland	one pc
13.	Weswox (Indian) model : MT-1090 A Senior Rotary microtome spencer 820 type with accessories and case	Ami Trading Co., Ahmd. T-8	3185/—	one pc
12.	Camera lucida— (*ii*) prism type	D. Nanubhai & Co., Baroda T-9	149/—	one pc
4.	Magnetic stirrer with different controls	Ultra Scientific Inst., Ahmd T-11	534/82	one pc
11.	Pointer eye piece	—do—	26/50 Indian	two pcs

પરિશિષ્ટ "અ"

બાબત ક્રમાંક ૧૨

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૯–૯–૧૯૭૮ ને શુક્રવારના રોજ સવારના ૧૧–૩૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. બી. એમ. પીરજાદા	હાજર
૩.	શ્રી. આર. સી. સોનપાલ	હાજર
૪.	શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	હાજર
૫.	શ્રી. એચ. એન. શાહ	હાજર
૬.	શ્રી. કે. એમ. કાંટાવાળા	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૪–૮–૧૯૭૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૪–૮–૧૯૭૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ઝૂલોજીના મકાન બાંધકામ માટેના કોન્ટ્રાક્ટર મે. જય બિલ્ડર્સ તરફથી આવેલા તા. ૨૯–૭–૧૯૭૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ. – ઝૂલોજીના મકાનના બાંધકામ માટેનું ટેન્ડર તા. ૧૯–૭–૧૯૭૮ની બાંધકામ સમિતિની સભામાં મંજૂર થયેલું અને તેમાં નીચે પ્રમાણે ઠરાવ થયા હતો :

"આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી મકાનના વિકાસ બાંધકામ માટે આવેલાં કુલ ચાર ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાક્ટર મે. જય બિલ્ડર્સનું રૂ. ૧,૧૧,૩૮૫–૬૦ પૈ.નું ટેન્ડર તેઓ નીચેની આઈટેમના ભાવ સ્થપતિની ભલામણ પ્રમાણે ઘટાડી આપે તે શરતે મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	વિગત	ટેન્ડરના ભાવ	સ્થપતિએ ભલામણ કરેલા ભાવ
૧.	સ્ટીલ રેઈનફોર્સમેન્ટ (૨–૪ : ઓ) માઈલ્ડ સ્ટીલ	રૂ. ૩૧૦૦	રૂ. ૨૮૦૦
	ટોર સ્ટીલ	રૂ. ૩૪૦૦	રૂ. ૩૧૦૦
૨.	પ્લાસ્ટિક પેઈન્ટ (૮–૨)	રૂ. ૨૫	રૂ. ૧૨–૫૦
૩.	કેમિકલ વોટરપ્રૂફિંગ (૧૦–૩)	રૂ. ૧૭	રૂ. ૩૫–૦૦

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ કામ તા. ૩૧–૧૨–૧૯૭૮ સુધીમાં પૂરું કરે તેવા કોન્ટ્રાક્ટ કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલેાજીના મકાન બાંધકામ માટેના કૉન્ટ્રાક્ટર મે. જય બિલ્ડર્સના નીચે મુજબના સ્ટીલના ટેન્ડર ભાવમાં અગાઉ ૪ ટકા કાપ કરવા ઠરાવ્યું હતું તેને બદલે ૨ ટકા (બે ટકા) મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧.	સ્ટીલ રેઈનફોર્સમેન્ટ માઇલ્ડ સ્ટીલ	રૂ. ૩૧૦૦	બે ટકા ઓછા
૨.	સ્ટીલ રેઈન ટોર સ્ટીલ	રૂ. ૩૪૦૦	બે ટકા ઓછા

૩. યુનિવર્સિટીની ટીચર્સ હૉસ્ટેલના ક્વાર્ટર્સના ધાબા પર વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની ટીચર્સ હૉસ્ટેલના આઠ બ્લોકના ધાબા ઉપર વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરાવવા માટેનું રૂ. ૧૭,૭૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કૅમ્પસમાં ગણિત વિભાગના વિકાસ બાંધકામમાં નીચેની આઇટેમના જથ્થામાં વધારો થાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

આઇટેમ	જથ્થો ટેન્ડર પ્રમાણે	થયેલ કામ પ્રમાણે	રકમ ટેન્ડર પ્રમાણે	થયેલ કામ પ્રમાણે	ભાવ	ખર્ચનો વધારો
ટોર સ્ટીલ	૧૫ મે. ટન	૧૪ મે. ટન	૧૩,૫૦૦	૩૭,૮૦૦	૨૭૦૦ મે. ટન	૨૪,૩૦૦

આથી ઠરાવવામાં આવે છે કે ગણિત વિભાગના વિકાસ બાંધકામમાં નીચેની આઇટેમના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

	ટેન્ડર પ્રમાણે	થયેલ કામ પ્રમાણે	વધારો
ટોર સ્ટીલ	૫ ટન	૧૪ ટન	૯ ટન

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ટોર સ્ટીલના જથ્થામાં થયેલા વધારા માટે સ્પષ્ટતા માગતો પત્ર સ્ટ્રકચરલ એન્જિનિયરને લખવો.

૫. જિમ્નેશિયમના મકાનમાં વૂડન ફ્લોરિંગના કામમાં સમયમર્યાદા વધારી આપવા અંગે સદરહુ મકાનના કૉન્ટ્રાક્ટર મે. આર. શાહ ઍન્ડ કું. તરફથી આવેલા તા. ૧૦—૮—૧૯૭૮ના પત્ર નં. જી.વાય.એમ. ૭૮—૪ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિમ્નેશિયમના મકાનમા વૂડન ફ્લોરિંગના કામમાં કૉન્ટ્રાક્ટર મે. આર શાહ ઍન્ડ કું. ને તા. ૩૦—૧૧—૧૯૭૮ સુધીની સમયમર્યાદા વધારી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. શ્રી. વિમળભાઈ શાહ વાંચન કેન્દ્રના મકાન બાંધકામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિમળભાઈ શાહ વાંચન કેન્દ્રના મકાન બાંધકામમાં આ સાથેની યાદી "ક" મુજબના દરો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. સેન્ટર ફોર મૅનેજમેન્ટના મકાન બાંધકામમાં વધારાના કામકાજના દરો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફોર મૅનજમેન્ટના મકાન બાંધકામમાં આ સાથેની **શાદી "અ"** મુજબના વધારાના કામકાજના દરો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. બાલ ભવનના મકાન બાંધકામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાલ ભવનમાં મકાન બાંધકામમાં આ સાથેની **શાદી "ગ"** મુજબના વધારાના કામકાજના દર મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. માળી તથા સફાઈ કામદારના ક્વાર્ટર્સના મકાન બાંધકામ માટે વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માળી તથા સફાઈ કામદારના ક્વાર્ટર્સના મકાન બાંધકામમાં આ વધારાના કામકાજની જરૂર જણાતી નથી.

૧૦. સ્ટાફ ક્વાર્ટર્સ ટાઈપ ૨ ના મકાન બાંધકામ માટે વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ ક્વાર્ટર્સ ટાઈપ ૨ ના બાંધકામમાં વધારાના કામકાજની જરૂર નથી.

૧૧. માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટના મકાન બાંધકામમાં જે આઈટેમના જથ્થામાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા તથા આ મકાનના બાંધકામમાં વધારાનો રૂ. ૨૦,૦૦૦ જેટલો ખર્ચ થશે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માઈક્રોબાયોલોજીના મકાન બાંધકામમાં આ સાથેની **શાદી "ધ"** મુજબની આઈટેમના જથ્થાનો વધારા તથા રૂ. ૨૦,૦૦૦નું વધારાનું ખર્ચ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે પૉલિશ કોટા સ્ટોન ફ્લોરિંગની આઈટેમના ભાવવધારાના જથ્થા માટે રૂ. ૬૧ ચો. મીટર(ઓછા ટકા નહીં)નો ભાવ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. કેન્ટીનના મકાન બાંધકામમાં જે આઈટેમના જથ્થામાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કેન્ટીનના મકાન બાંધકામમાં અમુક આઈટેમના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે પૉલિશ કોટા સ્ટોન ફ્લોરિંગની આઈટેમનો ભાવ વધારાના જથ્થા માટે રૂ. ૬૫ ચો. મીટર(ઓછા ટકા નહીં)નો ભાવ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. યુનિવર્સિટીના સેન્ટ્રલ લેબોરેટરીના મકાન બાંધકામમાં (૧) વધારાના કામકાજના દર મંજૂર કરવા; (૨) વધારાનો જથ્થો મંજૂર કરવા તથા; (૩) આ કામની સમયમર્યાદા વધારી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના મકાન બાંધકામમાં આ સાથેની **યાદી "છ"** મુજબના વધારાના કામકાજના દરો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના બાંધકામમાં અમુક આઈટેમના જથ્થામાં વધારો થાય છે તે આ સાથેની **યાદી "જ"** મુજબ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે વધારાના જથ્થા માટે આ **પત્રક "જ"**માં બતાવેલા દર મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના બાંધકામની સમયમર્યાદા સ્થપતિની ભલામણ મુજબ તા. ૩૧—૮—૧૯૭૮ સુધી વધારી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. ઈન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના મકાન બાંધકામમાં જે આઈટેમના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના મકાન બાંધકામમાં અમુક આઈટેમના જથ્થામાં વધારો થાય છે તે આ સાથેની **યાદી "ઝ"** મુજબ મંજૂર રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. ગુરુ નાનક ભવનના મકાનના બાંધકામમાં (૧) વધારાનો જથ્થો મંજૂર કરવા બાબત; તથા (૨) આ કામ માટેની સમયમર્યાદા વધારી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગુરુ નાનક ભવનના મકાન બાંધકામમાં અમુક આઈટેમમાં આ સાથેની **યાદી "ત"** મુજબનો વધારાનો જથ્થો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ગુરુ નાનક ભવનમાં મકાન માટે સ્થપતિની ભલામણ મુજબ તા. ૩૧-૩-૧૯૭૯ સુધીની સમયમર્યાદા વધારી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. સ્ટાફ ક્વાર્ટર્સ ટાઈપ ૨ ના મકાન બાંધકામમાં જે આઈટેમના જથ્થામાં વધારો થાય છે તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ ક્વાર્ટર્સમાં ટાઈપ ટૂના બાંધકામમાં જે આઈટેમના જથ્થામાં વધારો થાય છે તે આ સાથેની **યાદી "થ"** મુજબ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે વોટર પ્રૂફ પ્લાસ્ટરનો ભાવ ચો. મીટરના રૂ. ૯/- રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭. યુનિવર્સિટી કૅમ્પસનાં જુદાં જુદાં મકાનોને વાઈટ વૉશ / કલરવૉશ / ડિસ્ટેમ્પર તથા ઑઈલ પેઈન્ટ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાંનાં જુદાં જુદાં મકાનોને વાઈટ વૉશ અને ડિસ્ટેમ્પર તથા ઑઈલ પેઈન્ટ કરવા માટે રૂ. ૭૯,૫૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા સ્ટાફ ક્વાર્ટર્સ ટાઇપ--૧ (રીડર ક્વાર્ટર્સના બાંધકામ માટે) (૧) વધારાનો જથ્થો મંજૂર કરવા અંગે, (૨) વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસમાં બંધાઈ રહેલા રીડર્સ ક્વાર્ટર્સના બાંધકામમાં આ સાથેની **યાદી "દ"** મુજબનો વધારાનો જથ્થો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે રૂ. ૨૪,૬૨૧ના વધારાના ખર્ચ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે રીડર્સ ક્વાર્ટર્સના બાંધકામમાં આ સાથેની **યાદી "ધ"** મુજબના વધારાના કામકાજના દરો મંજૂર રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૯. યુનિવર્સિટીની કેન્ટીન બિલ્ડિંગના મકાન બાંધકામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કેન્ટીનના મકાન બાંધકામમાં આ સાથેની **યાદી "ન"** મુજબના વધારાના કામકાજના દરો મંજૂર રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. યુનિવર્સિટી કાર્યાલયનું ૧૦૦ કે.વી.એ.નું ફાજલ ટ્રાન્સફોર્મર લાઇબ્રેરી વગેરે મકાનો માટે ફિટ કરવા અંગેના અમદાવાદ ઇલેક. કં.ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયનું ફાજલ ૧૦૦ કે.વી.એ.નું ટ્રાન્સફોર્મર લાઇબ્રેરીનાં તથા બાજુનાં મકાનો માટે ફિટ કરવા અમદાવાદ ઇલે. કું.ના પત્ર મુજબ રૂ. ૧૩,૧૩૦ના ખર્ચે આ કામ અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કં. પાસે કરાવી લેવાનું મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. બાંધકામની આઇટેમમાં જથ્થાનો વધારો થયો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હવે પછીનાં બાંધકામોના ટેન્ડરમાં ૨૫૪ ઉલ્લેખ કરવો કે જે આઇટેમના જથ્થામાં વધારો થાય તે માટેના દર આવેલાં ટેન્ડરોમાં સેકન્ડ લોએસ્ટ ભાવ ભરનાર કંત્રાટીની આઇટેમના દર કે મંજૂર થયેલા ટેન્ડરના દર બેમાંથી જે ઓછા હોય તે પ્રમાણેનો ભાવ આપવાનો રહેશે.

૨૨. બાંધકામોમાં કન્સિલ્ડ વાયરિંગ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બાંધકામમાં સામાન્ય રીતે ખુલ્લું વાયરિંગ કરાવવું, પણ કોઈ કેસમાં જરૂર જણાય તો કન્સિલ્ડ વાયરિંગ કરાવવા માટે અગાઉથી બાંધકામ સમિતિની અનુમતિ મેળવવાનું રાખવું.

બાંધકામ સમિતિના સર્વે સભ્યોએ યુનિવર્સિટી કેમ્પસમાં દાતાઓની સહાયથી થયેલા બાંધકામની પ્રગતિનો યશ કુલપતિશ્રીને આપતાં તેઓનો આભાર માન્યો હતો.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી

કલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
આજ્ઞા ક્રમાંક ૫૮

FIRST B.A. EXAMINATION

(New Course in force from June, 1978)

(). Arts-1 :

Candidates for admission to the First Year B.A. of the Three-year Degree Course must have passed the Higher Secondary School Certificate Examination conducted by the Gujarat Secondary Education Board or an examination considered by the University as equivalent thereto.—Candidates who have passed Pre-University Arts Examination will also be eligible for admission to F.Y.B.A. Class. No candidates shall be admitted to F.Y.B.A. Examination unless he has kept two terms at a college affiliated to this University for the purpose of this Examination and he produces satisfactory testimonials in the prescribed form that he has gone through the physical training required to be undergone unless exempted on the ground, that he is medically unfit to undergo such exercise, or he is a member of the National Cadet Corps or a member of the N.S.S. Unit of the college or that he has been regularly taking part as a member of the college team in the recognised fixtures of the major games.

Note.—(1) In order to go through Physical Training satisfactorily, a student shall have attended the physical training class of his college for at least 3/4 of the total number of periods.

(2) A member of the National Cadet Corps of the N.C.C. Rifles exempted from Physical training will be required to attend at least 75 per cent of the total number of parades.

(3) A member of the N.S.S. Unit of the college will be required to put in 120 hours of work or any other work that may be decided upon by the college as per N.S.S. scheme and has when introduced by the University.

O. Arts-1-A :

A candidate who has already passed the B.A. Examination under the Three-year Degree Course will be permitted to reappear at the B.A. Degree Examination with a new set of subjects under the following conditions :

(*i*) A candidate who chooses as his Principal subject with which he has already passed the B.A. Degree Examination under the Three-year Degree Course of this University as a subordinate subject will be required to keep two fresh terms for the Third B.A. Examination and also pass the third paper in that subject either previouslty or in the same examination season at the Second B.A. Examination for which purpose he shall be required to apply for admission to the Examination separately, and pay the necessary fees provided that the result of the B.A. Degree Examination with a New principal subject shall not be declared until he passes in the paper or papers concerned at the S.Y.B.A. Examination and provided that the result of the B.A. Degree Examination so held in abeyance shall be forfeited, if he fails to pass in the paper or papers concerned at the S.Y.B.A. Examination within two years of the declaration of the result so held in abeyance.

(*ii*) A candidate who chooses as his Principal and subordinate subjects, a set of subject entirely different from the subjects with which he has passed the B.A. Degree Examination in the Three-year Degree Course of this University previously will be required to keep two fresh terms and pass the Second B.A. Examination, and having passed it or having failed in it, but allowed to keep terms for the T.Y.B.A. Examination as also keep further two terms for the Third B.A. Examination and pass hte examination as per provision under the relevant Regulations, provided further that such a candidate shall be held eligible for a class at the examination at which he appears, but shall not be held eligible for a prize, scholarship or any other award at the examination and provided further that the marks equal to the percentage or marks obtained by him at the First B.A. Examination at which he has passed while passing the previous B.A. Degree Examination shall be credited to him for the purpose of determining his class at the Second B.A. or Third B.A. Examination at which he appears under the provisions of this Ordinance.

(*iii*) They will be allowed to claim exemption in compulsory subject or subjects in which they have already passed and which they repeat at the Second B.A. and/or at the Third B.A. Examination, as the case may be, but if they claim exemptions they will not be entitled to a class or scholarship or prizes or award.

(*iv*) A candidate who has already passed B.A. Degree Examination under the Old Course can appear at the Second B.A. Examination under the Three-year Degree Course with a new set of subjects. He will not be required to pass Compulsory English paper at Second B.A. Examination and the Compulsory English paper at the Third B.A.

Examination, but if he claims exemption he will not be entitled to a class or scholarship or prizes or award.

(*v*) A candidate who has passed B.Sc. Examination under Old Course or under the Three-year Degree Course will be permitted to join Second B.A. Examination with the subject of Home Science. He will be eligible to claim exemption in Compulsory English at the Second B.A. Examination and Compulsory English at the Third B.A. Examination, but if he claims exemption he will not be entitled to a class or scholarship or prizes or award.

O. Arts-5 :

Candidates must forward their applications for examination to the Registrar on or before the prescribed date with the certificate of attendance during the first term. Certificates of attendance during the second term shall be forwarded by Principals of colleges within a week of the close of the second term.

O. Arts-2
O. Arts-3
O. Arts-4 } To be deleted.

O. Arts-5 :

Candidates must forward their applications for examination to the Registrar on or before the prescribed date with a certificate of attendance during the first term. Certificate of attendance during the second term shall be forwarded by Principals of colleges within a week of the close of the second term.

O. Arts-6 : To be deleted.

પરિશિષ્ટ "ધ"

બાબત ક્રમાંક ૬૩

ખેડૂતોની જમીનના બિનક્ષારીકરણના કામ અંગે પરવાનેદાર નીમવા માટે યુનિવર્સિટીએ રાંગાવેલ ટેન્ડર બાબતમાં નિર્ણય કરવા માટે યુનિવર્સિટી એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬--૮--૧૯૭૫ની સભામાં નીમેલી સમિતિની એક સભા તા. ૧૮—૧૦—૧૯૭૮ના રોજ બપોરના ૧—૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી.

૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ (કુલપતિશ્રી)	હાજર
૨.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૩.	આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૪.	ડૉ. વી. સી. શાહ	ગેરહાજર
૫.	શ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ (વિકાસ અધિકારી)	હાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ પટેલે સંભાળ્યું હતું.

સદરહુ કામ માટે ફક્ત મે. સોઇલ ડિસેલાઈનેશન સેન્ટર, અમદાવાદનું એક જ ટેન્ડર આવ્યું છે. આવેલા ટેન્ડર બાબતમાં સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ નીચે દર્શાવેલ શરતોએ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મે. સોઈલ ડિસેલાઈનેશન સેન્ટર, અમદાવાદનું ટેન્ડર ત્રણ વર્ષ માટે યુનિવર્સિટીની શરતોને આધીન રહીને મંજૂર કરવું :

(૧) પરવાનેદારે દરેક એકર દીઠ રૂ. ૧૧૧ પ્રમાણે ક્ષારમુકત કરવામાં આવેલી જમીન માટે યુનિવર્સિટીને રૉયલ્ટી આપવાની રહેશે.

(૨) પરવાનેદારે પ્રતિ માસે રૂ. ૨૦૦ પ્રમાણે સુપરવિઝન ચાર્જીસ તરીકે યુનિવર્સિટીને આપવાના રહેશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"

બાબત ક્રમાંક ૬૪

સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઈ. અંગે ઊભા થતા પ્રશ્નોની વિચારણા કરી હેવાલ આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮—૧—૧૯૭૭ની સભામાં નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૨—૯—૧૯૭૮ના રોજ ૩—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	આચાર્યશ્રી એમ. સી. શાહ	ગેરહાજર
૨.	આચાર્યશ્રી એચ. પી. પંડ્યા	હાજર
૩.	પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	પ્રા. નરહરિ પરીખ	હાજર
૫.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન પ્રા. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

ત્યાર બાદ નીચે પ્રમાણે કામકાજની વિચારણા હાથ ધરવામાં આવી :

(૧) નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના અર્થશાસ્ત્રનાં ટ્યૂટર શ્રીમતી એસ. જે. સોનીને કૉલેજે વેકેશન પગાર ચૂકવ્યો નથી તેવી તેઓની આવેલ ફરિયાદ અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨—૭—૧૯૭૮ની સભામાં કરેલ નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશ્ન સ્થાયી સમિતિની પુનઃ વિચારણા માટે મોકલવો અને કૉલેજના સંચાલક મંડળના પ્રતિનિધિઓને પોતાનો કેસ સદરહુ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવા માટે તક આપવી".

(નોંધ.—ઉપરોક્ત ઠરાવ અનુસાર કૉલેજ સંચાલક મંડળના પ્રતિનિધિઓને સ્થાયી સમિતિ સમક્ષ રજૂઆત કરવા સભા સમક્ષ હાજર રહેવા જાણ કરેલ હતી.)

સદરહુ બાબત પરત્વે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૨—૭—૧૯૭૮ની સભામાં ઠરાવ્યા પ્રમાણે સંચાલક મંડળના પ્રતિનિધિઓને પોતાના કેસ આ સભા સમક્ષ રજૂ કરવા તક આપવામાં આવી અને તે અન્વયે કૉલેજ સંચાલક તરફથી મંત્રીશ્રી હરિભાઈ શાહ તથા આચાર્યશ્રી સી. એ. ટોપીવાલા સભા સમક્ષ ઉપસ્થિત થયા હતા. તેમણે રૂબરૂમાં કરેલી રજૂઆત બાદ ચર્ચાવિચારણા પછી નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજનાં અર્થશાસ્ત્રનાં ટ્યૂટર શ્રીમતી એસ. જે. સોનીને વેકેશન પગારની ચુકવણી કરવા સંમતિ દર્શાવી. આથી વેકેશન પગારની ચુકવણી થયેથી તેની જાણ મેળવવા ઠરાવવામાં આવ્યું.

(૨) સાબરમતી આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, સાબરમતીના જુનિયર ક્લાર્ક શ્રી. એસ. એ. દવેને શિક્ષણની નવી તરાહ દાખલ થવાના કારણે કૉલેજે તેઓને છૂટા કરેલ છે તે અંગેની તેઓની આવેલ ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પરત્વે કૉલેજનો તા. ૨૯—૬—૧૯૭૮નો પત્ર તથા તા. ૫—૧૧—૧૯૭૭-ના પત્રની વિગતો ચકાસવામાં આવી. ખંડ સમયના પ્રોબેશન પરના કર્મચારી ગણાય તેવું વિધાન કૉલેજ તરફથી થયું છે તે જોતાં શ્રી. એ. એસ. દવેની કાયમી જગ્યા પરની નિમણૂક કહેવાય. આથી તેમને છૂટા કરતાં પહેલાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧--એની કાર્યવાહી કરવી જોઈએ અને તેથી કાર્યવાહીની અનુપસ્થિતિમાં શ્રી. એસ. એ. દવેને તેમની મૂળ જગ્યાએ પૂર્વવત્ પાછા લેવા માટે કૉલેજને જણાવવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસાના કર્મચારી શ્રી. એસ. ડી. રાઓલને કૉલેજે છૂટા કર્યાની આવેલ ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતમાં કૉલેજોનો તા. ૧૮—૧૦—૧૯૭૭ તથા તા. ૨૦—૩—૧૯૭૮ના પત્રોની વિગતો ચકાસવામાં આવી.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. એસ. ડી. રાઓલ ૧૯૭૨ થી ખંડ સમયના કર્મચારી તરીકે કૉલેજમાં નોકરી કરતા હતા અને તેથી તેમને છૂટા કરતાં પહેલાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧--એમાં જણાવેલી કાર્યવાહી કરવી આવશ્યક છે. તેવી કાર્યવાહીની અનુપસ્થિતિમાં શ્રી. એસ. ડી. રાઓલને તેમની મૂળ જગ્યાએ પૂર્વવત્ પાછા લેવા માટે કૉલેજને જણાવવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૪) વૈદ્ય શ્રી. એમ. એચ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના ગ્રંથપાલ શ્રી. કિરીટભાઈ સી. મહેતાની ઈજાફાની તારીખ, તફાવતની લેણી નીકળતી રકમ ઈ. અંગે તેઓએ કરેલ ફરિયાદના સંદર્ભમાં આચાર્યશ્રીએ તેઓના તા. ૨૫—૭—૧૯૭૮ના પત્રથી કરેલ તેમજ શ્રી. મહેતા કે. સી. તરફથી આવેલ રજૂઆતો અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૧૮—૭—૧૯૭૮ની સ્થાયી સમિતિ સમક્ષ આચાર્યશ્રીને રૂબરૂમાં બોલાવ્યા હતા. ત્યાર બાદ તેઓને જે કાંઈ રજૂઆત કરવી હોય તે જણાવે તેમ ઠરાવેલ હતું. તે અનુસાર ઉપરોકત બાબત વિચારવાની રહે છે.)

ઉભય પક્ષ તરફથી કરવામાં આવેલ રજૂઆતો આ સમિતિની અગાઉની સભા સમક્ષ સાંભળવામાં આવી હતી તથા આ બાબતમાં જે કોઈ રજૂઆત કોઈ પણ પક્ષને કરવી હોય તો તે એક અઠવાડિયામાં કરવા પણ જણાવ્યું હતું. કૉલેજના આચાર્ય તરફથી આવેલ તા. ૨૫—૭—'૭૮-નો તથા શ્રી. કે. સી. મહેતા, ગ્રંથપાલ તરફથી આવેલ તા. ૨૮—૭—૧૯૭૮ ના પત્રોની વિગતો ચકાસવામાં આવી અને ત્યાર બાદ—

(૧) ૮ મી નવેમ્બરે આપવામાં આવતો ઈજાફો, બે વર્ષ સુધી આપવામાં આવ્યો છે તે જોતાં ઈજાફાની તારીખમાં ત્યાર બાદ ફેરફાર કરવાનું કૉલેજનું પગલું ઉચિત નથી અને તેથી તે પ્રતિ વર્ષ મળતો ઈજાફો ૮ મી નવેમ્બરે આપવા તથા તે માટે નીકળતી પાછલી આનુષંગિક રકમની ચુકવણી શ્રી. કિરીટ મહેતાને તાત્કાલિક કરવી.

(૨) તા. ૧—૪—૧૯૭૩ થી સુધારવામાં આવેલી પગારની પાછલી બાકી રકમની ચુકવણી તથા માંદગીની રજા ઉપર હતા તે દરમિયાન સેવાનું સાતત્ય સતત ચાલુ રહેલું ગણવા તથા

તેમ કરીને નીકળતી રકમ શ્રી. કિરીટ મહેતાને તાત્કાલિક ચૂકવવા આ સમિતિ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૫) શ્રીમતી તારાબહેન સુંદરલાલ રામાનંદ કૉમર્સ કૉલેજ, પાટણના ચોકીદાર શ્રી. કે. જે. ભીલને છૂટા કર્યાની ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત.

આ બાબતમાં કૉલેજના તા. ૯—૮—૧૯૭૮ના પત્રની વિગત ચકાસવામાં આવી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. જે. ભીલને છૂટા કરતાં પહેલાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧--એમાં જણાવેલી કાર્યવાહી કરવી આવશ્યક છે. તેવી કાર્યવાહીની અનુપસ્થિતિમાં શ્રી કે. જે. ભીલને તેમની મૂળ જગ્યાએ પૂર્વવત્ પાછા લેવા માટે કૉલેજને જણાવવા પુનઃ આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૬) એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ એન્ડ બી. ડી. આર્ટ્સ કૉલેજ, મહુધાના હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. આર. એમ. ઉપાધ્યાયને કૉલેજે છૂટા કર્યાની ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત.

ઉભય પક્ષને પોતાની રજૂઆત કરવા જણાવવામાં આવ્યું હતું. તેના સંદર્ભમાં ફરિયાદી શ્રી. આર. એમ. ઉપાધ્યાય તથા કૉલેજના આચાર્ય શ્રી. બી. એમ. ઠાકર સભા સમક્ષ રજૂઆત કરવા રૂબરૂમાં ઉપસ્થિત થયા હતા. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. એમ. ઉપાધ્યાયને છૂટા કર્યા તે સને ૧૯૭૫—૭૬ અને ૧૯૭૬—૭૭ ના બે વર્ષના પગારની લેણી નીકળતી રકમ ચૂકવી આપવા કૉલેજને જણાવવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવેલ છે.

(૭) શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણના એકાઉન્ટ્સ ક્લાર્ક શ્રી. બી. એમ. બારોટને જુનિયર ક્લાર્કની નીચલી પાયરી પર ઉતારવાનું કૉલેજનું કૃત્ય ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧--એ સાથે સુસંગત ન હોઈ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧—૧—૧૯૭૮ની અને તા. ૨૨—૭—૧૯૭૮ ની સભામાં ઠરાવ્યા અનુસાર શ્રી. બી. એમ. બારોટને તેમની જગ્યાએ પૂર્વવત્ લઈને જાણ કરવા કૉલેજને જણાવેલ છતાં કૉલેજે યુનિવર્સિટીના આદેશ મુજબ શ્રી. બી. એમ. બારોટની પુનઃ તેઓની જગાએ લઈને જાણ કરેલ નથી અને આચાર્ય-શ્રીએ તેઓના તા. ૧—૮—૧૯૭૮ના પત્રથી કોઈ ફેરફાર કરવા સંચાલક મંડળ ઇચ્છતું નથી તેવું પુનઃ જણાવેલ છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(૮) શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ અને એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાએ નવી તરાહને કારણે ફાજલ ગણી છૂટા કરાયેલા પૂર્ણ સમયના સંસ્કૃતના વ્યાખ્યાતા શ્રી. પી. જી. આ બ્રહ્મભટ્ટને પૂર્વવત્ નોકરીમાં પાછા લીધા નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આ બાબત પરત્વે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨—૯—૧૯૭૮ની સભામાં શું પગલાં લેવા તે માટે ભલામણ કરવા આ સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવવામાં આવ્યું હતું તેના સંદર્ભમાં આ કૉલેજના સંસ્કૃતના વ્યાખ્યાતા શ્રી. જી. પી. બ્રહ્મભટ્ટને નવી તરાહના સંદર્ભમાં સંખ્યાધિક કરી છૂટા કર્યા તે સંદર્ભમાં ઑર્ડિ. ૧૨૦—એ અનુસાર સંસ્કૃતના પૂર્ણ સમયના વ્યાખ્યાતા હોવા જરૂરી હોઈ તેમ જ આ બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૧—૧—૧૯૭૮ ની તથા તા. ૨૯—૪—૧૯૭૮ની સભામાં પણ ઠરાવ્યું હોવા છતાં તેમને

તેમની જગ્યાએ પૂર્વવત્ નોકરીમાં પાછા લીધા નથી તે જોતાં આ સમિતિ જ્યાં સુધી યુનિવર્સિટીના આદેશનું આ બાબતમાં પાલન કરે નહીં ત્યાં સુધી નીચે પ્રમાણે પગલાં લેવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

(૧) આ કૉલેજને રાજ્ય સરકાર તરફથી મળતી આર્થિક અનુદાનની રકમની કપાત માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨) શૈક્ષણિક વર્ગોના બીજા સત્રથી વિદ્યાર્થીઓને કોઈ પણ વિષયમાં પ્રવેશ આપ્યાની મંજૂરી આપવી નહીં.

(૩) આ કૉલેજને યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા માટેનું કેન્દ્ર આપવું નહિ.

(૯) શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીમાં વિદ્યાર્થી ન હોવાને કારણે બી.એ. (ગૌણ) વિદ્યાનું શિક્ષણકાર્ય જૂન ૧૯૭૮ થી બંધ કર્યાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ જાણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ વિષય બંધ કરવા અંગે કૉલેજે તેના તા. ૧૦—૮—૧૯૭૭ના પત્રથી જાણ કરેલી જેના જવાબમાં ઓર્ડિ. ૧૨૦—એફ અનુસાર અરજી સમયમર્યાદા બહાર હોવાનું યુનિવર્સિટી કાર્યાલયે જણાવેલું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

" સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં કમિશનની ભલામણોના સંદર્ભમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ તરફથી રાજ્યની યુનિવર્સિટીઓમાં તથા બિનસરકારી કૉલેજોમાં અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ભરતી માટે શૈક્ષણિક ઢાંચાઓમાં પાંચ ટકા અને બિનશૈક્ષણિક જગ્યાઓમાં દસ ટકા જગ્યાઓ તા. ૧-૪-૧૯૭૮થી દર વર્ષ માટે અનામત રાખવા અંગે આવેલ તા. ૯-૯-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક એન જી.સી. ૧૦૭૮--૫ અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) આ યુનિવર્સિટીમાં તથા બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે શિક્ષકગણની કુલ જગ્યાઓના ૫ ટકા અને બિનશિક્ષકગણની કુલ જગ્યાઓના ૧૦ ટકા જેટલી જગ્યાઓ અનામત રાખવી.

(૨) યુનિવર્સિટીમાં અને બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં હાલની જગ્યાઓ ઉપર નં. (૧)માં જણાવેલું પ્રમાણ જળવાયું ન હોય તો તે પ્રમાણ પર પહોંચવાનું રાખવું અને હવે પછીની ખાલી પડેલી જગ્યાઓ માટેની જાહેરખબરો એ પ્રમાણે લક્ષમાં રાખીને એના સ્પષ્ટ ઉલ્લેખ સાથે કરવી અને તે મુજબ જ ભરવાની કાર્યવાહી કરવી.

(૩) ઉપર મુજબની નિમણૂંક કરતી વેળાએ જરૂર પડચે લાયકાતનાં ધોરણમાં થોડી રાહત આપવી."

અને

૮૭. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં તથા સંલગ્ન કૉલેજોમાં વ્યાખ્યાતાની જગ્યાઓ માટે શિડ્યુલ્ડ કાસ્ટ તથા શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ માટે જગ્યાઓ અનામત રાખવા અંગેના રાજ્ય સરકારના પરિપત્ર ક્રમાંક એન.જી.સી. ૪૨૭૫–૨૦૫૯–૭૬–કેએચ, તા. ૧૭–૧૧–૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૮ની અને બાબત નં. ૮૭ની વિચારણા સાથે કરવામાં આવી.

બેઉ બાબતો પર સાથે ચર્ચા કરીને સભાગૃહે નીચે મુજબ ઠરાવ્યું :

(૧) સદરહુ બાબતો અંગે પૂરતી ચર્ચા-વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. શ્રી. નરહરિ પરીખ
૫. શ્રી. શરદ પટેલ
૬. શ્રી. બટુકભાઈ કે. શાહ
૭. શ્રી. એ. એચ. યાજ્ઞિક.

વધુમાં, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (Scheduled castes and Scheduled tribes)ના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવા અંગેનો રાજ્ય સરકારનો ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૦૭૮–ખ, તા. ૯–૯–૧૯૭૮ પણ, ઉપર જણાવેલી સમિતિની વિચારણા માટે મોકલવો.

(૨) યુનિવર્સિટી ઉપરાંત સંલગ્ન કૉલેજના બિનશિક્ષક વર્ગના જુદી જુદી કક્ષાના કર્મચારીઓની જગ્યાઓ માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો નિયત કરવા માટે વિચારણા કરવી જોઈએ. તો તેના સંદર્ભમાં રાજ્ય સરકારે તેના કર્મચારીઓ માટે નિયત કરેલ ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેની માહિતી મંગાવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૯. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. જે. એસ. રાવ તા. ૫-૧૧-૧૯૭૮થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૧૮-૧૦-૧૯૭૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.– શ્રી રાવ તા. ૧–૨–૧૯૭૭ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૫-૧૧-૧૯૭૮ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એસ. રાવને તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૧૦. ૧૯૭૫-૭૬ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીના ભાષા-ભવન અને ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપકમંડળના સંયુક્ત ઉપક્રમે "રિઓરિયેન્ટેશન ઑફ ટીચિંગ ઑફ ધી સંસ્કૃત" અંગે યોજવામાં આવેલ પરિષદ માટે ડેલિગેટ ફી, સંસ્થાકીય ફી, ડોનેશન તથા યુનિ. ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળેલ આર્થિક સહાયમાંથી ખર્ચ કરતાં બાકી રહેલ સિલક રૂ. ૩,૨૩૦-૩૦ (રૂપિયા ત્રણ હજાર બસો ત્રીસ અને ત્રીસ પૈસા)નો ઉપયોગ યુનિવર્સિટીના એન્ડાઉમેન્ટ ફંડ ખાતે લઈ તેના વ્યાજમાંથી ભવનની સંસ્કૃત અંગેની વિદ્યાકીય પ્રવૃત્તિઓ માટે કરવા અંગે ડૉ. સોલોમનના તા. ૧૭-૬-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.– યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૯—૯—૧૯૭૮ના પત્રથી આ માટે વધેલ રકમનો આવો ઉપયોગ કરવામાં આવે તો વાંધો નથી તેમ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૧. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૧-૧૯૭૮ની સભામાં ઠરાવ ક્રમાંક ૬૮–એથી સંલગ્ન કૉલેજમાં જોડાણની શરતોનું પરિપાલન સંતોષકારક થયું છે કે કેમ તે જોવા માટે નીમેલી સ્થાયી સમિતિના એક સભ્ય પ્રો. ડી. એન. પાઠકના સ્થાને અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિ પર પ્રો. ડી. એન. પાઠકની જગ્યાએ શ્રી. એ. એચ. યાજ્ઞિકને નીમવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાઓની શરતોનું યથાર્થ પરિપાલન થાય છે કે કેમ તે અંગે જરૂરી તપાસ કરીને તે બાબતની માહિતીનો પણ પોતાના અહેવાલમાં સમાવેશ કરવા માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ અને જોડાણ અંગેની સ્થાનિક તપાસસમિતિઓને સ્પષ્ટ સૂચના આપવી.

૧૨. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં મંજૂર રાખેલ ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૨-૧૯૭૮ની નીચેની ભલામણ પર પુનર્વિચારણા કરવા માટે ડૉ. પી. પી. મહેતાએ તેમના તા. ૧૧-૧૧-૧૯૭૮ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત :

અકેડમિક કાઉન્સિલની ભલામણનો સંબંધકર્તા પાઠ

"વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષાઓ માટે હાલ જ્યાં ચાર ચાર પરીક્ષકોને નીમવાની પ્રથા છે તે બદલીને બે બે પરીક્ષકો નીમવાનું રાખવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ સભાગૃહે તેની તા. ૨–૯–૧૯૭૮ની સભામાં બાબત નં. ૬૫થી કરવામાં આવેલ ઠરાવ રદ કરવો અને પહેલાંની જેમ એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષાઓ માટે ચચ્ચાર પરીક્ષકોને નીમવાનું રાખવું.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગના નાપાસ થયેલ વિદ્યાર્થીઓને પ્રયોગ-શાળામાં કામ કરવા માટે લેબોરેટરી ફી નિયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના નાપાસ થયેલા વિદ્યાર્થી-ઓને પ્રયોગશાળાની અને યુનિવર્સિટી ગ્રંથાલયની સગવડો આપવા માટે સત્ર દીઠ રૂ. ૧૨૫-૦૦ની ફી લઈને જરૂરી પ્રબંધ કરવા વિદ્યાભવનના અધ્યક્ષશ્રીને સત્તા આપવી.

૧૪. શ્રી રઘુવીર ચૌધરીએ હિન્દી વિષયમાં પીએચ.ડી. પદવી માટે રજૂ કરેલ મહાનિબંધ પરત્વે આવેલ ત્રણેય પરીક્ષકોના હેવાલ પર ઓર્ડિ. ૩૨૧ (૨) મુજબ એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨–૯–૧૯૭૮ની સભાના ઠરાવના અનુસંધાનમાં બાહ્ય પરીક્ષક ડૉ. શર્માના આવેલ હેવાલ પર વિચારણા કરવા બાબત.

ઠરાવ : "સદરહુ હેવાલ પર કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે શ્રી. રઘુવીર ચૌધરીએ પોતાનો મહાનિબંધ સુધારીને ફરી રજૂ કરવા માટે સૂચવવા અને તે માટે જરૂરી સલાહસૂચનો મેળવવા માટે પ્રૉ. કે. કા. શાસ્ત્રીનો સંપર્ક સાધવા સૂચવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં તમામ પરીક્ષકોના બધા હેવાલો લક્ષમાં લઈને શ્રી. રઘુવીર ચૌધરીનો ઉપરોક્ત મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે ગ્રાહ્ય ગણવો અને તેમની મૌખિક પરીક્ષા માટેની કાર્યવાહી હાથ ધરવી.

૧૫. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણે બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનનું શિક્ષણ કાર્ય જૂન ૧૯૭૮ થી બંધ કરવા ઓર્ડિ. ૧૨૦-એફ અન્વયે પરવાનગી આપવા તા. ૮-૭-૧૯૭૭ના રોજ અરજી કરેલી તે બાબતમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિ તેનો હેવાલ આપે તે પહેલાં કૉલેજે જૂન ૧૯૭૮ થી સદરહુ વિષય શીખવવાનું બંધ કર્યાનું તેઓએ ઓર્ડિ. ૯૬ અન્વયે મોકલેલ માહિતી પરથી જણાતાં તેના સંદર્ભમાં કૉલેજને પુછાવતાં કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૨૬-૧૦-૧૯૭૮ના પત્રથી કરેલ સ્પષ્ટતા પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી અને પોતાનો હેવાલ આ કાઉન્સિલની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવા તેને જણાવવું :

૧. શ્રી. નરહરિ પરીખ
૨. શ્રી. આર. એમ. શાહ.

૧૬. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૪-૧૧-૧૯૭૮ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૧૧-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૪-૧૧-૧૯૭૮ની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૭. સેનેટ હૉલ વાપરવા માટેના દર પર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓના મંડળ તથા યુનિવર્સિટીના કર્મચારીઓની ક્રેડિટ સોસાયટીને તેમની વાર્ષિક સભા માટે સેનેટ ('કાર્ટ') હૉલ વિનામૂલ્યે પણ જરૂરી સર્વિસ ચાર્જ લઈને વાપરવા માટે આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બિનસાંપ્રદાયિક અને બિનરાજકીય સંસ્થાઓને તેમના સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યાખ્યાનો, પરિસંવાદો, ઇત્યાદિ માટે સેનેટ હૉલના ઉપયોગ માટે નીચે મુજબના દર નિયત કરવા :

અનુક્રમ	વિગત	સમય	સર્વિસ ચાર્જની રકમ	વીજળી ચાર્જની રકમ	વિશેષ નોંધ
(અ)	ગુજરાત યુનિવર્સિટી કૉર્ટ ખંડ (સેનેટ હૉલ) બહારની અન્ય સંસ્થાઓ અને પાર્ટીઓ માટે (લાઉડસ્પીકર, વાયરમેન વગેરે સિવાય).	ચાર કલાક કે તેથી ઓછો સમય	૧૦૦-૦૦	૩૫-૦૦	
		આઠ કલાક કે તેથી વધુ (એક દિવસથી વધુ નહિ).	૧૫૦-૦૦	૫૧-૦૦	

૧૮. શ્રી. શરદભાઈ પટેલના તા. ૨૧-૧૧-૧૯૭૮ના પત્રમાં જણાવેલ ગુજરાત યુનિ. એક્ટ, ૧૯૪૯ની કલમ પર નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવા અંગેના તેઓના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

52. " Any dispute arising out of a contract between the University had any member of the non-teaching staff or teacher of the University, shall on the request of the University or of the member of the non-teaching staff or teacher concerned, be referred to a Tribunal of Arbitration consisting of one member appointed by the Executive Council, one member nominated by the member of the non–teaching staff or teacher concerned and an umpire appointed by the Chancellor. The decision of the Tribunal shall be final and no suit lie in any Civil Court in respect of the matter dicided by the Tribunal. Every such request shall be deemed to be submission

to Arbitration upon the terms of this section within the meaning of the Indian Arbitration Act, 1940 and the provisions of the Act shall apply accordingly."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવને અનુલક્ષીને ગુજરાત યુનિવર્સિટી ધારામાં જરૂરી ફેરફાર કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૯. જે પરીક્ષામાં ડમી નંબરોની પ્રથા ન હોય તેવી બધી પરીક્ષાઓના તમામ વિષયોની પરીક્ષાની ઉત્તરવહીઓના ડિસ્પેચિંગ માટે યુનિવર્સિટી કેમ્પસમાં ડિસ્પેચિંગ સેન્ટરની અલગ વ્યવસ્થા ઊભી કરવાની અને તેનું સંચાલન વિદ્યાશાખા હસ્તક રાખવાની વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨-૮-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત

અને

૨૦. એમ. કૉમ. ભાગ ૧ અને ભાગ ૨, તૃતીય વર્ષ બી.કૉમ. અને પ્રથમ વર્ષ બી.કૉમ. માટે ડમી નંબરો આપવાની પ્રથા અપનાવવા વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨-૮-૧૯૭૮ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૧૯ અને ૨૦ ઉપરની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) યુનિવર્સિટી કક્ષાએ બી.કૉમ.ની પરીક્ષા માટે 'ડમી નંબરો'ની પદ્ધતિ ૧૯૭૯ના વર્ષમાં પણ ચાલુ રાખવી;

(૨) એમ.કૉમ. પાર્ટ ૧ અને પાર્ટ ૨ની ૧૯૭૯ના વર્ષની પરીક્ષા માટે પણ યુનિવર્સિટી કક્ષાએ 'ડમી નંબરો'ની પદ્ધતિ દાખલ કરવી.

૨૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૨-૮-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે—

૧. એફ.વાય. બી.કૉમ. અને તૃતીય વર્ષ બી.કૉમ.ની પરીક્ષામાં દરેક વિષયમાં સૌથી વધુ ગુણ મેળવતા પ્રથમ ૩૦૦ વિદ્યાર્થીઓ અથવા જે તે વિષયમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યાના ૨૫ ટકા—એમાંથી જે ઓછી સંખ્યા હોય તેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પુનઃ તપાસવાની વ્યવસ્થા દાખલ કરવી જેથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓ વચ્ચે ગુણવત્તાના ધોરણે યોગ્ય ક્રમાંક આપવાનું વધુ તાર્કિક બને.

૨. આ સભા વધુમતે ભલામણ કરે છે કે એમ.કૉમ. ભાગ ૧ અને ભાગ ૨ ની યુનિવર્સિટી પરીક્ષામાં દરેક વિષયમાં સૌથી વધુ ગુણ મેળવતા પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓ અથવા જે તે વિષયમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યાના ૨૫ ટકા, એમાંથી જે ઓછી સંખ્યા હોય તેટલા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પુનઃ તપાસવાની વ્યવસ્થા દાખલ કરવી જેથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓ વચ્ચે ગુણવત્તાના ધોરણે યોગ્ય ક્રમાંક આપવાનું તા.કક બને."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તથા તેના આનુષંગિક પ્રશ્નો અંગે જરૂરી ચર્ચા-વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય બી. એમ. પીરજાદા
૨. આચાર્ય કે. એન. શાહ
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. આચાર્ય એમ. સી. શાહ
૫. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૬. ડૉ. પી. પી. મહેતા
૭. શ્રી. નરહરિ પરીખ
૮. શ્રી. આર. એમ. શાહ
૯. ડૉ. પરેશ મજમુદાર.

બાબત નં. ૨૨ની ચર્ચાવિચારણા હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૫ પ્રથમ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૬૫. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના બાર સભ્યો તરફથી મળેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા યુનિવર્સિટીનાં ભવનો ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં તેમ જ ગુજરાત યુનિવર્સિટી માન્ય સંસ્થાઓમાં તાત્કાલિક અમલમાં મૂકવી. શિક્ષણ, વિદ્યાર્થીઓ અને વાલીઓના સમગ્ર હિતના સંદર્ભમાં આ વ્યવસ્થા ઉપકારક હોઈ તેનો તાત્કાલિક અમલ કરવો. "

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો અને આ યુનિવર્સિટીમાં અનુસ્નાતક શિક્ષણની વિકેન્દ્રિત વ્યવસ્થા ગોઠવવા માટે જરૂરી ચર્ચાવિચારણા કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૪. આચાર્ય કે. એન. શાહ
૫. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૬. ડૉ. પરેશ મજમુદાર.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, સદરહુ સમિતિનો હેવાલ આવ્યેથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચને વિચારણા માટે મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી બાબત નં. ૨૨ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૨૨. પ્રોફેસર ઑફ જિયોલોજીની ૧ જગ્યા માટે, રીડર ઇન જિયોલોજીની ૧ જગ્યા માટે તથા લેક્ચરર ઇન જિયોલોજીની ૨ જગ્યાઓ માટે તા. ૨૪-૯-૧૯૭૮ની વરણી-સમિતિની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૧૭)

કેટલીક ચર્ચાવિચારણાને અંતે બહુમતીથી ઠરાવવામાં આવ્યું કે (૧) ઉપર બાબત નં. ૬૫ પરના ઠરાવના સંદર્ભમાં જિયોલોજીના અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા યુનિવર્સિટીના વિદ્યાભવનમાં શરૂ કરવાનો નિર્ણય રદ કરવો અને તેની શિક્ષણવ્યવસ્થા હાલ ચાલે છે તે મુજબ સંલગ્ન કૉલેજના કેન્દ્ર દ્વારા જ કરવાનું ચાલુ રાખવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપર નં. ૧નો ઠરાવ જોતાં સદરહુ જગ્યાઓ ભરવાની જરૂરિયાત હવે રહેતી નથી, અને તેથી તે માટેની ભલામણો દફતરે કરવી.

૨૩. ગૃહવિજ્ઞાનના વિભાગમાં પ્રોફેસરની ૧ જગ્યા, ગૃહવિજ્ઞાનના રીડરની ૧ જગ્યા અને ગૃહવિજ્ઞાનના લેક્ચરરની ૨ જગ્યાઓ માટે તા. ૨૦-૯-૧૯૭૮ના રોજ મળેલી વરણી-સમિતિની ભલામણો સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (ઍ.કા.બા. ક્ર. ૮)

કેટલીક ચર્ચાવિચારણાને અંતે બહુમતીથી ઠરાવવામાં આવ્યું કે ઉપર બાબત નં. ૬૫ના ઠરાવના સંદર્ભમાં ગૃહવિજ્ઞાનના અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા શરૂ કરવાનો નિર્ણય રદ કરવો અને તેની શિક્ષણવ્યવસ્થા હાલ ચાલે છે તે મુજબ સંલગ્ન કૉલેજના કેન્દ્ર દ્વારા જ કરવાનું ચાલુ રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપરનો ઠરાવ જોતાં સદરહુ જગ્યાઓ ભરવાની જરૂરિયાત હવે રહેતી નથી અને તેથી તે માટેની ભલામણો દફતરે કરવી.

૨૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન સ્પેઇસ સાયન્સીઝ ઍન્ડ ધેર એપ્લિકેશન્સની એક જગ્યા માટે તા. ૧૪-૯-૧૯૭૮ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઍ. કા. બા. ક્ર. ૯)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાનવિદ્યા ભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગમાં લેક્ચરર ઇન સ્પેસ સાયન્સીઝ ઍન્ડ ધેર એપ્લિકેશન્સની એક જગ્યા પર ડૉ. અમરદત્ત વ્યાસની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦ એસેસમેન્ટ-૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂ. ૭૦૦ના પગારથી બે વર્ષના પ્રોબેશન પર કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૪-૯-૧૯૭૮ની સભાની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૫. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન એજ્યુ-કેશનની એક જગ્યા માટે તા. ૨૫-૮-૧૯૭૮ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઍ. કા. બા. ક્ર. ૩)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૬. યુનિવર્સિટી કાર્યાલયમાં હિસાબનીશની એક જગ્યા માટે તા. ૨૨-૯-૧૯૭૮ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઍ. કા. બા. ક્ર. ૭)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્વીકારવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૨-૯-૧૯૭૮ની સભાની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં હિસાબનીશની ખાલી પડેલી જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી અને તે અંગેની જાહેરાતમાં અનુસૂચિત જાતિઓ—અનુસૂચિત જનજાતિઓના ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે તેમ સ્પષ્ટ ઉલ્લેખ કરવો.

૨૭. તા. ૨૦-૮-૧૯૭૮ તથા તા. ૧૯-૯-૧૯૭૮ના રોજ કાર્યાલય નિયામકની જગ્યા માટે મળેલ વરણીસમિતિની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૯-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૧૦)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ શ્રી. આર. એચ. પારેખને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦ ઈ.બી. ૪૫-૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂ. ૭૭૫-૦૦ના પગારથી એક વર્ષના પ્રોબેશન પર નીમવા.

(સદરહુ સમિતિની ભલામણની નકલ પરિશિષ્ટ "ચ" સાથે સામેલ છે.)

૨૮. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામકની જગ્યા માટે તા ૨૦-૮-૧૯૭૮ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણોને સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ. કા. બા. ક્ર. ૯)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ શ્રી. એન. સી. ત્રવાડીને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦ ઈ.બી. ૪૫-૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂ. ૭૭૫-૦૦ના પગારથી એક વર્ષના પ્રોબેશન પર નીમવા.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૯. સરકારી ઑડિટરે સને ૧૯૭૫-૭૬ના વર્ષના જનરલ તથા ગ્રાન્ટના તપાસેલ હિસાબો અંગે તેમના તરફથી આવેલ ઑડિટ નોંધના જવાબો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑડિટ નોંધની નોંધ લેવી અને તે અંગેના જવાબોનો મુસદ્દો મંજૂર કરવો.

૩૦. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૫-૫-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

" ડૉ. એન. કે. પટેલે રસાયણવિજ્ઞાન વિષયમાં ડી.એસસી. (ડી.એસસી.) પદવી માટે રજૂ કરેલ પ્રકાશિત સંશોધન કાર્ય માટે રેફરીઓ નીમવા બાબતમાં આ અભ્યાસસમિતિએ તેની તા. ૧૯—૧૦-૧૯૭૭ની સભામાં નીમેલ સમિતિનો રિપોર્ટ આ અભ્યાસસમિતિ સ્વીકારે છે અને થિસિસ તપાસવા મોકલવા માટે આ અભ્યાસસમિતિ ભલામણ કરતી નથી તેમ છતાં

ઑર્ડિનન્સ ૩૩૭ ની જોગવાઈ મુજબ નીચે મુજબ રેફરીઓનાં નામો સૂચવવામાં આવ્યાં છે :

Names of Referees :

1. Dr. Eurof Davies,
   Sawanser University, Sawanser, U.K.
2. Dr. Cartledge, U.S.A.
3. Dr. O. L. Riggs. U.S.A.,
   Ker McGee Corporation, Oklahama City, Okla, U.S.A.
4. Dr. Ken Nobe (U.S.A.)
5. Dr. C. C. Nathan,
   Belt Laboratory, Philladelphia, U.S.A.
6. Dr. James Kruger,
   National Bureau Standards,
   Washington, U.S.A.
7. Dr. T. P. Hoar,
   Cambridge, U.K.
8. Dr. K. S. Rajgopalan,

   Central Electrochemical Research Institute, Madras.
9. Dr. A. K. N. Reddy,
   Institute of Science, Banglore."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ સદરહુ બાબત અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા કરીને ઘટતો નિર્ણય લેવાનો રહે છે તે જોતાં સદરહુ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી ડી. ડી. દેસાઈ તથા માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી એચ. યુ. જોશી નિવૃત્તિવય મર્યાદા વટાવી ગયા હોવા છતાં તેમની જગ્યાઓએ અન્ય નિમણૂકો કરવામાં આવી નથી તે બાબત પર ગુજરાત લૉ સોસાયટીના મંત્રીશ્રીએ લખેલ તા. ૨૭-૯-૧૯૭૮ના પત્રને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિવૃત્તિવય અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો જોતાં સર્વશ્રી ડી. ડી. દેસાઈ અને એચ. યુ. જોશીને આચાર્યપદે ચાલુ રાખવા માટેની સદરહુ સોસાયટીની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી, એમ તે સોસાયટીને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલાં સંબંધકર્તા કૉલેજોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતા આચાર્યોની નિમણૂક કરવા તથા તે દરમ્યાન વચગાળાની વ્યવસ્થા કાર્યકારી ધોરણે તા. ૧૫-૧-૧૯૭૯ સુધીમાં કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા સદરહુ સોસાયટીને જણાવવું.

૩૨. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ચાલતું ઉર્દૂ વિષયનું અનુ. કેન્દ્ર ત્યાંથી ફેરવી નવેમ્બર ૧૯૭૮થી યુનિ.ના ભાષા-સાહિત્ય ભવનમાં શરૂ કરવા માટેના ભાષા-ભવનના અધ્યક્ષશ્રી મારફત આવેલ શ્રી. એ. એન. કુરેશીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉર્દૂના અનુસ્નાતક શિક્ષણ માટેની હાલની વ્યવસ્થામાં કશો ફેરફાર કરવો નહીં.

૩૩. સંલગ્ન કૉલેજોના વ્યાયામ શિક્ષકને "લેક્ચરર ઇન ફિઝિકલ એજ્યુકેશન" નામાભિધાન આપવા માટે યુનિવર્સિટી કોર્ટ સભ્ય શ્રી. દેવેન્દ્રસિંહ બી. સોલંકીના તા. ૭-૧૦-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬—૩—૧૯૭૪ની સભામાં સદરહુ નામાભિધાન આપવા ઠરાવ્યું હતું, પરંતુ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૯—૬—૧૯૭૪ની સભામાં તે ઠરાવનો અમલ મોકૂફ રાખવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ તુરત મોકૂફ રાખવી.

૩૪. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ શિક્ષકોના સુધારેલ પગારધોરણ ઇત્યાદિ અંગે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૩-૧૧-૧૯૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૫-૪૯૪૭-ખમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે એકેડેમિક કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિએ સદરહુ ઠરાવની કંડિકા (૧૩) અંગે કરેલ દરખાસ્ત એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫-૨-૧૯૭૮ની સભામાં સ્વીકારી હતી જે રાજ્ય સરકારને પુનઃ મોકલતાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેના તાં. ૮-૬-૧૯૭૮ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૩૭૮-૪૫૪૦૭-ખ થી નીચે પ્રમાણે જાણ કરેલ છે તેની નોંધ લેવા બાબત :

"ફાજલ પડતા કૉલેજ શિક્ષકોના પ્રશ્ન પતી ગયા બાદ આ પ્રશ્ન ઉપર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે."

[**નોંધ.**—રાજ્ય સરકારના ઠરાવની કંડિકા (૧૩) અને તે પરત્વે એકેડેમિક કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિએ મોકલાવેલ દરખાસ્ત નીચે પ્રમાણે છે :

રાજ્ય સરકારના ઠરાવની કંડિકા (૧૩)

"(13) While the revised scale of Rs. 500—900 is given for the Demonstrators/ Tutors no new posts of Demonstrators/ Tutors shall be created hereafer,

and no new Demonstrators / Tutors will be appointed on any vacancy arising hereafter in the existing posts of Tutors and Demonstrators. Simultaneously it will be seen that gradually, over a period of years, as and when vacancies occur, the posts of Demonstrators / Tutors are converted into those of Lecturers after taking a review of the work-load and the need for such conversion, provided sufficient number of duly qualified persons are available to fill up those posts. The University concerned shall take up such a review with regard to the affiliated colleges and make a proposal to the Government for its approval before such conversion is done."

અંકેરમિક કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિએ કરેલ ભરખાસ્ત

"As a majority of Tutors / Demonstrators in the affiliated colleges of Gujarat University possess the qualifications for the post of a Lecturer according to the norms prescribed by the University prior to the adoption of G.R. of 23rd February, 1976 and looking to the fact that their basic salary is much higher than the initial salary prescribed for the post of a Tutor / Demonstrator. It is recommended to the State Government, that such Tutors / Demonstrators as possess the minimum qualifications for the post of a Lecturer according to the norms of the University should be covered into lecturers from 1—1—1973 if they are eligible for the Lecturer's post on that date, and in case of those who do not possess the necessary qualifications on that date should be upgraded as Lecturers as and when they become eligible for the Lecturer's post after 1-1-1973.

It is further recommended that the State Govt. should bear the expenditure resulting from such conversion.

Note.— As far as the question of workload is concerned, there is practically no difference between the workload of Tutors / Demonstrators and that of Lecturers. Moreover, the Lecturers in Science Colleges are assigned practical work whereas Tutors do have lecturing work. While Demonstrators possessing post-graduate degree are assigned lecturing work."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ભારપૂર્વક પુનઃરજૂઆત કરવાનું રાખવું.

૩૫. શ્રી સી. વી. શાહ લૉ કૉલેજ, અમદાવાદે જૂન, ૧૯૭૮થી ચાલુ જોડાણ મેળવવા બાબતમાં ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ રિટ પીટિશનના સંદર્ભમાં સદરહુ કૉલેજના આચાર્યની નિમણૂકને માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરીકે શ્રી. બી. એમ. પાઠકની બાબતમાં ખૂટતો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય ગણીને તેમની નિમણૂક ગ્રાહ્ય રાખવી.

૩૬. કૉલેજોના મકાનમાં ચાલતા ટ્યૂશન ક્લાસો બંધ કરાવવા માટેના શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી અને આવતા એપ્રિલ માસમાં આ સભાગૃહની પાસે તે પુનઃ રજૂ કરવી.

૩૭. યુનિવર્સિટી કોર્ટ સભ્ય શ્રી એસ. બી. વોરાના ટેલિવિઝનનો અભ્યાસક્રમ દાખલ કરવા અંગેના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં રેડિયો અને ટેલિવિઝનના કાર્યક્રમોના આયોજન અને નિર્માણ (Planning and Production)નો અભ્યાસક્રમ દાખલ કરવાની બાબતમાં જરૂરી યોજના તૈયાર કરીને રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. અરુણ શ્રોફ
૨. શ્રી. ધીરેન અવાશિયા
૩. શ્રી. ડી. એન. દીક્ષિત
૪. શ્રી. જ્યોતીન્દ્ર દેસાઇ
૫. શ્રી. એસ. બી. વોરા
૬. શ્રી. જસવંત ઠાકર
૭. શ્રી. કે. સી. પરીખ.

૩૮. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રિક્રિયેશન ક્લબને ૧૯૭૮-૭૯ના વર્ષ માટે સદરહુ ક્લબની પ્રવૃત્તિઓ યુનિવર્સિટી કાર્યાલયના ચાલુ સમય (રિસેસ સહિતના) દરમ્યાન કરવામાં આવે નહિ તે શરતે રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરી હતી તેના સંદર્ભમાં "રિસેસ સહિતના" શબ્દોને બદલે "રિસેસ સિવાય" શબ્દો રાખવા એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી શરદભાઈ પટેલના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સભાગૃહે તેની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં બાબત ક્રમાંક ૨૩ પર કરેલા ઠરાવ પરથી " રિસેસ સહિતના" એ શબ્દો કમી કરવા અને તે મુજબ તે ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

> " આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રિક્રિયેશન ક્લબને ચાલુ વર્ષે એટલે કે ૧૯૭૮-૭૯ના વર્ષ માટે સદરહુ પ્રવૃત્તિઓ યુનિવર્સિટી કાર્યાલયના ચાલુ સમય દરમ્યાન કરવામાં આવે નહીં તે શરતે રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવી. "

બાબત નં. ૩૯ સાથે બાબત નં. ૮૬ પર પણ વિચારણા કરવામાં આવી.

૩૯. વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદની સામે જરૂરી પગલાં ભરવા અંગે ગુજરાત રાજ્યના સંયુક્ત સચિવશ્રીએ તેમના તા. ૯-૧૦-૧૯૭૮ના પત્રાંક એનજી. ૧૩૦૮-૫૬૧૯૦-ખથી કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

સદરહુ સ્થાયી સમિતિની ભલામણો મંજૂર કરવી અને તે મુજબ જે તે સભ્યોને આપવા પાત્ર થતાં રકમ (નિયમ વિરુદ્ધ રદ કરવામાં આવેલા ઈન્જક્શાની રકમ સહિત), તા. ૩૧–૧૨–૧૯૭૮ સુધીમાં ચૂકવી આપવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ફાયદાની વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં બિનશિક્ષક વર્ગના કર્મચારીઓના મહેકમ અંગે જરૂરી ચર્ચાવિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે સદરહુ સ્થાયી સમિતિને જણાવવું.

૮૬. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની સેવાની શરતો બાબતના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૮–૯–૧૯૭૮ની સભાની નીચેની બાબત પરની ભલામણ તથા તા. ૧–૧૨–૧૯૭૮ અને તા. ૫–૧૨–૧૯૭૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, પોરબંદરે વિદ્યાર્થી ન હોવાને કારણે બી.એ. (ગૌણ) હિંદીનું શિક્ષણકાર્ય જૂન ૧૯૭૮ થી બંધ કર્યાની, સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ જાણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે વિષય બંધ કરવા માટેની અરજી ઑર્ડિ. ૧૨૦ (એફ)માં જણાવેલી સમયમર્યાદા બહાર હોઈ સદરહુ વિષય બંધ કરવા માટેની અરજી ઑર્ડિ. ૧૨૦ (એફ) અનુસાર અરજી કરવા જણાવવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૧–૧૨–૧૯૭૮ અને તા. ૫–૧૨–૧૯૭૮ના રોજ મળેલી સભાની ભલામણો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ભલામણ નં. ૧ : મંજૂર કરવી.

ભલામણ નં. ૨ : મોકૂફ રહેલી હોઈ તે અંગે હાલ વિચારવાપણું રહેતું નથી.

ભલામણ નં. ૩ : સદરહુ ભલામણમાં જણાવેલી નીચેની ભલામણો મંજૂર કરવી અને તેનો અમલ તા. ૧–૪–૧૯૭૯ થી કરવા માટે કૉલેજોને જણાવવું.

૧. સંલગ્ન કૉલેજ/માન્ય સંસ્થાના ચોથા વર્ગના કર્મચારીઓને
(અ) પ્રતિવર્ષ બે જોડ સુતરાઉ યુનિફૉર્મ અને દર પાંચ વર્ષે વધારામાં એક ગરમ કાપડનો યુનિફૉર્મ તેમ જ એક છત્રી/રેઇનકોટ આપવાં તેમ જ યુનિફૉર્મના કાપડની ધોલાઈની વ્યવસ્થા સંસ્થાએ કરવી.

૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળામાં ઈલેક્ટ્રિકનાં કામકાજ સાથે સંકળાયેલા કર્મચારીઓને વીજળીનો કરન્ટ ન લાગે તે માટે કરન્ટ-પ્રૂફ બૂટ આપવા.

૩. રસાયણશાસ્ત્રની લેબોરેટરીમાં કામ કરતા હમાલ (પ્યૂન)ને વધુમાં એપ્રોન પણ આપવું તેમ જ તેમના આરોગ્યની દૃષ્ટિએ કામ-કાજના ચાલુ દિવસે અર્ધો લિટર દૂધ આપવું.

૪. ચોકિયાતોના નોકરીના સમય અંગે યુનિવર્સિટી કાર્યાલયમાં પ્રવર્તતા નિયમો અમલી બનાવવા.

૫. ગેસ, મિકેનિક, ઈલેક્ટ્રિશિયન, ઇત્યાદિ જોખમી કાર્ય કરતા કર્મચારીનો રૂ. ૧૦,૦૦૦નો અકસ્માતનો વીમો સંસ્થાએ ઉતરાવવો અને તેનું પ્રીમિયમ ભરવું.

૬. ડુપ્લિકેટ મશીન પર કામ કરનાર કર્મચારીને મશીન ભથ્થું આપવા બાબતમાં સંલગ્ન કૉલેજોમાંથી જરૂરી માહિતી મંગાવીને રજૂ કરવી.

૭. દરેક કૉલેજમાં એક પ્યૂન રૂ. ૨૧૦–૨૭૦ના પગારધોરણમાં નીમવો (સરકારી કૉલેજમાં આ વ્યવસ્થા અમલી છે).

૮. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે સરેન્ડર લીવ અંગેના નિયમોનો અમલ ઘણીખરી કૉલેજોમાં થતો નથી તો તે અંગે અગાઉના પરિપત્ર તરફ કૉલેજોનું ધ્યાન દોરી અમલ કરવા પુનઃ જણાવવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને તેને ગ્રાન્ટને પાત્ર ગણવા રાજ્ય-સરકારને વિનંતી કરવી.

૯. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના શિક્ષક તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે તબીબી સહાય અંગે આ સાથે આપેલા સરકારી નિયમોનો અમલ કરવા કૉલેજોને/માન્ય સંસ્થાઓને આદેશ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને તેને ગ્રાન્ટને પાત્ર ગણવા રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, યુનિવર્સિટીનાં વિજ્ઞાનવિદ્યા ભવનની રસાયણશાસ્ત્રની પ્રયોગ-શાળામાં કામ કરતા પટાવાળા/પટાવાળાઓને કામકાજના ચાલુ દિવસે અડધો લિટર દૂધ આપવું, અને આ ભલામણનો અમલ તા. ૧–૧–૧૯૭૯થી કરવાનું રાખવું.

ભલામણ નં. ૪ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. રાજ્ય સરકારને ગ્રાન્ટમાંથી સદરહુ રકમ કાપી શિક્ષકોને ચૂકવવા રાજ્ય સરકારને ભલામણ કરવી. એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલવી.

૨. તે કૉલેજને પરીક્ષાનું કેન્દ્ર આપવું નહીં.

૩. આગામી વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં આપવા કૉલેજોને આદેશ આપવો.

ભલામણ નં. ૫ મંજૂર કરવી.

ભલામણ નં. ૬ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. રાજ્ય સરકારને ગ્રાન્ટમાંથી સદરહુ રકમ કાપી વ્યાયામ શિક્ષકને ચૂકવવા રાજ્ય સરકારને ભલામણ કરવી, એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલવી.

૨. તે કૉલેજને પરીક્ષા કેન્દ્ર આપવું નહીં,

૩. આગામી વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં આપવા કૉલેજોને આદેશ આપવો.

ભલામણ નં. ૭ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. અમદાવાદ સાયન્સ કૉલેજ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૨. સી. સી. મોહલા આર્ટ્સ કૉલેજ, વીસનગર અને સૈફી જ્યુબિલી આર્ટ્સ કૉલેજ, સિદ્ધપુર અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) રાજ્ય સરકારને ગ્રાન્ટમાંથી સદરહુ રકમ કાપી વ્યાયામ શિક્ષકને ચૂકવવા રાજ્ય સરકારને ભલામણ કરવા, એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલવી.

(૨) તે કૉલેજોને પરીક્ષાનું કેન્દ્ર આપવું નહીં.

(૩) આગામી વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં આપવા કૉલેજોને આદેશ આપવો.

ભલામણ નં. ૮ સદરહુ ભલામણો મંજૂર કરવા માટે રાજ્ય સરકારને ભારપૂર્વક વિનંતી કરવા.

ભલામણ નં. ૯ સદરહુ સમિતિએ તેની વિચારણા મોકૂફ રાખેલી હોઈ તે અંગે હાલ કશું વિચારવાનું રહેતું નથી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૫૬ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫૬. એપ્રિલ ૧૯૭૯માં લેવાનારી યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો નિયત કરવા અંગે કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ચાલુ વર્ષે અપવાદ તરીકે ટી.વાય.બી.એસસી.ની પરીક્ષા માટેનાં કેન્દ્રો જે ગયા વર્ષે હતાં તે આગામી એપ્રિલ માસની પરીક્ષા માટે પણ ચાલુ રાખવાં, તે સુધારા સાથે કાર્યાલયે રજૂ કરેલ પરીક્ષા કેન્દ્રોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી કેન્દ્રોની યાદી **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહે ઠરાવ્યું કે આ સભાની આગળની કાર્યવાહી મોકૂફ રાખવી, અને આ સભા રવિવાર, તા. ૧૦-૧૨-૧૯૭૮ના રોજ સવારે ૯-૦૦ વાગ્યા પર લઈ જવી (એડજોર્ન કરવી).

ઉપરના ઠરાવને અનુલક્ષીને મોકૂફ રાખવામાં આવેલી સદરહુ સભા, રવિવાર, તા. ૧૦-૧૨-૧૯૭૮ના રોજ સવારના ૯-૦૦ વાગે પુનઃ મળતાં યાદી પરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

૪૦. ફાઇનાન્સ સમિતિની તા. ૮-૧૨-૧૯૭૮ ને શુક્રવારના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૮-૧૨-૧૯૭૮ની સભાની ભલામણો પર કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની બાબત નં. ૨ પરની ભલામણોના સંદર્ભમાં જૂની ઉત્તરવહીઓના વેચાણની બાબતમાં નીચેની વધારાની શરત પણ ઉમેરવી :

" ઉત્તરવહીઓ તા. ૧૫ મી એપ્રિલ ૧૯૭૯ પહેલાં ઉપાડી લેવી, પરંતુ કોઈપણ કારણસર તેઓ ઉપાડી ન શકે તો દરરોજના રૂ. ૧૦૦-૦૦ પ્રમાણે તેઓ પાસેથી પેનલ્ટી લેવાનું રાખવું."

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, ભવિષ્યમાં આ યુનિવર્સિટીની જુદી જુદી વસ્તુઓ, જેવી કે પ્રયોગશાળા માટેનાં વૈજ્ઞાનિક સાધનો, રસાયણો તથા અન્ય સામગ્રી, કાગળો, ફર્નિચર, ઇત્યાદિની ખરીદીની પદ્ધતિ અંગે આચાર્ય બી. એમ. પીરજાદાની બનેલી એક-વ્યક્તિ સમિતિ (one-man committee) નીમવી અને તેને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે જણાવવું.

૪૧. આ યુનિવર્સિટી માટે સને ૧૯૭૬થી શરૂ થતા ત્રિવાર્ષિક ગાળા માટે રાજ્ય સરકારશ્રીએ તા. ૮-૬-૧૯૭૮ના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુએસજી-૧૧૭૭/૩૧૨૯૨ ૭૮-ખ થી બ્લોક મેન્ટેનન્સ ગ્રાન્ટ વાર્ષિક રૂ. ૨૭ લાખની મંજૂર કરેલ તે માટેની ગણતરીની વિગતો દર્શાવતા સરકારશ્રીના તા. ૨૭-૯-૧૯૭૮ના પત્ર ક્રમાંક યુએસજી-૧૧૭૮-૩૫૬૩૪-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ યોગ્ય રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૪૨. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી તથા સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરમાં અંગ્રેજી વિષય માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબની જરૂરી લાયકાત ધરાવતા વ્યાખ્યાતા ન મળવાના કારણે સદરહુ કૉલેજોએ કરેલ વ્યવસ્થાને ગ્રાહ્ય રાખવા બાબતમાં અંગ્રેજીના શિક્ષણનો કુલ કાર્યબોજ જોઈ-તપાસીને પોતાની ભલામણો રજૂ કરવા માટે તા. ૧૧, ૧૮-૧૧-૧૯૭૮ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાએ નીમેલી સમિતિની તા. ૧-૧૨-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"After analysing the workload, it becomes evident that two full-time Lecturers are needed in English department. Hence, both colleges should be asked to have to full-time Lecturers in English, latest by June, 1979. However, in the mean time, the appointments of Part-times may be condoned for this year."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી, અને સદરહુ કૉલેજોને જૂન ૧૯૭૯થી યોગ્ય લાયકાત ધરાવતા અધ્યાપકોની નિમણૂક કરવા માટે જણાવવું અને ઉમેરવું કે તેમ કરવામાં આવશે નહીં તો નવા વિદ્યાર્થીઓને તેઓ દાખલ કરી શકશે નહીં.

૪૩. ડૉ. એ. એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. બી. બી. સિદ્દીકીએ રજૂ કરેલ મહાનિબંધના બાહ્ય પરીક્ષક ડૉ. પ્રયાગ મહેતાને સદર મહાનિબંધ સુધારીને ફરીથી મોકલવા સૂચવ્યું છે તો તે પર વિચારણા કરવા બાબત :

[નોંધ.—(૧) શ્રી. સિદ્દીકીનો મહાનિબંધ પરદેશના અને ભારતના બન્ને બાહ્ય રેફરીઓએ સુધારીને રજૂ કરવા જણાવતાં વિદ્યાર્થીએ મહાનિબંધ સુધારીને રજૂ કરેલો.

(૨) વિદ્યાર્થીએ સુધારીને રજૂ કરેલ મહાનિબંધ પર પરદેશના રેફરીએ મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરી. પણ ભારતના રેફરીએ કેટલાક સુધારાવધારા કરવા સૂચવ્યું. તે પરથી સદરહુ વિદ્યાર્થીનો મહાનિબંધ સુધારીને રજૂ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫—૨—૧૯૭૮ની સભામાં પરવાનગી આપી.

(૩) ફરીથી ભારતના બાહ્ય રેફરી ડૉ. પ્રયાગ મહેતાએ મહાનિબંધ સુધારવા (Revise) કરવા જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રેફરી ડૉ. પ્રયાગ મહેતાના રિપોર્ટ અંગે માર્ગદર્શક શિક્ષક ડૉ. એ. એન. દેસાઈનું વક્તવ્ય મંગાવીને એ બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૪૪. ડૉ. એ. એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલાં કુ. એ. એમ. મર્ચન્ટે ફરી રજૂ કરેલ મહાનિબંધ તપાસવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની એપ્રિલ ૧૯૭૮ની સભાના ઠરાવ અન્વયે નિમાયેલ ચોથા પરીક્ષક ડૉ. એડવિન હાર્પરના હેવાલ પર ઑર્ડિ. ૩૨૧(૨) અન્વયે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯—૪—૧૯૭૮ની સભામાં પ્રસ્તુત મહાનિબંધ પરત્વે આવેલા પરીક્ષકોના બે હેવાલમાં 'Tie પડતી હોવાથી ચોથા પરીક્ષકની નિમણૂક કરવા ઠરાવ કરવામાં આવેલ હતો.

(૨) ઑર્ડિ. ૩૨૧(૨) નીચે મુજબ વંચાય છે :

"In the event of any one of the three referees rejecting the thesis, it shall constitute a tie in which the Executive Council shall appoint a fourth referee whose dicision shall be final."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ અંગે ચોથા રેફરીના અહેવાલને અનુલક્ષીને શ્રી. એ. એમ. મર્ચન્ટનો મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે અસ્વીકાર્ય ગણવો.

૪૫. ગુજરાત રાજ્ય સરકારના કૃષિ, જંગલ અને સહકાર વિભાગ તરફથી ક્ષારવાળી જમીનને ક્ષારમુક્ત કરવા માટેની યોજના હેઠળ, મહેસાણા જિલ્લાના સમી અને હારીજ તાલુકાના તથા અમદાવાદ જિલ્લાના વીરમગામ અને ધંધુકા તાલુકાના નાના બેડૂતોની ક્ષારવાળી જમીનને, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગના માર્ગદર્શન તથા નિરીક્ષણ હેઠળ "જમીન બિનક્ષારીકરણ કેન્દ્ર" મારફતે ક્ષારમુક્ત કરવા માટેના પ્રયોગાત્મક કાર્યક્રમ માટે દર એકરે ૩. ૫૫૦ પ્રમાણે કુલ ૧૦૦ એકર જમીનના બિનક્ષારીકરણ માટે ૫૦ ટકા પ્રમાણે સરકારશ્રીએ તેમના તા. ૨૭-૧૦-૧૯૭૬ના ક્રમાંક ડીએપી-૧૦૭૬-૫૭૬-એચ થી કુલ ૩. ૫૫,૦૦૦/-ની આર્થિક સહાય આપવાનું મંજૂર કરેલ તે યોજના સને ૧૯૭૮-૭૯ના વર્ષમાં સરકારશ્રીના તા. ૧૫-૯-૧૯૭૮ના પત્રાંક ડીએપી ૧૦૭૬-૫૭૫-હ થી ચાલુ રાખવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આ યોજના હેઠળ યુનિવર્સિટીને નીચે પ્રમાણે આર્થિક સહાય મળી છે :

૧૩,૭૫૦-૦૦	૫૦ ટકા પ્રમાણે ૨૫ એકરના ડી.પી.એ.પી એજન્સી, મહેસાણા તરફથી તેમના તા. ૫-૧૧-૧૯૭૬ના પત્ર મુજબ.
૧૩,૭૫૦-૦૦	૫૦ ટકા પ્રમાણે ૨૫ એકરના ડી.પી.એ.પી. એજન્સી, મહેસાણા તરફથી તેમના તા. ૬-૬-૧૯૭૮ના પત્ર મુજબ.
૨૭,૫૦૦-૦૦	૫૦ ટકા પ્રમાણે ૧૦૦ એકરના ડી.પી.એ.પી. એજન્સી, મહેસાણા તરફથી તેમના તા. ૨૭-૧૦-૧૯૭૮ના પત્ર મુજબ.
૨,૮૮૭-૫૦	વધારાની ૨૫ ટકા પ્રમાણેની સબસિડીના ૨૧ એકરના જિલ્લા પંચાયત, મહેસાણાના તા. ૧-૩-૧૯૭૮ના પત્ર મુજબ.
૨,૨૦૦-૦૦	વધારાની ૨૫ ટકા પ્રમાણેની સબસિડીના ૧૬ એકરના જિલ્લા પંચાયત, મહેસાણાના તા. ૧૨-૬-૧૯૭૮ના પત્ર મુજબ.
———	
કુલ ૩. ૬૦,૦૮૭-૫૦	

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૬. ગુજરાત યુનિવર્સિટી કન્ઝયુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ના પેટાનિયમો (બાયલૉઝ) ના નિયમ નં. ૨૦ (અ) પ્રમાણે તેની વહીવટી સમિતિ પર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—સંબંધકર્તા પેટાનિયમનો પાઠ નીચે મુજબ છે :

20(a) The Managing Committee shall consist of 13 members as follows :

(1) 4 members to be nominated by the University.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્ટોર્સની વહીવટી સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના ચાર સભ્યોને નીમવા :

૧. ડૉ. વી. સી. શાહ
૨. આચાર્ય હરિશંકર પંડ્યા
૩. શ્રી. શરદભાઈ પટેલ
૪. શ્રી. એ. એચ. યાજ્ઞિક.

૪૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયની યોજના હેઠળ વિજ્ઞાનની કૉલેજોમાં ડિપ્લોમા ઇન ફાર્મસીનો અભ્યાસક્રમ શરૂ કરવાની બાબતમાં પ્રસ્તાવ રજૂ કરનાર કૉલેજ અભ્યાસક્રમ શરૂ કરવા માટે જરૂરી ક્ષમતા ધરાવે છે કે કેમ તે અંગે એકઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૯-૧૯૭૮ ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૫-૧૧-૧૯૭૮ના રોજ મળેલી સભાએ વિજ્ઞાનની કૉલેજો માટે ડિપ્લોમા ઇન ફાર્મસીનો અભ્યાસક્રમ શીખવવા માટે મંજૂરી આપવાની બાબતમાં ઘડેલાં ધારાધોરણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરી.

(સદરહુ સમિતિની ભલામણોની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે)

૪૮. જાન્યુઆરી ૨૯ થી ફેબ્રુઆરી ૩, ૧૯૭૯ના સમય દરમિયાન અમદાવાદ મુકામે યોજનાર "Einstein Centenary Symposium" ના સહપુરસ્કર્તા થવાની વિનંતી કરતા સદરહુ પરિસંવાદની વ્યવસ્થાપક સમિતિના મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સિમ્પોઝિયમના સહપુરસ્કર્તા તરીકે જોડાવા માટે યુનિવર્સિટી તરફથી સંમતિ લખી મોકલવી.

૪૯. જાન્યુઆરી ૩૦ થી ફેબ્રુઆરી ૨૬, ૧૯૭૯ના સમય દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ઉપક્રમે યોજનાર "Winter Institute on Gandhian Thought"માં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૦. એપ્રિલ ૧૯૭૮માં લેવાયેલ ફર્સ્ટ બી.એસસી. પરીક્ષામાં કેટલાક વિદ્યાર્થીઓએ ગેરવાજબી ઇલાજો અજમાવેલ માલૂમ પડવાથી તે અંગે નીમેલ સમિતિની તા. ૧૬/૧૭-૧૦-૧૯૭૮ના રોજ મળેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૧૬ અને ૧૭મી ઑક્ટોબર ૧૯૭૮ના રોજ મળેલ સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સભાઓની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૫૧. બાંધકામ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૭૮ની નોંધ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૫૨. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૮-૧૨-૧૯૭૮ના રોજ મળેલ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા મોકૂફ રાખવી અને તે સિવાયની અન્ય ભલામણો મંજૂર રાખવી :

"આથી ઠરાવવામાં આવે છે કે નિવૃત્ત મદદનીશ કુલસચિવ શ્રી. ડાહ્યાભાઈ પટેલની તા. ૧-૪-૧૯૭૮ની અરજી નામંજૂર કરવી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને ઉપરની જગા પર નિમણૂક મળે ત્યારે તેમને આપવામાં આવતા એક વધારાના ઇન્ક્રીમેન્ટ અંગેની બાબત જોઈ-તપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

(સ્થાયી સમિતિની તા. ૨૭-૧૧-૧૯૭૮ની સભાની નોંધ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૫૩. સમાજ વિદ્યાભવનના મકાનમાં અધ્યક્ષશ્રી માટે જેકાફોન સાથે એક વધુ ટેલિફોન માટેની માંગણી અંગે આવેલા પત્ર નં. ૩૦૪૨, તા. ૨૪-૧૨-૧૯૭૮ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં એક વધારાનો ટેલિફોન મંજૂર કરવો.

૫૪. ફાઇનાન્સ સમિતિની તા. ૧૬-૧૧-૧૯૭૮ ના રોજ મળેલ સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬-૧૧-૧૯૭૮ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

"વધુમાં સ્પષ્ટતા કરવામાં આવી કે મંજૂર કરવામાં આવેલી સદરહુ ભલામણો નીચેની જોગવાઈને આધીન રહેશે :

માઈક્રોપાયોલોજી વિભાગ માટે મંજૂર કરવામાં આવેલા બજેટની મર્યાદામાં રહીને આ ખર્ચ કરવાનું રાખવું."

(સદરહુ સમિતિની તા. ૧૬-૧૧-૧૯૭૮ની સભાની ભલામણોની નોંધ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૫૫. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે પ્રો. ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માંગણી કરી છે ?
૧.	શ્રીમતી રેણુકા કુ. ચોકસી જુ. ક્લાર્ક, યુનિવર્સિટી કાર્યાલય	૫,૪૦૦	ના	મકાન મરામત
૨.	શ્રી. ચંદુલાલ મગનલાલ પટેલ પટાવાળા, યુનિવર્સિટી કાર્યાલય	૬,૦૦૦	ના	ગુજરાત હાઉસિંગ બોર્ડની મકાનની સ્કીમમાં ભરવાના હોવાથી.
૩.	શ્રી. એન. એમ. પંડ્યા લેકચરર, વિજ્ઞાન વિદ્યાભવન	૩૬,૭૦૦	હા	,,
૪.	શ્રી ગોપાલસિંગ એન. આણવા હવાલદાર, યુનિવર્સિટી કાર્યાલય	૮,૭૦૦	હા	,,
૫.	ડૉ. જે. સી. વોરા લેકચરર, વિજ્ઞાન વિદ્યાભવન	૩૩,૦૦૦	ના	,,
૬.	ડૉ. આઈ. એમ. ભટ્ટ લેકચરર, વિજ્ઞાન વિદ્યાભવન	૨૫,૦૦૦	ના	,,
૭.	શ્રી. વી. એલ. ભટ્ટ જુ. ક્લાર્ક, યુનિવર્સિટી કાર્યાલય	૧૦,૦૦૦	હા	,,

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ગુજરાત હાઉસિંગ બોર્ડની યોજના હેઠળ પોતાના નિવાસસ્થાન માટે નાણાં ભરવા માટે રૂ. ૫૦ હજારની લોન માટેની પ્રો. એમ. પી. ભટ્ટની તા. ૧૭-૧૨-૧૯૭૮ની અરજી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, પ્રો. એમ. પી. ભટ્ટ સહિત ઉપરનાં તમામ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મંજૂર કરવી.

૫૬. સદરહુ બાબતની વિચારણા બાબત ક્રમાંક ૩૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૭. યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા વિભાગમાં હેડકલાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. એચ. પારેખને રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈબી-૧૫-૫૬૦-૨૦-૭૦૦ ઈબી-૨૫-૮૦૦ના પગારધોરણમાં રૂ. ૭૦૦/- પછી તા. ૨૨-૯-૧૯૭૮થી કાર્યક્ષમતા અંતરાય(E.B.) ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. આર. એચ. પારેખની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. એચ. પારેખને રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦ -૨૦-૭૦૦ ઈ.બી. ૨૫-૮૦૦ ના પગારધોરણમાં રૂ. ૭૦૦ પછી તા. ૨૨-૯-૧૯૭૮થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫૮. યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા વિભાગમાં હેડકલાર્ક તરીકે કામ કરતા શ્રી. એન. સી. ત્રવાડીને રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈબી ૧૫-૫૬૦-૨૦-૭૦૦ ઈબી ૨૫-૮૦૦ના પગારધોરણમાં રૂ. ૭૦૦/- પછી તા. ૭-૧૦-૧૯૭૮થી કાર્યક્ષમતા અંતરાય(E.B.) ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એન. સી. ત્રવાડીની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. સી. ત્રવાડીને રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦-૨૦ -૭૦૦ ઈ.બી. ૨૫-૮૦૦ના પગારધોરણમાં રૂ. ૭૦૦ પછી તા. ૭-૧૦-૧૯૭૮થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫૯. વિજ્ઞાન વિદ્યાશાખામાં સંશોધન અંગેનું ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ સને ૧૯૭૭ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક" માટે તે અંગેની સમિતિની ભલામણ પરથી ડૉ. (મિસ) નિલોફર જમશેદ ચિનોયને પાત્ર જાહેર કરવામાં આવેલાં છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સહર્ષ નોંધ લેવી.

૬૦. ગુજરાત યુનિવર્સિટી એક્ટના શેડ્યુલ ૨(૬)ની કલમ VII અને VIII પ્રમાણે બોર્ડ ફોર સ્ટુડન્ટસ વેલ્ફેર પર ત્રણ વર્ષ માટે નિયુક્ત કરવામાં આવેલ ડૉ. અંબાશંકર નાગર એકેડેમિક કાઉન્સિલના હવે સભ્ય ન હોવાથી અને આચાર્યશ્રી ડૉ. ધીરુભાઈ ઠાકર આચાર્યશ્રી તરીકે નિવૃત્ત થયેલ હોવાથી આ બન્નેની ખાલી પડેલી બે જગ્યાએ અન્ય સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર ડૉ. ધીરુભાઈ ઠાકરની ખાલી પડેલી જગ્યા પર શ્રી. હરિહર શુકલને અને ડૉ. અંબાશંકર નાગરની ખાલી પડેલી જગ્યા પર આચાર્ય હરિશંકર પંડ્યાને નીમવા.

૬૧. માન્ય સંસ્થાઓના અધ્યાપકોનાં પગારધોરણ અંગે શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૨૩-૧૧-૧૯૭૮ના પત્રાંક ૪૦૫ પરત્વે વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) માન્ય સંસ્થાઓના અધ્યક્ષોના પગારધોરણની સુધારણા માટે આ સભાગૃહે તેની તા. ૧૧/૧૮-૧૧-૧૯૭૮ની સભામાં બાબત નં. ૧૦૨ પરના ઠરાવમાં રૂ. ૧,૫૦૦-૬૦-૧,૮૦૦-એસેસમેન્ટ-૧૦૦-૨,૨૦૦નું પગારધોરણ નિયત કર્યું છે તેમાં સુધારો કરીને તે પગારધોરણ રૂ. ૧,૫૦૦-૬૦-૧,૮૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૫૦૦નું રાખવું.

(૨) પ્રત્યેક માન્ય સંસ્થામાં અધ્યક્ષો ઉપરાંત રીડરના પગારધોરણમાં, એટલે કે રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં, ઓછામાં ઓછા એક શિક્ષકની અને લેક્ચરરના પગારધોરણમાં, એટલે કે રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં, ઓછામાં ઓછા બે શિક્ષકોની નિમણૂક આવશ્યક ગણવી.

(૩) ઉપર નં. (૧) અને (૨)ને અનુલક્ષીને જરૂરી ઑર્ડિનન્સ ઘડવાનું રાખવું.

૬૨. યુ. જી. સી. ની ટીચર ફેલોશિપ યોજના હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શિક્ષકોને રજિસ્ટ્રેશન ફી અને ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવા અંગે યુ.જી.સી.એ તેમના તા. ૧૪-૬-૧૯૭૮ના પત્રાંક એફ. ૮-૧-૭૬ (એફ આઈ પી)થી કરેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુ. જી. સી.ની ટીચર ફેલોશિપ યોજના હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શિક્ષકોને ટ્યૂશન ફીમાંથી મુક્તિ આપવી અને આ ઠરાવનો અમલ તા. ૧૫-૬-૧૯૭૮થી કરવાનું રાખવું.

૬૩. ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રીએ તા. ૨-૨-૧૯૭૮ના રોજ ગાંધીનગર મુકામે બોલાવેલ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની સભામાં થયેલા નીચેના ઠરાવ ક્રમાંક ૫ નો સંબંધકર્તા ભાગ તથા ઠરાવ ક્રમાંક ૭ પરત્વે વિચારણા કરવા બાબત.

(5) Implementation of the Government Resolution, dated 23—11—1976 with regard to the Sen Commission pay-scales.

"The progress made in the implementation of the above Government Resolution was reviewed. The problem of teachers not staying in the colleges after the lectures hours was discussed in detail and it was the unanimous opinion of all the Vice-Chancellors that unless the Government prescribes that the teachers should remain in the Universities and colleges for a prescribed number of hours, the situation will not improve. It was also pointed out that if teachers in the Government Colleges remain in the college during the college hours, there is no reason why the teachers in the private colleges should also not be compelled to remain in the college during the college hours. It was, therefore, decided that the teachers of the colleges and the Universities should remain in the college / University during the working hours of the college / University subject to a minimum of 5 hours per day on the working days of the college.

(7) Action to be taken against teachers who had boycotted the examination in March-April, 1977.

A number of teachers who had been appointed as examiners / invigilators in the University examinations in March-April, 1977 and boycotted the examinations after accepting the appointments in the above capacities. This attitude of the teachers is not befitting and also is against the code of conduct prescribed.

The University should take action as a disciplinary measure against such teachers such as (1) such teachers may be debarred for any examination work for a fixed period say three years to five years; (2) The action of the teachers may be taken into account while considering his case for crossing the assessment stage.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો અને વિદ્યાભવનોમાં શિક્ષકોને માટે દરરોજના કામકાજનો સમય ૪ કલાકનો નિયત કરવામાં આવ્યો છે તેમાં કશો ફેરફાર કરવો નહીં.

(૨) માર્ચ-એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષાના બહિષ્કારની બાબતમાં શિક્ષકોની સામે પગલાં લેવા અંગેની ઉપરની ભલામણ સ્વીકારવી નહીં.

૬૪. સંલગ્ન કૉલેજના આચાર્ય વૅકેશન કે નોન-વૅકેશન સ્ટાફ ગણાય તે અંગે સ્પષ્ટતા માંગતા પાટણની કૉલેજોના આચાર્યોની સંયુક્ત સહીથી આવેલા તા. ૨૨-૯-૧૯૭૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા **સભ્યો**ની સમિતિ નીમવી :

૧. આચાર્ય કે. એન. શાહ

૨. આચાર્ય હરિશંકર પંડ્યા

૩. આચાર્ય બી. એમ. પીરજાદા

૪. આચાર્ય એમ. સી. શાહ

૫. ડૉ. વી. સી. શાહ.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની પ્રયોગશાળાઓમાં કામ કરનાર કર્મચારીઓને વૅકેશન કે નોન-વૅકેશન સ્ટાફના સભ્યો ગણવા તે અંગે પણ સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણ **રજૂ** કરવા માટે **ઉપર** નં. (૧)માં જણાવેલ સમિતિને જણાવવું.

૬૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૨ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૬. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ નવા વિભાગો માટે બિનશૈક્ષણિક જગ્યાઓ (Supporting Staff) માટે મંજૂરી (approval) બાબત લખતાં તે હાલના તબક્કે સ્વીકારી શકાય તેમ નથી, પરંતુ યુનિવર્સિટીઓમાં Rationalisation of Categories અંગેની જે સમિતિ નીમી છે તેનો અહેવાલ રાજ્ય સરકારશ્રીને પ્રાપ્ત થયા બાદ રજૂ કરવી તેમ જણાવતાં રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૭-૧૦-૧૯૭૮ના પત્ર ક્રમાંક યુએસજી-૧૧૭૭-૫૨૯૩૫/૭૮-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"માધ્યમિક શાળાઓમાં નોકરી કરતા કર્મચારીઓનાં સંતાનોને ધોરણ ૧૧ સુધીની ફીમાંથી માફી આપવામાં આવે છે તેવી રીતે યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોમાં નોકરી કરતા કર્મચારીઓનાં સંતાનો આયુ નિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં ભણતાં હોય તો તેમની ફીમાંથી માફી આપવાનું આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ પૈકી પટાવાળા, માળી, ચોકીદાર, સફાઈ કામદાર, ઇત્યાદિ કક્ષાના (ચોથા વર્ગના) કર્મચારીઓનાં બાળકો યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં ભણતાં હોય તો તેમને ભવનોની સત્ર-ફીમાંથી મુક્તિ આપવાનું રાખવું.

૬૮. યુનિવર્સિટીના સરસપુરમાં આવેલા વિમળાભાઈ વાચન કેન્દ્રમાં ટેલિફોનની સુવિધા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વાચન કેન્દ્રમાં ટેલિફોનની સગવડની જરૂર જણાતી નથી.

૬૯. તબીબી કૉલેજોમાં દિવાળી વેકેશન તા. ૧૬-૧૦-૧૯૭૮ થી તા. ૯-૧૧-૧૯૭૮ નિયત કરવા અંગે તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી મારફત આવેલ ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિયેશનના પ્રતિનિધિના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૦. નીચે જણાવેલી સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક પ્રવર્તમાન ઑર્ડિ. ૯૭ અન્વયેની વરણીસમિતિ પર નિષ્ણાતોની હાજરી સિવાય કરવામાં આવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

અનુ. નંબર	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	હોદ્દો અને વિષય	નિષ્ણાત અંગે કૉલેજે કરેલી સ્પષ્ટતા
૧	૨	૩	૪	૫
૧.	એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ	શ્રી. એમ. એમ. પટેલ	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	વિષયના નિષ્ણાત શ્રી. આર. એસ. પાંડેય અને શ્રી પી. યુ. શાસ્ત્રીની નિમણૂક કરી હતી પરંતુ તેઓ હાજર રહ્યા ન હતા.

૧	૨	૩	૪	૫
૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવણજ	શ્રી. જે. એસ. પ્રજાપતિ	એકાઉન્ટન્સી અને કૉમર્સના વ્યાખ્યાતા	નિષ્ણાત તરીકે પ્રિ. એચ. એ. પટેલ, શ્રી. એ. એમ. ચિંતામણિ અને પ્રિ. એ. બી. વ્યાસની નિમણૂક કરવામાં આવી હતી. પ્રિ. એ. બી. વ્યાસે હાજર રહેવા સંમતિ આપી હતી પરંતુ માંદગીને કારણે હાજર રહી શકયા ન હતા.
૩.	એજ્યુકેશન કૉલેજ, ડભોઈ,	શ્રી એન. એસ. શાહ	શિક્ષણના વ્યાખ્યાતા	નિષ્ણાતો તરીકે ડૉ. કે. જી. દેસાઈ અને ડૉ. સી. એલ. ભટ્ટની નિમણૂક કરવામાં આવી હતી. ડૉ. કે. જી. દેસાઈની હાજર રહેવાની સંમતિ આવી ગઈ હતી પરંતુ તેઓ હાજર રહી શકયા ન હતા.
૪.	,,	શ્રી. કે. ઓ. પરીખ	,,	,,
૫.	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	શ્રી. આર. ડી. ગજ્જર	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	બે નિષ્ણાતો પ્રો. આર. એલ. રાવળ અને ડૉ. આર. કે. ધારૈયાને ઈન્ટરવ્યુ સમયે ઉપસ્થિત રહેવા નિમંત્રણ મોકલવામાં આવેલ પરંતુ કોઈ કારણસર ઉપસ્થિત રહી શકયા ન હતા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોમાં ઉપર મુજબની જગ્યાઓ ભરવા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ નવેસરથી કાર્યવાહી કરીને જરૂરી નિમણૂકો કરવા માટે તેમને જણાવવું.

૭૧. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે રૂ. ૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર)ની કિંમતનાં સામયિકોના પાછલા અંકો ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૭૨. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના વ્યાખ્યાતા ડૉ. કુ. એન. જે. ચિનોયની સંશોધન યોજના "The importance of monodehydroascorbic acid in male contraception" અંગે World Health Organization Geneva તરફથી તેમના તા. ૩૧-૫-૧૯૭૮ના પત્ર ક્રમાંક H9/181/375 થી એક વર્ષ માટે ડોલર ૭૫૦૦ (ડોલર સાત હજાર પાંચસો)ની રકમ અનુદાન તરીકે મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સહર્ષ નોંધ લેવી.

૭૩. બોર્ડ ઑફ હૉસ્ટેલ્સ મૅનેજમેન્ટની તા. ૨૮-૧૧-૧૯૭૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૮-૧૧-૧૯૭૮ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

"(૩) વિદ્યાર્થીના આરોગ્ય અને સ્વચ્છતાની દૃષ્ટિએ છાત્રાલયમાં વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછી ૮૦ ચોરસ ફૂટની તથા એક વિદ્યાર્થી માટેની ઓરડી માટે ઓછામાં ઓછી બે કે ત્રણ વિદ્યાર્થીઓ માટેની ઓરડીઓમાં ૧૦૦ ચોરસ ફૂટની જગ્યા હોવી જરૂરી છે, અને આ પ્રમાણ બરોબર જળવાય તે જોવા માટે કૉલેજોના આચાર્યોને જણાવવું."

(સદરહુ બોર્ડની તા. ૨૮-૧૧-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૭૪. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી દલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૩૦-૧૧-૧૯૭૮ અને તા. ૭-૧૨-૧૯૭૮ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૭૮ અને તા. ૭-૧૨-૧૯૭૮ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૭૮ અને તા. ૭-૧૨-૧૯૭૮ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૭૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નવેમ્બર ૧૨ થી ૧૪, ૧૯૭૮ના સમય દરમ્યાન આગ્રા મુકામે યોજાયેલ All India Accounting Conference માં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એન. દાસગુપ્તાને મોકલ્યાના;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગમાં વૈજ્ઞાનિક સાધનો, જેની કુલ કિંમત રૂ. ૧૩,૧૦૦ (અંકે રૂપિયા તેર હજાર પાંચસો પૂરા) થાય છે તે પરદેશથી આયાત કર્યા તે પર એક્સાઈઝ ડ્યુટી, હેન્ડાલગ ચાર્જીસ તથા વેર હાઉસિંગ ચાર્જીસના થયેલ વધારાના રૂ. ૭,૧૦૦ (રૂપિયા સાત હજાર પાંચસો)ના ખર્ચને મંજૂરી આપ્યાના;

(૩) ગુજરાત યુનિવર્સિટીના રસાયણ વિભાગના શિક્ષક ડૉ. આર. કે. શાહ અને ડૉ. એમ. એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ ક્ષારવાળી જમીનને બીનક્ષારીકરણ કરવા માટે નીચેની સંસ્થાઓએ આપેલ પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યાના :

૧. રોટરી ક્લબ ઑફ અમદાવાદ	૧,૦૦૦/-
૨. કોહારી સાયન્ટિફિક એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ	૩,૦૦૦/-
૩. સર સોરાબજી તાતા ટ્રસ્ટ, મુંબઈ	૫,૦૦૦/-;

(૪) એપ્રિલ ૧૯૭૯માં લેવાનારી પ્રી-યુનિવર્સિટીની પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન પરીક્ષા માટે ફક્ત અમદાવાદ કેન્દ્ર તેમ જ પ્રી-યુનિ. વિનયન અને પ્રી-યુનિવર્સિટી વાણિજ્યની પરીક્ષાઓ માટે નીચે જણાવેલ કેન્દ્રો નિયત કર્યાના :

(૧) અમદાવાદ

(૨) ભૂજ

(૩) ગોધરા

(૪) નડિયાદ

(૫) વીસનગર;

(૫) પીએચ.ડી. પદવી માટેના નીચે જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેઓને તે પદવી માટે પાત્ર જાહેર કર્યાના :

Sr. No.	*Name of the candidate*	*Subject*	*Faculty*	*Title af the theses*	*Name of the Guide*
1	2	3	4	5	6
1.	Shri V. C. Thomas	Zoology	Science	Studies in feeding Mechanism of Bird in relation to feeding behavior.	Dr. M. S. Dubale, School of Sciences
2.	Shri S. M. Laliwala	Zoology	Science	The functional Anatomy of Respiratory organs of certain Arachnids.	Dr. A. B. Vyas, School of Sciences
3.	Shri R. A. Vyas	Chemistry	,,	Chemical Investigations on Analytical Regents.	Dr. Kum. M. H. Gandhi, School of Sciences.

1	2	3	4	5	6
4.	Shri M. R. Patel	Pharmacy	Pharmacy	Pharmacy of New Medical Compounds	Dr. (Miss) B. M. Trivedi, L. M. College of Pharmacy.
5.	,, V. H. Gandhi	Physics	Science	Some Problems in Terrestrial Magnetism.	Dr. R. Pratap PRL, A'bad—9.
6.	,, S. R. Desai	Chemistry	,,	Studies in Environmental Pollution.	Dr. R. K. Shah, School of Sciences
7.	,, Hemant R. Desai	Gujarati	Arts	અર્વાચીન ગુજરાતી કવિતામાં પ્રકૃતિ નિરૂપણ.	Dr. V. R. Trivedi, Surat.
8.	,. K. R. Patel	Botany	Science	Histochemical Studies on effects of some growth regulators on nucleic acids proteins ascorbic acid & euzyane metabolism	Dr. C. K. Shah School of Sciences
9.	,, K. T. Patel	Gujarati	Arts	ગુજરાતી સાહિત્યમાંમહાકાવ્યના પ્રયોગો.	Dr. C. S. Trivedi, StXCA, A'bad-15
10.	., S. V. Mashru-Wala	Chemistry	Science	Synthesis of Basic acids as local Anesthetics.	Dr. J. H. Trivedi M. G Science Inst., Ahmedabad,

(૬) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાય હેઠળ પ્રકાશિત થનાર સંશોધનના કામ અગાઉ સિન્ડિકેટની તા. ૧-૧૨-૧૯૬૨ની સભામાં મંજૂર કરેલ મુસદ્દામાંથી, તાજેતરમાં મળેલ જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલરની ભલામણને એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં મંજૂર કરતાં યુનિવર્સિટી ભવનોના શિક્ષકો સાથે, હવે પછી સંશોધનના પ્રકાશ માટે કરવાના મુસદ્દામાંથી નીચે દર્શાવેલ શરત નં. ૬ રદ કર્યાના :

શરત નં. ૬ : The sale proceeds of the book shall be first be applied by the University towards reimbursing the sum expended by it on the publication. The net proceeds of the sales after expenses are defrayed shall be shared equally between the University and the Author.

[**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં મંજૂર કરેલ ઠરાવ નીચે પ્રમાણે છે :

Resolved that no royalty should be paid on books prepared as a result of a fully financial research project and for the patent for research work done at the University. The same should belong to the University.]

(૭) યુનિવર્સિટી કાર્યાલય, ભવનો, ગ્રંથાલય તથા યુનિવર્સિટી મુદ્રણાલયના શિક્ષકવર્ગના તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને અનાજ, તેલ વગેરે જીવન-જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે ૧૦ સરળ હપતામાં વસૂલ થાય તે રીતે બે મૂળ માસિક પગાર અથવા વધુમાં વધુ રૂ. ૬૦૦/-ની મર્યાદાને આધીન રૂ. ૩,૨૮,૮૪૪/-ની રકમનું તસલમાન (Advance) આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૭૬. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૨૭-૧૨-૧૯૭૮ થી તા. ૧-૧-૧૯૭૯ દરમ્યાન યોજાનાર અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી શૂટિંગ હરીફાઈઓના સંદર્ભમાં તે ખાતે ખર્ચ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ ખાતે રૂ. ૮,૦૮૦ ની જોગવાઈ છે તેમાં વધુ રૂ. ૧૧,૦૦૦ (અંકે રૂપિયા અગિયાર હજાર પૂરા)ની જોગવાઈ ઉમેરીને કુલ રૂ. ૧૯,૦૦૦ની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૭૭. ડિસેમ્બર ૨૮ થી ૩૦, ૧૯૭૮ના સમય દરમિયાન મીરત યુનિવર્સિટીના ઉપક્રમે મેરઠ મુકામે "ઇન્ડિયન બોટાનિકલ સોસાયટી"નું પ્રથમ અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૮. ડિસેમ્બર ૨૪ થી ૨૬, ૧૯૭૮ના સમય દરમિયાન હૈદરાબાદ મુકામે યોજાનાર "ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટી"ના ૪૪ મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૯. ડિસેમ્બર ૨૮ થી ૩૦, ૧૯૭૮ના સમય દરમિયાન રાંચી યુનિવર્સિટીના ઉપક્રમે રાંચી મુકામે યોજનાર "ઑલ-ઇન્ડિયા લો ટીચર્સ કૉન્ફરન્સ"ના ૧૮મા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૦. ડિસેમ્બર ૧૭ થી ૧૯, ૧૯૭૮ના સમય દરમિયાન "ઇન્ડિયન કૉમર્સ ઍસોસિયેશન"નું ૩૨મું વાર્ષિક અધિવેશન ગોખલે એજ્યુકેશન સોસાયટી, નાસિકના ઉપક્રમે નાસિક મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૧. સને ૧૯૭૯ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય તથા યુનિ. પ્રેસ માટેની રજાઓ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૯ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી મુદ્રણાલય અને યુનિવર્સિટી ગ્રંથાલય તથા આરોગ્યકેન્દ્ર માટેની રજાઓની યાદી મંજૂર કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી મુદ્રણાલય તથા યુનિવર્સિટી ગ્રંથાલય માટે તા. ૨૩ નવેમ્બર ૧૯૭૯ના રોજ યુનિવર્સિટીના સ્થાપનાદિન નિમિત્તે રજા રાખવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટે પણ ઉપર નં. (૧)માં જણાવેલ રજાઓની યાદી મંજૂર કરવી.

વધુમાં, ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં ૧૯૭૯ના વર્ષ દરમ્યાન આચાર્યો/અધ્યક્ષોને યોગ્ય લાગે તેવી વંધારાની વધુમાં વધુ ૫ રજાઓ પોતપોતાની સંસ્થામાં પાળી શકશે.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદીની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૮૨. વિજ્ઞાન વિદ્યાભવનના અવકાશવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. એસ. ડી. વર્માનો પગાર ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલે તા. ૨૦–૩–૧૯૭૭ની સભામાં રૂ. ૧,૬૬૦ નક્કી કર્યો હતો, પરંતુ રકમ તે પગારધોરણમાં પગથિયું ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એસ. ડી. વર્માનો મૂળ માસિક પગાર સુધારેલા પગારધોરણમાં, એટલે કે રૂ. ૧,૫૦૦–૬૦–૧,૮૦૦–૧૦૦–૨,૦૦૦–૧૨૫/૨–૨,૫૦૦ના પગારધોરણમાં, તા. ૧૦–૯–૧૯૭૪ના રોજ રૂ. ૧,૬૬૦ને બદલે રૂ. ૧,૬૮૦ નિયત કરવો.

૮૩. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ ટ્રસ્ટના એક ટ્રસ્ટી તરીકે કામ કરતા પ્રો. ડી. એન. પાઠકની જગ્યાએ બીજા ટ્રસ્ટીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રસ્ટ પર પ્રો. ડી. એન. પાઠકની ટ્રસ્ટી તરીકેની ખાલી પડેલી જગ્યા પર પ્રો. એમ. પી. ભટ્ટની નિમણૂક કરવી.

૮૪. સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના રીડર પ્રો. જે. આઈ. લાલીવાલાને સાઉદી અરેબિયાની કિંગ અરેબિયા યુનિવર્સિટીની મુલાકાતે જવા અંગે તા. ૫-૧૦-૧૯૭૮ થી તા. ૧૯-૧૦-૧૯૭૮ સુધીની ૧૪વસ રૂપની રજા આપવા અંગેના તેઓના તા. ૪-૧૦-૧૯૭૮ના પત્ર તથા તેના સંદર્ભમાં અધ્યક્ષશ્રીના તા. ૧૦-૧૦-૧૯૭૮ના પત્ર પરની વિચારણા એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૧/૧૮–૧૧–૧૯૭૮ની સભામાં મોકૂફ રહી હતી. દરમ્યાન શ્રી. લાલીવાલાએ તા. ૪–૧૨–૧૯૭૮ના પત્રથી વિનંતી કરી છે તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. સમાજવિદ્યા ભવનના ઇતિહાસના પ્રાધ્યાપક ડૉ. આર. કે. ધારૈયા તા. ૩૧–૧–૧૯૭૯ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ નિવૃત્ત થતા હોઈ રાજ્ય સરકારના તા. ૨૩–૧૧–૧૯૭૬ના ઠરાવ પ્રમાણે વધુ બે વર્ષ માટે પુનઃ નિમણૂક (રિ–એમ્પ્લોય) કરવા અંગે તેઓની તા. ૨૯–૧૧–૧૯૭૮ના પત્રથી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

[રાજ્ય સરકારનો સંબંધકર્તા ઠરાવ નીચે પ્રમાણે છે :

In exceptional cases, a Professor can be re-employed after the age of sixty years for a total period of not exceeding two years in accordance with the rules regarding re-employment as obtaining in Government and with the previous approval of the Chancellor. During the period of re-employment he shall not hold appointment as Head of the Department or Dean of any faculty or any other post having administrative responsibility.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. કે. ધારૈયાની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૮૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૯ની સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૮ની સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૮. યુનિવર્સિટીના શિક્ષકવર્ગના અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને અનાજ, તેલ વગેરે જીવન-જરૂરિયાતની વસ્તુઓ મોસમમાં ખરીદી શકાય તે માટે યુનિવર્સિટીના કર્મચારીઓને કોને કેટલું તસલમાત આપવું અને કેટલા હપતામાં તે વસૂલ લેવું ઇત્યાદિ અંગે નિયમો બદલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તસલમાત (advance) અંગેના નિયમો નીચેના સુધારા સાથે મંજૂર કરવા :

યુનિવર્સિટીના શિક્ષકવર્ગના અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ અનાજ, તેલ, ઇત્યાદિ જીવન-જરૂરિયાતની વસ્તુઓ મોસમમાં ખરીદી શકે તે માટે તેમને વર્ષમાં એક વખત, રૂ. ૬૦૦/–ની

ગુરુતમ મર્યાદાને આધીન, બે મૂળ માસિક પગાર જેટલી રકમ તસલમાત (ઍડવાન્સ) તરીકે આપવાનું અને તે દસ સરખા માસિક હપતાથી વસૂલ કરવાનું રાખવું.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૮૯. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ : "સંલગ્ન બિનસરકારી વિજ્ઞાન કૉલેજમાં ગેસ મિકેનિકની જગ્યા ઉપર કામ કરતા કર્મચારીઓને સરકારી વિજ્ઞાન કૉલેજમાં મળતું સેકન્ડ પે કમિશન મુજબનું રૂ. ૩૫૦-૫૬૦નું પગારધોરણ આપવા આ સભા રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરવી.

૯૦. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપકો-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ ભલામણો રજૂ કરવા સને ૧૯૭૯ના વર્ષ માટે શુદ્ધિ સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૯ના વર્ષ માટે યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને યુનિવર્સિટી કર્મચારીઓને હસ્તક થયેલી ભૂલો અંગે વિચારણા કરવા માટે નીચે મુજબ સમિતિ નીમવી :

(૧) કુલપતિશ્રી
(૨) ડૉ. એમ. એન. દેસાઈ
(૩) ડૉ. પી. પી. મહેતા
(૪) આચાર્ય કે. એન. શાહ
(૫) ડૉ. વી. સી. શાહ
(૬) શ્રી. આર. એમ. શાહ
(૭) શ્રી. નરહરિ પરીખ
(૮) આચાર્ય હરિશંકર પી. પંડ્યા.

૯૧. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી અને પ્રાણીવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહને હાઉસિંગ બોર્ડના ટેનામેન્ટમાં જોડાયા હોઈ તે અંગે થતી ભરવાની રકમ અંગે પ્રોવિડંટ ફંડમાંથી સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે રૂ. ૩૦,૦૦૦ ની લોન આપવા અંગેના તેઓના તા. ૭-૧૨-૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—તેઓના ખાતે તા. ૩૧-૩-૧૯૭૮ સુધી રૂ. ૩૦,૨૬૦-૩૩ પૈ. પ્રોવિડંટ ફંડમાં જમા છે.**]**

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮(૨) મુજબ ડૉ. વી. સી. શાહની સદરહુ અરજી મંજૂર કરી શકાય તેમ નથી, તેમ તેમને સખેદ જણાવવું.

૯૨. જાન્યુઆરી ૧૩ થી ૧૫, ૧૯૭૯ના સમય દરમ્યાન વલ્લભવિદ્યાનગર મુકામે **Indian Association for Programmed Learning and Educational Innovations** નું ૧૧મું વાર્ષિક અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— નીચેના મુદ્દા પર ચર્ચાવિચારણા થનાર છે:

(*a*) Adult Education and National Development.

(*b*) Innovations in Education for Social re-constructions.

(*c*) Educational Technology and Adult Education.

(*d*) Adult Education and the Role of Mass-Media.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૩. નીચેના વિષયોમાં એમ.ડી.-એમ.એસ.-ડિપ્લોમાના વિષયોમાં સુરત અને જામનગરના વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન માટે વધારાની (સુપરન્યુમરરી) જગ્યાઓ ૧૯૭૮-૭૯ના વર્ષમાં ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	વિષય	પદવી/ડિપ્લોમા	સંખ્યા	કયા વિદ્યાર્થીઓ માટે
૧.	ઓપ્થેલ્મોલોજી	એમ.એસ. બ્રા. ૪ ડી.ઓ.	૧	સુરતના વિદ્યાર્થીઓ માટે
૨.	સાયકોલોજિકલ મેડિસિન	એમ.ડી. બ્રા. ૧૨ અને ડી.પી.ઓ.	૧	સુરતના વિદ્યાર્થીઓ માટે
૩.	ઈ.એન.ટી	એમ.એસ. બ્રા. ૨ અને ડી.એલ. ઓ.	૨	જામનગરના વિદ્યાર્થીઓ માટે
૪.	સાયકોલોજિકલ મેડિસિન	એમ.ડી. બ્રા. ૧૨ અને ડી.પી.એમ.	૧	જામનગરના વિદ્યાર્થીઓ માટે
૫.	ટ્યુબરકુલોસિસ એન્ડ ચેસ્ટ ડિસિઝીઝ	એમ.ડી. બ્રા. ૧૪ અને ડી.ટી.સી.ડી.	૧	જામનગરના વિદ્યાર્થીઓ માટે

[**નોંધ.**— ૧. ઉપરના વિષયમાં અનુસ્નાતક શિક્ષણ માટે જામનગર અને સુરતની મેડિકલ કોલેજમાં સગવડ નથી.

૨. પ્રતિવર્ષ રાજ્ય સરકાર સુરત અને જામનગરના વિદ્યાર્થીઓ માટેની રજિસ્ટ્રાર અને હાઉસમેનશિપની જગા બી. જે. મેડિકલ કોલેજમાં ટ્રાન્સફર કરે છે.

૩. અગાઉ પણ આવી રીતે વારંવાર જગાઓ ઊભી કરવામાં આવેલી છે અને છેલ્લી વખતે આપણે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૨૫—૧—૧૯૭૮ની સભાના ઠરાવ અનુસાર વર્ષ ૧૯૭૭—૭૮ના વર્ષ માટે વધારાની જગ્યા ખોલવાની પરવાનગી આપેલી.

૪. સુરત અને જામનગરના વિદ્યાર્થીઓ અનુસ્નાતક અભ્યાસ માટે બી. જે. મેડિકલ કૉલેજમાં જોડાયેલા છે.

૫. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫—૨—૧૯૭૮ની સભામાં ઠરાવ્યું છે કે બી. જે. મેડિકલ કૉલેજના આચાર્યશ્રી તથા રાજ્ય સરકારને સ્પષ્ટ જણાવ્યું છે કે ભવિષ્યમાં આવો અપવાદ કરવાનું કોઈ પણ સંજોગોમાં બની શકશે નહીં.]

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજના આચાર્યશ્રીની સદરહુ વિનંતી આ વખતે મંજૂર કરવી પણ તેમને અને રાજ્ય સરકારને સ્પષ્ટ જણાવવું કે ભવિષ્યમાં આવો અપવાદ કરવાનું કોઈ પણ સંજોગોમાં બની શકશે નહિ.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રશ્ન રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓના સંયુક્ત બોર્ડની વિચારણા માટે પણ મોકલવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૧૧૮૬૧૯/ ૧૯૭૯
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૩૮૦૦૦૯
તા. ૧૯-૧-૧૯૭૯

કુ. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૭

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા શુક્રવાર, તા. ૧૭—૧૧—૧૯૭૮ના રોજ બપોરના ૧૨—૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્ર. ચૂ. વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. પ્ર. ચૂ. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨. આચાર્યશ્રી મણિભાઈ બ્રહ્મભટ્ટ	ગેરહાજર
૩. શ્રી. એન. એમ. પરીખ	હાજર
૪. આચાર્યશ્રી એચ. પી. પંડ્યા	ગેરહાજર
૫. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૬. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૭. શ્રી. શરદ પટેલ	હાજર.

૧. તા. ૨૨—૨—૧૯૭૮ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૨—૨—૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીમાં મદદનીશ ડાયરેકટર ઑફ યૂથ વેલ્ફેર તરીકે કામ કરતા શ્રી. કનક દવેને સીનિયોરિટી અંગે થયેલા અન્યાય અંગે તેઓની તા. ૮—૮—૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી અને હવે પછીની સભા સમક્ષ સર્વશ્રી ઠક્કર અને દવેને પોતાનો કેસ રજૂ કરવા માટે તેઓ રૂબરૂ આવવા ઈચ્છતા હોય તો બોલાવવા.

૩. પરીક્ષા નિયામક તરીકે નિમાયેલા શ્રી. એસ. વી. શાસ્ત્રીને રાજ્ય સરકારના ઠરાવ નં. પી.સી.આર. ૩૦૭૫—એમ, તા. ૨૩-૬-૧૯૭૬ પ્રમાણે પરીક્ષાનું માનદ વેતન આપવા અંગેની તેમની તા. ૧-૨-૧૯૭૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારના ઠરાવ નં. પીસીઆર—૩૦૭૫—એમ., તા. ૨૩—૬—૧૯૭૬ પ્રમાણે ૧૦ ટકા પ્રમાણેનું ભથ્થું પરીક્ષા નિયામકશ્રી એસ. વી. શાસ્ત્રીને તેમની તે જગ્યા પરની નિમણૂકની તારીખથી આપવું.

૪. ડાયરેકટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના વિભાગમાં ખાલી પડેલી કોચની એક જગ્યા પૂરવા અંગે કાર્યકારી ડી.પી.ઈ.ના તા. ૯—૨—૧૯૭૮ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ ખાલી પડેલી કોચની એક જગ્યા ભરવા જરૂરી કાર્યવાહી કરવી.

૫. વાણિજ્ય વિદ્યાભવનનું નવું મકાન તૈયાર થયું હોવાથી બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નીચેની વધારાની જગ્યાઓ સ્થાપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૧—૩—૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

૧. પટાવાળા ...એક જગ્યા કાર્યાલય માટે
૨. પટાવાળા ...એક જગ્યા ડિપાર્ટમેન્ટલ લાઈબ્રેરી માટે
૩. લાઈબ્રેરી ક્લાર્ક ...એક જગ્યા
૪. સફાઈ કામદાર ...એક જગ્યા

[**નોંધ.**—આગાઉ નીચેનો સ્ટાફ મંજૂર કરવામાં આવ્યો છે :

૧. સ્ટેનોગ્રાફર ...એક જગ્યા
૨. જુ. ક્લાર્ક ...એક જગ્યા
૩. ક્લાર્ક-ટાઈપિસ્ટ ...એક જગ્યા
૪. પટાવાળા ...બે જગ્યા.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાભવન હવે નવા મકાનમાં ફેરવાયું હોવાથી સફાઈ કામદારની એક જગ્યા મંજૂર કરવા રાજ્ય સરકારને લખવું. દરમ્યાન દૈનિક વેતનથી કામચલાઉ નિમણૂક કરવામાં આવી છે તેની નોંધ લઈને ચાલુ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ભવનના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની જરૂરિયાત તપાસી રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. નરહરિભાઈ પરીખ
૨. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૩. શ્રી. શરદભાઈ પટેલ.

૬. સ્થાયી સમિતિના સભ્ય શ્રી. શરદ પટેલ તરફથી યુનિવર્સિટીના ડ્રાઈવરોના ઓવરટાઈમના દરો અંગે પુનઃ વિચારણા કરવા માટે આવેલી વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષાના કામ માટે યુનિવર્સિટીના ડ્રાઈવરોને ઓવરટાઈમ કામ માટેનો દર સુધારીને તા. ૧—૪—૧૯૭૮થી કલાકના રૂ. ત્રણ કરવો, તથા ડ્રાઈવરોનાં કામકાજ અને તેમના વેતન અંગેની વિગતવાર નોંધ સમિતિની હવે પછીની સભા સમક્ષ મૂકવી.

૭. ભૂતપૂર્વ પરીક્ષા નિયામક શ્રી. જે. એમ. મહેતા જ્યારે પરીક્ષા નિયામક તરીકે નિમાયા ત્યારે ઠરાવવામાં આવ્યું હતું કે શ્રી. મહેતાને ડે. રજિસ્ટ્રાર તરીકે મળતાં ભથ્થાં જેવાં કે પરીક્ષા ભથ્થું, એક્સ્ટ્રા-ક્યુરલ ભથ્થું વગેરે સાથેનું કુલ વેતન અને પરીક્ષા નિયામકનું કુલ વેતન ઓછું હોય તો વધારાની રકમ પર્સનલ પે તરીકે મળે. શ્રી. મહેતાએ દેસાઈ પંચ પ્રમાણે પગારધોરણ સ્વીકાર્યું હોવાથી હવે અગાઉનો એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવનો લાભ આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. જે. એમ. મહેતાને રૂબરૂમાં સાંભળવામાં આવ્યા તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સિન્ડિકેટ (હાલની એકિઝકયુટિવ કાઉન્સિલ)ની તા. ૯—૮—૧૯૭૦ના ઠરાવ નં. ૧૬નો લાભ શ્રી. જે. એમ. મહેતાને તા. ૧—૧—૧૯૭૩થી (નવા પગારધોરણ) પણ આપવો.

૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫—૨—૧૯૭૮ની સભામાં ઠરાવ્યા પ્રમાણે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી શરદ પટેલનો નીચેનો પ્રસ્તાવ આ સમિતિની વિચારણા માટે આવેલો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આર્થિક રીતે નબળા યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓને રહેવા આપેલાં યુનિવર્સિટીનાં રહેઠાણોનું ભાડું વધુમાં વધુ રૂ. ૨૫થી વધુ લેવું નહિ તેવો નિર્ણય આ સભાએ અગાઉ સંપૂર્ણ ચર્ચાવિચારણાને અંતે કરેલો હોવા છતાં સદર બાબત આ સભા સમક્ષ પુનઃ લાવ્યા વિના, આ કર્મચારીઓના રહેઠાણનું ભાડું તે રકમથી પણ વધુ લેવાનું કાર્યાલયે શરૂ કરેલ છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને અગાઉના આ સભાના નિર્ણયને વળગી રહેવાનું ઠરાવે છે."

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પટાવાળા અને તેની સમકક્ષ જગ્યાઓ માટે બાંધવામાં આવેલા મકાનનું ભાડું પગારના (જેમાં આ હેતુ માટે પગાર વત્તા સ્થાનિક વળતર ભથ્થાનો હવે સમાવેશ થાય છે)ના ૭½ ટકા પ્રમાણે, પણ વધુમાં વધુ માસિક રૂ. ૨૫ લેવાનું રાખવું.

૯. ગુરુ નાનક ભવન માટે નીચેની જગ્યાઓ ઊભી કરવા અંગે ડી.પી.ઈ. વિભાગના તા. ૧૯—૪—૧૯૭૮ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

૧. હેડ ક્લાર્ક	...	એક જગ્યા
૨. કેરટેકર	...	એક જગ્યા
૩. ક્લાર્ક-ટાઇપિસ્ટ	...	એક જગ્યા
૪. ચોકીદાર	...	એક જગ્યા
૫. પટાવાળા	...	એક જગ્યા
૬. સફાઈ-કામદાર	...	એક જગ્યા

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારને યુનિવર્સિટીએ રિકરિંગ તથા નોન-રિકરિંગ ગ્રાન્ટ માટે (જગ્યાઓ સહિત) તા. ૧૬—૭—૧૯૭૭ના રોજ માગણી કરી છે તેના અનુસંધાનમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી.

૧૦. કાયદાશાસ્ત્ર વિદ્યાભવનના વિભાગીય ગ્રંથપાલ માટે જુનિયર ક્લાર્કની એક જગ્યા અને પટાવાળાની જગ્યા સ્થાપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૧૪—૬—૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે બાબત ક્રમાંક ૫ પરના ઠરાવમાં જણાવેલ સમિતિને વિચારણા માટે મોકલવી.

૧૧. સરસપુર વિમળભાઈ વાંચન કેન્દ્રની જાળવણી માટે ચોકીદારની કાયમી જગ્યા રૂ. ૧૯૬-૩-૨૩૨ના પગારધોરણમાં સ્થાપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉસિલને ભલામણ કરવામાં આવે છે કે સરસપુર વિમળભાઈ વાંચન કેન્દ્ર માટે ચોકીદારની કાયમી જગ્યા ઊભી કરવી અને મંજૂરી આપવા રાજ્ય સરકારને જણાવવું અને હાલ કામચલાઉ ધોરણે દૈનિક વેતનથી ચોકીદારને રોકવો.

૧૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને વરણીસમિતિના સભ્ય તરીકે કામ કરવાનું હોય છે ત્યારે રિક્ષા વગેરેનું ખર્ચ પોતાના ખિસ્સામાંથી કરવાનું થાય છે, તેથી પ્રવાસ ભથ્થાના હાલના નિયમો ઉપર વિચારણા કરવા અંગે ડૉ. એમ. સી. જયસ્વાલનો તા. ૭—૭—૧૯૭૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ કામકાજ માટે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને વરણીસમિતિના સભ્ય તરીકે બહારગામ જવાનું થાય ત્યારે તેમને પણ યુનિવર્સિટીનાં સત્તામંડળોના સભ્યોને આપવામાં આવતા નિયમો પ્રમાણે મુસાફરી ભથ્થું ઈન્સિડેન્ટલ ચાર્જીસ તરીકે આપવાનું રાખવું.

૧૩. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પોતાની ફરજ ઉપરાંત વધારાની ફરજો બજાવવા માટે નિયમ ૭(૨) પ્રમાણે ૧૦ ટકા ભથ્થું અપાય છે તેને બદલે પગારના ૧૦ ટકા પ્રમાણે સ્પેશિયલ પે આપીએ. આ સ્પેશ્યલ પે બીજા કોઈ હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં. તે અંગે યુનિવર્સિટી કાર્યાલયની તા. ૨૨—૬—૧૯૭૮ની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૪. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે હાલના નિયમ પ્રમાણે કુલ ૪૫ દિવસની રજાઓ ફરજિયાત લેવી પડે છે તેમાંથી મુકિત આપવા અંગે ભવનોના કર્મચારીઓની તા. ૩૦—૬—૧૯૭૮ની સંયુકત અરજી ઉપર વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ક્રમાંક ૫ પરના ઠરાવમાં જણાવેલ સમિતિને વિચારણા માટે મોકલવી.

૧૫. સિન્ડિકેટે તેની તા. ૫/૬—૨—૧૯૭૨ની સભામાં સ્થાયી સમિતિની તા. ૨૯—૧—૧૯૭૨ની નીચેની ભલામણ મંજૂર કરી છે :

> " આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના મદદનીશ અધ્યક્ષશ્રી આર. એસ. પટેલને વ્યાયામ શિક્ષણ પ્રવૃત્તિ વિભાગના મદદનીશ નિયામકશ્રી એલ. એ. ઠક્કર અને યુવક કલ્યાણ પ્રવૃત્તિ વિભાગના મદદનીશ નિયામક શ્રી. કે. એચ. દવેને તેઓની ફરજો જોતાં વાહનભથ્થા તરીકે તે અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન માસિક રૂ. ૬૦/- નું સ્કૂટર એલાવન્સ આપવું.
>
> ઉપરોકત ઠરાવને આધીન ઇન્કમટેક્ષ એકટ નં. ૧૦ (૧૪) મુજબ જો ભથ્થું ફરજો બજાવવા માટે થતા વાહન ખર્ચ પેટે આપવામાં આવે તો કરપાત્ર બનતું નથી તે પ્રમાણે પ્રમાણપત્ર આપવા અંગે તેઓની તા. ૨૦—૭—૧૯૭૮ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત."

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હાલ યુનિવર્સિટીના જે કર્મચારીઓને વાહન (સ્કૂટર—કન્વેયન્સ—મોટરકાર) ભથ્થું આપવામાં આવે છે તેમને તે ભથ્થાની રકમ તેમને Special allowance specifically granted to meet and reimburse expenses wholly, necessary and exclusively incurred in the performance of the duties of an office તરીકે ગણવી અને આ ઠરાવનો અમલ તા. ૧—૪—૧૯૭૮ થી કરવો.

૧૬. નિવૃત્ત થયેલા મદદનીશ કુલસચિવ શ્રી ડાહ્યાભાઈ પટેલને રાજય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. પે. ૧૨૬૪-૪૬૩-સી.એચ., તા. ૫—૧—૧૯૬૧ પ્રમાણે સ્ટેજ-અપનો લાભ આપવા અંગે તેઓની તા. ૫—૪—૧૯૭૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

શ્રી. ડાહ્યાભાઈ પટેલને રૂબરૂમાં સાંભળવામાં આવ્યા, તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. શ્રી. શરદ પટેલના તા. ૧૪—૮—૧૯૭૮ના પત્રમાં જણાવેલ નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

ઠરાવ નં. ૧

"યુનિવર્સિટીના હિસાબ વિભાગના સ્ટોરનું કામકાજ અને જવાબદારી એક જુ. કલાર્કને સોંપવામાં આવેલી છે. આ કામ અને જવાબદારી જોતાં તે કામ જુ. કલાર્ક પાસેથી લઈ, સ્ટોરકીપરની કક્ષાની જગ્યા ધરાવતી વ્યકિતને સોંપવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

ઠરાવ નં. ૨

"હિસાબ વિભાગમાં પ્રકાશનોના સ્ટોર્સનું અને વેચાણનું કામ કે જેની કિંમત લગભગ એક કરોડ રૂપિયા ઉપરની થવા થાય છે અને આટલી મોટી જવાબદારીભર્યું કામ જે હાલમાં બે જુ. કલાર્ક પાસે લેવામાં આવે છે તે કામ આસિ. એકાઉન્ટન્ટ કક્ષાની વ્યકિતને કે પ્રકાશન અધિકારી કક્ષાની વ્યકિતને સોંપવા આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ક્રમાંક ૫ના ઠરાવમાં જણાવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૮. યુનિવર્સિટીના કર્મચારીને મજરે મળે તે હેતુથી અગાઉ આયુર્વેદિક--એલોપેથિક સારવાર જો માન્ય દવાખાનામાં લીધી હોય તો તેનું ખર્ચ રૂ. ૩૦—૦૦ સુધી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(રાજ્ય સરકારે અગાઉ રૂ. ૧૫—૦૦ના ખર્ચની મર્યાદા વધારીને રૂ. ૩૦—૦૦ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી રાજ્ય સરકારને સરકારી કર્મચારીઓ પ્રમાણે માંદગી અંગે જે લાભ આપવામાં આવે છે તેનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને આપવો, અને જે પત્રવ્યવહાર કર્યો છે તે માટે રાજ્ય સરકારને મંજૂરી માટે પુનઃ લખવું.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયના જમાદાર, હવાલદાર તથા નાયકોને દેસાઈ પંચની ભલામણો અગાઉ માસિક રૂ. ૧૦—૦૦નું ડ્યુટી એલાવન્સ મળતું હતું તે દેસાઈ પંચની ભલામણો પછી બંધ કરવામાં આવ્યું છે તે ફરીથી ચાલુ કરી આપવા અંગે તા. ૨૮—૯—૧૯૭૮ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે તા. ૧—૧—૧૯૭૩ પહેલાં નીચેની જગ્યાઓ ઉપર કામ કરતા કર્મચારીઓને નીચે જણાવ્યા મુજબનું માસિક ભથ્થું તા. ૧—૪—૧૯૭૮થી આપવાનું રાખવું :

૧. જમાદાર	... રૂ. ૧૦—૦૦	માસિક ભથ્થું
૨. હવાલદાર	... રૂ. ૫—૦૦	,,
૩. નાયક	... રૂ. ૫—૦૦	,,

૨૦. સ્ટાફ કવાર્ટર્સમાં રહેતા તમામ કર્મચારીઓને હાલ જે સર્વિસચાર્જ લેવામાં આવે છે તેમાંથી રૂ. ૨૭૫—૦૦થી ઓછી આવકવાળાને સર્વિસ ટેક્ષમાંથી મુકિત આપવા તથા સર્વિસ ચાર્જ ઘટાડવા અંગે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળના મંત્રીશ્રીના તા. ૧૩—૬—૧૯૭૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પટાવાળા અને તેની સમકક્ષ જગ્યાઓ માટે બાંધવામાં આવેલાં રહેઠાણો, તેમાં રહેતા કર્મચારીઓ પાસેથી (મ્યુનિસિપલ ટેક્ષ, શિક્ષણવેરા સિવાયનો) સર્વિસટેક્ષ લેવો નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તે સિવાયનાં રહેઠાણો માટે હાલમાં લેવામાં આવતો સર્વિસચાર્જ લેવાનું ચાલુ રાખવું.

૨૧. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓને રેન્ટ-ફ્રી ક્વાર્ટર્સ, ૧૦ યુનિટ સુધી ઇલેક્ટ્રિક વપરાશ મફત, મકાનનો કોઈ પણ જાતનો ટેક્ષ લેવો નહિ અને ઈમરજન્સી ફરજ બજાવનારને ઇમરજન્સી ભથ્થું આપવા અંગેની આરોગ્ય કેન્દ્રના કંપાઉન્ડર, લેબો. ટેકનિશિયન, વૉર્ડબૉય અને સફાઈ કામદારની તા. ૭—૮—૧૯૭૮ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના કર્મચારીઓને ફકત રેન્ટ-ફ્રી ક્વાર્ટર્સ આપવામાં આવે છે. ઇલેક્ટ્રિક ચાર્જ, ઇમરજન્સી ભથ્થું આપવામાં આવતું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી દફતરે કરવી.

૨૨. યુનિવર્સિટી ગ્રંથાલયના ગ્રંથપાલ અને મદદનીશ ગ્રંથપાલ સર્વ શ્રી. પી. એફ. પટેલ, ડી. એન. શુકલ અને આર. એસ. ગાંધીએ તેઓના હાલના હોદ્દાનું નામાભિધાન અનુક્રમે ગ્રંથપાલ-કમ-પ્રોફેસર ઑફ લાયબ્રેરી સાયન્સ અને મદદનીશ ગ્રંથપાલ-કમ-લેકચરર રાખવા અંગે તેઓની તા. ૧૪—૮—૧૯૭૮ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નંદુભાઈ થાણ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૧૬

અનુસ્નાતક અભ્યાસ માટે સંશોધન શિષ્યવૃત્તિઓ-જુનિયર ફેલોશિપ માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરી પોતાની ભલામણો રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની વર્ષ ૧૯૭૮-૭૯ની પ્રથમ સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર તા. ૨૪—૧૧—૧૯૭૮ના રોજ બપોરના ૧૨—૩૦ કલાકે કુલપતિશ્રી ડૉ. પી. સી. વૈદ્યના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. પી. સી. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. એમ. પી. ભટ્ટ	ગેરહાજર
૩. ડૉ. જે. એ. યાજ્ઞિક	હાજર
૪. ડૉ. એ. એસ. નાગર	હાજર
૫. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૬. આચાર્યશ્રી કે. એન. શાહ	ગેરહાજર
૮. ડૉ. વી. સી. શાહ	હાજર

(૧) સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૩—૨—૧૯૭૮ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૩—૨—૧૯૭૮ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીને ૧૯૭૮—૭૯ના વર્ષ માટે હ્યુમેનિટીઝ ઈન્કલ્યુડિંગ સોશિયલ સાયન્સીસ માટે ૧૧ તથા સાયન્સના વિદ્યાર્થીઓ માટે ૧૭ જુનિયર રિસર્ચ ફેલોશિપની ફાળવણી કર્યાની જાણ કરતા તેમના તા. ૧૪-૮-૧૯૭૮ના પત્રાંક એફ. ૫-૨૨-૭૮ (આર.એફ) તથા તા. ૧૭-૮-૧૯૭૮ના પત્રાંક એફ. ૪-૨૨-૭૮ (આર. એફ.)ની નોંધ લેવા બાબત.

૧૯૭૮—૭૯ના વર્ષ માટે હ્યુમેનિટીઝ ઈન્કલ્યુડિંગ સોશિયલ સાયન્સીસ માટે ૧૧ અને વિજ્ઞાનના વિષયો માટે ૧૭ જુનિયર ફેલોશિપ ફાળવ્યાની જાણ કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ઉપરોકત પત્રની નોંધ લેવી અને એકિઝકયુટિવ કાઉન્સિલને તેની જાણ કરવી.

(૩) પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આ યુનિવર્સિટીને એનાયત થયેલ પીએચ.ડી. પદવી માટે નોંધાતા વિદ્યાર્થીઓ માટેની કુલ્લે ૨૫ જુનિયર રિસર્ચ ફેલોશિપ પંચવર્ષીય યોજનાની મુદત એટલે કે તા. ૩૧—૩—૧૯૭૯ પછી કોઈ પણ વિદ્યાર્થીને આપી શકાય નહિ તેમ જણાવતા યુ.જી.સી.ના તા. ૨૬—૬—૧૯૭૮ના પત્રાંક એફ.૧૮.૫.૭૬ (પી.ડી.૪૦)ની નોંધ લેવા બાબત.

પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ૨૫ જુનિયર ફેલોશિપ આ યુનિવર્સિટીને ફાળવેલી તે પંચવર્ષીય યોજનાની મુદત એટલે કે તા. ૩૧—૩—૧૯૭૯ પછી

જુનિયર ફેલોશિપ કોઈ વિદ્યાર્થીને ફાળવી શકાશે નહિ અને ત્યાં સુધીમાં જે વિદ્યાર્થીઓને પંચવર્ષીય યોજના હેઠળ જુનિયર ફેલોશિપ આપવામાં આવી હશે તો જુનિયર ફેલોશિપનો સમય પૂરો થયા સુધી ચાલુ રહેશે તેમ જણાવતા યુ.જી.સી.ના તા. ૨૬–૮–૧૯૭૮નો પત્રાંક એફ. ૧૧–૫–૭૬ (ડી.૪૦) એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જાણ માટે મોકલવો.

(૪) વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સામાન્ય પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ તેમના નામ સામે જણાવેલ તારીખે ખાલી પડતી હોઈ તેની નોંધ લેવા બાબત.

(૧) નીચેના વિદ્યાર્થીઓ જેમને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સામાન્ય/પંચવર્ષીય યોજના હેઠળની જુનિયર ફેલોશિપ આપવામાં આવેલી તેની મુદત (ચાર વર્ષની અગર ચાર વર્ષ ઉપરાંત વધારાના છ માસની મુદત) તેમના નામ સામે જણાવેલ તારીખે પૂરી થતી હોઈ તે જુનિયર ફેલોશિપ ખાલી પડયાની નોંધ લેવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	શિષ્યવૃત્તિનો સમય	ખાલી પડયાની તારીખ
સામાન્ય					
૧.	શ્રીમતી કમલેશ એમ. સીંગ	હિંદી	ડૉ. એ. એસ. નાગર	૧૫–૬–૧૯૭૪ થી ૧૪–૬–૧૯૭૮	૧૫–૬–૧૯૭૮
૨.	શ્રી. ચિતલપોડી આર. એસ.	રસાયણ-વિજ્ઞાન	ડૉ. આઈ. જી. વશી	૧–૪–૧૯૭૪ થી ૩૧–૩–૧૯૭૮	૩૧–૩–૧૯૭૮
૩.	કુ. મંગલા ડી. ભોપટકર	ગણિતશાસ્ત્ર	ડૉ. ડી. એસ. બસન	૧૫–૧૧–૧૯૭૭ થી ૧–૩–૧૯૭૮	સી. એસ. આઈ. અગર ફેલોશિપ મળવાથી ૧–૩–૧૯૭૮થી
૪.	કુ. કોકિલા એચ. શાહ	સંસ્કૃત	ડૉ. એન. એમ. કંસારા	૧૨–૮–૧૯૭૪ થી ૧૧–૨–૧૯૭૯ (છ માસના સમયના વધારા સહિત)	૧૧–૨–૧૯૭૯

(૨) વિદ્યાર્થી શ્રી. ચંદ્રશેખર એન. નેયર અંગેની બાબત નં. ૧૩થી વિચારણા કરવામાં આવી:

પાંચમી યોજના

૧.	શ્રી. વિજયકુમાર પી. કાલીન્ધા	રસાયણવિજ્ઞાન	ડૉ. આઈ. જી. વશી	૨૩–૧૧–૧૯૭૪ થી ૧૧–૩–૧૯૭૬ (યુનિવર્સિટીની) અને ૧–૪–૧૯૭૬ થી ૨૨–૧૧–૧૯૭૮ (યુ.જી.સી.ની)	૧૩–૧૧–૧૯૭૮

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	શિષ્યવૃત્તિનો સમય	ખાલી પડયાની તારીખ
૨.	શ્રી. વી. સી. થોમસ	પ્રાણીવિજ્ઞાન	ડૉ. એમ. એસ. દુબલે	૨૦—૭—૧૯૭૪ થી ૩૧—૩—૧૯૭૬ (યુનિવર્સિટીની) અને ૧—૪—૧૯૭૬ થી ૧૯—૭—૧૯૭૮ (યુ.જી.સી. ની)	૨૦—૭—૧૯૭૮
૩.	શ્રી. સમીર વી. મશરૂવાલા	રસાયણવિજ્ઞાન	ડૉ. જે. જે. ત્રિવેદી	૧૬—૮—૧૯૭૪ થી ૩૧—૩—૧૯૭૬ (યુનિવર્સિટીની) અને ૧—૪—૧૯૭૬ થી ૧૫—૮—૧૯૭૮ (યુ.જી.સી.ની)	૧૬—૮—૧૯૭૮
૪.	કુ. ઈલા એસ. જોશી	મનોવિજ્ઞાન	ડૉ. સી. ટી. ભોપટકર	૨૯—૧૧—૧૯૭૪થી ૩૧—૩—૧૯૭૬ (યુનિવર્સિટીની) અને ૧—૪—૧૯૭૬થી ૩૦—૫—૧૯૭૮ (યુ.જી.સી.ની)	૧—૬—૧૯૭૮

(૫) વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સામાન્ય/પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ તેમના નામ સામે દર્શાવેલ તારીખે પૂરી થતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

નીચેના વિદ્યાર્થીઓ જેમને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સામાન્ય/પંચવર્ષીય યોજના હેઠળની જુનિયર ફેલોશિપ આપવામાં આવેલી છે તેમની બાબતમાં તેમનાં નામ સામે જણાવ્યા મુજબની ફેલોશિપ

ચાલુ રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપ આપ્યા તારીખ	કાર્યાલયે લેવાનાં પગલાં
સામાન્ય					
૧.	કુ. લીલાવતી સમતાણી	તત્ત્વજ્ઞાન	ડૉ. જે. એ. યાજ્ઞિક	૨૯–૧૧–૧૯૭૪ થી ૩૦–૬–૧૯૭૮	૨૮–૧૧–૧૯૭૮ સુધી લંબાવી આપવી. (તા. ૨૯–૧૧–'૭૮ થી ખાલી પડશે)
૨.	કુ. જાગૃતિ એસ. પંડ્યા	સંસ્કૃત	ડૉ. ટી. એસ. નાન્દી	૨૬–૭–૧૯૭૪ થી ૨૫–૭–૧૯૭૮	યુ.જી.સી.એ છ માસની મુદત વધારી આપી તે મુજબ (તા. ૨૬–૧–૧૯૭૯ થી ખાલી પડશે.)
૩.	શૈલેષ આર. ધ્રુવ	રસાયણવિજ્ઞાન	ડૉ. જે. જે. ત્રિવેદી	૧૬–૮–૧૯૭૪ થી ૧૫–૮–૧૯૭૮	૧૬–૮–૧૯૭૮ થી ૧૫–૨–૧૯૭૯ (યુ.જી.સી.એ છ માસની મુદત લંબાવી આપી. ૧૬–૨–૧૯૭૯થી જગા ખાલી પડશે.)
૪.	શ્રી. પંકજ કે. ગઢિયા	પ્રાણીવિજ્ઞાન	ડૉ. વી. સી. શાહ	૨૭–૭–૧૯૭૪ થી ૨૬–૭–૧૯૭૮	૨૭–૭–૧૯૭૮ થી ૨૬–૧–૧૯૭૯ સુધીની મુદત યુ.જી.સી.એ લંબાવી આપી (૨૭-૧-૧૯૭૯ થી જગા ખાલી પડશે.)

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપ આપ્યા તારીખ	કાર્યાલયે લેવાનાં પગલાં
પાંચમી યોજના હેઠળ :					
૫.	શ્રી. રજનીકાંત એ. સોની	ગુજરાતી	ડૉ. બી. જે. ઝવેરી	૨૭—૧૨—૧૯૭૪ થી ૩૧—૩—૧૯૭૬ (યુનિ.ની) અને ૧—૪—૧૯૭૬ થી ૩૦—૬—૧૯૭૮ (યુ.જી.સી.ની)	૧—૭—૧૯૭૮ થી ૨૬—૧૨—૧૯૭૮ (ચાર વર્ષનો કુલ સમય પૂરો થાય ત્યાં સુધી) (૨૭-૧૨-૧૯૭૮ થી જગા ખાલી પડશે.)
૬.	શ્રી. ધીરેન્દ્ર પી. દાણી	રસાયણ-વિજ્ઞાન	ડૉ. કે. પી. સોની	૧—૧૦—૧૯૭૩ થી ૩૧—૫—૧૯૭૫ (યુનિ.ની) અને ૧—૬—૧૯૭૫ થી ૧—૪—૧૯૭૮	૧—૪—૧૯૭૮ થી ૩૦—૯—૧૯૭૮ સુધી યુ.જી.સી.એ ફેલોશિપની મુદત વધારી આપી. ૧—૧૦—૧૯૭૮ થી જગા ખાલી પડી.

(૬) વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સામાન્ય/પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.નાં જુનિયર ફેલોશિપ તેમનાં નામ સામે દર્શાવેલ સમય સુધી (ચોથા વર્ષ માટે) ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

નીચેના વિદ્યાર્થી ઓને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સામાન્ય/પંચવર્ષીય યોજના હેઠળની જુનિયર ફેલોશિપ આપવામાં આવેલી. જુનિયર ફેલોશિપ તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર ચોથા વર્ષ માટે ચાલુ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

સામાન્ય :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપના સમય	ચોથા વર્ષ માટે કયાં સુધી ચાલુ રાખવી તે સમય
૧.	કુ. પારેલ કે. આર. માંકડ	સંસ્કૃત	ડૉ. ટી. એસ. નાન્દી	૧—૭—૧૯૭૫ થી ૩૦—૬—૧૯૭૯	૧—૭—૧૯૭૮ થી ૩૦—૬—૧૯૭૯
૨.	કુ. કલા કે. આર. ચંદ્રશેખરન	અંગ્રેજી	ડૉ. આર. એ. મલાગી	૧૧—૭—૧૯૭૫ થી ૧૦—૭—૧૯૭૯	૧૧—૭—૧૯૭૮ થી ૧૦—૭—૧૯૭૯

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપનો સમય	ચોથા વર્ષ માટે ક્યાં સુધી ચાલુ રાખવી તે સમય
પાંચમી યોજના હેઠળ :					
૧.	શ્રીમતી એસ. બી. શ્રીકુમારી	વનસ્પતિ-વિજ્ઞાન	ડૉ. સી. કે. શાહ	૧–૭–૧૯૭૫ થી ૩૧–૩–૧૯૭૬ (યુનિ.ની અને ૧–૪–૧૯૭૬ થી ૧૬–૭–૧૯૭૯ (યુ.જી.સી.ની)	૧૭–૭–૧૯૭૮ થી ૧૬–૭–૧૯૭૯
૨.	શ્રી. મુકેશ એમ. પંડ્યા	રસાયણ-વિજ્ઞાન	ડૉ. એમ. એન. દેસાઈ	૨૭–૧૧–૧૯૭૫ થી ૩૧–૩–૧૯૭૬ (યુનિ.ની) અને ૧–૪–૧૯૭૬ થી ૩૦–૬–૧૯૭૮ (યુ.જી.સી.ની)	૧–૭–૧૯૭૮ થી ૨૬–૧૧–૧૯૭૯ યુ.જી.સી.ની ફેલોશિપ લંબાવી આપવી. માર્ગદર્શક શિક્ષક તરફથી માસિક રૂ. ૫૦૦નો દરમાયો કરી આપવા માટે ભલામણ અને વિદ્યાર્થીનો પ્રગતિ હેવાલ આવ્યેથી અને યુ.જી.સી.ની મંજૂરી મળ્યેથી તે દરે રકમ ચૂકવવી. દરમ્યાન રૂ. ૪૦૦ના દરે રકમ ચૂકવવાનું રાખવું.
૩.	શ્રી. પી. કે. ગોપાલકૃિશ્ન	વનસ્પતિ-વિજ્ઞાન	ડૉ. એ. બી. વોરા	૨૬–૬–૧૯૭૫ થી ૩૧–૩–૧૯૭૬ (યુનિ.ની) અને ૧–૪–૧૯૭૬ થી ૨૫–૬–૧૯૭૮ (યુ.જી.સી.ની)	૨૬–૬–૧૯૭૮ થી ૨૫–૬–૧૯૭૯ યુ.જી.સી.ની મંજૂરી મળ્યેથી રૂ. ૫૦૦ લેખે દરમાયો ચૂકવવાનું રાખવું. દરમ્યાન માસિક રૂ. ૪૦૦ લેખે રકમ ચૂકવવી

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપનો સમય	ચોથા વર્ષ માટે ક્યાં સુધી ચાલુ રાખવી ને સમય
૪.	શ્રી. ગિરીશ વી. શાહ	રસાયણ-વિજ્ઞાન	ડૉ. એમ. એન. દેસાઈ	૧૪—૭—૧૯૭૫ થી ૮—૯—૧૯૭૭ (ગુ. રાજ્યની અને ૯—૯—૧૯૭૭ થી ૮—૭—૧૯૭૯ (યુ.જી.સી.)ની	૯—૭—૧૯૭૮ થી ૧૩—૭—૧૯૭૯ માર્ગદર્શક શિક્ષક તરફથી વિદ્યાર્થીનો પ્રગતિ હેવાલ અને રૂ. ૫૦૦નો માસિક દરમાયો કરી આપવા અંગે ભલામણ આવ્યેથી અને યુ.જી.સી.ની મંજૂરી મળ્યેથી રૂ. ૫૦૦ લેખે દરમાયો ચૂકવવાનું રાખવું. દરમ્યાન રૂ. ૪૦૦ લેખે દરમાયો ચૂકવવો

(૭) વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સામાન્ય પાંચમી યોજના હેઠળની યુ.જી.સી. જુનિયર રિસર્ચ ફેલોશિપની બે વર્ષની મુદત પૂરી થઈ હોઈ તેમના નામ સામે જણાવેલ સમય સુધી તે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

નીચેના વિદ્યાર્થીઓ જેમને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માસિક રૂ. ૪૦૦ + રૂ. ૧,૫૦૦ની વાર્ષિક કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિતની જુનિયર ફેલોશિપ આપવામાં આવી હતી તે ચાલુ રાખવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૧) નીચેના વિદ્યાર્થીઓ જેમને જુનિયર ફેલોશિપ આપવામાં આવી છે તેમની બાબતમાં તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર તેમની જુનિયર ફેલોશિપ તેમનાં નામ સામે જણાવેલ સમય સુધી ત્રીજા વર્ષ માટે ચાલુ રાખવી અને તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અને વિદ્યાર્થીનો વીગતવાર પ્રગતિ અહેવાલ આવ્યેથી તે ઉપર યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મંજૂરી મળ્યેથી માસિક રૂ. ૫૦૮ના દરે ફેલોશિપની રકમ ચૂકવવાનું રાખવું.

સામાન્ય ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	ફેલોશિપનો સમય	ત્રીજા વર્ષ માટે ક્યાં સુધી રાખવી તે સમય
૧.	શ્રીમતી અનુરાધા એસ. શર્મા	હિંદી	ડૉ. જી. ડી. શર્મા	૧૨—૭—૧૯૭૬ થી ૧૧—૭—૧૯૮૦	૧૨—૭—૧૯૭૮ થી ૧૧—૭—૧૯૭૯

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	ફેલોશિપનો સમય	ત્રીજા વર્ગ માટે ક્યાં સુધી રાખવી તે સમય
૨.	શ્રી. લક્ષ્મણ વી. ઉત્તરવર	વનસ્પતિવિજ્ઞાન	ડૉ. બી. એસ. વૈદ્ય	૧૭—૧૧—૧૯૭૬ થી ૧૬—૧૧—૧૯૮૦	૧૭—૧૧—૧૯૭૮ થી ૧૬—૧૧—૧૯૭૯
૩.	કુ. ત્રિવેદી બિન્દુ કે.	રસાયણવિજ્ઞાન	ડૉ. જે. જે. ત્રિવેદી	૧૦—૭—૧૯૭૬ થી ૧૯—૮—૧૯૭૭ (રાજ્ય સરકારની) અને ૨૦—૮—૧૯૭૭ થી ૧૯—૮—૧૯૭૯ (યુ.જી.સી.ની.)	૨૦—૮—૧૯૭૮ થી ૧૯—૮—૧૯૭૯
૪.	કુ. જયશ્રી એચ. શાહ	રસાયણવિજ્ઞાન	ડૉ. જે. જે. ત્રિવેદી	૨૫—૭—૧૯૭૫ થી ૧૪—૬—૧૯૭૭ (યુનિવર્સિટીની) અને ૧૫—૬—૧૯૭૭ થી ૨૪—૭—૧૯૭૯ (યુ.જી.સી.ની)	૧૬—૭—૧૯૭૮ થી ૨૪—૭—૧૯૭૯
૫.	શ્રીમતી સીમા એલ. શર્મા	અંગ્રેજી	ડૉ. આર. જે. મલાગી	૧૫—૧૨—૧૯૭૬ થી ૧૪—૧૨—૧૯૮૦	૧—૭—૧૯૭૮ થી ૧૪—૧૨—૧૯૭૯ માસિક રૂ. ૫૦૦નો દરમાયો કસી આપવા માટે માર્ગદર્શક શિક્ષકની ભલામણ અને વિદ્યાર્થીનો પ્રગતિ અહેવાલ આવ્યેથી અને યુ.જી.સી.ની મંજૂરી મળ્યેથી માસિક રૂ. ૫૦૦ લેખે રકમ ચૂકવવાનું રાખવું. દરમિયાન માસિક રૂ. ૪૦૦ લેખે રકમ ચૂકવવી.

પંચવર્ષીય યોજના હેઠળની :

(૨) નીચેના વિદ્યાર્થીઓ જેમને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માસિક રૂ. ૪૦૦થી રૂ. ૧૫૦૦ની વાર્ષિક કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિતની પંચવર્ષીય યોજના હેઠળની જુનિયર ફેલોશિપ આપવામાં આવી છે તેમ જ બે વર્ષનો સમય પૂરો થયો હોઈ તેમને માસિક શિષ્યવૃત્તિની રકમ રૂ. ૫૦૦ની કરી આપવા યુ.જી.સી.એ મંજૂરી આપી તેની તથા જેમની બાબતમાં માસિક રૂ. ૫૦૦ની શિષ્યવૃત્તિ કરી આપવા યુ.જી.સી.ને ભલામણ કરવામાં આવી છે તેની નોંધ લઈને તેમની અનુમતિ આવ્યેથી તે મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપનો સમય	નોંધ
૧.	શ્રી. જેકોબ અબ્રાહમ	રસાયણવિજ્ઞાન	ડૉ. આર. કે. શાહ	૧—૬—૧૯૭૬ થી ૩૧—૫—૧૯૮૦	૧—૬—૧૯૭૮ થી ૩૧—૫—૧૯૭૯ સુધી ચાલુ રાખવી. રૂ. ૫૦૦ના દરે દરમાયો ચૂકવવા મંજૂરી મળી છે.
૨.	કુ. પુનિતાદેવી એચ. શાહ	પ્રાણીવિજ્ઞાન	ડૉ. એમ. એસ. દુબળે	૨૮—૬—૧૯૭૬ થી ૨૭—૬—૧૯૮૦	૨૮—૬—૧૯૭૮ થી ૨૭—૬—૧૯૭૯ સુધી ચાલુ રાખવી, માસિક રૂ. ૫૦૦નો દરમાયો કરી આપવાની યુ.જી.સી.-ની મંજૂરી મળ્યેથી તે જ દરે રકમ ચૂકવવી. દરમિયાન રૂ. ૪૦૦ના દરે રકમ ચૂકવવાનું રાખવું.
૩.	શ્રી. સંજય એ. નાયક	મજૂર કલ્યાણ	ડૉ. પરેશ મજમુદાર	૩૧—૭—૧૯૭૬ થી ૩૦—૭—૧૯૮૦	વિદ્યાર્થીએ તેમની સિનોપ્સિસ રજૂ કરી હોવાથી તેમનો મહાનિબંધ રજૂ કરે ત્યાં સુધી જુનિયર ફેલોશિપ ચાલુ રાખવી. રૂ. ૪૦૦-નો માસિક દરમાયો ચૂકવવાનું રાખવું.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપનો સમય	નોંધ
૪.	શ્રીમતી સુહાસકુંવરબા જાડેજા	સંસ્કૃત	ડૉ. ઈ. એ. સોલોમન	૨૨–૭–૧૯૭૬ થી ૨૧–૭–૧૯૮૦	૨૨–૭–૧૯૭૮થી ૩૧–૭–૧૯૭૯ માસિક રૂ. ૫૦૦નો દરમાયો કરી આપવા યુ.જી.સી.ને ભલામણ કરી છે. તેની મંજૂરી મળ્યેથી રૂ. ૫૦૦ના દરે રકમ ચૂકવવી. દરમ્યાન રૂ. ૪૦૦ના દરે રકમ ચૂકવવી.
૫.	કુ. સલવાર ટી. ખંભાતા	અંગ્રેજી	ડૉ. આર. એ. મલાગી	૧૪–૭–૧૯૭૬ થી ૧૩–૭–૧૯૮૦	૧૪–૭–૧૯૭૮થી ૧૩–૭–૧૯૭૯ માસિક રૂ. ૫૦૦નો દરમાયો કરી આપવા માટે યુ.જી.સી.ની મંજૂરી મળ્યેથી તે દરે રકમ ચૂકવવી. દરમ્યાન રૂ. ૪૦૦ લેખે દરમાયો ચૂકવવો.
૬.	કુ. નયના જે. શાહ	રસાયણ-વિજ્ઞાન	ડૉ. એચ. બી. નાયક	૨–૭–૧૯૭૬ થી ૧–૭–૧૯૮૦	૨–૭–૧૯૭૮થી ૧–૭–૧૯૭૯ માર્ગદર્શક શિક્ષક તરફથી વિદ્યાર્થીનો પ્રગતિ અહેવાલ અને રૂ. ૫૦૦નો દરમાયો કરી આપવા માટે ભલામણ મંગાવીને યુ.જી.સી.ને મોકલવી અને યુ.જી.સી.ની મંજૂરી મળ્યેથી તે દરે રકમ ચૂકવવી. દરમ્યાન માસિક રૂ. ૪૦૦ના દરે રકમ ચૂકવવાનું રાખવું.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપનો સમય	નોંધ
૭.	કુ. ભારતી ટી. સાવન	સંસ્કૃત	ડૉ. એન. જે. શાહ	૯—૭—૧૯૭૬ થી ૮—૭—૧૯૮૦	૯—૭—૧૯૭૮થી ૮—૭—૧૯૭૯ યુ.જી.સી.ને માસિક રૂ. ૫૦૦નો દરમાયો કરવા ભલામણ કરવામાં આવી છે. ભલામણ મંજૂર થયેથી રૂ. ૫૦૦ દરમાયો ચૂકવવાનું રાખવું. દરમ્યાન માસિક રૂ. ૪૦૦ લેખે રકમ ચૂકવવી.

૮. વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સામાન્ય/પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ બીજા વર્ષ માટે ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

નીચેના વિદ્યાર્થીઓ જેમને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માસિક રૂ. ૪૦૦—૧૫૦૦ની વાર્ષિક કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિતની જુનિયર ફેલોશિપ આપવામાં આવી છે તેમની ફેલોશિપ તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર બીજા વર્ષ માટે પણ ચાલુ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપનો સમય	માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર હાલમાં કયાં સુધી ચાલુ રાખવી તે સમય
સામાન્ય					
૧.	કુ. રેખા કાંતિલાલ શાહ	સંસ્કૃત	ડૉ. એન. જે. શાહ	૧૫—૭—૧૯૭૭ થી ૧૪—૭—૧૯૮૧	૧૫—૭—૧૯૭૮ થી ૧૪—૭—૧૯૭૯
૨.	કુ. ચેતના કે. માંડલિયા	વનસ્પતિ-વિજ્ઞાન	ડૉ. એ. બી. વોરા	૧૫—૭—૧૯૭૭ થી ૧૪—૭—૧૯૮૧	૧૫—૭—૧૯૭૮ થી ૧૪—૭—૧૯૭૯
૩.	શ્રી. સુરેન્દ્ર ડી. વાડેકર	રસાયણ-વિજ્ઞાન	ડૉ. જે. જે. ત્રિવેદી	૧૫—૭—૧૯૭૭ થી ૧૪—૭—૧૯૮૧	૧૭—૭—૧૯૭૮ થી ૧૪—૭—૧૯૭૯
૪.	શ્રી. કોકિલા જે. દોશી	ફાર્મસી	ડૉ. એમ બી. દેવાણી	૧૬—૮—૧૯૭૭ થી ૧૫—૮—૧૯૮૧	૧૬—૮—૧૯૭૮ થી ૧૫—૮—૧૯૭૯
૫.	શ્રી. રાજેશકુમાર એચ. આચાર્ય	રસાયણ-વિજ્ઞાન	ડૉ. આઈ. જી. વશી	૨૧—૭—૧૯૭૭ થી ૨૦—૭—૧૯૮૧	૨૧—૭—૧૯૭૮ થી ૨૦—૭—૧૯૭૯

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપનો સમય	માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર હાલમાં ક્યાં સુધી ચાલુ રાખવી તે સમય
૬.	શ્રી. અરુણકુમાર કે. પરમાર	ગણિત-શાસ્ત્ર	ડૉ. આઈ. એચ. શેઠ	૧૫—૧૧—૧૯૭૭ થી ૧૪—૧૧—૧૯૮૧	૧૫—૧૧—૧૯૭૮ થી ૧૪—૧૧—૧૯૭૯
૭.	શ્રી. અનંથન સુબ્રમણ્યમ	ફાર્મસી	ડૉ. એમ. બી. દેવાણી	૧૫—૬—૧૯૭૭ થી ૧૪—૬—૧૯૮૧	૧૫—૬—૧૯૭૮ થી ૧૪—૬—૧૯૭૯
૮.	કુ. ચારુલતા વી. વ્યાસ	રસાયણ-વિજ્ઞાન	ડૉ. એમ. એન. દેસાઈ	૧—૪—૧૯૭૮ થી ૩૧—૩—૧૯૮૨	૧—૪—૧૯૭૮ થી ૩૧—૩—૧૯૭૯
૯.	કુ. સ્વાતિ અજિતકુમાર લાહોરી	રસાયણ-વિજ્ઞાન	ડૉ. એમ. એચ. ગાંધી	૧—૧૨—૧૯૭૭ થી ૩૦—૧૧—૧૯૮૧	૧—૧૨—૧૯૭૮ થી ૩૧—૧૧—૧૯૭૯
૧૦.	શ્રી. બી. વેંકટેશ્વર રાવ	રસાયણ-વિજ્ઞાન	ડૉ. આર. કે. શાહ	૯—૮—૧૯૭૭ થી ૮—૮—૧૯૮૧	૯—૮—૧૯૭૮ થી ૮—૮—૧૯૭૯
૧૧.	કુ. સંધ્યા કુલુસ્કર	વનસ્પતિ-વિજ્ઞાન	ડૉ. એ. બી. વોરા	૧૫—૭—૧૯૭૭ થી ૧૪—૭—૧૯૮૧	૧૫—૭—૧૯૭૮ થી ૧૪—૭—૧૯૭૯
૧૨.	કુ. અન્સારી અસફાકી એહમદ જલીલઅહેમદ	ઉર્દૂ	ડૉ. ફારૂકી	૨૨—૭—૧૯૭૭ થી ૨૧—૭—૧૯૮૧	ફાઈનેન્શિયલ ગેરંટી અને જરૂરી બૉન્ડ રજૂ કર્યેથી ફેલોશિપની રકમ ચૂકવવી.
પંચવર્ષીય યોજના હેઠળ:					
૧.	શ્રી. ચૈતન્ય જી. દવે	રસાયણ-વિજ્ઞાન	ડૉ. પી. આર. શાહ	૫—૫—૧૯૭૭ થી ૪—૫—૧૯૮૧	૫—૫—૧૯૭૮ થી ૪—૫—૧૯૭૯
૨.	શ્રી. કિશોર જી. અગ્નિહોત્રી	રસાયણ-વિજ્ઞાન	ડૉ. પી. આર. શાહ	૨૩—૫—૧૯૭૭ થી ૨૨—૫—૧૯૮૧	૨૩—૫—૧૯૭૮ થી ૨૨—૫—૧૯૭૯
૩.	શ્રી. કરસન રામજી પટેલ	તત્ત્વજ્ઞાન	ડૉ. જે. એ. યાજ્ઞિક	૧૪—૭—૧૯૭૭ થી ૧૩—૭—૧૯૮૧	૧૪—૭—૧૯૭૮ થી ૧૩—૭—૧૯૭૯
૪.	શ્રી. બ્રહ્માનંદ એન, સાધુ	તત્ત્વજ્ઞાન	ડૉ. જે. એ. યાજ્ઞિક	૯—૭—૧૯૭૭ થી ૮—૭—૧૯૮૧	૯—૭—૧૯૭૮ થી ૮—૭—૧૯૭૯

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપનો સમય	માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર હાલમાં કયાં સુધી ચાલુ રાખવી તે સમય
૫.	શ્રી. ઉજમ માવજીભાઈ પટેલ	હિંદી	ડૉ. એ. એસ. નાગર	૧૫—૬—૧૯૭૭ થી ૧૪—૬—૧૯૮૧	૧૫—૬—૧૯૭૮ થી ૧૪—૬—૧૯૭૯
૬.	શ્રી. અશ્મા મોહંમદ માંકડ	ગુજરાતી	ડૉ. આર. જે. જોષી	૮—૭—૧૯૭૭ થી ૭—૭—૧૯૮૧	૮—૭—૧૯૭૮ થી ૭—૭—૧૯૭૯
૭.	કુ. અચલા પી. ઉપાધ્યાય	સંસ્કૃત	ડૉ. એન. જે. શાહ	૨—૯—૧૯૭૭ થી ૧—૯—૧૯૮૧	૨—૯—૧૯૭૮ થી ૧—૯—૧૯૭૯
૮.	શ્રી. શેખાની બધરાજ	વાણિજ્ય	ડૉ. એન. દાસગુપ્તા	૧૫—૬—૧૯૭૭ થી ૧૪—૬—૧૯૮૧	૧૫—૬—૧૯૭૮ થી ૧૪—૬—૧૯૭૯

નોંધ : સામાન્ય ફેલોશિપ—

(૧) ક્રમાંક ૭ : શ્રી. અનંતનાથ સુબ્રમણ્યમે તા. ૧૫—૬—૧૯૭૮થી સંશોધન કાર્ય શરૂ કર્યું હોવાથી તા. ૧૫—૬—૧૯૭૮થી માસિક રૂ. ૪૦૦+વાર્ષિક ૧૫૦૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિતની જુનિયર ફેલોશિપની રકમ ચૂકવવાની રહેશે, તેમની શિષ્યવૃત્તિનો સમય તા. ૧૫—૬—૧૯૭૮થી ગણવાનો રહેશે.

(૨) ક્રમાંક ૮ : શ્રીમતી ચારુલતા વી. વ્યાસે તા. ૧—૪—૧૯૭૮થી સંશોધન કાર્ય શરૂ કર્યું હોવાથી તા. ૧—૪—૧૯૭૮થી માસિક રૂ. ૪૦૦+વાર્ષિક રૂ. ૧૫૦૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિતની રકમ ચૂકવવાની રહેશે. તેમની ફેલોશિપનો સમય તા. ૧—૪—૧૯૭૮થી ગણવાનો રહેશે.

૯. પાંચમી યોજના હેઠળની યુ.જી.સી. અને સામાન્ય જુનિયર રિસર્ચ ફેલોશિપ તથા ગુજરાત સરકાર દ્વારા અપાતી સંશોધન શિષ્યવૃત્તિઓ માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવી :

(૧) માસિક રૂ. ૪૦૦ વત્તા વાર્ષિક રૂ. ૧,૫૦૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિતની (૧) યુ.જી.સી.ની ફાજલ પડેલી ૬ જુનિયર ફેલોશિપ તથા (૨) પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની ફાજલ પડેલી ૬ જુનિયર રિસર્ચ ફેલોશિપ નીચેના વિદ્યાર્થીઓને તેઓ ફેલોશિપના સમય દરમ્યાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે તથા ફેલોશિપના નિયમો અને શરતોને આધીન નીચે જણાવેલ જે તે વિદ્યાર્થીઓને જુનિયર ફેલોશિપ ખાલી પડી હોય તે તારીખ અગર તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાયા હોય તે તારીખ અગર જે તારીખથી પીએચ.ડી. પદવીનું સંશોધન કાર્ય શરૂ કર્યું હોય તે તારીખ—એ ત્રણમાંથી જે મોડી હોય તે તારીખથી હાલના પ્રથમ તબક્કે બે વર્ષ માટે જુનિયર ફેલોશિપ એનાયત કરવી.

(આ) યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ :

સામાન્ય

૧. હ્યુમેનિટીઝ ઈન્કલ્ચુર્ડિંગ સોશ્યલ સાયન્સીસ :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક અને કૉલેજ/સંસ્થાનું નામ	જુનિયર ફેલોશિપનો સમય (પ્રથમ તબક્કો)
૧.	કુ. આરગડે રંજના ભાલચંદ્ર	હિંદી	ડૉ. બી. એચ. પટેલ, યુનિવર્સિટી ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯	૧૩—૭—૧૯૭૮ થી ૧૨—૭—૧૯૮૦
૨.	શ્રી. શાહ રમેશકુમાર રસિકલાલ	વાણિજ્ય	ડૉ. એન. દાસગુપ્તા, યુનિવર્સિટી વાણિજ્ય વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ	૨૮—૧૧—૧૯૭૮ થી ૨૭—૧૧—૧૯૮૦
૩.	કુ. ત્રિપાઠી રેખા હરપ્રસાદ	મનોવિજ્ઞાન	ડૉ. એચ. ડી. બદામી, મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	૨૫—૧—૧૯૭૯ થી ૨૪—૧—૧૯૮૧
૪.	શ્રીમતી રંજિતા બસુ	અંગ્રેજી	ડૉ. આર. એ. મલાગી, યુનિવર્સિટી ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	૨૯—૧૧—૧૯૭૮ થી ૨૮—૧૧—૮૦
		પંચવર્ષીય યોજના હેઠળની		
૫.	કુ. ફડકે સુલભા જી.	તત્ત્વજ્ઞાન	ડૉ. જે. એ. જ્ઞાશિક, યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯	૧૭—૭—૧૯૭૮ થી ૧૬—૭—૧૯૮૦
		વિજ્ઞાન (સામાન્ય)		
૬.	કુ. કરકરે સુષ્મા બાલચંદ	ભૌતિકવિજ્ઞાન	ડૉ. કે. એમ. કોટડિયા યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ—૯	૨૭—૭—૧૯૭૮ થી ૨૬—૭—૧૯૮૦

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક અને કૉલેજ/સંસ્થાનું નામ	જુનિયર ફેલોશિપનો સમય (પ્રથમ તબક્કે)
૭.	દેસાઈ અંબાલાલ કનૈયાલાલ	ગણિતશાસ્ત્ર	શ્રી. ડી. એસ. બસન, યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવન, અમદાવાદ—૯	૨૭—૬—૧૯૭૮ થી ૨૬—૬—૧૯૮૦
૮.	શ્રી. અશોકકુમાર આર. કુરુવેટ્રિક	પ્રાણીવિજ્ઞાન	ડૉ. એન. જે. ચિનોય, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯	૨૦—૭—૧૯૭૮ થી ૧૯—૭—૧૯૮૦
૯.	શ્રી. મોહ જે. આપ્પારાવ	વનસ્પતિ-વિજ્ઞાન	ડૉ. સી. કે. શાહ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ—૯	૧૬—૮—૧૯૭૮ થી ૧૫—૮—૧૯૮૦
૧૦.	શ્રી. દેસાઈ હેમંત ટી	રસાયણવિજ્ઞાન	ડૉ. આર. કે. શાહ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ—૯	૨૩—૧૧—૧૯૭૮ થી ૨૨—૧૧—૧૯૮૦
૧૧.	શ્રી. પીયૂષ વી. દેસાઈ	કીટાણુવિજ્ઞાન	ડૉ. એસ. જી. દેસાઈ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ—૯	૧—૧૦—૧૯૭૮ થી ૩૦—૯—૧૯૮૦
૧૨.	શ્રી. શાહ શિરીષ નવીનચંદ્ર	કીટાણુવિજ્ઞાન	ડૉ. એસ. જી. દેસાઈ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ—૯	૨૬—૧—૧૯૭૯ થી ૨૫—૧—૧૯૮૧

(૨) ઉપરના વિદ્યાર્થીઓ જેમને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર ફેલોશિપ એનાયત કરવામાં આવી છે તે પૈકી જો કોઈ જુનિયર ફેલોશિપ ફાજલ પડે તો તે ફેલોશિપ નીચેના વિદ્યાર્થીને એનાયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧૪.	શ્રીમતી સુખજીત કૌર સીંઘ	રાજ્યશાસ્ત્ર	પ્રો. ડી. એન. પાઠક, યુનિવર્સિટી સમાજ વિદ્યાભવન, અમદાવાદ—૯	
૧૩.	કુ. ભટ્ટ બિન્દુકુમારી ગિરધરલાલ,	હિંદી	ડૉ. બી. એસ. પટેલ, યુનિવર્સિટી ભાષા ભવન, અમદાવાદ	૨૬—૧૨—૧૯૭૮ થી ૨૫—૧૨—૧૯૮૦

(૩) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માસિક રૂ. ૪૦૦ + વાર્ષિક રૂ. ૧,૫૦૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિતની જુનિયર ફેલોશિપ માટે આવેલી અરજીઓ પૈકી નીચેના વિદ્યાર્થીઓની જુનિયર ફેલોશિપ માટેની વિનંતી સ્વીકારવી નહીં :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	કુ. પંડ્યા માધવી ચંદુલાલ	ગણિતશાસ્ત્ર	ડૉ. આઈ. એચ. શેઠ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૨.	શ્રી. ભટ્ટ પીયૂષ જયંતીલાલ	ગણિતશાસ્ત્ર	શ્રી. ડી. એસ. બસન	,,
૩.	શ્રીમતી દત્તા સાઈકા અનુપમા	તત્ત્વજ્ઞાન	ડૉ. શુકલ જે. જે.	યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૪.	કુ. મૃદુલા પરીખ	હિંદી	ડૉ. બી. એસ. પટેલ	યુનિવર્સિટી ભાષાભવન, અમદાવાદ
૫.	શ્રી. લોહ લાલજીભાઈ પૂંજાભાઈ	અર્થશાસ્ત્ર	ડૉ. એસ. બી. મહેતા	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૬.	કુ. મોહિની અવસ્થી	પ્રાણીશાસ્ત્ર	ડૉ. એમ. એસ. દુબળે	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૭.	શ્રી. અકબરી રસિકલાલ પી.	ગણિતશાસ્ત્ર	ડૉ. એલ. કે. પટેલ	,,
૮.	કુ. શાહ પ્રજ્ઞા રસિકલાલ	તત્ત્વજ્ઞાન	ડૉ, જે. જે, શુકલ	યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન,
૯.	શ્રી. એન્થોની જે. પરામીલ્લાઈ	વનસ્પતિ-વિજ્ઞાન	ડૉ. એ. બી. વોરા	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૧૦.	શ્રીમતી શાહ રશ્મિતા કંચનલાલ	ગુજરાતી	ડૉ. આર. જે. જોશી	યુનિવર્સિટી ભાષાભવન, અમદાવાદ–૯
૧૧.	શ્રી. ગુલાટી બલવિંદર	હિંદી	ડૉ. બી. એસ. અગરવાલ	એલ. ડી, આર્ટ્સ કૉલેજ, અમદાવાદ—૯.

૧૦. વિદ્યાર્થીઓને આપવામાં આવેલ ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિ તેમનાં નામ સામે જણાવેલ સમય સુધી ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

ગુજરાત રાજ્ય સરકારની ફકત વિજ્ઞાનના વિષયો માટેની પીએચ.ડી. સંશોધન માટેની માસિક રૂ. ૨૫૦ની એક એમ ત્રણ શિષ્યવૃત્તિઓ, નીચેના વિદ્યાર્થીઓને તેઓ શિષ્યવૃત્તિના સમય દરમ્યાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તેમ જ તે શિષ્યવૃત્તિ ચાલુ રહે ત્યાં સુધી અન્ય સંસ્થાની શિષ્યવૃત્તિ માટે માંગણી કરશે નહીં અને સ્વીકારશે નહીં તથા મજકૂર શિષ્યવૃત્તિના નિયમોને આધીન તેઓ તા. ૧૫—૬—૧૯૭૮ કે તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા હોય અગર જે તારીખથી પીએચ.ડીનું

સંશોધન કાર્ય શરૂ કરે તે તારીખ—એ ત્રણમાંથી જે મોડી હોય તે તારીખથી ત્રણ વર્ષ માટે એનાયત કરવી અને તે માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ અને કૉલેજ / સંસ્થાનું નામ	શિષ્યવૃત્તિનો સમય
૧.	શ્રી. ઠક્કર દિનેશ કેશવલાલ	ગણિતશાસ્ત્ર	શ્રી. ડી. એસ. બસન, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ—૯	૨૭—૬—૧૯૭૮ થી ૨૬—૬—૧૯૮૧
૨.	કુ. બુચ સ્મૃતિ ભાસ્કરભાઈ	ગણિતશાસ્ત્ર	ડૉ. આઈ. એચ. શેઠ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯	૧૨—૭—૧૯૭૭ થી ૧૧—૭—૧૯૮૦
૩.	શ્રીમતી દેસાઈ નયનાબહેન ભરતકુમાર	ગણિતશાસ્ત્ર	ડૉ. એલ. કે. પટેલ, યુનિવર્સિટી વિજ્ઞાન, વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯	૩૦—૭—૧૯૭૮ થી ૨૯—૭—૧૯૮૧

૧૧. ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન માટેના માર્ગદર્શક શિક્ષકની માન્યતા ધરાવતા ડૉ. એન. એમ. કંસારાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે સંસ્કૃત વિષયમાં નોંધાયેલાં કુ. રંજના ડી. દેસાઈએ તેમને મળેલી યુ.જી.સી.ની જુનિયર ફેલોશિપના સમય દરમિયાન મહુધાની કૉલેજમાં પાર્ટટાઈમ શિક્ષકની નોકરી ૧૯૭૭ના જુલાઈથી સ્વીકારી હોવાથી તેને ક્ષમ્ય ગણવા અને તેમને ચૂકવવામાં આવેલ રૂ. ૭,૯૦૦ની રકમ પરત નહિ કરવામાંથી મુકિત આપવાની માર્ગદર્શક શિક્ષકની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ.— ૧. કુ. દેસાઈને તા. ૧૬—૧૨—૧૯૭૪થી તા. ૩૦—૬—૧૯૭૭ સુધીની (રૂ. ૬,૪૦૦ + ૧,૫૦૦) કુલ રૂ. ૭,૯૦૦/—ની રકમ ચૂકવવામાં આવી છે.

૨. કુ. દેસાઈનું સંશોધનકાર્ય ચાલુ છે. જુલાઈ ૧૯૭૭થી તેમને કોઈ રકમ ચૂકવવામાં આવી નથી.

ગુજરાત કૉલેજ, અમદાવાદના માર્ગદર્શક શિક્ષક ડૉ. એન. એમ. કંસારાના માર્ગદર્શન હેઠળ નોંધાયેલાં વિદ્યાર્થી કુ. અંજના ડી. દેસાઈ તેમનો મહાનિબંધ તૈયાર કરીને યુનિવર્સિટીને સુપરત કરે ત્યારે તેમને ચૂકવાયેલી રકમ (રૂ. ૬,૪૦૦ + ૧,૫૦૦) કુલ રૂ. ૭,૯૦૦ પરત કરવામાંથી મુકિત આપવાની વિનંતી પર વિચારણા કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી પંચવર્ષીય યોજના હેઠળ સાયન્સ અને હ્યુમેનિટીઝ (સમાજવિદ્યા સહિત)ની યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી જુનિયર રિસર્ચ ફેલોશિપ અંગે આપેલ ગાઈડલાઈન્સ પર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી રિસર્ચ ફેલોશિપ અંગેની ગાઈડલાઈન્સની નોંધ લેવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

૧૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ડૉ. એમ. એસ. દુબળેના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. ચંદ્રશેખરન એન. નૈયરને યુ.જી.સી. ફેલોશિપ આપવામાં આવી હતી, પરંતુ તેઓએ જરૂરી સ્ટેમ્પ પર જામીનગીરી રજૂ નહિ કરવાને લીધે તેમના આર્થિક સંજોગોમાં સંશોધનકાર્ય બંધ કરવું પડેલ છે તો સ્ટેમ્પ પેપર પર બાંયધરીનો આગ્રહ ન રાખવાનું જણાવતા ડૉ. વી. સી. શાહના તા. ૧૯-૮-૧૯૭૮ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિષયના રીડર ડૉ. એમ. એસ. દુબળેના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. ચંદ્રશેખર એન. નૈયર, વર્તમાન નિયમ અનુસાર ફેલોશિપ મેળવવાના સંદર્ભમાં રજૂ કરવું જરૂરી બૉન્ડ રજૂ કરી શકયા નહિ હોવાથી તેમને આપવામાં આવેલી યુ.જી.સી.ની જુનિયર ફેલોશિપ તા. ૮—૮—૧૯૭૮થી બંધ પડેલી ગણવી.

ડૉ. વી. સી. શાહના સૂચન પર લંબાણ ચર્ચા-વિચારણાને અંતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી કે યુ.જી.સી.ની જુનિયર ફેલોશિપ મેળવવા માટે સ્ટેમ્પ પેપર પર બૉન્ડ મેળવવાની પ્રથા રાખવામાં આવી છે તે પ્રથા બંધ કરવી અને વિદ્યાર્થી પાસેથી યુ.જી.સી.નાં ધારાધોરણ મુજબ બાંયધરી લેવાનું રાખવું.

૧૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ડૉ. વી. સી. શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. અશ્વિન બી. પટેલને ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી, પરંતુ તેઓએ ભરવાનું જરૂરી બૉન્ડ ન ભરી શકવાને કારણે સંશોધનકાર્ય મૂકી દીધું છે તો તેની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—શ્રી. અશ્વિન બી. પટેલને શિષ્યવૃત્તિ પેટે કોઈ રકમની ચુકવણી કરવામાં આવી નથી.)

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિષયમાં ડૉ. વી. સી. શાહના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા શ્રી. અશ્વિન બી. પટેલને ગુજરાત સરકારની શિષ્યવૃત્તિ આપવામાં આવેલી, તેમણે તેમનું સંશોધન કાર્ય મૂકી દીધું તેની નોંધ લેવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. પી. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "અ"
ક્રમાંક ૨૪

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of 'Lecturer in Space Sciences & their application' was held on Thursday, 14th September, 1978 at 12–30 p.m. at University Office, Gujarat University, Ahmedabad–380 009. Shri Ishwarbhai J. Patel, Vice–Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1	Shri Ishwarbhai J. Patel, Vice–Chancellor	Present
2	Dr. K. R. Ramnathan	Present
3	Prof. P. R. Pisharoty	Present
4	Dr. S. D. Verma (Invitee)	Present

The following candidates were called for interview :

1	Dr. (Mrs.) Vijaya Sinha	Present
2	Shri Apurba Gupta	Present
3	Dr. J. C. Patel	Present
4	Dr. Anil V. Janve	Present
5	Dr. Amar Dutta	Present
6	Dr. (Mrs.) Purobi Chakrabarty	Present

The Committee after interviewing the candidates and considering their respective merits recommends.

Dr. Amar Dutta Vyas as lecturer in Space Science.

Sd/– **I. J. Patel**
Sd/– **K. R. Ramnathan**
Sd/– **P. R. Pisharoty**
Sd/– **S. D. Verma**

પરિશિષ્ટ "ધ"
ઠરાવકાળ ક્રમાંક ૨૬

Confidential

A meeting of the Selection Committee for recommending for appointment to the post of Accountant was held on Friday, 22nd September, 1978 at 3—00 p.m. at University Office, Gujarat University, Ahmedabad-380 009. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2. Dr. M. N. Desai	Present
3. Prin. K. N. Shah	Present
4. Shri K. S. Shastri	Present
5. Prin. H. P. Pandya	Absent
6. Prin. M. C. Shah	Present
7. Shri K. C. Parikh (Registrar)	Present

The following candidates were called for interview :

1. Shri J. K. Joshi	Present
2. Shri N. K. Patel	Present
3. Shri B. B. Patel	Absent
4. Shri N. N. Patel	Present
5. Shri S. T. Painter	Present
6. Shri S. C. Shah	Absent
7. Shri N. M. Mehta	Absent

After the interviewing the candidates present and considering their relative merits, the Committee is of the opinion that none of them is found suitable for the post of the Accountant in the University.

Sd/- **Ishwarbhai J. Patel**
Sd/- **Dr. M. N. Desai**
Sd/- **Prin. K. N. Shah**
Sd/- **Shri K. S. Shastri**
Sd/- **Prin. M. C. Shah**
Sd/- **Shri K. C. Parikh**

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૨૭

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Office Superintendent, was held on 19th September, 1978 at 11-30 a.m. at the Vice-Chancellor's residence, Ahmedabad.

Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2.	Shri Biharilal Kanaiyalal	Present
3.	Prin. M. C. Shah	Present
4.	Prin. K. N. Shah	Present
5.	Shri K. C. Parikh (Registrar)	Present

The Committee considered the relative merits of the candidates who were interviewed on 20th August 1978 and after due consideration resolved that Shri R. H. Parekh be recommended for appointment to the post of Office Superintendent.

Sd/—
I. J. Patel
Biharilal Kanaiyalal
M. C. Shah
K. N. Shah
K. C. Parikh.

પરિશિષ્ટ "૬૭"
બાબત ક્રમાંક ૨૮

Confidential

A meeting of the Selection Committee for recommending for appointment to the post of Office Superintendent was held on 20th August, 1978 at 8—30 a.m. at University Office, Gujarat University, Ahmedabad–380 009.

Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee member was as under :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2. Prin. M. C. Shah	Absent
3. Prin. K. N. Shah	Present
4. Dr. Biharilal Kanaiyalal	Absent
5. Shri K. C. Parikh (Registrar)	Present

The following candidates were called for interview :

1. Shri N. S. Aadichya	Absent
2. ,, M: I. Balooch	Present
3. ,, G. N. Babaria	Present
4. ,, G. K. Bhagat	Absent
5. ,, V. V. Bhagat	Present
6. ,, K. H. Cholera	Present
7. ,, S. S. Christian	Present
8. ,, K. M. Chavada	Absent
9. ., C. L. Dave	Absent
10. ,, R. G. Diwan	Absent
11: ,, H. C. Doshi	Present
12. ,, D, R. Desai	Absent

13. Shri M. B. Dave	Present
14. ,, N. N. Goswami	Present
15. ,, B. L. Jadawala	Present
16. Miss L. A. Jothani	Present
17. Shri A. T. Mistry	Present
18. ,, A. N. Jani	Present
19. ,, H. P. Motwani	Present
20. ,, R. K. Modi	Absent
21. ,, U. M. Mangwani	Absent
22. ,, B. A. Mehta	Absent
23. ,, V. A. Macawan	Present
24. ,, P. M. Oza	Absent
25. ,, R. J. Patel	Present
26. ,, N. R. Joshi	Present
27. ,, F. S. Pirzada	Present
28. ,, H. M. Pathan	Present
29. ,, S. A. Patel	Absent
30. ,, R. H. Parekh	Present
31. ,, K. G. Panchal	Present
32. ,, R. V. Patel	Present
33. Kum. I. B. Patel	Present
34. Shri P. M. Pathak	Present
35. ,, B. J. Rothare	Absent
36. ,, B. S. Rami	Present
37. Kum. R. B. Suvarnkar	Present
38. Shri P. G. Salvi	Present
39. ,, C. N. Shah	Absent
40. ,, P. C. Shah	Absent
41. ,, M. J. Shah	Present
42. ,, R. C. Soni	Present

43.	Shri K. H. Shah	Present
44.	,, N. R. Shah	Present
45.	,, J. R. Shah	Present
46.	,, J. H. Shukla	Absent
47.	,, R. S. Shah	Present
48.	,, B. L. Trivedi	Absent
49.	,, Shri N. C. Trawadi	Present
50.	,, U. B. Trivedi	Present
51.	,, V. U. Upadhyay	Present
52.	,, V. M. Vyas	Absent
53.	,, H. P. Rawal	Present
54.	,, Kum. P. N. Gor	Present
55.	,, Shri D. B. Chauhan	Absent
56.	,, C. C. Kharadi	Present
57.	,, D. B. Dabda	Absent

After interviewing the candidates present and considering the relative merits, the Committee is of the view that Shri N. C. Travadi, would be suitable for the post of an Office Superintendent and therefore, he is recommends for the post for which applications have been invited.

Sd/- I. J. Patel

Sd/- K. N. Shah

Sd/- K. C. Parikh

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૫૬

ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓના વડાઓ અને યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના અધ્યક્ષોને જણાવવાનું કે માર્ચ/એપ્રિલ-મે ૧૯૭૯માં લેવાનાર યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ માટે નીચે દર્શાવ્યા મુજબ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યાં છે :

ક્રમાંક	કેન્દ્ર	પરીક્ષાઓ
૧.	અમદાવાદ	આ યુનિવર્સિટીની બધી પરીક્ષાઓ.
૨.	આદિપુર	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી.એ. અને બી.કૉમ.
૩.	બાલાસિનોર	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ. તથા થર્ડ બી.એ. અને બી.કૉમ.
૪.	ભાદરણ	ફર્સ્ટ બી.એ. અને બી.એસસી.
૫.	ખંભાત	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બીએસસી. અને બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., બી.એડ., ભાગ ૧ અને ભાગ ૨, ફર્સ્ટ ઇયર ફાર્મસી અને ઇન્ટર ફાર્મસી.
૬.	છોટાઉદેપુર	ફર્સ્ટ બી.એ. અને બી.એસસી. અને સેકન્ડ બી.એ. અને બી.એસસી. તથા થર્ડ બી.એ. અને બી.એસસી.
૭.	ડભોઈ	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને ફર્સ્ટ બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., બી.એડ. ભાગ ૧ અને ભાગ ૨.
૮.	ડાકોર	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ.,બી.એસસી. અને બી.કૉમ., થર્ડ બી.એ.,બી.એસસી. અને બી.કૉમ.
૯.	ડીસા	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી.એ. અને બી.કૉમ.
૧૦.	હરામલી	બી.એડ., ભાગ ૧ અને ૨.
૧૧.	હલોલ	ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ.
૧૨.	દેવગઢબારિયા	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ, થર્ડ બી.એ. અને બી.કૉમ.

ક્રમાંક	કેન્દ્ર	પરીક્ષાઓ
૧૩.	ધંધુકા	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ., અને બી. કૉમ., થર્ડ બી.એ. અને બી. કૉમ.
૧૪.	ધોળકા	ફર્સ્ટ બી.એ. અને બી. કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી. એ. અને બી. કૉમ.
૧૫.	હાલોલ	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી,કૉમ., સેકન્ડ બી.એ.,બી,એસસી. અને બી.કૉમ., તથા થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.
૧૬.	ગાંધીનગર	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., તથા થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.
૧૭.	ગોધરા	પ્રી-યુનિ. વિનયન, અને વાણિજ્ય, ફર્સ્ટ બી.એ., બી.એસસી., અને બી.કૉમ, સેકન્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., થર્ડ બી.એ., બી એસસી. અને બી.કૉમ., ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી. અને થર્ડ એલએલ.બી., બી.એડ. ભાગ ૧ અને ૨.
૧૮.	હિંમતનગર	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી.એ. અને બી.કૉમ.
૧૯.	ઈડર	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી.એ. અને બી.કૉમ.
૨૦.	કડી	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી.અને બી.કૉમ., થર્ડ બી.એ., બીએસસી. અને બી.કૉમ.
૨૧.	કલોલ	ફર્સ્ટ બી.એ., બી.એસસી. બી.કૉમ. અને સેકન્ડ બી.એ. ,બી.એસસી. અને બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.
૨૨.	બોડા	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., બી.એડ. ભાગ ૧ અને ૨
૨૩.	લુણાવાડા	ફર્સ્ટ બી.એ. અને બી.એસસી., સેકન્ડ બી.એ. અને બી.એસસી., થર્ડ બી.એ. અને બી.એસસી.
૨૪.	મહુધા	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ. થર્ડ બી.એ. અને બી.કૉમ.
૨૫.	માંડવી-કચ્છ	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી.એ. અને બી.કૉમ.
૨૬.	માણસા	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી. અને બી,કૉમ., થર્ડ બી.એ, બી.એસસી. બી.કૉમ.
૨૭.	મહેસાણા	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી.એ. અને બી.કૉમ., ફર્સ્ટ એલએલ.બી. અને સેકન્ડ એલએલ.બી. બી.એડ. ભાગ ૧ અને ૨.

ક્રમાંક	કેન્દ્ર	પરીક્ષાઓ
૨૮.	મિયાંગામ-કરજણ	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી.એ. અને બી.કૉમ.
૨૯,	મોડાસા	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., ફર્સ્ટ એલએલ.બી. અને સેકન્ડ એલએલ.બી., બી.એડ. ભાગ ૧ અને ૨.
૩૦.	મુન્દ્રા	બી,એડ. ભાગ ૧ અને ૨
૩૧.	નડિયાદ	પ્રી-યુનિ. વિનયન અને વાણિજ્ય, ફર્સ્ટ બી.એ., બી.એસસી., અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસ.સી., અને બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.. ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ એલએલ.બી. અને કેમિકલ એન્જિનિયરિંગ.
૩૨.	પાલનપુર	ફર્સ્ટ બી.એ. અને બી.એસસી., સેકન્ડ બી,એ. અને બી.એસસી., થર્ડ બી.એ. અને બી.એસસી., બી.એડ. ભાગ ૧ અને ભાગ ૨.
૩૩.	પાટણ	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી., અને બી,કૉમ., ફર્સ્ટ એલએલ.બી. અને સેકન્ડ એલએલ.બી,, બી.એડ. ભાગ ૧ અને ભાગ ૨.
૩૪.	પેટલાદ	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ,. બી.એસસી અને બી,કૉમ., થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., બી.એડ. ભાગ ૧ અને ભાગ ૨.
૩૫.	પિલવાઈ	ફર્સ્ટ બી.એ. અને બી.એસસી., સેકન્ડ બી.એ. અને બી.એસસી., થર્ડ બી.એ. અને બી.એસસી.
૩૬.	સાબરમતી	ફર્સ્ટ બી.એ. અને બી,કૉમ. સેકન્ડ બી.એ. અને બી.કૉમ.
૩૭.	સંખેડા	ફર્સ્ટ બી.એ. અને સેકન્ડ બી.એ.
૩૮.	વીરમગામ	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી.એ. અને બી.કૉમ.
૩૯.	વીસનગર	પ્રી-યુનિ. વિનયન અને વાણિજ્ય, ફર્સ્ટ બી.એ., બી.એસસી, અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., બી.એડ. ભાગ ૧ અને ૨.
૪૦.	ભૂજ	પ્રી-યુનિ. વિનયન અને વાણિજ્ય, ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી., અને બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., ફર્સ્ટ એલએલ.બી., સેકન્ડ એલએલ.બી. અને થર્ડ એલએલ.બી.

ક્રમાંક	કેન્દ્ર	પરીક્ષાઓ
૪૧.	કપડવંજ	ફર્સ્ટ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.
૪૨.	સિદ્ધપુર	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને બી.કૉમ., થર્ડ બી.એ. અને બી.કૉમ.
૪૩.	પ્રાંતીજ	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ. સેકન્ડ બી.એ. અને બી.કૉમ.
૪૪.	સાવલી	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ., સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.કૉમ.
૪૫.	હાલોલ	ફર્સ્ટ બી.એ. અને બી.કૉમ. તથા સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.કૉમ.
૪૬.	તલોદ	ફર્સ્ટ બી.એ., બી.એસસી., બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.એસસી., બી.કૉમ., થર્ડ બી.એ., બી.એસસી., બી.કૉમ.
૪૭.	ઊંઝા	ફર્સ્ટ બી.એ., બી.કૉમ., સેકન્ડ બી.એ., બી.કૉમ., થર્ડ બી.એ., બી.કૉમ. તથા ફર્સ્ટ-સેકન્ડ એલએલ.બી.

ઉપર પ્રમાણે કેન્દ્રો ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ પાસે પોતાની પરીક્ષા માટેનાં આવેદનપત્રો ભરાવવાં. આવેદનપત્રમાં એક વખત એક કેન્દ્ર ભર્યા પછી કોઈ પણ સંજોગોમાં તે બદલી શકાશે નહિ. પ્રત્યેક કેન્દ્રનું જે તે પરીક્ષાઓનું સ્થળ હવે પછી જાહેર કરવામાં આવશે.

વિદ્યાર્થી પોતે જે શહેરમાં ભણતો હોય તે શહેરમાં તે પરીક્ષાનું કેન્દ્ર હોય તો તેણે ત્યાં જ બેસવાનું રહેશે. તે સિવાયના કેન્દ્રમાં બેસવું હશે તો તે માટે તેણે આચાર્યશ્રી મારફતે પરીક્ષાનું આવેદનપત્ર ભરે તે પહેલાં કુલપતિશ્રીની પરવાનગી અગાઉથી મેળવી લેવાની રહેશે.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૪૭

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયની યોજના હેઠળ વિજ્ઞાનની કૉલેજોમાં ડિપ્લોમા ઇન ફાર્મસીનો અભ્યાસક્રમ શરૂ કરવાની બાબતમાં પ્રસ્તાવ રજૂ કરનાર કૉલેજ અભ્યાસક્રમ શરૂ કરવા માટે જરૂરી ક્ષમતા ધરાવે છે કે કેમ તે અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨—૯—૧૯૭૮ની સભાએ નીમેલી એક સમિતિની સભા તા. ૨૫—૧૧—૧૯૭૮ ને શનિવારના રોજ બપોરના ૧૨—૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. આ સભાનું પ્રમુખસ્થાન ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૨. ડૉ. ભાનુબહેન ત્રિવેદી	હાજર
૩. આચાર્યશ્રી કે. એન. શાહ	હાજર
૪. ડૉ. વી. સી. શાહ	ગેરહાજર
૫. શ્રી. આર. વી. પટેલ	હાજર

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે--

૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨. શેઠ આર. એ. સાયન્સ કૉલેજ, અમદાવાદ
૩. યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૪. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર અને
૫. શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા

નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરે તો આ પાંચેય કૉલેજોમાં તેમ જ અન્ય કોઈ કૉલેજ માગણી કરે તો તે કૉલેજમાં ડિપ્લોમા ઈન ફાર્મસીનો અભ્યાસક્રમ શીખવવા માટે જે તે કૉલેજને જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે :

(અ) પ્રથમ વર્ષ માટે :

ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન જીવવિજ્ઞાન અને અંગ્રેજીના જરૂરી શિક્ષકગણ ઉપરાંત એક ખંડ સમયના વ્યાખ્યાતા જેમની શૈક્ષણિક લાયકાત એમ.બી..બી.એસ.ની પરીક્ષા અથવા તો એમ.ફાર્મ.ની પરીક્ષા ફાર્માકોલોજી વિષય સાથે પાસ કરી હોય,

(બ) બીજા વર્ષ માટે :—

૧. જનરલ ફાર્મસી, ડિસ્પેન્સિંગ ફાર્મસી અને ફોરેન્સિક ફાર્મસી શીખવવા માટે પૂરા સમયના એક વ્યાખ્યાતા જેમની શૈક્ષણિક લાયકાત ફાર્માસ્યુટિકસના વિષયમાં એમ.ફાર્મ.ની પરીક્ષા પાસ કરી હોય.

૨. ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીનો વિષય શીખવવા માટે પૂરા સમયના એક વ્યાખ્યાતા—જેમની શૈક્ષણિક લાયકાત ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં એમ.ફાર્મ.ની પરીક્ષા પાસ કરી હોય.

૩. વ્યાખ્યાતાને રૂ. ૭૦૦થી ૧૬૦૦નાં પગારધોરણ આપવામાં આવે.

(૨) ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના માહિતી પત્રાંકમાં (એપેન્ડિક્ષ—"બી") જણાવ્યા પ્રમાણે કૉલેજમાં વર્ગ ખંડ અને પ્રયોગિક કાર્ય માટે જરૂરી જગ્યાની વ્યવસ્થા કરવામાં આવે.

(૩) ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાની મંજૂરી મેળવવામાં આવે.

(૪) ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના માહિતીપત્રકના પાન નં. ૪૪માં લિસ્ટ "એ" હેઠળ જણાવેલાં પ્રાયોગશાળાનાં સાધનો માટે અંદાજે રૂ. ૩૫,૦૦૦—૦૦નો ખર્ચ કરવાથાં આવે.

(૫) આ સાથેની યાદી "બી" હેઠળ જણાવેલાં પુસ્તકો માટે અંદાજે રૂ. ૧૨,૦૦૦/—સંદર્ભ પુસ્તકો માટે અંદાજે રૂ. ૧,૦૦૦/—, અને સામયિકો માટે અંદાજે રૂ. ૨,૦૦૦/—નો ખર્ચ કરવામાં આવે.

(૬) ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના માહિતીપત્રકના પાન ૪૫માં જણાવ્યા પ્રમાણે મ્યુઝિયમ કરવા માટે અંદાજે રૂ. ૫,૦૦૦—૦૦નો ખર્ચ કરવામાં આવે.

(૭) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઇ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

(૮) વિદ્યાર્થીઓની ગુરુતમ સંખ્યા ૩૦(ત્રીસ)ની રાખવામાં આવે.

વધુમાં હવે પછી જો કોઈ અન્ય સંલગ્ન વિજ્ઞાનની કૉલેજ ડિપ્લોમા ઈન ફાર્મસીનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે ઉપર જણાવેલી શરતોનું પાલન કરે તો તે કૉલેજને પણ મંજૂરી આપવાનું રાખવું.

ને પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. પી. શાહ
કુલસચિવ વતી.

Education Regulations 1972

for the Diploma Course in Pharmacy

C. Equipment :

(*i*) The following equipment in adequate number and quantity in addition to general apparatus and chemicals and other laboratory outfits and equipments generally needed for the teaching of Physics, Chemistry and Biology to Inter Science students should also be provided :

LIST A

Items	*Nos. required*
Conical Copper Percolator (Large)	..1 for the institution
Conical Copper Percolator (Small)	..1 for the institution
Tincture Press (Small)	..1 for the institution
Hand Grinding Mill	..1 for the institution
Small Centrifuge	..1 for the institution
Tablet Machine	..1 for the institution
Tablet Coating Pan (Small)	..1 for the institution
Tablet Hardness Tester (Monsanto Type)	..1 for the institution
Disintegrating Testing Apparatus	..1 for the institution
Collapsible Tube Filling equipment	..1 for the institution
Capsule filling equipment	..1 for the institution
Platform Balance	..1 for the institution
Seitz Filter	..1 for the institution
Bacteria-proof Filter-Candle	..1 for each ten students*
Bacteria-proof Sintered Glass Filter	..1 for each two students
Refrigerator	..1 for the institution
Incubator	..1 for the institution
Autoclave	..1 for each twenty students
Emulsifier (whisk type)	..1 for the institution

Items	*Nos. required*
Homogenizer	..1 for the institution
Sieves of different numbers	..4 sets for the institution
Granulating Sieves	..4 sets for the institution
Glass Percolators	..1 for each student
Dispensing Scale	..1 for each student
Ointment Slab and Spatula	..1 for each student
Ampoule filling and sealing device	..1 set for the institution
Dispensing Mortar and Pestle (Large)	..1 for each student
Dispensing Mortar and Pestle (Small)	..1 for each student
Suppository Moulds	..1 for two students
Pill-Making Tiles	..1 for two students
Pastilles Moulds	..1 for two students
Lozenge Punches	..1 for two students
Tablet Triturate Mould	..1 for four students
Pill-Making equipment consisting of mass divider, rounding, polishing and coating devices.	..1 set for two students

LIST B

Not required separately if classes are conducted in a Science College and the equipments are available for the training of students of Pharmacy :

Items	*Nos. required*
Chemical Balance	..1 for two students
Dissecting Microscope	..1 for two students
Student's Compound Microscope	..1 for two students
Bacteriological Microscope	..1 for the institution
Biological Charts and Models	..Two cover the entire syllabus
Bacteriological Charts & Slides	..Showing different forms of micro-organisms
Recording Drum Equipment for Pharmacological demonstartion	..1 for the institution

* In the above lists A & B, wherever the word 'student' appears the numbers of such students should be regarded as the number required to work.

(*ii*) Museum

Every institution shall maintain a museum of crude drugs, herbrium sheets, botanical specimens of the drugs and plants mentioned in course. In addition, the following recommended :

(1) Coloured Slides of medicinal plants;

(2) Display of popular patent medicines; and

(3) Containers in common usage in medicines.

LIST B (i)

Text-books for Diploma in Pharmacy

(Ten sets of each book)

	Title	*Authors*
1	Inorganic & Physical Chemistry	Gehani & Bhagvat
2	Text Book of Physics—Not available	Patel & Patel
3	Examples in Physics— ,, ,,	Patel & Patel
4	Text Book of Botany	A. C. Dutta or R. N. Sutaria
5	Outline of Zoology	F. Ayyer or R. D. Vidyarthi
6	Anatomy Physiology & Health Education	Dr. Derasari & Gandhi
7	Human Physiology	W. A. Smart
8	Anatomy Physiology For Nurses	E. C. Pearce
9	Anatomy Physiology for Nurses	Searce
10	Tutorial Pharmacy	Cooper & Gunn.
11	Dispensing Pharmacy	
12	Forensic Pharmacy	B. M. Mithal
13	Bentley's Pharmaceutics	H. Davis Bentley's
14	Text Book of Pharmacognosy	Dr. C. S. Shah & Qadry
15	Pharmacology	Dr. Derasari & Gandhi
16	Lecture note in Pharmacology	J. H. Burn
17	Pharmaceutical Chemistry	Bentley & Driver
18	Organic Chemistry—Not available	Prescott & Dunn.
19	Organic Chemistry	Prescott & Ridge
20	Pharmacology	B. K. Acharya
21	Pharmacognosy	T. C. Denstone
22	Pharmacology	Gaddam
23	Pharmacognosy	Wallis

LIST B (ii)

Reference Books for Diploma in Phrrmacy

(One or Two Copies of Each)

1	Practical Chemistry	N. M. Shah
2	Anatomy Physiology & Health Education	Derasari & Gandhi
3	A Text Book of Physics	
4	A Text Book of Organic Chemistry	Mitra
5	Practical Pharmaceutical Chemistry	Applied & Lyon
6	Husa's Pharmaceutical Dispensing	
7	Bentley's Pharmaceutics	H. Davis
8	Prescott & Ridge Organic Chemistry	
9	Practical Pharmacognosy—Not available	Wallis.
10	Text Book of Pharmacognosy—Not available	Hebert.
11	Prescott & (Dun) Organic Chemistry	

LIST B (iii)

Relevant Periodicals

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૫૧

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭–૧૧–૧૯૭૮ ને સોમવારના રોજ બપોરના ૩–૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. એસ. એમ. શાહ	ગેરહાજર
૩. શ્રી. કે. એમ. કાંટાવાલા	ગેરહાજર
૪. શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	ગેરહાજર
૫. શ્રી. બી. એમ. પીરજાદા	હાજર
૬. ડૉ. આર. સી. સોનપાલ	હાજર

૧. બાંધકામ સમિતિની તા. ૨૯–૯–૧૯૭૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૯–૯–૧૯૭૮ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સ્કૂલ ઑફ કૉમર્સના મકાનના ધાબા પર વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરાવવાના કામ માટે મે. વાદી ઍન્ડ પટવા તરફથી આવેલા એસ્ટિમેટ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૦,૭૦૭–૪૫ જેટલું થશે. આવેલા અંદાજીની નકલ આ સાથે સામેલ છે.

૨. આ અંગે રૂ. ૨૦,૫૦૦નું ખર્ચ તા. ૧૯–૭–૧૯૭૮ની બાંધકામ સમિતિની સભામાં મંજૂર કરવામાં આવેલું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ કૉમર્સના મકાનના ધાબા પર વૉટરપ્રૂફિંગનું કામ આ સાથેની યાદી "ક" મુજબના દરે મેં. વાદી ઍન્ડ પટવાના આવેલ કવૉટેશનના ભાવથી કરાવવા માટે રૂ. ૨૦૭૦૭–૪૫ પૈસાનું ખર્ચ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના બાંધકામમાં વધારાના કામકાજના દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—વધારાના કામકાજના દર અંગેનું સ્ટેટમેન્ટ હવે પછી મોકલી આપવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના મકાનમાં આ સાથેની યાદી "ખ" પ્રમાણેના વધારાના કામકાજના દર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ કામમાં સ્નોસેમ તથા એલ્યુમિનિયમ બારણું કરાવવાની જરૂરિયાત આ સમિતિને જણાવી નથી.

૪. પાંચમી પંચવર્ષિય યોજના હેઠળ ફિઝિકસ વિભાગના વિકાસ બાંધકામ અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ મકાન માટે રૂ. ૨,૫૦,૬૮૬—૨૫ની રકમનો કોન્ટ્રેકટ મે. જય બિલ્ડર્સને આપેલ છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂ. ૧,૭૪,૬૦૦ના અંદાજી ખર્ચની મંજૂરી વધારાના બાંધકામ માટે મળી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકસ વિભાગનું વધારાનું બાંધકામ હાલના કોન્ટ્રાકટર મે. જય બિલ્ડર્સના ભાવથી તેઓ પાસે કરાવવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા તે અંગેના પ્લાન વિભાગની જરૂરિયાત ધ્યાનમાં લઈને બનાવી આપવા આર્કિટેકટ શ્રી. એલ, કે. નંદવાણાને જણાવવું.

૫. પાંચમી પંચવર્ષિય યોજના હેઠળ મેથેમેટિકસ વિભાગના વિકાસ બાંધકામ અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ:**—આ પંચવર્ષિય યોજનાના મકાન માટે રૂ. ૨,૯૦,૪૩૦નો કોન્ટ્રેકટ મે. મૂળજીભાઈ એન્ડ કું.ને આપેલ છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂ. ૧,૧૦,૨૦૦ના અંદાજી ખર્ચની મંજૂરી વધારાના બાંધકામ માટે મળી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મેથેમેટિકસ વિભાગના મકાનનું કામ હાલના કોન્ટ્રાકટર મે. મૂળજીભાઈ એન્ડ કું.ના ભાવથી તેઓ દ્વારા કરાવવા સારું એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં આ અંગે રૂ. ૧,૧૦,૨૦૦નું અંદાજી ખર્ચ આ સાથેની યાદી "અ" પ્રમાણે મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા તે અંગેના પ્લાન વિભાગની જરૂરિયાત પ્રમાણે આપવા આર્કિટેકટ શ્રી. એલ. કે. નંદવાણાને જણાવવું.

૬. યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતાં બાંધકામના સુપરવિઝન માટે સ્ટાફ રાખવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા બાંધકામોના સુપરવિઝન માટે સ્ટાફની જરૂરિયાતનો પ્રશ્ન જોઈતપાસીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. શ્રી. કે. કે. સંધાણી
૨. શ્રી. એચ. એન. શાહ
૩. ડૉ. આર. સી. સોનપાલ.

૭. યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં કાઉન્ટર બનાવવાના કામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી આવેલ નીચેની બાબતો હાથ ધરવામાં આવી:

૮. સ્કૂલ ઑફ લૉના મકાનના બાંધકામમાં સ્ટીલના જથ્થામાં વધારો થતો હોઈ કોન્ટ્રાકટર મે. વાદી એન્ડ પટવાના તા. ૧૮—૧૧—૧૯૭૮ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ લૉના મકાન બાંધકામમાં સ્ટીલના જથ્થામાં વધારો થાય છે તે અંગે આર્કિટેકટ પાસેથી વીગતે સ્પષ્ટતા મેળવીને આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૯. ટાઈપ ટુ ક્વાર્ટર્સના બાંધકામમાં વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ ક્વાર્ટર્સ ટાઈપ ૨ના મકાનના બાંધકામમાં આ સાથેની યાદી નીચે પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

Sr. No.	*Item.*	*Quantity Rate*	*Per*	*Amount Rs.*
1.	Providing and fixing waste coupling in sink.	16 Nos.	20 No.	320
				320

વધુમાં ઠરાવવામાં આવે છે કે સીડીમાં ટેરેઝો ફિનિશને બદલે પ્લાન એસ્ટેમેટમાં નક્કી થયા મુજબ પૉલિશ લાદી નાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. વિદ્યાર્થીઓના છાત્રાલયના મકાનના બાંધકામની ઢીલ અંગે વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે આ અંગે કૉન્ટ્રાકટરને યુનિવર્સિટી તરફથી શૉકોઝ નોટિસ આપી છે તેની નોંધ લેવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

* * *

યાદી "અ"

Extra Item Statement in the Work of Industrial Analytical Laboratory

Contractor—Mona Associates

Sr. No.	*Item*	*Qty.*	*Rate*	*Per*	*Amount*
(1)	Connection to existing M.H.	1	30—00	No.	30—00
(2)	Road Cutting Labour	Lump Sum.	75—00	L.S.	75—00
(3)	Extra for Louvered glass above fixed glass 4" – 6" x 3' – 0"	5 No.	40—00	No.	200—00
(4)	Extra for expose brick work in development work in pieces.	35 Smt.	12—00	Smt.	420—00
(5)	Pointing	45 Smt.	5/—	Smt.	225=00
(6)	Extra for 12" Stopper M. S. oxidised,	60 Nos.	2/—	No.	150=00

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૫૨

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા શુક્રવાર તા. ૮—૧૨—૧૯૭૮ના રોજ બપોરના ૩—૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. પ્ર. ચુ. વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. પ્ર. ચુ. વૈદ્ય, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૩. શ્રી. એન. એમ. પરીખ	હાજર
૪. આચાર્યશ્રી એચ. પી. પંડ્યા	હાજર
૫. પ્રો. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર
૬. શ્રી. શરદ પટેલ	હાજર.

૧. તા. ૧૭—૧૧—૧૯૭૮ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૧૭—૧૧—૧૯૭૮ની સભાની નોંધ બાબત નં. ૧૮ પરના ઠરાવમાં નીચેના શાબ્દિક સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીમાં મદદનીશ ડાયરેકટર ઑફ યૂથ વેલ્ફેર તરીકે કામ કરતા શ્રી. કનક દવેને સિનિયોરિટી અંગે થયેલા અન્યાય અંગે તેઓની તા. ૮—૮—૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

સર્વશ્રી લાલજીભાઈ ઠક્કર અને કનકભાઈ દવેને રૂબરૂમાં સાંભળવામાં આવ્યા હતા અને ત્યાર બાદ લાંબાણ ચર્ચાવિચારણાને અંતે એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

શ્રી. લાલજીભાઈ ઠક્કર અને શ્રી. કનકભાઈ દવે એ બે સભ્યોની બાબતમાં શ્રી. લાલજીભાઈ ઠક્કર સમકક્ષ જગ્યા પર પહેલા જોડાયા હતા તે હકીકતને અનુલક્ષીને તેમને શ્રેયાન (સિનિયર) ગણવામાં આવ્યા છે. વ્યવસ્થામાં ફેરફાર કરવાનું કશું કારણ નથી. વધુમાં ઠરાવવામાં આવે છે કે વ્યાયામ શિક્ષણ વિભાગ અને યુવક કલ્યાણ વિભાગની પ્રવૃત્તિઓ અર્ધસ્વાયત્ત ધોરણે વિકસાવી શકાય તે માટે વહીવટી તંત્રની પુનઃ વ્યવસ્થા સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. શ્રી. નરહરિભાઈ પરીખ
૨. શ્રી. કુલસચિવ
૩. શ્રી. વિકાસ અધિકારી.

૩. યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પોતાની ફરજ ઉપરાંત વધારાની ફરજો બજાવવા માટે નિયમ ૭ (૨) પ્રમાણે ૧૦ ટકા ભથ્થું અપાય છે તેને બદલે પગારના ૧૦ ટકા પ્રમાણે સ્પેશિયલ પે આપીએ. આ સ્પેશિયલ પે બીજા કોઈ હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં તે અંગે યુનિવર્સિટી કાર્યાલયની તા. ૨૨—૬—૧૯૭૮ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪. નિવૃત્ત થયેલા મદદનીશ કુલસચિવ શ્રી. ડાહ્યાભાઈ પટેલને રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. પે. ૧૨૬૪-૪૬૩ સી. એચ., તા. ૫-૧—૬૫ પ્રમાણે સ્ટેજઅપનો લાભ આપવા અંગેની તેઓની તા. ૫—૪—૧૯૭૮ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નિવૃત્ત મદદનીશ કુલસચિવ શ્રી. ડાહ્યાભાઈ પટેલની તા. ૫—૪—૧૯૭૮ની અરજી નામંજૂર કરવી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીના ગ્રંથપાલ સર્વશ્રી પી. એફ. પટેલ, ડી. એન. શુકલ અને આર. એસ. ગાંધીને તેઓના હાલના હોદ્દાનું નામાભિધાન અનુક્રમે ગ્રંથપાલ-કમ-પ્રોફેસર ઓફ લાઈબ્રેરી સાયન્સ અને મદદનીશ ગ્રંથપાલ-કમ-લેક્ચરર રાખવા અંગે તેઓની તા. ૧૪—૮—૧૯૭૮ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી અને હવે પછીની સભા સમક્ષ સર્વશ્રી પી. એફ. પટેલ, ડી. એન. શુકલ અને આર. એસ. ગાંધીને પોતાનો કેસ રજૂ કરવા માટે તેઓ રૂબરૂ આવવા ઈચ્છતા હોય તો બોલાવવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ન. જે. પાઠક
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૫૪

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૬—૧૧—૧૯૭૮ને ગુરુવારના રોજ બપોરે ૧૨—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પી. સી વૈદ્યે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. પી. સી. વૈદ્ય કુલપતિશ્રી	હાજર
૨. શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૩. ડૉ. વિનોદકાન્ત સી. શાહ	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૫—૯—૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૨૫—૯—૧૯૭૮ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો મંગાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના **પરિશિષ્ટ "અ"**માં દર્શાવ્યા પ્રમાણે વૈજ્ઞાનિક સાધનો ખરીદવાં.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગની "કોસિપ" યોજના નીચે દશ કૉલેજોને ડિજિટલ પી.એચ. મીટર ટાઇપ ૩૩૫ રૂ. ૬૨૮૦ વત્તા અન્ય ખર્ચ જુદા ગણી મે. સિસ્ટોનિક્સ, અમદાવાદ પાસેથી ખરીદવા વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રસાયણવિજ્ઞાન વિભાગની "કોસિપ" યોજના હેઠળ દશ કોલેજોને ડિજિટલ પી.એચ. મીટર ટાઇપ ૩૩૫ દરેકના રૂ. ૬૨૮૦ વત્તા અન્ય ખર્ચ જુદા ગણી મે. સિસ્ટોનિક્સ અમદાવાદ પાસેથી નંગ ૧૦ ખરીદવાં.

૪. યુનિ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ પાસેથી ટીચિંગ મટિરિયલ્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે રૂ. ૨૦૦૦નાં ટીચિંગ મટિરિયલ્સ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ પાસેથી ખરીદવાં.

૫. યુનિ.ના મનોવિજ્ઞાન વિદ્યાભવન માટે કૅસિટ મોડલ સી. ૧, ૧૩ હેન્ડ ઓપરેટેડ કૅલ્કયુલેટર નંગ ત્રણ મે. ફોર્બ્સ કેમ્પબેલ ઍન્ડ કં. લિ., અમદાવાદ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવન માટે કૅસિટ મોડલ સી. ૧, ૧૩ હેન્ડ ઓપરેટેડ કૅલ્કયુલેટર નંગ ૨ મે. ફોર્બ્સ કેમ્પબેલ ઍન્ડ કં. પાસેથી નંગના રૂ. ૨૩૬૪ પ્રમાણે તેઓના કોટેશન તા. ૨૬—૯—૧૯૭૮માં દર્શાવેલ શરતો મુજબ ખરીદવા.

૬. યુનિવર્સિટી ગ્રંથાલયના જૂના કેટલોગ તથા જૂના રિપોર્ટ કે અન્ય કાગળો જે પસ્તીમાં કાઢી નાંખીએ છીએ તે અંધ કન્યા પ્રકાશગૃહને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયના જૂના કેટલોગ તથા જૂના રિપોર્ટ કે અન્ય કાગળો જે પસ્તીમાં કાઢી નાંખીએ છીએ તે વિના મૂલ્યે અંધ કન્યા પ્રકાશગૃહને આપવા.

૭. અધ્યક્ષશ્રી, સમાજવિદ્યા ભવન માટે એક્ઝિક્યુટિવ ચેર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલ આ બાબત મુલતવી રાખવી.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે રૂ. ૧૧૦૦ (એક હજાર એકસો)ના ફોટોગ્રાફિક પેપર ખરીદવા માટે કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૯. યુનિ.ના ચોથા વર્ગના કર્મચારીઓ માટે ૧૮૦૦ મીટર ખાદી ખરીદવા અંગે રૂ. ૧૪,૨૦૦ (રૂ. ચૌદ હજાર બસો)ના ખર્ચને કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કામની નોંધ લેવી.

૧૦. યુનિવર્સિટીની દુકાન નં. ૬ ભાડેથી આપવા અંગે મંગાવેલ ઑફરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. ૫. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૭૩

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ હૉસ્ટેલ્સ મૅનેજમેન્ટની એક સભા તા. ૨૮–૧૧–૧૯૭૮ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રીના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. પ્ર. ચુ. વૈદ્ય—કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કં. ચં. પરીખ—કુલસચિવશ્રી	હાજર
૩. આચાર્યશ્રી હરિશંકર પંડ્યા	ગેરહાજર
૪. શ્રી. એ. આર. શાહ	હાજર
૫. આચાર્યશ્રી બી. એમ. પીરજાદા	ગેરહાજર
૬. આચાર્યશ્રી જે. ડી. તલાટી	હાજર
૭. શ્રી. બી. એન. આલોક	ગેરહાજર
૮. પ્રા. આર. એલ. દૂધવાળા	હાજર
૯. ડૉ. એમ. પી. ભટ્ટ	હાજર
૧૦. શ્રી. મહેશભાઈ બી. દેસાઈ	ગેરહાજર
૧૧. કુ. જશવંતીબહેન એ. પટેલ	હાજર
૧૨. શ્રી. અશોક વી. પટેલ	ગેરહાજર
૧૩. શ્રી. ડાહ્યાભાઈ ટી. ઠાકોર	હાજર
૧૪. શ્રી. ગોવિંદભાઈ કે. પટેલ	ગેરહાજર
૧૫. કુ. મીના કે. પટેલ	ગેરહાજર
૧૬. શ્રી. કુમારપાળ એસ. સંઘવી	હાજર
૧૭. શ્રી. સામનજી ખાનજી સોઢા	ગેરહાજર
૧૮. શ્રી. જિતેન્દ્રકુમાર બી. જાની	ગેરહાજર
૧૯. શ્રી. જગદીશચંદ્ર સી. પટેલ	હાજર
૨૦. શ્રી. અનંતરાય એલ. ભગત	હાજર
૨૧. શ્રી. મહેન્દ્રગીરી જે. ગોસ્વામી	હાજર
૨૨. શ્રી. ઉપેન્દ્ર ઓ. રાવલ	ગેરહાજર
૨૩. શ્રી. એમ. વસેંયા	હાજર.

૧. ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨–૩–૧૯૭૮ના રોજ મળેલ સભામાં સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયો અંગે આવેલ માહિતીનો અભ્યાસ કરી જરૂર જણાય તો સૂચનો કરવા નિયુક્ત થયેલ ઉપસમિતિએ કરેલાં સૂચનો અંગે વિચારણા કરવા બાબત.

ઉપસમિતિનો અહેવાલ આ સાથે **પાદી "અ"** તરીકે સામેલ છે

સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયો અંગે નિયુક્ત થયેલી સમિતિએ કરેલાં સૂચનો પર ચર્ચાવિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) વિદ્યાર્થીઓમાં ખોરાકનું ઊંચું ધોરણ જળવાઈ રહે તેમ જ ફરિયાદોનો અવકાશ કે અસંતોષ ન રહે તે માટે ગૃહપતિના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ જાતે રસોડું ચલાવે—આ વ્યવસ્થા માટે સ્વેચ્છાએ વિદ્યાર્થીઓ ન મળી રહેતા હોય તો તેમને તેમના ફાળે આવતા માસિક દરમાં ૨૫થી ૫૦ ટકાની રાહત આપીને આ વ્યવસ્થાને ઉત્તેજન આપવા કૉલેજના આચાર્યોને યોગ્ય કરવા જણાવવું.

(૨) છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે નિયમિત વ્યાયામ માટે તથા તે રસ જાગ્રત કરવા માટે પણ જે તે કૉલેજના વ્યાયામ શિક્ષકોની સેવાઓ ઉપલબ્ધ કરવા કૉલેજોના આચાર્યોને જણાવવું.

(૩) વિદ્યાર્થીઓના આરોગ્ય અને સ્વચ્છતાની દૃષ્ટિએ છાત્રાલયમાં બે વિદ્યાર્થીઓ દીઠ ઓછામાં ઓછી ૧૧૦ ચોરસ ફૂટની જગ્યા હોવી જરૂરી છે અને આ પ્રમાણ બરોબર જળવાય તે જોવા માટે કૉલેજોના આચાર્યોને જણાવવું.

(૪) છાત્રાલયના જે વિદ્યાર્થીઓ ચામડીના ચેપી રોગથી ઉપદ્રવ પામતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે ગરમ પાણીની વ્યવસ્થા કરવી—તથા શિયાળાની ઋતુમાં બધા વિદ્યાર્થીઓને ગરમ પાણી મળી રહે તે માટે જરૂર જણાય તો નહીં નફો, નહીં નુકસાનના ધોરણે જરૂરી યોગ્ય વ્યવસ્થા કરવા માટે કૉલેજોના આચાર્યોને ભલામણ કરવી.

વિશેષમાં નક્કી કરવામાં આવ્યું કે વિવિધ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સુવિધા માટે ચોક્કસ ધોરણો નિયત કરવાનું રાખવું અને તે નિયત થયેથી દર વર્ષે ત્રીજા ભાગનાં છાત્રાલયોમાં આ ધોરણોના અમલ માટે ઘટતી ચકાસણી અંગે જરૂરી તંત્ર ગોઠવવાનું વિચારવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

યાદી "અ"

ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨—૩—૧૯૭૮ના રોજ મળેલ સભામાં સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયો અંગે આવેલ માહિતીનો અભ્યાસ કરી જરૂર જણાય તો તે અંગે સૂચનો કરવા નિયુક્ત થયેલ સમિતિની સભા તા. ૨૬—૭—૧૯૭૮ના રોજ બપોરે ૩—૦૦ વાગે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. ડૉ. એમ. પી. ભટ્ટ	હાજર
૨. શ્રી. કનકભાઈ દવે	હાજર

સદરહુ સભાનું પ્રમુખસ્થાન ડૉ. ભટ્ટે લીધું હતું અને છાત્રાલય અંગે આવેલ માહિતીનો વિગતે અભ્યાસ કરી ચર્ચાવિચારણાને અંતે નીચેનાં સૂચનો નક્કી કરવામાં આવ્યાં :

૧. ઉપલબ્ધ ૧૧૩ કૉલેજોની માહિતીમાંથી ભોજન-વ્યવસ્થા અંગે ૫૨ કૉલેજોમાં વિદ્યાર્થીઓ જાતે રસોડું ચલાવે છે. ૧૭ કૉલેજોમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ છે. ૩૯ કૉલેજોમાં છાત્રાલયો નથી. જ્યારે ૫ કૉલેજોમાં છાત્રાલય છે, પણ વિદ્યાર્થીઓ નથી. તે જોતાં તથા કોન્ટ્રાક્ટ પદ્ધતિ અને વિદ્યાર્થીઓ રસોડું જાતે ચલાવે છે. તે પદ્ધતિથી ચાલતાં રસોડાં અંગેનો માસિક દરનો તફાવત જોતાં જાતે ચલાવવાનાં છાત્રાલયોમાં ભોજન દર ઓછો આવે છે. તદુપરાંત વિદ્યાર્થીઓ ચલાવતા હોઈ અસંતોષના પ્રશ્ન ઓછા રહે. તે જોતાં આ સમિતિ ભલામણ કરે છે કે ઉપરોકત આંકડા જોતાં વિદ્યાર્થીઓ જાતે ચલાવે તે પદ્ધતિ લોકપ્રિય અને સંતોષજનક ચાલતી હોય તેમ લાગે છે. તેથી તમામ કૉલેજોનાં છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ જાતે રસોડું ચલાવે તે માટે આચાર્યશ્રીએ ઘટતો પ્રબંધ કરવો જોઈએ અને યુનિવર્સિટી હૉસ્ટેલમાં ચાલતી પદ્ધતિ પ્રમાણે વિદ્યાર્થીઓની માસિક, છ માસિક યા વાર્ષિક ધોરણે જરૂરિયાત પ્રમાણે વિદ્યાર્થીઓનો ઉત્સાહ જોઈ ગૃહપતિના માર્ગદર્શન હેઠળ રસોડું ચલાવવાનું રાખવું જોઈએ અને સ્વેચ્છાએ વિદ્યાર્થીઓ ન મળી રહેતા હોય તો તેમને તેમના ફાળે આવતા માસિક દરમાં ૨૫ થી ૫૦ ટકાની રાહત કરી આપી ઉત્તેજન આપવું જોઈએ. આ સૂચનની પાછળ વિદ્યાર્થીઓને ખોરાકનું ધોરણ ઊંચું જળવાઈ રહે, વિદ્યાર્થીઓને ફરિયાદનો અવકાશ ન રહે અને અસંતોષ ન રહે તે મુખ્ય છે.

૨. જે જે કૉલેજોમાં છાત્રાલયો છે ત્યાં વ્યાયામ પ્રત્યે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જગાવવા અને રસ જાગ્રત કરવા કૉલેજોના વ્યાયામ શિક્ષકોને ફાજલ પાડવા જોઈએ અને નિયમિત છાત્રાલયના વિદ્યાર્થીઓ વ્યાયામ કરે તે માટે રસ જાગ્રત કરવા આચાર્યશ્રીએ ઘટતું કરવું જોઈએ.

૩. ઉપલબ્ધ માહિતીને આધારે કેટલીક કૉલેજોમાં તેમના ખંડમાં નિયત કરેલ જગ્યા કરતાં ખંડનું ક્ષેત્રફળ જોતાં વધારે વિદ્યાર્થીઓ રહેતા માલૂમ પડ્યા છે તે આરોગ્ય અને સ્વચ્છતાની દૃષ્ટિએ હિતાવહ નથી. તેવી કૉલેજોના આચાર્યશ્રીએ છાત્રાલય અંગે ઘટતી વ્યવસ્થા કરવી જોઈએ.

૪. યુનિવર્સિટી કૉલેજોમાં છાત્રાલયના વિદ્યાર્થીઓમાં ચામડીના ચેપી રોગનો ઉપદ્રવ વધુ માલૂમ પડયો હોઈ આવા વિદ્યાર્થીઓને જરૂર પડયે ગરમ પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે અંગે આચાર્યશ્રીએ ઘટતી વ્યવસ્થા કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીનો આભાર માનીને સભાનું કામકાજ પૂરું થયું.

કુલસચિવ વતી

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૮૧

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ૧૯૭૯ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી

૧. પ્રજાસત્તાક દિન	શુક્રવાર	૨૬—૧—૧૯૭૯
૨. ઈદ-એ-મિલાદ	શનિવાર	૧૦—૨—૧૯૭૯
૩. હોળી (બીજો દિવસ)	બુધવાર	૧૪—૩—૧૯૭૯
૪. રામનવમી	ગુરુવાર	૫—૪—૧૯૭૯
૫. મહાવીર જયંતી	મંગળવાર	૧૦—૪—૧૯૭૯
૬. ગુડ ફ્રાઈડે	શુક્રવાર	૧૩—૪—૧૯૭૯
૭. રક્ષાબંધન (નાળિયેરી પૂર્ણિમા)	બુધવાર	૮—૮—૧૯૭૯
૮. જન્માષ્ટમી	મંગળવાર	૧૪—૮—૧૯૭૯
૯. સ્વાતંત્ર્ય દિન	બુધવાર	૧૫—૮—૧૯૭૯
૧૦. રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	શનિવાર	૨૫—૮—૧૯૭૯
૧૧. પારસી નવું વર્ષ અને ૧૨. સંવત્સરી	સોમવાર	૨૭—૮—૧૯૭૯
૧૩. દશેરા	સોમવાર	૧—૧૦—૧૯૭૯
૧૪. મહાત્મા ગાંધી જન્મદિન	મંગળવાર	૨—૧૦—૧૯૭૯
૧૫. દિવાળી	શનિવાર	૨૦—૧૦—૧૯૭૯
૧૬. દિવાળી (નૂતન વર્ષ દિન)	સોમવાર	૨૨—૧૦—૧૯૭૯
૧૭. ભાઈબીજ	મંગળવાર	૨૩—૧૦—૧૯૭૯
૧૮. સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન	બુધવાર	૩૧—૧૦—૧૯૭૯
૧૯. બકરી ઈદ (ઈદ-ઉલ-અજા)	ગુરુવાર	૧—૧૧—૧૯૭૯
૨૦. મહોરમ (આસુરા અથવા દસમો મહોરમ)	શનિવાર	૧—૧૨—૧૯૭૯
૨૧. નાતાલ	મંગળવાર	૨૫—૧૨—૧૯૭૯

નોંધ.— નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે રજાના દિવસો તરીકે જાહેર કરેલ નથી :

૧. મકરસંક્રાંતિ	તા. ૧૪—૧—૧૯૭૯
૨. મહાશિવરાત્રી	તા. ૨૫—૨—૧૯૭૯
૩. ગુરૂ નાનકનો જન્મદિન	તા. ૪—૧૧—૧૯૭૯

ઉપરાંત એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૦—૧૨—૧૯૭૮ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

૧. આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૯ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી મુદ્રણાલય, યુનિવર્સિટી ગ્રંથાલય તથા આરોગ્ય કેન્દ્ર માટેની રજાઓની યાદી મંજૂર કરવી.

૨. વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી મુદ્રણાલય તથા યુનિવર્સિટી ગ્રંથાલય માટે તા. ૨૩ નવેમ્બર ૧૯૭૯ના રોજ યુનિવર્સિટીના સ્થાપના દિન નિમિત્તે રજા રાખવી.

૩. વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટે પણ ઉપર નં. ૧માં જણાવેલ રજાઓની યાદી મંજૂર કરવી.

૪. વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં ૧૯૭૯ના વર્ષ દરમ્યાન આચાર્ય/અધ્યક્ષને યોગ્ય લાગે તેવી વધારાની વધુમાં વધુ ૫ રજા પોતપોતાની સંસ્થામાં પાળી શકશે.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૮૮

૧. અનાજ, તેલ વગેરે ખરીદવા માટે વ્યાજરહિત રૂ. ૬૦૦/- ની લોન વધુમાં વધુ આપવી.

૨. કાયમી કર્મચારીઓ કે જેઓએ ઓછામાં ઓછી ત્રણ વર્ષની સેવાઓ આપી હોય તેઓને આ એડવાન્સ આપવું.

૩. કર્મચારીનો મૂળ પગાર રૂ. ૧૦૦૦/- કે તેથી ઓછો હોય તેઓને આ એડવાન્સ આપવું.

૪. મકાન લોન-વાહન લોન લીધી હોય અને અનુક્રમે છ મહિનામાં અને એક મહિનામાં જરૂરી દસ્તાવેજો જે કર્મચારીઓએ રજૂ ન કર્યા હોય તેઓને આ એડવાન્સ ન આપવું.

૫. લોનની વસૂલાત ૧૦ સરખા માસિક હપતામાં કરવાનું રાખવું.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૯.